
# જૈનાગમ નવનીત

# આગમ નિબંધ માળા

[ ભાગ- ૨ ]







## साहित्य सूचि

**[इन्टरनेट पर उपलब्ध-जैन ई लाइब्रेरी तथा आगम मनीषी]**

### हिन्दी साहित्य :-

| | |
|---|---|
| १ से ३२ | आगम सारांश हिंदी ३२ भागों में । |
| ३३ से ४० | जैनागम नवनीत सजिल्द भाग १ से ८ । |
| ४१ से ५० | (१) गुणस्थान स्वरूप (२) ध्यान स्वरूप (३) संवत्सरी विचारणा (४) जैनागम विरूद्ध मूर्तिपूजा (५) चौद नियम (६) १२ व्रत (७) सामायिक सूत्र सामान्य प्रश्नोत्तर युक्त (८) सामायिक प्रतिक्रमण के विशिष्ट प्रश्नोत्तर (९) हिन्दी में श्रमण प्रतिक्रमण (१०) श्रावक सविधि प्रतिक्रमण |
| ५१ से ६० | जैनागम नवनीत प्रश्नोत्तर भाग-१ से १० |
| ६१-६२ | जैनागम नवनीत प्रश्नोत्तर विविध दो भागों में |
| ६३-६४ | आचारांग प्रश्नोत्तर दो भागों में |
| ६५ | ज्ञानगच्छ में.......प्रकाशगुरु का शासन...... |
| ६६ | स्था. मान्य ३२ जैनागम परिचय एवं साहित्य समीक्षा |
| ६७ से ७१ | जैनागम नवनीत निबंधमाला भाग-१ से ५ |
| ७२ | एकलविहार से मुक्ति तथा सांवत्सरिक विचारणा |

### गुजराती साहित्य :-

| | |
|---|---|
| १ से ९ | जैनागम सुत्तागमे गुजराती लिपि में- ९ भागों में |
| १० | जैन श्रमणों की गोचरी, श्रावक के घर का विवेक |
| ११ | जैनागम ज्योतिष गणित एवं विज्ञान |
| १२ से १९ | जैनागम नवनीत-मीठी मीठी लागे छे महावीरनी देशना(८) |
| २०-२९ | जैनागम नवनीत प्रश्नोत्तर भाग-१ से १० |
| ३०-३१ | (१) १४ नियम, (२) १२ व्रत |
| ३२ | जैनागम नवनीत प्रश्नोत्तर विविध भाग-१ |
| ३३-३४ | आचारांग प्रश्नोत्तर दो भागों में |
| ३५-३९ | जैनागम नवनीत निबंधमाला भाग- १ से ५ |
| ४० | स्था. मान्य ३२ आगम परिचय एवं साहित्य समीक्षा (प्रेस में) |

**(योग-७२ + ४० = ११२)**

જય ગુરુ સમરથ　　જય મહાવીર　　જય ગુરુ ચંપક

# જૈનાગમ નવનીત
# આગમ નિબંધમાલા
## [ ભાગ- ૨ ]

**આગમ મનીષી**
**શ્રી ત્રિલોકચંદજી જૈન**
**રાજકોટ.**

**:: ગુજરાતી ભાષાંતર ::**

**ગોં.સં.ના શાશનચંદ્રિકા, તીર્થસ્વરૂપા ગુરુણી**
**શ્રી બા.બ્ર.પ.પૂ. હીરાબાઈ મહાસતીજીના**
**સુશિષ્યા બા.બ્ર.પૂ.ભારતીબાઈ મહાસતીજી**
**બા.બ્ર.પૂ. ડૉ. સોનલબાઈ મહાસતીજી**
**રાજકોટ.**





**પ્રકાશક** :શ્રી જૈનાગમ નવનીત પ્રકાશન સમિતિ, રાજકોટ.
[પુષ્પાંક : ૧૦૮]

**સંપાદક** :આગમ મનીષી શ્રી ત્રિલોકચંદજી જૈન

**પ્રકાશન સમય** :માર્ચ–૨૦૧૫

**પ્રથમ આવૃત્તિ** :પ્રત – ૫૦૦

**મૂલ્ય** :૫૦/– રૂ. પાંચ પુસ્તકોનો સેટ : રૂ. ૨૫૦/–

A/c No. :18800100011422Tilokchand Golchha
Bank Of Baroda, Rajkot (Raiya Road)

**પ્રાપ્તિસ્થાન** :શ્રી ત્રિલોકચંદજી જૈન
ઓમ સિધ્ધિ મકાન
૬, વૈશાલીનગર, રૈયા રોડ,
રાજકોટ – ૩૬૦ ૦૦૭. (ગુજરાત)
મો. 098982 39961 :: 98980 37996

EMAIL :agammanishi@org
www.agammanishi.org/ jainlibrary.e.org

**કોમ્પ્યુટરાઈઝ–** **અમીન આઝાદ અને હિતેન ગાંધી**
**ફોર કલર ડિઝાઈન–** **હરીશભાઈ ટીલવા**
**પ્રિન્ટિંગ પ્રેસ–** **કિતાબઘર પ્રિંટરી**
**બાઈન્ડર–** **હબીબભાઈ, રાજકોટ**

## પ્રકાશકીય - સંપાદકીય

માનવ જીવનમાં અનેક ઉતાર–ચડાવ આવતા રહે છે. જે માનવી એમાં સંભાળી– સંભાળીને ચાલે તે જ શ્રેષ્ઠ લક્ષ્ય પ્રાપ્ત કરી શકે છે, નહિતર ગમે ત્યારે ભટકી પડે છે. એવી સ્થિતિમાં આગમ જ્ઞાન પ્રકાશ જ સાચો માર્ગદર્શક થઈને હિતકારી બની શકે છે.

આપણી જ્ઞાન પ્રકાશનની શ્રેણીમાં વાંચકોને ૩૨ આગમ સારાંશ તથા ૩૨ આગમ પ્રશ્નોત્તર પછી હવે નવા અવસરે આગમિક નિબંધ–સંગ્રહ પાંચ ભાગોમાં હસ્તગત કરાવવામાં આવશે જેમાં આગમ સારાંશ તથા પ્રશ્નોત્તરમાંથી જ ખાસ વિષયોને પસંદ કરી નિબંધના રૂપમાં રજુ કરવામાં આવશે.

આ નિબંધો– વાંચકો, લેખકો, માસિકપત્ર પ્રકાશકો તથા જીવન સુધારક જિજ્ઞાસુઓને ઉપયોગી, વિશેષ ઉપયોગી થઈ રહેશે. એવી શુભ ભાવનાથી આગમ જ્ઞાન સાગરને આ ત્રીજી નિબંધ શ્રેણીમાં તૈયાર કરવામાં આવેલ છે. હિન્દી ભાષામાં પ્રકાશિત કર્યા પછી હવે તેને ગુજરાતી ભાષામાં પ્રકાશિત કરી રહ્યા છીએ.

**(૧) સ્વાધ્યાય સંઘોની ભલામણથી – આગમ સારાંશ**
**(૨) આચાર્યશ્રી દેવેન્દ્રમુનિજી અને શ્રી પ્રકાશમુનિજી ની પ્રેરણાથી – આગમ પ્રશ્નોત્તર**
**(૩) નૂતનપત્રિકા સંપાદકની પ્રેરણાથી – આગમ નિબંધ**

આશા કરીએ કે આગમ જીજ્ઞાસુ આ ત્રીજા ઉપક્રમથી ચોક્કસ લાભ પ્રાપ્ત કરશે.

નિબંધ માળાના આ બીજા ભાગમાં આગમની કથાઓ તેમજ તે કથાઓથી મળતી શિક્ષા પ્રેરણાઓનું સંકલન કર્યું છે તથા જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર, અનુયોગદ્વાર સૂત્ર અને ઔપપાતિક સૂત્ર વગેરેમાંથી કેટલાક તત્ત્વો સંગ્રહિત કર્યા છે. વિશેષમાં તપના ભેદોનો વિસ્તાર તેમજ ગોચરી સંબંધી દોષ અને વિવેકનો સમાવેશ કર્યો છે.

હિન્દી ભાષામાંથી ગુજરાતી ભાષાંતર કરવામાં ડૉ.સાધ્વી શ્રી સોનલબાઈ સ્વામીએ વિશેષ જહેમત ઉઠાવી છે. તે બદલ હાર્દિક આભાર.

**–આગમ મનીષી ત્રિલોકચંદ જૈન**





## અનુક્રમણિકા


| નિબંધ | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧. | દશ પ્રત્યાખ્યાન અને તેના ૧૫ આગાર | ૧૦ |
| ૨. | સમભાવ–ક્ષમાભાવ ચિંતન–૧૫ દોહા | ૧૫ |
| ૩. | નમિરાજર્ષિ અને શકેન્દ્રના ૧૦ પ્રશ્નોત્તર | ૧૭ |
| ૪. | બહુશ્રુતનું મહાત્મ્ય અને ૧૬ ઉપમાઓ | ૧૯ |
| ૫. | ચતુર્વિધ મોક્ષમાર્ગ | ૨૦ |
| ૬. | ૧૨ પ્રકારના તપનું સંક્ષિપ્ત સ્વરૂપ | ૨૨ |
| ૭. | ૬ લેશ્યાઓના લક્ષણથી પોતાની ઓળખાણ | ૨૩ |
| ૮. | ભગવાન મહાવીર સ્વામીની સંયમ સાધના | ૨૫ |
| ૯. | પંડિત મરણના ત્રણ પ્રકાર | ૩૪ |
| ૧૦. | ક્ષમાભાવ અંતહૃદયનું આવશ્યક | ૩૭ |
| ૧૧. | જૈનસિદ્ધાંત અને વર્તમાન જ્ઞાત દુનિયા | ૩૯ |
| ૧૨. | જ્યોતિષ મંડળ પ્રતિ વૈજ્ઞાનિક અને આગમ દૃષ્ટિ | ૪૪ |
| ૧૩. | કેવળી પહેલા પદમાં નહીં | ૪૯ |
| ૧૪. | સમાધિ મરણ–સંલેખના–સંથારા | ૫૩ |
| ૧૫. | મૂર્ખતા ભરેલી કહેવતોમાં સંશોધન | ૫૬ |
| ૧૬. | ઉદક પેઢાલપુત્ર અને ગૌતમસ્વામીની ચર્ચા | ૫૮ |
| ૧૭. | શ્રેણિકપુત્ર મેઘકુમારના પાંચ ભવ | ૬૧ |
| ૧૮. | મેઘકુમારના અધ્યયનથી પ્રાપ્ત શિક્ષા | ૬૩ |
| ૧૯. | ધન્ય સાર્થવાહના જીવનથી પ્રાપ્ત શિક્ષા | ૬૪ |
| ૨૦. | દીક્ષાર્થી પ્રત્યે કૃષ્ણ વાસુદેવનું કર્તવ્ય | ૬૫ |
| ૨૧. | શૈલક અધ્યયનથી પ્રાપ્ત શિક્ષા અને જ્ઞેય તત્વ | ૬૭ |
| ૨૨. | મલ્લી ભગવતીના ત્રણ ભવોનું અદ્ભુત વર્ણન | ૬૮ |
| ૨૩. | મલ્લી ભગવતીના અધ્યયનથી પ્રાપ્ત થતું જ્ઞેય તત્વ | ૭૩ |
| ૨૪. | રાજા અને મંત્રીનો જીવન વ્યવહાર | ૭૭ |

| | | |
|---|---|---|
| ૨૫. | મનુષ્ય ભવમાં હાર્યા, દેડકાના ભવમાં જીત્યા | ૭૯ |
| ૨૬. | દ્રૌપદીના અધ્યયનથી પ્રાપ્ત જ્ઞેય તત્વ | ૮૨ |
| ૨૭. | સુંસમા દારિકાના અધ્યયનથી પ્રાપ્ત શિક્ષા જ્ઞાતવ્ય | ૮૪ |
| ૨૮. | પુંડરીક કંડરીકના અધ્યયનથી પ્રાપ્ત શિક્ષા | ૮૬ |
| ૨૯. | જ્ઞાતાસૂત્રના ૧૯ અધ્યયનોનું હાર્દ | ૮૮ |
| ૩૦. | જ્ઞાતાસૂત્ર શ્રુતસ્કંધ–૨ વર્ણિત ૨૦૬ આત્માઓ | ૮૯ |
| ૩૧. | કાકંદીના ધન્ના અણગારનું તપ અને આહાર | ૯૨ |
| ૩૨. | દુઃખવિપાક સૂત્રના અધ્યયનોથી શિક્ષા | ૯૬ |
| ૩૩. | સુખવિપાકના અધ્યયનોથી શિક્ષા–જ્ઞાતવ્ય | ૧૦૪ |
| ૩૪. | અંબડ સંન્યાસી તથા તેના ૭૦૦ શિષ્ય | ૧૦૭ |
| ૩૫. | સૂર્યાભદેવનું મનુષ્ય લોકમાં આગમન | ૧૧૦ |
| ૩૬. | સૂર્યાભ દેવની ભક્તિ અને ઋદ્ધિ | ૧૧૨ |
| ૩૭. | પ્રદેશી રાજાનું જીવન પરિવર્તન | ૧૧૩ |
| ૩૮. | ચિત્તસારથી દ્વારા કર્તવ્ય પાલન | ૧૧૫ |
| ૩૯. | કેશીશ્રમણની સાથે પ્રદેશી રાજાનો સંવાદ | ૧૧૭ |
| ૪૦. | પ્રદેશી રાજાના જીવન વર્ણનથી પ્રાપ્ત થતી શિક્ષા–જ્ઞાતવ્ય | ૧૨૭ |
| ૪૧. | જ્યોતિષી દેવેન્દ્રોના પૂર્વભવ | ૧૩૭ |
| ૪૨. | શ્રી, હ્રી, લક્ષ્મી, બુદ્ધિ વગેરે દસ દેવીઓ | ૧૪૦ |
| ૪૩. | નરક–તિર્યંચ ગતિના દુઃખો | ૧૪૨ |
| ૪૪. | ચોરી કરનારના આ ભવના દુઃખો | ૧૪૫ |
| ૪૫. | અસત્ય ત્યાગ (કથા) | ૧૪૭ |
| ૪૬. | નિંદા : પ્રશ્નોત્તર | ૧૫૨ |
| ૪૭. | પાપ–પુણ્ય વિચારણા | ૧૫૬ |
| ૪૮. | કર્મ અને પુનર્જન્મની વિચારણા | ૧૫૮ |
| ૪૯. | કર્મની અવસ્થાઓ–૧૧ | ૧૬૦ |
| ૫૦. | તીર્થંકરોના ૩૪ અતિશયો | ૧૬૩ |




આગમ નિબંધમાલા-૨


| | | |
|---|---|---|
| ૫૧. | રાણીઓની સંખ્યા તથા સ્ત્રીની ૬૪ કળાઓ | ૧૬૫ |
| ૫૨. | શરીર વર્ણન : શરીરના લક્ષણ – ૩૨ વગેરે | ૧૬૬ |
| ૫૩. | નવ નિધિઓનો પરિચય | ૧૬૭ |
| ૫૪. | ચક્રવર્તીના ૧૪ રત્નોનો વિશેષ જાણકારી | ૧૬૯ |
| ૫૫. | ચક્રવર્તીના ખંડ સાધવાના કેન્દ્ર અને ૧૩ અટ્ઠમ | ૧૭૨ |
| ૫૬. | ભરત ચક્રવર્તીને કેવળજ્ઞાન | ૧૭૩ |
| ૫૭. | ઉત્સર્પિણી–અવસર્પિણી ૬–૬ આરાઓ | ૧૭૪ |
| ૫૮. | બીજા આરાથી સંવત્સરીની ખોટી કલ્પના | ૧૮૬ |
| ૫૯. | મનઃપર્યવજ્ઞાન વગેરે વિષયોની સમીક્ષા | ૧૮૭ |
| ૬૦. | દ્વાદશાંગી–પરિચયની ત્રણ સૂત્રોમાં તુલના | ૧૯૧ |
| ૬૧. | ભગવાન મહાવીરનું શરીર સૌષ્ઠવ | ૧૯૨ |
| ૬૨. | સંખ્યાત, અસંખ્યાત, અનંતની ભેદયુક્ત વ્યાખ્યા | ૧૯૪ |
| ૬૩. | પલ્યોપમનું ભેદ–પ્રભેદ યુક્ત વિશ્લેષણ | ૧૯૭ |
| ૬૪. | સાત સ્વરોનું જ્ઞાન | ૧૯૯ |
| ૬૫. | ત્રણ પ્રકારના અંગુલ તથા ઉત્સેધાંગુલનું જ્ઞાન | ૨૦૦ |
| ૬૬. | ચાર નિક્ષેપોનું રહસ્ય અને વ્યવહાર | ૨૦૨ |
| ૬૭. | સાત નયોનું સ્વરૂપ તથા દષ્ટાંત | ૨૦૩ |
| ૬૮. | શ્રાવકની ૧૧ પડિમાઓનું વિશ્લેષણ | ૨૧૧ |
| ૬૯. | ચૈત્ય શબ્દના અર્થોનું જ્ઞાન | ૨૧૫ |
| ૭૦. | શ્રાવકોને જાણવા યોગ્ય ૨૫ ક્રિયાઓ | ૨૧૬ |
| ૭૧. | ભગવાનની ધર્મ દેશના : ઔપપાતિક સૂત્રમાં | ૨૧૮ |
| ૭૨. | તપના ૧૨ ભેદોનો વિસ્તાર | ૨૨૦ |
| ૭૩. | જૈન શ્રમણોની ગોચરી અને શ્રાવકાચાર | ૨૩૧ |
| ૭૪. | શ્રમણના પર્યાયવાચી શબ્દ અને તેના અર્થ | ૨૪૬ |
| ૭૫. | સંલેખના સંથારાની તારીખનું રહસ્ય | ૨૪૭ |

## નિબંધ-૧

# દશ પ્રત્યાખ્યાન તથા એના આગારો

પ્રતિક્રમણ અને વિશુદ્ધિકરણ પછી તપ રૂપ પ્રાયશ્ચિત્તનો સ્વીકાર કરવામાં આવે છે, જે આત્મા માટે પુષ્ટિકારક બને છે. તપથી વિશેષ કર્મોની નિર્જરા થાય છે. માટે છટ્ઠા આવશ્યક(અધ્યાય)માં ઈત્વરિક અણશન તપના ૧૦ પ્રત્યાખ્યાનના પાઠ કહ્યા છે. એમાં સંકેત પ્રત્યાખ્યાન પણ છે અને અદ્ધા પ્રત્યાખ્યાન પણ છે.

**(૧)નમસ્કાર સહિત (નવકારશી) :** આ પાઠમાં **સહિયં** શબ્દોનો પ્રયોગ કર્યો છે જે **ગંઠિ સહિયં, મુટ્ઠિસહિયં** ના પ્રત્યાખ્યાનની સમાન છે. તેથી 'સહિત' શબ્દની અપેક્ષા આ સંકેત પ્રત્યાખ્યાન થાય છે. સંકેત પ્રત્યાખ્યાનમાં કાળની નિશ્ચિત મર્યાદા હોતી નથી. તે સંકેતમાં દર્શાવેલી વિધિથી ક્યારે ય પણ(પૂર્ણ) કરી શકાય છે અર્થાત્ ગાંઠ ખોલવાથી કે નવકાર ગણવાથી.

કાળ મર્યાદા ન હોવાને કારણે સંકેત પ્રત્યાખ્યાનોમાં સર્વ સમાધિ પ્રત્યયિક આગાર ન હોય. કેમકે પૂર્ણ સમાધિ ભંગ હોવાની અવસ્થામાં સંકેત પચ્ચક્ખાણ ક્યારે પણ સંકેત દ્વારા પૂર્ણ કરી શકાય, પાળી શકાય છે. તે અનુસાર નવકારસીના મૂળપાઠમાં પણ આ આગાર નથી કહ્યો અને નમસ્કાર સહિતં શબ્દ પ્રયોગ કર્યો છે. માટે આ અદ્ધા પ્રત્યાખ્યાન નથી પરંતુ સંકેત પચ્ચક્ખાણ છે. અર્થાત્ સમયની કોઈ પણ મર્યાદા આમા હોતી નથી. સૂર્યોદય પછી ક્યારે ય પણ નમસ્કાર મંત્ર ગણીને આ પ્રત્યાખ્યાન પૂર્ણ કરી શકાય છે. શેષ બાકીના નવ અદ્ધા પ્રત્યાખ્યાન છે.

નવકારસી પ્રત્યાખ્યાનમાં ચારે આહારનો ત્યાગ હોય છે. બે આગાર હોય છે. (૧) ભૂલથી ખાવું અને (૨) અનાયાસે મુખમાં પડી જવું.

વર્તમાનમાં ૪૮ મિનિટનો સમય નિશ્ચિત કરી નવકારસી પ્રત્યાખ્યાનને અદ્ધા પ્રત્યાખ્યાનમાં ગણાય છે. માટે પાઠમાં આગારને સુધારી લેવું જોઈએ અર્થાત્ પાઠમાં ત્રણ આગાર બોલવા જોઈએ, સર્વસમાધિ પ્રત્યયિક આગાર બોલવું જોઈએ નહીં.

**(૨) પોરિસી :** ચૌથાઈ(પા) દિવસની એક પોરિસી હોય છે. સૂર્યોદયથી લઈને





પા દિવસ પસાર થાય ત્યાં સુધી ચારે આહારનો ત્યાગ કરવો. તેને પોરિસી પ્રત્યાખ્યાન કહે છે. આનો સમય લગભગ ત્રણ કલાકનો હોય છે. પોરિસી વગેરે ૯ પ્રત્યાખ્યાનોમાં હીનાધિક વિવિધ આગાર કહ્યા છે. તે અર્થ સહિત આગળ સ્પષ્ટ કરવામાં આવ્યા છે.

**(૩) પૂર્વાર્દ્ધ(પુરિમડ્ઢ)–બે પોરિસી :** સૂર્યોદયથી લઈને અડધા દિવસ સુધી ચારે આહારનો ત્યાગ કરવો. આનો સમય ૬ કલાકનો લગભગ હોય છે.

**(૪) એકાસન :** એક સ્થાન પર એક વાર ભોજન કરવું. પછીના સમયમાં (પૂરા દિવસ-રાતમાં) ત્રણે આહારનો ત્યાગ હોય છે. દિવસે માત્ર અચિત્ત પાણી લઈ શકાય છે.

**(૫) એકસ્થાન (એકલ ઠાણા) :** આમાં એકવાર એક સ્થાન પર ભોજન કરવાનું હોય છે. બાકીના સમયમાં ચારે આહારનો ત્યાગ કરવો. અર્થાત્ આહાર અને પાણી ચારે પ્રકારના આહાર એક સ્થાન પર એકી સાથે લેવાના હોય. ત્યાર પછી બીજા દિવસના સૂર્યોદય સુધી ચારે આહારનો ત્યાગ કરી લેવાનો હોય.

**(૬) નિવી :** આમાં એક જ વાર રુક્ષ આહાર લેવાનો. પાંચે વિગઈનો તથા મહાવિગઈનો ત્યાગ હોય છે. એક વાર ભોજન પછી ત્રણે આહારનો ત્યાગ હોય છે. અચિત્ત પાણી દિવસમાં પી શકાય છે. ખાદિમ સ્વાદિમનો આમાં સર્વથા ત્યાગ હોય છે.

**(૭) આયંબિલ :** આમાં એક વાર ભોજન કરવામાં આવે છે. જેમાં એક જ રૂક્ષ (લુખા-અલૂણા) પદાર્થને અચેત પાણીમાં પલાળીને નીરસ બનાવી ખાઈ અથવા પી શકાય છે. બીજું કાંઈ પણ ખાઈ શકાતું નથી. એક વાર ભોજન પછી દિવસમાં આવશ્યકતા પ્રમાણે અચિત્ત પાણી લઈ શકાય છે.

વર્તમાનમાં આયંબિલઓળીના પ્રચારમાં કેટલાક લોકો(વિશેષ કરીને ગુજરાતમાં, ખાસ કરીને દેરાવાસી સમાજમાં) ૧૦–૨૦ દ્રવ્યોથી મીઠું વગેરે મસાલાનો ઉપયોગ કરીને આયંબિલ કરે છે. તે માત્ર પરંપરાની આયંબિલ થાય છે.આગમ શુદ્ધ આયંબિલ નથી હોતી.આગમ દૃષ્ટિથી તેને નિવી કહી શકાય છે.

**(૮) ઉપવાસ :** આમાં સૂર્યોદયથી લઈને આખા દિવસ સુધી ચારે આહારનો ત્યાગ કરવામાં આવે છે અથવા તિવિહાર ઉપવાસ પણ કરી શકાય છે. જેમાં દિવસે ગરમ અથવા અચિત્ત પાણી પી શકાય છે.

**(૯) દિવસ ચરિમ :** સાંજે ભોજન પછી ચોથા પ્રહરમાં ચારે આહારનો ત્યાગ કરવામાં આવે છે તેને દિવસ ચરિમ પ્રત્યાખ્યાન કહે છે. આ પ્રત્યાખ્યાન સૂર્યાસ્તની પહેલા કયારે પણ કરી શકાય છે. આ પ્રત્યાખ્યાન હંમેશા કરી શકાય છે અર્થાત્ આહારના દિવસે તથા આયંબિલ નિવી અને તિવિહાર ઉપવાસમાં પણ આ દિવસ ચરિમ પ્રત્યાખ્યાન કરી શકાય છે. આમાં સૂર્યાસ્ત સુધીનો અવશેષ સમય અને પૂર્ણ રાત્રિનો કાળ નિશ્ચિત હોય છે. માટે આ પણ અદ્ધા(સમય મર્યાદા વાળા) પ્રત્યાખ્યાન છે માટે આ પ્રત્યાખ્યાનમાં સર્વ સમાધિ પ્રત્યયિક આગાર હોય છે.

**(૧૦) અભિગ્રહ :** આગમ અનુસાર દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ સંબંધી વિશિષ્ટ નિયમ અભિગ્રહ કરવો અને અભિગ્રહ સફલ ન થવા પર નિર્ધારિત તપસ્યા કરવી. આ અભિગ્રહ મનમાં ધારણ કરવામાં આવે છે, પ્રગટ કરવામાં આવતો નથી. સમય પૂર્ણ થઈ જાય ત્યારે આવશ્યક હોય તો કહી શકાય છે.

આ દસ પ્રત્યાખ્યાનોમાંથી કોઈ પણ પ્રત્યાખ્યાન કરવાથી છટ્ઠો પ્રત્યાખ્યાન આવશ્યક પૂર્ણ થાય છે.

**દશ પ્રત્યાખ્યાનોમાં આવેલા ૧૫ આગારોનો અર્થ :–**

**(૧) અનાભોગ :** પ્રત્યાખ્યાનની વિસ્મૃતિથી અશન... વગેરે ચાખવું અથવા ખાઈ–પી લેવાય તો તેનો આગાર.

**(ર) સહસાકાર :** વૃષ્ટિ થવાથી, દહીં વગેરેથી માખણ કરતી વખતે કે ગાયને દોહતાં મોઢામાં છાંટા પડે તો તેનો આગાર.

**(૩) પ્રચ્છન્નકાલ :** ઘેરાયેલા વાદળો વગેરેના કારણે પોરિસી વગેરેનો બરાબર નિર્ણય ન થઈ શકે તો સમય મર્યાદામાં ભૂલ થઈ જાય તો તેનો આગાર.

**(૪) દિશામોહ :** દિશાનો ભ્રમ થવાથી પોરિસી વગેરેનો બરાબર નિર્ણય ન થવાથી સમય મર્યાદામાં ભૂલ થઈ જાય તો તેનો આગાર.

**(૫) સાધુ વચન :** પોરિસી વગેરેનો સમય પૂર્ણ થઈ ગયો હોય. આ પ્રકારે સાધુ(સભ્ય પ્રામાણિક પરુષ) ના કહેવાથી કદાચિત્ તેમની ભૂલથી સમય મર્યાદામાં ભૂલ થઈ જાય તો આગાર.





**(૬) સર્વસમાધિ પ્રત્યયાગાર :** સંપૂર્ણ સમાધિનો ભંગ થઈ જાય એટલે કે આકસ્મિક રોગાતંક(સીરિયસ અવસ્થા) થઈ જાય તો તેનો આગાર.

**(૭) મહત્તરાગાર :** ગરુ વગેરેની આજ્ઞાનો આગાર.

**(૮) સાગરિકાગાર :** ગોચરી કરતી સમયે ગૃહસ્થ આવે તો સાધુ પોતાનું સ્થાન પરિવર્તન કરે તો આગાર.(એકાસણું વગેરેમાં)

**(૯) આકુંચન પ્રસારણ :** હાથ-પગ વગેરેને ઊંચા-નીચા કરવા અથવા સંકોચવા પડે તો તેનો આગાર.(એકાસણું વગેરેમાં)

**(૧૦) ગુર્વભ્યુત્થાન :** ગુરુ વગેરેનો વિનય કરવા અથવા જરૂરી સેવા કાર્ય માટે ઊઠવું પડે કે ઊભા થવું પડે તેનો આગાર.

**(૧૧) પારિષ્ઠાપનિકાગાર :** સાધુ સમુદાયમાં આહાર વધી જાય ને પરવઠો પડે તો તેને વાપરી લેવાનો આગાર(વિવેક રાખવા છતાં ક્યારેક ગોચરીમાં આહાર વાપરિયા પછી વધી જાય તો ગૃહસ્થ વગેરેને દેવું અથવા રાતે રાખવો એ સંયમ વિધિ નથી. માટે તે આહાર પરઠવા યોગ્ય છે. તે આહારને અનેક પ્રત્યાખ્યાનવાળા સાધુને આગાર હોય છે. ગૃહસ્થને આ આગાર હોતો નથી.

**(૧ર) લેપાલેપ :** શાક, ઘી વગેરેથી લેપાયેલ વાસણને લુઈને કોઈ રૂક્ષ આહાર વહોરાવે, તેનો લેપ રહી જાય તો આગાર.

**(૧૩) ઉત્ક્ષિપ્ત વિવેક :** રોટી વગેરે કલ્પ્ય પદાર્થ ઉપર ગોળ, મિઠાઈ રાખેલ હોય તેને ઉપાડી બીજે મૂકીને રોટી વગેરે વહોરાવે તેમાં ઉપાડેલ પદાર્થનો કંઈ પણ અંશ રહી જાય તો તેનો આગાર. તે ઉત્ક્ષિપ્ત વિવેક આગાર કહેવાય છે.

**(૧૪) ગૃહસ્થ સંસૃષ્ટ :** દાતાના હાથે આંગળીઓ વગેરેમાં ગોળ, ઘી વગેરેના લેપ હોય તે રુક્ષ આહારમાં લાગી જાય તો તેનો આગાર.

**(૧૫) પ્રતીત્યમ્રક્ષિત :** કોઈપણ કારણ અથવા રિવાજથી કોઈપણ અંશે વિગઈ લાગી જાય તો તેનો આગાર યથા– ભીના લોટ પર ઘી ચોપડવામાં આવે છે. પાપડ બનાવતા સમયે તેલ ચોપડવામાં આવે છે. દૂધ અથવા દહીંના વાસણ ધોવા પર ધોવણ પાણી વગેરે. આ પદાર્થોનો નિવીમાં આગાર હોય છે.

## પ્રત્યેક પ્રત્યાખ્યાનમાં આગાર

| ક્રમ | તપ નામ | આગાર સંખ્યા | આગાર ક્રમાંક |
|---|---|---|---|
| ૧ | નવકારશીમાં | ૨ | પેલો, બીજો |
| ૨ | પોરિસીમાં | ૬ | ૧, ૨, ૩, ૪, ૫, ૬ |
| ૩ | પૂર્વાર્દ્ધ (પુરિમડ્ઢ)માં | ૭ | ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭ |
| ૪ | એકાસણામાં | ૮ | ૧, ૨, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧ |
| ૫ | એકલઠાણામાં | ૭ | ૧, ૨, ૬, ૭, ૮, ૧૦, ૧૧ |
| ૬ | નિવીમાં | ૯ | ૧, ૨, ૬, ૭, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫ |
| ૭ | આયંબિલમાં | ૮ | ૧, ૨, ૬, ૭, ૧૧, ૧૨, ૧૩, ૧૪ |
| ૮ | ઉપવાસમાં | ૫ | ૧, ૨, ૬, ૭, ૧૧ |
| ૯ | દિવસ ચરિમમાં | ૪ | ૧, ૨, ૬, ૭ |
| ૧૦ | અભિગ્રહમાં | ૪ | ૧, ૨, ૬, ૭ |

## કયો આગાર કયા તપમાં

| ક્રમ | આગાર નામ | તપ સંખ્યામાં | તપ ક્રમાંક અથવા વિવરણ |
|---|---|---|---|
| ૧ | અનાભોગ | ૧૦માં | બધામાં |
| ૨ | સહસાકાર | ૧૦માં | બધામાં |
| ૩ | પ્રચ્છન્નકાલ | ૨માં | પોરસીમાં, બે પોરસીમાં |
| ૪ | દિશામોહ | ૨માં | પોરસીમાં, બે પોરસીમાં |
| ૫ | સાધુ વચન | ૨માં | પારસીમાં, બે પોરસીમાં |
| ૬ | સર્વ સમાધિ પ્રત્યાગાર | ૯માં | નવકારસી સિવાય બધામાં |
| ૭ | મહત્તરાગાર | ૮માં | નવકારસી, પોરિસીમાં નહીં, શેષમાં |
| ૮ | સાગારિકાગાર | ૨માં | એકાસણા, એકલઠાળામાં |
| ૯ | આકુંચન પ્રસારણ | ૧માં | એકાસણામાં |
| ૧૦ | ગુરુ અભ્યુત્થાન | ૨માં | એકાસણા, એકલઠાણામાં |
| ૧૧ | પરિષ્ઠાપનિકાગાર | ૫માં | ૪, ૫, ૬, ૭, ૮ નંબરના પ્રત્યાખ્યાનમાં |
| ૧૨ | લેપાલેપ | ૨માં | નિવી આયંબિલમાં |
| ૧૩ | ઉત્ક્ષિપ્ત વિવેક | ૨માં | નિવી આયંબિલમાં |
| ૧૪ | ગૃહસ્થ સંસૃષ્ટ | ૨માં | નિવી આયંબિલમાં |
| ૧૫ | પ્રતીત્ય મૃક્ષિત | ૧માં | નિવીમાં |





**વિશેષ :** નવકારસીમાં સર્વ સમાધિ પ્રત્યયિક આગાર હોતો નથી. બાકી બધામાં હોય છે. પરિઠાવણિયાગાર પાંચમાં હોય છે. પાંચમાં નથી હોતા – **(૧)** એકાસણું **(૨)** એકલઠાણા **(૩)** નિવી **(૪)** આયંબિલ **(૫)** ઉપવાસમાં હોય છે. મહત્તરાગાર બેમાં હોય નહીં. નવકારશી અને પોરિસી. શેષ આઠમાં હોય છે. પ્રતીત્યમ્રક્ષિત આગાર કેવળ નિવીમાં હોય છે. લેપાલેપ, ઉત્ક્ષિપ્તવિવેક, ગૃહસ્થ-સંસૃષ્ટ આ ત્રણ આગાર આયંબિલ, નિવી આ બે પ્રત્યાખ્યાનોમાં હોય છે. અનાભોગ અને સહસાગાર આ બે આગાર બધામાં હોય છે. પ્રછન્નકાલ, દિશામોહ, સાધુવચન આ ત્રણ આગાર. પોરસી અથવા બે પોરસી બે પચ્ચક્ખાણ હોય છે. આકુંચન-પ્રસારણ આગાર એક એકાસણામાં હોય છે.

## નિબંધ–૨

# સમભાવ-ક્ષમાભાવ ચિંતન - ૧૫ દુહા (દોહો)

**खामेमि सव्वे जीवा, सव्वे जीवा खमंतु मे ।**
**मित्ती मे सव्वभूएसु, वेरं मज्झं न केणई ॥आव.४॥**

ચૌથા આવશ્યકનો આ અંતિમ પાઠ છે. પાંચમા આવશ્યક કાયોત્સર્ગમાં આનું ચિંતન કરવું જોઈએ.

વ્રત શુદ્ધિ રૂપ પ્રતિક્રમણની સાથે હૃદયની પવિત્રતા, વિશાલતા તેમજ સમભાવોની વૃદ્ધિ હેતુ ક્ષમાપના ભાવની પણ આત્મ ઉન્નતિમાં પરમ આવશ્યકતા છે. માટે પ્રતિક્રમણ અધ્યાય–૪ ના સમસ્ત સૂત્રો પછી આ ક્ષમાપના સૂત્ર આપ્યું છે. આ સૂત્રનું કાયોત્સર્ગ મુદ્રામાં ચિંતન-મનન કરવાથી આત્મા વિશેષ વિશુદ્ધ – કષાય મુક્ત બની શકે છે.

આત્માને વિશુદ્ધ બનાવા માટે પૂર્ણ સરલતા અને શાંતિની સાથે સમસ્ત જીવોના અપરાધને ઉદાર ચિંતન સાથે ક્ષમા કરી પોતાની જાતને તેના પ્રતિ પરમ શાંત અને પવિત્ર બનાવી લેવું જોઈએ.

અહંભાવ, ઘમંડને મનથી દૂર કરી પોતાની યત્કિંચિત્ ભૂલોનું સ્મરણ કરી, સ્વીકારીને તેનાથી સંબંધિત વ્યક્તિની સાથે લઘુતાપૂર્વક ક્ષમા યાચના કરી, તેના હૃદયને શાંત કરવાનો પોતાનો ઉપક્રમ–પ્રયત્ન કરી લેવો જોઈએ.

આપણી મનોદશા એવી થઈ જવી જોઈએ કે જગતના સમસ્ત જીવોની સાથે મૈત્રીભાવ રહે. કોઈની પણ સાથે અમૈત્રી અથવા વૈર વિરોધ ભાવ ન હોવો

જોઈએ. જો કોઈપણ વૈર ભાવ થઈ ગયો હોય તો તેને ક્ષણિક બનાવી તેને ભૂલી સમભાવ દ્વારા મૈત્રીભાવ=તટસ્થ ભાવ મનમાં સ્થાપિત કરી લેવો જોઈએ. કોઈના પર કોઈ પ્રકારની નારાજગી ભાવ રાખવો જોઈએ નહીં. અભિચિકુમારના જીવન વર્ણનથી યોગ્ય શિક્ષા ગ્રહણ કરી બધી વ્યક્તિ પ્રત્યે પૂર્ણ સમાધાનમય માનસ બનાવી લેવું જોઈએ.

ભગવતીસૂત્ર શતક–૧૩ અનુસાર ભગવાન મહાવીરના શ્રાવક અભિચિ-કુમારે શ્રાવક વ્રતોની પૂર્ણ આરાધના અને ૧૫ દિવસનો સંથારો કર્યો હતો. પરંતુ ભગવાન પાસે દીક્ષા લઈને મોક્ષે ગયેલ પોતાના પિતા પ્રત્યેની નારાજગી ભાવોનું સમાધાન ન કર્યું. જેથી તે સંથારામાં કાળ કરીને આતાપ નામના અસુરકુમાર પણે ઉત્પન્ન થયા એટલે મિથ્યાત્વ પણે આયુષ્ય બાંધી વિરાધક ગતિને પ્રાપ્ત કરી. આ દષ્ટાંતના મર્મને સમજીને પૂર્ણ લક્ષની સાથે આત્મશુદ્ધિ કરી લેવી જોઈએ.

**સમભાવ ક્ષમાભાવ ચિંતનના કેટલાક દુહા –**

**ખામેમિ સવ્વે જીવા, સવ્વે જીવા ખમંતુ મે ।**
**મિત્તી મે સવ્વ ભૂએસુ, વેરં મજ્ઝં ન કેણઈ ॥૧॥**

**ક્ષમા મોટાને જોઈએ, નાનાને ઉત્પાત ।**
**શું શ્રી કૃષ્ણનો થઈ ગયો, ભૃગુજી મારી લાત ॥૨॥**

**જેની પાસે વસ્તુ જે તેવી દેવે તેહ ।**
**વાંકું ખોટું ન માનીએ, તે લેવા ક્યાં પે જાય ॥૩॥**

**બાંધ્યા વગર ભોગવતું નથી, ભોગવ્યા વિના ન છુટાય ।**
**તમે જ કરતા ભોક્તા, તમે જ દૂર કરાય ॥૪॥**

**બાંધ્યા જેવા જ ભોગવે, કર્મ શુભાશુભ ભાવ ।**
**ફળ નિર્જરાનું હોય, આ સમાધિ ચિત લાવ ॥૫॥**

**જે જે પુદ્ગલ સ્પર્શના નિશ્ચય સ્પર્શે તેહ ।**
**મમતા સમતા ભાવથી, કર્મ બંધ ક્ષય હોય ॥૬॥**

**રાઈ માત્ર વધે–ઘટે નહીં, જોયું કેવળ જ્ઞાન ।**
**આ નિશ્ચય કરી જાણીએ, ત્યજિએ આર્તધ્યાન ॥૭॥**

**સુખ દુઃખ બંને વસત છે, જ્ઞાનીના ઘટ માય ।**
**ગિરિ સર દિસે અરીસામાં, ભારે ભીનાસ નહિ થાય ॥૮॥**





**નિજ આત્માનું દમન કર, પરને કરન્ન દબાણ ।**
**પરમાત્માનું ભજન કર, તે જ સિદ્ધાંત પ્રમાણ ॥૯॥**

**પર સ્વભાવને મોડણ ઈચ્છે, પોતાનો રોબ જમાવે છે ।**
**આ ન થઈ ન થવાની છે, તું નાહકનો જીવ દજાવે છે ॥૧૦॥**

**ગઈ વસ્તુ સોચે નહીં, આગળની વાંછા નાય ।**
**વર્તમાન વર્તે સદા, સો જ્ઞાની જગમાંય ॥૧૧॥**

**અવગુણ ઉર ધરીએ નહીં, જો હોય વૃક્ષ બબૂલ ।**
**ગુણ લહીએ કાલુ કહે, નહીં છાયામાં સૂલ ॥૧૨॥**

**ઈષ્ટ મળે આશા મળે, મળે ખાવા અરુ પાન ।**
**એક પ્રકૃતિ ના મળે, તેની જ ખેંચતાન ॥૧૩॥**

**ગાળા સહવામાં ગુણ ઘણાં, આપવામાં લાગે દોષ ।**
**આપવાથી મળે દુર્ગતિ, સહવાથી મળે મોક્ષ ॥૧૪॥**

**પ્રારબ્ધ પહેલાં બન્યું, પછી જ બન્યું શરીર ।**
**એ અચંભો થઈ રહ્યો, મન નથી ધરતું ધીર ॥૧૫॥**

## નિબંધ–૩

# નમિરાજર્ષિ અને શક્રેન્દ્રના ૧૦ પ્રશ્નોત્તર

સતી મદનરેખા(મયણરેહા)ના પુત્ર નમિકુમાર સંયમ લેવા માટે તૈયાર થયા. ત્યારે તેમના વૈરાગ્યની પરીક્ષા બ્રાહ્મણનું રૂપ ધારણ કરી સ્વયં શક્રેન્દ્રે કરી. નમિરાજર્ષિએ ઈન્દ્રને યથાર્થ જવાબો આપી સંતુષ્ટ કર્યા. બંનેનો સંવાદ ઉત્તરાધ્યયન સૂત્રના નવમા અધ્યયનમાં ૧૦ પ્રશ્નોત્તરોના રૂપમાં છે. દીક્ષા સ્થળ પર દીક્ષા પચ્ચક્ખાણ પૂર્વે શક્રેન્દ્રે આ પ્રશ્નો કર્યા હતા, તે –

**પ્રશ્ન–૧. મિથિલાગરીમાં કોલાહાલ કેમ થઈ રહ્યો છે ?**

**જવાબ–** નગરીનાં લોકો પોતાના સ્વાર્થ અને મોહના કારણે રડે છે. તે કારણે આ કોલાહલ થઈ રહ્યો છે.

**પ્રશ્ન–૨. બળતાં અંતઃપુરની તરફ કેમ જોતા નથી ?**

**જવાબ–** જ્યાં મારું(મારા આત્માનું) કાંઈ નથી. તે ભવનોના બળવાથી મારા આત્માને કોઈ નુકસાન થતું નથી.

**પ્રશ્ન–૩. નગરને સુરક્ષિત અજેય(વિજેતા) બનાવીને પછી દીક્ષા લેજો ?**

**જવાબ–** શ્રધ્ધા, તપ, સંયમ વગેરેથી આત્માને કર્મશત્રુઓથી(વિજેતા)અજેય બનાવી શકાય છે. નગરીના વિજેતા તો હંમેશ સ્થાઈ રહેવાવાળી નથી.

**પ્રશ્ન–૪. જલમહલ વગેરે નિર્માણ કરી, નગરીની શોભા વધારી પછી દીક્ષા લેજો ?**

**જવાબ–** મહેલ તથા ઘરો, સંસાર ભ્રમણ વચ્ચે નથી બનાવાતું. શાશ્વત ઘર મોક્ષ સ્થાનને પ્રાપ્ત કરવું તે છે. અને તે જ આત્મા માટે શ્રેષ્ઠ છે.

**પ્રશ્ન–પ. ચોર ડાકૂઓથી નગરની રક્ષા કરી પછી દીક્ષિત થજો ?**

**જવાબ** રાજનીતિમાં અન્યાય–ન્યાય બધું જ સંભવિત છે. ચોર, ડાકૂ, ખોટા બચી જાય છે. સાચા દંડાય છે, આવી રાજનીતિ દોષયુકત છે. માટે ત્યાજ્ય છે.

**પ્રશ્ન–૬. રાજાઓને વશ કરી, તેને જીતી પછી દીક્ષિત થજો ?**

**જવાબ–** રાજાઓને વશ કરવાને બદલે એક આત્માને વશ કરવો તે શ્રેષ્ઠ છે. યુદ્ધ આત્માના દુર્ગુણો સાથે કરવું જોઈએ. બાહ્ય સંગ્રામથી કોઈ લાભ આત્માને થતો નથી. આત્મ વિજયથી સાચા સુખની પ્રાપ્તિ થાય છે.

**પ્રશ્ન–૭. યજ્ઞ, દાન, બ્રાહ્મણને ભોજન કરાવી તથા તેમને દક્ષિણા વગેરે આપી પછી દીક્ષા લેજો ?**

**જવાબ–** પ્રતિ માસ ૧૦ લાખ ગાયોના દાન કરવાની અપેક્ષા કંઈ પણ દાન ન આપનારની સંયમ સાધના શ્રેષ્ઠ છે.

**પ્રશ્ન–૮. ઘોર(કઠિન) કર્તવ્યોનો ભંડાર ગૃહસ્થાશ્રમ છે અર્થાત્ ગૃહસ્થ જીવન ચલાવું અત્યંત કઠિન છે. કર્તવ્યોથી રહિત હે રાજન ! તમે સંયમની અપેક્ષા ન કરવી જોઈએ. તમને ઘરમાં જ રહીને પૌષધ આદિ વ્રતઆરાધન કરવું જોઈએ ?**

**જવાબ–** ઘોર અથવા કઠિન જીવન નિર્વાણ અથવા મોક્ષનું એકાંત હેતુ થતું નથી. પરંતુ જ્ઞાન અને વિવેકની સાથે સંયમ આચરણ જ મુક્તિનો સત્ય હેતુ છે.

**પ્રશ્ન–૯. સોના ચાંદીના ભંડાર ભરી પછી દીક્ષિત થજો ?**

**જવાબ–** સોના ચાંદીના પહાડો ઊભા કરી દઈએ તો પણ સંતોષ થવાનો નથી. અને ત્યાગ વિના ઈચ્છાઓ પૂર્ણ થવાવાળી નથી. માટે ઈચ્છાઓને છોડી સંયમ આચરણ કરવું શ્રેષ્ઠ છે.

**પ્રશ્ન–૧૦. વર્તમાનમાં પ્રાપ્ત થયેલા સુખોને છોડી ભાવી સુખોની કામના કરવી યોગ્ય નથી. નહીં મળે તો પસ્તાવું પડશે ?**





**જવાબ–** ભોગ સુખોની ઈચ્છાથી સંયમ સાધના કરવાની નથી હોતી. કારણ કે ભોગની ઈચ્છા પણ દુર્ગતિદાયક હોય છે. માટે મોક્ષ હેતુ સંયમ સાધના કરનારાને પશ્ચાતાપ અથવા સંકલ્પ વિકલ્પમાં દુઃખી થવાની વાત હોતી જ નથી.

## નિબંધ–૪

# બહુશ્રુતનું મહાત્મ્ય અને ૧૬ ઉપમાઓ

ઉત્તરાધ્યયન સૂત્રના અગિયારમા અધ્યયનમાં બતાવ્યું છે કે, બહુશ્રુત જ્ઞાની સંઘમાં પોતાના શ્રુતજ્ઞાનથી અત્યંત શોભાયમાન થાય છે. ત્યાં તેઓને માટે બતાવેલી વિભિન્ન ઉપમાઓ આ પ્રકારે છે –

(૧) બહુશ્રુત ભિક્ષુ શંખમાં રાખેલા દૂધની સમાન શોભાયમાન હોય છે.

(ર) ઉત્તમ જાતિના અશ્વની સમાન મુનિઓમાં તે શ્રેષ્ઠ હોય છે.

(૩) પરાક્રમી યોદ્ધાની સમાન તે અજેય હોય છે.

(૪) હાથણીઓથી ઘેરાયેલ બળવાન હાથીની સમાન અપરાજિત હોય છે.

(પ) તીક્ષ્ણ શીંગડા તથા પુષ્ટ સ્કંધવાળા બળદ પોતાના જૂથમાં સુશોભિત હોય છે. તે સમાન તે સાધુ સમુદાયમાં પોતાની તીક્ષ્ણ બુદ્ધિ અને જ્ઞાનથી પુષ્ટ થઈને સુશોભિત હોય છે.

(૬) તે જ પ્રકારે પશુઓમાં સિંહ સમાન નિર્ભય હોય છે.

(૭) અબાધિત બળમાં વાસુદેવ સમાન હોય છે.

(૮) રાજેશ્વર્યમાં ચક્રવર્તી સમાન તે શ્રમણોમાં એશ્વર્યશાળી હોય છે.

(૯) દેવતાઓમાં શક્રેન્દ્ર સમાન પ્રધાન હોય છે.

(૧૦) અજ્ઞાનાંધકાર નાશ કરવામાં સૂર્યની સમાન તેજસ્વી હોય છે.

(૧૧) તારાઓમાં પ્રધાન પરિપૂર્ણ ચંદ્રની સમાન સૌમ્ય અને ઉદ્યોતકર હોય છે.

(૧ર) પરિપૂર્ણ કોઠારની સમાન જ્ઞાન નિધિમાં સંપૂર્ણ હોય છે.

(૧૩) જંબુ સુદર્શન વૃક્ષ સમાન શ્રેષ્ઠ હોય છે.

(૧૪) નદીઓમાં સીતા નદી(સહુથી વિશાળ નદી)ની સમાન વિશાળ હોય છે.

(૧પ) પર્વતોમાં ઊંચો મેરુપર્વત સમાન હોય છે.

(૧૬) સમુદ્રમાં સ્વયંભૂરમણ સમુદ્ર સમાન બહુશ્રુત અણગાર વિશાળ તથા ગંભીર હોય છે.

આવા શ્રેષ્ઠ ગુણ તથા ઉપમાઓથી સંપન્ન બહુશ્રુત ભગવાન સંઘમાં શ્રુત પ્રદાનકર્તા, શંકા–સમાધાન કર્તા, વાર્તામાં બધે જ અજેય હોય છે. માટે મોક્ષના ઈચ્છુક સંયમ પથિક પ્રત્યેક સાધકને સંયમ લઈને પ્રારંભથી લક્ષ રાખીને આગમ અનુસાર યથાક્રમથી શ્રુત અધ્યયન કરવામાં પુરુષાર્થશીલ બનવું જોઈએ. જેથી યથાસમય શ્રુતજ્ઞાન સંપન્ન બહુશ્રુત તથા ઉપમાઓ સંપન્ન બની શકે. વિશેષમાં પ્રાપ્ત શ્રુતથી 'અહંનું પોષણ' વગેરે દુરુપયોગ કયારે પણ ન કરતાં સ્વ–પરના કલ્યાણની સાધના કરવી જોઈએ. તથા જિનશાસનની પ્રભાવનામાં પોતાની જ્ઞાન શક્તિનો સદઉપયોગ કરવો જોઈએ.

## નિબંધ–૫

# ચતુર્વિધ મોક્ષમાર્ગ

જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ રૂપ ચતુર્વિધ ધર્મથી સંયુકત આ મોક્ષ માર્ગ છે. આ ચારોની યુગપત્ આરાધના કરવી તે જ મોક્ષ પ્રાપ્તિનો રાજમાર્ગ છે. ઉત્તરાધ્યયન સૂત્રના ૨૮મા અધ્યયનમાં આ ચારોનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. માટે અધ્યયનનું નામ મોક્ષમાર્ગ રાખ્યું છે.

**સમ્યગ્ જ્ઞાન :** આ અધ્યયનમાં મતિ વગેરે જ્ઞાનના ૫ ભેદ છે. દ્રવ્ય-ગુણ, પર્યાયનું સ્વરૂપ બતાવ્યું છે. ગુણોનો આશ્રય–આધાર તે દ્રવ્ય છે. એક દ્રવ્યના આશ્રયમાં અનેક ગુણો રહે છે. અને પર્યાય દ્રવ્ય-ગુણ બંનેના આશ્રયથી રહે છે. ૬ દ્રવ્યોનું સંક્ષિપ્ત પરિચય આપ્યો છે. જેમાં જીવ-અજીવનું લક્ષણ સ્પષ્ટ કર્યુ છે. જીવનું લક્ષણ પણ બે અપેક્ષાએ સ્પષ્ટ કરેલ છે– **(૧)** સામાન્ય જીવ ઉપયોગ લક્ષણવાળું, જ્ઞાન-દર્શન ગુણવાલું સુખ-દુઃખના અનુભવ કરવાવાળું, **(૨)** અપેક્ષાથી જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય અને ઉપયોગના ગુણ સંસારી જીવની અપેક્ષા હોય છે.

**અજીવનું લક્ષણ :** શબ્દ, અંધકાર, ઉદ્યોત, પ્રભા, છાયા, આતપ અને વર્ણાદિ એ પુદ્ગલ દ્રવ્યના લક્ષણ છે. મળવું, છૂટા પડવું, સંખ્યા, વૃદ્ધિ, હાનિ, સંસ્થાન, સંયોગ, વિભાગ એ પર્યવ–પર્યાયનું લક્ષણ છે.

**સમ્યગ્દર્શન :** જીવાદિ નવ પદાર્થોને જાણી તેના પ્રત્યે યથાર્થ શ્રદ્ધા કરવી, એ જ





સમકિત છે. આ સમકિત જીવને ૧૦ પ્રકારથી પ્રાપ્ત થાય છે–

**(૧)** સ્વાભાવિક પોતાના જ્ઞાન કે ચિંતનથી **(૨)** ઉપદેશ–પ્રેરણાની સમજણથી **(૩)** વડીલોની આજ્ઞાથી, આ આપણો ધર્મ છે અથવા જ્ઞાનીઓની આજ્ઞા સમજીને સ્વીકારીને. **(૪)** શાસ્ત્રના અભ્યાસથી **(૫)** બીજ રુચિ–થોડા જ્ઞાનનો વિસ્તાર થવાથી **(૬)** શ્રુતનો નિરંતર પૂર્ણ અધ્યયનથી **(૭)** સર્વ દ્રવ્ય, સર્વ દષ્ટિ, સર્વ નય, નિક્ષેપ, પ્રમાણચર્ચા સહિત વિસ્તાર રુચિથી થવાવાળું સમકિત. **(૮)** ક્રિયા–આચાર પાલનથી, સામાયિક આદિ વ્રત નિયમ, ત્યાગ, પ્રત્યાખ્યાન કરતાં કરતાં શ્રધ્ધા થવી. **(૯)** સંક્ષેપમાં પોતાનો ધર્મ સમજી શ્રધ્ધા રાખવાથી, જ્ઞાનચર્ચાનો ઉપયોગ ન લગાડવો. **(૧૦)** અસ્તિકાય ધર્મ અથવા ષટ દ્રવ્ય, શ્રુતધર્મ અને ચારિત્ર ધર્મ વગેરે જિનશાસનને અનુરૂપ તત્ત્વ છે. એવું સમજીને શ્રધ્ધા કરવી અર્થાત્ આવો ધર્મ અન્યત્ર સંભવ નથી, તેવું માની તેના પ્રત્યેના અહોભાવ યુક્ત શ્રધ્ધા કરવી.

**સમકિતનું મહત્ત્વ :** પરમાર્થ પરિચય વગેરે સમકિતની પુષ્ટિના ચાર પ્રકાર છે. સમકિત વિના ચારિત્ર એકલું હોય ન શકે. બંને સાથે હોય છે. એકલું સમકિત, ચારિત્ર વગર એક કે બે ભવ સુધી રહી શકે છે. તે વધારે રહી શકતું નથી. મિથ્યાત્વમાં પરિણત થઈ જાય છે. માટે સમકિતના લાભ પછી વ્રતધારણ પણ આત્મવિકાસમાં આવશ્યક છે.

**સમકિતના આઠ અંગ :** **(૧)** જિન પ્રવચનમાં નિશંકિત રહેવું **(૨)** આકાંક્ષાઓથી રહિત થવું **(૩)** ધર્મ ફળમાં સંદેહ રહિત **(૪)** જ્ઞાન વૃદ્ધિ કરવી **(૫)** સુસંગતિથી શ્રદ્ધા પુષ્ટ કરવી **(૬)** સ્વયં સ્થિર દ્રઢ રહી બીજાઓને પણ સ્થિર કરવા **(૭)** ધર્મનો પ્રેમ વધારવો **(૮)** ધર્મની દલાલી પ્રેરણા, પ્રભાવના, પ્રચાર કરવો.

**સમ્યગ્ ચારિત્ર તપ :** સામાયિક વગેરે ૫ ચારિત્ર છે. જેમાં છદ્મસ્થ અને કેવળી બંનેમાં ચારિત્ર છે. **ચયરિત્ત કરં** કર્મના સંગ્રહને ઓછું કરે તે ચારિત્ર. તપ–બાહ્ય આભ્યંતર બે પ્રકારે હોય છે. ચારિત્ર અને તપનું વિસ્તાર ભગવતી વગેરે સૂત્રોમાં છે. ઉપવાસ વગેરે બાહ્ય તપ અને સ્વાધ્યાય વગેરે આભ્યંતર તપમાં યથાશક્તિ ક્રમશઃ વૃદ્ધિ કરવાનો પ્રયત્ન કરવો, શરીરના મમત્વને દૂર કરી કર્મ ક્ષય કરવામાં સંપૂર્ણ આત્મશક્તિને જોડી દેવી. **દેહં પાતયામિ કાર્યં સાધયામિ** અથવા **દેહ દુઃખમ્ મહાફલં** આગમિક સિદ્ધાંતોને આત્મસાત કરી લેવું– **તપારાધના** છે. તપમાં પણ ધ્યાન પછી અંતિમ તપ વ્યુત્સર્ગ છે. જેમાં

મન, વચન, કાયા, કષાય, ગણ સમૂહ વગેરેનું તેમજ શરીરના મમત્વનું તથા આહારાદિનું વ્યુત્સર્ગ(ત્યાગ) કરવામાં આવે છે.

**સંક્ષિપ્ત સાર :** જ્ઞાનથી તત્ત્વોને, આશ્રવ–સંવરને જાણવું. દર્શનથી અનેક વિષયમાં યથાવત્ શ્રદ્ધા કરવી. ચારિત્રમાં નવા કર્મ બંધને રોકવું અને તપથી પૂર્વ કૃત કર્મોનો ક્ષય કરવું. આ પ્રકારે ચારેયના સુમેળથી મોક્ષની પરિપૂર્ણ સાધના થાય છે. આ જ આ અધ્યયનનો ઉદ્દેશ છે. કોઈપણ એકના અભાવમાં સાધનાની સફળતા સંભવ નથી. મહર્ષિ કર્મક્ષય કરવા માટે ચતુર્વિધ મોક્ષમાર્ગમાં પરાક્રમ કરે છે.

### નિબંધ–૬

## બાર પ્રકારના તપનું સંક્ષિપ્ત સ્વરૂપ

(૧) નવકારશી, પોરિસી, આયંબિલ, ઉપવાસથી લઈને ૬ માસ સુધીનું તપ અને અન્ય અનેક શ્રેણી, તપ, પ્રતર તપ આદિ ઈત્વરિક–અલ્પકાળનું અનશન તપ છે. આજીવન સંથારો કરવો, શરીરનું બાહ્ય પરિકર્મ યુક્ત અને પરિકર્મ રહિત બંને પ્રકારના હોય છે. તે યાવત્કથિત આજીવન અનશન તપ છે.

(૨) દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને પર્યાયના ભેદથી ઉણોદરી તપના પાંચ પ્રકાર છે. ભૂખથી ઓછું ખાવું દ્રવ્ય ઉણોદરી છે. શેષ ચાર ભેદ અભિગ્રહ સંબંધી છે.

(૩) પેટી, અર્ધપેટી વગેરે આગમોક્ત આઠ પ્રકારની ગોચરી અથવા સાત પ્રકારની પિંડેષણા(આચારાંગમાં) અથવા અન્ય અનેક નિયમ અભિગ્રહમાંથી કોઈ પણ અભિગ્રહ કરીને ભિક્ષા માટે જાવું, ભિક્ષાચર્યા તપ છે. અભિગ્રહ વગર સામાન્ય ગોચરી કરવું, તપ નથી પરંતુ એષણા સમિતિ રૂપ ચારિત્ર છે.

(૪) પાંચ વિગઈમાં કોઈ પણ એક અથવા અનેક વિગઈનો ત્યાગ કરવો અથવા અનેક મનોજ્ઞ ખાદ્યપદાર્થોનો ત્યાગ કરવો તે રસપરિત્યાગ તપ છે.

(૫) વીરાસન વગેરે અનેક કઠિન આસન કરવા, સંપૂર્ણ રાત્રિ એક જ આસને રહેવું, લોચ કરવો, પરિષહ વગેરે સહન કરવા એ બધું કાયક્લેશ તપ છે.

(૬) જંગલ, વૃક્ષ, પર્વત, ગુફા, સ્મશાન, ઝૂંપડી વગેરે એકાંત સ્થાનમાં આત્મ-લીનપણામાં રહેવું અથવા કષાય, યોગ, ઈન્દ્રિયોની પ્રવૃત્તિનો પરિત્યાગ કરવું તે પ્રતિસંલીનતા તપ છે.





(૭) દશ પ્રકારના પ્રાયશ્ચિત્તમાં યથાયોગ્ય પ્રાયશ્ચિત્તનો સ્વીકાર કરવો તે પ્રાયશ્ચિત્ત તપ છે.

(૮) ગુરુ અથવા વડીલ આવે ત્યારે ઊભા થવું. આસન માટે નિમંત્રણ કરવું. હાથ જોડી મસ્તક નમાવી ગુરુભક્તિ અથવા ભાવસુશ્રુષા કરવા તે **વિનયતપ** છે.

(૯) આચાર્ય, સ્થવિર, બિમાર, વૃદ્ધ સાધુ અથવા નવદીક્ષિત વગેરે દશેયની યથાશક્તિ સેવા કરવી તે **વૈયાવૃત્ય તપ** છે.

(૧૦) નવા નવા શ્રુત અથવા મૂળ અને અર્થની વાંચણી લેવી. કંઠસ્થ કરવું, શંકા લાગે ત્યાં સમાધાન કરવું, શ્રુત જ્ઞાનની પર્યટણા કરવી, અનુપ્રેક્ષા કરવી, ધર્મોપદેશ દેવું, તે **સ્વાધ્યાય તપ** છે.

(૧૧) આત્મ સ્વરૂપનું એકત્વ, અન્યત્વ, અશરણ ભાવના વગેરેનું, લોકના સ્વરૂપનું એકાગ્ર ચિત્તે આત્માનુલક્ષી સૂક્ષ્મ-સૂક્ષ્મતર ચિંતન કરતાં તેમાં તલ્લીન થઈ જવું તે ધ્યાન તપ છે. પ્રથમ અવસ્થા **ધર્મ ધ્યાન** છે અને તેનાથી આગળની અત્યંત સૂક્ષ્મ તત્ત્વચિંતન અવસ્થા **શુકલધ્યાન** છે.

(૧૨) વ્યુત્સર્ગ– મન, વચન, કાયાના વ્યાપારોનો નિર્ધારિત સમય માટે પૂર્ણ રૂપથી પરિત્યાગ કરવો. તે યોગ **વ્યુત્સર્ગ** છે. તેને પ્રચલિત ભાષામાં **કાયોત્સર્ગ** કહેવાય છે. એવી જ રીતે કષાયોનું, કર્મોનું, સમૂહનું(ગણનું) વ્યુત્સર્જન કરી એકાકી રહેવું તે **વ્યુત્સર્ગ તપ**ના દ્રવ્ય અને ભાવ ભેદોના પ્રકાર છે.

આમ ૬ બાહ્ય અને ૬ આભ્યંતર તપોનું યથાશક્તિ પ્રમાણે મુનિ જો સમ્યક્ આરાધના કરે તથા એમાં ઉત્તરોત્તર વૃદ્ધિ કરતાં આગળ વધે તો તે શીઘ્ર કર્મોની મહાનિર્જરા કરતાં સંસારથી મુક્ત થઈ જાય છે.

### નિબંધ–૭

## ૬ લેશ્યાઓના લક્ષણથી પોતાની ઓળખાણ

કૃષ્ણ, નીલ, કાપોત તે ત્રણ અશુભ લેશ્યા છે. અને તેજો, પદમ, શુક્લ આ ત્રણ શુભ લેશ્યા છે. અથવા ત્રણ અધર્મ લેશ્યાઓ છે. તે જીવને દુર્ગતિમાં લઈ જાય છે અને ત્રણ ધર્મ લેશ્યાઓ છે જે જીવને સદ્ગતિમાં લઈ જાય છે.

લેશ્યા દ્રવ્ય અને ભાવ બંને પ્રકારની હોય છે. ભાવલેશ્યા તે આત્માના પરિણામ અથવા અધ્યવસાય રૂપ છે. જે અરૂપી છે. દ્રવ્યલેશ્યા પુદ્ગલમય હોવાથી તે રૂપી છે. તેના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, પરિણામ, સ્થાન, સ્થિતિ વગેરેનું

ઉત્તરાધ્યયન સૂત્ર, અધ્યયન–૩૪માં વર્ણન છે. તથા ભાવલેશ્યાની અપેક્ષા લક્ષણ, ગતિ, આયુબંધનું વર્ણન કરવામાં આવ્યું છે.

**(૧) કૃષ્ણ લેશ્યાનું લક્ષણ :** પાંચ આશ્રવમાં પ્રવૃત્ત, અગુપ્ત, અવિરત, તીવ્ર ભાવથી આરંભમાં પ્રવૃત્ત, નિર્દય, ક્રૂર, અજિતેન્દ્રિય એવા જો આપણા પરિણામ હોય તો તે કૃષ્ણ લેશ્યા સમજવી જોઈએ.

**(૨) નીલ લેશ્યાના લક્ષણ :** ઈર્ષાળુ, કદાગ્રહી, અજ્ઞાની, માયાવી, નિર્લજ, ગૃદ્ધ, ધૂર્ત, પ્રમાદી, રસલોલુપ, અવિરત, ક્ષુદ્ર સ્વભાવી, એવા જો આપણા પરિણામ હોય તો તે નીલ લેશ્યા સમજવી જોઈએ.

**(૩) કાપોત લેશ્યાના લક્ષણ :** વક્ર, વક્ર આચારણવાળા, કપટી, સરલતાથી રહિત, દોષોને છુપાવનાર, મિથ્યાદષ્ટિ, અનાર્ય, હંસનાર, દુષ્ટવાદી, ચોર, મત્સર ભાવવાળો એવા જો આપણા પરિણામ હોય તો તે કાપોત લેશ્યા સમજવી જોઈએ.

**(૪) તેજો લેશ્યાના લક્ષણ :** નમ્રવૃત્તિ, અચપલ, માયારહિત, કુતૂહલ રહિત, વિનય, દમિતેન્દ્રિય, સમાધિવાન, પ્રિયધર્મી, દઢધર્મી એવા પોતાના પરિણામ હોય તો તે તેજો લેશ્યા સમજવી જોઈએ.

**(૫) પદ્મ લેશ્યાના લક્ષણ :** ક્રોધ, માન, માયા, લોભ અત્યંત અલ્પ હોય, પ્રશાંત ચિત્ત, આત્મદમન કરવાવાળો, તપસ્વી, અલ્પભાષી ઉપશાંત જિતેન્દ્રિય એવા જો આપણા પરિણામ હોય તો તે પદ્મલેશ્યા સમજવી જોઈએ.

**(૬) શુકલ લેશ્યાના લક્ષણ :** આર્ત-રૌદ્ર ધ્યાન છોડી, ધર્મ અને શુક્લધ્યાનમાં લીન, પ્રશાંત ચિત્ત, આત્મદમન કરનાર, સમિતિવંત, ગુપ્તિવંત ઉપશાંત જિતેન્દ્રિય વગેરે ગુણોથી યુક્ત સરાગ હોય કે વીતરાગ, એવા જો પોતાના પરિણામ હોય તો શુક્લલેશ્યા સમજવી જોઈએ.

આ પરિણામોની અવસ્થાઓનું અનુશીલન કરી ત્રણ શુભ લેશ્યાઓના પરિણામોમાં રહેવાનો પ્રયત્ન કરવો જાઈએ અને ૩ અશુભ લેશ્યાના પરિણામથી યથાશક્ય દૂર રહેવું જોઈએ. અશુભ લેશ્યામાં અશુભ કર્મ અને અશુભ આયુષ્યનો બંધ પડે છે. તથા અશુભ લેશ્યાના પરિણામોમાં સંયમ ભાવ વધારે ટકતો નથી તે અસંયમમાં પરિણત થઈ જાય છે. માટે ત્રણ શુભ લેશ્યાઓનું સાધક જીવનમાં અત્યંત મહત્ત્વ છે.

સંયમના મૂળ ગુણ અથવા ઉત્તરગુણમાં દોષ લગાડનારા સાધક ત્રણ અશુભ લેશ્યાઓના લક્ષણમાં વિદ્યમાન થાય તો તેનો સંયમ નષ્ટ થઈ જાય છે. તે





તુરંત જ અસંયમમાં ચાલ્યા જાય છે.નિર્દોષ સંયમનું પાલન કરવાવાળા સાધકોનું ૬એ લેશ્યામાં સંયમ ટકી રહે છે. અવધિજ્ઞાન, મન, પર્યવજ્ઞાન, વિશિષ્ટ લબ્ધિ વગેરેની ઉત્પત્તિ ત્રણ શુભ લેશ્યામાં થાય છે. વૈમાનિક દેવોમાં ઉત્પન્ન થનાર તિર્યંચ, મનુષ્યોની શુભલેશ્યા હોય છે. અશુભ લેશ્યામાં મૃત્યુ થાય તે વૈમાનિક દેવોમાં ઉત્પન્ન થતા નથી. સાતમા ગુણસ્થાનમાં પણ ત્રણ શુભ લેશ્યા હોય છે. માટે પ્રત્યેક સાધકે ઉપરોક્ત લેશ્યાઓના લક્ષણને બરાબર સમજીને અનુભવમાં લેવા જોઈએ.

## નિબંધ–૮

# ભગવાન મહાવીર સ્વામીની સંયમ સાધના

આચારાંગ સૂત્રના નવમા અધ્યયનું નામ **ઉપાધાનશ્રુત** છે. જેમાં ભગવાન મહાવીરસ્વામીની છદ્મસ્થ અવસ્થામાં સંયમ પર્યાયની આચારિત વિવિધ સાધનાઓ તથા તપ, ઉપસર્ગ વગેરેનું કિંચિત્ સંકલન અને દિગ્દર્શન છે. પૂર્ણ અધ્યયન ગાથામય–પદ્યમય છે. આ અધ્યયનમાં ૪ ઉદ્દેશોમાં ભગવાન મહાવીર સ્વામીના સંયમ જીવનનું વર્ણન આ પ્રકારે છે –

**પ્રથમ ઉદ્દેશકમાં :** સંયમ ગ્રહણ પહેલાંનું આચરણ, સંયમ ગ્રહણ પછીની સાધનાઓ, સાધના અને ધર્મ સંબંધી સિદ્ધાંત, સમિતિ ગુપ્તિના પાલનની વિધિઓ તથા દેવદૂષ્ય ગ્રહણ ધારણ તથા ત્યાગવાનું વર્ણન છે.

**બીજા ઉદ્દેશકમાં :** સંયમના વિચરણકાળમાં રહેવા માટેના મકાનો, શય્યાઓમાં આવનારા કષ્ટો, ઉપસર્ગો અને ભગવાન મહાવીરની સહનશીલતાનું વર્ણન છે.

**ત્રીજા ઉદ્દેશકમાં :** અનાર્ય ક્ષેત્રમાં વિચરણ, અનાર્ય લોકો દ્વારા અપાયેલા ઘોર રોમાંચકારી ઉપસર્ગો અને ભગવાનની શૂરવીરતાનું વર્ણન છે.

**ચૌથા ઉદ્દેશકમાં :** અનશન, ઉણોદરી, રસપરિત્યાગ વગેરે ભગવાનની તપસ્યાઓનું, ગોચરીની ગવેષણા વિધિઓનું, ધ્યાન કરવાનું અને અપ્રમાદ એટલે પ્રમાદ(દોષ સેવન) નહીં કરવાનું વર્ણન છે.

**પ્રશ્ન– ૧. શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ દીક્ષા ક્યારે અને કેવી રીતે લીધી હતી ?**

**જવાબ–** ભગવાને હેમંતૠતુના પ્રારંભમાં પ્રવજ્યા ગ્રહણ કરીને વિચરણ કર્યુ હતું – **હેમંતે,અહુણા પવ્વઇએ રીયત્થા ॥ ૧ ॥**

ભગવાને નિષ્ક્રમણ(દીક્ષા લીધા) પહેલાં બે વર્ષ સાધિક સચેત પાણીનો ત્યાગ કર્યો હતો. એકાંતવાસમાં રહ્યા અર્થાત્ સ્ત્રીસંગનો ત્યાગ કર્યો હતો, શરીરની સાર-સંભાળ લેવાનું બંધ કર્યુ હતું એટલે સ્નાન, મંજન વગેરે અને શરીર સંસ્કાર, વિભૂષા વગેરેનો બે વર્ષ અધિક ત્યાગ કર્યો હતો. આ પ્રથમ ઉદ્દેશકની ૧૧મી ગાથામાં વર્ણન છે. આ જ સૂત્રમાં આગળ ૨૪મા ભાવના અધ્યયનમાં ભગવાનની દીક્ષા વિધિનું તથા અન્ય ઘણું બધું વર્ણન વિસ્તારથી છે.

**પ્રશ્ન–૨. તીર્થંકર વસ્ત્ર રાખે છે ? તેને ઉપયોગમાં લે છે ?**

**જવાબ–** તીર્થંકર દીક્ષા ગ્રહણ કરે તે સમયે ઈન્દ્ર દ્વારા એક દેવદૂષ્ય નામનું વસ્ત્ર ગ્રહણ કરે છે, રાખે છે. તીર્થંકરોનું આ પરમ્પરાનુગત ધર્મ અથવા આચારકલ્પ હોય છે. જે ઈન્દ્રપ્રદત્ત વસ્ત્ર રાખે છે. પરંતુ તેનો ઉપયોગ કરતા નથી. શ્રમણ ભગવાન મહાવીરસ્વામીએ આ વસ્ત્રને એક વર્ષ અને એક મહિના સુધી રાખ્યું હતું. પછી તેને વોસિરાવી દીધુંતું(મૂકી દીધું તું). તેને મૂક્યા પછી પ્રભુ અચેલ રહ્યા હતા.

અહીં આ વિશેષ વિચારણીય છે કે ભગવાનના જીવન વર્ણનમાં દેવદૂષ્ય સિવાય કોઈપણ ઉપકરણની ચર્ચા નથી. મુખવસ્ત્રિકા(મુહપત્તિ) અને રજોહરણ આ બે સંયમ જીવનના ઉપયોગી તેમજ અત્યંત આવશ્યક ઉપકરણ છે. બધા ગચ્છત્યાગી, વસ્ત્રત્યાગી અચેલ સાધક જિનશાસનમાં જે રહે છે તે બે ઉપકરણ અવશ્ય રાખે છે. ભગવાનના વિષયમાં આગમ વર્ણનમાં મુખવસ્ત્રિકા, રજોહરણ રાખવાનું વર્ણન નથી અને નહીં રાખવા માટેનું સ્પષ્ટ નિષેધ પણ ક્યાંય નથી જ. આ બંન્ને ઉપકરણો વિના ભાષાસિમિત અને ઈરિયાસમિતિનું સમ્યક્ પાલન થવું સંભવ નથી. પરંતુ અસંભવ જેવું જ છે. આ વિચારણાને કારણે આજકાલના વિચારકો તીર્થંકરોને મુખવસ્ત્રિકા, રજોહરણ બે ઉપકરણ હોવાનો સ્વીકાર કરવા માટે પ્રચારપત્રોથી ચર્ચા કરે છે, તેની વિચારણા આ રીતે કરી શકીએ–

તીર્થંકરને સ્વલિંગ સિદ્ધમાં ગણવામાં આવે છે. અને દ્રવ્યથી સ્વલિંગ ઓછામાં ઓછા મુખવસ્ત્રિકા અને રજોહરણ છે. આના વગર સ્વલિંગનો કોઈ પરિચય હોતો નથી. કોઈપણ ઉપકરણ ન હોય તો તે અલિંગ થાય છે. અથવા પૂર્ણ અચેલ તો અન્ય ધર્મી પણ હોય છે. તો તેમાં અને જૈન સાધુમાં સ્વલિંગ અન્યલિંગનું અંતર રહેતું નથી. સ્વલિંગમાં ઉત્કૃષ્ટ એક સમયમાં ૧૦૮ સિદ્ધ થઈ શકે છે. તેમાં તીર્થંકર પણ સાથે હોય છે. ભગવાન ૠષભદેવ સ્વામી એક સમયમાં





૧૦૮ની સાથે નિર્વાણ પામ્યા હતા. જેમાં એરવત ક્ષેત્રના તીર્થંકરનો પણ સમાવેશ કરવામાં આવે છે.

કોઈ પણ સાધુ કેવળી થઈ જાય તો પણ મુખવસ્ત્રિકા અને રજોહરણનો ત્યાગ કરતા નથી અને કરી શકતા પણ નથી. આ બંને ઉપકરણો વગર ચાલે પણ નહિ. યથાસમય પ્રમાર્જન ન કરવાવાળાને પાપશ્રમણ કહેવામાં આવ્યા છે અને ઉઘાડા મુખે બોલે તો શક્રેન્દ્રની ભાષાને પણ સાવદ્યભાષા કહી છે. તીર્થંકર સંયમ જીવનમાં અને કેવલજ્ઞાન પર્યાયમાં અરબો, ખરબો વર્ષ સુધી પ્રવચન પ્રશ્નોત્તર આપે તો તે સમયે નિરંતર મુખ પાસે હાથ રાખવું તે યોગ્ય ઉપયુક્ત લાગતું નથી. માટે બંને ઉપકરણો રાખવા નૂતન વિચારકોની વિચારણા ઉપેક્ષિત કે ખંડિત કરવા પાત્ર નથી. અપિતુ વિચારણીય અનુપ્રેક્ષણીય અવશ્ય છે.

બધા તીર્થંકર ગ્રહણ કરેલા અને રાખેલા દેવદૂષ્ય વસ્ત્રને એક વર્ષ પછી ક્યારે ય પણ વોસિરાવે છે. ભગવાન મહાવીરસ્વામીએ એક વર્ષ અને એક મહિના પછી શર્દીની ૠતુમાં વિહાર કરતી વખતે માર્ગમાં યોગ્ય સ્થાનમાં વસ્ત્રને વોસિરાવી દીધું, પરઠી દીધું હતું. તે વર્ણનમાં આ બે ઉપકરણ ન રાખવા કે રાખવા માટેનો કોઈ પણ વિધિનિષેધ નથી.

**પ્રશ્ન–૩. ભગવાન મહાવીરસ્વામીએ વસ્ત્રને જંગલમાં પરઠી દીધું હતું કે કોઈ બ્રાહ્મણને આપી દીધું હતું ?**

**જવાબ–** આગમના આ વર્ણનથી સ્પષ્ટ છે કે ભગવાને વિહાર કરતી વખતે રસ્તામાં એક વર્ષ પછી તે વસ્ત્રને પરઠી દીધું, વોસિરાવી દીધું. બ્રાહ્મણને દેવા માટેનો અહીં કોઈ શબ્દ જ નથી. વસ્ત્રને છોડી દેવાનો પ્રસંગ, કથન હોવા છતાં પણ દેવાની વાત અહીં કરવામાં આવી નથી. માટે આપણે આગમ આધાર અનુસાર ન કહી શકીએ, ન માની શકીએ કે ભગવાને વસ્ત્ર ફાડીને બ્રાહ્મણના માંગવા પર દીધું હતું. કથાના વિસ્તારમાં કથાકારો સ્વવિચારોને અનુસરતાં ગુણોને કથાવિસ્તારમાં જોડી દેતા હોય છે. તેને શાસ્ત્ર જેટલું પ્રમાણભૂત માનવું જરૂરી હોતો નથી. વાસ્તવમાં સંયમ મર્યાદામાં ગૃહસ્થને વસ્ત્રાદિ દેવામાં આવતું નથી. અનાવશ્યક હોય તો વોસિરાવી દેવાય છે. ભગવાને પોતાના સાધના જીવનમાં કોઈપણ સંયમ મર્યાદાનો ભંગ કર્યો નથી માટે કથાકારનું આવું કથન આગમથી વિપરીત છે, કલ્પના માત્ર છે. આ અધ્યયનના મૂળ પાઠમાંથી આવો કોઈ અર્થ નીકળી શકતો નથી. માટે આવી કથાઓની પરંપરા સંબંધે ધ્યાનમાં આવી જાય

તે આગમ સત્યને સ્વીકાર કરી લેવું જોઈએ. એટલે અશુદ્ધ તત્વને છોડી દેવો જાઈએ, તેને સુધારી લેવો જોઈએ.

**પ્રશ્ન–૪. સંયમ વિધિઓના પાલનમાં છદ્મસ્થ કાળમાં ભગવાને શું ધ્યાન રાખ્યું હતું ?**

**જવાબ–** (૧) ભગવાન છ કાયના જીવોનું પૂર્ણ ધ્યાન રાખતા તેની થોડી પણ વિરાધના ન થાય. એવી રીતે પ્રત્યેક પ્રવૃત્તિ કરતા હતા.

(૨) એકાગ્રચિત્તથી સામે મર્યાદિત(પુરુષ પ્રમાણ) ભૂમિ જોઈને આજુ-બાજુ ન જોતાં ચાલતા હતા.

(૩) સ્ત્રીઓથી સંયુક્ત સ્થાનમાં રહેવાનો પ્રસંગ આવે તો ભગવાન પોતાના બ્રહ્મચર્ય વ્રતમાં સાવધાન રહેતા હતા.

(૪) ગૃહસ્થ લોકોની સાથે બેસીને વાતોચીતો કરવી વગેરે અતિસંપર્કનો ત્યાગ કરી ધ્યાનમાં લીન રહેતા હતા.

(૫) રસ્તામાં ચાલતાં કોઈ અભિવાદન કરે અથવા કોઈ પૂછે તો તેનો કોઈ પણ જવાબ આપ્યા વિના ભગવાન આગળ વધતા.

(૬) સંકલ્પી અથવા અસંકલ્પી કોઈ પ્રકારની હિંસા કરતા નહોતા કે કરાવતા નહોતા.

(૭) આધાકર્મી(ઔદ્દેશિક) આહાર પાણી, ગૃહસ્થોના વસ્ત્ર-પાત્ર ગ્રહણ નહોતા કરતા અને મોટા જમણવારમાં ભિક્ષા લેવા જાતા નહીં.

(૮) આંખની સફાઈ, શુદ્ધિ પણ ન કરતા અને શરીરમાં ચળ પણ ન કરતા, નિરોગી હોવા છતાં ભગવાન હંમેશા ભૂખ કરતા ઓછું ખાતા, કોઈ પણ પ્રકારની ચિકિત્સા કરતા નહોતા.

(૯) સ્નાન, માલિસ, દંતમંજન, શરીરમર્દન વગેરે નહોતા કરતા અથવા શરીરની સુશ્રુષાથી ભગવાન મુક્ત રહેતા.

(૧૦) પશુ, પક્ષી, ભિક્ષાચરોને કોઈ અંતરાય ન પડે, તેનું સંપૂર્ણ પાલન કરતા, ગ્રામાદિમાં પ્રવેશ કરી વિશુદ્ધ ભિક્ષા ગ્રહણ કરતા અને મંદ ગતિથી ચાલતા.

**પ્રશ્ન–૫. શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ ૧૨ વર્ષ અધિક (સાડા પાંચ મહિના) સાધના કાળમાં ક્યારે સૂતા હતા ? નિદ્રા લીધી'તી ?**

**જવાબ–** કથાગ્રંથો અને શ્રુતિપરંપરામાં એમ કહેવાય છે કે ''ભગવાન મહાવીરસ્વામીએ સાડાબાર વર્ષમાં સયનાસન(સૂતા) નથી અને સૂતા વગર





(પ્રચલા નિદ્રાની અપેક્ષાએ ભગવાન કુલ મળીને અનેક વારનું જોડ કરવા પર પણ) એક મુહૂર્તની જ નિદ્રા ભગવાનને આવી હતી પરંતુ ભગવાને સંકલ્પપૂર્વક સૂતા અથવા નિદ્રા કરી નહોતી.''

આચારાંગના આ અધ્યયનથી ચોક્કસપણે એમ થાય છે કે કથાગ્રંથો વગેરેની આવી એકાંતિક ધારણા આગમ સાપેક્ષ નથી, અર્થ ભ્રમ તથા ભક્તિ કે અતિશયોક્તિથી આવી વાત ચાલે છે. આ અધ્યયના બીજા ઉદ્દેશકની પાંચમી ગાથામાં કહ્યું છે કે – **णिंद्द पि णो पगामाए, सेवइ भगवं उट्ठाए । जग्गावई य अप्पाणं, इसिं साई आसि अपडिण्णे ॥ ५ ॥**

**ભાવાર્થ :** ભગવાન(પ્રકામ) અત્યધિક નિદ્રાનું સેવન નહોતા કરતા, શીઘ્ર ઉઠીને(સાવધાન થઈને) આત્માને જાગૃત કરી લેતા. લાંબા સમય સુધી સુવાનો આગ્રહ ન કરતા. આવશ્યક લાગે ત્યારે થોડું સુઈ જાતા હતા. ॥ ૫ ॥

ઉઠીને નિદ્રાથી મુક્તિ પામવા માટે ભગવાન કોઈક વાર રાત્રે બહાર નિકળીને થોડી વાર માટે ચક્રમણ કરતા અર્થાત્ ભ્રમણ કરતા(એવું ગાથા ૬માં કહ્યું છે)

તાત્પર્ય એ છે કે શ્રમણ ભગવાન મહાવીર સાધના કાળમાં વધારે દ્રવ્યથી અને ભાવથી જાગૃત રહેતા હતા. અત્યંત નિદ્રા નહોતા કરતા અને લાંબા સમય સુધી સંકલ્પપૂર્વક સુતા નહોતા. અર્થાત્ થોડી નિદ્રાનું સેવન કરી લેતા અને થોડી વાર સુઈ જતા હતા. પરંતુ સામાન્ય માણસના સ્વભાવ અનુસાર પાંચ-સાત કલાક પૂર્ણ સૂવું અથવા નિદ્રા કરતા નહોતા. શરીરના સ્વભાવથી સ્વતઃ થોડી નિદ્રા આવી જતી તો શીઘ્ર જાગૃત થઈ જતા અને ક્યારેક વિશ્રામની આવશ્યકતા લાગે તો થોડી નિદ્રા કરી લેતા. આ પ્રકારનો સ્પષ્ટ આગમ પાઠ હોવાથી કથા ગ્રંથોની અતિશયોક્તિ યુક્ત વાતોનો આગ્રહ ન રાખવો જોઈએ.

**પ્રશ્ન–૬. આ અધ્યયનના ચૌથા ઉદ્દેશકમાં કહ્યું છે કે ભગવાને છદ્મસ્થ કાળમાં એક વાર પણ પ્રમાદનું સેવન નથી કર્યું, તો તેનું તાત્પર્ય શું છે ?**

**જવાબ–** ત્યાંની ૧૫મી ગાથામાં ભાવપ્રમાદની અપેક્ષાનું કથન છે તે ભાવપ્રમાદ પણ તે જ ગાથામાં સૂચવ્યો છે કે – **अकसाई, विगय गेही, सद्दरूवेसु अमुच्छिए झाई । छउमत्थे वि परक्कममाणे, णो पमायं सइं पि कुव्वित्था ॥१५॥**

**ભાવાર્થ :** ભગવાન મહાવીર સ્વામી કષાય રહિત બની શરીરાદિ પર ગૃદ્ધિ ભાવથી મુક્ત થઈને તેમજ શબ્દ રૂપ આદિ વિષયોમાં મૂર્છારહિત થઈને

આત્મ ધ્યાનમાં રહેતા હતા. આ પ્રકારે ભગવાને છદ્મસ્થ કાળમાં સંયમ તપમાં પરાક્રમ કરતા પણ પ્રમાદ તથા દોષનું સેવન કર્યું નહોતું. તપ સંયમમાં, નિયમ ઉપનિયમમાં અથવા ભાવ શુદ્ધિ–પવિત્રતામાં ક્યારે પણ પ્રમાદનું (દોષનું સેવન) કર્યો નહોતો.

આ ગાથામાં નિદ્રાનો પ્રસંગ સ્પષ્ટ નથી અને સમજવું પણ ન જોઈએ. કેમકે એમ સમજવાથી અર્થ ભ્રમનો દોષ અને પૂર્વાપર વિરોધ દોષ લાગે છે. આ અધ્યયનના બીજા ઉદ્દેશકની પાંચમી, છઠ્ઠી ગાથામાં નજર કરીએ તો ચૌથા ઉદ્દેશકની ૧૫મી ગાથામાં એવું પ્રસંગ સંગત અર્થ કરવું તે જ ઉપયુક્ત થાય છે.

**પ્રશ્ન–૭.ભગવાને સાધના કાળમાં કયા કયા તપ કર્યા હતા ?**

**જવાબ–** આચારંગ સૂત્રના નવમા અધ્યયનના વર્ણન અનુસાર ભગવાન મહાવીર સ્વામીના બાહ્ય અને આભ્યંતર તપ આ પ્રમાણે છે–

**(૧)** આહારની માત્રા(ભૂખ) થી ઓછું ખાવું, ઔષધ(દવાનો) ત્યાગ.

**(૨)** ઠંડી અને ગરમીની આતાપના.

**(૩)** ભાત(ઓદન), બોરચૂર્ણ, અડદના બાકળા આ ત્રણ ખાદ્ય પદાર્થોમાંથી કોઈ પદાર્થ મળે તો લેવું એવો અભિગ્રહ આઠ માસ સુધી કર્યો હતો.

**(૪)** સાધના કાળમાં ભગવાને ક્યારેક અડધું માસખમણ, માસખમણ, ક્યારેક સાધિક બે માસની તપસ્યા યાવત્ ક્યારેક છ મહિનાની અનશન તપસ્યા કરી હતી. આ બધી તપસ્યા ભગવાને ચૌવિહારી કરી હતી. એટલે ગરમ પાણીનો પણ તપસ્યામાં સેવન કર્યું નહોતું.

**(૫)** અમનોજ્ઞ, નીરસ, ઉચ્છિષ્ટ(અન્ન ગ્લાન) આહારનું ક્યારેક સેવન કરતા અર્થાત્ લોકો જમી લે પછીનો વધેલો આહાર તથા અન્ય ભિક્ષુકો જેને લેવા પણ ન ઈચ્છે તેવો ફેકી દેવા લાયક આહાર ભગવાન ગ્રહણ કરી સંતોષ પામતા. તે આહાર સંયમના નિયમથી અયોગ્ય હોતો નથી. પરંતુ મનને અનુકૂલ ન હોય તેવો ફેકી દેવા લાયક આહાર ભગવાન ગ્રહણ કરી સંતોષ પામતા. અને ક્યારેક શરીરને પણ યોગ્ય નહી હોય એવા આહારને પ્રશસ્ત પરિણામોથી સેવન કરતા હતા. (આવા ઉચ્ચ સાધકોને અશાતા વેદનીયનો સંયોગ ન હોય તેથી અમનોજ્ઞ આહાર પણ સાચ્ચા રૂપમાં પરિણત થાય છે.

**(૬)** ક્યારેક ભગવાન છઠ્ઠ, અઠ્ઠમ, ચૌલું, પંચોલું(પાંચ ઉપવાસ) વગેરે તપસ્યાઓ કરતા માત્ર કર્મ નિર્જરાના હેતુથી.





**(૭)** ક્યારેક સંસ્કારિત, ક્યારે લૂખા–સૂખા, ક્યારે ઠંડો આહાર ગ્રહણ કરતા. ક્યારે જુના અડદ, ક્યારેક નિસ્વાદ, ક્યારેક નિસ્સાર–પૌષ્ટિક તત્ત્વ રહિત, એવા તુચ્છ જાતિના પદાર્થોના આહારને ગ્રહણ કરતા હતા. અહીંયા ઠંડા આહારને ટીકાકાર શ્રી શીલાંકાચાર્યએ '' **બે–ત્રણ દિવસના આહારને ગ્રહણ કરતા હતા.**'' એવો પણ અર્થ કર્યો છે. ક્ષેત્ર, કાળ, મૌસમની અનુકૂળતા હોય તો ખાદ્યપદાર્થ અનેક દિવસ પણ યોગ્ય(ખાવા લાયક) રહી શકે છે અને ગૃહસ્થ લોકો વિવેકથી રાખે પણ છે ને ખાવે પણ છે. માટે કોઈ પણ પદાર્થનો બગડવાના સમયનો એકાંતિક નિયમ કહેવો જોઈએ નહીં. દેરાવાસી લોકોએ આવા ઘણાં એકાંકિત નિયમ ખાદ્ય પદાર્થો માટે કલ્પિત કરીને તેને સિદ્ધાંત બનાવીને અસત્ય પરૂપણા ગ્રંથોના નામથી શરૂ કરી છે. જે આગમ વર્ણનોની ઉપેક્ષા કરવાવાળી તેમજ પૂર્વ મહાપુરુષોની આશાતના કરવાવાળી છે. ૨૨ અભક્ષ્યની સંખ્યા પણ એવી જ રીતે અનેક દોષોથી મિશ્રિત છે.

**(૮)** ભગવાન સ્થિર ઊભા રહીને બેસીને ધ્યાન કરતા હતા. જેમાં આત્મચિંતન, સિવાય તત્ત્વચિંતન અથવા લોક સ્વરૂપ ચિંતન પણ કરતા હતા.

**પ્રશ્ન–૮. સાધનાકાળમાં ભગવાને કયા કયા પરિષહ, ઉપસર્ગ સહન કર્યા હતા ?**

**જવાબ– (૧)** સંયમ ગ્રહણ કર્યા પછી સાધિક ચાર મહિના સુધી અનેક નાના ત્રસ પ્રાણિઓ દ્વારા ત્રાસને સહન કર્યા. દીક્ષા ગ્રહણ કર્યા પહેલાં ભગવાનના શરીર પર લગાવેલા સુગંધી દ્રવ્યોની સુગંધના કારણે જન્તુઓ આવી ભગવાનના શરીર પર ફરતા હતા અને કોઈ તેમને કરડતું. ભગવાન તે જીવોને ઉડાડવાનો પણ સંકલ્પ કરતા નહોતા.

**(૨)** ભગવાન વસ્ત્રરહિત(નગ્ન) રહેતા હતા અને ચાલતી વખતે આંખને એક ક્ષેત્ર અવગ્રહ(પુરુષ પ્રમાણમાં) સ્થિર, એકાગ્ર રાખીને ચાલતા હતા. આ રીતે ચાલતા નિર્વસ્ત્ર ભગવાનની પાછળ કુતુહલ પ્રકૃતિથી બાળકો બીજા બાળકોને બોલાવે, દેખાડે કે અરે ! આ શું આવ્યું છે ? ભગવાન તે છોકરાઓના કોલાહાલને સમભાવ અને પોતાની જ્ઞાન મસ્તીથી સહન કરતા હતા.

**(૩)** કોઈ જગ્યાએ ભગવાન રહે ત્યાર પછી સ્ત્રીઓ પણ આવીને રહેતી અને તે કોઈ પ્રકારના અનુકૂલ પરિષહ રૂપ પ્રવૃત્તિઓ પણ કરતી. ભગવાન વિવેકથી તેની ઉપેક્ષા કરતા આત્મ ધ્યાનમાં લીન બની જાતાતા.

**(૪)** ક્યારેક ભગવાન પોતાના ધ્યાન મૌનને કારણે કોઈના અભિવાદન(વિનય અનુનય)ને સ્વીકાર નહોતા કરતા ત્યારે કોઈ પુણ્યહીન લોકો ગુસ્સામાં ભરાવી ભગવાનને મારતા(લાકડીઓથી) અને લોહીલુહાણ કરી દેતા હતા.

**(૫)** બીજા કેટલાય દુ:સહ્ય કષ્ટો પણ ભગવાન સમભાવથી પાર કરી લેતા અને ક્યારેક ભગવાનના વિશ્રાંતિના સ્થાનમાં અથવા તેની અત્યંત નિકટ સામે નૃત્ય, ગીત, વાજીંત્ર, દંડયુદ્ધ, મુષ્ટિયુદ્ધ તથા પરસ્પર વાર્તાલાપ વગેરે કાર્યક્રમ અને પ્રસંગ ઉપસ્થિત થતા તો પણ ભગવાન કોઈ પ્રકારનો શોક હર્ષ નહોતા કરતા. તેને જોવાની કે સાંભળવાની ઈચ્છા પણ ન કરતા.

**(૬)** સર્દીના મોસમમાં જ્યારે લોકો અગ્નિ તાપ, વસ્ત્ર, કમ્બલનો ઉપયોગ કરે તેવી અતિ કષ્ટકારી હેમંત ઋતુમાં ભગવાન ખુલા ઘરમાં રહીને નિર્વસ્ત્ર થઈ ઠંડીને સહન કરતા. તેમાં પણ હાથ ફેલાવી ઊભા થઈને કાયોત્સર્ગ કરતા અને ક્યારેક રાત્રે મકાનની બહાર નિકળી ખુલ્લામાં ધ્યાન કરી શીત પરિષહ સહન કરતા. પરંતુ હાથને છાતીની પાસે બંધ રાખીને સર્દીથી ક્યારેય ઠુંઠવાતા નહીં.

**(૭)** ભગવાન જે મકાનમાં રહેતાં, રાત્રિ નિવાસ કરતાં, ત્યાં સર્પ, ઉંદર, મચ્છર વગેરે પશુ પક્ષીઓના કષ્ટદાયક ઉપસર્ગ થયા. પરદારસેવી, આવારા ફરનાર, કોટવાલ, ચોકીદાર, ગ્રામરક્ષક તથા ગ્રામીણજનો દ્વારા સ્ત્રીઓ દ્વારા એકલા અને નિર્વસ્ત્ર ભગવાનને અનેક પ્રકારના ઉપસર્ગ આવ્યા હતા. દેવ સબંધી ઉપસર્ગ પણ આવ્યા હતા. આ બધા અનુકૂળ પ્રતિકૂળ કષ્ટ ઉપસર્ગોમાં ભગવાન રતિ-અરતિ(હર્ષ-શોક)થી મુક્ત થઈને સમભાવથી સહન કરતા આત્મ રમણતામાં લીન રહેતા હતા.

**(૮)** ભગવાન એકવાર વિચરણ કરતા અનાર્ય ક્ષેત્રમાં ગયા હતા. ત્યાં ક્ષેત્રીય અને વ્યક્તિીય અનેક ભીષણ કષ્ટો ભગવાને સહન કર્યા. યથા– ત્યાં આહાર પણ રૂક્ષ મળતો હતો. કૂતરાંની રક્ષા કરવી તે તો દૂર પરંતુ ત્યાંના લોકો છૂ છૂ કરીને કૂતરાને કરડવાની પ્રેરણા કરતા હતા. એવા ક્રૂર કુતરાના ઉપદ્રવ યુક્ત ક્ષેત્રોમાં ભગવાન કોઈ પ્રકારનો પોતાનો બચાવ કર્યા વિના પોતાની મસ્તીમાં ચાલતા હતા. શરીરનું મમત્વ છોડીને શરીરમાં કાંટાની સમાન એવા કષ્ટોને સંગ્રામના અગ્રભાગમાં ગયેલા હાથીની સમાન ભગવાન સહન કરતા હતા.

**(૯)** અનાર્ય ક્ષેત્રમાં ભગવાનને રાત્રિ નિવાસ કરવા માટે ક્યારેક ગામ ન મળતા અને ક્યારેક કોઈ ગામની બહારથી ભગવાનને કાઢી મૂકતા– જાઓ, અહીંયા





ગામમાં તમારે આવવાની જરૂરત નથી, અન્યત્ર ક્યાંય પણ ચાલ્યા જાઓ.

**(૧૦)** કોઈવાર ત્યાં ભગવાનને ડંડી, મુષ્ટિ ભાલા વગરેથી મારવા લાગતા. ક્યારેક શરીરમાંથી માસ, કાપતા, ક્યારેક ચામડીને ચીમટા દ્વારા ઉપાડી દેતા ત્યાં કોઈ મારે, ધૂળ ઉડાડે, કોઈ ઊભા રહેલા ભગવાનને પાછળથી પકડીને ઉપાડીને પછાડે, કોઈ બેઠેલા ભગવાનને ધક્કા મારીને આસનથી અલગ કરી દે. આવા બધા કષ્ટોને ભગવાને અનાર્યભૂમિમાં નિશ્ચલ ભાવોથી અડોલ અકંપ રહીને સહન કર્યા. વાસ્તવમાં ભગવાન પોતાના મહાન કર્મોની નિર્જરાના હેતુથી પોતાની ક્ષમતાને જોઈને જ અનાર્ય ભૂમિમાં વિચરણ કરવા ગયા હતા. સામાન્ય રૂપથી સાધુઓને અકારણ આવા અનાર્ય ક્ષેત્રોમાં જવાનો આગમમાં નિષેધ કરવામાં આવે છે. કેમકે સામાન્ય રૂપે કોઈ પણ શ્રમણ એટલું ધૈર્ય રાખવામાં સમર્થ નથી હોતા. જેથી પોતાની સંયમ સમાધિ રહી શકતી નથી અને તે સંભવિત પણ નથી.

**પ્રશ્ન–૯. ભગવાનના કાનમાં ખીલા ઠોકાણા, શું આ અધ્યયનમાં છે ?**

**જવાબ–** કાનમાં ખીલા ઠોકાણા, પગમાં ખીર રંધાણી, ચંડકોશિક સર્પ, ૧૩ અભિગ્રહ, સંગમદેવ વગેરે વિવિધ અનેક ઉપસર્ગ કથા ગ્રંથોમાં છે. ગ્રંથોને આધારે પ્રચલિત છે તેનો વર્ણન આ અધ્યયનમાં નથી અને બીજા આગમમાં પણ નથી. આ બધી ઘટનાઓ તીર્થંકર ચરિત્રથી જાણવી જોઈએ. આ ઘટનાઓ આગમના કોઈ તત્ત્વ સાથે બાધક ન હોય અને અનાવશ્યક અતિશયોક્તિવાળી ન હોય તો તેનો સ્વીકાર કરવામાં અથવા માનવામાં કોઈ પણ વાંધો નથી.

**પ્રશ્ન–૧૦. ભગવાન સાધના કાળમાં વસ્ત્ર રહિત હોવાથી હંમેશા ગામ અથવા નગર વગેરેની બહાર જ રહેતા હતા ?**

**જવાબ–** ભગવાન મહાવીર પોતાના છદ્મસ્થ કાળમાં અથવા કેવળજ્ઞાનની પ્રાપ્તિ ના પછી તથા ભગવાનના અન્ય શ્રમણો નગર અથવા ગામની બહાર જ રહે, એવું એકાંત નિયમ સમજવું જોઈએ નહીં.

ભગવાન સાધના કાળમાં પણ ગામ નગરની મધ્ય તેમજ બહાર બંને સ્થાનોમાં રહેતા હતા. કેવળજ્ઞાન પછી સાધુઓની સંખ્યા વધારે હોવાથી ભગવાન બહાર બગીચામાં રહેતા હતા. અંતિમ ચાતુર્માસ નગરની અંદર પણ કર્યો હતો. કોઈ વાર વસ્તીની નજીક રહેતા હતા અને ક્યારે ઉપનગરોમાં રહેતા હતા. એકવાર ભગવાન સકડાલ શ્રમણોપાસકની કુંભકારશાલામાં રહ્યા હતા.

આ અધ્યયનની બીજા ઉદ્દેશકની બીજી અને ત્રીજી ગાથા અનુસાર સાધના કાળમાં ભગવાન ખુલ્લા ઘર, સભાભવન, પરબ, દુકાનો, સુથાર-લુહાર આદિની કાર્યશાળાઓ, ઝૂપડીઓ, મુસાફરીખાનાઓ અર્થાત્ ધર્મશાળાઓ બગીચાઓ કે મકાનોમાં ઘણી વખત રહ્યા હતા. ક્યારેક ગામમાં નગરોમાં પણ ભગવાન રહ્યા હતા. ક્યારેક સ્મશાન, ખંઢેરમાં અને વૃક્ષની નીચે પણ રહેતા હતા. આ પ્રકારે ભગવાનની શયાઓ અર્થાત્ નિવાસ કરવાના સ્થાન બતાવ્યા છે. ભગવાનના ચાતુર્માસના ક્ષેત્રોનું વર્ણન ભગવતીસૂત્રમાં છે. તદનુસાર નગરની અંદર ભગવાને સાધના કાળમાં ચાતુર્માસ કર્યા હતા.

માટે જે લોકો એમ કહે છે કે ''પહેલાં જૈન શ્રમણો જંગલમાં અને નગરોની બહાર રહેતા હતા, પછી ધીરે ધીરે શિથિલતા આવવાથી ગામ-નગરોની અંદર રહેવા લાગ્યા.'' આ કથન અસત્ય અને કલ્પિત છે અને તે લોકોની આગમના અપૂર્ણ જ્ઞાનથી પોતાને પંડિત માનવાની ભ્રમણા છે. આગમ આવી એકાંત પ્રરૂપણાવાળા હોતા નથી.

## નિબંધ–૯

# પંડિત મરણના ત્રણ પ્રકાર

**(૧) ભક્તપ્રત્યાખ્યાન પંડિત મરણ :** કોઈ પણ પ્રકારના અનુભવ જ્ઞાન અથવા અનુમાન જ્ઞાનથી આભાસ થઈ જાય, સમજમાં આવે કે, હવે જીવનનો સમય વધારે નથી. અંતિમ સમય નિકટ આવી ગયો છે. ત્યારે આહાર પાણીનો ત્યાગ કરવો. શારીરિક ક્રિયાઓ સિવાયની સમસ્ત પ્રવૃત્તિઓનો ત્યાગ કરવો, શ્રમણોપાસકે સમસ્ત સાવદ્ય કાર્યોનો ત્યાગ કરવો જોઈએ. સમસ્ત જીવો પ્રતિ વેર વિરોધભાવને દૂર કરી ક્ષમાભાવ, સમભાવ લાવવા જોઈએ. આત્મ પરિણામો સમસ્ત જીવો પ્રતિ સમજણપૂર્વક પૂર્ણ પવિત્ર બનાવવા જોઈએ. જીવનમાં બનેલા પોતાના વિશિષ્ટ દોષોને, ખરાબ કાર્યોને અને વ્રતભંગ કરેલા પ્રસંગોને સ્મરણ કરી, તેની આલોચના પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ. દોષોની સંખ્યા વધારે હોય તો પુનઃ નવા રૂપથી વ્રતારોપણ કરવું જોઈએ અર્થાત્ પુનઃમહાવ્રત અથવા વ્રતોના પચ્ચક્ખાણનું ઉચ્ચારણ કરી સ્વીકાર કરવા જોઈએ. પછી શરીર પ્રત્યે મમત્વ છોડી, દેહ અને આત્માને ભિન્ન માની તેનું ચિંતન કરી ધર્મધ્યાનમાં રક્ત–અનુરક્ત રહેવું. અન્ય કોઈ પણ ચિંતનને પોતાનો વિષય બનાવો જોઈએ નહીં.





શારીરિક કષ્ટ અથવા કોઈ વ્યાધિ હોય તો પરમ શાંતિથી સહન કરી શાંત, પ્રશાંત, મુદ્રામાં રહેવું જોઈએ. આ પ્રકારનું ભક્તપ્રત્યાખ્યાન નામે પંડિત મરણ કોઈ પણ ક્યારેય પણ મૃત્યુ સમય નજીક સમજીને કષાય રહિત પરિણામો સાથે સ્વીકાર કરી શકે છે.

**(૨)ઈંગિની મરણ અનશન :** વિશિષ્ટ ક્ષમતાસંપન્ન સાધક ઈંગિની મરણ નામે બીજા પ્રકારનું અનશન સ્વીકાર કરે છે. આ અનશન વિધિમાં અન્ય દ્વારા કોઈ પ્રકારની શરીર પરિચર્યા, સેવા, સુશ્રુષા લેવી નહીં, અન્ય જગ્યાએ ગમનાગમન કરવું નહિ. મર્યાદા ૫–૨૫ ફુટ વગેરે ક્ષેત્રમાં અથવા રૂમમાં સ્વયં ઊઠવું, બેસવું, ઘૂમવું વગેરે કરી શકે છે. શરીરને દબાવવું, ચળ કરવી પોતે કરી શકે છે. આમાં બાહ્યલેપ અથવા ઔષધ ઉપચાર કરી શકતા નથી. ભક્ત પ્રત્યાખ્યાન રૂપ પ્રથમ અનશનની અપેક્ષા આમાં આવી વિશેષતાઓ હોય છે. ભક્ત પ્રત્યાખ્યાનવાળા પણ આ નિયમોનું પાલન કરી શકે છે. પરંતુ તેમાં આ નિયમોનું પાલન જરૂરી હોતું નથી.

**(૩)પાદપોપગમન અનશન :** આ અનશનનો સ્વીકાર કરવાવાળા મળમૂત્રના ત્યાગની પ્રવૃત્તિ માટે હલન-ચલન અથવા ગમનાગમન કરે છે. તે સિવાય દિવસ-રાત એક જ શયન-આસનમાં સ્થિર નિશ્ચેષ્ટ જેમ રહે છે. મૌનપૂર્વક, ધ્યાનપૂર્વક શારીરિક કષ્ટ અથવા ઉપસર્ગને સહન કરે છે. અગર જો સેવામાં અન્ય શ્રમણ હોય તો તે બાહ્ય સુરક્ષાનું ધ્યાન રાખે. અગર જો એકલા હોય તો પશુ વગેરે કોઈ કાંઈ પણ કરે તો નિશ્ચેષ્ટની જેમ ધર્મધ્યાનમાં લીન રહે છે. આ અનશન સાધનાનું અંતિમ અને ઉત્કૃષ્ટ દરજ્જો છે. આ અનશનને ધારણ કરનારની ક્ષમતા અને ધૈર્ય અપાર હોય છે. શેષ નિયમ ભક્તપ્રત્યાખ્યાન વાળાના હોય છે. આ અનશન ગામ નગરમાં નથી થતું જંગલમાં અથવા પહાડોમાં કરવામાં આવે છે.

ભક્તપ્રત્યાખ્યાન અનશનના બધા નિયમ વિધાન તો ઈંગિનીમરણ અને પાદપોપગમનમાં હોય છે. તે સિવાય આ બંને અનશનોમાં કંઈક વિશેષતા હોય છે જે ઉપર બતાવી છે.

**ત્રણ મનોરથનું ચિંતન અને સંસ્કાર :** ઠાણાંગસૂત્ર ઠાણા–૩ અનુસાર પ્રત્યેક આત્મલક્ષી સાધ-સાધ્વી અને શ્રાવક-શ્રાવિકાઓએ પ્રતિદિન ત્રણ મનોરથનું ચિંતન કરવું જોઈએ. કારણ કે તે આત્મા માટે મહાન નિર્જરા મહાન મુક્તિના હેતુ થાય છે. તદનુસાર ગૃહસ્થ અને શ્રમણ બંને પ્રકારના સાધકો હંમેશા પોતાની

ઈચ્છા, મનોગત સંકલ્પ અને અંતરંગ આત્મપુકારથી પોતાને પૂર્ણ અભ્યાસથી સંસ્કારિત કરતા રહે છે. ક્યારેય પણ સાધકને આયુષ્ય પૂર્ણ થવાનો અથવા મરણનો અવસર આવે, ક્યારેય કિંચિત્ પણ સંકેત અથવા અનુભવ થાય તો વિલંબ કર્યા વિના સંલેખના સંથારો અને આજીવન સંથારો સ્વીકાર કરીશ. સ્વયં ઈચ્છાપૂર્વક કષાય ભાવોને છોડીશ. આર્તધ્યાન રૌદ્રધ્યાન રૂપ અશુભ ધ્યાનોથી દૂર રહીને, માત્ર ધર્મધ્યાનના સંકલ્પો અને પ્રવૃત્તિમાં પોતાને અવશેષ જીવનમાં જોડીશ અને અંતિમ શ્વાસ સુધી તે ધર્મમય પરિણામોમાં, આગમ આજ્ઞાઓ અનુસાર જ આત્માને ભાવિત કરતાં કરતાં પંડિતમરણને પ્રાપ્ત કરીશ.

આ પ્રકારના મનોરથનું ચિંતન કરતાં સાધના સંસ્કાર એટલા દ્રઢ બની જાય છે કે સ્વપ્નમાં પણ જો મૃત્યુ સામે દેખાય તો તે તત્કાલ આજીવન અનશનના પ્રત્યાખ્યાન કરવાથી વંચિત ન રહે. આ પ્રકારે પ્રત્યેક સાધકનું પરમ કર્તવ્ય છે કે તેઓને ઠાણાંગ સૂત્ર કથિત મનોરથથી પોતાને સદા સંસ્કારિત ભાવિત કરતા રહેવું જોઈએ.

બીજું વિવેક કર્તવ્ય એવું છે કે જ્યારે અચાનક મૃત્યુ નિકટ દેખાય ત્યારે શરીર ગમે તેટલું સશક્ત હોય છતાં આજીવન અનશન અથવા સાગારી અનસન કરવાની ભાવના થઈ જાય એવી સાવધાની અને સંસ્કારોથી આત્માને ભાવિત કરી રાખવું જોઈએ.

ત્રીજું વિવેક કર્તવ્ય એમ છે કે જ્યારે શરીરની ક્ષમતા ક્ષીણ થઈ જાય, કોઈપણ પ્રકારના કાર્યમાં શરીર સાથ ન આપે અથવા અનેક રોગોથી ઘેરાય જાય અથવા વૃદ્ધાવસ્થાથી ઘેરાય જાય, એવા સમયે સાધકે જીવન જીવાની આશા છોડીને હિમ્મતની સાથે આત્મ ક્ષમતાને સ્થિર, કેન્દ્રિત કરી આત્મજ્ઞાનથી સંસ્કારને ઉપસ્થિત કરી, આજીવન અનશન સ્વીકાર કરવાનો નિર્ણય કરી લેવો જોઈએ. સંલેખનાનો પ્રારંભ કરી તપનો અભ્યાસ વધારી સંથારાનો સ્વીકાર કરવો જોઈએ. તે માટે ઉત્તરાધ્યયન સૂત્રમાં ઉત્કૃષ્ટ ૧ર વર્ષની સંલેખના કરવાનો નિર્દેશ કરવામાં આવ્યો છે. જીવનના અંત સુધી જીવવાની આશા રાખતાં ડૉક્ટરો અને ઈલાજો માટે અંતિમ જીવનને વેડફી નાખવું જોઈએ નહીં.

**અનશન વિધિ વિવેક :** આચારાંગ સૂત્રના આઠમા અધ્યયનના છઠ્ઠા, સાતમા અને આઠમા ત્રણ ઉદ્દેશકોમાં એવો નિર્દેશ કર્યો છે કે જ્યારે શરીર પોતાના ધાર્મિક અને વ્યવહારિક આવશ્યક કાર્યોમાં સાથ ન આપે અથવા તો ઘણી મુશ્કેલીઓ





ઊભી કરે ત્યારે સાધક સંલેખનાનો પ્રારંભ કરી ક્રમશઃ આહાર અને શરીરની મમતા ઘટાડે, તપસ્યાનો અભ્યાસ વધારે અને કષાયોને કૃશ કરી, મંદ મંદતર કરતા જાય એમ કરતાં જ્યારે મૃત્યુ નજીક આવી જાય. જીવન સમાપ્તિનો સમય અત્યંત નિકટ આવે ત્યારે પૂર્ણ રૂપથી આજીવન અનશન સ્વીકારી લેવો જોઈએ.

અચિત્ત, નિર્જીવ અને વનસ્પતિથી રહિત શાંત એકાંત સ્થાનની પ્રતિલેખના કરવી જોઈએ. સૂકા ઘાસની પથારી કરવી જોઈએ. લઘુનીત વડીનીત(મલ–મૂત્ર) ત્યાગવા અથવા પરઠવાની ભૂમિને જોઈ લેવી જોઈએ. કેમકે સંથારામાં અચિત નિર્દોષ, જીવ રહિત ભૂમિમાં જ મળ મૂત્રનું વિસર્જન કરવામાં આવે છે. ધૈર્યથી ભૂખ, તરસ, કષ્ટ, ઉપસર્ગ સહન કરવાનો હોય છે અને મનુષ્ય અથવા દેવ સંબધી સુખોની અભિલાષા, આકાંક્ષા ન કરવી જોઈએ એટલે કોઈ પણ પ્રકારના નિદાન–સુખ પ્રાપ્તિનો સંકલ્પ કરવો જોઈએ નહીં.

## નિબંધ–૧૦

# ક્ષમાપના ભાવ પોતાના અંતર હૃદયનું આવશ્યક

**(બૃહત્કલ્પ સૂત્ર ઉદ્દે૰–૪, સૂત્ર–૩૦ તથા ઉદ્દે૰–૧, સૂત્ર–૩૪)(વ્યવહાર સૂત્ર ઉદ્દે૰–૭, સૂત્ર– ૧૧,૧૨)**

ક્ષમાપના એ ધાર્મિક જીવનમાં સહુથી વધારે મહત્ત્વની બીના છે. જો કોઈની સાથે ક્ષમાપના ભાવ ન આવે અને નારાજગી ભાવ લાંબા સમય સુધી ચાલુ રહે. એવા ભાવથી જો કાળધર્મ પામે તો તે વિરાધક બને છે.આ ક્ષમાપના દ્રવ્ય અને ભાવથી બે પ્રકારની છે.

**(૧)** દ્રવ્યથી જો કોઈની પ્રત્યે નારાજગીનો ભાવ અથવા રોષભાવ હોય તો તેને પ્રત્યક્ષ કહેવું કે 'હું આપને ક્ષમા કરું છું અને તમારા પ્રત્યે પ્રસન્ન ભાવ ધારણ કરું છું.' જો કોઈ વ્યક્તિ કોઈ પણ ભૂલનું કારણ સ્પષ્ટ કહે તો તેને કહેવું કે ''મારી ભૂલ થઈ છે મને ક્ષમા કરો. પુનઃ આવો વ્યવહાર નહીં કરું.''

**(ર)** ભાવથી શાન્તિ સરલતા તેમજ નમ્રતાથી પોતાના હૃદયને પૂર્ણ પવિત્ર તથા શાંત બનાવી લેવું જોઈએ.

આ પ્રકારે ભાવોની શુદ્ધિ, હૃદયની પવિત્રતાની સાથે વ્યવહારથી ક્ષમા કરી અને ક્ષમા માંગવી આ પૂર્ણ ક્ષમાપના વિધી છે. પરિસ્થિતિવશ એવું સંભવ ન હોય તો બૃહ૰ ઉદ્દે૰–૧, સૂત્ર–૩૪ અનુસાર સ્વયંને પૂર્ણ ઉપશાંત કરી લેવાથી

આરાધના થઈ શકે છે. પરંતુ જો અંતરમાં હૃદયમાં શાન્તિ, શુદ્ધિ ન હોય તો બાહ્ય વિધીથી સંલેખના, ૧૫ દિવસનો સંથારો અને ક્ષમાપના કરી લેવાથી પણ આરાધના થઈ શકતી નથી. એમ ભગવતી સૂત્ર શ૦–૧૩, ઉ૦–૬માં આવેલ અભિચીકુમારના વર્ણનથી સ્પષ્ટ થાય છે. માટે સ્વયંના હૃદયની અંતર શુદ્ધિ, ઉપશાંતિ તેમજ કષાય કલુશ ભાવોની અથવા નારાજનગીના ભાવોની પૂર્ણ નિવૃત્તિ હોવી પરમ આવશ્યક છે. એવું થવા પર જ દ્રવ્ય અને ભાવથી પરિપૂર્ણ ક્ષમાપના થઈ શકે છે.

આજના પરિપ્રેક્ષ્યમાં સાધુ-સાધ્વી અને શ્રાવક-શ્રાવિકા ગરછ ભેદ થઈ જવા પર પોતાના જ વિભક્ત સાધુ સાધ્વીઓ પ્રત્યે અને શ્રાવક-શ્રાવિકાઓની સાથે ક્યારેય ક્ષમાભાવ ધારણ નથી કરતા. હંમેશા રાગ-દ્વેષ, મારા-તારાની ગાંઠો બાંધી રાખે છે. સમાન સમાચારી અને સમાન સાધુપણા હોય તો પણ મારા તારાના નામથી સુસાધુને પણ પોતાના ગુરુ માનતા નથી પરંતુ ધૃણા, નિંદા, દ્વેષ, દર્શન નહીં કરવા, સેવા નહીં કરવી, ગૌચરીની ભાવના ન ભાવી. વ્યાખ્યાન ન સાંભળવું. મકાન-સ્થાનકમાં ઉતરવા દેવું નહિ વગેરે દુર્વ્યવહાર જિંદગીભર કરે છે. એવો કષાય, અણગમો વ્યવહાર તથા નારાજગી હંમેશને માટે રાખે છે. ક્યારેય પણ ક્ષમાપનાભાવ હૃદયમાં લાવતા જ નથી એવું કરનારા બધા સાધુ-સાધ્વી તેમજ શ્રાવક શ્રાવિકા પોતાને ઉચ્ચ આચારવાળા માનવા છતાં વાસ્તવમાં તે બધા સમકિતથી પણ ભ્રષ્ટ થાય છે. તે ક્યારેય પણ સમકિતની આરાધના કરી શકતા નથી. અભિચિકુમારની જેમ.

સાર આ છે કે અંતર હૃદયમાં કોઈ પણ વ્યક્તિ પ્રત્યેની નારાજગીનો ભાવ રાખવો જોઈએ નહિં અને જો નારાજગીનો ભાવ કોઈ કારણથી આવે તો એને સમભાવમાં બદલી દેવો અત્યંત જરૂર છે. અન્યથા બીજા દિવસે સાધુપણું રહેતું નથી. પાખી થઈ જાય તો શ્રાવકપણું રહેતું નથી અને સંવત્સરી થઈ જાય તો સમકિત પણ નથી રહેતું અને એજ ભાવમાં આયુષ્ય પૂર્ણ થઈ જાય તો મિથ્યાત્વીની ગતિ થાય છે.

એમ પણ જે **सुसाहणो गुरुणो न माने अने मम समुदायो गुरुणो अथवा अमुक मुनि समुदायो गुरुणो** એમ માનવા લાગી જાય છે– તેનું સમકિત પણ સ્વસ્થ રહેતું નથી. કેમકે એ બંને સમુદાયોના આચાર તો વિભક્ત થવા પહેલાં અને વિભક્ત થયા પછી પણ એક સરખો જ હોય છે. તોપણ એક બીજા પ્રત્યે ધૃણા નફરત રાખે છે.





વાસ્વતમાં જે સાધક પોતાની ધર્મકરણીની આરાધના કરવા ઈચ્છે છે, ધર્મધ્યાન, પુરુષાર્થ ને મોક્ષમાર્ગમાં સફળ બનાવવા ઈચ્છે છે, તેને કોઈ પણ પક્ષ સમુદાયના આગ્રહમાં પડ્યા વિના બધા આચારનિષ્ટ શ્રમણ શ્રમણીઓની શુદ્ધ ભાવપૂર્વક સેવા સત્સંગ કરવો જોઈએ. પોતાના માનસને પ્રત્યેક સાધક પ્રત્યે પવિત્ર અને ઉદાર રાખવો જોઈએ. કેમકે જે મારા તારાના પક્ષથી રાગ દ્વેષમાં પડશે સુસાધુને પણ ગુરુ બુધ્ધિથી નહીં જોતા તારા મારાની દષ્ટિથી જ જોશે, તેની બધી ધર્મકરણી ઉત્કૃષ્ટાચાર એકડા વગરના મીંડાની જેમ વગર કિંમતના રહી જશે. તે એક કદમ પણ મોક્ષમાર્ગમાં આગળ વધશે નહીં.

## નિબંધ–૧૧

# જૈન સિદ્ધાંત અને વર્તમાન જ્ઞાત દુનિયા

જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્રમાં અને જીવાભિગમ સૂત્રમાં પૃથ્વી સંબધી વિસ્તૃત વર્ણન છે. જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્રમાં તો એક જ દ્વીપનું સરલ અને પરિપૂર્ણ વર્ણન છે. એનું ઉપયોગપૂર્વક તથા ચિંતન યુક્ત અધ્યયન કરવાથી મસ્તિષ્કમાં આ ક્ષેત્રનું પરિપૂર્ણ નકશો સાક્ષાત ચિત્રિત થઈ જાય છે.

જેમાં દક્ષિણથી ઉત્તર અર્થાત્ ભરત થી એરવત સુધી. પૂર્વથી પશ્ચિમ સમ્પૂર્ણ મહાવિદેહ ક્ષેત્ર અને મધ્ય મેરુ સુદર્શન મંદર પર્વત વગેરે નદી, પર્વત, ક્ષેત્ર, દ્રહ, કૂટ, ભવન, પુષ્કરરિણી, પ્રાસાદાવતંસક વગેરે આંખની સામે શ્રુતજ્ઞાનના રૂપમાં પ્રત્યક્ષ થાય છે.

**પ્રશ્ન : આ શ્રુતજ્ઞાન ના અનંતર આ પ્રશ્ન સ્વાભાવિક થાય છે કે વર્તમાન પ્રત્યક્ષીભૂત પૃથ્વી અને સૈદ્ધાંતિક પૃથ્વીના જ્ઞાનનું સુમેળ કેવી રીતે થાય છે ?**

**સમાધાન :** આના માટે સમાધાન આ પ્રકારે સમજવું જોઈએ– આજના વૈજ્ઞાનિક સાધન અને વૈજ્ઞાનિક મંતવ્ય કંઈક સીમિત છે અને તેને અનુસરતાંજ તે લોકોને બોધ તથા ગમનાગમન થઈ શકે છે. ગમનાગમનની ક્ષમતાના અભાવમાં પણ અવશેષ સમ્પૂર્ણ ક્ષેત્ર તેઓને અજ્ઞાત જ રહે છે.

**વિશાળ ક્ષેત્રોનું અપ્રત્યક્ષીકરણ કેમ ?** આજે આપણે દક્ષિણ ભરત ક્ષેત્રના મધ્ય ખંડના મધ્યમાં કોઈ સીમિત ભૂમી ક્ષેત્રમાં રહીએ છીએ. લવણ સમુદ્રીય પ્રવિષ્ટ જળના કિનારે છીએ. આમ ભરતક્ષેત્ર પણ ત્રણ દિશાઓમાં લવણ સમુદ્રથી અને એના પ્રવિષ્ટ જળથી ઘેરાયેલું છે તે સમુદ્રી જળ સેંકડો અથવા

હજારો માઈલ જવાથી આવે છે. આપણી ઉતરી દિશા જ સમુદ્ર જળ રહિત છે. આ દિશામાં પર્વત અથવા સમભૂમિ છે પરંતુ ઉત્તરમાં પણ ૯–૧૦ લાખથી કંઈક અધિક માઈલ જવા પર વૈતાઢ્ય પર્વત બે લાખ માઈલનું ઊંચું છે. માટે આટલું ઊંચુ જઈને પછી ઉત્તર દિશામાં આગળ જવું આજના માનવીની યાંત્રિક શક્તિઓથી બહાર છે અને જંબુદ્વીપના વર્ણનના બધા ક્ષેત્ર પર્વત વગેરે વૈતાઢ્ય પર્વતની પછી જ ઉત્તરમાં છે તેથી તેની જાણકારી અને પ્રત્યક્ષીકરણ ચક્ષુગમ્ય થવું અસંભવ થઈ રહ્યો છે.

**દક્ષિણ ભરતનું પણ અપ્રત્યક્ષીકરણ કેમ ?** શાશ્વત ગંગા-સિંધુ નદીઓ, માગધ, વરદામ, પ્રભાસ તીર્થ, સિંધુ દેવીનો ભવન, બંને ગુફાના દ્વાર તો આ જ આપણા ખંડમાં છે તો પણ આ સ્થળોનું પ્રત્યક્ષીકરણ આજના માનવને નથી થતું. એનું કારણ પણ આ છે કે –

**(૧)** વૈજ્ઞાનિકો દ્વારા ઉક્ત સ્થળોના આગમીય વર્ણનને સમજી સાચા ક્ષેત્રીય વિષયનો નિર્ણય લેવામાં આવતો નથી.

**(૨)** આ સ્થળો અને આપણા નિવાસ ક્ષેત્ર રૂપ જ્ઞાત દુનિયાની વચમાં વિકટ પર્વત અથવા જળનો ભાગ થઈ ગયો હોય તો ત્યાં પહોંચવું સંભવિત નથી.

**(૩)** આપણા નિવાસ ક્ષેત્રથી ઉક્ત સ્થળોની દૂરી ગમનશકિતથી અત્યધિક હોય તો પણ પહોંચી શકતા નથી.

**સંભવત :–** ત્રણ તીર્થ તો જળબાધકતાથી અગમ્ય સ્થિતિમાં છે. તે સિવાયના બધા સ્થાન આપણા આ નિવાસ ક્ષેત્રથી અતિ દૂરસ્થ છે. આપણી વર્તમાન દુનિયા આગમિક વિનીતા, અયોધ્યા, વારાણસી, હસ્તિનાપુર વગેરેની પાસેની ભૂમિ છે. માટે આ પ્રથમ ખંડના મધ્ય સ્થાનીય ભૂમિ ભાગ છે. જો આગમિક દષ્ટિથી ૩–૪ યોજન પ્રમાણ જ છે. આ સ્થાનથી શાશ્વત યોજનની અપેક્ષા માગધ તીર્થ કે પ્રભાસ તીર્થ ક્રમશઃ પૂર્વ અને પશ્ચિમમાં ૪૮૭૪ યોજન છે. વરદામ તીર્થ દક્ષિણમાં ૧૧૪ યોજન છે. બંને શાશ્વત નદિયોનું એક નિકટનો ભાગ ૧૦૦૦ યોજન છે. બંને ગુફાઓ ૧૨૫૦ યોજન છે. એક યોજન અમુક અપેક્ષાએ ૮,૦૦૦ માઈલનો સ્વીકાર કર્યો છે. આ યોજનના માઈલ અને કિલોમીટર આ પ્રકારે છે–





| નામ | માઈલ | કિ.મી. |
|---|---|---|
| માગધતીર્થ | ૩,૮૯,૯૨૦૦૦ | ૫,૮૪,૮૮,૦૦૦ |
| વરદામતીર્થ | ૯,૧૨,૦૦૦ | ૧૩,૬૮,૦૦૦ |
| પ્રભાસ તીર્થ | ૩,૮૯,૯૨,૦૦૦ | ૫,૮૪,૮૮,૦૦૦ |
| ગંગા સિંધુ નદી | ૮૦,૦૦,૦૦૦ | ૧,૨૦,૦૦,૦૦૦ |
| બંને ગુફા | ૧,૦૦,૦૦,૦૦૦ | ૧,૫૦,૦૦,૦૦૦ |

**વર્તમાન જ્ઞાત દુનિયાનો ક્ષેત્રાવબોધ :** અમારી વર્તમાન જ્ઞાત સંચરણ દુનિયા વૈજ્ઞાનિકો દ્વારા ૨૪,૦૦૦ માઈલ સાધિકની પરિધિવાળી માનવામાં આવી છે. તે આગમિક યોજનની અપેક્ષા કુલ અધિકતમ ૩ યોજન પરિમાણ માત્ર છે. અથવા જેટલા પણ માઈલની માનવામાં આવે તે માઈલને ૮૦૦૦થી ભાગવા પર આગમિક ક્ષેત્રીય યોજન પ્રાપ્ત થાય. માટે ૩–૪ અથવા ૫–૧૦ યોજનમાં જ ચક્કર ફરતાં અને શોધ કરીને જ સંતુષ્ટ રહેવાવાળા વૈજ્ઞાનિક લોક ૧૧૪ અથવા ૧૦૦૦ અને ૧૨૫૦ યોજનની કલ્પના અને પુરુષાર્થ માટે તત્પર થઈ શકતા નથી. સાધન તથા શોધવાની શક્તિ પણ એટલી નથી. આ પૃથ્વી વાસ્તવમાં ચન્દ્રની સમાન અથવા પ્લેટની સમાન ચપટી અને ગોલ છે. ન કે બોલની (દડાની) સમાન. વૈજ્ઞાનિક લોકોએ બોલ (દડા)ની સમાન ગોળ હોવાની કલ્પના કરી છે. જો ચર્મચક્ષુના સ્વભાવને કારણે થવાવાળો એક ભ્રમ માત્ર છે. છતાં વર્તમાન જ્ઞાત દુનિયાવી પૃથ્વી પણ સીધી સપાટ તો નથી અર્થાત્ ઊંચા-નીચા, સમ-વિષમ, પર્વત ટેકરા આદિ રૂપ છે. કોઈ વિશિષ્ટ ચઢાવ-ઉતરાવ પણ છે. છતાં પરિપૂર્ણ દડાની સમાન માનવું ભ્રમ યુક્ત છે.

**વૈજ્ઞાનિકોના માનષની સ્થિતિ :–** વૈજ્ઞાનિક લોકોની માન્યતા પ્રમાણે શોધનો હજુ પણ કોઈ અંત આવ્યો નથી અર્થાત્ તેને ભ્રમણ કરતાં હજુ પણ જો પૃથ્વીનો કોઈ ભાગ મળી જાય તો તેને માન્ય કરી શકે છે. ઉત્તર દિશાનો અંત લેવાનો એ વૈજ્ઞાનિક લોકો મૂર્ખતા ભરેલો પ્રયાસ માને છે. અર્થાત્ ઉત્તરી દિશામાં એને પહાડ અને બરફથી યુક્ત વિકટ માર્ગ આગળ જવામાં અવરોધક હોય છે અને શેષ ત્રણ દિશાઓમાં સમુદ્રી જળ વિભાગ જ આગળ જવામાં હતાશ અથવા નિરાશાના ભાવો ઉત્પન્ન કરે છે. વૈજ્ઞાનિકો પોતાની કલ્પિત ૨૪૦૦૦ માઈલ વાળી પૃથ્વીના ઘેરામાં કે એની આજુબાજુમાં જ પરિક્રમા કરે છે. કેમકે લાખો, કરોડો માઈલની દૂરી ને ચાલીને વાયુયાન, વિમાન, રોકેટ વગેરેથી કેવી રીતે પાર કરી શકાય છે ?

આ કારણે ઉક્ત નિર્દિષ્ટ લાખો, કરોડો માઈલ દૂર રહેતા તીર્થ આદિ આગમિક સ્થળોને શોધવું અથવા પામવું વૈજ્ઞાનિકો માટે અત્યંત કઠિન થઈ ગયું છે.

માટે આ ઉક્ત શાશ્વત સ્થાનો દક્ષિણ ભરત ખંડમાં હોવા છતાં પણ આપણી માટે એ સ્થાનોના ગમનાગમન શક્ય નથી કેમકે જેટલી(૫...૧૦ યોજન) જ્ઞાત પૃથ્વી વર્તમાન દુનિયા છે. એનાથી સેંકડો ગણા ક્ષેત્ર આગળ જવા પર ઉક્ત તીર્થ વગેરે શાશ્વત સ્થાન આવી શકે છે.

**પરિણામ :–** આ પ્રકારે આપણું આ ભરત ક્ષેત્ર પણ એટલું વિશાળ છે કે એના એક ખંડમાં જ્યાં આપણે રહીએ છીએ એને પણ આપણે પાર કરી શકતા નથી. તો એક લાખ જોજનનો જંબુદ્વીપ અથવા અન્ય દ્વીપ સમુદ્રોને પાર કરવાની તો વાત જ ક્યાં હોય. કારણ કે જ્ઞાત દુનિયાનું ક્ષેત્ર અને અજ્ઞાત ભરત ક્ષેત્રમાં પણ ખૂબ જ અંતર છે. તો અન્ય દ્વીપ સમુદ્રોની અપેક્ષામાં તો આ અમારી જ્ઞાત દુનિયા અત્યંત નાની પડે.

આ પ્રકારે જ્ઞાત દુનિયાની સામે આગમ નિર્દિષ્ટ દુનિયાનું સ્વરૂપ રાખીને સમજવાની કોશિશ કરવી જોઇએ.

**પ્રશ્ન : આ ચર્મ ચક્ષુનો ભ્રમ શું છે ?**

**જવાબ :** માનવની આંખોની કીકી(શક્તિ સમ્પન્ન યંત્ર બિંદુ) ગોલ છે. પ્રત્યેક વ્યક્તિનો પોતાને સ્વતંત્ર દૃષ્ટિ ક્ષેત્ર સીમિત હોય છે. તે પોતાની દ્રષ્ટિ ક્ષેત્રથી મોટી વસ્તુ સામે આવતાં તે પોતાની દૃષ્ટિ ક્ષેત્ર જેટલા ગોલાકાર રૂપમાં જોઈને અવશેષ પદાર્થના વિભાગને જોતો નથી. તેના સ્થાને તેમને કેવળ શૂન્ય સ્થળ રૂપ આકાશ જ દેખાશે. જે પ્રકારે આપણે એક ઈંચના વ્યાસવાળી અને બે ઈંચ લાંબી એક નાની ગોળ નળી આંખની પાસે રાખી જોઇએ તો તે નળીની ગોળાઈથી પ્રાપ્ત થવા જેટલું ક્ષેત્ર અને તેટલી જ વસ્તુઓ દેખાશે. તે ક્ષેત્રથી મોટી વસ્તુને પોતાની સીમા જેટલી ગોળ જોઈને અવશેષને છોડી દેશે.

**પહાડ પર ઊભેલી વ્યક્તિઓનું દ્રષ્ટાંત :–** એજ રીતે કેટલીક વ્યક્તિ એક પહાડ પર ઊભી છે એમનું ચક્ષુદૃષ્ટિ ક્ષેત્ર અર્થાત ચક્ષુજ્ઞાન શક્તિ ક્રમશઃ ૫,૧૦,૧૨,૧૫ માઈલની છે. તો તેમાં પહેલી વ્યક્તિ ચારે તરફ પાંચ પાંચ માઈલ ક્ષેત્ર જોઈ લેશે આગળ કેવળ આકાશ અથવા ખાડો (ભૂમિ રહિત ક્ષેત્ર) હોવાનું જ દેખાય છે. તે સમયે ત્યાં ઊભેલી બીજી વ્યક્તિ ૧૦ માઈલ ચારેતરફ ક્ષેત્ર જોઈલે છે અને ત્રીજી ચોથી વ્યક્તિ ૧૨ અને ૧૫ માઈલ ગોલાકાર ચારેતરફ ક્ષેત્ર





જોઈ શકે છે. તે જ સમયે તેને દૂર દર્શક યંત્ર આપવામાં આવે ત્યારે તે ૫ માઈલનો ઘેરાવો જોવા અને કહેવાવાળો ૫૦ માઈલનો ઘેરાવો પણ જોવા લાગે છે.

માટે વાસ્તવમાં પૃથ્વી ન તો ૫ મીલના ઘેરાવા જેવી છે ન ૧૦ માઈલની ઘેરાવા જેવી છે અને ન ૧૨–૧૫ માઈલની ઘેરાવા જેવી છે. સાથે જ ૫૦ માઈલની ઘેરાવા જેવી પણ માની શકાતી નથી. કેમકે ૫ માઇલની દષ્ટિવાળાને યંત્રથી ૫૦ માઈલ દેખાઈ શકે છે તો ૧૫ માઇલની દષ્ટિ ક્ષેત્રવાળો ૧૫૦ માઈલ જોઈ શકશે અને ત્યાં એક વૃદ્ધ મંદ દષ્ટિવાળો ઊભો હોય તો તે ચોતરફ એક માઇલની પછીથી પૃથ્વીનો અંત જોઈ લેશે.

આ પ્રકારે આપણી ચર્મ ચક્ષુઓનો ધ્રુવ સ્વભાવ છે. જે પોતાની દષ્ટિ સીમાથી મોટી વસ્તુને ચારેતરફ ગોળ જોઈને સમાપ્ત કરી લે છે. આ ભ્રમને વશીભૂત થઈને આજના માનવીને પૃથ્વીનો અંત દેખાય છે અને તે દડા જેવી ગોળ પૃથ્વી માનવા પર આવી જાય છે. આ ચર્મ ચક્ષુનો ભ્રમ કહેવાય છે.

માટે વૈજ્ઞાનિકોની શોધનું મૂળ સિદ્ધાંત ભ્રમ પૂર્ણ હોવાથી આગળ વધારે સફળ થઈને ભૂભાગની શોધ નથી કરી શકતા. કેમકે પહેલા લક્ષ્ય બિન્દુનો સિદ્ધાંત સાચો હોય તોજ તેની તરફ ગમન બરાબર ગતિને પ્રાપ્ત કરી શકે છે. લક્ષ્ય બિન્દુનું બરાબર સિદ્ધાંત સ્વીકાર કરી લેવાથી પણ સામર્થ્યનો અભાવ હોય તો પણ સફળ ગમન થઈ શકતું નથી. જેમ કોઈની ચાલવાની શક્તિનું સામર્થ્ય દિવસભરમાં બે માઈલ ચાલવાનું હોય તો એક લાખ માઈલ ક્ષેત્ર ચાલવાની હિમ્મત સત્ય માર્ગ જાણતા હોવા છતાં તે કરી શકતો નથી અને કોઈ જ્વર રોગથી વ્યાપ્ત હોય તો, તે જ્વરથી તેનું સામર્થ્ય અવરૂધ્ધ છે તો તે જાણતા જોવાતા ક્ષેત્રમાં પણ ૫–૧૫ પગલાની મંજિલ પણ પાર કરી શકતો નથી.

આ કારણે વૈજ્ઞાનિક લોકો મૂળ માન્યતાના ભ્રમથી અને પૂર્ણ સામર્થ્યના અભાવથી જૈનસિદ્ધાંત કથિત આ સ્થળોને પામી શકતા નથી. તેમજ જૈન સિદ્ધાંતો અનુસાર સાચું જાણવા માનવાવાળા પણ સામર્થ્યના અભાવમાં જઈ શકતા નથી. પરંતુ જો કોઈને તપ સંયમ અથવા જપ મંત્ર આદિથી કોઈ અલૌકિક શક્તિ ઉત્પન્ન થઈ હોય તો તે જઈ શકે છે. અથવા દેવ સ્મરણ કરી તેને બોલાવી તેમના સહયોગથી તે દૂરસ્થ અતિ દૂરસ્થ સ્થળો સુધી માણસ ક્ષણભરમાં જઈ શકે છે.

**પ્રશ્ન : શું વૈજ્ઞાનિક લોકો એટલા મૂર્ખ માનવામાં આવે છે કે જે આવા ભ્રમને પણ સમજી શકતા નથી ?**

**જવાબ :** મોટા મોટા વિદ્વાનોનું મંતવ્ય ભિન્ન ભિન્ન અને વિપરીત થઈ શકે છે તેનાથી વિદ્વાનો મૂર્ખ કહી શકાતા નથી. આ પોત-પોતાની ચિંતનદષ્ટિ હોય છે. આજ અનેક ધર્મશાસ્ત્ર પૃથ્વીને પ્લેટ સમાન ગોળ તથા અતિ વિસ્તારવાળી માને છે અને વૈજ્ઞાનિક પૃથ્વીને સીમિત અને દડા(બોલ)ની સમાન ગોળ બતાવે છે તો શું તે બધા ધર્મશાસ્ત્ર પ્રણેતાઓને મૂર્ખ કહેવાય ? નહીં આવું કહેવું તે વિવેકપૂર્ણ નથી માટે આ દષ્ટિ ભ્રમ ચિંતન ભ્રમને ભ્રમ શબ્દથી જ કહેવું ઉપયુક્ત છે.

**સાર :–** આ આપણી પૃથ્વી અત્યંત વિશાળ અરબો ખરબો અસંખ્ય માઈલની લાંબી પહોળી ગોળ પ્લેટના આકારે છે. માનવ અને વૈજ્ઞાનિકોની પાસે સાધન શક્તિ અત્યંત અલ્પ છે. અતઃ તેમને પ્રાપ્ત અને જ્ઞાતક્ષેત્ર જે છે તે આ પૃથ્વીનું અતિ અલ્પતમ ક્ષેત્ર છે અને ચક્ષુ સીમા ભ્રમથી તેઓ આ પૃથ્વીનો આકાર દડા જેવો ગોળ જુવે અને માને છે. પહાડોથી અને સમુદ્રી જળોથી બાધિત તથા અતિ દૂરસ્થ હોવાથી તે જૈનાગમોક્ત સ્થળોને જોઈ શકવામાં તેમજ ત્યાં પહોંચવામાં અસમર્થ છે.

## નિબંધ-૧૨

# જ્યોતિષમંડળ પ્રતિ વૈજ્ઞાનિક અને આગમદષ્ટિ

જૈન સિદ્ધાંત અનુસાર પૃથ્વી પ્લેટના આકારે ગોળ અસંખ્ય યોજન રૂપ છે અને તે સ્થિર છે. પ્રાણી જગત આના પર ભ્રમણ કરે છે યાન વાહન આના પર ભ્રમણ કરે છે અને આ ભૂમિની ઉપર ઊંચા આકાશમાં જ્યોતિષ મંડળ, સૂર્ય, ચન્દ્ર, ગ્રહ, નક્ષત્ર, તારા સ્વાભાવિક ભ્રમણ કરે છે. તેમજ યાન વિમાન માનવિક દૈવિક શક્તિથી ગમન કરે છે. પક્ષી વગેરે તિર્યંચ યોનિક જીવ સ્વભાવથી આકાશમાં ગમનાગમન કરે છે. જ્યોતિષ મંડળમાં પણ ઉત્તર દિશામાં દેખાતો લોકમાન્ય ધ્રુવ તારો હંમેશાં ત્યાં સ્થિર રહે છે. અર્થાત્ મનુષ્યો અને વૈજ્ઞાનિકો ને હંમેશાં તે એક જ સ્થળ પર જોવાય છે. હજારો વર્ષ પૂર્વ પણ ત્યાં જ દેખાતો હતો અને હજારો વર્ષ પછી પણ એ જ નિશ્ચિત સ્થાન પર દેખાતો રહેશે.

**ગોળ અને ફરવાવાળી પૃથ્વી :–** વૈજ્ઞાનિક લોકો પૃથ્વીને ગોળ દડાના આકારે માને છે. છતાં તેને એક કેન્દ્રબિંદુ ઉપર ફરતી પણ માને છે અને સૂર્યને સ્થિર માને છે અને સૂર્ય માનવને ફરતો દેખાય છે તેને ભ્રમપૂર્ણ માને છે. પૃથ્વીને ૧૦૦૦ માઈલ પ્રતિ કલાક ચાલવાવાળી માને છે. આ ચાલથી તે પોતાની ધરી પર ફરે છે. સાથે બીજી ગતિથી તે પોતાનું સ્થાન છોડીને સૂર્યની પરિક્રમા પણ કરે છે.





**ટ્રેન અને પક્ષીનું ઉદાહરણ :–** ચાલતી ટ્રેનમાં જેમ પૃથ્વી પરના વૃક્ષ ચાલતા દેખાય છે એ ભ્રમ છે. તેવી જ રીતે સૂર્ય વગેરે આપણને ચાલતા દેખાય તે ભ્રમ છે એવું વૈજ્ઞાનિકો માને છે. પરંતુ જ્યારે ટ્રેન ચાલે છે ત્યારે તેની અંદર વ્યક્તિ ચાલી ફરી શકે છે. દડો(બોલ) રમી શકે છે પરંતુ તે ટ્રેનની બહાર અથવા ઉપર કૂદીને રમી શકતા નથી. અથવા દડાથી રમી શકતા નથી. આ પ્રકારે પૃથ્વી ટ્રેન જેવી ચાલવાના સ્વભાવવાળી હોય અને ૧૦૦૦ માઈલની ગતિથી પ્રતિ કલાક ચાલતી હોત તો આના ઉપર આકાશમાં પક્ષી ઉડીને પુનઃ પોતાના સ્થાન પર આવીને બેસી સકતું નથી. કારણ કે પૃથ્વી જે દિશામાં ૧૦૦૦ માઈલની ગતિથી ચાલી રહે છે. તેનાથી વિપરીત દિશામાં બે માઈલ આકાશમાં એક કલાક ચાલીને પક્ષી પુનઃ પોતાના સ્થાન પર બીજા કલાકમાં પહુંચી ન શકે કારણ કે પૃથ્વી ૧૦૦૦ માઈલ આગળ ચાલી જશે. જ્યારે પક્ષી પોતાના સ્થાન પર પુનઃ આવતાં જતાં દેખાય છે. આ પૃથ્વી પર મનુષ્ય કૂદે છે. દડો, રિંગ રમે છે. તેમાં કોઈ વાંધો આવતો નથી પરંતુ ટ્રેનની છત પર બેસીને કોઈ પણ ૬ ઈંચ દડાને કુદાવતા સફલ થઈ શકતા નથી અને ટ્રેનની અંદર પોતાની ઈચ્છા સફળ કરી શકે છે. આનાથી સ્પષ્ટ છે કે ટ્રેનનો બહારનો વાયુમંડળ તેની સાથે ચાલતો નથી. તે જ રીતે પૃથ્વીની બાહ્યનો આકાશીય વાયુમંડળ સાથે ચાલી શકતો નથી .

**વાયુમંડળ :–** વાયુમંડળની સાથે ચાલવાની વાત પણ કલ્પિત અને પૂર્ણ સત્ય નથી. જે પ્રકારે ટ્રેનની અંદર વાયુમંડળ સાથે ચાલવું સંભવ છે પરંતુ બાહ્ય વાયુમંડળ સાથે ચાલતું નથી. એ જ રીતે પૃથ્વીના બાહ્ય વિભાગના વાયુમંડળને સાથે ચાલતાં કહેવું અપ્રમાણિક મનઘડત કથન છે અને અસંભવ છે. તે કેવળ પોતાના આગ્રહનું પ્રકટીકરણ છે. વાસ્તવમાં તો પૃથ્વી સ્થિર છે માટે તેનું બાહ્ય વાતાવરણ તેની સાથે છે. પક્ષી વગેરેનું નિરાબાધ ગમન પણ આ કારણે થઈ શકે છે. વાયુયાન પણ પોતાની ગતિથી મંજિલ પાર કરે છે. પૃથ્વીની ગતિથી નહિ.

તેથી આ સ્પષ્ટ સત્ય છે કે પૃથ્વી સ્થિર છે. ભ્રમણશીલ નથી. સૂર્ય વગેરે જ્યોતિષ મંડળ ભ્રમણશીલ છે. આ સંપૂર્ણ જ્યોતિષ મંડળ સમભૂમિ થી ૭૯૦ યોજન ઉપર ગયા પછી ૯૦૦ યોજન સુધીમાં કુલ ૧૧૦ યોજનની જાડાઈના ક્ષેત્રમાં તથા હજારો યોજન લાંબા-પહોળા ક્ષેત્રમાં છે.

**ધ્રુવ તારો શું છે ?** ભૂમિથી ઉપરોક્ત ઊંચાઈ પર રહેતા સૂર્ય વગેરે સદા ભ્રમણ કરે છે. એક ધ્રુવ કેન્દ્રને પરિક્રમા લગાવે છે. આ ધ્રુવ કેન્દ્ર મેરુ પર્વત છે. જે ૯૯,૦૦૦

યોજન ઊંચો છે, તેની ચૂલિકા આપણને ધ્રુવ તારા રૂપ દેખાય છે. મેરુ પણ સ્થિર ભૂમિનો એક અંશ છે. માટે ધ્રુવ તારારૂપે જોવાતો કે માનવામાં આવતો તારો નથી પરંતુ ધ્રુવ કેન્દ્ર રૂપ મેરુ પર્વતની ચોટી સ્થળ છે. જે વૈડૂર્ય મણિમય હોવાથી ચમકતો નજરે દેખાય છે. તે આપણાથી(ભરતક્ષેત્રના મધ્યમાંથી ૪૯૮૮૬) યોજન દૂર અને સમભૂમિથી ૯૯,૦૦૦ યોજન ઊંચો છે. માઈલની અપેક્ષાએ ૮૦ કરોડ માઈલથી વધારે ઊંચો અને ચાલીશ કરોડ માઈલ દૂર છે. સપ્તર્ષિ મંડળ એની અત્યંત નજીક પરિક્રમા કરતો દેખાય છે. પરિક્રમા હંમેશા સ્થિર વસ્તુની હોય છે. મેરુ સ્થિર કેન્દ્ર છે, એની સંપૂર્ણ જ્યોતિષ મંડળ પરિક્રમા લગાવે છે. સૂર્ય પૃથ્વી વગેરેને ગતિમાન માનીને વૈજ્ઞાનિક તેને જ પરિક્રમા કેન્દ્ર પણ માને છે. આ પણ તેઓનો વ્યાપક ભ્રમ છે.

**વૈજ્ઞાનિકોના મુખ્ય સિદ્ધાંત અને તેની વિચારણા :–**

વૈજ્ઞાનિકો સૂર્યને આગનો ગોળો માને છે. ચન્દ્રને પૃથ્વીનો ટુકડો માને છે. ચન્દ્ર પૃથ્વીને ચક્કર લગાવે છે. પૃથ્વી સૂર્યને ચક્કર લગાવે છે. સૂર્ય કોઈ અન્ય સૌર્યમંડળ ને ચક્કર લગાવે છે. પૃથ્વી પોતાની ધરી પર ૧૦૦૦ માઈલ પ્રતિ કલાક ચાલે છે, ફરે છે. આ પ્રકારે સૂર્યને પણ ચક્કર કાપતો બતાવે છે. પૃથ્વી તથા ચંદ્રને ત્રણ ત્રણ પ્રકારની ગતિઓથી ગતિમાન કલ્પિત કરે છે. યથા– પૃથ્વી **(૧)** પોતાની ધરી પર ફરે છે. **(૨)** સૂર્યને ચક્કર લગાવે છે અને **(૩)** સૂર્ય કોઈપણ સૌર્યમંડળ ને ચક્કર લગાવે છે, તેની સાથે પૃથ્વી પણ દોડે છે. ચન્દ્ર પણ **(૧)** પૃથ્વીને ચક્કર લગાવે છે. **(૨)** પૃથ્વીની સાથે સૂર્યને પણ ચક્કર લગાવે છે. **(૩)** અને સૂર્યની સાથે સૌરમંડળને પણ ચક્કર લગાવે છે. આ કલ્પનાથી પૃથ્વી અને ચંદ્રની ત્રણ ગણી ગતિ અર્થાત્ કરોડો માઈલ પ્રતિ કલાકની ગતિ હોય છે. આ પ્રકારની તીવ્ર ગતિ કરનારા ચન્દ્ર પર કોઈને જવાની કલ્પના કરવી અથવા પ્રયત્ન કરવો તેમજ પ્રચાર કરવો કેવળ ભ્રમ મૂલક છે અને હાસ્યાપસ્દ છે.

**ત્રિવિધ ગતિઓની અવાસ્તવિકતા :** પૃથ્વી ત્રણ ગણી ગતિઓથી દોડે છે તો પણ તેના પર ગરમીના દિવસોમાં કોઈવાર હવા નામ માત્રની પણ હોતી નથી. એમ કેમ ? સામાન્ય ગતિથી ચાલનારા વાહન જ્યારે ઊભા હોય છે તો ગરમી લાગે છે પરંતુ જ્યારે તે ચાલે છે તો હવાનો સંચાર સ્વતઃ થઈ જાય છે. ત્યારે પૃથ્વી ત્રણ ગતિઓથી નિરંતર દોડતી હોય તો રૂમમાં અથવા મેદાનમાં નિરંતર જોરદાર હવાનું તોફાન રહેવું જોઈએ. પરંતુ આવું દેખાતું નથી. આ દષ્ટાંતથી





તેમજ પક્ષીઓ ઉડીને પુનઃ પોતાના સ્થાનમાં આવાના દષ્ટાંતથી પૃથ્વીનું સ્થિર રહેવું એ જ સુસંગત હોય છે.

**વાસ્તવિક સત્ય :** સૂર્ય, ચન્દ્ર વગેરે જ્યોતિષી દેવોના વિમાન છે. તે ગતિ સ્વભાવ-વાળા હોવાને કારણે અનાદિકાળથી ગતિમાન છે. આ વિવિધ રત્નોના શાશ્વત વિમાન છે. તે પોતાના નિશ્ચિત સીમિત મંડળ માર્ગમાં એક સીમિત ગતિથી સદા નિરંતર ભ્રમણ કરે છે અને આ રત્નમય વિમાનોના રત્ન મનુષ્યલોકને પ્રકાશિત અને પ્રતાપિત કરતા રહે છે.

ન તો એ અગ્નિપિંડ છે અને ન પૃથ્વીના કાપેલા ટુકડાના રૂપમાં છે. પૃથ્વીથી કપાએલો ટુકડો પૃથ્વીની ઉપર જઈને ગોળ ચન્દ્ર બની જાય અને ચમકવા લાગી જાય, પ્રકાશ આપવા લાગે વગેરે એ વૈજ્ઞાનિક લોકોની પ્રત્યક્ષ જોયા વગરની કલ્પનાઓ માત્ર છે.

**સત્યસૂચન :** જ્યારે વૈજ્ઞાનિકો નજીક ગયા વગર અને જોયા વગર કેવળ પોતાની કલ્પના માત્રથી સૂર્યને આગનો ગોળો માની શકે છે. મનાવી શકે છે તો પછી જોયા વગર આગમ શ્રધ્ધાનો સ્વીકાર કરી તેને દેવોના ભ્રમણશીલ વિમાન જ સ્વીકાર કરી લેવા જોઈએ અને પૃથ્વીને સ્થિર માની લેવી જોઈએ. જ્યારે કલ્પના જ કરવી છે તો લોકમાં પ્રચલિત ધર્મ સિદ્ધાંતોમાં અને જ્યોતિષ શાસ્ત્રોમાં તેનો જે સ્વરૂપ અંકિત કર્યો છે તેને જ સ્વીકાર કરી લેવો જોઈએ અને તદનુસાર જ સત્યની ખોજ કરવી જોઈએ.

**વૈજ્ઞાનિકોનો સત્યાવબોધ :** વૈજ્ઞાનિક કોઈએ ક્યારેય પણ પૃથ્વીને ચાલતી જોઈ નથી. કોઈએ ચન્દ્રને પૃથ્વીનો ટુકડો થતાં જોયું નથી. કોઈને દેખાડ્યું નથી. સૂર્યને અગ્નિપિંડ રૂપ ગોળાકાર કોઈ વૈજ્ઞાનિકે જોયો જ નથી. કલ્પનાઓથી માન્ય કરીને વૈજ્ઞાનિક હંમેશા પોતાની માન્યતા અને કલ્પનાઓ અનુસાર સંશોધન કરતા રહે છે. તેઓના સંશોધનોનો ક્યારે અંત નથી આવ્યો. આજે પણ તે સંશોધન કરી નવી હજારો લાખો માઈલની પૃથ્વીનો સ્વીકાર કરી શકે છે અને કરે પણ છે. કેટલાક વૈજ્ઞાનિકોએ પૃથ્વીને દડાની સમાન ગોળ માનવાનો ઈન્કાર કર્યો છે. આ પ્રકારે આ વૈજ્ઞાનિક કલ્પના, ઉપલબ્ધિ, ભ્રમ, અપૂર્ણતા, પ્રયાસ, નિરાશ, પુનઃ કલ્પના, શોધ, ઉપલબ્ધિ, ભ્રમ એમ ક્રમિક ચક્કરમાં ચાલતા રહે છે. કોઈ વૈજ્ઞાનિકે પોતાની શોધને સમાપ્તિનું રૂપ દીધું નથી તે હજી પણ વધારે કાંઈક નવું શોધી શકે છે. નવો નિર્ણય લઈ શકે છે. અને જુનો નિર્ણય ફેરવી પણ શકે છે.

**સાર :** અત્યારે વૈજ્ઞાનિકોનો જ્યોતિષ મંડળ સંબંધી નિર્ણય ભ્રમિત અને વિપરીત છે. તે વિપરીતતાથી પૃથ્વીના સ્વરૂપને પણ વાસ્તવિકતાથી વિપરીત માનીને પોતાના ગણિતનું સમાધાન મેળવી લે છે. અનેક ધર્મ સિદ્ધાંતોમાં આવેલ પૃથ્વી અને જ્યોતિષ મંડળના સ્વરૂપથી વૈજ્ઞાનિકોની કલ્પના વિપરીત છે. જ્યારે આ વૈજ્ઞાનિકોની પોતાની કલ્પના જ છે તો તેઓની તે કલ્પનાને સત્ય માની ધર્મશાસ્ત્રોના સંગત વચનો ને જૂઠા ઠરાવવાનું કોઈ પણ અપેક્ષાએ ઉચિત થઈ શકતું નથી. કેમકે વિજ્ઞાનનો મૂળ જ કલ્પના છે અને પછી શોધ પ્રયત્ન છે. માટે શોધનું અંતિમ રિઝલ્ટ સાચું ન આવે ત્યાં સુધી તેને સત્ય હોવાનો નિર્ણય નથી આપી શકાય. જ્યારે જૈન શાસ્ત્રોક્ત સિદ્ધાંત કલ્પનામૂલક નથી પરંતુ જ્ઞાન મૂલક છે માટે તુલનાત્મક દષ્ટિએ પણ આગમોક્ત સિદ્ધાંત વિશેષ આદરણીય, ભ્રમ રહિત અને વિશાળ છે. આવા જ્ઞાન મૂલક સિદ્ધાંતોને વિજ્ઞાનના કલ્પના મૂલક કથનોથી પ્રત્યક્ષીકરણનું ખોટું આલંબન લઈને બાધિત કરવું કે ખોટું કહેવું સમજ ભ્રમ માત્ર છે.

**ચન્દ્રલોકની યાત્રા નકામી :** વૈજ્ઞાનિકોની ચન્દ્રલોક યાત્રા અને તેના પ્રયાસ હેતુનો કરેલો ખર્ચો હજી સુધી લેખે લાગ્યો નથી. પશ્ચાત્તાપ અને અસફળતા સિવાય બીજું કાંઈ પણ તેને હાથે લાગ્યું નથી. વાસ્તવમાં મૂળ દષ્ટિકોણ સુધાર્યા વિના વૈજ્ઞાનિકોને જ્યોતિષ મંડળ સંબંધિત કોઈ પણ પ્રકારની ઉપલબ્ધિ થઈ શકતી નથી. એ ચોક્કસ પ્રમાણમાં કહી શકાય છે. કેમકે જ્યોતિષ મંડળ વૈજ્ઞાનિકોની શક્તિ સામર્થ્યથી બાહ્ય સીમાનો વિષય છે અને તે સંબંધી વૈજ્ઞાનિકોની કલ્પનાઓ સત્યથી બહુ દૂર છે. તેથી તેઓને માત્ર કલ્પનાઓમાં રહીને તેમાં સંતોષ કરવો પડશે. પૃથ્વી સંબંધી શોધ કરતાં આગળ ને આગળ કોઈ ક્ષેત્રની ઉપલબ્ધિ તેઓને થઈ શકે છે. કોઈ નવા નવા સિદ્ધાંતોની પ્રાપ્તિ પણ થઈ શકે છે. પરંતુ દૈવિક વિમાન રૂપ જ્યોતિષ મંડળ જે અતિ દૂર છે એને આગનો ગોળો અથવા પૃથ્વીનો ટુકડો માનીને ચાલતાં કાંઈ વળે નહીં વ્યર્થ જ મેહનત થાય છે અને દેશનો ખર્ચો છે. માટે વૈજ્ઞાનિકોએ જ્યોતિષમંડળ સંબંધી મહેનત કરવા પહેલાં ધર્મ સિદ્ધાંતોનું અધ્યયન, મનન અને તેની શ્રદ્ધા કરવી એ વિશેષ લક્ષ્ય રાખવું જોઈએ. કારણ કે ધર્મ સિદ્ધાંત અને જ્યોતિષશાસ્ત્ર જ્યોતિષ મંડળના અધિકતમ સાચા જ્ઞાનના પૂરક છે. સ્વતંત્ર કલ્પનાઓથી તેમનું સાચું જ્ઞાન પ્રાપ્ત થઈ શકતું નથી.





**પુનશ્ચ :** પૃથ્વી સ્થિર છે, અસંખ્ય યોજનમય એક રાજુ પ્રમાણ વિસ્તૃત છે. સૂર્ય, ચન્દ્ર વગેરે ગતિમાન છે. સદા ભ્રમણશીલ છે. હંમેશાં એક જ ઊંચાઈ પર રહેતાં પોતપોતાના મંડળોના માર્ગમાં ચાલે છે. આપણને દેખાતા તે સૂર્ય, ચન્દ્ર, તારા વગેરેએ જ્યોતિષી દેવોના ગતિવાળા વિમાન છે. એ આપણને પ્રકાશ અને તડકો આપે છે. દિવસ રાત રૂપ કાળનું પરિવર્તન કરે છે. આ ભિન્ન ભિન્ન ગતિવાળા છે. માટે ક્યારેક આગળ ક્યારેક પાછળ અને ક્યારેક સાથે ચાલતા દેખાય છે. આ સંબંધી વિવિધ વર્ણન જ્યોતિષગણરાય પ્રજ્ઞપ્તિ સૂત્રમાં બતાવેલ છે. જેનું ધ્યાનપૂર્વક અધ્યયન મનન અને શ્રધ્ધા કરવી જોઈએ.

## નિબંધ–૧૩

# કેવળી પ્રથમ પદમાં નહીં : પાંચમા પદમાં

શાસ્ત્રોમાં અનેક જગ્યાએ અલગ–અલગ અપેક્ષાએ 'અરિહંત' શબ્દનો પ્રયોગ થયો છે. ક્યાંક એકાંત તીર્થંકરની અપેક્ષાથી અરિહંત શબ્દનો પ્રયોગ થયો તો ક્યાંક સમુચય કેવળીને માટે પ્રયોગ થયો છે.

એવી રીતે **'જિન'** શબ્દનો અર્થ પણ રાગદ્વેષને જીતવાવાળા અર્થાત્ કેવલી હોય છે. તેનો પણ પ્રયોગ **'લોગસ્સ'**માં માત્ર તીર્થંકરો માટે થયું અને અન્યત્ર અવધિજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની અને વિભંગજ્ઞાનીને પણ જિન કહેવાયા છે. માટે શબ્દાર્થની અપેક્ષાએ **'અરિહંત'** અને **'જિન'** શબ્દથી કેવળી અને તીર્થંકર બંનેને ગ્રહણ કરી શકાય છે, તેમાં કોઈ વાંધો નથી. પરંતુ જ્યાં શાસ્ત્રકાર એકાંત તીર્થંકરની અપેક્ષાથી અરિહંત અથવા જિન શબ્દનો પ્રયોગ કરે ત્યાં અન્ય કેવળી વગેરેને માનવું યોગ્ય થતો નથી. યથા–અરિહંતોના જન્મ પર, દીક્ષાના સમયે અને કેવળજ્ઞાનના સમયે લોકમાં પ્રકાશ થાય છે ત્યાં અરિહંત શબ્દ કેવળ તીર્થંકર માટે છે. જો ત્યાં કેવળી લેશું તો અનુચિત થશે. એ રીતે નવકારમંત્રમાં તીર્થંકરની જ અપેક્ષા છે. કેમકે સિદ્ધોથી પહેલું સ્થાન આપવામાં જે હેતુ છે તે તીર્થ પ્રણેતા ઉપકારી તીર્થંકરો માટે ઉપયુક્ત હોય છે. જૈન સિદ્ધાંત બોલ સંગ્રહ ભાગ–૭ માં આ વિષયમાં પ્રશ્નોત્તર આપી એ જ સમજાવ્યું છે કે તીર્થંકરોના ઉપકારની મુખ્યતાથી પ્રથમ સ્થાનમાં છે. જ્યારે 'નમોત્થુણં' માં ગુણ કીર્તનની મુખ્યતાથી પહેલા સિદ્ધોનું પછી અરિહંતોનું ગુણ કીર્તન કરાય છે. માટે અરિહંત શબ્દથી શબ્દાર્થની અપેક્ષા કેવલી અર્થ થાય છે તો પણ **નવકારમંત્ર, લોગસ્સ**

**અને નમોત્થુણં** વગેરે પાઠોમાં અરિહંત શબ્દ માત્ર તીર્થંકરની અપેક્ષા છે એમાં કિંચિત્ પણ સંદેહને સ્થાન નથી. ઠાણાંગ સૂત્રમાં અનેક જગ્યાએ શાસ્ત્રકારે એકાંત તીર્થંકરની અપેક્ષા જ અરિહંત શબ્દનો પ્રયોગ કર્યો છે.

**અરિહંત** શબ્દમાં કેવળી અર્થ માન્ય હોય તો પણ બધે જ અરિહંત શબ્દમાં કેવળી ગ્રહણ કરવું આગમ આશયથી વિપરીત થશે. કેમકે **નવકાર મંત્રમાં** સિદ્ધોથી પહેલાં પ્રથમ પદમાં અરિહંતનું સ્થાન રાખવાથી **લોગસ્સ**માં આગળ ૨૪ તીર્થંકરાનાં નામ આવવાથી અને **નમોત્થુણં**માં વર્ણિત ગુણો, તીર્થંકરોમાં ઘટવાવાળા હોવાથી **નવકારમંત્ર, લોગસ્સ અને નમોત્થુણ**માં અરિહંત શબ્દથી કેવળ તીર્થંકરને જ સમજવું આગમ સમ્મત છે. પાંચ પદોની ભાવ વંદનાના પ્રથમ પદમાં કેવળીને સમજવા નહીં. તે પણ અહીંથી સિદ્ધ થાય છે. કેમકે આ ભાવવંદના નવકારમંત્રના પાંચે પદનો વિસ્તાર છે.

પહેલા પદની ભાવ વંદનાના ગુણ પણ આ વાતની પુષ્ટિ કરે છે. પ્રતિક્રમણ સૂત્રમાં તો આ ભાવ વંદના પોતે જ સેંકડો વર્ષોથી પ્રક્ષિપ્ત છે. કેમકે એ આગમનો મૂળ પાઠ છે જ નહીં અને એમાં પણ જો પ્રથમ પદમાં ૨ ક્રોડ ૯ ક્રોડ કેવળીનો પાઠ છે. તે તો ઘણા પાછળથી સ્વછંદ મતિથી અથવા ભ્રમથી પ્રક્ષિપ્ત છે. આનું કારણ એ છે કે કેટલાક સ્થળોમાં છપાયેલા પ્રતિક્રમણના પુસ્તકોમાં આ વિષયમાં મતભેદ જોવા મળે છે. યથા (૧) ગુજરાત રાજકોટથી સં. ૨૦૨૨માં (૨) શાહપુરાથી સંવત ૧૯૯૮માં (૩) અજમેરથી સંવત ૨૦૨૯ / ૨૦૨૪ માં (૪) ધર્મદાસ જૈન મિત્ર મંડળ રતલામથી સંવત ૧૯૯૩માં (૫) ધૂલિયા– અમોલક ઋષિજી મ.સા. દ્વારા સંવત ૨૦૦૮/૨૦૩૦ માં (૬) ગુલાબપુરાથી ૧૦મી આવૃત્તિ સંવત ૨૦૩૩માં આ છ પ્રતિઓમાં પ્રથમ પદમાં ૨ ક્રોડ ૯ ક્રોડ એવો પાઠ નથી. આનાથી વિપરીત કોઈ પ્રતિઓમાં અર્થાત્ (૧) અજમેર (૨) રતલામ (૩) ધૂળિયા (૪) ગુલાબપુરા. આ ચાર પ્રતિયોમાં પાંચમા પદમાં ૨ ક્રોડ, ૯ ક્રોડ કેવળીનો પાઠ પણ વિશેષ રૂપમાં સ્પષ્ટ અલગ કહ્યો છે. આ રીતે મારવાડ, માલવા અને મહારાષ્ટ્રથી ઉક્ત પ્રમાણ જોવા મળે છે.

સાર એ છે કે ભાવ વંદનાના અશુદ્ધ પ્રચારથી આ વિષયમાં દ્વિધા પેદા થઈ છે. કિન્તુ શાસ્ત્રકારના જુદા જુદા આશયને ધ્યાનમાં લઈને સમજી લઈએ તો સમાધાન થઈ શકે છે કે નમસ્કાર મંત્રના પ્રથમ પદમાં તીર્થંકર જ છે.

**પ્રશ્ન : કેવળજ્ઞાન સૌથી મોટું જ્ઞાન છે, એ જ્ઞાનવાળાને આચાર્ય**





**ઉપાધ્યાયના પછી અંતિમ પદમાં બતાવવું કેમ યોગ્ય થઈ શકે ?**

**જવાબઃ** પદ વ્યવસ્થામાં મુખ્યરૂપથી જ્ઞાનની અપેક્ષા નથી હોતી. કાર્યક્ષેત્ર, કાર્ય ક્ષમતા વગેરેની મુખ્યતાથી પદ વ્યવસ્થા થાય છે. જ્ઞાન વધારે હોય તો કોઈની શારીરિક ક્ષમતા, અનુશાસન ક્ષમતા, અધ્યાપન ક્ષમતા વધારે હોય તે જરૂરી નથી અને પદ વ્યવસ્થા એ તો જવાબદારી સંભાળવા માટે અને કાર્યક્ષમતાની યોગ્યતાની મુખ્યતાથી થાય છે. સિદ્ધ ભગવાન આત્મગુણોમાં મોટા હોવા છતાં સાંસારિક જીવોના ઉપકાર રૂપ કાર્યક્ષેત્રમાં તીર્થંકર મહાન હોવાથી તેને પ્રથમ પદમાં કહ્યા છે તો પણ સિદ્ધોનું અપમાન નથી અને પ્રથમ પદ હોવાથી સિદ્ધોથી અરિહંત મોટા કહી શકાતા નથી. કેમકે તેઓ પણ સિદ્ધને જ વંદન કરે છે. શ્રી **જિનભદ્રગણિ** ક્ષમણશ્રમણે વિશેષાવશ્યક ભાષ્યમાં આ વિષયનો પ્રશ્ન કરી ઉત્તર આપ્યો છે જેમાં તેઓએ તીર્થંકરને પ્રથમ પદમાં માન્ય કર્યા છે. આચાર્ય, ઉપાધ્યાય પોતાના કાર્યક્ષેત્રમાં પોતાની વ્યવસ્થા ચલાવે છે તો પણ પોતાનાથી પૂર્વ દીક્ષિત પાંચમા પદવાળા સાધુઓથી પોતાને મોટા માનતા નથી અને તેઓને વંદન પણ કરે છે.

સમાજમાં મુખી અને પદાધિકારી પોતાની અનેક યોગ્યતાઓને કારણે બને છે. તો પણ તે પોતાના માતા-પિતા, વડીલો અથવા ગુરુઓ(અધ્યાપક)ને પોતાનાથી મોટા સમજી તેમનો વિનય કરે છે અને પોતાના કાર્યક્ષેત્રમાં પોતાની જવાબદારી, કર્તવ્યને અધિકારપૂર્વક નિભાવે છે. એક સંઘમાં ચાર પાંચ વ્યક્તિને પદ દેવામાં આવે છે તો અન્ય અનેક ગુણવાનોનું અપમાન થતું નથી. તે પદાધિકારીથી અનેક વિશિષ્ટ જ્ઞાની, તપસ્વી શ્રાવક પણ હોય છે. તો પણ તે કોઈ પદ લેતા નથી અને કોઈ પદ લેવા યોગ્ય હોતા પણ નથી. જ્ઞાન વધવાથી પદ વધે છે એવો કોઈ નિયમ હોતો નથી. પદ તો તે–તે પ્રકારની વ્યવસ્થા અને કાર્યક્ષમતાની યોગ્યતાથી પ્રાપ્ત થાય છે જેને યથાસમય લઈ શકાય છે અને છોડી પણ શકાય છે.

ત્રીજા પદવાળાને ૨ જ્ઞાન હોય અને પાંચમાં પદવાળાને ત્રીજું ચોથું જ્ઞાન ઉત્પન્ન થાય તો તે સ્વતઃ આચાર્યોના આચાર્ય નથી થઈ જતા. વધારે દીક્ષા પર્યાયવાળા અલ્પજ્ઞાની છે અને ઓછી દીક્ષા પર્યાયવાળા કોઈ બહુશ્રુત થઈ જાય તો પણ વધારે જ્ઞાનથી તેમની વંદન વ્યવસ્થા કે વિનય વ્યવસ્થા પલટાતી નથી. કોઈ શિષ્યને કેવળજ્ઞાન થઈ જાય તો સામાન્ય જ્ઞાની ગુરુ તેને વંદન કરવાનું

શરુ નહીં કરશે. તે કેવળી પણ છદ્મસ્થ ગરુનો વિનય કરે છે. આ વાત આગમથી સિદ્ધ છે. યથા –**दशवै. अ.९ उ.१ गाथा ११ मां**–

**जहाहि अग्गि जलणं नमंसे, णाणाहुई मंत पयाभिसित्तं ।**
**एवायरियं उवचिट्ठइज्जा, अणंतणाणोवगओवि संतो ॥११॥**

અનંત જ્ઞાની શિષ્ય પણ ગરુનો વિનય કરે એ આ ગાથામાં શાસ્ત્રકારનો સ્પષ્ટ આશય છે. માટે વંદન વ્યવહાર અને રત્નધિકતામાં પણ જ્ઞાનરત્નની મુખ્યતા નથી હોતી પરંતુ ચરિત્ર પર્યાયની મુખ્યતા છે. આ પ્રકારે પંચ પરમેષ્ઠી પદ ક્રમમાં એકાંત જ્ઞાન ગુણાધિકતાની મુખ્યતા નહીં સમજવી જોઇએ પરંતુ પદના પ્રાયોગ્ય કાર્ય ક્ષેત્રમાં ક્ષમતા વગેરે ગુણોની મુખ્યતા છે, એવું સમજવું જાઇએ. પાંચમા પદવાળા કોઈ સ્થવિર વગેરેનું શ્રુત જ્ઞાન આચાર્ય ઉપાધ્યાયથી પણ વિશાળ હોઈ શકે છે. ભગવાનના સમયમાં ગણધરોથી ધન્નામુનિનો નંબર સંયમ ગુણોમાં આગળ હતો તો પણ ધન્નામુનિ પાંચમા પદમાં હતા અને ગૌતમ ગણધર ત્રીજા પદમાં હતા. માટે કેવળ જ્ઞાન પ્રાપ્ત થવા પર પાંચમા પદવાળાને પહેલા પદમાં ન ગણવાથી અને પાંચમા પદમાં ગણવાથી તેનું કોઈ અપમાન થઈ જતુ નથી. જ્ઞાનવૃદ્ધિ અને પદ વ્યવસ્થા સંબંધી સ્વરૂપને ઝીણી દષ્ટિથી ન સમજીને કેવળ ઉપરી દષ્ટિએ વિચારવાથી આ ભ્રમ ઉત્પન્ન થાય છે પરંતુ જ્ઞાન વૃદ્ધિ અને પદ વ્યવસ્થા આ બંનેના વાસ્તવિક સ્વરૂપ અને સંબંધને સમજી લઈએ તેમજ દશવૈકાલિકની ઉપરોક્ત ગાથાના અર્થભાવને સમજી લઈએ તો આ પ્રશ્નોક્ત શંકાનું સમાધાન સરળતાથી થઈ શકે છે.

**ચઉસરણ પઈન્ના** નામના સૂત્રમાં કેવળીનું સ્વરૂપ સ્પષ્ટ કર્યુ છે. પરંતુ **'અરિહંતે શરણં'**ના વિસ્તારમાં કેવળ તીર્થંકર સંબંધી વર્ણન છે, કેવળીનું કથન તેમાં કર્યું નથી. ત્યાં પણ કેવલીનું વર્ણન વિસ્તારથી પાંચમા પદમાં જ કર્યુ છે.

પંચપરમેષ્ટીના સ્તવનોમાં વર્તમાન યુગના રચનાકાર પણ પ્રથમ પદમાં તીર્થંકરને લક્ષ્યમાં રાખીને પોતાની રચના કરે છે. જેમ કે –

**મનાઉં મૈં તો શ્રી અરિહંત મહંત– યુગ પ્રધાન આચાર્ય માધવ મુનિ (૧)**
**એક સૌ આઠવાર પરમેષ્ટી– પારસમુનિ ગીતાર્થ (૨)**
**આનંદ મંગલ કરું આરતી– વિનયચન્દ્ર મુનિ (૩)**
**નિત વંદુ સૌ સૌ વાર પંચપરમેષ્ટીને– સમર્થ શિષ્ય રતનમુનિ (૪)**
**સુખકારી પંચપરમેષ્ટીના જાપ– બહુશ્રુત શ્રમણ શ્રેષ્ઠ (૫)**





સારાંશ આ છે કે પંચ પરમેષ્ટીના **નમો અરિહંતાણં**માં તીર્થંકર જ લીધા છે. અન્યત્ર જ્યાં ઉપયુક્ત હોય ત્યાં અરિહંત શબ્દથી કેળવી અર્થ સમજી શકીએ છે. આ પ્રકારે લોગસ્સ અને નમોત્થુણંના પાઠમાં પણ અરિહંત અથવા જિન શબ્દથી શાસ્ત્રકારે તીર્થંકર જ લીધા છે.

માટે જ્યાં ક્યારે પણ અરિહંત શબ્દ કેવળ તીર્થંકરની અપેક્ષા છે, ત્યાં કેવળીનો અર્થ કરવો અસત્ય આગ્રહ છે. એવું સમજીને છોડી દેવું જોઈએ. તદનુસાર પાંચ પદની ભાવ વંદનાના પ્રથમ પદમાં સામાન્ય કેવળીને ન બોલીને પાંચમા પદમાં બોલી લેવું અને સમજવું તે જ સત્ય ગ્રહણ છે. આશા કરીએ છીએ કે જિજ્ઞાસુ જ્ઞાની સરલ આત્મા સત્ય તત્વ સમજીને હૃદયંગમ કરે એ જ અપેક્ષાથી આ નિબંધ વિચારણા પ્રસ્તુત કરી છે.

## નિબંધ–૧૪

# સમાધિમરણ - સંલેખના સંથારા

સમાધિમરણ સાધનામય જીવનની ચરમ અને પરમ પરિણતિ છે. સાધનાના ભવ્ય મહેલ પર તે સ્વર્ણકળશ આરોપિત કરવા સમાન છે. જીવન પર્યન્ત આન્તરિક શત્રુઓની સાથે કરેલા સંગ્રામમાં અંતિમ રૂપથી વિજય પ્રાપ્ત કરવાનો મહાન અભિયાન છે. આ અભિયાનના સમય વીર સાધક મૃત્યુના ભયથી સર્વથા મુક્ત થઈ જાય.

**संसारासक्तचित्तानां, मृत्युर्भीत्ये भवेन्नृणाम ।**
**मोदायते पुनः सोपि, ज्ञान वैराग्यवासिनाम् ॥**

જેમનુ મન સંસારમાંને સંસારમાં રાગરંગમાં રંગાયેલું હોય છે તેને જ મૃત્યુ ભયંકર લાગે છે પરંતુ જેની અન્તરાત્મા સમ્યક્જ્ઞાન અને વેરાગ્યથી વાસિત હોય છે, તેના માટે મૃત્યુ આનંદનું કારણ બની જાય છે. સાધકની વિચારણા તો વિલક્ષણ પ્રકારની હોય છે. તે વિચાર કરે છે.

**कृमिजालशताकीर्णे, जर्जरे देहपंजरे ।**
**भिद्यमाने न भेतव्यं, यतस्त्वं ज्ञानविग्रहः ॥**

સેંકડો કીડોના સમૂહોથી વ્યાપ્ત શરીર રૂપી પીંજરાનો નાશ થાય છે તો ભલે થતો એના વિનાશથી મારે ભયભીત થવાની શું આવશ્યકતા છે. તેનાથી મારું શું બગડે છે. આ જડ શરીર મારું નથી. મારું અસલી શરીર જ્ઞાન છે. હું

જ્ઞાનવિગ્રહ છું તે મારાથી ક્યારે ય જુદું થઈ શકતું નથી. સમાધિમરણના સમયે થનારી સાધકની ભાવનાને વ્યક્ત કરવા માટે કહ્યું છે –

**एगोहं नत्थि मे कोई, नाहमन्नस्स कस्सइ ।**
**एवमदीणमणसो, अप्पाणमणुसासइ ॥**
**एगो मे सासओ अप्पा, नाणदंसणसंजुओ**
**सेसा मे बाहिरा भावा, सव्वे संजोगलक्खणा ॥**
**संजोगमूला जीवेण, पत्ता दुक्खपरम्परा ।**
**तम्हा संजोगसंबंध, सव्वं तिविहेण वोसिरिअं ॥**

હું એકાકી છું મારા સિવાય મારું કોઈ નથી. હું પણ કોઈ અન્યનું નથી. આ પ્રકારના વિચારથી પ્રેરિત થઈને દીનતાનો પરિત્યાગ કરી પોતાના આત્માને અનુશાસિત કરે. એ પણ વિચારે કે જ્ઞાન અને દર્શનમય એક માત્ર શાશ્વત આત્મા જ મારો છે. તેના સિવાય સંસારના સમસ્ત પદાર્થ મારાથી ભિન્ન છે. સંયોગથી પ્રાપ્ત થયેલા છે અને બ્રાહ્ય પદાર્થોના આ સંયોગના કારણે જીવને દુઃખની પરંપરા પ્રાપ્ત થાય છે. અનાદિકાળથી એક પછી બીજું અને બીજા પછી ત્રીજું એ દુઃખ ઉપસ્થિત થાય છે. તો તેનું મૂળ કારણ પર પદાર્થોની સાથે આત્માનો સંયોગ છે. હવે આ પરંપરાનો અંત કરવા માટે હું મન, વચન, કાયાથી આ સંયોગનો ત્યાગ કરું છું.

**સંથારો ક્યારે આવશ્યક :–** ઉપરોક્ત પ્રકારની આન્તરિક પ્રેરણાથી પ્રેરિત થઈને સાધક સમાધિમરણ અંગીકાર કરે છે. પરંતુ માનવ જીવન અત્યંત દુર્લભ છે. આગમમાં ચાર દુર્લભ ઉપલબ્ધિઓ કહી છે. માનવ જીવન તેમાં પરિગણિત છે. દેવો પણ આ જીવનની કામના કરે છે. માટે નિષ્કારણ જ્યારે મનમાં ઉમંગ ઉઠે ત્યારે તેમનો અંત કરી શકાય નહિ. સંયમશીલ સાધક મનુષ્ય શરીરના માધ્યમથી આત્મહિત સિદ્ધ કરે છે અને તે જ ઉદ્દેશથી તેનું સંરક્ષણ પણ કરે છે. પરંતુ જ્યારે એવી સ્થિતિ ઉત્પન્ન થઈ જાય કે જે ધ્યેયની પૂર્તિ માટે શરીરનું સંરક્ષણ કરવામાં આવે છે. તે ધ્યેયની પૂર્તિમાં આ બાધક બની જાય ત્યારે તેનો પરિત્યાગ કરી દેવો એ શ્રેયકર થાય છે અથવા પ્રાણાન્તકારી કોઈ ઉપસર્ગ આવી જાય, દુર્ભિક્ષતાના કારણે જીવનનો અંત સમીપે જણાય, વૃદ્ધાવસ્થા અથવા અસાધ્ય રોગ ઉત્પન્ન થાય તો તે અવસ્થામાં હાય–હાય કરતાં આર્તધ્યાનને વશીભૂત થઈને પ્રાણ છોડવાની અપેક્ષા સમાધિપૂર્વક સ્વેચ્છાથી શરીરનો ત્યાગ





કરવો ઉચિત થઈ જાય છે. શરીર આપણને ત્યાગે તેની અપેક્ષા એ જ શ્રેષ્ઠ છે કે આપણે સ્વયં શરીરનો ત્યાગ કરીએ. એમ કરવાથી પૂર્ણ શાન્તિ અને સમભાવ રહે છે.

સમાધિમરણ અંગીકાર કરવાની પૂર્વે સાધકને જો અવસર મળે તો તેના માટે તૈયારી કરી લે છે. તે તૈયારી સંલેખનાના રૂપમાં હોય છે. કાયા અને કષાયોની કસરત કરવી સંલેખના છે. ક્યારે ક્યારે આ તૈયારી બાર વર્ષ પહેલાથી પ્રારંભ થઈ જાય છે. આવી સ્થિતિમાં સમાધિમરણને આત્મઘાત સમજવાનો વિચાર નાસમઝી છે. પરાઘાતની માફક આત્મઘાત પણ જિનાગમ અનુસાર ઘોર પાપ છે, નરકનું કારણ છે. આત્મઘાત કષાયના તીવ્ર આવેશમાં કરવામાં આવે છે, જ્યારે સમાધિમરણ તો કષાયોની ઉપશાંતિ અને ઉચ્ચકોટીના સમભાવની અવસ્થા તેમજ આત્મ સાધના–મોક્ષ આરાધના માટે કરાય છે.

સમાધિમરણ અનશનના ત્રણ પ્રકાર છે (૧) ભક્તપ્રત્યાખ્યાન (૨) ઈંગિતમરણ અને (૩) પાદપોપગમન. જે સમાધિમરણમાં સાધક સ્વયં શરીરની કંઈક આવશ્યક સાર સંભાળ કરે છે અને બીજાની પણ સેવાનો સ્વીકાર કરી શકે છે. તે ભક્તપ્રત્યાખ્યાન કહેવાય છે. ઈંગિતમરણની સાધના સ્વીકાર કરવાવાળા સ્વયં તો શરીરની આવશ્યક સેવા પરિચર્યા કરે છે. પરંતુ કોઈ અન્યની સહાયતા અંગીકાર કરતા નથી. ભક્તપ્રત્યાખ્યાનની અપેક્ષા એમાં અધિક સાહસ અને ધૈર્યની આવશ્યકતા હોય છે. પરંતુ પાદપોપગમન સમાધિમરણ તો સાધકની ચરમ સીમાની કસોટી છે. તેમાં શરીરની સાર સંભાળ ન સ્વયં કરે, ન અન્ય દ્વારા કરાય. એને અંગીકાર કરવાવાળા સાધક સમસ્ત શરીર ચેષ્ટાઓનો પરિત્યાગ કરી પાદપ(વૃક્ષ)ની કાપેલી શાખા સમાન નિશ્ચેષ્ટ, નિશ્ચલ થઈ જાય છે. અત્યંત ધૈર્યશીલ, સહનશીલ અને સાહસી સાધક જ આ સમાધિમરણનો સ્વીકાર કરે છે.

**સાર :–** આત્મઘાત કષાયોના ઉદ્વેગથી થાય છે અથવા આર્ત રૌદ્ર ધ્યાનથી થાય છે. જ્યારે સંલેખના સંથારો તો પરમ શાંતરસમાં અને ધર્મધ્યાનના પરિણામોમાં હોય છે. આ બંન્નેમાં મુખ્ય અંતર છે.

**મૃત્યુ સમયની ઓળખ :–**

**अति गाज नहीं अति वीज नहीं, मूत्र न खंडे धार ।**
**कर तो दीशे स्तंभसा हंसा चालन हार ॥**

આત્મઘાત જીવની કષાય અવસ્થાનું પરિણામ છે. સંથારો કરવો જ્ઞાન અને વૈરાગ્યમય આત્માની સર્વોચ્ચ સમભાવ તથા સમાધિમય અવસ્થા છે.

## નિબંધ–૧૫

# મૂર્ખતા ભરેલી કહેવતોમાં સંશોધન

**પોતાની ઝૂંપડીમાં આગ લગાડવી :–** કોઈ પણ શ્રમણ અથવા શ્રમણી સમાજ હિત ભાવનાથી અથવા શ્રાવક સમુદાયની આવશ્યકતાથી ક્યારેક કિંચિત્ સંયમમાં અપવાદરૂપ દોષનું સેવન કરે તો ઉતાવળા અને નામધારી જ્ઞાની કહે છે કે, ''આ તો ઘરની ઝૂંપડીમાં આગ લગાવી બીજાના તાપ માટે, ઠંડી ઉડાડવા સમાન મૂર્ખતા છે.'' પરંતુ આ પ્રકારની ઉક્તિ લગાવી અવિવેકપૂર્ણ છે, જ્ઞાનનું અજીર્ણ છે.

કેમકે સંયમમાં કિંચિત્ એક દેશ રૂપ દોષ લગાવી મહાન સંઘનું જિન શાસનનું હિત કરવું તેની સરખામણીમાં સંપૂર્ણ ઝૂંપડીને બાળીને માત્ર તાપવો કરવો, એ આવી શકે તેમ નહીં. એમાં તો આકાશ પાતાળનું અંતર છે તથાપિ ઘેટાના ચાલથી(ગાડરિયા પ્રવાહથી) આવી કહેવત કહેવાય છે.

આ કહેવત તો ત્યારે લાગુ પડે છે, જ્યારે કોઈ સાધુ નાની વાત માટે કોઈ અલ્પતમ ઉદ્દેશ્યને પૂર્ણ કરવા માટે સંયમ છોડી ગૃહસ્થ બની જાય છે. હંમેશને માટે સંપૂર્ણ સંયમને નષ્ટ કરે છે. જેમ કે ઝૂંપડી હંમેશને માટે નષ્ટ થઈ જાય છે.

પરંતુ વિવેકપૂર્વક અથવા ગુરુ આજ્ઞાપૂર્વક અપવાદ સ્વરૂપ, સંઘ શાસન હિત માટે અલ્પતમ દોષ લગાવી અને પ્રાયશ્ચિત્ત કરી શુદ્ધિ કરવાની ભાવનાવાળાને પોતાની ઝૂંપડી બાળવાની ઉપમાથી લાંછિત કરવું વ્યક્તિગત હોંશિયારી અથવા ખોટી માનસ વૃત્તિ છે.

વાસ્તવમાં તો ઉક્ત સંઘહિત માટે વિવેકયુક્ત દોષ સેવન કરવું બીજા માટે પોતાનો સંચિત અને જીવનને આવશ્યક પદાર્થ શરીરનું અડધો કિલો લોહી અત્યાવશ્યક પરિસ્થિતિમાં દેવાના સમાન છે. જેમાં નબળાઈ આવી શકે છે અને તેની પુનઃ પૂર્તિ ન કરે અને વારંવાર લોહી આપતો રહે. અનાવશ્યક પરિસ્થિતિમાં લોહી નીકળતું રહે. આપતો રહે તો તે અવિવેકી વૃતિવાળો થાય અને તે નિરર્થક (નાહક)શરીરનો નાશ કરી બેસશે. આ જ રીતે જે વિશેષ પરિસ્થિતિમાં દોષ લગાવી પુનઃ શુદ્ધિ કરે અને તેના સિવાય સંયમ તપમાં લીન રહે તો તે વિવેક કહેવાય. પરંતુ જે વારંવાર દોષ લગાવે અથવા અત્યંત ગાઢ–અપવાદ પરિસ્થિતિ





વગર દોષ લગાડતો રહે અથવા શુદ્ધિ ન કરે, ખેદ ન કરે, વિવેક અને શુદ્ધિ કરવાના ભાવ રાખે નહીં, તો તેનો પણ સંયમ જીવન નષ્ટ થાતાં વાર લાગતી નથી. એટલે કે એવું કરનારનું સંયમ જીવન ક્રમશઃ નષ્ટ થઈ જાય છે.

સાર આ છે કે તલ અને તાડને એક સરખો કરવાની વૃત્તિથી કોઈ પણ ઉક્તિથી લાંછિત કરવું ખોટું છે અને તે પોતાના આત્માને ભારી કરે છે. માટે ઉપરોક્ત ન્યાય અને દ્રષ્ટાંતને સમજી વિવેકપૂર્વક ચિંતન તેમજ પ્રરૂપણ કરવું જોઈએ.

**કુંભારવાળું મિચ્છામિ દુક્કડમ્** કોઈ શ્રમણ પરિસ્થિતવશ, સંઘ હિત અથવા શાસન હિતમાં એક વાર અથવા અનેક વાર કિંચિત્ દોષ લગાવીને પ્રાયશ્ચિત લે તો તેને કહેવું કે ''આ તો **કુંભારવાળું મિચ્છામિ દુક્કડમ્** છે. આમાં કાંઈ લાભ નથી.'' તો આ પણ ઉતાવળો અસત્યાક્ષેપ માત્ર છે. કેમ કે કુંભારના દ્રષ્ટાંતવાળું મિચ્છામિદુક્કડમ્ અને તેની પ્રવૃત્તિ તો કુતૂહલ અને મૂર્ખતા ભરેલ છે અને નિરર્થક તથા નિષ્પ્રયોજન વૃત્તિ છે. તેમજ તેના મિચ્છામિ દુક્કડંમાં ખેદ, પશ્ચતાપ, પ્રાયશ્ચિત્તનો કોઈ ભાવ હોતો નથી. કેવળ મજાક કરવું માત્ર તેનું ધ્યેય હોય છે. એવા જઘન્ય કૃત્ય કરનારા અને વિવેક યુક્ત પ્રાયશ્ચિત્ત કરીને પુનઃ આવશ્યક થતાં તે કૃત્યનું વિવેકપૂર્વક સેવન કરી પ્રાયશ્ચિત્ત લેનારામાં આકાશ પાતાળનું અંતર છે. તેને એક કરી દેવું તે અજ્ઞાનવૃત્તિ છે.

જ્યારે પોતાના શરીર માટે સાધુ એક વર્ષમાં અનેકો વાર દોષ લગાડે, અનેકો વાર ઓપરેશન કરાવે અને વારંવાર પ્રાયશ્ચિત્ત લે, થોડા દિવસ પછી શારીરિક પરિસ્થિતિમાં ફરીથી કોઈ દોષ લગાડે અને પ્રાયશ્ચિત્ત લે, તોપણ તેને પોતાના માન્ય ગચ્છ ગુરુના હોવાથી કુંભારવાળું મિચ્છામિ દુક્કડં કહેવાય નહીં, સમજાય નહીં. પરંતુ પોતાને માન્ય ગચ્છ ગુરુથી ભિન્ન શ્રમણની તેનાથી પણ અલ્પતમ દોષની પ્રવૃત્તિ હોય તો કુંભારવાળા મિચ્છામિ દુક્કડમ્ કહેવામાં આનંદ આવે છે. આ એક કષાયજન્ય વૃત્તિ છે, વિષમભાવ જન્ય પ્રવૃતિ છે.

ખરેખર દરેક વ્યક્તિની પોતાની અપવાદિક પરિસ્થિતિ જુદી-જુદી હોય છે. શરીર સિવાય પણ અન્ય અનેક આપવાદિક પરિસ્થિતિ હોય છે. તે સમયે ગીતાર્થની નિશ્રાથી અથવા સ્વયં ગીતાર્થ દ્વારા નિર્ણય કરીને દોષ સેવન કરવું અપવાદ માર્ગ જ કહેવાય છે. પરિસ્થિતિવશ એક વાર અથવા અનેક વાર પણ દોષ સેવન હોય તો તેની પણ શુદ્ધિ થાય છે, તેમ વ્યવહાર સૂત્ર ઉદ્દે૦–૧માં તથા

નિશીથ સૂત્ર ઉદ્દે૦–૨૦માં કહ્યું છે. તો પણ કોઈ પોતાના મનની કલ્પનાથી અનેક વાર દોષ સેવન કરનારને એકાંત દ્રષ્ટિથી ''કુંભારવાળું મિચ્છામિ દુક્કડમ્'' એવું કહે તે તેની મૂર્ખતા છે અને આગમ નિરપેક્ષ ખોટી પ્રરૂપણા છે. તેને તો વ્યવહાર સૂત્ર ઉદ્દે૦–૧ સૂત્ર ૧ થી ૧૮ તથા નિશીથ સૂત્ર ઉદ્દે૦–૨૦ સૂત્ર ૧ થી ૧૮નું તથા સંપૂર્ણ વીશમાં ઉદ્દેશકને વિદ્વાન વાચના પ્રમુખથી સમજવાનું પ્રયત્ન કરવો જોઈએ. ત્યારે સમજાશે કે કેટલીય વાર દોષ સેવનની શુદ્ધિ આલોચના, પ્રાયશ્ચિત્ત અને આરોપણા આદિ હોય છે.

એવા સ્યાદ્વાદમય જિનશાસનમાં મન કલ્પિત એકાંતિક પ્રરૂપણા કરવી અને ઘેટાની ચાલથી(ગાડરિયા પ્રવાહથી) ખોટી ઉક્તિઓ દ્વારા કોઈને આક્ષેપિત કરવું સર્વથા અનુચિત હોય છે. એવી હોશિયારીની વૃત્તિને સરલતા તથા સમભાવ ધારણ કરીને પરિવર્તન કરવું એ જ શ્રેયષ્કર છે. એવું કરવાથી સ્વયંના ઉત્કર્ષ અને અન્યના અપકર્ષની વૃત્તિથી કર્મબંધ અટકાશે અને આત્માનું હિત થશે.

સુજ્ઞ પાઠકોએ આવું બધું સમજીને હવે પછી ક્યારે ય વિચાર્યા વગર એવી ખોટી ચાલતી ઉક્તિઓ લગાવીને પોતાના આત્માનું અહિત નહીં કરવું જોઈએ અને બીજાને પણ નિરર્થક અપમાનિત ન કરવો જોઈએ.

## નિબંધ–૧૬

# ઉદક-પેઢાલપુત્ર તથા ગૌતમસ્વામીની ચર્ચા

**પ્રશ્ન : ઉદક મુનિએ ગૌતમ સ્વામીની સ્વીકૃતિ મળવાથી કયો પ્રશ્ન કર્યો ?**

**ઉત્તર–** ઉદક મુનિનો પ્રશ્ન તાત્વિક ઉલજન યુક્ત અથવા ભંગ જાલવાળો ન હતો પરંતુ સીધો સરળ અને શ્રાવક જીવનથી સંબધિત હતો. સામાન્ય પ્રશ્ન હોવા છતાં શીઘ્ર સમાધાન ન મળવાથી અને ઉદય કર્મ સંયોગથી તે જટિલ બની જાય છે. તેમજ ક્રમશઃ એકપક્ષીય ચિંતનથી આગ્રહ ભરેલો થઈ જાય છે.

શ્રાવકની સ્થૂળ હિંસાના ત્યાગવાળા વ્રતમાં નિરપરાધી ત્રસ જીવોની હિંસાનો ત્યાગ હોય છે. ઉદકમુનિનું ચિંતન એવું હતું કે ત્રસ જીવની હિંસાના ત્યાગથી વર્તમાનમાં ત્રસ પર્યાયમાં રહેલા બધા જીવોને મારવાના પ્રત્યાખ્યાન થાય છે પછી ભલે તે જીવ સ્થાવરકાયમાં પણ જાય તો પણ એ શ્રાવક તે જીવોની હિંસા કરી શકતા નથી અને એકેન્દ્રિય રૂપ ત્રસ જીવની જો એ શ્રાવકથી હિંસા થાય તો તેના તે પ્રત્યાખ્યાનનો ભંગ થાય છે. માટે માત્ર ત્રસ જીવોની હિંસાનો





ત્યાગ એવું ન બોલતા ત્રસભૂત(ત્રસ અવસ્થામાં રહે તે) જીવોની હિંસાનો ત્યાગ એવું બોલીને પ્રત્યાખ્યાન કરવા–કરાવવા જોઈએ.

**સમાધાન :–** શ્રી ગૌતમ સ્વામીએ ઉદકમુનિની ઉલજનને સમજી લીધી અને તેને સમજાવવા લાગ્યા કે પ્રત્યાખ્યાનની પાછળનો આશય જે હોય છે તે જ તે શબ્દથી પ્રત્યાખ્યાન હોય છે માટે ત્રસ જીવોની હિંસાનો ત્યાગ કરવાવાળા મુનિનો અને શ્રાવકનો આશય ત્રસનામ કર્મવાળા જીવોથી જ છે. જ્યારે તે જીવોને ત્રસનામ કર્મનો ઉદય નથી, સ્થાવર નામ કર્મનો ઉદય છે, ત્યારે તેની હિંસાનો ત્યાગ નહીં રહેવાથી તે સ્થાવર જીવોની હિંસાથી શ્રાવકનો વ્રત ભંગ થાય નહીં અને વ્રત ધારણ કરાવનાર પણ દુષ્પ્રત્યાખ્યાન કરાવવાનો ભાગીદાર બને નહીં. આ વાતને જ સ્પષ્ટ કરતા ગૌતમ સ્વામીએ દ્રષ્ટાંતની સાથે સમજાવ્યું કે કોઈ વ્યક્તિને મુનિ, શ્રમણ, સંન્યાસીની હિંસા કરવાનો ત્યાગ છે, જો એ સમય કોઈ એક મુનિ સંયમનો ત્યાગ કરી પુનઃ ગૃહસ્થ બની જાય ત્યારે તેની હિંસાનો ત્યાગ તે વ્યક્તિને નહીં રહે અને જો તે ગૃહસ્થ પુનઃ દીક્ષા ગ્રહણ કરે તો ફરીથી તે વ્યક્તિ પોતાના પ્રત્યાખ્યાન અનુસાર તેની હિંસા કરી શકે નહીં. આ પ્રત્યાખ્યાનમાં મુનિભૂત એવું બોલ્યા વિના પણ આશય સ્પષ્ટ થઈ જાય છે. ત્રસની સાથે ભૂત શબ્દ ન બોલવાથી પણ ત્રસનામ કર્મવાળા તેમજ ત્રસ પર્યાયમાં સ્થિત જે જીવો છે તેમની હિંસાનો ત્યાગ થાય છે. તેથી દુષ્પ્રત્યાખ્યાન હોવાનું કોઈ કારણ નથી.

**પ્રશ્ન : ઉદકમુનિના બીજા ક્યા પ્રશ્નો હતા ?**

**જવાબ–** પોતાની ઉલજન યુક્ત અવસ્થામાં તેમનો એ પણ તર્ક હતો કે ત્રસમાં રહેલા જીવ બધા સ્થાવરકાયમાં ચાલ્યા જાય તો શ્રાવક વ્રત રહિત થઈ જશે ?

**સમાધાન :** ગૌતમસ્વામીએ સમજાવ્યું કે શ્રાવકના વ્રતોમાં ક્ષેત્રની સીમા હોય છે. તેની બહાર ત્રસ સ્થાવર બધા જીવોની હિંસાનો ત્યાગ હોય છે અને સીમાની અંદર પણ સ્થાવર જીવોની હિંસાની મર્યાદા હોય છે. માટે શ્રાવક હિંસાના ત્યાગ રહિત ક્યારે પણ નહીં બને. શ્રાવકની ઉંમર સંખ્યાતા વર્ષની હોય છે. આટલી ઉંમરમાં સમસ્ત ત્રસજીવ સ્થાવર બની જાય એ પણ સંભવ નથી.

આ પ્રકારે પ્રથમ સમાધાનમાં સમજાવ્યું છે કે ત્રસજીવોની હિંસાનો ત્યાગ કરવો દુષ્યપ્રત્યાખ્યાન નથી અને ત્રસની સાથે **ભૂત** શબ્દ લગાડવો આવશ્યક નથી તથા યોગ્ય પણ નથી અને બીજા સમાધાનમાં સમજાવ્યું છે કે બાર વ્રતધારી

શ્રાવકને વિવિધ પ્રકારની હિંસાનો જે ત્યાગ હોય છે તેમાં ત્યાગ વધારે છે અને આગાર ઓછા છે. દિશાવ્રત અને દેશાવગાસિક વ્રતની અપેક્ષા.

**પ્રશ્ન : શું ત્રસ જીવોની હિંસાનો ત્યાગ કરાવવામાં અને સ્થાવર જીવોની છૂટ રાખવામાં સાધુને તે જીવોની હિંસાની અનુમોદના લાગે છે ?**

**જવાબ–** ઉદયમુનિના આ પ્રશ્નના સમાધાનમાં મૂળપાઠમાં પ્રયુક્ત ગાથાપતિ ચોર વિમોક્ષણ ન્યાયનો અર્થ વિશ્લેષણ વ્યાખ્યાકારે કથાનક દ્વારા સમજાવ્યું છે કે કોઈ ગાથાપતિના છ પુત્રો માટે કોઈ અપરાધમાં રાજાએ ફાંસીની સજા ઘોષિત કરી ત્યારે ગાથાપતિએ સ્વયં ઉપસ્થિત થઈને રાજાને અત્યધિક અનુનય વિનય કરી. રાજા ન માન્યા, તોપણ તેને પોતાનો પ્રયત્ન ચાલુ રાખ્યો. અંતમાં રાજાએ એક પુત્રને છોડી દેવાની અનુજ્ઞા આપી. શેઠે પોતાના જયેષ્ઠ પુત્રને બચાવી લીધો. તોપણ શેઠ જેમ પાંચ પુત્રોની હિંસાના અનુમોદક ન કહેવાય. તેવી જ પરિસ્થિતિમાં શ્રાવકો સ્થૂળ હિંસાનો ત્યાગ કરે ત્યારે અવશેષ હિંસાના પ્રેરક અથવા અનુમોદક તે શ્રમણ બનતા નથી. શ્રાવક પોતાની શક્તિ અનુસાર વધારે ને વધારે હિંસાનો ત્યાગ કરે તે ભાવ શ્રમણોના હોય છે. માટે શ્રમણ એવા પ્રત્યાખ્યાન કરાવવાથી પણ પોતાની શ્રમણ મર્યાદાથી ચ્યુત થતા નથી.

### ગૌતમસ્વામીની ઉદારતા અને પરિશ્રમનું પરિણામ :–

**ઉત્તર–** ઉદક મુનિની બધી સમસ્યા હલ થઈ ગઈ. તેને સમજાય ગયું કે જે પ્રત્યાખ્યાન કરવાની પદ્ધતિ છે તે ખોટી નથી. ત્રસભૂત લગાડવું જરૂરી નથી અને શ્રાવક કે ગૃહસ્થ જીવનની પરિસ્થિતિ અનુસાર મુનિ તેને શક્ય પ્રત્યાખ્યાન આગાર સહિત કરાવી શકે છે. સમાધાન થઈ જવા પર ઉદકમુનિએ ગૌતમસ્વામીને શ્રધ્ધાપૂર્વક વંદન વ્યવહાર કર્યો અને ભગવાન મહાવીરના શાસનમાં પુનઃ દીક્ષિત થવાના ભાવ વ્યક્ત કર્યા. ત્યારે ગૌતમસ્વામી તે ગૃહ(ઘરમાં) થી નિકળીને ઉદક મુનિને સાથે લઈને બગીચામાં ભગવાનની સેવામાં પહોંચી ગયા. પછી ભગવાન મહાવીરની સેવામાં ઉદકમુનિ ચાતુર્યામ ધર્મથી પાંચ મહાવ્રત રૂપ ધર્મ સ્વીકારી અને ક્રમશઃ આત્મકલ્યાણની સાધનમાં લીન બની ગયા. પછી ઉદકમુનિની ગતિનું વર્ણન પ્રાપ્ત થતું નથી. શક્યતા મોક્ષ ગતિની લાગે છે.**(સૂયગડાંગ સૂત્રના બીજા શ્રુતસ્કંધના અંતિમ(સાતમા) અધ્યયનમાં આ સંવાદ આવ્યો છે.)**





## નિબંધ–૧૭

# શ્રણિક પુત્ર મેઘકુમારના પાંચ ભવ

ભગવાને મઘમુનિને તેના પૂર્વ બે ભવોનું વિવરણ સંભળાવ્યું. અહીંથી ત્રીજા ભવ માં હે મેઘ ! તું હજાર હાથી-હાથણીઓનો અધિપતિ સુમેરુપ્રભ નામનો હાથી હતો. એક સમય વનમાં દાવાનલ પ્રગટ્યો. અગ્નિથી બચવા માટે બધાજ પ્રાણી પોતાના પ્રાણ બચાવવા અહીં થી તહીં ભાગવા લાગ્યા. તું પણ પોતાના જૂથથી અલગ થઈ ગયો. એકલો એક સરોવરમાં પહોંચ્યો. પાણી પીવાની આશામાં ઉતર્યો. કીચડમાં ફસાઈ ગયો. પાણી સુધી પહોંચી ન શક્યો. વૃધ્ધ જર્જરિત ૧૨૦ વર્ષની તારી કાયા હતી. પ્રયત્ન કરવા છતાં પુનઃ બહાર નીકળી ન શકયો પરંતુ વધારે ને વધારે કીચડમાં ફસાઈ ગયો. તે સમયે એક જવાન હાથી પાણી પીવા ત્યાં આવ્યો જેને તે તારા જૂથ માંથી બળપૂર્વક કાઢી નાખ્યો હતો. તેને જોઈને પૂર્વનો વૈર યાદ કર્યો. તીક્ષ્ણ દાંતોથી તારા ઉપર ત્રણવાર પ્રહાર કર્યો પછી પાણી પીને ચાલ્યો ગયો. તે પ્રહાર થી તને પ્રચંડ વેદના થઈ જેથી સાત દિવસ-રાત સહન કરતાં તું મરી ગયો. પુનઃ જંગલમાં મેરુપ્રભ હાથી બન્યો.

આ વખતે તું સાતસો હાથીઓનો અધિપતિ બન્યો અને સુખપૂર્વક રહેવા લાગ્યો. એક વાર જંગલમાં દાવાનળ પ્રગટયો. જેને જોઈને વિચાર કરતાં-કરતાં તને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. તેનાથી તું પૂર્વભવને સ્પષ્ટ જોવા લાગ્યો. વારંવાર થવાવાળા આ દાવનળથી બચવાના ઉપાય શોધીને તે અન્ય સાથીઓના સહયોગથી એક યોજન પ્રમાણ ગોલાકાર ક્ષેત્રને સાફ કરીને વૃક્ષો રહિત મેદાન બનાવ્યું. દાવાનળના સમયે જંગલના પશુ આ મેદાનમાં આવીને નિર્ભય અને સુરક્ષિત રહી શકે. કોઈક સમયે ફરીથી દાવાનળ પ્રગટયો. બધા પ્રાણી સુરક્ષિત આ મેદાન માં પહોંચી ગયા. હે મેઘ ! તું પણ આ મેદાન માં પહોંચી સ્થાન પ્રાપ્ત કરી ઉભો રહ્યો. મેદાન ખચાખચ ભરાય ગયું. ધક્કા-ધક્કી થઈ રહી હતી. તેં ખંજવાળવા પગ ઉપર ઉઠાવ્યો. તે સમયે ધક્કા ખાતા-ખાતા એક સસલું તારા પગની જગ્યાએ આવી ને બેસી ગયું. તું ફરીથી પગ રાખવા ગયો ત્યાં સસલાને જોઈને તેની અનુકંપા માટે તેં પગ અધ્ધર રાખ્યો. ર-૩ દિવસ પછી દાવાનળ શાંત થયો. બધા પશુ-પક્ષી ત્યાંથી નીકળી ગયા. તેં પણ ચાલવા માટે પગ નીચે રાખવાનો પ્રયત્ન કર્યો પરંતુ પગ ત્રણ દિવસથી જકડાય જવાથી હે મેઘ ! તું

ધડામ કરતાં પછડાયો. ત્યારે તારા શરીરમાં ઘોર વેદના ઉત્પન્ન થઈ. ત્રણ દિવસ આ વેદનાને વેદતા તું ૧૦૦ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરીને શ્રેણિક રાજાની ધારિણી રાણીની કુક્ષીમાં પુત્ર રૂપે ઉત્પન્ન થયો.

હે મેઘ ! પશુયોનિમાં એક નાના પ્રાણી માટે તે કેવું કષ્ટ ત્રણ દિવસ સહન કર્યું અને પૂર્વ ભવમાં શત્રુ હાથીના પ્રહારને તેમજ તેનાથી થતી મહાવેદનાને સાત દિવસ સુધી સહન કરી. એવી જ રીતે ભવોભવમાં જીવ અનાદિથી મહાદુઃખોને ભોગવે છે. હવે માનવ ભવ પામીને તું યુવાવસ્થામાં સ્વસ્થ સમર્થ શરીર પામીને સર્વ દુઃખથી મુક્ત કરનારી સયંમ યાત્રામાં થોડાક કષ્ટોને સમ્યક સહન ન કરી શક્યો. આમ પૂર્વભવની ઘટનાને ભગવાનના મુખે સાંભળીને મેઘમુનિને શુભ પરિણામોથી, પ્રશસ્ત અધ્યવસાયોથી અને લેશ્યાઓની વિશુધ્ધિથી જાતિ સ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. તે પોતે પ્રત્યક્ષ પોતાના જ્ઞાનથી ભગવાનના મુખેથી સાંભળ્યું તેવાજ પોતાના પૂર્વભવોને જોવા અને જાણવા લાગ્યા. આ પ્રકારે ભગવાન દ્વારા પૂર્વભવ સ્મરણ કરાવવાથી તેનો વૈરાગ્ય પુનઃ અનેક ગણો વધી ગયો. તે સયંમ ભાવોમાં સ્થિર થયા. આનંદાશ્રુઓ યુક્ત થઈને ભગવાન ને વંદન નમસ્કાર કરી પુનઃ દીક્ષા પ્રદાન કરવાની વિનંતી કરી અને હંમેશને માટે બે આંખની રક્ષાના અતિરિક્ત સંપૂર્ણ શરીર સંયમ અને સંયમીઓની સેવામાં ન્યોછાવર કર્યું. આ પ્રકારે ભગવાને મેઘમુનિને સહજ સંયમ ભાવોમાં પુનઃ સ્થિર કરી દીધો.

મેઘમુનિ એ ક્રમશઃ અગ્યાર અંગોનો અભ્યાસ કર્યો. ઉપવાસ વગેરે માસખમણ સુધી તપથી આત્માને ભાવિત કરતાં સયંમમા વિચરવા લાગ્યા. યથાસમયે તેમણે ભિક્ષુની ૧૧ પડિમાઓની આરાધના કરી. ગુણરત્ન સંવત્સર તપ પણ કર્યુ. વિવિધ તપ, માસખમણ સુધી કરતા રહ્યા. અંતમાં સ્કંધકની જેમ શરીર હાડપિંજર થતાં રાજગૃહીની બહાર વિપુલ પર્વત પર પાદપોપગમન સંથારો કર્યો. પર્વત પર ચઢવાનું અને સંથારા વિધિનું વર્ણન સ્કંધકની સમાન સમજવું. એક મહિનાનો સંથારો, ૧૨ વર્ષની કુલ દીક્ષાપર્યાયથી આયુષ્ય પૂર્ણ કરી વિજય નામના અનુત્તર વિમાનમાં ૩૨ સાગરોપમની સ્થિતિમાં ઉત્પન થયા. ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં માનવભવ પ્રાપ્ત કરી તપ સંયમની આરાધના કરી મુક્તિ પ્રાપ્ત કરશે.





## નિબંધ-૧૮

# મેઘકુમારના અધ્યયનથી પ્રાપ્ત શિક્ષા તત્વ

**(૧)** જીવે અનેક ભવોમાં વિવિધ વેદનાઓ સહન કરી છે. માટે આ માનવ ભવ પામી ધર્મ સાધનામાં ઉત્પન થતાં કષ્ટોમાં કયારેય પણ ગભરાવું નહિ.

**(૨)** પશુ અથવા મનુષ્ય કોઈને પણ પોતાના પૂર્વ જન્મોનું સ્મરણ થઈ શકે છે.

**(૩)** પુનર્જન્મ અને કર્મ સિધ્ધાંતની સમ્યક્ શ્રધ્ધા રાખવી જોઇએ.

**(૪)** દુઃખની ઘડિઓ માં પણ વિવેકપૂર્વક આવશ્યક કર્તવ્યો ચૂકવા જોઇએ નહીં. જેમકે મેઘમુનિ સંયમમાં અસ્થિરચિત્ત થવાથી અચાનક કોઈ પ્રવૃતિ ન કરતાં, ભગવાનની સેવામાં વિનયપૂર્વક નિવેદન કરવા ત્યાં પહોંચી ગયા.

**(૫)** કોઈને પણ માર્ગ ચૂકી જવા પર યોગ્ય ઉપાયો બતાવી કુશળતાપૂર્વક પુનઃ સદ્ગુણોમાં તત્પર બનાવવાનો પ્રયત્ન કરવો જાઇએ પરંતુ નિંદા, અવહેલના, તિરસ્કાર વગેરે નિંદનીય પ્રવૃત્તિઓનું આચરણ કયારે ય નહીં કરવું જાઇએ.

**(૬)** પોતાની ભૂલોનું પશ્ચાત્તાપ કરી શીઘ્ર તેને સુધારી લેવી જોઇએ પરંતુ છુપાવવાનો પ્રયત્ન કયારે ય પણ ન કરવો જાઇએ.

**(૭)** અનુકંપા અને દયાભાવ આ આત્મોન્નતિનું એક ઉત્તમ ગુણ છે. તેને સમકિતનું ચોથું લક્ષણ કહ્યું છે. પ્રસિધ્ધ કવિ તુલસીદાસજીના શબ્દોમાં આ ધર્મનું મૂળ છે. ઉક્ત કથાનકમાં હાથી જેવા એક પશુએ દયાભાવોના નિમિત્તથી સંસાર ભ્રમણના માર્ગની જગ્યાએ મોક્ષ માર્ગને પ્રાપ્ત કર્યો. હૃદયની સાચી અનુકંપા અને તેમાં દ્રઢ રહેવાનું આ પરિણામ છે.

**(૮)** આત્મા અનંત શાશ્વત તત્વ છે. રાગ-દ્વેષ વગેરે વિકારોના કારણે વિભિન્ન અવસ્થાઓમાં જન્મ મરણ કરે છે. એક અવસ્થામાંથી બીજી અવસ્થામાં જવું તે સંસરણ અથવા સંસાર કહેવાય છે. કયારેક આત્મા અધોગતિના પાતાળમાં તો કયારેક ઉચ્ચગતિના શિખર પર પહોંચી જાય છે. આ ઉતાર-ચઢાવનું મૂળ કારણ સ્વયં આત્મા છે. સંયોગ મળવાથી આત્મા જ્યારે પોતાના સાચા સ્વરૂપને સમજી લે છે ત્યારે અનુકૂળ પરુષાર્થ કરી વિશુધ્ધ સ્વરૂપને પાપ્ત કરતાં શાશ્વત સુખોના સ્વામી બની જાય છે. મેઘકુમારના જીવનમાં આવું જ થયું કે હાથીથી માનવ, પછી મુનિ, તે પછી દેવ બન્યા અને ક્રમશઃ પરમાત્મ પદને પ્રાપ્ત કર્યુ.

**(૯)** સંયમથી મેઘમુનિનું ચિત્ત ચલાયમાન થયું તે આ અધ્યયનનું પ્રમુખ વિષય છે. ભગવાન દ્વારા પૂર્વભવ સાંભળી સંયમમાં સ્થિર થવા માટે ના પ્રેરક વિષયનું મૂળ નિમિત્ત આ જ છે. તેથી અધ્યયનનું નામ મેઘકુમાર ન રાખતાં **उक्खित्तणाय** (ઉત્ક્ષિપ્ત જ્ઞાત) રાખ્યું છે.

### નિબંધ-૧૯

## ધન્ના સાર્થવાહના જીવનથી પ્રાપ્ત શિક્ષા તત્વ

શાસ્ત્રમાં દ્રષ્ટાંત રૂપ કથાનક વિસ્તૃત પણ હોય શકે છે. પરંતુ તેમાં કોઈ નાની એવી પ્રેરણાનું સ્થળ લક્ષિત થાય છે. આ કથાનકમાં પણ સૂત્રકારે, સંયમશીલ સાધક પોતાના શરીરનું સંરક્ષણ કઈ વૃત્તિથી એટલે કેવા ભાવોથી કરે આ તત્વને સમજવા માટે સંકેત કર્યો છે.

જેવી રીતે ધન્ય શેઠ એક પરિસ્થિતિને પાર કરવા માટે ચોરને આહાર આપ્યો પરંતુ તેણે કોઈ પ્રકારે અનુરાગ અથવા આનંદ તે આહાર આપવામાં નહોતો અનુભવ્યો. કેમકે તે ચોરને પોતાને મોટી નુકશાની કરનારા જાણ્યો હતો, પુત્રનો હત્યારો માન્યો હતો. બસ આ માનસને કારણે ચોરને આહાર આપવામાં પૂર્ણ ઉદાસીનતા અને લાચારી હતી.

સાધક પણ પોતાના શરીરનું સંરક્ષણ કરવામાં એવીજ લાચારી અને ઉદાસીનતાનો ભાવ રાખે. મોક્ષ સાધકે સંયમના પાલનમાં આ માનવ દેહનો સાથ લેવો આવશ્યક સમજીને તેનું સંરક્ષણ કરવું. તે એમ માને,સમજે કે અનાદિકાળથી જીવ પ્રાપ્ત શરીરના સંરક્ષણ અને તેના મોહમાં લીન રહે છે, તે જ કર્મોથી આચ્છાદિત કરવા નું મુખ્ય કારણ છે. આ શરીર આત્માનું અધિકતમ અહિત કરવામાં નિમિત્ત છે છતાં પણ આત્મશાંતિ, મોક્ષપ્રાપ્તિ માં તેની સહાયતા જરૂરી છે.

તેથી જીવનભર આ શરીર સંયમ સાધનામાં સહાયક બનશે, બાધક નહીં બને તે લક્ષ અને વિવેકથી આ શરીર નો સાથ નિભાવવા માટે થોડો સમય એના માટે ફાળવવો આવશ્યક છે. એવું સમજીને સાધક અંતરમાં તેનાથી ઉદાસીન અને સાવધાન રહીને તેની સેવા કરે પરંતુ તલ્લીન ન બને. તેને સાચવવામાં આનંદ ન માને. જ્ઞાન આત્માથી આ શરીરને કર્મબંધમાં મદદગાર અને દુઃખ પરંપરા વર્ધક સમજીને સાવધાન રહે. છતાં એની સાથે એક બંધનમાં હોવાથી





મોક્ષ સુધી પહોંચવામાં થોડું સંવિભાગ રૂપમાં તેની સાર સંભાળ દેખરેખ રાખવી જરૂરી છે. એટલે તો કરવું જ પડશે, જીવનભર તેનો સાથ નિભાવવો જ પડશે એવું સમજી જરૂરીથી જરૂરી પ્રવૃત્તિ એના માટે વિવેક તથા ઉદાસીનતા પૂર્વક કરે. પરંતુ તે શરીર ને સુશોભિત કરવાની પ્રવૃત્તિઓ-વૃત્તિઓમાં ક્યારે ય પણ આનંદ ન માણે. જેમ કે ધન્ય શેઠે ચોરને આહાર આપવામાં કોઈ પ્રકારનો આનંદ નહોતો માન્યો.

સંક્ષેપમાં સાધક શરીરની આહારાદિથી સાર સંભાળ કરતાં પણ અંતરમનમાં શરીરના પ્રતિ અનુરાગ, પ્રેમ, આસક્તિ ન રાખે. એને આત્માના ગુણોમાં બહુ જ મોટું નુકશાન કરવાવાળું માને. એક દિવસ તેની સંગાથ-સંગતિથી હંમેશ ને માટે મુક્ત બને એટલે કે સંલેખના-સંથારાનો સ્વીકાર કરે અને આ દેહનો પૂર્ણ રૂપે ત્યાગ કરે.

### નિબંધ-૨૦

## દીક્ષાર્થી પ્રત્યે વાસુદેવ કૃષ્ણનું કર્તવ્ય

દ્વારિકા નગરીમાં બાવીસમાં તીર્થંકર ભગવાન અરિષ્ટનેમિનું પદાર્પણ થયું. વાસુદેવ કૃષ્ણ પોતાના વિશાળ પરિવારની સાથે પ્રભુની ઉપાસના કરવા અને ધર્મદેશના શ્રવણ કરવા પહોંચ્યા. દ્વારિકાના નાગરિકો પણ ગયા. દ્વારિકામાં થાવચ્ચા નામની એક સંપન્ન ગૃહસ્થ મહિલા હતી. તેનો એક લાડકો પુત્ર થાવચ્ચાપુત્રના નામથી ઓળખાતો હતો. તે પણ ભગવાનની ધર્મદેશના શ્રવણ કરવા પહોંચ્યો. ધર્મદેશના સાંભળી વૈરાગ્યના રંગ માં રંગાયો. માતા એ બહુ સમજાવ્યું, આજીજી કરી પરંતુ થાવચ્ચાપુત્ર પોતાના નિશ્ચય પર અટલ રહ્યા. અંતમાં માતાએ દીક્ષા મહોત્સવ કરવાનો પ્રસ્તાવ કર્યો. તેણે મૌન ભાવ થી સ્વીકાર કર્યો.

દીક્ષા મહોત્સવ માટે માતા થાવચ્ચા છત્ર,ચામર વગેરે માંગવા કૃષ્ણ મહારાજ પાસે ગઈ તો તેમણે સ્વયં પોતાના તરફથી મહોત્સવ ઉજવવાનો પ્રસ્તાવ રાખ્યો. થાવચ્ચા પુત્રના વૈરાગ્યની પરીક્ષા કરવા કૃષ્ણ સ્વયં તેના ઘરે ગયા. સોળહજાર રાણીઓના રાજા અર્ધ ભરતક્ષેત્રના અધિપતિ કૃષ્ણનું સહજ રૂપમાં થાવચ્ચા પુત્રના ઘરે જવું તેમની અસાધારણ મહત્તા અને નિરહંકારિતા તથા ધાર્મિકતા ને સૂચવે છે. શ્રીકૃષ્ણે થાવચ્ચા પુત્રને કહ્યું કે તમે દીક્ષા નહીં લ્યો. મારી

છત્રછાયામાં તમે સુખપૂર્વક રહો. તમને કોઈપણ દુઃખ કે કષ્ટ નહીં પડે. હું તમારા બધા સંકટો વિધ્નોનું નિવારણ કરીશ. કેવળ તમારા ઉપરથી નિકળતી હવાને રોકી શકીશ નહીં. તે સિવાય તમને નાનું એવું દુઃખ કે કષ્ટ પણ કોઈ નહીં પહોંચાડે. માટે તમે આ દીક્ષાનો વિચાર છોડી મનુષ્ય સંબંધી સુખભોગ કરતાં ઘરમાં રહો.

થાવચ્ચા પુત્રે કહ્યું– હે દેવાનુપ્રિય ! જો મારા મૃત્યુ ને રોકવા આપ સમર્થ થાઓ તેમજ વૃધ્ધાવસ્થાને રોકવા માટે આપ સક્ષમ થાઓ તો હું આપની છત્રછાયામાં સુખભોગ ભોગવવા માટે ઘરમાં રહી શકું છું. કૃષ્ણવાસુદેવે કહ્યું કે થાવચ્ચા પુત્ર ! એવું તો કોઈ દેવ પણ કરી શકતા નથી. એટલે કે મૃત્યુ અને વૃધ્ધાવસ્થાનું નિવારણ તો દેવ પણ કરી શકે નહીં, એ તો કર્મક્ષયથી જ સંભવ છે. ત્યારે થાવચ્ચા પુત્રે કહ્યું કે આ બન્નેનું નિવારણ જો આપણા કર્મક્ષયથી જ થઈ શકે તો હે દેવાનુપ્રિય ! અજ્ઞાન, મિથ્યાત્વ, અવિરતિ અને કષાયથી સંચિત પૂર્વકર્મોનો ક્ષય કરવા માટે હું ભગવાન અરિષ્ટનેમિ પાસે દીક્ષા લેવા ઇચ્છું છું. શ્રીકૃષ્ણને થાવચ્ચા પુત્રની પરીક્ષા લીધા પછી વિશ્વાસ થયો કે તેનો વૈરાગ્ય આંતરિક છે, સાચો છે. ત્યારે તેમણે દ્વારિકા નગરીમાં ઘોષણા કરાવી કે, ભગવાન અરિષ્ટનેમિ પાસે દીક્ષિત થવાવાળાના સ્વજનોનું પાલન-પોષણ અથવા સંપૂર્ણ જવાબદારી કૃષ્ણ વાસુદેવ વહન કરશે. થાવચ્ચા પુત્રની સાથે જે દીક્ષિત થશે તે નિશ્ચિંત થઈને દીક્ષા ગ્રહણ કરે.

આ પ્રકારે જ્ઞાતાસૂત્રના પાંચમા અધ્યયનથી શ્રીકૃષ્ણ મહારાજાની અનુપમ ધાર્મિકતા તથા ધર્મદલાલી-દીક્ષાદલાલી કરવાનો આદર્શ ગુણ પ્રગટ થાય છે કે સ્વયં ચતુરંગિણી સેનાની સાથે ભગવાનના દર્શન કરવા અને પ્રવચન સાંભળવા ગયા તથા થાવચ્ચા ગાથાપત્ની દ્વારા છત્ર-ચામર દીક્ષા મહોત્સવ માટે માંગવા પર એમ કહ્યુંકે તમે સુખપૂર્વક આરામથી રહો. હું સ્વયં તમારા પુત્રનો દીક્ષા મહોત્સવ કરીશ.

એમ કહી પોતાની ચતુરંગિણી સેના સાથે શીઘ્ર થાવચ્ચા શેઠાણીના ઘરે પહોંચી ગયા અને દીક્ષા ન લેવાના પોતાના સુઝાવને થાવચ્ચા પુત્રના સચોટ જવાબથી નમ્રતાની સાથે બદલી નાખ્યો. પછી એમની દીક્ષામાં સંમત થઈ ગયા. જે વ્યક્તિ સ્વંય ધર્મિષ્ટ નથી હોતા તે માત્ર પરીક્ષા લેવાનો ઢોંગ કરે છે. તે તો અંત સુધી તર્ક-વિર્તક કરે છે અને દીક્ષા લેનાર અને દેનાર બંન્નેને સાચું ખોટું કહેતા રહે છે. પરંતુ કૃષ્ણ વાસુદેવ તો ધર્મનિષ્ઠ અને ધર્મપ્રેમી હતા. તેઓ દીક્ષા દેનાર કે દીક્ષા લેનારને મનમાં કયારે પણ ખોટું નહોતા સમજતા. અતઃ વડીલના કર્તવ્ય પાલન માટે તેમણે દીક્ષા ન લેવાનું અને માનુષિક સુખભોગ ભોગવવાનું થાવચ્ચા પુત્રને નિવેદન કર્યું હતું.



આગમ નિબંધમાલા-૨

## નિબંધ–૨૧

# શૈલક અધ્યયનથી પ્રાપ્ત શિક્ષા અને તત્વ

(૧) 'થાવચ્ચા સ્ત્રી'નું કૃષ્ણ વાસુદેવના દરબારમાં જાવું અને કૃષ્ણનું એના ઘરે આવવું આ એક મહત્વશીલ ઘટના છે.

(૨) સંયમની વાત સાંભળીને ઉત્સાહિત થઈ તેમના ઘરે જઈ વૈરાગ્યની પરીક્ષા કરવી અને આખા ય શહેરમાં પ્રેરણા કરીને એક હજાર પુરુષોનો દીક્ષા મહોત્સવ કરવો વગેરે આચરણ ત્રણ ખંડના સ્વામી શ્રીકૃષ્ણ વાસુદેવની અનન્ય ધર્મશ્રધ્ધા તથા વિવેકને પ્રગટ કરે છે. આ વિવેક બધા માટે આદર્શભૂત છે એટલે કે દીક્ષા લેનાર પ્રતિ કેવો ભાવ અથવા વ્યવહાર રાખવો જોઇએ એ આ ઘટનાથી શીખવા જેવું છે. વર્તમાનમાં પરંપરાની શાન વ્યક્તિને પંગુ બનાવી દે છે. સત્ય સમજ્યા પછી પણ આજના મહાજ્ઞાની પરંપરાની આગળ લાચાર બની જાય છે. તેઓએ આગમ ઉદાહરણોથી કંઈક આત્મ સુધારો કરવો જાઇએ.

(૩) સાંખ્ય મતાનુયાયી સુદર્શને જૈનમુનિ સાથે ચર્ચા કરી શ્રાવક ધર્મ સ્વીકાર કર્યો અને તેમના ગુરુ શુક સંન્યાસીએ પણ મુનિ સાથે ચર્ચા કરી સંયમ અંગીકાર કર્યો. ઋજુ અને પ્રાજ્ઞ જીવોના આ ઉદાહરણોથી એમ સમજાય છે કે માન કષાયથી અભિભૂત થવા છતાં પણ તે સમયના જીવો દુરાગ્રહી થતા નથી . સત્ય સમજમાં આવતાં જ પોતાનું સર્વસ્વ પરિવર્તન કરી લેતા હતા. આપણે પણ સ્વાભિમાની હોવાને સાથે સરલ અને નમ્ર બની દુરાગ્રહોથી દૂર રહેવું જોઇએ એટલે સત્ય સમજમાં આવ્યા પછી તેનો સ્વીકાર કરવામાં હિચકિચાટ ન કરવો જાઇએ. તે ભલે ન કોઈ પરંપરા હોય કે સિધ્ધાંત હોય.

(૪) આ જિનશાસનમાં સમય આવતાં શિષ્ય પણ ગુરુનું કર્તવ્ય કરી લે છે. પંથક શિષ્યની વિનય ભક્તિ, સેવા, સત્યનિષ્ઠાએ ગુરુ શૈલક રાજર્ષિના અધઃપતનને રોકી દીધું.

(૫) સંયમથી પડિવાઈ થતા સાધકનો તિરસ્કાર ન કરતાં તેની સાર સંભાળ કરવાથી તેમનું ઉત્થાન સંભવ થઈ શકે છે. માટે ગુરુ હોય કે શિષ્ય વિવેક યુક્ત

નિર્ણય સર્વત્ર બધાને આવશ્યક છે. તિરસ્કાર વૃત્તિ હેય અને અનાચરણીય છે.
(૬) અતિ વેગથી પડવાવાળી વ્યક્તિ પણ કયારેક બચી શકે છે. માટે દરેકે યોગ્ય સંભાળ અને સહાનુભૂતિ રાખવાનું કર્તવ્ય સમજવું જોઈએ.
(૭) જીવન કોઈપણ ઢબમાં ચાલતું હોય તો પણ પુનર્ચિન્તન કે તેને બદલવાનું ચાંસ–વિકલ્પ રાખવો જોઈએ. આત્માને હઠાગ્રહ કે દુરાગ્રહમાં ન રાખવું જાઈએ.
(૮) ઔષધનું સેવન પણ સંયમ માટે જોખમ છે. તેનાથી અસંયમ ભાવ તેમજ પ્રમાદ ભાવ ઉત્પન થઈ શકે છે. માટે સાધકે ઔષધના સેવનની રુચિથી નિવૃત્ત થઈ તપ સંયમ અને વિવેક યુક્ત સાધના કરવી જોઈએ. શૈલક જેવા ચરમ શરીરી તપસ્વી સાધક પણ ઔષધ સેવનના નિમિત્તે સંયમમાં શિથિલ બની ગયા.
(૯) શૈલક રાજર્ષિ મધ્યમ તીર્થંકરના શાસનમાં થયા, તેમની માટે માસકલ્પ વગેરેના નિયમનું પાલન આવશ્યક હતું નહીં. એ કારણે ૫૦૦ શ્રમણ ત્યાં રહ્યા હતા. એવા કથાનકના આધાર માત્રથી અંતિમ તીર્થંકરના શાસનમાં તેની નકલ ન કરવી જાઈએ. સેવામાં જેટલા શ્રમણ આવશ્યક હોય તેના સિવાય નાના મોટા કોઈપણ શ્રમણોએ અકારણ કલ્પમર્યાદાથી  અધિક રહેવું જોઈએ નહિ.
(૧૦) શૈલક ૫૦૦, શુક સંન્યાસી ૧૦૦૦ અને થાવચ્ચા પુત્ર ૧૦૦૦ સાથે દીક્ષિત થયા. આગમોનો અધ્યયન પૂર્ણ થયા પછી ગુરુએ તેમની સાથે દીક્ષિત થયેલાને શિષ્યના રૂપમાં અર્પણ કર્યા.

દીક્ષાના પ્રથમ દિવસથી સાથેના દીક્ષિત સંત તેમના શિષ્ય કહેવાતા નથી. પરંતુ ભણી ગણીને  યોગ્ય થયા પછી ગુરુ જ તેના શિષ્ય રૂપે ઘોષિત કરે છે. ગુરુના કહેવાથી તેમના શિષ્ય કહેવાય છે. ત્યારે તેમને સાથે લઈને સ્વતંત્ર વિચરણ કરે છે. આજ તો દીક્ષા લઈને તરત જ ગુરુબની જાય છે તે અનાગમિક રીત છે. જેને આ અધ્યયનના મૂળપાઠમાંથી સારી રીતે સમજવાની આવશ્યકતા છે કે આગમ અધ્યયનના કોર્સ પૂર્ણ કરી બહુશ્રુત અને યોગ્યતા સંપન્ન થયા પછી જ શિષ્ય કરવા જોઈએ.

### નિબંધ–રર

## મલ્લી ભગવતીના ત્રણ ભવોનું અદ્‌ભુત વર્ણન

આ અવસર્પિણી કાળના ક્રમશઃ ર૪ તીર્થંકરો થયા. તેમાં ૧૯મા તીર્થંકર મલ્લિનાથ ભગવાન થયા. એમનું જીવન ચરિત્ર આ અધ્યયનમાં બે પૂર્વભવોની





સાથે વર્ણિત છે.– પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્રની ર૪મી સલિલાવતી વિજયમાં બલરાજાના પુત્ર મહાબલ હતા. બલરાજાએ દીક્ષા લઈને આત્મસાધના કરી મુક્તિ પ્રાપ્ત કરી. પછી મહાબલ રાજા બન્યા. તેમના છ બાલમિત્ર રાજા હતા. તે સાથે રમતા મોટા થયા હતા. તે સાતેય પરસ્પર નિયમબધ્ધ હતા કે કોઈપણ વિશેષ કાર્ય કરશું તો બધા સાથે કરીશું. તેથી મહાબલ રાજાને વૈરાગ્ય થવા પર સાતોએ સાથે દીક્ષા લીધી. ઉગ્રતપ પણ સાથે કરતા અને અંતમાં સંલેખના સંથારો પણ સાથે કર્યો. સાતેય જયંત નામના ત્રીજા અનુત્તર વિમાનમાં ૩ર સાગરોપમની સ્થિતિ પ્રાપ્ત કરી. દેવલોકની સ્થિતિ પૂર્ણ કરી છએ મિત્રો ભરતક્ષેત્રમાં જુદા-જુદા રાજ્યોના રાજા બન્યા અને સુખપૂર્વક રહેવા લાગ્યા. મહાબલ દેવે પણ બત્રીસ સાગરની સ્થિતિ પૂર્ણ કરી અવધિજ્ઞાનની સાથે મિથિલા નગરીમાં સ્ત્રી પર્યાયમાં ઉત્પન્ન થયા. માતા-પિતાએ તેમનું નામ મલ્લિકુમારી રાખ્યું.

પૂર્વભવના અનુરાગથી છએ મિત્ર રાજાઓ નિમિત્ત પામીને મલ્લિ કુંવરીની સાથે લગ્ન કરવા આવ્યા. મલ્લિકુંવરીએ તેઓને પૂર્વભવ સંભળાવીને પ્રતિબોધિત કર્યા, ત્યારે તે બધાને પણ જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. પોતાના પૂર્વભવનું સ્મરણ, પ્રત્યક્ષ અનુભવ થવાથી બધા વૈરાગી બન્યા. એક વર્ષ વર્ષીદાન દઈને ૧૦૦ વર્ષની ઉંમરમાં મલ્લી અરહંતે ૩૦૦ સ્ત્રીઓ અને ૩૦૦ પુરુષોની સાથે સિદ્ધોને નમસ્કાર કરી સામાયિક ચારિત્ર અંગીકાર કર્યું. તે જ સમયે તેમને મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થયું. મલ્લી અરંહત સ્ત્રી તીર્થંકર હોવાથી સાધ્વીઓ તેમની આભ્યંતર પર્ષદા રૂપમાં અને શ્રમણ તેમના બાહ્ય પર્ષદા રૂપમાં હતા.

દીક્ષાના દિવસે સાંજે મલ્લી અરંહતને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. દેવો તથા ૬૪ ઈન્દ્રો સહિત ઉપસ્થિત પર્ષદાએ ધર્મોપદેશ સાંભળ્યો, દેવોએ કેવળજ્ઞાન મહોત્સવ કરીને પોતાના દેવલોકમાં ગયા. કુંભરાજા પ્રભાવતી રાણી પણ આવ્યા હતા. ઉપદેશ સાંભળી અને શ્રાવક વ્રત અંગીકાર કર્યા. પૂર્વ મિત્ર છ રાજાઓ પણ પહોંચી ગયા હતા. ઉપદેશ સાંભળીને એ જ દિવસે દીક્ષિત થયા. છઓએ ૧૪પૂર્વનું જ્ઞાન હાસિલ કર્યું. કાલક્રમે છએ મુનિ કર્મક્ષય કરીને મોક્ષે પહોંચ્યા. મલ્લિનાથ ભગવાન પણ ૫૫૦૦૦ વર્ષનો આયુષ્ય પૂર્ણ કરી સમ્મેત શિખર પર્વત પર એક મહિનાનો સંથારો કરી નિર્વાણને પ્રાપ્ત કર્યું. સાતેય મિત્ર પૂર્વભવમાં મહાવિદેહ ક્ષેત્રમાં રાજા હતા અને આ ભવમાં છ મિત્ર ભરતક્ષેત્રમાં જુદા-જુદા દેશોના રાજા બન્યા પરંતુ સાતેયમાં પ્રમુખ મહાબલ રાજા અહીં રાજા ન બનતાં

રાજકુમારી બન્યા. છએ રાજા વિવાહિત થયા પરંતુ મલ્લિ રાજકુમારી અવિવાહિત ૧૦૦ વર્ષ રહ્યા.

**છ એ મિત્રોના પૂર્વભવનાં નામ–** (૧) અચલ (ર) ધરણ (૩) પૂરણ (૪) વસુ (પ) વૈશ્રમણ (૬) અભિચન્દ્ર.

**આ ભવના નામ–** (૧) પ્રતિબુધ્ધિ રાજા (ર) ચંદ્રચ્છાય રાજા (૩) રુક્મિ રાજા (૪) શંખ રાજા (પ) અદીનશત્રુ રાજા (૬) જિતશત્રુ રાજા.

## મલ્લિકુંવરી પાસે પહોંચવાના નિમિત્તો :–

**(૧) પ્રતિબુધ્ધિ રાજા–** પોતાની રાણીની નાગ પૂજામહોત્સવમાં બનેલા પુષ્પોની શ્રીદામકાંડની પ્રશંસા કરતાં સુબુધ્ધિ પ્રધાન દ્વારા મલ્લિકુંવરીના શ્રેષ્ઠ શ્રીદામ-કાંડની વાત સાંભળીને તેના તરફ આકર્ષણ થયું.

**(ર) ચંદ્રચ્છાય રાજા–** સમુદ્ર યાત્રામાંથી પાછા આવેલા અરણક શ્રાવક દ્વારા મલ્લિકુંવરીના રૂપની પ્રશંસા સાંભળીને તેમની તરફ આકર્ષણ થયું.

**(૩) રુકિમ રાજા–** પુત્રીના સ્નાન મહોત્સવ પર કંચુકી પુરુષ દ્વારા મલ્લિકુંવરીના સ્નાન મહોત્સવની પ્રશંસા સાંભળીને તેમની તરફ આકર્ષણ થયું.

**(૪) શંખરાજા–** મલ્લિકુંવરીના દેવનામી કુંડલને સાંધી ન શકવાથી દેશનિકાલની સજા પ્રાપ્ત કરનાર સોની પાસેથી મલ્લિકુંવરીનું વર્ણન સાંભળીને આકર્ષણ થયું.

**(પ) અદીનશત્રુ રાજા–** અંગુષ્ઠ વિદ્યાવાળા ચિત્રકાર દ્વારા મલ્લિકુંવરીનું આબે-હૂબ ચિત્ર તેના ભાઈ મલ્લદિન્ન કુમારની ચિત્રશાળામાં વગર પૂછ્યે ચિત્રિત કરવાને કારણે અંગુઠો કાપી દેશ નિકાલની સજા પ્રાપ્ત કરી મિથિલાથી આવતા તે ચિત્રકારની પાસે મલ્લિકુંવરીનું ચિત્રપટ જોઈને આકર્ષિત થયા.

**(૬) જિતશત્રુ રાજા–** મલ્લિકુંવરી પાસે ધાર્મિક ચર્ચામાં હારીને તેમજ તેમની દાસીઓથી અપમાનિત થયેલ ચોક્ખા પરિવ્રાજિકા દ્વારા મલ્લિકુંવરીનું વર્ણન સાંભળીને આકર્ષણ થયું.

આ છએ રાજાઓએ મલ્લિકુંવરી સાથે લગ્ન કરવાના ભાવથી જુદા–જુદા પોત પોતાના દૂતોને મોકલ્યા. સંયોગવશ છએ દૂત પોત પોતાના દેશમાંથી નિકળી મિથિલાનગરીમાં એક સાથે રાજસભામાં પહોંચી ગયા. ત્યાં કુંભરાજા છએ જણાની એકીસાથેની માંગણીથી ગુસ્સે થયા. અનાદર કરી બધાને કાઢી મૂક્યા. દૂતોના અપમાનથી ક્રોધિત બનેલા રાજા યુધ્ધની ચઢાઈ કરવા મિથિલા





નગરીની બહાર એક સાથે પહોંચ્યા. યુધ્ધમાં કુંભરાજાની હાર થઈ. ચિંતિત બેઠા હતા, ત્યારે મલ્લિકુંવરી એ આશ્વાસન આપતાં કહ્યું કે અમુક વિધિથી દરેક રાજાને સંધ્યા સમયે મારી પાસે અમુક જગ્યાએ આવવાનું નિમંત્રણ આપજો. પછી હું સંભાળી લઈશ. આ પ્રકારે છએ રાજા જુદા-જુદા રસ્તાઓથી અલગ-અલગ જાલગૃહોમાં આવીને બેઠા હતા. ત્યાં મલ્લિકુંવરીનું પ્રત્યક્ષ મિલન થયું. આ પ્રકારે પૂર્વભવની મિત્રતા વગેરે અદ્રશ્ય સ્નેહ નિમિત્તથી અને પ્રત્યક્ષના મોહિત ભાવોથી આકર્ષિત થઈ સાતે મિત્રોનું અનાયાસે એક સાથે મિલન થયું.

મલ્લિકુમારીને જન્મથી જ અવધિજ્ઞાન હતું. અવધિજ્ઞાનના ઉપયોગથી તેમણે છએ સાથીઓની અવસ્થિતિ જાણી લીધી હતી. ભવિષ્યમાં બનવાવાળી ઘટના પણ તેમણે જાણી લીધી હતી. માટે તેમના પ્રતિકારની તૈયારી પણ કરી લીધી હતી. તૈયારી આ પ્રકારની હતી –મલ્લિકુમારીએ આબેહૂબ પોતાના જ જેવી પ્રતિમાનું નિર્માણ કરાવ્યું. અંદરથી તે પોલી હતી. અને તેના મસ્તકમાં એક મોટું છિદ્ર હતું. તે પ્રતિમાને જોઈને કોઈ ન કહી શકે કે આ મલ્લી નથી, મલ્લીની પ્રતિમા છે. મલ્લિકુમારી જે ભોજન-પાણી કરતી તેનો એક પિંડ પ્રતિમાના મસ્તકના છેદમાં નાખતા હતાં. તે ભોજન-પાણી પ્રતિમાની અંદર જઈને સડી જતું અને તેમાં અત્યંત દુર્ગંધ ઉત્પન્ન થતી. કિંતુ ઢાંકણું હોવાથી તે દુર્ગંધ ત્યાં ને ત્યાંજ રહેતી. જ્યાં પ્રતિમા ઊભી હતી. તેમની સામે જ મલ્લિકુમારી એ જાળીદાર ગૃહોનું એવી રીતે નિર્માણ કરાવ્યું હતું. તે ગૃહોમાં બેસીને પ્રતિમાને સ્પષ્ટ જોઈ શકાતી હતી કિંતુ તે ગૃહોમાં બેસનારા એક બીજાને જોઈ શકતા ન હતા.

**મલ્લિકુમારીનું સફળ ઉપાય :–** જ્યારે કુંભ રાજાએ મલ્લિકુમારીના કહેવા અનુસાર સૂચના કરી ત્યારે છએ રાજા મલ્લિકુમારીને મેળવવાની લાલસા એ ગર્ભગૃહોમાં આવી પહોંચ્યા. પ્રભાત થવાથી બધાએ મલ્લીની પ્રતિમાને જોઈને સમજ્યા કે આ કુમારી મલ્લી છે. બધા એની સામે અનિમેષ દ્રષ્ટિથી જોવા લાગ્યા. ત્યારે મલ્લિકુમારી ત્યાં પહોંચી અને પ્રતિમાના મસ્તકના છિદ્રને ઉઘાડ્યા. છિદ્રને ઉઘાડતાં જ તેમાંથી દુર્ગંધ આવવા માંડી. તે અસહ્ય હતી. બધા રાજા ગભરાય ગયા. બધાએ પોત પોતાનું નાક દબાવી અને મોઢું બગાડવા લાગ્યા. વિષયાસક્ત રાજાઓને પ્રતિબોધિત કરવાનો આ ઉપયુક્ત અવસર હતો. મલ્લિકુમારીએ નાક, મોઢું બગાડવાનું કારણ પૂછ્યું બધાનો એકજ જવાબ હતો અસહ્ય દુર્ગંધ.

ત્યારે રાજકુમારી એ રાજાઓને કહ્યું –દેવાનુપ્રિયો ! આ પ્રતિમામાં ભોજન

–પાણીનો એક-એક પિંડ નાખવાંથી આવું અનિષ્ટ, અમનોજ્ઞ પરિણામ થયું તો આ ઔદારિક શરીરનું પરિણામ કેટલું અનિષ્ટ, અમનોજ્ઞ હોય ? આ શરીર તો મળ,મૂત્ર,લોહી વગેરેની થૈલી છે. તેના પ્રત્યેક દ્વારમાં ગંદા પદાર્થ જરતા રહે છે. સડવું-ગળવું તેમનો સ્વભાવ છે. આના પરથી ચામડીની ચાદર હટાવી લઈએ તો આ શરીર કેટલું અસુંદર અને વીભત્સ પ્રતીત થશે. તે સમડી, કાગડા આદિનું ભક્ષ્ય બની જશે. તો મળ-મૂત્રની આ થૈલી પર તમે સર્વે કેમ મોહિત થાઓ છો ?

આ પ્રકારે સંબોધિત કરીને મલ્લિકુમારીએ પૂર્વજન્મોનું વૃતાન્ત તેમને કહી સંભળાવ્યું. કેવી રીતે બધા સાથે દીક્ષિત થયા હતા. કેવી રીતે તેમણે કપટ આચારણ કર્યું હતું. કઈ રીતે બધા દેવપર્યાયમાં ઉત્પન્ન થયા. વગેરે વર્ણન કહી સંભળાવ્યું.

**રાજાઓને જાતિ સ્મરણ જ્ઞાન અને બોધ–** મલ્લી દ્વારા પૂર્વભવોનો વૃતાંત સાંભળતા છએ રાજાઓને જાતિ સ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. તે બધા સંબુદ્ધ થઈ ગયા. ત્યારે ગર્ભગૃહોના દ્વાર મુક્ત કરી દીધા. તે સમય વાતાવરણમાં અનુરાગના સ્થાન પર વિરાગ છવાય ગયો. તે સમય રાજકુમારીએ દીક્ષા અંગીકાર કરવાનો સંકલ્પ કર્યો. તીર્થંકરની પરંપરા અનુસાર વાર્ષિક દાન આપ્યા પછી મલ્લિકુંવરી એ પ્રવજ્યા અંગીકાર કરી. જે દિવસે દીક્ષા અંગીકાર કરી તે જ દિવસે તેણીને કેવળજ્ઞાન-દર્શનની પ્રાપ્તિ થઈ. તત્પશ્ચાત્ જિતશત્રુ રાજા વગેરે છએ રાજાઓએ પણ દીક્ષા અંગીકાર કરી હતી. અંતમાં બધાએ મુક્તિ પ્રાપ્ત કરી. ભગવતી મલ્લી તીર્થંકરે ચૈત્ર સુદ ચતુર્થીના દિવસે નિર્વાણ પ્રાપ્ત કર્યું.

**જ્ઞાતવ્ય :–** (૧) કુંભ રાજા અને પ્રભાવતી રાણીએ શ્રાવક વ્રત સ્વીકાર કર્યા. (૨) છ રાજાઓએ સંયમ અંગીકાર કર્યો અને ચૌદપૂર્વી થઈને અંતમાં મોક્ષે ગયા. (૩) મલ્લીનાથ તીર્થંકરના ૨૮ ગણધર હતા. (૪) તે ૧૯મા તીર્થંકર થયા. ૨૫ ધનુષ ઊંચા હતાં. ૧૦૦ વર્ષ ઘરમાં રહ્યાં, ૫૫ હજાર વર્ષની સંપૂર્ણ ઉંમર હતી. (૫) પૂર્વભવમાં મહાવિદેહ ક્ષેત્રમાં મહાબલના ભવમાં ૮૪ લાખ વર્ષ સુધી સંયમનું પાલન કર્યું હતું. કુલ ઉંમર ૮૪ લાખ પૂર્વની હતી. (૬) ત્યાં તીર્થંકર નામકર્મનું ઉપાર્જન કર્યું. તીર્થંકર નામકર્મ ઉપાર્જનના ૨૦ બોલ આ પ્રમાણે છે– (૧)અરિહંત (૨)સિધ્ધ (૩)જૈન સિધ્ધાંત (૪)ગુરુ (૫)સ્થવિર (૬)બહુશ્રુત (૭)તપસ્વી આ સાતની ભક્તિ, બહુમાન, ગુણ કીર્તન કરવાથી (૮)વારંવાર જ્ઞાનનો ઉપયોગ કરવાથી (૯)દર્શન શુધ્ધિ (૧૦)વિનય (૧૧)ભાવયુક્ત





પ્રતિક્રમણ (૧૨)નિરતિચાર સંયમ વ્રતોનું પાલન (૧૩)અપ્રમત જીવન (૧૪)તપસ્યા (૧૫)ત્યાગ નિયમ અથવા દાન (૧૬)અપૂર્વ ૪ જ્ઞાન ગ્રહણ (૧૭)સમાધિ ભાવ, પ્રસન્ન ભાવમાં રહેવું અથવા બીજાને શાતા ઉપજાવી (૧૮)સેવા કરવી (૧૯)શ્રુત ભક્તિ (૨૦)જિનશાસનની પ્રભાવના કરવી.

આમાંથી એક અથવા અનેક બોલના સેવનથી ઉત્કૃષ્ટ ભાવથી આત્મ પરિણામ થવાથી તીર્થંકર નામકર્મનો બંધ થાય છે. આ બંધની પછી જીવ ત્રીજા ભવમાં અવશ્ય તીર્થંકર બને છે અને મોક્ષ પ્રાપ્ત કરે છે.

## નિબંધ–૨૩

# મલ્લી ભગવતીના અધ્યયનથી પ્રાપ્ત જ્ઞેય તત્વ

**(૧)** ધર્મ અને તપમાં સરળતાનો ગુણ હોવો અત્યંત આવશ્યક છે. તેમાં અતિ હોશિયારી અથવા કપટ થોડું પણ ક્ષમ્ય નથી. વિશાળ તપ સાધના કાળમાં અલ્પતમ માયાથી મહાબલના જીવે મિથ્યાત્વની પ્રાપ્તિ અને સ્ત્રીત્વનો બંધ કર્યો. તીર્થંકર બની જવાથી પણ જેનું ફળ અવશ્ય ભોગવવું પડ્યું.

**(૨)** મિત્રોની સાથે ક્યારે પણ અવિશ્વાસ, છળકપટ ન કરવું જોઈએ. અગર સાથે સંયમ લેવાની વાત કરી ચુક્યા હોય તો સમય આવ્યા પર તેનું પાલન કરવું જોઈએ. યથા મહાબલના ૬ મિત્રો, રાજા હોવા છતાં પણ તેમની સાથે દીક્ષિત થયા અને આત્મકલ્યાણ સાધ્યું.

**(૩)** મન અથવા ઈચ્છા પર કાબુ ન હોય તો વ્યક્તિ પોતાના પ્રાપ્ત થયેલા સુખોમાં અસંતુષ્ટ થઈ જાય છે અને અપ્રાપ્તની લાલસામાં ગોથા ખાય છે. યથા–છએ રાજા રાજ્ય ઋધ્ધિ, રાણીઓ અને પરિવાર સંપન્ન હોવા છતાં શ્રી મલ્લિકુમારીનું વર્ણન સાંભળીને તેમાં અનુરક્ત થયા અને યુધ્ધ કરવા ચાલ્યા. આ અસંતોષ વૃત્તિ છે. જ્ઞાની હોવાનું ફળ આ છે કે પોતાને પ્રાપ્ત સામગ્રીમાં સંતોષ માનતાં ક્રમશઃ તેના ત્યાગ ભાવનાની વૃધ્ધિ કરવી જોઈએ.

**(૪)** મોહનો નશો વધારે માત્રામાં થઈ ગયો હોય તો તેમાં પ્રેમ અને ઉપદેશથી એક વાર પરિવર્તન થવું મુશ્કેલ હોય છે. જ્યારે મનથી પ્રતિકૂળ ભયંકર પરિસ્થિતિ ઉત્પન્ન થાય અને કુશળ ઉપદેશકનો સંયોગ મળે તો એક જ વારમાં પરિવર્તન થઈ શકે છે. યથા– તેતલિપુત્ર પ્રધાનનો દૃષ્ટાંત આગળ ૧૪મા અધ્યયનમાં છે. આ આશયથી છએ રાજાને એક સાથે પ્રતિબોધ દેવા માટે અને તેમના મહામોહના

નશાને શાંત કરવા માટે અવધિજ્ઞાનથી જાણીને મલ્લિકુમારીએ ઉચિત ઉપાય કાઢ્યો હતો અને તદનુસાર જાલગૃહ અને પોતાની આકૃતિની પૂતળી બનાવી હતી તેમજ થોડાક દિવસ પોતાના ભોજનનો એક કવલ જેટલો ભાગ તેમાં નાખ્યો હતો. પ્રસંગ ઉપસ્થિત થવા પર ઢાંકણને ઉઘાડી દુસ્સહ દુર્ગંધથી આકુળ-વ્યાકુળ બનેલા રાજાઓને બોધ અને જ્ઞાન આપી, સાથે જ પૂર્વભવ બતાવી વિરક્ત બનાવ્યા, તેથી તે બધા ભોગથી યોગ તરફ અગ્રસર બન્યા.

**(૫)** મલ્લિકુમારીએ એંઠો કોળીયો પુતળીમાં ન નાખતા એક કોળીયા જેટલો શુધ્ધ આહાર પુતળીમાં નાખ્યો હતો. ઢાંકણું બંધ હોવાથી સુકાઈ ન જવાથી તેમાં દુર્ગંધ ઉત્પન્ન થઈ. કિંતુ સમુચ્છિંમ મનુષ્ય અથવા ત્રસ જીવો વગેરેની ઉત્પત્તિ થઈ નહોતી . કારણ કે જ્ઞાન અને વિવેક સાથે પ્રવૃત્તિ કરી હતી. કેવળ દુર્ગંધ હોવા માત્રથી તેમનું પ્રયોજન હતું. વિશાળ ભવન, જાલગૃહ અને પુતળી વગેરે આરંભજન્ય નિર્માણની અપેક્ષાએ આહાર ના દુર્ગંધની પ્રવૃતિનો આરંભ વધારે ન થયો હતો અર્થાત્ ભવન નિર્માણમાં હેતુભૂત પૃથ્વી, પાણી, અગ્નિ વગેરેના વિશાળ આરંભની સામે આહારના દુર્ગંધિત હોવાનું આરંભ નજીવું સમજવું જોઈએ. આ અપેક્ષાએ તે વાતને એટલું વધારે મહત્વ દેવા જેવું નથી.

**(૬)** પરીક્ષાની ઘડી જ્યારે આવે છે ત્યારે બહુ ગંભીર અને સહનશીલ બનવું જોઈએ. તે સમયે ભ્રમિત-લોકનિંદા અને કષ્ટોની ઉપેક્ષા કરવી આવશ્યક હોય છે. યથા– અરણક શ્રાવક જ્યારે ધર્મ પરીક્ષાર્થે દેવે ઉપદ્રવ આપ્યો ત્યારે તેણે ઉક્ત ગુણને ધારણ કરી નિર્ભય અને દ્રઢ મનોબળની સાથે કામ લીધું તો જ માનવની શાંતિ અને ધૈર્યની આગળ દાનવની વિકરાળ શક્તિ નિષ્ફળ ગઈ અને દેવ નતમસ્તક થયો.

**(૭)** પરિગ્રહની મર્યાદાવાળા શ્રાવક અચાનક પ્રાપ્ત થયેલી સંપત્તિને પોતાની પાસે રાખતા નથી. યથા– અરણક શ્રાવકે દેવથી પ્રાપ્ત કુંડળની જોડી બે રાજાઓને ભેટ સ્વરૂપમાં આપી દીધી.

**(૮)** સંપન્ન શ્રાવક પોતાની આસપાસમાં રહેનાર સામાન્ય પરિસ્થિતિવાળા જન સમુદાયને વ્યાપારમાં અનેક પ્રકારનો સહયોગ કરે તો આ તેની એક પ્રકારની અનુકંપા અને સહવર્તી લોકો સાથેની સહાનુભૂતિનો વ્યવહાર હોય છે. આ શ્રાવક નો વ્યવહારિક આદર્શ જીવન છે. આ વ્યવહારમાં ધર્મ અને ધર્મીજન પ્રશંસિત હોય છે. જીવો પ્રતિ ઉપકાર થાય છે. પોતાના કાર્યમાં અન્યનું પણ કામ થઈ જાય





છે. આ વ્યવહારિક જીવનનું સ્ટેજ છે. વ્યવહારિક જીવનથી આગળ વધીને નિવૃત્ત સાધનાવાળા શ્રાવક પછી સ્વયં જ આ પ્રવૃતિઓથી મુક્ત થઈ જાય છે તેનું લક્ષ માત્ર આત્મસાધનાનું થઈ જાય છે. તેના માટે સામાજિક અને વ્યવહારિક જવાબદારીઓ તથા કર્તવ્ય ગૌણ થઈ જાય છે. યથા– ઉપાશકદશા સૂત્ર વર્ણિત આનંદ આદિ દશ શ્રાવકોનું અંતિમ છ વર્ષનું સાધનામય જીવન. સાર એ છે કે અરણક શ્રાવકના જીવનથી ધર્મમાં દ્રઢતા, સહવર્તીઓનો સહયોગ અને પરિગ્રહ ની મર્યાદામાં સંતોષ રાખવો. મનને લોભાન્વિત ન કરવો ઈત્યાદિ શિક્ષા ગ્રહણ કરવી જોઈએ.

**(૯)** પોતાની કળામાં કોઈ ગમે તેટલા નિપુણ હોય કિંતુ તેની પ્રવૃત્તિમાં વિવેક બુધ્ધિ ન હોય તો તેને લાભ અને યશની જગ્યાએ દુઃખ અને તિરસ્કારની પ્રાપ્તિ થાય છે. યથા– મિથિલાનગરીનો દક્ષ ચિત્રકાર, તેની પાસે શ્રેષ્ઠ કળા હતી પરંતુ વિવેકબુધ્ધિના અભાવમાં તેને દંડાવવું પડ્યું. માટે દરેક જ્ઞાન કળાની સાથે વિવેક સીખવું પણ આવશ્ક હોય છે.

મુનિઓને પણ સામુહિક જીવનમાં વિવેકની બહુ આવશ્યકતા છે. કઈ પરિસ્થિતિમાં કયા વિવેકથી ઉત્સર્ગ માર્ગ પર ચાલવું જાઈએ અને કઈ વિકટ પરિસ્થિતિમાં કેટલા વિવેકની સાથે અપવાદ માર્ગ પર ચાલવું આવશ્યક છે. આ વિવેક જ્ઞાન અવશ્ય શીખવું તેમજ શીખવાડવું જોઈએ. દરેક પરિસ્થિતિમાં એકાંત ઉત્સર્ગ માર્ગ પર જ ચાલવું આ ગચ્છમુક્ત અથવા વિશિષ્ટ સાધનારત સાધકો માટે ઉચિત છે કિંતુ ગચ્છગત સામુહિક જીવનવાળા સ્થવિરકલ્પી સાધુઓનું સામાજિક અને વ્યવહારિક જીવન હોય છે. તેમને પરિસ્થિતિક ઉચિત વિવેકની સાથે જ વ્યવહાર કરવો શ્રેષ્ઠ અને શોભાજનક હોય છે. જે પ્રકારે શ્રાવકની ગૃહસ્થ જીવન યુક્ત સાધના અને નિવૃતિ સાધના આ બે વિભાગ છે તે જ રીતે મુનિ જીવનમાં ગચ્છગત અને ગચ્છમુક્ત અથવા સામાન્ય સાધક અને વિશિષ્ટ સાધક અથવા સ્થવિરકલ્પી અને જિનકલ્પી એમ સાધનાના બે વિભાગ છે. એકમાં વ્યવહાર અને વિવેક આવશ્યક છે તો બીજા વિભાગમાં વ્યવહાર અને વિવેક ગૌણ થઈ જાય છે કેમકે તે નિવૃત્ત સાધક કહેવાય છે. જેમ કે– કોઈ વડીલ સાધુ એકસીડેંટ થવાથી ફેક્ચર થયેલ જંગલ માં પડ્યા છે અને સાથીદાર નાનો સાધુ તેમની ૫–૬ કલાક સુધી કંઈ પણ વિવેક વ્યવસ્થા ન કરે, ન કરવા દે તો તે અયોગ્ય છે. સિત્તેર વર્ષના વૃધ્ધ સાધુ એક કલાક સુધી પ્રવચન આપ્યા કરે અને

એક હજારની પરિષદમાં ૫૦ માણસ પણ ન સાંભળે છતાં કોઈ કંઈ વિવેક ન કરે કે ન કરાવે તો તે પણ અવિવેક છે. તીર્થંકરોને પણ દેવપ્રયોગ કે યંત્રપ્રયોગ પરિષદની સંખ્યા વધતાં થાય છે. તે અતિશય પણ દેવકૃત જ છે.

(૧૦) શુચિ મૂલક ધર્મમાં પાણીના જીવોનો આરંભ કરીને તેને ધર્મ અને મુક્તિ માર્ગ માનવામાં આવે છે. એ ભ્રમ અને અશુધ્ધ સિધ્ધાંત છે એવા સિધ્ધાંત માટે અહીં લોહી ને લોહીથી શુધ્ધિ કરવાની ઉપમા આપવામાં આવી છે. આથી દરેક ધર્માર્થી મુમુક્ષુ પ્રાણીએ આ બરાબર સમજી લેવું જોઈએ કે છ કાય જીવોની કોઈપણ પ્રકારે કે કોઈપણ ઉદ્દેશથી થતી હિંસા અથવા પાપ પ્રવૃત્તિ ક્યારે પણ મોક્ષદાયક શુધ્ધ પવિત્ર ધર્મનું વાનું(પોશાક)લઈ શકે નહિ. અતઃ પોતાના આત્મામાં આવું ગુંજન કરતા રહિએ કે–

**સહુ જીવ રક્ષા, એ જ પરીક્ષા, ધર્મ તેને જાણીએ ।**
**જ્યાં હોય હિંસા, નહીં જ સંશય, અધર્મ તે પહેચાનીએ ॥**

આ કારણથી શુચિ ધર્મી ચોક્ખા પરિવ્રાજિકા મલ્લિકુમારીથી પરાજય પામી અને નિરુત્તર થઈ ગઈ હતી. અફસોસ તો ત્યાં આવે છે કે વીતરાગ ધર્મમાં પણ હિંસા ધર્મ મૂર્તિપૂજા રૂપે પ્રગટ થયો છે, ચાલી રહ્યો છે. તે પણ લોહી થી લોહીની શુધ્ધિ કરવા જેવું જ છે.

(૧૧) જો કોઈના જીવને સુધારવાની ભાવના હોય તો તેના પ્રત્યે પોતાના હૃદયમાં કિંચિત પણ તિરસ્કારની ભાવના અથવા ધૃણા ભાવના ન હોવી જોઈએ. તેના પ્રત્યે પરિપૂર્ણ આત્મીયતા હોવી જોઈએ. સાથેય પોતાના સામર્થ્યનું જ્ઞાન પણ હોવું જાઈએ. પછી વિવેક પૂર્વક કરેલો પ્રયત્ન અસંભવ કાર્યને પણ સંભવ અને સફળ બનાવે છે. યથા મલ્લિકુમારી દ્વારા લગ્નની ઈચ્છાવાળા છ રાજાઓને એકી સાથે પ્રતિબોધ પમાડીને સન્માર્ગે લાવવું. આ પ્રકારના આગમ અધ્યયનની સાથે તેના પર ચારિત્ર નિર્માણનું તુલનાત્મક ચિંતન કરવું, એ જીવનમાં ઉતરે તો જ વિશેષ લાભ પ્રાપ્ત થઈ શકે છે.

(૧૨) મલ્લિનાથ ભગવાનના નિર્વાણની તિથીનું વર્ણન કરતા સૂત્રમાં કહ્યું છે કે ગ્રીષ્મઋતુનો પહેલો મહિનો, બીજો પક્ષ, ચૈત્ર સુદ ચર્તુથીના દિવસે ૫૦૦ સાધુ અને ૫૦૦ સાધ્વીઓની સાથે ભગવાન મોક્ષે પધાર્યા. આ ધ્યાન દેવા યોગ્ય વાત છે કે મહિનાના પ્રથમ પક્ષને વદ કહ્યો અને બીજા પક્ષને સુદ કહ્યો. એનાથી એ સિધ્ધ થાય છે કે જૈન સિધ્ધાંત અનુસાર અમાંત મહિના નહીં પરંતુ મહિના





પૂર્ણિમાંત હોય છે. ઋતુ પણ પૂર્ણિમાંત હોય છે. માટે વર્તમાન પ્રચલિત અમાંત માન્યતા જૈન આગમ સમંત નથી, આ સુસ્પષ્ટ છે.

## નિબંધ–૨૪

# રાજા અને મંત્રીનો જીવન વ્યવહાર

આ અધ્યયનમાં પાણીના શુભ-અશુભ પુદ્‌ગલોનું પરિવર્તન થવાની અવસ્થાનું દ્રષ્ટાંત, પ્રધાને રાજાને સન્માર્ગ પર લગાડવા માટે ક્રિયાન્વિત વિધિથી પ્રસ્તુત કર્યું છે. રાજા અને પ્રધાનની ઘટના ક્રમ આ પ્રમાણે છે–

ચંપાનગરીમાં જિતશત્રુ રાજાના પ્રધાન સુબુદ્ધિ હતા. એક સમય રાજા, પ્રધાન અને અનેક પ્રતિષ્ઠિત લોકો એક સ્થાને ભોજન કરતા હતા. ભોજન અત્યંત સ્વાદિષ્ટ હોવાથી રાજાએ ખૂબ પ્રશંસા કરી. બીજા લોકોએ પણ ભોજનની એ જ રીતે પ્રશંસા કરી. સુબુદ્ધિ પ્રધાન જૈનધર્મનો જ્ઞાતા અને શ્રમણોપાસક હતા. તે મૌન રહ્યા રાજાએ આગ્રહ દ્રષ્ટિથી એની તરફ જોઈને ભોજનની પ્રશંસા કરી. પ્રધાનને ફરજ્યાત બોલવું પડ્યું. તેણે કહ્યું રાજન! મને આમા કાઈ વિસ્મય નથી લાગતું. પુદ્‌ગલોના પરિણમનના અનેક પ્રકાર હોય છે. શુભ પુદ્‌ગલ નિમિત્ત મળતાં અશુભ રૂપ અને અશુભ પુદ્‌ગલ શુભ રૂપમાં પરિણત થાય છે. માટે આ પ્રકારના પુદ્‌ગલ પરિણામમાં મને કોઈ આશ્ચર્યકારક લાગતું નથી. રાજાને તેનું કહેવું ગમ્યું નહી પણ તે મૌન રહ્યા.

પુનઃ ક્યારેક રાજા, પ્રધાન વગેરે નગરની બહાર અશુચિ યુક્ત દુર્ગંધિત પાણીની ખાઈની પાસેથી નીકળ્યા બધાએ નાકને વસ્ત્રથી ઢાંકી, મોઢાને ઢાંક્યું. દુર્ગંધ સહન ન કરી શક્યા. રાજાએ પાણીની અમનોજ્ઞતાનું વર્ણન કર્યું. બીજા લોકોએ પણ દુર્ગંધતા માટે કહ્યું પણ પ્રધાન તટસ્થ રહ્યા. રાજા દ્વારા પૂછવાના હાવભાવ કરવાથી પ્રધાને તે જ પુદ્‌ગલ સ્વભાવનો ઉત્તર આપ્યો. આ વખતે રાજાથી ન રહેવાયું. તેમણે કહ્યું સુબુદ્ધિ ! તુ કોઈ દુરાગ્રહનો શિકાર બની રહ્યો છે. તું બીજાને નહીં પણ પોતાને જ ભ્રમમાં નાખે છે. સુબુધ્ધિ સાંભળીને મૌન રહ્યા અને મનમાં વિચાર કર્યો કે રાજાને કોઈપણ ઉપાયે સન્માર્ગે લાવવા જોઈએ. આ પ્રકારે વિચાર કરીને તેણે તે જ ખાડીનું પાણી મંગાવ્યું અને વિશિષ્ટ વિધિથી ૪૯ દિવસમાં પાણી ને શુદ્ધ અને સ્વાદિષ્ટ બનાવ્યું. આ સ્વાદિષ્ટ પાણી તેમણે જ્યારે રાજાને ત્યાં મોકલાવ્યું અને રાજાએ ભોજન સમયે તે પાણી પીધું તો તે પાણી પર

મુગ્ધ થઈ ગયા. પાણીવાળા સેવકને પૂછતાં તેણે કહ્યું આ પાણી અમાત્યજીને ઘેરથી આવ્યું છે. અમાત્યએ નિવેદન કર્યુ– સ્વામિન્ ! આ તે જ ખાઈનું પાણી છે, જે આપને અત્યંત અમનોજ્ઞ લાગ્યું હતું. રાજાએ સ્વયં પ્રયોગ કરીને જોયું. સુબુદ્ધિનું કથન સત્ય સિદ્ધ થયું. ત્યારે રાજાએ સુબુદ્ધિને પૂછ્યું સુબુધ્ધિ ! તમારી વાત વાસ્તવમાં સત્ય છે પર એ તો બતાવ કે આ સત્ય, તથ્ય, યથાર્થ તત્વ તે કેવી રીતે જાણ્યું ? તને કોણે બતાવ્યું ? સુબુદ્ધિ એ જવાબ આપ્યો સ્વામિન્ ! આ સત્યનું પરિજ્ઞાન મને ભગવાનના વચનોથી થયું. વીતરાગ વાણીથી આ સત્ય તત્વને પામી શક્યો. રાજાએ જિનવાણી શ્રવણ કરવાની અભિલાષા પ્રગટ કરી. સુબુદ્ધિએ તેને ચાતુર્યામ ધર્મનું સ્વરૂપ સમજાવ્યું. રાજા પણ શ્રમણોપાસક બની ગયા.

એક વાર સ્થવિર મુનિઓનું ચંપામાં પદાર્પણ થયું. ધર્મોપદેશ શ્રવણ કરી સુબુદ્ધિ અમાત્યે પ્રવજ્યા ગ્રહણ કરવાની ઈચ્છાથી અનુમતી માંગી. રાજાએ થોડો સમય રોકાય જવા માટે કહ્યું અને પછી બન્ને સાથે દીક્ષા અંગીકાર કરવાનું કહ્યું. સુબુદ્ધિએ તેમના કથનને માની લીધું. બાર વર્ષ પછી બંન્ને સંયમ અંગીકાર કરી અંતમાં જન્મ, જરા, મરણની વ્યથાઓથી હંમેશને માટે મુક્ત થઈ ગયા.

**(૧)** પ્રસ્તુત અધ્યયનમાં કહ્યું છે કે સમ્યક્દષ્ટિ જ્ઞાની પુરુષ કોઈ પણ વસ્તુનો કેવળ બાહ્ય દષ્ટિથી વિચાર કરતા નથી પરંતુ આંતરિક દષ્ટિથી અવલોકન કરે છે. તેની દષ્ટિ તત્ત્વસ્પર્શી હોય છે. તત્ત્વસ્પર્શી દષ્ટિથી વસ્તુનું નિરીક્ષણ કરવાના કારણે તેની આત્મામાં રાગદ્વેષના આવિર્ભાવની સંભાવના પ્રાયઃ રહેતી નથી. એનાથી વિપરીત બહિરાત્મા મિથ્યાદષ્ટિ જીવ તે વસ્તુના બાહ્યરૂપનો વિચાર કરે છે. તે તેની ઊંડાઈમાં ઉતરતો નથી. આ કારણે ઈષ્ટ–અનિષ્ટ, મનોજ્ઞ, અમનોજ્ઞ વગેરે વિકલ્પો કરે છે અને પોતાના માનસિક વિકલ્પો દ્વારા રાગદ્વેષને વશીભૂત થઈ કર્મબંધના ભાગી થાય છે. આ ઉપદેશને અહીં અત્યંત સરળ અને કથાની શૈલીમાં પ્રગટ કર્યો છે.

**(૨)** સુબુદ્ધિ પ્રધાન સમ્યક્દષ્ટિ, તત્વના જ્ઞાતા અને શ્રાવક હતા. માટે સામાન્ય લોકોની દષ્ટિથી તેમની દષ્ટિ જુદી છે. સમ્યકદષ્ટિને યોગ્ય પરિણમન બુદ્ધિ તેમનામાં હતી.સમ્યકદષ્ટિ આત્મા કોઈ વસ્તુના ઉપયોગ થી ન તો વિસ્મિત થાય છે અને ન પીડા દુઃખ અથવા દ્વેષનો અનુભવ કરે છે. તે યથાર્થ વસ્તુના સ્વરૂપને સમજીને, પોતાના સ્વભાવમાં સ્થિર રહે છે. સમ્યક્દષ્ટિ જીવની આ વ્યવહારિક કસોટી છે, જે એમનો આદર્શગુણ છે.





**(૩)** શ્રાવકપણું કોઈ કુળમાં જન્મ લેવાથી આવતું નથી. આ કોઈ જાતિગતની વિશેષતા પણ નથી. પ્રસ્તુત સૂત્ર સ્પષ્ટ નિર્દેશ કરે છે કે શ્રાવક થવા માટે સર્વપ્રથમ વીતરાગ પ્રરૂપિત તત્ત્વસ્વરૂપ પર શ્રદ્ધા હોવી જોઇએ.

**(૪)** મનુષ્ય જ્યારે શ્રાવક પદ અંગીકાર કરે છે, શ્રાવકવૃત્તિનો સ્વીકાર કરે છે ત્યારે તેના આંતરિક જીવનમાં પૂર્ણ પરિવર્તન થવા પર બાહ્ય વ્યવહારમાં પણ સ્વતઃ પરિવર્તન આવે છે. તેમનું રહેવું, ખાવું, પીવું વગેરે બધો જ વ્યવહાર બદલાઈ જાય છે. શ્રાવક ભલે તે શરીરમાં રહે પણ તે નૂતન જીવન પ્રાપ્ત કરે છે. તેને સમગ્ર જગત વાસ્તવિક સ્વરૂપમા દષ્ટિગોચર થવા લાગે છે. તેની પ્રવૃતિ પણ તે અનુસાર થઈ જાય છે. આ વાત આ અધ્યયનમાં સુબુદ્ધિ મંત્રીના જીવનથી જ્ઞાત થાય છે.

**(૫)** આ સૂત્રથી રાજા અને મંત્રી વચ્ચે કેવા પ્રકારનો સંબંધ પ્રાચીનકાળમાં રહેતો હતો તે પણ જાણવા મળે છે.

### નિબંધ–૨૫

## મનુષ્ય ભવમાં હાર્યા, દેડકાના ભવમાં જીત્યા

વ્યક્તિએ ધર્મ પ્રાપ્ત કર્યા પછી પણ સંત-સમાગમ અને જિનવાણીના જ્ઞાનની પ્રાપ્તિ અને વૃદ્ધિ કરવી જોઈએ. સંત-સમાગમ વગર અલ્પજ્ઞાની સાધક ક્યારેક કોઈ પણ વિચારોમાં ભટકી શકે છે અને પોતાની મૌલિકતા ખોઈ બેસે છે. આ તથ્યની પુષ્ટી હેતુ અહીં નંદમણિયાર શ્રાવકના જીવનની ઘટના કહી છે.

રાજગૃહી નગરીમાં નંદમણિયાર ભગવાન મહાવીર સ્વામીના વ્રતધારી શ્રાવક હતા. કાલાન્તરમાં તેની અન્ય લોકોની સંગતિથી રૂચિમાં પરિવર્તન થવા લાગ્યું. તે સંત-સમાગમથી પણ વંચિત રહેવા લાગ્યા. એક વખત ગરમીના સમયે એને પૌષધશાળામાં અષ્ટમભક્ત પૌષધ યુક્ત તપશ્ચર્યા કરી. ભૂખ-તરસથી તે દુ:ખિત થવા લાગ્યા. પૌષધ મર્યાદામાં અયોગ્ય એવા વાવડી બગીચા વગેરે બનાવવાની ભાવના થઈ.

બીજે દિવસે પૌષધ પૂર્ણ કરી તે રાજા પાસે ગયા. રાજાની અનુમતિ પ્રાપ્ત કરી એને એક સુંદર વાવડી બનાવી, બગીચા બનાવ્યા અને ચિત્રશાળા, ભોજનશાળા, ચિકિત્સાશાળા તથા અલંકારશાળાનું નિમાર્ણ કરાવ્યું. બહુ સંખ્યામાં બધા લોકો તેનો ઉપયોગ કરવા લાગ્યા અને નંદમણિયારની પ્રશંસા કરવા લાગ્યા. પોતાની પ્રશંસા અને કીર્તિ સાંભળી નંદ બહુ જ ખુશ થયા. વાવડી પ્રત્યે એના

હૃદયમાં બહુજ આસક્તિ થઈ. એક વાર નંદના શરીરમાં એક સાથે સોળ રોગ ઉત્પન થયા એમને, એક રોગ પણ મટાડી દે તેને યોગ્ય પુરસ્કાર દેવાની ઘોષણા કરી. અનેક ચિકિત્સકો આવ્યા, જુદી જુદી ચિકિત્સા પધ્ધતિના તેમણે પ્રયોગ કર્યા. પરંતુ કોઈ પણ સફળ ન થઈ શક્યા. અંતમાં નંદમણિયાર વાવડીની આસક્તિના કારણે આર્તધ્યાનમાં રહીને તે જ વાવડીમાં દેડકાની યોનિમાં ઉત્પન્ન થયા. ત્યાં લોકોના મુખથી વારંવાર નંદમણિયારની પ્રશંસા સાંભળી તેને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. ત્યારે પોતાના પૂર્વભવમાં મિથ્યાત્વને લીધે પ્રાપ્ત દુર્ગતિનો પશ્ચાત્તાપ કરી આત્મશાક્ષીથી પુનઃ શ્રાવકના વ્રત અંગીકાર કર્યા.

એક વખત ભગવાન મહાવીરનું રાજગૃહીમાં સમોસરણ થયું. તેણે પણ ભગવાનના આગમનનું વૃતાંત સાંભળ્યો. ભક્તિભાવથી પ્રેરિત થઈને ભગવાનની ઉપાસના માટે રવાના થયો. પરંતુ રસ્તામાં રાજા શ્રેણિકની સેના ના એક ઘોડાના પગની નીચે આવીને કચડાઈ ગયો. જીવનનો અંત સામે જોઈને તેણે અંતિમ સમયની વિશિષ્ટ આરાધનાથી મૃત્યું પામી દેવપર્યાયમાં ઉત્પન્ન થયો. ઉત્પન્ન થતાં જ અવધિજ્ઞાનથી જાણીને તે ભગવાનના દર્શન કરવા ગયો. દેવગતિનું આયુષ્ય પૂર્ણ થયા પછી મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્ય ભવ પ્રાપ્ત કરી, ચારિત્ર અંગીકાર કરી મુક્તિને પ્રાપ્ત કરશે.

**(૧)** આ અધ્યયનમાં નિરૂપિત ઉદાહરણમાં પાઠાકોને જે બોધ આપ્યો છે તેમાં બે વાત પ્રધાન છે– **૧.** સદ્‌ગુરુના સમાગમથી આત્મગુણોની વૃદ્ધિ થાય છે. માટે સદ્‌ગુરુ અને સદજ્ઞાનનો સમાગત કરતા રહેવો જોઈએ. **૨.** આસક્તિ અધઃપતન નું કારણ છે. તેથી હંમેશા વિરક્તભાવને જીવનના પ્રત્યેક ક્ષણમાં ઉપસ્થિત રાખવા જોઈએ.

**(૨)** ગૃદ્ધિ, આસક્તિ મોહ અથવા રાગ આને કોઈ શબ્દથી ઓળખીએ તે આત્માને મલિન બનાવે છે અને આત્માના અધઃપતનનું તે જ મુખ્ય કારણ છે. નંદમણિયારે પુષ્પકરિણી બનાવડાવી. યશ-કીર્તિ સાંભળી આનંદિત થયો. અંતિમ સમયમાં તે નંદમણિયાર પુષ્પકરિણીમાં આસક્ત થયા. આ આસક્તિ ભાવે તેનું ઉર્ધ્વગમનના બદલે અધોગમન થયું અને તે જ પુષ્પકરિણીમાં દેડકાની પર્યાયમાં તે ઉત્પન્ન થયો.

**(૩)** આ અધ્યયનમાં તિર્યંચ ભવમાં પણ શ્રાવક વ્રત સ્વયં ઘારણ કરવાનો અને આજીવન સંથારો પણ સ્વયં ઘારણ કરવાનો આદર્શ ઉપસ્થિત કર્યો છે.





**(૪)** શ્રાવકના વ્રતોમાં પાપના સ્થૂલ ત્યાગ હોય છે. અને તેના સંથારામાં પાપોનો સર્વથા ત્યાગ હોય છે. તો પણ સંથારામાં તે સાધુ કહેવાતા નથી. પરંતુ શ્રાવક જ કહેવાય છે. બાહ્યવિધિ, વેશ વ્યવસ્થા તેમજ ભાવોમાં સાધુ અને શ્રાવકમાં અંતર હોય છે. માટે સંથારામાં પાપોનું(સાધુની સમાન)સર્વથા પચ્ચક્ખાણ હોય છતાં પણ શ્રાવક, શ્રાવક જ કહેવાય છે, તે સાધુ કહી શકાતો નથી.

**(૫)** અહીં સમ્યક્ત્વના ચાર શ્રદ્ધાનનું મહત્વ સ્પષ્ટ થાય છે, તે આ પ્રકારે છે.– **૧.** જિન ભાષિત તત્વોના જ્ઞાનની વૃદ્ધિ કરવી. **૨.** તત્વ જ્ઞાતા સાધુ અથવા શ્રાવકનો સંગાથ કરવો જોઈએ. **૩.** અન્યધર્મીઓના સંગનો ત્યાગ. **૪.** સમ્યક્ત્વથી ભ્રષ્ટ થનારનો પરિચય ન કરવો. આ ચાર બોલોથી વિપરીત સંયોગ અથવા આચરણ થવાથી નંદમણિયાર શ્રાવક ધર્મથી ચ્યુત થઈ ગયા હતા. અધ્યયન–૧૨ અને ૧૩ આ બંનેમાં એક શ્રેષ્ઠ શ્રાવક અને એક પતિત શ્રાવકનું વર્ણન દ્રષ્ટાંત રૂપે આપ્યું છે. સુબુદ્ધિ પ્રધાન શ્રાવક તે જ ભવે મોક્ષગામી થયા અને નંદમણિયાર શ્રાવક આગામી ભવોમાં મોક્ષ પ્રાપ્ત કરશે.

આજના જમાનામાં કેટલાક ધાર્મિક સ્થાનકવાસી પરિવાર સંત-સમાગમ ના અભાવમાં અથવા શ્રધ્ધાથી ભ્રષ્ટ અને નામધારી જૈનના ભાષા લાલિત્યના ચક્કરમાં આવીને પોતાની શુધ્ધ વીતરાગ સ્યાદવાદ માર્ગમાં તથા દ્રવ્ય–ભાવરૂપ ઊભયાત્મક આત્મસાધનાના સત્ય માર્ગથી ચલાયમાન થઈને દાદા ભગવાન, શ્રીમદ્‌રાજચંદ્ર, કાનજીસ્વામી વગેરે જૈન કહેવાતા પંથોમાં કે અન્ય ધર્મના સ્વામીનારાયણ, શુચિધર્મ, દાનધર્મ વગેરે એકાંતિક માર્ગમાં ભટકાય છે. હંમેશને માટે સમ્યક્જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ પ્રધાન વીતરાગ માર્ગના આચરણથી દૂર થઈ પોતાને પરમધર્મી, પરમ વીતરાગી બનવાનો સંતોષ માની દંભ કરે છે. તેમની દશા આ અધ્યયન વર્ણિત નંદમણિયાર જેવી થાય છે. છેલ્લે એક દિવસ પુનઃ શુધ્ધ વીતરાગ ધર્મમાં આવ્યા વિના તે ભગવાન મહાવીરના વ્રત, નિયમ, અણુવ્રત, મહાવ્રતની ઉપેક્ષાવાળા ધર્મોથી તેમનું કલ્યાણ સંભવ નથી. અને અનુકંપા પાત્ર બિચારા તેઓ જૈનધર્મના નામથી અથવા કલ્યાણ માર્ગના ભ્રમથી હંમેશ માટે સાચા સ્યાદ્‌વાદ રૂપ મોક્ષમાર્ગથી વંચિત રહી જાય છે. એવા લોકો ઉદય કર્માધીન હોવાથી દયાને પાત્ર છે. માટે દરેક સાધકે પોતાની સમ્યક્ત્વની સુરક્ષાર્થે પોતાના ધર્મની સીમામાં સાવધાનીથી રહેતાં ખોટી પ્રસિદ્ધિ મેળવનાર વક્તાઓની વાક્ચતુરાઈમાં નહીં ફસાવવું જોઈએ.

## નિબંધ–૨૬

# દ્રૌપદીના અધ્યયનથી પ્રાપ્ત જ્ઞેય તત્ત્વ

**(૧)** ધર્મ અને ધર્માત્માઓ સાથે કરેલો અલ્પતમ અપરાધ વ્યક્તિને ભવોભવ દુઃખદાઈ થઈ જાય છે. જેમ કે નાગશ્રીએ મુનિને ઝેરનું દાન આપીને અપાર દુઃખ જ પ્રાપ્ત કર્યું.

**(૨)** પાપ છુપાવવાથી છુપાતું નથી, તેને દુષ્કૃત્ય કરવા સમયે હંમેશાં સ્મરણમાં રાખવું જોઈએ. તે અનેક ગણો વધીને પ્રગટ થાય છે. નાગેશ્રીએ ઝેર વહોરાવ્યું તે ગુપ્ત હતું, તોપણ બધાને ખબર પડી ગઈ.

**(૩)** કર્મોના વિપાક મહાભયાનક હોય છે. નાગેશ્રી સગવડ સંપન્ન હતી છતાં એ જ ભવમાં ભિખારણ બની. અંતમાં ૧૬ રોગોની વ્યથા ભોગવીને નરકમાં ગયી.

**(૪)** મુનિ જીવનની સાધનાઓ જિનશાસનમાં વિવિધ પ્રકારની હોય છે. ગચ્છ અને ગુરુની સાથે રહેતા મુનિ મોટી તપસ્યાનું પારણું લાવામાં અને પરઠવામાં સ્વતંત્ર અને સ્વાવલંબી રહી શકે છે. યથા– ધર્મરુચિ અણગારના ગુરુ તેમને માસખમાણની તપસ્યામાં પારણુ લાવવા અને ઝેરના આહારને પરઠવા જાવાની અનુમતિ આપી બીજા સાધુને મોકલવા માટેનો પ્રસ્તાવ પણ નહીં રાખ્યો.

**(૫)** પરઠવાની ગુરુની આજ્ઞા હતી છતાં પણ ધર્મરુચિએ તે ઝેરને સ્વયં પી લીધું. આ પણ સમય પર કરેલો પોતાનો વિવેક સમજવો. વિવેકનું મહત્વ વિનય અને આજ્ઞાથી પણ વધારે સમજવું. અને તે ભગવદાજ્ઞાની આરાધનામાં હોય છે, વિરાધનામાં નથી.

**(૬)** સાધુએ કોઈના ગુપ્ત અવગુણ ન ખોલવા જોઈએ. તોપણ ધર્મ પર સંભવિત આક્ષેપ આપત્તિથી બચવાના હેતુથી ધર્મઘોષ અણગારને નાગેશ્રીનું નામ ચોરચોહટે પ્રગટ કરવું આવશ્ક લાગ્યું. નહીતર આ બદનામી થાત કે સાધુઓએ ઝેર આપ્યું, કેમકે જંગલમાં પડેલા મુનિના મૃત શરીરમાં ઝેરનું પરિણમન સ્પષ્ટ દેખાતું હતું. આ પણ ધર્મઘોષ આચાર્યનો વિવેક વ્યવહાર હતો. તેમણે જગ્યાએ-જગ્યાએ સાધુઓ વડે ઘોષણા કરાવી કે નાગેશ્રીએ વહોરાવેલા ઝેરી શાક ખાવાથી મુનિનું મૃત્યું થયું. ધર્મઘોષ આચાર્ય પૂર્વોના(ચૌદપૂર્વ જ્ઞાન) ધારક આગમ વિહારી હતા.

**(૭)** પરસ્ત્રી સેવનનો ત્યાગ ધાર્મિક જીવન માટે અને વ્યવહારિક જીવન માટે





અત્યંત આવશ્યક સમજવું જોઈએ. પરસ્ત્રીલંપટ પુરુષોનો પરભવ તો બગડે છે પરંતુ કોઈ વ્યક્તિ આ ભવમાં પણ મહા દુઃખી અને નિંદિત થાય છે. જેમ કે– દ્રૌપદી પર લલચાતા અમરકંકાના રાજા પદ્મરથ. શાસ્ત્રમાં પણ કહ્યું છે કે **कामे य पत्थेमाणा, अकामा जंति दुग्गइं ।** અર્થાત્ તેને ઈચ્છિત ભોગ ન મળે તો પણ વિચારોની મલિનતાથી તે દુર્ગતિના ભાગી બને છે. માટે મર્યાદિત વ્રતધારી જીવન એટલે સ્વદાર સંતોષ વ્રત અવશ્ય સ્વીકાર કરવો જાઈએ.

**(૮)** કથાનકના બધા પ્રસંગો ઉપાદેય હોતા નથી. તેમાં કેટલાક પ્રસંગ માત્ર જ્ઞાતવ્ય હોય છે, કેટલાક ઉપાદેય–ધારણ કરવા યોગ્ય હોય છે. અને કોઈક છોડવા જેવા હોય છે અને કોઈ આદર્શ શિક્ષારૂપ હોય છે. તેથી આવી કથાઓમાંથી વિવેકપૂર્વક ક્ષીરનીરની બુધ્ધિથી આદર્શને ગ્રહણ કરવો જોઈએ.

**(૯)** ભાષાપ્રયોગનું પણ પરિણામ ઉપર અસર પડે છે તેથી એમાં વિવેક રાખવો જોઈએ. જેમકે– પદ્મરથ સામે યુદ્ધ કરવા જતા સમયે પાંડવોના શબ્દ ઉચ્ચારણ અને કૃષ્ણના શબ્દ ઉચ્ચારણ. યથા– અગર તો અમે રહેશું કે પદ્મરથ–(પાંડવ) હું જીતીને આવીશ–(કૃષ્ણ).

**(૧૦)** મોટા પુરુષોની સાથે ક્યારે ય ઠઠ્ઠા, હસી મજાક, કુતુહલ વૃત્તિનો વ્યવહાર ન કરવો જોઈએ. અન્યથા અતિ પ્રેમ પણ તૂટવાનું કારણ બને છે. જેમ– પાંડવોએ કૃષ્ણની શક્તિ જોવા માટે ભોલાપણું કર્યું. જેનું પરિણામ એ આવ્યું કે અપમાનિત થઈને પરિવાર સાથે દેશ છોડીને સમુદ્ર કિનારે જઈને આજીવન રહેવું પડ્યું. માતા–પિતાએ પણ પાંડવોને સાથ ન આપ્યો. અપિતુ વિદાય કર્યા. જીવનભર માટે તેઓનું હસ્તિનાપુર પણ છુટી ગયું.

**(૧૧)** ઉત્તમ પુરુષ વાસ્તવમાં એ હોય છે જે પોતાનું પાછળનું જીવન સુધારી લે છે. કહ્યું છે કે **પાછળ ખેતી નીપજે, તો ય દરિદ્ર દૂર.** પાંચ પાંડવોએ પુત્રને રાજ્યભાર સોંપીને સંયમ ગ્રહણ કરી આત્મ કલ્યાણ સાધી લીધું. આખી જીંદગી સંસારની આસક્તિમાં ન વિતાવી.

**(૧૨)** તીર્થંકરની હયાતીમાં પણ સ્થવિરો પાસે દીક્ષા લઈ શકાય છે. જેમ કે પાંચે પાંડવોએ ધર્મઘોષ આચાર્ય પાસે દીક્ષા લીધી. ત્યારે અરિષ્ટનેમિ ભગવાન વિચરણ કરતા હતા.

**વિસ્મયકારી રહસ્ય** –અહીંના વર્ણન અનુસાર તો પાંડુરાજાના રાજ્યકાળમાં પાંચ પાંડવો હસ્તિનાપુર છોડીને ચાલ્યા ગયા હતા અને પાંડુ મથુરામાં રહેતાં

તેઓએ દીક્ષા લીધી હતી. આ પ્રકારના આગમ વર્ણનથી તો મહાભારતના યુધ્ધ થવાની કોઈ શકયતા લાગતી નથી કેમકે પાંડુરાજા સ્વયં હસ્તિનાપુરનું રાજ્ય સંભાળતા હતા. ત્યારે પાંડવોને દેશ નિકાલ કૃષ્ણએ આપી દીધો હતો.

**વાસ્તવિકતા** –દ્રૌપદીના સ્વયંવરના સમયે પાંડવો અને કૃષ્ણને બોલાવ્યા હતા અને જરાસંઘ પ્રતિવાસુદેવ(હજારો રાણીઓ)હોવાથી તેના પુત્ર માટે નિમંત્રણ મોકલ્યું હતું. ત્યાંની ઘટના અને કૃષ્ણની પ્રધાનતાનું વર્ણન પુત્ર દ્વારા જાણવાથી જરાસંઘના ઉતેજિત થવા પર કૃષ્ણ અને જરાસંધનું યુધ્ધ થયું. તેમા કૌરવ જરાસંઘ ના પક્ષમાં મરી ગયા. (સ્વયંવરમાં તો આવ્યા હતા પછીનું તેમનું કંઈપણ વર્ણન નથી) રાજ્ય તો ત્યાં સુધી પાંડુરાજા જ સંભાળતા હતા. યુધિષ્ઠિર અને દુર્યોધનને રાજ્ય સંભાળવાનો કોઈ પ્રશ્ન જ રહેતો નથી. પાંડવોના દેશનિકાલ સુધી તો પાંડુરાજા જ રાજ્ય સંભાળતા હતા. **આ આગમ આધારિત અનુપ્રેક્ષણ નિષ્કર્ષ પ્રસ્તુત કરવામાં આવ્યું છે. વિદ્વાન, બુધ્ધિમાન, સ્વાધ્યાયી, આગમ સંપ્રેક્ષણના સમયે એની પરીક્ષા કરશે. કોઈ નવો આગમ નિષ્કર્ષ ધ્યાનમાં આવે અને શંકા જિજ્ઞાસા જેવું લાગે તો સંપાદકથી પત્રવ્યવહાર કરવાનું ધ્યાનમાં લે.**

## નિબંધ–૨૭

# સુંસમાના અધ્યયનથી પ્રાપ્ત શિક્ષા-જ્ઞાતવ્ય

ધન્ના સાર્થવાહ અને તેમના પુત્રોએ સુંસમાના માંસ–લોહીનો આહાર શરીરના પોષણ માટે લીધો ન હતો, જિવ્હા લોલુપતા ને વશીભૂત થઈને ન લીધો હતો. પરંતુ રાજગૃહી સુધી પહોંચવાના એક માત્ર ઉદ્દેશથી જ કર્યો હતો. આ જ રીતે સાધક મુનિઓએ આ અશુચિ શરીરના પોષણ માટે નહીં પરંતુ મુક્તિધામ સુધી પહોંચવાના લક્ષથી જ આહાર કરે. જેવી રીતે ધન્ના સાર્થવાહ પોતાની પુત્રીના માંસ–રૂધિરનાં સેવનમાં લેશમાત્રપણ આસક્ત કે લોલુપ ન હતા. તેવી જ રીતે સાધકના મનમાં આહાર પ્રત્યે અણુમાત્રની આસકિત ન હોવી જાઈએ. ઉચ્ચતમ કોટિની અનાશક્તિ પ્રદર્શિત કરવા માટે આ ઉદાહરણ અત્યંત ઉપયુક્ત છે. આ દ્રષ્ટાંતના વિષયમાં યોગ્ય દષ્ટિકોણથી શાસ્ત્રકારના આશયને સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ.

આપણી સાધનાને ઉન્નતોન્નત બનાવવાના લક્ષવાળા સાધકોએ આ દ્રષ્ટાંતમાં બતાવેલા સંદેશ અનુસાર આહાર પ્રત્યે પોતાની ઉદાસીન ભાવનાઓનું સર્જન કરવું જોઈએ. તેના માટે આહાર કરવાના સમયે તેમજ અન્ય સમયમાં



આગમ નિબંધમાલા-૨

પણ આ દ્રષ્ટાંતનું અનુચિંતન કરતાં રહેવું જોઈએ. કે આપ્તપુરુષોએ ભિક્ષુને આહાર માટે આવી મનોવૃત્તિ રાખવાનો ઉપદેશ આપ્યો છે. પોતાના પરિવારિક જનોના કે કોઈ માનવના મૃત કલેવરનો આહાર આસકિતપૂર્વક કરવાવાળા તો મનુષ્યની કોટીમાં પણ ન ગણી શકાય. તેમજ ભિક્ષામાં પ્રાપ્ત આહારને ગૃહત્યાગી નિર્ગ્રંથ આસકિતપૂર્વક ખાય તો તેની તે વૃત્તિ સાધુત્વને પડકાર આપનારી થાય છે. એટલે કે એ સાધક પોતાની ભાવ સંયમથી હાથ ધોઈ બેસે છે. સંયમની સાચી આરાધના તેઓ કરી શકતા નથી. કોઈ કવિએ કહ્યું છે કે **દિપક ઝોલો પવન કો, નરને ઝોલો નાર, સાધુને ઝોલો જીભકો, ડુબે કાલી ધાર.**

જે પ્રકારે ધન્ના સાર્થવાહે માત્ર નગરમાં પહોંચવા માટે તે આહાર કર્યો હતો તેમાં સ્વાદનો કોઈ પણ પ્રકારનો આનંદ ન લીધો. એવી જ રીતે શ્રમણ નિર્ગ્રંથોએ મુક્તિ પ્રાપ્ત કરવાના હેતુથી અથવા ગ્રહણ કરેલા સંયમની પાલના માટે પોતાના શરીરની અતિઆવશ્યક શક્તિ ને બનાવી રાખવા આહાર કરવો જોઈએ. અન્ય કોઈ પણ હેતુ આહાર કરવા માટે ન હોવો જાઈએ. આ જ અપેક્ષાને વિસ્તૃત રૂપમાં બતાવવા માટે આહાર કરવા કે ન કરવાના છ-છ કારણ ઉત્તરાધ્યયન સૂત્રમાં અને ઠાણાંગ સૂત્ર વગેરેમાં કહ્યા છે. **શરીરમાંદ્ય ખલુ ધર્મ સાધનમ્,** એટલે કે ધર્મ સાધનાનું પ્રથમ અથવા પ્રધાન સાધન શરીર છે. શરીરની રક્ષા પર સંયમની રક્ષા નિર્ભર છે. માનવ શરીરના માધ્યમથી જ મુક્તિની સાધના સંભવ હોય છે. તેથી ત્યાગી વૈરાગી ઉચ્ચકોટીનાં સંતો ને પણ શરીર ટકાવવા આહાર કરવો પડે છે.

તીર્થંકરોએ આહાર કરવાનું વિધાન પણ કર્યું છે. કિંતુ સંતજનો એ આહાર પોતના લક્ષની પૂર્તિના એકજ ધ્યેયને સામે રાખીને કરવો જોઈએ. શરીરની પૃષ્ટિ, સુંદરતા, વિષયસેવનની શક્તિ, ઈન્દ્રિય તૃપ્તિ વગેરેની દષ્ટિથી નહીં. સાધુ જીવનમાં અનાશક્તિનું સૌથી વધારે મહત્વ છે. ગૃહસ્થોના ઘરે ગોચરી દ્વારા સાધુને આહાર ઉપલબ્ધ થાય છે. તે મનોજ્ઞ પણ હોય શકે, અમનોજ્ઞ પણ હોય શકે. આહાર અમનોજ્ઞ હોય તો સાધુ તેના પર અપ્રીતિ ભાવ, અરુચિ અથવા દ્વેષનો ભાવ ઉત્પન્ન ન કરે અને મનોજ્ઞ આહાર કરતા સમયે પ્રીતિ અથવા આસકિત ઉત્પન્ન ન થાય; આ સાધુની સમભાવની કસોટી છે. આ કસોટી બહુ વિકટ છે. આહાર ન કરવો એ અઘરું નથી, જેટલું અઘરું છે મનોહર, સ્વાદિષ્ટ આહાર લેતા પૂર્ણ રૂપમાં અનાશક્ત રહેવું. વિકારનું કારણ વિદ્યમાન થાય તો

પણ ચિત્ત વિકૃત ન થાય તે માટે દીર્ઘકાળનો અભ્યાસ, ધૈર્ય તેમજ દ્રઢતાની આવશ્યકતા હોય છે.

ધન્ના સાર્થવાહને પોતાની દીકરી સુંસુમા અતિશય પ્રિય હતી. તેની રક્ષા માટે બધાજ સંભવિત ઉપાયો કર્યા. તેના નિર્જીવ શરીરને જોઈને તે સંજ્ઞાશૂન્ય થઈને ધરતી પર ઢળી ગયો, રડતો રહ્યો. આનાથી સ્પષ્ટ છે કે સુંસુમા એમની પ્રિય પુત્રી હતી છતાં પણ પ્રાણરક્ષાનો અન્ય ઉપાય ન રહેવાથી એને એના નિર્જીવ શરીરના માંસ–શોણિતનો આહાર કર્યો.

કલ્પના કરી શકીએ છે કે, આ પ્રકારનો આહાર કરતા સમયે ધન્યના મનમાં કેવી સીમાનો અનાસક્ત ભાવ હશે. નિશ્ચયથી લેશમાત્ર પણ આસકિતનો સંસ્પર્શ એના મનને સ્પર્શી ન શકે. અનુરાગ પણ થયો નહી હોય. ધન્યે એ આહારમાં જરા પણ આનંદ ન માણ્યો હોય. રાજગૃહ નગર અને પોતાના ઘરે પહોંચવા માટે અને પ્રાણ ટકાવા માટે, એ જ એક લક્ષ રહ્યું હતું. સાધુઓએ આ પ્રકારનો અનાસક્ત ભાવ રાખીને આહાર કરવો જોઈએ. અનાસકિતને સમજવા માટે આનાથી સારું તો દૂર રહ્યું પણ આની સમકક્ષ ઉદાહરણ મળવું પણ સંભવ નથી. આ સર્વોત્કૃષ્ટ ઉદાહરણ છે. આ દ્રષ્ટિકોણને સમજીને આ ઉદાહરણનું અર્થઘટન કરવું જોઈએ.

## નિબંધ–૨૮

# પુંડરીક-કંડરીકના અધ્યયનથી પ્રાપ્ત શિક્ષા

સંયમ જીવનમાં રોગના કારણે કદાચ ઔષધનું સેવન કરવું પડે કે શક્તિ વર્ધક દવા લેવી પડે ત્યારે અત્યધિક વિવેક રાખવો જોઈએ. કયારેક આવી દવાઓથી એશ આરામ, ભોગાકાંક્ષાની મનોવૃત્તિ પ્રબળ થાય છે. દા.ત. શૈલક રાજર્ષિ અને કંડરીક મુનિ. બન્ને મુનિઓને પથ ભ્રષ્ટ થવામાં ચિકિત્સા જ કારણ ભૂત બની હતી. પ્રાયઃ અનેક સાધુ દવાની માત્રામાં કે પરેજી પાળવામાં અવિવેક કરી જાય છે તેથી તેનું પરિણામ નવા રોગોની ઉત્પત્તિ અને જીવન વિનાશ થાય છે. **(૨)** વિગય અને મહાવિગયનું વિપુલ માત્રામાં સેવન કરવાથી પણ વિકાર પેદા થાય છે. છતાં પણ તે સુસાધ્ય છે એટલે કે વિગયોત્પન્ન વિકારનું તપ દ્વારા ઉપશમન થઈ શકે છે. પણ ઔષધજન્ય વિકાર મહા ઉન્માદ પેદા કરે છે. કુશલ સેવાનિષ્ઠ પંથકના મહિનાઓના પ્રયત્નથી શૈલક રાજર્ષિનો ઉન્માદ શાંત થયો હતો. પણ કંડરીકનો વિકારોન્માદ શાંત ન જ થયો. ત્રણ દિવસના ક્ષણિક–નશ્વર





જીવન માટે વર્ષોની કમાણી બરબાદ થઈ. આ નિકૃષ્ટતમ દરજ્જાનો ઉન્માદ આત્મદેવાળું ફૂંકવાનું દષ્ટાંત પૂરું પાડે છે.

**(૩)** અલ્પકાળની આસકિત જીવોને ઉંડા ખાડામાં નાખી દે છે; જ્યારે અલ્પકાળ નો વૈરાગ્યોત્સાહ પ્રાણીને ઉચ્ચતમ શિખરે પહોંચાડે છે. પુંડરીક રાજર્ષિએ ત્રણ દિવસના ઉત્કૃષ્ટ સંયમ અને એક છટ્ઠ તપની આરાધનાથી ગુરુ ચરણોમાં સ્થિર થતાં આત્મ કલ્યાણ સાધી લીધું. ત્રણ દિવસ તો શું.... એક ઘડીનો વૈરાગ્ય પણ બેડો પાર કરાવી દે છે અને ક્ષણભરની લાપરવાહી વર્ષોની કમાણી લૂંટાવી દે છે.

**(૪) પુંડરીક રાજાએ** સ્વયં વેશ ધારણ કર્યો, દીક્ષા લીધી. છતાંય ગુરુ પાસે પુનઃ મહાવ્રતોનું ઉચ્ચારણ કર્યું. પ્રથમ છટ્ઠના પારણે ગુરુ આજ્ઞા લઈ વહોરવા ગયા. વૈરાગ્યની ધારા ઉત્કૃષ્ટ હતી તેથી નિરસ, રૂક્ષ આહાર લઈ આવ્યા. પાદ વિહાર, તપશ્ચર્યા અને રૂખા આહારથી દારૂણ ઉદરપીડા ઉત્પન્ન થઈ. ઉચિત અવસર જાણી અનશન ગ્રહણ કર્યું અને રાત્રે જ કાળધર્મ પામ્યા. સર્વાર્થસિદ્ધ અનુત્તર વિમાનમાં ૩૩ સાગરોપમની સ્થિતિએ ઉત્પન્ન થયા. **કંડરીક** પ્રબળ ઇચ્છાથી રાજા બન્યા અને ત્રીજે દિવસે મૃત્યુ પામી સાતમી નરકમાં ૩૩ સાગરોપમની સ્થિતિએ ઉત્પન્ન થયા.

**(૫)** વિષય-કષાય આત્માના મહાન લુંટારા છે. અનર્થની ખાણ છે. આત્મગુણોને માટે અગ્નિ અને ડાકૂનું કામ કરવાવાળા છે. વિષય ભોગને વિષ અને કષાયને અગ્નિની ઉપમા આપવામાં આવી છે. હૃષ્ટ-પુષ્ટ શરીરનો ક્ષણભરમાં ખાત્મો બોલાવી દેનાર વિષ છે. જ્યારે અગ્નિ અલ્પ સમયમાં બધું જ ભસ્મ કરી નાખે છે. એ જ ન્યાયે વિષય-કષાય અલ્પ સમયમાં દીર્ઘકાળની આત્મસાધનાને નષ્ટ કરી નાખે છે. વિષયભોગમાં અંધ બનેલ મણિરથ મદનરેખામાં અંધ બની નિરપરાધ નાના ભાઈની હત્યા કરે છે. સર્પદંશથી પોતાનું મૃત્યુ થતાં નરકમાં ચાલ્યો જાય છે.

***નિરંતર માસખમણની તપશ્ચર્યા કરવાવાળા મહાતપસ્વી પણ જો કષાયને વશ થઈ જાય તો વારંવાર જન્મ-મરણ કરે છે. –સૂય. અ. ૨. ઉ. ૧.***

કષાય અને વિષયની તીવ્રતાવાળી વ્યકિત ચક્ષુહીન ન હોવા છતાં અંધ કહેવામાં આવી છે–મોહાંધ, વિષયાંધ, ક્રોધાંધ ઈત્યાદિ....। ઉત્ત.અ.૧૯માં વિષય ભોગને કિંપાગ ફળની ઉપમા આપી છે.

**(૬)** આ અંતિમ અધ્યયનમાં કામભોગોનું દુઃખમય પરિણામ અને સંયમના શ્રેષ્ઠ આનંદનું પરિણામ બતાવ્યું છે.

## નિબંધ–૨૯

# જ્ઞાતસૂત્રના ૧૯ અધ્યયનોનું હાર્દ

**(૧)** સંસાર ભ્રમણના દુઃખોની તુલનામાં સંયમના કષ્ટો નગણ્ય છે. સંયમથી અસ્થિર બનેલ આત્માને વિવેકથી સ્થિર કરવો જોઈએ. દા.ત. ભગવાન મહાવીરે મેઘમુનિને સ્થિર કર્યા.

**(૨)** કોઈ કાર્યના મૌલિક આશયને સમજ્યા વિના નિર્ણય ન લેવો. શરીર, ધર્મ સાધનાનું સાધન અને મુક્તિમાર્ગનો સાથી હોવાથી આહાર દેવો પડે છે એવી વૃત્તિથી આહાર કરવો. જેમ કે શેઠે વિજય ચોરને આહાર આપ્યો.

**(૩)** જીવનમાં પોતાના સાધ્ય પ્રત્યે દઢ શ્રદ્ધા હોવી જોઈએ. જિનદત્ત પુત્રને ઈંડા પ્રત્યે હતી તેવી.

**(૪)** ઈન્દ્રિય અને મનનો નિગ્રહ કરી આત્મસાધનામાં અગ્રેસર થવું. ગંભીર કાચબા સમાન. ચંચળ અને કુતૂહલવૃત્તિનો ત્યાગ કરવો.

**(૫)** માર્ગચ્યુત સાધકનો તિરસ્કાર ન કરતાં કુશળતા અને આત્મીયતાથી તેનો ઉદ્ધાર કરવા પ્રયત્ન કરવો. દા.ત. પંથક. ઔષધ પ્રયોગમાં અત્યધિક સાવધાની રાખવી.

**(૬)** કર્મ આત્માને લેપયુકત તુંબડાની સમાન ભારે બનાવી સંસારમાં ભટકાવે છે. ૧૮ પાપથી કર્મ પુષ્ટ થાય છે તેથી પાપનો ત્યાગ કરી કર્મની નિર્જરા કરવામાં સદા પુરુષાર્થ રત રહેવું જોઈએ.

**(૭)** આત્મગુણોનો દિનપ્રતિદિન વિકાસ કરતા રહેવું. ધન્ના સાર્થવાહની ચોથી પુત્રવધૂ રોહિણીની જેમ.

**(૮)** સાધનામય જીવનમાં અલ્પતમ માયા કપટ ન હોવું જોઈએ. માયા મિથ્યાત્વની જનની છે. સમકિતને નષ્ટ કરી સ્ત્રીપણું અપાવે છે.

**(૯)** સ્ત્રીઓના લોભામણા હાવભાવમાં ફસાવું નહિ. જિનપાલની જેમ દઢ રહેવું.

**(૧૦)** જીવ પ્રયત્ન વિશેષથી ગુણોના શિખરને સર કરે છે અને અવિવેકથી અંધકારમય ગર્તામાં જાય છે. માટે સાવધાની પૂર્વક વિકાસોન્મુખ બનવું જોઈએ; ચંદ્રમાની કળાની જેમ.

**(૧૧)** પોતાના કે પરાયા દ્વારા કોઈ પણ જાતનો પ્રતિકૂળ વ્યવહાર થાય તેને સમ્યક્ પ્રકારે સહન કરવો જોઈએ, ચોથા દાવદ્રવ વૃક્ષની જેમ. તેમાં સહજ પણ





ઉણપ રહેશે તો સંયમની વિરાધના થશે, અન્ય ત્રણ પ્રકારના વૃક્ષની જેમ.

**(૧૨)** પુદ્ગલનો સ્વભાવ બદલતો રહે છે. માટે તેના પ્રત્યે ઘૃણા કે આનંદ ન માનવો. સુબુદ્ધિ પ્રધાનની જેમ.

**(૧૩)** સંત સમાગમ આત્મ વિકાસનું શ્રેષ્ઠ માધ્યમ છે. તેથી સત્સંગ કરતા રહેવું. આત્મસાધનામાં પ્રમાદ આવતાં જીવ પશુ યોનિમાં જાય છે. ત્યાં પણ સંયોગ મળતાં જીવનને સફળ બનાવી શકે છે. નંદ મણિયારની જેમ.

**(૧૪)** દુઃખ આવતાં ધર્મ પ્રત્યે રુચિ વધે છે. તેતલીપુત્ર પ્રધાનની જેમ. કિન્તુ સુખની પળોમાં ધર્મ કર્યો હોય તો દુઃખના દિવસો જોવા ન પડે.

**(૧૫)** અનુભવી વૃદ્ધની સલાહ કયારે ય અવગણવી નહિ. શેઠ દ્વારા નંદીફળ ન ખાવાનું સૂચન.

**(૧૬)** મુનિને અભકિત-અશ્રદ્ધાથી દાન ન દેવું– નાગેશ્રીની જેમ. જીવદયા અને અનુકંપાનું મહત્ત્વ ધમરુચિ અણગારની જેમ સમજો.

**(૧૭)** ઈન્દ્રિયના વિષયોમાં ફસાતાં સ્વતંત્રતા નષ્ટ પામે છે. આકીર્ણ ઘોડાઓની જેમ.

**(૧૮)** અનાસકત ભાવે આહાર કરવો.

**(૧૯)** સાધનાયુકત જીવનમાં ધૈર્ય ધારણ કરવું. સંયમ ભ્રષ્ટ ભોગાસક્ત આત્મા દુઃખની પરંપરા વધારે છે– કંડરીકની જેમ.

## નિબંધ–૩૦

# જ્ઞાતસૂત્ર શ્રુતસ્કંધ-૨ વર્ણિત ૨૦૬ આત્માઓ

દ્વિતીય શ્રુતસ્કંધના દશ વર્ગ છે. પ્રથમ વર્ગમાં ચમરેન્દ્રની અગ્રમહિષીઓનું વર્ણન છે. બીજા વર્ગમાં વૈરોચનેન્દ્ર બલીન્દ્રની અગ્રમહિષીઓનું, ત્રીજા વર્ગમાં અસુરેન્દ્રને છોડી દક્ષિણ દિશાના નવ ભવનવાસી ઈન્દ્રોની અગ્રમહિષીઓ અને ચોથામાં ઉત્તર દિશાના નવ ઈન્દ્રોની અગ્રમહિષીઓનું વર્ણન છે. પાંચમામાં દક્ષિણ અને છઠ્ઠામાં ઉત્તર દિશાના વાણવ્યંતરના ઈન્દ્રોની અગ્રમહિષીઓનું, સાતમામાં જ્યોતિષેન્દ્ર ચન્દ્રની, આઠમામાં સૂર્યેન્દ્રની તથા નવમા અને દશમા વર્ગમાં વૈમાનિકના સૌધર્મેન્દ્ર તથા ઈશાનેન્દ્રની અગ્રમહિષીઓનું વર્ણન કરવામાં આવ્યું છે.

આ બધી દેવીઓનું વર્ણન તેમના પૂર્વભવનું છે. જે મનુષ્ય પર્યાયમાં સ્ત્રીરૂપે

હતી. સાધ્વી બન્યા પછી ચારિત્રની વિરાધના કરીને શરીર બકુશ બની. ગુરુણીની મનાઈ હોવા છતાં તેમની આજ્ઞા માની નહિ અને અંતે ગચ્છથી મુક્ત થઈ સ્વચ્છંદ પણે રહેવા લાગી. અંતિમ સમયે તેમણે દોષોની આલોચના-પ્રતિક્રમણ ન કર્યા. કાળધર્મ પામી.

**દસ વર્ગોની ૨૦૬ અગ્રમહિષીઓ :–**

| | | |
|---|---|---|
| ૧ | ચમરેન્દ્રની અગ્રમહિષી | ૫ |
| ૨ | બલીન્દ્રની અગ્રમહિષી | ૫ |
| ૩ | દક્ષિણના નાગકુમાર આદિ ૯ની અગ્રમહિષી | ૬×૯^ ૫૪ |
| ૪ | ઉત્તરના નાગકુમાર આદિ ૯ની અગ્રમહિષી | ૬×૯^ ૫૪ |
| ૫ | દક્ષિણ વ્યંતરના આઠ ઈન્દ્રોની અગ્રમહિષી | ૪×૮^ ૩૨ |
| ૬ | ઉત્તર વ્યંતરના આઠ ઈન્દ્રોની અગ્રમહિષી | ૪×૮^ ૩૨ |
| ૭ | ચન્દ્રેન્દ્રની અગ્રમહિષી | ૪ |
| ૮ | સૂર્યેન્દ્રની અગ્રમહિષી | ૪ |
| ૯ | સૌધર્મેન્દ્રની અગ્રમહિષી | ૮ |
| ૧૦ | ઈશાનેન્દ્રની અગ્રમહિષી | ૮ |
| | **કુલ** | **૨૦૬** |

આ પ્રમાણે દશ વર્ગના ૨૦૬ અધ્યયનમાં ૨૦૬ દેવીઓનું વર્ણન કરવામાં આવ્યું છે. સર્વે ય એક ભવ કરી મહાવિદેહ ક્ષેત્રમાં જઈ મોક્ષે જશે.

**સાર :–** જિનવાણી પ્રત્યે, જિનાજ્ઞા પ્રત્યે શ્રદ્ધા, આસ્થા શુદ્ધ છે. તપ-સંયમની રુચિ છે તો બકુશવૃત્તિ ભવપરંપરા વધારતી નથી. પણ અંતે સાચા હૃદયથી આલોચના-પ્રતિક્રમણ ન કરવાથી જીવ વિરાધક બને છે.

આ શાસ્ત્રના ૧૩મા અધ્યયનના પ્રારંભમાં દર્દુર દેવનું ભગવાન મહાવીરની સેવામાં આવવાનું વર્ણન છે અને અહીં બીજા શ્રુતસ્કંધના પ્રથમ અધ્યયનમાં પણ દર્દુર દેવની સમાન કાલીદેવીનું ભગવાનની સેવામાં આવવાનું વર્ણન છે, તે આ પ્રમાણે છે.

**કાલીદેવી :** રાજગૃહી નગરીમાં શ્રમણ ભગવાન મહાવીર પધાર્યા. તે સમયે ચમરેન્દ્ર અસુરરાજની અગ્રમહિષી(પટ્ટરાણી) કાલીદેવી પોતાના સિંહાસન





ઉપર બેઠી હતી. અચાનક જંબુદ્વીપ તરફ અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકતાં તેણીએ ભગવાન મહાવીરને જંબુદ્વીપના ભરત ક્ષેત્રની રાજગૃહી નગરીમાં બિરાજમાન જોયા. તે જોતાં જ કાલીદેવી સિંહાસનથી નીચે ઉતરી જે દિશામાં ભગવાન મહાવીર હતા તે દિશામાં સાત-આઠ પગ આગળ જઈ પૃથ્વી ઉપર મસ્તક મૂકી વિધિવત્ વંદના કરી.

ત્યારપછી ભગવાનની સમક્ષ પ્રત્યક્ષ વંદન-નમસ્કાર કરવાનો નિશ્ચય કર્યો. હજાર યોજન વિસ્તૃત વિમાનની વિકુર્વણા કરવાનો આદેશ કર્યો. વિમાન તૈયાર થતાં પરિવાર સહિત ભગવાન પાસે આવી વંદન નમસ્કાર કર્યા. દેવોની પરંપરા અનુસાર પોતાના નામ-ગોત્ર પ્રકાશિત કરી બત્રીસ પ્રકારની નાટ્ય વિધિ બતાવી પાછી ગઈ.

કાલીદેવીના ગયા પછી ગૌતમસ્વામીએ પ્રશ્ન પૂછ્યો – 'ભંતે ! કાલી દેવીએ દિવ્ય ઋદ્ધિ કેવી રીતે પ્રાપ્ત કરી ?' ત્યારે ભગવાને તેનો પૂર્વભવ જણાવ્યો.

આમલકલ્પા નગરીના કાલ નામના ગાથાપતિની એક પુત્રી હતી. તેની માતાનું નામ કાલશ્રી હતું. પુત્રીનું નામ કાલી હતું. તે બેડોળ શરીરવાળી હતી. જેથી અવિવાહિત રહી ગઈ.

એકદા પુરુષાદાનીય ભગવાન પાર્શ્વનાથ આમલકલ્પામાં પધાર્યા. કાલીએ દેશના સાંભળી, દીક્ષા અંગીકાર કરી. માતા-પિતાએ ઠાઠ-માઠથી દીક્ષા મહોત્સવ ઉજવ્યો. ભગવાને પુષ્પચૂલા આર્યાજીને શિષ્યા તરીકે પ્રદાન કરી. કાલી આર્યાજીએ અગિયાર અંગનું અધ્યયન કર્યું અને યથાશક્તિ તપશ્ચર્યા કરતી સંયમની આરાધના કરવા લાગી.

કેટલોક સમય વીત્યા બાદ કાલી આર્યાને શરીર પ્રત્યે આસક્તિ ઉત્પન્ન થઈ. વારંવાર અંગોપાંગ ધોતી અને જ્યાં સ્વાધ્યાય કાઉસગ્ગ આદિ કરતી ત્યાં પાણી છાંટવા લાગી. સાધ્વાચારથી વિપરીત પ્રવૃત્તિ જોઈ આર્યા પુષ્પચૂલાજીએ વારંવાર સમજાવવાનો પ્રયત્ન કર્યો, પણ ન માની. અંતે જુદા ઉપાશ્રયમાં રહેતી સ્વચ્છંદ થતાં વિરાધક બની. અંતિમ સમયે પંદર દિવસનો સંથારો કરી, શિથિલાચારની આલોચના પ્રતિક્રમણ કર્યા વિના મૃત્યુ પામી કાલીદેવી પણે ઉત્પન્ન થઈ છે.

ગૌતમ સ્વામીએ પુનઃ પ્રશ્ન કર્યો– હે પ્રભુ ! હવે તે ક્યાં જન્મ લેશે ? ગૌતમ ! દેવીનો ભવ પૂર્ણ કરી મહાવિદેહમાં જન્મ લેશે. ત્યાં નિરતિચાર સંયમની આરાધના કરી સિદ્ધિ પ્રાપ્ત કરશે.

મહાવ્રતોનું વિધિવત્ પાલન કરવાવાળો જીવ, તે ભવમાં જો સમસ્ત કર્મોનો ક્ષય કરે તો નિર્વાણ પ્રાપ્ત કરે. જો શેષ કર્મ બાકી રહી જાય તો વૈમાનિક દેવમાં ઉત્પન્ન થાય છે. પણ મહાવ્રતને અંગીકાર કરવા છતાં જો વિધિવત્ પાલન ન કરે તો શિથિલાચારી બને છે, કુશીલ બને છે, સમ્યગ્જ્ઞાન આદિનો વિરાધક બને છે. કાયક્લેશ આદિ બાહ્ય તપશ્ચર્યા દ્વારા દેવગતિ પ્રાપ્ત કરે છે પણ વૈમાનિક જેવી ઉચ્ચગતિ મેળવી શકતો નથી. ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી દેવ બને છે. અપ્રમત્તભાવ અને તપની ઉત્કૃષ્ટ આરાધનાથી કોઇક વૈમાનિકમાં જાય છે પણ તે નગણ્ય છે.

## નિબંધ–૩૧

# કાકંદીના ધન્ના અણગારનું તપ અને આહાર

અનુત્તરોપપાતિક સૂત્રના ત્રીજા વર્ગના દરેક અણગારોના તપનું વર્ણન એક સમાન છે. તેઓએ દીક્ષા દિવસે જ પ્રભુ પાસે વિનયપૂર્વક આજીવન છઠ્ઠના પારણે છઠ્ઠ તપ કરવાનો નિયમ કર્યો હતો. તે સાથે જ પારણા અંગે વિશિષ્ટ નિયમ-અભિગ્રહો આ પ્રમાણે કરેલ હતા–(૧) વાસણ, ચમચા કે હાથ, ખાદ્ય પદાર્થોથી ખરડાયેલ હોય તો તેનાથી જ ભિક્ષા લઈશ પરંતુ નિર્લેપ શુદ્ધ હાથ, ચમચા કે વાસણથી ભિક્ષા લઈશ નહીં (૨) ખોરાક પણ **ઉજ્ઝિતધર્મા** એટલે કે ગૃહસ્થના ઘેર અવશિષ્ટ અને તેઓને અનુપયોગી, માત્ર ફેંકવા યોગ્ય હોય તેવો આહાર ગૃહસ્થ આપશે તો જ લઈશ. એટલે કે સુંદર, મનોજ્ઞ(મનભાવતો), ગૃહસ્થોને જમવાના કામમાં આવે તેવો ખોરાક ભિક્ષામાં લઈશ નહીં. આવા પ્રકારનો અભિગ્રહ-પ્રત્યાખ્યાન પારણાના આહાર માટે કર્યો હતો.

અભિગ્રહમાં એવું હોય છે કે તે જો આપોઆપ મળે તો જ લઈ શકાય. ગૃહસ્થ પાસે આહાર માંગી શકાતો નથી અને ગૃહસ્થને કાંઈપણ ન કહેતાં ગૃહસ્થ સ્વેચ્છાથી જ તેવો આહાર આપે તો જ લેવામાં આવે છે, નહીંતર સહજ રીતે ગૃહસ્થના ઘરેથી પાછું વળી જવાનું હોય છે.

આ રીતે આવો ઉજ્ઝિત–ફેંકી દેવા યોગ્ય આહાર-પાણી ઘણું ઘણું ફરવા છતાં પણ મળવો અને ગૃહસ્થ દ્વારા આપવો મુશ્કેલ બને છે. આ કારણે તેમને પારણામાં ક્યાંક આહાર મળે તો પાણી ન મળે અને પાણી મળી જાય તો આહાર ન મળે. આવી પરિસ્થિતિમાં પણ તે મુનિઓ મર્યાદિત સમયે અને મર્યાદિત ઘરોની ભિક્ષા કરીને પાછા ફરી જતા હતા. ભિક્ષામાં જે કંઈ મળ્યું અથવા ન મળ્યું તેમાં





જ પૂર્ણ સંતોષ માની પોતાની તપસ્યાના ઉત્કૃષ્ટ ભાવોમાં અને કર્મક્ષય કરવાની મસ્તીમાં શરીરથી નિર્પેક્ષ અને નિર્મોહ બનીને સંયમ જીવન પસાર કરતા હતા.

તે સમયે ભગવાનના બધા જ શ્રમણોમાં આ મુનિઓ ત્યાગ-તપ, વૈરાગ્ય, કર્મક્ષયની મસ્તી વગેરે ગુણોને કારણે સર્વોત્તમ કરણી કરનારા સંતો ગણાયા હતા. શ્રેણિક રાજાના પ્રશ્નના જવાબમાં ખુદ પ્રભુ મહાવીરે આ વાત ફરમાવી હતી. ભગવાને કહ્યું હતું કે–'હે શ્રેણિક મારા આ ૧૪ હજાર શ્રમણોમાં અત્યારે મહાદુષ્કર અને મહાન નિર્જરા કરનારા એટલે કે સર્વશ્રેષ્ઠ અને સર્વાધિક કરણી કરનારા અમુક અણગાર છે.' એટલે કે **જુદા-જુદા સમયે** આ દશેય સંતોના નામ લઈને ભગવાને ઉપર મુજબ કથન ફરમાવેલ હતું.

આ અધ્યયનના દરેક મુનિએ એક સરખું છઠને પારણે છઠ તપ અને પારણામાં ઉજ્ઝિત આહાર, એવું તપ કરેલ હતું. દરેકે વિપુલપર્વત ઉપર એક મહિનાના સંથારાની આરાધના કરેલી. વિપુલપર્વત રાજગૃહી નગરીની નજીકમાં આવેલ હતો. આજે પણ તે પર્વત ત્યાં જોવા મળે છે.

અનેક તપસ્વી સાધકોના તપસ્વી શરીરનું વર્ણન પ્રસંગ અનુસાર ઘણા સૂત્રોમાં કરવામાં આવેલ છે. તોપણ ધન્ના અણગારનું વર્ણન આ શાસ્ત્રમાં કંઈક વિશિષ્ટ રીતે ખાસ વિશેષતાઓ સાથે કરવામાં આવેલ છે. વિશેષતા એ છે કે ધન્ના અણગારના દરેક અંગ-ઉપાંગને આબેહુબ ઉપમાઓ આપીને વિગતવાર ઉપમિત કરવામાં આવેલ છે. બીજી જગ્યાએ દરેકના તપોમય શરીરનું સામાન્ય એકાદ ઉપમા આપીને વર્ણન કરવામાં આવ્યું છે. તે મુખ્યત્વે આ પ્રમાણે છે–

(૧) ભગવતી સૂત્રમાં સ્કંધક અણગારનું (૨) ઉપાશકદશાંગ સૂત્રમાં આનંદ વગેરે શ્રાવકોનું (૩) અંતગડ સૂત્રમાં કાલી આર્યા વગેરેનું. આમ જુદા-જુદા આ ત્રણ આગમોમાં પ્રસંગોચિત સમાન વર્ણન મળે છે, તે આ પ્રમાણે છે–

કાલી આર્યા, સ્કંધક અણગાર અથવા આનંદ શ્રાવકની એ તપસ્યા– ''જે મહાન, ઉદાર, વિપુલ(લાંબા સમય ચાલનારી), શોભાસંપન્ન, ગુરુ દ્વારા પ્રદત્ત, બહુમાનપૂર્વક ગ્રહણ કરેલ, કલ્યાણકારી, આરોગ્યપ્રદ–શિવ, ધન્ય રૂપ, મંગલ–પાપવિનાશક, શ્રી સંપન્ન, તીવ્ર, ઉદાર, ઉત્તમ અને મહાપ્રભાવક એવી ઉત્કૃષ્ટ તપસ્યા કે જેના કારણે તેઓનું શરીર શુષ્ક થઈ ગયું, રૂક્ષ થઈ ગયું એટલે સુક્કે-ભુક્ખે થઈ ગયું હતું; લોહી-માંસ વગરનું થઈ ગયું, હાડકા ઉપર માત્ર ચામડી જ રહી ગઈ, જેના કારણે હાડકાં અવાજ કરતાં થઈ ગયાં; શરીર એટલું કૃશ થઈ ગયું કે તેમની નસો સામે દેખાવા લાગી; જેવી રીતે સૂકા લાકડાં, સૂકા પાંદડાં કે સૂકા

કોલસાથી ભરેલ ગાડું ચાલે ત્યારે કે ઊભું રહે ત્યારે જેવો અવાજ થાય, તેવો આ તપસ્વીઓના ચાલવાથી કે ઊભા રહેવાથી શરીરનાં હાડકાઓનો અવાજ થતો હતો. તેઓ માત્ર પોતાના આત્મબળથી જ ચાલતા, ઊઠતા, બેસતા હતા. નબળાઈ તો એટલી આવી ગઈ હતી કે તેઓને બોલવામાં પણ થાક લાગતો અને બોલવા પહેલાં, 'હું બોલીશ' એવો વિચાર કરવા માત્રથી પણ તેઓને ખેદ થતો હતો. છતાં તે તપસ્વીઓ તપ વડે જ પુષ્ટ શરીરવાળા હતા. લોહી-માંસની અપેક્ષાએ શુષ્ક શરીરવાળા હોવા છતાં પણ રાખથી ઢંકાયેલ અગ્નિની જેમ તેઓ તપના તેજ અને તપની શોભા વડે અત્યંત શોભાયમાન લાગી રહ્યા હતા.''

**પ્રસ્તુત સૂત્રગત ધન્ના અણગારનું ઉપમાયુક્ત વિશેષ વર્ણન :-**

ઉપરોકત ત્રણે સૂત્રોમાં આવેલ પાઠ સહિત અહીં ધન્ના અણગારના વર્ણનમાં તેના અંગોપાંગને જે ઉપમાઓ આપીને વર્ણવેલ છે, તે આ પ્રમાણે છે–

**(૧) પગ–** વૃક્ષની સૂકી છાલ, કાષ્ટની ચાખડી, જૂના પગરખા સમાન.

**(૨) પગની આંગળીઓ–** તડકામાં સૂકવેલી વટાણા, મગની શીંગ સમાન.

**(૩) જંઘાઓ(પિંડીઓ)–** કાગડા, કંક અને ઢેણિક(ટીટોડી)પક્ષીના પગ જેવી.

**(૪) ઘૂંટણો–** કોયલના પર્વ, મયૂર પર્વ અને ઢેણિકના પર્વ(પગના સાંધા) જેવા.

**(૫) ઊરુઓ–સાથળો–** તડકામાં સૂકાઈને કરમાઈ ગયેલ બોર, શલ્યકી અને શાલ્મલિની કૂંપળ સમાન.

**(૬) કમ્મર–** ઊંટ, વૃદ્ધ બળદ અને વૃદ્ધ ભેંસના પગ જેવી.

**(૭) પેટ–** સુકાઈને ચીમળાઈ ગયેલ પાણીની મશક, છીછરી ચપટી ચણા શેકવાની લોઢી અને લોટ મસળવાની કથરોટ જેવું ચપટું.

**(૮) પાંસળીયો–** રકાબીઓની, હાથના પંજાઓની અને ખૂંટોની પંક્તિ જેવી.

**(૯) પૃષ્ટપ્રદેશ(કરોડ)–** મુગટની કિનારાનો ભાગ, પરસ્પર ચોંટાડેલા ગોળની પંક્તિ અને લાખના લખોટાની પંક્તિ સમાન.

**(૧૦) વક્ષઃસ્થળ(છાતી)–** વાંસની છાબડીના તળીયા, વાંસના પાતળા ખપાટના પંખા અને તાડપત્રના પંખા સમાન.

**(૧૧) ભુજાઓ–** સુકાયેલી શમીવૃક્ષની લાંબી સીંગ, ગરમાળાની શીંગ અને અગથિયાની શીંગ જેવી.

**(૧૨) હથેળી–** સૂકાઈ ગયેલા પાતળા છાણાં, વડના કે પલાશના સૂકાઈ ગયેલ પાંદડા જેવી.





**(૧૩) હાથની આંગળીઓ–** તડકામાં સૂકવેલ વટાણા, મગ અને અડદની શીંગ જેવી.

**(૧૪) ગર્દન(ડોક)–** નાના કળશની ડોક, લોટા(કળશ)ની ડોક અને સુરાહીની ડોક સમાન.

**(૧૫) દાઢી(હડપચી)–** સૂકાઈ ગયેલ તુંબા, હિંગોટાના ફળ, કેરીની ગોટલી સમાન.

**(૧૬) હોઠ–** સુકાયેલી જલો, શ્લેશ પદાર્થની ગોલી અને અલતાની ગોલી સમાન.

**(૧૭) જીભ–** વડના, પલાશના અને શાકવૃક્ષના સુકાઈ ગયેલ પાંદડા જેવી.

**(૧૮) નાક–** તડકામાં સૂકવેલ કેરી, આંબળા અને બીજોરાની ચીર સમાન.

**(૧૯) આંખ–** વીણા કે વાંસળીના કાણાં સમાન અને સવારના નિસ્તેજ તારા જેવી.

**(૨૦) કાન–** મૂળા, કાકડી અને કારેલાની કાપેલી લાંબી છાલ જેવા.

**(૨૧) મસ્તક–** સૂકાઈ ગયેલ પણ કાચા તૂંબડાં, બટેટા અને તરબૂચના ફળ જેવું.

(૧) આ ઉપમાઓમાં કેટલા ય પદાર્થો તડકામાં સુકાયેલા અને કરમાયેલા સમજવા. (૨) પેટ, કાન, જીભ અને હોઠમાં હાડકાનું કથન નથી. (૩) ગાત્ર યષ્ટિ (આખું શરીર)– લોહી,માંસ વગરનું સૂકાઈ ગયેલ શરીર, ભૂખને કારણે નિર્બળ અને કૃશ, આ પ્રકારનું થઈ ગયેલ કે–હાથ, પગ બધું જ સૂકા દેખાતા હતા; કમર, કરોડરજ્જૂ અને પેટ એકબીજા સાથે ચોંટી ગયેલ હોવાથી પાંસળીયો સ્પષ્ટ દેખાતી હતી; જેમ રૂદ્રાક્ષની માળાના પારા સરળતાથી ગણી શકાય તેમ કરોડરજ્જૂના મણકા સ્પષ્ટ ગણી શકાય તેવા હતા; ગંગાના પાણીમાં તરંગો જેવા હાડકાવાળી છાતી હતી; લાંબા સર્પ સમાન હાથ, ઘોડાની ઢીલી-ઢીલી લગામ જેવા લટકતા આગળના હાથ, કંપતુ માથું, મ્લાન(કરમાયેલ)ચહેરો, તૂટેલા મોઢાવાળા ઘડા જેવી ઊંડી ઊંડી ઉતરી ગયેલ આંખોવાળા તે ધન્ના અણગાર, શરીર બળથી નહીં પરંતુ આત્મબળથી હાલતા-ચાલતા, ઊઠતા બેસતા હતા. બોલવામાં તેમજ બોલવના વિચાર માત્રથી તેમને કષ્ટાનુભવ થતો હતો. ચાલતી વખતે તેમના શરીરમાંથી, કોલસા ભરેલ ગાડીના ચાલવા સમાન અવાજ નીકળતો હતો. તેમ છતાં પણ તપતેજથી દેદિપ્યમાન અને તપલક્ષ્મીથી સુશોભિત તેમનું શરીર અત્યંત પ્રભાવ-શાળી અને આકર્ષક લાગતું હતું.

આ રીતે આ શાસ્ત્રમાં, તપથી શરીર ઉપર શું અસર થાય તે વિસ્તારથી સાહિત્યમય ભાષામાં ઉપમાઓ દ્વારા દર્શાવેલ છે. આમાં શાસ્ત્રકારોનો આશય તપ અને તપસ્વીઓ પ્રત્યે અહોભાવ ઉત્પન્ન કરી મોક્ષાર્થી સાધકોમાં તપસ્યાના સંસ્કારોની પુષ્ટી કરવાનો છે. માટે દરેક મોક્ષાર્થી સાધક શરીર પ્રત્યેનો આ રીતે મોહ ત્યાગ કરી, કષ્ટ સહિષ્ણુ બનીને આચારાંગ સૂત્રમાં કહેલ– **આવીલએ, પવીલએ, નિપ્પીલએ**ના સિદ્ધાંત અનુસાર સંયમ-તપની સાધના કરી માનવ શરીરની જે પ્રાપ્તિ થઈ છે તેને પૂર્ણ સાર્થક કરે. અંતગડ સૂત્રના બધા (૯૦) મોક્ષ આરાધકો, ઉપાસકદશા સૂત્રના બધા (૧૦) શ્રમણોપાસક આરાધકો અને પ્રસ્તુત સૂત્ર અનુત્તરોપપાતિકના બધા (૩૩) અણુત્તરવિમાન યોગ્ય સંયમ આરાધના કરનારા સાધકોનું જીવન ગુંથન કરી શાસ્ત્રકારોએ કથા સાહિત્ય વડે ભવ્યજીવો ઉપર પરમ ઉપકાર કરેલ છે. આવા સાહિત્યની પ્રાપ્તિનો અત્યંત અહોભાવ રાખીને, આપણે આપણા જીવનને ઉત્તમ અને ઉત્કૃષ્ટ અરાધનામય બનાવી, મળેલા માનવભવ અને વીતરાગધર્મનો અનુપમ સદુપયોગ કરી, સાર્થક કરી લેવો જોઈએ.

### નિબંધ–૩૨

## દુઃખવિપાક સૂત્રના અધ્યયનોથી શિક્ષા

**રાજપુત્ર મૃગાલોઢા :– (૧)** રાજ્ય શાસનના માધ્યમથી પ્રાપ્ત સત્તાનો દુરુપયોગ કરનાર, લાંચ લેનાર, પ્રજા ઉપર અનુચિત કર–ભાર લાદનાર, તે સિવાય અન્ય આવાં પાપાચરણો કરનારાઓના ભવિષ્યનું આ અધ્યયન નિર્મળ દર્પણ છે. આજના વાતાવરણમાં પ્રસ્તુત અધ્યયન અને આગળનાં અધ્યયન પણ ઉપયોગી અને શિક્ષાપ્રેરક છે. **(૨)** પતિની આજ્ઞાથી મૃગારાણીએ દુઃસ્સહ, દુર્ગંધયુકત તે પાપી પુત્રની પણ સેવા કરી હતી. આ પતિપરાયણતા અને કર્તવ્ય નિષ્ઠાનો અનુપમ આદર્શ છે. **(૩)** પાપી, અધર્મિષ્ઠ આત્મા પોતે દુઃખી થાય છે અને અન્યને દુઃખી કરે છે. જેવી રીતે ખાદ્ય સામગ્રીમાં પડેલી માખી.**(૪)** સત્તા અને પુણ્યના નશામાં વ્યકિત કોઈની પરવાહ નથી કરતો,પોતાના કર્મબંધનો પણ વિચાર નથી કરતો. તેમ છતાં દુઃખદાયી કર્મો તો ભોગવવા જ પડે છે. તેથી નાના-મોટા કોઈપણ પ્રાણીને મન, વચન અને કાયાથી કષ્ટ પહોંચાડનાર પોતાના માટે દુઃખનો પહાડ તૈયાર કરે છે.**(૫)** સૌંદર્યપૂર્ણ દશ્યને જોવાની આસકિત સાધુને માટે અકલ્પનીય છે. પણ ગંભીર જ્ઞાન, અનુપ્રેક્ષા, અન્વેષણ આદિ હેતુએ





જાણવા-જોવાની જિજ્ઞાસા થવી તે જુદી બાબત છે. તેમાં ગીતાર્થ ની આજ્ઞાનુસાર કરવું જોઇએ. જેવી રીતે ગૌતમ સ્વામી પ્રભુની આજ્ઞા લઈ મૃગાપુત્રને જોવા ભોંયરામાં ગયા હતા.**(૬)** મૃગારાણી ધર્મનિષ્ઠ હતી છતાં તેણીને ભગવાનના સર્વજ્ઞ સર્વદર્શીપણાનું જ્ઞાન હતું નહીં. ત્યારે જ તેણીએ ગૌતમ સ્વામીને પૂછ્યું કે મારા ભોંયરાના ગુપ્ત પુત્રની વાત તમને કોણે બતાવી ? **(૭)** પરવશપણે જીવ કેવા-કેવા દારુણ કષ્ટો સહન કરી લે છે. તેમ જાણી પોતાની મેળે જ જ્ઞાન-વૈરાગ્યથી તપ-સંયમમાં આવતા પરીષહ-ઉપસર્ગોના સામાન્ય કષ્ટો સહન કરી લેનાર હંમેશ માટે જન્મ-મરણ રૂપ દુઃખ સંકટોના ચક્કરથી છૂટી જાય છે. **(૮)** રાજપુત્ર મૃગાલોઢા માનવભવ પ્રાપ્ત કરીને પણ હીનાંગ હતો. તેને કોઈપણ અંગ સ્વતંત્ર કે સ્પષ્ટ હતું નહીં એટલે કે આંખ, નાક, કાન, હાથ, પગ વગેરે હતા નહી. માત્ર શરીર અને મોઢું હતું. બાકી ના અંગોની ફક્ત નિશાની હતી.

**સાર્થવાહ પુત્ર ઉજ્ઝિતક :– (૧)** જન્મ જન્માંતર સુધી પાપાચરણના સંસ્કાર ચાલે છે. તે જ રીતે ધર્મના સંસ્કારોની પણ અનેક ભવ સુધી પરંપરા ચાલે છે. માંસાહારમાં આસક્ત વ્યકિતને અને નિરપરાધ ભોળા પશુઓને સંત્રાસિત કરનારને આ ભવમાં તથા ભવોભવમાં વિચિત્ર વિટંબણાઓ ભોગવવી પડે છે. **(૨)** માંસાહાર કરનાર અને કરાવનાર તેમજ કતલખાનું ચલાવનારા લોકો ગમે તેટલા મસ્ત દેખાતા હોય પરંતુ જ્યારે કર્મના ફળ મળે ત્યારે નિશ્ચયપણે તેઓ દીન-હીન(ગરીબડા-બાપડા)બની જાય છે અને દુઃખોથી ભરપૂર અવસ્થા ભોગવે છે. **(૩)** સંસારમાં **'જેની લાઠી તેની ભેંસ'** એ કહેવત જાણીતી છે. આ કહેવત અહીં બરાબર બંધ બેસે છે. રાજાએ કામધ્વજા વેશ્યાને પોતાને આધીન રાખવા માટે ઉજ્ઝિતકને તે વેશ્યાના ઘરમાંથી બહાર કાઢી મૂક્યો. એટલું જ નહીં તેને મૃત્યુદંડ પણ આપ્યો. **(૪)** નિમિત્ત ગમે તે હોય પરંતુ મૂળ રૂપે તો પોતાના પૂર્વે કરેલા કર્મનો જ ઉદય હોય છે. ઉજ્ઝિતકને પણ તેના પૂર્વે કરેલ પાપકર્મોના તીવ્ર ઉદયના કારણે જ રાજાએ દંડ આપેલ હતો. **(૫)** આ કથાઓની જુદીજુદી ઘટનાઓને ધ્યાનમાં રાખીને વ્યક્તિએ વૈરાગ્ય ભાવમાં અને અનુભવમાં વૃદ્ધિ કરવી જોઇએ પરંતુ કોઈપણ ઘટનાને વાંચી કે સાંભળીને કોઈના પ્રત્યે રાજી– નારાજી, રાગદ્વેષ અથવા હર્ષ-શોક કરવા જોઇએ નહીં પરંતુ ગંભીરતાપૂર્વક ઘટના સંબંધી વિચાર કરી સ્વજીવનને ઉર્ધ્વગામી બનાવવાની પ્રેરણા લેવી જોઈએ.

**અભગ્નસેન :– (૧)** ઈંડાનો વેપાર અને આહાર, પંચેન્દ્રિયજીવોની હિંસા, મદિરાનું સેવન, ઈત્યાદિ પ્રવૃત્તિ કરનારો જીવ પ્રાયઃ નરક ગતિમાં જાય છે.

**(૨)** ચોરી કરવી એ એક પાપકારી પ્રવૃત્તિ છે. ચોરોનું જીવન ભયથી ભરેલું અને સંકટોથી ભરપૂર હોય છે તેમજ આગામી ભવો પણ તેમના ઘોર અંધકારમય હોય છે. **(૩)** વિવેકી પુરુષ આવી પરિસ્થિતિઓથી બચતો રહે અને પાપી પ્રાણીઓની દુર્દશા જોઇને બોધપાઠ મેળવે તથા જીવનને ધર્મમય બનાવી, શીઘ્ર સંસાર ભ્રમણ પર પૂર્ણ વિરામ મૂકી, મુક્ત થવાનો પ્રયત્ન કરે.**(૪)** શારીરિક બલ કેટલું ય પણ હોય પરંતુ જ્યારે પાપનો કુંભ ભરાઈ જાય તો ફૂટતા વાર ન લાગે. પાપકૃત્યો કરનારો ચોર અભગ્નસેન શકિતથી નહિ પણ કપટથી પકડાયો અને આ ભવમાં જ ઘોર દુઃખો પ્રાપ્ત કરી, આગળ પણ દુઃખોને જ પામ્યો. માટે કર્મ કરતાં બહુ જ ધ્યાન રાખવું જોઇએ.

**શકટકુમાર :– (૧)** આ અધ્યયનમાં માંસાહાર, પંચેન્દ્રિય વધ, વેશ્યાગમન અને મદ્યપાન આદિ દુર્વ્યસનોનું માઠું પરિણામ કહ્યું છે. અત્યંત ભાગ્યશાળી આત્મા જ વ્યસનથી મુકત રહી શકે છે. માટે સુખ ઈચ્છનાર માનવીએ સદાય કુસંગત અને દુર્વ્યસનનો ત્યાગ કરવો જોઇએ. **(૨)** વ્યસની વ્યક્તિ માટે ધર્મઆચરણ કઠિન અને દુર્લભ બની જાય છે. તેથી આપણે પોતાનું જીવન તો વ્યસનમુક્ત રાખવું એટલું જ નહીં પોતાના પરિવારના બાળકોને પણ વ્યસનમુક્ત રહેવાની પ્રેરણા અને શિખામણ આપતા રહેવી જોઇએ. કારણ કે નાની ઉંમરમાં પડેલા સંસ્કાર લગભગ જીવનભર ટકી રહેતા હોય છે. **(૩)** દુર્ગતિમાં-નરકમાં લઈ જનાર મુખ્ય કારણ તો દુર્વ્યસન જ છે. દુર્વ્યસની માણસની સદ્ગતિ થવાની આશા રાખવી એ સ્વપ્ન જોવા સમાન છે. વ્યસનો આ પ્રકારે છે– ૧. જુગાર, શિકાર(પંચેન્દ્રિય જીવની હિંસા), માંસાહાર, મદિરાપાન, વેશ્યાગમન, પરસ્ત્રી–ગમન અને ચોરી. ૨. ભાંગ પીવી, બીડી, સીગારેટ પીવી, પત્તા રમવા, ગુટકા, તમાકુ વગેરેનું સેવન પણ વ્યસનનો જ એક ભાગ છે. ચા–કોફી આદિની ટેવ હોવી અને તેનું અમર્યાદિત સેવન પણ વ્યસનનો જ એક પ્રકાર સમજવો જોઇએ.

**બૃહસ્પતિદત્ત :– (૧)** ચાલાક અને રૂપસંપન્ન જીવ ભલેને છાની રીતે ઘોર પાપ આચરે પણ જ્યારે એ પાપનો ઘડો એક દિવસ ફૂટી જાય છે ત્યારે તે અણચિંતવ્યા કષ્ટો અને દુઃખોનો શિકાર બનીને પશ્ચાત્તાપ કરતો દુઃખી થાય છે. કહ્યું છે ને કે–

***વગર વિચાર્યું જે કરે, તે પાછળથી પસ્તાય ।***
***કામ બગાડે પોતાનું, અને જગમાં હાંસી થાય ॥***



આગમ નિબંધમાલા-૨

**(૨)** રૂ માં વિંટેલી આગ જેમ છાની રહેતી નથી તેમ છાના છપના કરેલા પાપ એક દિવસ અનેકગણા થઈને પ્રગટ થાય જ છે. **(૩)** કરેલા પાપકર્મો જીવને ભવોભવ દુઃખ દેનાર બને છે. માટે પ્રાપ્ત માનવભવમાં બુદ્ધિ અને વિવેક કેળવીને જીવનને સુંદર તથા ધર્મમય બનાવી લેવું જોઇએ. પરિણામે આ ભવ, પરભવ કે ભવોભવ સુખ શાંતિમય બને. **(૪)** આ અધ્યયનમાં હિંસાના ક્રૂર પરિણામોનું અને પરસ્ત્રીગમનનું દુષ્પરિણામ બતાવવામાં આવ્યું છે. વ્યકિત કેટલી ય ચતુરાઈ કરે પણ પાપ કયારેક તો પ્રગટ થઈ જ જાય. ભોગાશકિતને કારણે રાણી સાથે પકડાતા બૃહસ્પતિદત્ત રાજપુરોહિત તે જ ભવમાં દારુણ દુઃખે મૃત્યુને પામી ભવોભવ સુધી નરકનો મહેમાન થયો. માટે મન અને ઈચ્છાઓ પર અંકુશ રાખવો, એ જ સુખી થવાનો માર્ગ છે.

**દુર્યોધન જેલર :– (૧)** બીજાને દુઃખ દેવામાં આનંદ માનતા જીવને તેના પ્રતિફળ રૂપે દુઃખ જ મળે છે. કોઈ અપરાધીને તેના ગુનાઓનો દંડ આપવો, તે રાજ્યનું એક કર્તવ્ય છે પરંતુ તે દંડ દેવામાં આનંદ માનવો, વધારે પડતો રસ લેવો, જીવોને અસહ્ય દુઃખ આપીને ખુશી થવું, બધું જ ધ્યાન તેમાં દઈને રાજી થવું, એ કલુષિત પરિણામોનું સૂચક છે. આવા કલુષિત પરિણામ પોતાના આત્મા માટે પણ મહાઘાતક છે. કારણ કે તેનું ફળ સ્વયંને ભોગવવું જ પડે છે. **(૨)** તેથી અધિકાર–સત્તા અને સંસારિક કર્તવ્યોમાં પણ આસક્તિ અને પરિણામોની કલુષિતતા કરવી નહીં. ત્યાં પણ ધર્મની સમજણ અને વિવેક રાખીને આત્મ–જાગૃતિ પૂર્વક સાવધાનીથી વર્તવું જોઇએ. પાપોને પાપ જ સમજવા જોઇએ. **(૩)** પિતા અને પુત્રનો સંબંધ નિકટનો સ્નેહ સંબંધ કહેવાય પરંતુ પૂર્વ ભવના અશુભ કર્મોનો સંયોગ હોવાના કારણે તે પરસ્પર દ્વેષી અને વેરીના કામ કરી જાય છે. રાજકુમાર રાજાને મારવા ઈચ્છે અને તેના પરિણામે રાજા રાજકુમારને દારુણ દંડ આપી મરાવી નાખે છે. આ સંસારના સંબંધ બધા પુણ્યાધીન છે, માટે શુભકર્મ કરી આત્માનો વિકાસ કરવો જોઇએ અને કર્મક્ષય કરવામાં જ પુરુષાર્થ કરવો જોઇએ.

**તે દુર્યોધન જેલર જેલમાં–** (૧) કોઈને હાથી, ઘોડા, ઊંટ, પાડા, બકરા આદિ પશુઓના મૂત્ર પીવડાવતો. (૨) કોઈને ગરમ કરેલા ઓગાળેલા તાંબા, પીતળ કે લોઢાના ગરમ પ્રવાહી પીવડાવતો (૩) કોઈને જુદી જુદી રીતે મજબૂત બાંધીને કે સાંકળથી બાંધીને તેના શરીરને મરોડી નાંખતો, શસ્ત્રોથી શરીરની ચીરફાડ કરીને દુઃખ આપતો (૪) કોઈને ચાબુક વડે માર મારીને અધમૂઓ કરી નાખતો,

હાડકા ભાંગી નાંખતો કે હાડકાના ચૂરેચૂરા કરીને મારી પણ નાંખતો (૫) ઊંધે માથે લટકાવતો, છેદન-ભેદન કરતો, ક્ષારવાળા તેલથી શરીરનું માલિશ કરાવતો (૬) અનેક મર્મસ્થાનોમાં ખીલા ઠોકાવતો(૭) હાથ-પગની આંગળીઓમાં સોઈ ભોંકાવીને તેની પાસે જમીન ખોદાવતો (૮) ભીના ચામડામાં શરીર બાંધી પછી તડકામાં સુકવતો, ચામડું સુકાઈને સંકોચાઈ જાય પછી તે ખોલાવતો.

**પાપમતિ ધનવંતરી વૈદ્ય :– (૧)** મદ્ય અને માંસનું સેવન કરનારાની બુદ્ધિ અને વર્તન તદનુરૂપ(તે પ્રમાણે) જ બની જાય છે. ધનવન્તરિ એક કુશળ વૈદ્ય હોવા છતાં લોકોને પાપ મુક્ત કરવાને બદલે પાપોમાં જોડતો હતો. તે વૈદ્ય વિદ્યામાં નિપુણતા પ્રાપ્ત કરીને જીવોની દયા, અનુકંપામાં વધારો કરી શકતો હતો પરંતુ તેની પાપમતિના પ્રભાવથી તેણે પાપ કૃત્યોમાં વધારો કર્યો. **(૨)** અજ્ઞાની જીવ નિર્જરા કે પુણ્યના સ્થળે પાપકર્મ કરી પોતાનું જ જીવન બગાડે છે. જ્યારે જ્ઞાની વ્યક્તિ સાક્ષાત કર્મબંધના સ્થાનોમાં મહા નિર્જરા કરીને મુક્તિનો લાભ મેળવી લે છે. તેથી મુમુક્ષુ પ્રાણીઓએ પોતાના જીવનની પ્રત્યેક પ્રવૃત્તિને જ્ઞાન અને વિવેકની કસોટી ઉપર ચડાવી સાચો, હિતકારી અને યોગ્ય નિર્ણય લઈ તેમાં જ પ્રવૃત્ત રહેવું જોઈએ. **(૩)** કુદરતી ચિકિત્સા જળ, માટી, સ્વમૂત્ર અને ઉપવાસ આદિ શાસ્ત્રો અને ગ્રંથોમાં પણ વર્ણવેલ છે. આચારાંગસૂત્રમાં કહેવામાં આવ્યું છે કે પાપકારી ચિકિત્સા ક્યારેય પણ કરવી કે કરાવવી નહીં. **(૪)** ભિક્ષુઓને માટે તો આગમની એવી ઘોષણા છે કે રોગ આવવા પર આહારનો ત્યાગ કરી ઉપવાસ ચિકિત્સા કરવી અને તેનાથી દ્રવ્ય અને ભાવ રોગોથી મુક્તિ મેળવવી જોઈએ. કેટલાયે ઘરગથ્થુ ઉપચારો અહિંસક હોય છે. હિંસાકારી ચિકિત્સા મુનિઓ માટે અનાચાર છે અર્થાત્ સર્વથા અનાચરણીય છે.

**પાપમતિ ધનવંતરી વૈદ્ય નો જીવ આગામી ભવમાં :** ખુજલી, કોઢ, સોજા ચડવા, જલોદર, ભગન્દર(ગુદા અને વૃષણની વચ્ચે થતું ગુમડું), બવાશીર (ફીશર), અર્શ, ખાંસી, દમ વગેરે પ્રસિદ્ધ રોગોથી ઉમ્બરદત્ત ઘેરાયેલો હતો. તેના હાથપગની આંગળીઓ સડી ગઈ હતી. નાક, કાન ગળી ગયા હતા. આખા શરીરના ઘામાંથી ખરાબ દુર્ગંધ મારતું પાણી(રસી) વહ્યા કરતું હતું. અસહ્ય વેદનાથી પીડાઈને તે કરુણાજનક અને દર્દનાક રાડો પાડતો રહેતો. અસહાય બનીને નગરમાં અહીં-તહીં ભટકયા કરતો. તેની પાસે ખાવા-પીવા માટે માટીનું એક ઠીબડું અને એક શકોરૂં અને એ પણ ફુટેલું હતું. તે ચાલતો હોય ત્યારે માખીઓના ઝૂંડ તેની સાથે ચાલતા. ઘર-ઘરમાં ભીખ માંગીને પોતાનું જીવન ટુંકાવી રહ્યો





હતો. **આચારાંગ સૂત્રમાં** ૧૬ મહારોગોના નામ આપેલા છે જે પ્રશ્નોત્તર ભાગ–૧, પાના નંબર–૪૨, પ્રશ્ન–૩માં જુઓ. આ સિવાય બીજી જગ્યાએ જુદી રીતે આ ૧૬ મહારોગોના નામ મળે છે, જેમ કે– (૧) શ્વાસ (૨) ઉધરસ (૩) તાવ (૪) શરીરમાં બળતરા(દાહ) (૫) પેટનું દર્દ (૬) ભગંદર (૭) અર્શ (૮) અજીર્ણ (૯) આંધળાપણું (૧૦) માથાની પીડા (૧૧) અરૂચિ (૧૨) અક્ષિ વેદના (૧૩) કર્ણવેદના (૧૪) ખંજવાળ (૧૫) જલોદર (૧૬) કોઢ. આચારાંગસૂત્રના નામોથી આ નામોમાં કંઈક ભિન્નતા છે તેમજ ક્રમમાં પણ જુદાપણું છે.

**શ્રિયક રસોઈયો :– (૧)** સંસારમાં નોકરી, વ્યાપાર આદિ કાર્ય કરવા પડે તો તેમાં તલ્લીન થવું ન જાઈએ. કારણ કે તેવા પરિણામોથી અત્યંત દુઃખદાયી કર્મોનો બંધ પડે છે. **(૨)** વર્તમાનમાં મસ્ત રહેવાવાળા અને ભવિષ્યનો વિચાર ન કરવાવાળા યથેચ્છ પાપ પ્રવૃત્તિથી પોતાનું ભવિષ્ય અત્યંત સંકટમય બનાવે છે. **(૩)** મદિરા સેવનના પ્રસંગે **પાંચ પ્રકારની મદિરાના** નામો શાસ્ત્રમાં આપેલ છે, જેમ કે– સુરં, મહું, મેરગં, જાઈં અને સીધું. જીવ બીજાને ખુશ કરવા માટે પણ કેટલાયે પાપ કરતો હોય છે પરંતુ તે કર્મોના ઉદય સમયે તેના ફળ તો તેણે પોતાએ જ ભોગવવા પડે છે.

આ અધ્યયનમાં શોરિકદત્ત નામના મહા અધર્મી માછીમારની કથા છે. શોરિકદત્તે અનેક નોકરો રાખેલા. જે **જમના નદી**માં જઈ અનેક જળચર પ્રાણીઓ, માછલા, મચ્છ વગેરેને લાવીને ઢગલો કરતા હતા અને તેને સૂકવીને કે શેકીને વેચતા હતા. શોરિકદત્ત પોતે પણ માંસાહાર, મદિરાસેવન વગેરે કરીને અધર્મી જીવન વ્યતીત કરતો હતો. એક વખત માછલાનો આહાર કરતાં, માછલાનો કાંટો તેના ગળામાં ફસાઈ ગયો. કેટલાયે ઉપાયો કરવા છતાં કોઈ તેના ગળામાંથી કાંટો કાઢી શક્યું નહીં. પરિણામે અતિશય વેદનાથી પીડાતો તે દુઃખી દુઃખી થઈ ગયો. તેનું શરીર તો હાડકાના પાંજરા જેવું થઈ ગયું. તે લોહી-પરુની અવાર નવાર ઉલટીઓ કરતો. ગૌતમસ્વામી ગોચરી નીકળેલા તે શોરિકદત્તને અસહ્ય પીડાથી કણસતો જોયો. ભગવાન પાસે તેના દુઃખનું કારણ પૂછતાં ભગવાને આ પ્રમાણે ગૌતમ સ્વામીની જિજ્ઞાસા સંતોષી–

તે પૂર્વભવમાં રાજાના ઘરમાં રસોયો હતો. ત્યાં પણ નોકરો તેને રસોઈ માટે અનેક પ્રકારનું માંસ લાવીને આપતા. તે રસોઈ કળામાં પાવરધો હતો. માંસના નાના-મોટા, લાંબા-ગોળ ટુકડા કરીને વિધ-વિધ વાનગીઓ બનાવતો. ક્યારેક આ વાનગીઓને પકવવા માટે સૂર્યનો તડકો, ટાઢ, હવા, અગ્નિ વગેરેનો

ઉપયોગ કરતો. ક્યારેક કાળા, પીળા, લીલા રંગોથી તો ક્યારેક આંબળા, દ્રાક્ષ, દાડમ આદિના રસો ભેળવીને વાનગીઓ તૈયાર કરતો. ખુદ પોતે માંસાહાર રસપૂર્વક આરોગતો અને **મિત્ર નામના રાજાને** પણ ખવડાવીને ખુશ કરતો.

આવા પાપકર્મો કરીને ૩૩૦૦ વર્ષની ઉંમરે મૃત્યુ પામી છઠ્ઠી નરકે ઉત્પન્ન થયો. ત્યાં ૨૨ સાગરોપમની સ્થિતિનું અસહ્ય ત્રાસદાયક આયુષ્ય પૂર્ણ કરીને અહીં તેનો જન્મ થયો છે. પૂર્વ પાપકર્મના ઉદયથી અહીં પણ દુઃખી થઈને આક્રંદ કરી રહ્યો છે. અહીંથી તે ૭૦ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી (૧) પ્રથમ નરકમાં જશે (૨) દરેક નરકમાં તથા તિર્યંચોના ભવો પ્રથમ અધ્યયન સમાન કરશે (૩) છેવટે મચ્છ બની કોઈનો શિકાર થઈ (૪) શ્રેષ્ઠી પુત્રપણે જન્મ લઈ, સંયમગ્રહણ કરશે. આરાધના કરી મૃત્યુ પામી (૫) પ્રથમ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થશે ત્યાંથી (૬) મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ ધારણ કરી મોક્ષગામી બનશે.

**દેવદત્તા મહારાણી :–** **(૧)** સ્વાર્થ અને ભોગની લિપ્સા કેટલી ભયંકર હોય છે કે વ્યકિત પોતાના સંબંધ ભૂલી જાય છે. અને ક્રોધાવેશમાં ભયંકર કૃત્ય કરી બેસે છે. તેથી ત્રણને અંધ કહ્યા છે– ક્રોધાંધ, કામાંધ અને સ્વાર્થાંધ. આ ત્રણે દીર્ઘકાળ સુધી સંસારમાં ભવભ્રમણ કરે છે. દેવદત્તા, સિંહસેન તેના ઉદાહરણ પૂરાં પાડે છે. **(૨)** દેવદત્તા પૂર્વભવના અશુભ કર્મોથી વ્યાપ્ત બુદ્ધિવાળી હતી. તેથી જ વિનાશ કાળે વિપરીત બુદ્ધિ સૂઝી. અન્યથા તેને ૮૦ વર્ષ તો થઈ ચૂકયા હતા છતાં સાસુની હત્યા કરી. ખુદ કમોતે આક્રંદ કરતી મૃત્યુ પામી. પતિ દ્વારા પત્ની હત્યાનું પાપ કરાવ્યું અને અનેક લોકોના કર્મબંધનું કારણ બની. એક અધર્મી અનેકને બગાડે છે. તેના આ ભવ-પરભવ નિંદિત થાય છે. **(૩)** સંસારના સ્વાર્થપૂર્ણ સંબંધોનું સ્પષ્ટ ચિત્ર આ અધ્યયનમાં દોર્યું છે. એક વ્યકિત ૪૯૯ સાસુઓને જીવતી સળગાવી દે, તો એક ૮૦ વર્ષની વહુ ૧૦૦ વર્ષની સાસુની હત્યા કરી નાખે છે. રાજકુળમાં મળેલું સુખ પણ કેટલું ભયંકર દુઃખદાયી બન્યું ! આ જાણી દુર્લભ માનવભવનું સ્વાગત ધર્માચરણ દ્વારા કરી જીવન સફળ બનાવવું જોઈએ. ચંચળ લક્ષ્મી અને સ્વાર્થી સંબંધોનો ત્યાગ કરી સંયમ-તપમાં પુરુષાર્થ કરવો જોઈએ. ત્યારે જ માનવભવ વાસ્તવિક રીતે સફળ થાય છે. **(૪)** મા–બાપ પ્રત્યેની કર્તવ્યનિષ્ઠાનું એક અનુપમ ઉદાહરણ આ અધ્યયનમાં અંકિત કરવામાં આવેલ છે. પુષ્પનંદી રાજા પોતે ઉંમર ૮૦ વરસની થઈ હોવા છતાં પોતાની ૧૦૦ વરસની માતાની સેવામાં, પરિચર્યામાં પોતાનો વધારેમાં વધારે સમય





વ્યતીત કરતો હતો. આ રાજા ભગવાન મહાવીરના શાસનમાં થયેલ હતો. માતા પિતાની સેવા કરવાની પ્રેરણા આપતું જીવતું જાગતું ઉદાહરણ છે. પુષ્પનંદી રાજાએ જૈનધર્મ અંગીકાર કરેલ કે કેમ ? એવો ઉલ્લેખ આ અધ્યયનમાંથી જાણી શકાતો નથી. **(૫)** આ અધ્યયનનું નામ **સહસ્ત્રોદાહ** તરીકે પણ મળે છે. એ હિસાબે તેણે પૂર્વભવમાં ૧૦૦૦ મનુષ્યોને(લગભગ) બાળ્યા હતા. જેમાં ૪૯૯ રાણીઓનો પણ માતાઓ સાથે સમાવેશ થાય છે તેમ સમજી શકાય છે.

**અંજુશ્રી :–** **(૧)** કોઈપણ તીવ્રતમ વેદના લાંબો સમય ટકતી નથી પરંતુ કયારેક પ્રગાઢ કર્મોનો નિકાચિત ઉદય હોય તો અંજુશ્રી જેવું બને છે. અને તે ઉત્પન્ન વેદના મૃત્યુ સુધી ચાલે છે. **(૨)** ઇન્દ્રિયના વિષય સુખોનો આનંદ જીવનને માટે મીઠા ઝેર સમાન છે.

**मीठे मीठे कामभोग में, फसना मत देवानुप्रिया ।**
**बहुत बहुत कडवे फल पीछे, होते हैं देवानुप्रिया ॥**

આગમમાં– **संसाघ मोक्खस्स विपक्खभूया, खाणी अणत्थाण हु कामभोगा**– અર્થાત્ આ કામભોગ મોક્ષના વિરોધી એવં અનર્થોની ખાણ સમાન છે. **(૩)** તીવ્ર પાપ-કર્મોદય થતાં કોઈ શરણભૂત હોતું નથી. જીવનમાં ધર્મના સંસ્કાર ન હોય તો જીવ આવા દુઃખોથી દુઃખી થાય છે અને આર્તધ્યાન તથા સંકલ્પ વિકલ્પોમાં મરી દુઃખોની પરંપરા વધારે છે. **(૪)** પરંતુ જીવનમાં જો ધર્મ આત્મસાત્ કર્યો હોય તો આવી વિકટ પરિસ્થિતિમાં શાંતિથી કર્મોને ભોગવી ભવિષ્યને કલ્યાણમય બનાવી શકાય છે. ધર્મ દુઃખમાં પણ સુખી બનાવે છે. સંકટ સમયે પ્રસન્ન ચિત્ત રાખવાનું ધર્મ શીખવાડે છે. કહ્યું છે કે –

**સંકટો ભલેને આવે સ્વાગત કરી લે,**
**સાધક તું હૈયે તારે સમતા ધરી લે........સંકટો ॥**

ધર્મ દ્વારા અનંત આત્મશક્તિ અને ઉત્સાહ જાગૃત થાય છે. **(૫)** યોગ્ય અવસર ઊભો થાય ત્યારે(નિમિત્ત મળ્યે) જીવનને ધર્મ અને સંસ્કારમય બનાવવાનું લક્ષ્ય રાખવું જોઈએ. ધર્મ દ્વારા આચરણને સુસંસ્કૃત બનાવી, આત્મચિંતન કરી આત્માની અનંત શક્તિને ઉજાગર કરવી જોઈએ. આવો આત્મા અશુભ કર્મના ઉદયને રોઈ રોઈને ભોગવતો નથી પરંતુ ગજસુકુમાલ, અર્જુનમાળીની જેમ શાંતિપૂર્વક, સમતાપૂર્વક અને સમાધિભાવે ભોગવી, કર્મનું કરજ ચુકવી મોક્ષને પ્રાપ્ત કરે છે. **(૬)** આ દુઃખ વિપાક સૂત્રમાં હિંસક, ક્રૂર, ભોગાસકત, સ્વાર્થાંધ,

માંસાહારી અને શરાબી જીવોના જીવનનું ચિત્રણ કર્યું છે. તેમના કૃત્યોના કટુ પરિણામો બતાવ્યા છે અને તેના દ્વારા શુદ્ધ, સાત્વિક, વ્યસનમુકત અને પાપમુકત જીવન જીવવાની પ્રેરણા આપવામાં આવી છે.

## નિબંધ-૩૩

# સુખવિપાક ના અધ્યયનોથી શિક્ષા-જ્ઞાતવ્ય

**(૧)** સુપાત્ર દાન થી સમ્યક્ત્વની પ્રાપ્તિ અને સંસાર પરિત્ત થાય છે. મનુષ્ય આયુનો બંધ અન્ય કોઈ ક્ષણે થાય છે. કારણ કે સંસાર પરિત્તીકરણ સમ્યક્ત્વ પ્રાપ્તિ પછી થાય છે અને સમ્યક્ત્વની હાજરીમાં મનુષ્યનું આયુષ્ય મનુષ્યો બાંધતા નથી. ***–ભગવતી સૂત્ર, શતક–૨૬.*** તેથી સુબાહુકુમાર વગેરેનો આયુબંધ અન્ય ક્ષણે થયો તેમ માનવો જોઈએ. સંક્ષિપ્તિકરણની વર્ણન પદ્ધતિમાં દૂરવર્તી વર્ણન નજીકનું લાગે છે અને નજીકનું વર્ણન દૂરનું લાગે છે. આવું થવું વાસ્તવિક છે પરંતુ તેનું હાર્દ અથવા અર્થ, આગમના જાણકાર અનુભવી પાસે સમજવા જોઈએ. અર્થાત્ સમજમાં ન આવતા તત્ત્વને પોતાની મેળે સમજીને ખોટો નિર્ણય બાંધવો નહીં. કારણ કે સંક્ષિપ્ત પાઠોમાં આવતા વર્ણન કે વ્યક્તિઓના કથાનકોમાં જો વિવેકબુદ્ધિથી ન સમજીએ તો કેટલી ય જગ્યાએ ગેરસમજ ઊભી થવા સંભવ છે કે જેનું કોઈ સમાધાન મળે નહીં. તેથી ઉપર મુજબ વિવેકદષ્ટિ રાખીને સમજવાનો પ્રયત્ન કરવો તે જ શ્રેષ્ઠ છે.

સાર એ છે કે સુપાત્ર દાન આદિ સુકૃત્યો જ્યારે ઉત્કૃષ્ટ ભાવથી કરવામાં આવે તે સમયે સમકિતની પ્રાપ્તિ થાય છે અને અન્ય ક્ષણે પહેલાં કે પછી સમકિતના અભાવમાં મનુષ્ય આયુનો બંધ પડે છે.

**(૨)** સુપાત્ર દાન દેતાં **ત્રૈકાલિક હર્ષ** થવો જોઈએ. દાન દેવાનો અવસર પ્રાપ્ત થતાં, દાન દેતાં અને દાન દીધા પછી, આમ ત્રણે સમયે ઉત્કૃષ્ટ ભાવ રહેવા જોઈએ. **સુપાત્રદાનની ત્રણ શુદ્ધિ–** દાતાનો ભાવ શુદ્ધ હોય, લેનાર મુનિરાજ સમ્યક્ જ્ઞાન, દર્શન અને ચારિત્રયુક્ત હોય, તથા દાન અચિત્ત તેમજ એષણીય હોવું જોઈએ. આ રીતે ત્રણ શુદ્ધિ, ત્રણ હર્ષ અને દીર્ઘ તપશ્ચર્યાનું પારણું હોય તો દેવો ખુશ થઈ પાંચ દિવ્ય પ્રગટ કરે છે. જેમાં પાંચ વર્ણના પુષ્પોની વૃષ્ટિમાં દેવકૃત અચિત્ત પુષ્પ સમજવા.

**(૩)** ઘરમાં મુનિરાજ ગોચરીએ પધારે ત્યારે કેવી શ્રેષ્ઠ વિધિપૂર્વક વ્યવહાર





કરવો જોઈએ. તે આ અધ્યયનમાં વર્ણવેલ સુદત્ત શેઠ વગેરેના વર્ણનથી જાણવા મળે છે. વર્તમાન સમયે ઘરમાં મુનિરાજ પધારતાં અતિભક્તિ કે અભક્તિનો અવિવેક તેમજ દોષ યુક્ત વ્યવહાર થાય છે તેમાં સંશોધન કરવું જરૂરી છે. જેનાથી શ્રાવક-શ્રાવિકાઓ પોતાના વ્રતમાં દોષ લગાડયા વગર આગળ વધી શકે. તે માટે મુનિરાજને ગોચરી અર્થે આગ્રહ કરી બોલાવવા નહીં.(માત્ર નમ્ર નિવેદન કરી શકાય)મુનિરાજ ગોચરી માટે સ્વયં પોતે આવે તેવી ભાવના ભાવવી જોઈએ. જ્યારે મુનિરાજ ઘરની નજીકથી પસાર થતા હોય ત્યારે અવાજ દઈને, સાદ પાડીને ઘરમાં બોલાવવા, સહજ આવે ત્યારે સચેત વસ્તુઓ આઘીપાછી કરી નાંખવી, વહોરાવવાની વસ્તુઓમાં પણ સચેત-અચેતનું લક્ષ્ય ન રાખવું, ન ખપતી વસ્તુઓને ખપતી કરી નાખવી; આવી-આવી ક્રિયાઓ શ્રાવકે કરવી જોઈએ નહીં. જે વસ્તુ જ્યાં પડી છે ત્યાં જ રહેવા દઈ, જે વસ્તુઓ વહોરાવવાની છે તે જેમ છે તેમજ રહેવા દેવી, ઉતાવળ અથવા મુનિરાજ પ્રત્યેની ભક્તિના અતિરેકમાં કંઈપણ ફેરફાર કર્યા વગર શુદ્ધ અને સરળભાવથી મુનિરાજની જરૂરિયાત મુજબ, તેમની ઈચ્છા અને સૂચના મુજબ વસ્તુઓ વહોરાવવી જોઈએ. તે માટે **એષણા સમિતિ**ના ૪૨ દોષ અને ગોચરી સંબંધી વિવેક અને યોગ્ય જાણપણું શ્રાવકને હોવું જરૂરી છે. આ બાબતનું સ્પષ્ટીકરણ ભાગ–૫મા થી મળી શકશે.

**(૪) ગોચરી અર્થે પધારતાં મુનિવરને વંદન-નમસ્કારનું જે અહીં વર્ણન છે તે ત્રણ વખત ઉઠ-બેસ કરવું તેમ નથી. રસ્તામાં કે ગોચરીના સમયે કેવલ વિનય–વ્યવહાર જ કરવાનો હોય છે એટલે કે *હાથ જોડી મસ્તક નમાવી 'મત્થેણ વંદામિ' કહેવું.* તિક્ખુત્તોના પાઠથી ત્રણ વખત વંદન કરી ચરણ સ્પર્શ કરી મુનિને અટકાવતાં અવિનય અને આશાતનાના દોષ થાય છે. મુનિરાજને જોતાં દૂરથી જ અભિવાદન કરવું, આસન છોડવું, પગરખા કાઢવા એ વિનય વ્યવહાર છે, નજીક આવતાં ઉત્તરાસન મુખે રાખવું એટલે ખુલ્લા મુખે ન રહેવું. સુમુખ વગેરે ગાથાપતિઓએ પણ ઘેર પધારેલા મુનિરાજનો વિનય કરવા માટે આ નિયમોનું પાલન કર્યું હતું. તેથી જ્યારે પણ મુનિરાજની સેવા માટે તેમની પાસે જવાનું થાય ત્યારે મુખ પાસે ઉત્તરાસન રાખવામાં આળસ કરવી જોઈએ નહીં. ઉત્તરાસન રાખ્યા વગર મુનિરાજની સેવામાં એટલે કે તેમની પાસે જવું એ શ્રાવકાચારની વિરુદ્ધ આચરણ ગણાય છે.**

**(૫)** ભાગ્યશાળી આત્માઓ પ્રાપ્ત પુણ્ય સામગ્રીમાં જીવનભર આસક્ત રહેતા નથી, ગમે ત્યારે વિરક્ત થઈ તેનો ત્યાગ કરે છે અને સંયમ અંગીકાર કરે છે. સંયમ સ્વીકાર ન થાય ત્યાં સુધીમાં શ્રાવકવ્રતોને અવશ્ય ધારણ કરી લેવા જોઈએ.

દશે અધ્યયનમાં વર્ણિત રાજકુમારોએ વિપુલ ભોગસામગ્રી યુક્ત જીવન હોવા છતાં સંપૂર્ણ બારવ્રત સ્વીકાર્યા હતા. સુકુમાલ શ્રેષ્ઠીકુમાર હોવા છતાં તેણે પણ મહિનામાં છ પૌષધ કરવાનો નિયમ લીધો હતો, છેવટે સંયમ પણ ધારણ કરેલ.

દીક્ષા લઈને પણ તે સર્વે સુકુમાલ શ્રેષ્ઠીકુમારોએ ૧૧ અંગસૂત્રો કંઠસ્થ કર્યા હતા. આ કાળમાં પણ શ્રમણોએ આ આદર્શને ધ્યાનમાં રાખી આગમના અધ્યયન–અધ્યાપનનું મુખ્ય લક્ષ્ય રાખવું જોઈએ. તે માટે ગચ્છ કે સંપ્રદાયમાં જે કોઈ આવા પાત્ર(યોગ્ય) શ્રમણો હોય, તેમને આગમનું વિશાળ અધ્યયન થઈ શકે તેવી આગમ આજ્ઞા અનુસાર વ્યવસ્થા કરવી જોઈએ.

પૌષધમાં શ્રાવકે પોતાના આત્મગુણોનો વિકાસ થાય એ માટે ધર્મ જાગરણ એટલે ચિંતન, મનન રૂપે ધ્યાન કરવું જોઈએ. પંચવર્ણી પુષ્પવૃષ્ટિ માટે તે દેવકૃત અચેત પુષ્પોની વૃષ્ટિ છે તેમ સમજવું જોઈએ.શ્રાવક પોતે ગૃહસ્થ જીવનમાં રહેતા હોવા છતાં મુનિપણું લેવા માટે હરહમેશ અનુમોદના કરતા રહે અને તેમાં પોતાની જાતને ધન્ય માને. શ્રાવકના બીજા મનોરથમાં શ્રાવક પોતે સંયમ પ્રાપ્તિના અવસરની હંમેશાં ઈચ્છા–મનોરથ કરે છે અને આવા અવસરની પ્રતીક્ષા કરતો રહે છે. તે આગમ વિધાનનો ખંત રાખી આચરણ કરવું જોઈએ.

**(૬)** આ સૂત્રના દશે ય અધ્યયનોમાં જે વર્ણન આવે છે તેમાં માસખમણના તપસ્વી મુનિ પારણાને દિવસે ગુરુની આજ્ઞા લઈ પોતે ગોચરી કરવા નીકળે છે. આ એક આગમ માન્ય ગોચરીની શ્રેષ્ઠ પદ્ધતિ છે. આવા કેટલાયે દષ્ટાંતો આગમોમાંથી મળે છે. આજના સમયમાં આવી શ્રેષ્ઠ પદ્ધતિને અવગુણ માનવામાં આવે છે એટલે કે સ્વતંત્ર ગોચરી કરનાર સાધુને દોષિત ગણવામાં આવે છે. પરિણામ એ આવ્યું કે અનેક ઉત્તમોત્તમ સાધનાઓ અને અભિગ્રહ ધારવાની પદ્ધતિનો વિચ્છેદ–નાશ થતો જાય છે.

આ આગમ વર્ણનોનું યોગ્ય ચિંતન–મનન કરી આવી અભિગ્રહયુક્ત કે તપ–આરાધનયુક્ત પારણાની ગોચરી સંબંધી પદ્ધતિને ફરી પાછી સારી રીતે આગમ આજ્ઞા અનુસાર અમલમાં લાવવી જોઈએ. વિશેષ જાણકારી માટે નિબંધમાળાના પાંચમા ભાગમાં **એકચર્યા**–'' એકલ વિહારથી મુક્તિ'' નો નિબંધ જોઈ જવો.





## નિબંધ–૩૪

# અબંડ સન્યાસી તથા તેમના ૭૦૦ શિષ્ય

અન્ય મતના કેટલાએ સંન્યાસીઓના વર્ણન આગમોમાં આવે છે. તેઓ લગભગ ભગવાનથી પ્રતિબોધ પામીને અન્યમતની પ્રવ્રજ્યાનો ત્યાગ કરી જિન મતની પ્રવ્રજ્યા અંગીકાર કરીને મોક્ષની સાધના કરે છે, જેમાં સ્કંધક સંન્યાસી વગેરે છે પરંતુ માત્ર અંબડ સંન્યાસી એક એવા સાધક થયા છે કે જેમણે પોતાનો સંન્યાસ છોડ્યા વિના જિનમતનો અને જિનમતના શ્રાવક વ્રતોનો સ્વીકાર કરી તેની પાલના અને આરાધના પોતાના સાતસો શિષ્યો સાથે કરી હતી. તે ગુરુ અને શિષ્યો બધા પરલોકના આરાધક બન્યા છે. આવી મિશ્ર આચાર પ્રવૃતિમાં તેમણે ભગવાનનું શિષ્યત્વ સ્વીકાર કર્યું હતું તેમજ ભગવાને પણ તેના આ વ્યવહારનો એટલે કે દ્વિવિધ આચારનો વિરોધ કર્યો નહોતો. અનેકાન્ત ભરેલા સિદ્ધાંતોમાં ભગવાન અને અંબડ બંનેની આ ઉદાર તથા સુમેળભરી દષ્ટિ અને વિચારણા રહેલ હતી.

**અંબડ પરિવારના શિષ્ય–** ઉવવાઈ સૂત્રમાં વર્ણવેલા વિવિધ પરિવ્રાજકોમાંથી બ્રાહ્મણ પરિવ્રાજકમાં અંબડ સંન્યાસીનું કથન આવે છે. એ અંબડ પરિવ્રાજકનું જીવનવૃત્તાંત આ પ્રમાણે છે– અંબડ પરિવ્રાજકને સાતસો શિષ્ય હતા. વિચરણ કરતા તેમને એક સમયે ભગવાન મહાવીર સ્વામીની સેવાનો અવસર મળી ગયો. નિર્ગ્રંથ પ્રવચન સાંભળીને તેને શ્રાવકના ૧૨ વ્રત ધારણ કરવાની ઈચ્છા થઈ. ભગવાને તેને શ્રાવકવ્રત અંગીકાર કરાવ્યા. આ રીતે અંબડ પરિવ્રાજક નિર્ગ્રંથ પ્રવચનનો સ્વીકાર કરી શ્રાવકના વ્રતોનું પાલન કરતાં પરિવ્રાજક પર્યાયમાં વિચરણ કરવા લાગ્યા. તેણે યોગ્ય સમયે પોતાના શિષ્યોને પણ ઉપદેશ આપીને વ્રતધારી શ્રાવક બનાવ્યા. તેઓ ગૃહસ્થ જીવનનો સ્વીકાર ન કરતાં પરિવ્રાજક પર્યાયમાં વિચરણ કરતા રહ્યા. આવું કરવામાં તેને શ્રાવકવ્રતની આરાધના કરવામાં કોઈ મુશ્કેલી પણ નહોતી પડતી. અંબડ પરિવ્રાજક કેટલીક વાર એકલા વિચરણ કરતા હતા.

એક સમયે અંબડના સાતસો શિષ્યોએ કપિલપુરથી પુરિમતાલનગરી તરફ જવા પ્રસ્થાન કર્યું. રસ્તામાં પીવા માટે લીધેલ પાણી પૂરું થઈ ગયું. જેઠ મહિનાની આકરી ગરમી પડી રહી હતી. બધા તરસથી આકુળ-વ્યાકુળ થઈ ગયા હતા. પાણીની શોધ કરી પણ સંયોગવશ તેમને કોઈ પાણી દેનાર મળ્યું

નહીં. દરેકનો નિર્ણય એક જ હતો કે મુશ્કેલીના સમયમાં પણ દીધા વિનાનું પાણી લેવું નહીં. ગંગા નદી પાસે પણ પહોંચી ગયા, ત્યાં પણ સખત ગરમીને કારણે માનવોની આવ–જા બંધ થઈ ગઈ હતી. છેવટે બધાએ નદીના રેતાળ કિનારે પાદપોપગમન સંથારો ગ્રહણ કરવાનો નિર્ણય કરી લીધો. પોતાના વિવિધ ભંડોપકરણ, વસ્ત્ર–પાત્ર વગેરે ૧૪ ઉપકરણોનો ત્યાગ કર્યો, ત્યાર બાદ રેતી ઉપર પલ્યંક આસને બેસી, બંને હાથ જોડી, સિદ્ધ ભગવંતોને નમોત્થુણંના પાઠથી વંદન કરી, ફરી બીજા નમોત્થુણં વડે શ્રમણ ભગવાન મહાવીરને વંદન કર્યા, ત્યાર બાદ પોતાના ધર્મગુરુ, ધર્માચાર્ય અંબડ સંન્યાસીને ભાવપૂર્વક નમસ્કાર કર્યા અને ત્યાર પછી આ પ્રમાણે શબ્દો ઉચ્ચાર્યા–

પહેલાં અમોએ અંબડ પરિવ્રાજક સમક્ષ આજીવન સ્થૂલ હિંસા, જૂઠ, ચોરી, પરિગ્રહનો ત્યાગ કરેલ હતો તેમજ સંપૂર્ણ અબ્રહ્મચર્યનો પણ ત્યાગ કર્યો હતો. હવે અમો શ્રમણ ભગવાન મહાવીર સામે પરોક્ષ રૂપે સંપૂર્ણ હિંસા, જૂઠ, ચોરી વગેરે તેમજ સંપૂર્ણ અઢાર પાપોનો આજીવન ત્યાગ કરીએ છીએ, ચારે પ્રકારના આહારનો ત્યાગ કરીએ છીએ અને અતિ પ્રિય એવા આ શરીરનો પણ પૂર્ણરૂપથી ત્યાગ કરીએ છીએ. આ પ્રમાણે વિધિવત્ મોટી સંલેખનાના પાઠથી પાદપોપગમન સંથારો–આજીવન અનશન ધારણ કરી સમાધિપૂર્વક સમય વ્યતીત કરવા લાગ્યા. યથાસમયે તેઓનું આયુષ્ય પૂરું થયે બધા શિષ્યો પાંચમા દેવલોકમાં દશ સાગરોપમની સ્થિતિએ ઉત્પન્ન થયા. તે અંબડના શિષ્યો ધર્મના આરાધક થયા. કારણ કે તેઓ પરિવ્રાજક પર્યાયમાં રહીને પણ નિષ્પાપ નિર્વદ્ય ધર્મને સમજ્યા હતા. તેમજ શક્તિ પ્રમાણે શ્રાવકધર્મ અંગીકાર પણ કરેલ હતો.

હવે શિષ્યો વિના અંબડ સંન્યાસી, પરિવ્રાજક પર્યાયમાં એકલા જ વિચરણ કરતાં શ્રાવકના ૧૨ વ્રતોનું પાલન કરતા હતા. છઠને પારણે છઠનું સતત તપ કરવાથી તેમજ યથાસમયે આતાપના લેવી આદિ સાધનાઓ કરવાથી તેને વૈક્રિય લબ્ધિ અને અવધિજ્ઞાન પ્રાપ્ત થયેલ હતું. પોતાના બળ અને શક્તિથી લોકોને આકર્ષિત કરવા એક સાથે સો ઘરોમાં રહેતા અને ભોજન કરતા. આવી વાતનો લોકોમાં પ્રચાર પણ થવા લાગ્યો. આવી ચર્ચા ગણધર ગૌતમસ્વામીએ પણ ગોચરી દરમ્યાન સાંભળી હતી.

આ રીતે વિચરણ કરતા અંબડજી શ્રાવકધર્મનું પાલન કરતાં અને નિર્ગ્રંથ પ્રવચનમાં અતૂટ શ્રદ્ધા રાખતાં બ્રહ્મચર્યનું પૂર્ણપણે પાલન કરતા હતા. તેમજ પરિવ્રાજક પર્યાયના નિયમોનું પણ પાલન કરતા હતા. વિશેષતા એ છે કે તેઓ





આધાકર્મી, ઉદ્દેશિક, મિશ્ર, ક્રીત, પૂતિકર્મ, અધ્યવપૂર્વક, ઉધાર, અનિસૃષ્ટ, અભિહડ, સ્થાપિત, રચિત વગેરે દોષોવાળા આહાર ગ્રહણ કરતા નહીં. કંતારભક્ત, દુર્ભિક્ષ ભક્ત, ગ્લાન ભક્ત, બાદલિક ભક્ત, પાહુણ ભક્ત વગેરે દોષવાળા આહારપાણી વાપરતા નહીં. કંદમૂળ, પાંદડા, ફૂલ, ડાળ, બીજ વગેરે પણ લેતા નહીં. તેમણે ચાર પ્રકારના અનર્થદંડનો પણ ત્યાગ કરેલ હતો.

પીવા માટે અને હાથપગ ધોવા માટે ચાર શેર(અર્ધો આઢક)પાણી તેમજ સ્નાન વગેરે માટે ૮ શેર(૧ આઢક)થી વધારે પાણી લેતા નહીં. પાણી લેવામાં પણ તેઓ નિયમોનું સંપૂર્ણ પાલન કરતા. અંબડ સંન્યાસી અરિહંત કે અરિહંતના શિષ્યો સિવાય કોઈને વંદન નમસ્કાર(સવિધિ ગુરુવંદન) કરતા નહીં. આ પ્રમાણે અંબડ સંન્યાસી પોતાના પૂર્વ વેશની અને આચરણની સાથે શ્રાવકવ્રતોની આરાધના કરી અંતિમ સમયે એક મહિનાનો સંથારો કરી મૃત્યુ પામી પાંચમા દેવલોકમાં ઉત્પન્ન થયા. ત્યાં તેમની સ્થિતિ ૧૦ સાગરોપમની છે. દેવભવ પૂરો કરીને અંબડનો જીવ મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્તમ કુળમાં જન્મ લેશે, દઢપ્રતિજ્ઞ નામ રાખવામાં આવશે, ૭૨ કળાઓમાં પારંગત થશે. યૌવનવય થતાં માતા પિતા તેને ભોગ ભોગવવાનું નિમંત્રણ આપશે પરંતુ તે તેનો સ્વીકાર કરશે નહીં. તે શ્રમણ નિર્ગ્રંથો પાસે દીક્ષા અંગીકાર કરશે. તે અનેક વર્ષ સંયમ પર્યાયનું શુદ્ધ રૂપે પાલન કરશે. જેનાથી તેને કેવળજ્ઞાન કેવળદર્શનની પ્રાપ્તિ થશે. અનેક વર્ષ કેવળી પર્યાયમાં વિચરણ કરી, સંપૂર્ણ કર્મોનો ક્ષય કરી સિદ્ધ, બુદ્ધ અને મુક્ત બનશે.

સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થવા માટે જ શ્રમણો, આવી સંયમ સાધનાના કઠોરતમ નિયમોનું પાલન કરે છે. તે કેટલાક નિયમો આ પ્રમાણે છે– (૧) નગ્નભાવ– શરીર સંસ્કારનો ત્યાગ. (૨) મુંડભાવ– ઘર અને મમત્વનો ત્યાગ. (૩) સ્નાનનો ત્યાગ. (૪) દાંતણ– મંજન કરવાનો ત્યાગ (૫) કેશ-લોચ અર્થાત્ મસ્તકના અને દાઢી-મૂછના બધા વાળ હાથથી ખેંચી કાઢવા. (૬) અખંડ બ્રહ્મચર્ય પાલન. (૭) છત્ર ત્યાગ. (૮) જૂતા– પગરખા આદિનો ત્યાગ. (૯) જમીન, પાટ કે લાકડાના પાટિયા ઉપર સૂવું. (૧૦) ઘર ઘરથી ભિક્ષા લેવી. (૧૧) લાભાલાભમાં સંતોષી રહેવું. (૧૨) બીજાઓ દ્વારા કરવામાં આવતી હીલના, તિરસ્કાર, નિંદા, ગર્હા, મારકૂટ, પરાભવ, વ્યથા વગેરે; આવી બધી પરિસ્થિતિમાં સમભાવ અને પ્રસન્નતા રાખવી અને બીજા કોઈ પણ રાગદ્વેષ, ઊંચ-નીચ, સંકલ્પ-વિકલ્પ કરવા નહીં. બીજા પણ નાના-મોટા ઈન્દ્રિય વિરોધી કષ્ટકારી સંયોગ, ૨૨ પરિષહ, દેવ, મનુષ્ય, તિર્યંચો દ્વારા થતા ઉપસર્ગો વગેરેમાં સમભાવથી તેનો સ્વીકાર કરીને

શાંત તથા પ્રસન્ન રહેવું. તન અને મનની પ્રતિકૂળ સ્થિતિમાં તેનો પ્રતિકાર કરવો નહીં અને તેમાં જ્ઞાતા-દષ્ટા બનીને સમભાવ રાખવો. આ બધા મન અને શરીરના કષ્ટસાધ્ય નિયમો, સાધકો પોતે, કર્મથી સર્વથા મુક્ત થવા માટે ધારણ કરતા હોય છે.

## નિબંધ–૩૫

# સૂર્યાભદેવનું મનુષ્ય લોકમાં આગમન

ભગવાન મહાવીર વિચરણ કરતાં-કરતાં આમલકપ્પા નગરીમાં પધાર્યા. ત્યાં આમ્રશાલ નામના વનના ચૈત્યમાં, અધિષ્ઠાયક વ્યક્તિની આજ્ઞા લઈ શિષ્ય પરિવાર સાથે ઉતર્યા.

ત્યાંનો શ્વેત રાજા તેની ધારિણી રાણી સાથે અને વિશાળ જનમેદની સાથે ભગવાન મહાવીરના દર્શન કરવા અને ધર્મઉપદેશ સાંભળવા આવ્યા. ભગવાનની પાસે પહોંચીને સર્વપ્રથમ તેણે પાંચ અભિગમ ધારણ કર્યા એટલે શ્રાવકને યોગ્ય આવશ્યક નિયમોનું આચરણ કર્યું અને ભગવાનને વિધિપૂર્વક વંદન નમસ્કાર કરી બેસી ગયા. તેની સાથે આવેલ જનમેદની પણ ધર્મસભાના રૂપમાં પરિવર્તિત થઈ ગઈ. જુદા-જુદા સમૂહમાં આવેલ લોકો પણ પરિષદમાં એકઠા થઈ ગયા.

**સૂર્યાભદેવની ધાર્મિકતા–** પ્રથમ દેવલોકના સૂર્યાભ નામના વિમાનના માલિક સૂર્યાભદેવ પોતાના ચાર હજાર સામાનિક દેવો, પરિવાર સહિત ચાર અગ્રમહિષીઓ, ત્રણ પ્રકારની પરિષદ, ૧૬ હજાર આત્મરક્ષક દેવો વગેરે પોતાની વિશાળ ઋદ્ધિ સાથે દિવ્ય સુખોનો અનુભવ કરી રહ્યો હતો. આ સમયે તેણે અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકીને જોયું કે ભગવાન મહાવીર આમલકપ્પા નગરીમાં બિરાજમાન છે. આ જોઈને પરમ આનંદિત તેમજ હર્ષિત થઈ, સિંહાસન ઉપરથી નીચે ઉતરી પગમાંથી પાદુકા કાઢી, મોઢા ઉપર ઉત્તરાસંગ(ખેસ) લગાવી, જમણો ઘૂંટણ જમીન ઉપર ટેકવી, ડાબો ઢીંચણ ઊભો રાખી, મસ્તક ત્રણ વખત જમીનને અડાડી પ્રથમ નમોત્થુણંના પાઠથી સિદ્ધ ભગવાનની સ્તુતિ કરી અને બીજા નમોત્થુણંના પાઠથી શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને વંદન કરી ગુણકીર્તન કર્યા. પછી સિંહાસન ઉપર બેસી ગયા. તેને મનુષ્ય લોકમાં આવી ભગવાનના દર્શન-સેવા કરવાની ભાવના થઈ. પોતાને આધીન આભિયોગિક દેવોને





સમવસરણની આસપાસની એક યોજન પ્રમાણ ક્ષેત્રની શુદ્ધિ કરવાનો આદેશ આપ્યો.

**આભિયોગિક દેવોનો આચાર–** સૂર્યાભદેવની આજ્ઞા અનુસાર આભિયોગિક દેવો આમલકપ્પા નગરીમાં આવી પ્રથમ શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને વંદન નમસ્કાર કરી પોતાના નામ, ગોત્ર વગેરે બતાવીને પરિચય આપ્યો. ભગવાને સમુચિત શબ્દના ઉપયોગથી બધાના વંદન નમસ્કાર સ્વીકાર્યા અને કહ્યું કે– ''હે દેવાનુપ્રિય ! આ આપ લોકોના જીતાચાર–આચાર પરંપરા છે કે ચારે જાતિના દેવ પ્રસંગે પ્રસંગે અધિપતિ દેવોની આજ્ઞાથી આવે છે. અરિહંત ભગવાનને વંદન, નમસ્કાર કરી, પોતાના નામ ગોત્ર બતાવી પરિચય આપે છે.'' ત્યારે તે આભિયોગિક દેવો ભગવાનના આવા વચનામૃત સાંભળી ફરીથી હાથ જોડી, મસ્તક નમાવી ત્યાંથી નીકળી ગયા. ત્યાંથી બહાર આવી ભગવાનની આસપાસના એક એક યોજનના વિસ્તારને સંવર્તક વાયુથી સાફ કર્યો, પાણીનો છંટકાવ કરી સુગંધિત દ્રવ્યોથી તે ક્ષેત્રને સુગંધિત કર્યો, ફરી ભગવાનને વંદન કરી દેવલોકમાં પહોંચી ગયા. સૂર્યાભદેવને નિવેદન કર્યું કે આપની આજ્ઞાનું પાલન થઈ ગયું છે.

**સૂર્યાભદેવનું આગમન–** સૂર્યાભદેવની આજ્ઞાથી સેનાપતિ દેવે સુસ્વરા નામનો ઘંટ ત્રણ વખત વગાડી બધા દેવોને સાવધાન કર્યા. પછી બધાને સંદેશ સંભળાવ્યો કે સૂર્યાભદેવ, ભગવાન મહાવીર સ્વામીના દર્શન કરવા જઈ રહ્યા છે. આપ પણ પોતપોતાના વિમાનોમાં અહીં પહોંચી જાઓ. સૂચના સાંભળીને દેવો સુસજ્જિત થઈ યથાસમયે સુધર્માસભામાં પહોંચી ગયા. સૂર્યાભદેવની આજ્ઞાથી એક લાખ યોજનના લાંબા-પહોળા ગોળાકાર વિમાનની વિકુર્વણા કરી. જેના મધ્યમાં સિંહાસન ઉપર સૂર્યાભદેવે આસન લીધું. પછી દરેક દેવ ક્રમાનુસાર પોતપોતાના ભદ્રાસન ઉપર બેસી ગયા. તીવ્ર ગતિથી વિમાન પહેલા દેવલોકના ઉત્તરી નિર્યાણ માર્ગથી નીકળ્યું, હજારો યોજનની ગતિથી થોડા જ સમયમાં નંદીશ્વરદ્વીપના રતિકર પર્વત ઉપર પહોંચી ગયા. અહીં આવીને આ વિમાનને સંકુચિત(નાનું) કરી દેવામાં આવ્યું અર્થાત્ આમલકપ્પા નગરીની બહાર રાખી શકાય એવું નાનું બનાવી દેવામાં આવ્યું, પછી આમલકપ્પા નગરીમાં આવી વિમાનને ભગવાનની ત્રણવાર પ્રદક્ષિણા લેવરાવી જમીનથી ચાર આંગળ ઊંચું રાખી દેવામાં આવ્યું. સૂર્યાભદેવ પોતાના સમસ્ત દેવપરિવાર સાથે ભગવાનની સેવામાં પહોંચ્યો અને

વંદન નમસ્કાર કરી પોતાનો પરિચય આપ્યો. ત્યારે ભગવાને યથોચિત શબ્દોમાં તેની વંદનાનો સ્વીકાર કર્યો અને કહ્યું કે આ તારો ધર્મ છે, કર્તવ્ય છે, જીતાચાર છે, કરણીય છે વગેરે. સૂર્યાભદેવ ભગવાનના વચન સાંભળી અત્યંત હર્ષિત થઈ ત્યાં બેસી ગયા. ત્યારે મનુષ્ય તેમજ દેવોની એ વિશાળ પરિષદને ભગવાને ધર્મોપદેશ આપ્યો. ધર્મોપદેશ અને પરિષદનું વિસર્જિત થવું તે ઔપપાતિક સૂત્ર અનુસાર સમજવું.

## નિબંધ-૩૬

# સૂર્યાભદેવની ભક્તિ તથા ઋદ્ધિ

ધર્મોપદેશની સમાપ્તિ અને પરિષદના વિસર્જન થયા બાદ પણ સૂર્યાભ દેવ ત્યાં રોકાઈ ગયા અને ભગવાનને પ્રશ્ન કર્યો કે હે ભગવન્ ! હું ભવી છું કે અભવી ? સમ્યકદૃષ્ટિ છું કે મિથ્યાદૃષ્ટિ, પરિત સંસારી છું કે અપરિત સંસારી, ચરમશરીરી છું કે અચરમશરીરી ? જવાબમાં ભગવાને કહ્યું કે તું ભવી, સમ્યક્દૃષ્ટિ છો અને એક ભવ કરીને મોક્ષે જનાર છો.

સૂર્યાભદેવ અત્યંત આનંદિત થયો અને ભગવાનને કહ્યું કે હે ભગવન્! આપ તો સર્વજ્ઞ, સર્વદર્શી છો, બધું જ જાણો છો, જુઓ છો. મારી દિવ્ય ઋદ્ધિ જુઓ છો પરંતુ ભક્તિવશ થઈને આપના ગૌતમ આદિ ગણધરો અને અણગારોને મારી ઋદ્ધિ અને બત્રીસ પ્રકારના નાટક દેખાડવાની ઈચ્છા છે. આ રીતે ત્રણ વાર નિવેદન કરવા છતાં ભગવાને કોઈ જવાબ આપ્યો નહીં, મૌન રહ્યા. પછી સૂર્યાભદેવે ત્રણ વાર વંદન નમસ્કાર કરી મૌનને સંમતિ માની ભગવાનની સામે પોતાની ઈચ્છા અનુસાર વૈક્રિયશક્તિથી સુંદર નાટ્ય મંડપની રચના કરી અને સ્વતઃ ભગવાનની આજ્ઞા લઈ પ્રણામ કરી ભગવાન સામે મુખ રાખી પોતાના સિંહાસન ઉપર બેસી ગયા.

**નાટ્યવિધિ–** પછી નાટ્યવિધિની શરૂઆત કરતાં પોતાની એક ભુજામાંથી ૧૦૮ દેવકુમાર અને બીજી ભુજામાંથી ૧૦૮ દેવકુમારીઓ કાઢી, જે વસ્ત્રાભૂષણોથી સુસજ્જિત હતી. ૪૯ પ્રકારના ૧૦૮ વાજીંત્ર વાદકોની વિકુર્વણા કરી પછી એ દેવકુમારોને આદેશ આપ્યો કે તમે ભગવાનને વંદન નમસ્કાર કરી ગૌતમાદિ અણગારોને ૩૨ પ્રકારના નાટક બતાવો. દેવકુમારોએ આદેશ અનુસાર નૃત્ય, ગાન સહિત નાટકવિધિની ક્રમશઃ શરૂઆત કરી.





આ નાટક વિધિના વિષયો મુખ્યત્વે આ પ્રકારે હતા– (૧) આઠ પ્રકારના મંગલ દ્રવ્યો સંબંધી. (૨) પત્ર, પુષ્પ, લત્તા સંબંધી. (૩) વિવિધ ચિત્રો સંબંધી. (૪) પંક્તિઓ, આવલિકાઓ સંબંધી. (૫) ચંદ્રોદય સૂર્યોદયની રચના સંબંધી. (૬) તેના આગમન(ઉદય)સંબંધી. (૭) તેના અસ્ત થવા સંબંધી. (૮) તેમના મંડલ અને વિમાન સંબંધી. (૯) હાથી, ઘોડા વગેરેની ગતિ સંબંધી. (૧૦) સમુદ્ર અને નગર સંબંધી. (૧૧) પુષ્કરણી સંબંધી. (૧૨) કકાર, ખકાર ગકાર આદિ અક્ષર સંબંધી. (૧૩) ઉછળવા, કૂદવા, હર્ષ, ભય, સંભ્રાત, સંકોચ કે વિસ્તારમય હોવા સંબંધી. છેવટે ભગવાન મહાવીર સ્વામીના ભવથી પૂર્વના દેવ ભવ, ત્યાંથી ચ્યવન, સંહરણ, જન્મ, બાલ્યકાળ યૌવનકાળ, ભોગમય જીવન, વૈરાગ્ય, દીક્ષા, તપ, સંયમ પૂર્વકનું છદ્મસ્થ જીવન, કેવળજ્ઞાનની પ્રાપ્તિ, તીર્થ પ્રવર્તન અને નિર્વાણ પ્રાપ્તિ સંબંધી સમસ્ત વર્ણન યુક્ત નાટ્યવિધિનું પ્રદર્શન કર્યું. ભૂત, ભવિષ્યના અવધિજ્ઞાની દેવે ભાવાવેશમાં ભગવાનના જીવનનું વર્ણન કરતાં મોક્ષ ગયા ત્યાં સુધીનું નાટક કરી દીધું.

નાટયવિધિના ઉપસંહાર કરતાં ચાર પ્રકારના વાજીંત્રો વગાડયા, ચાર પ્રકારના ગીત ગાયા, ચાર પ્રકારના નૃત્ય બતાવ્યા અને ચાર પ્રકારના અભિનય– નાટક દેખાડયા. ત્યાર બાદ શ્રમણ ભગવાન મહાવીરને વંદન નમસ્કાર કરી સૂર્યાભદેવની પાસે આવ્યા. સૂર્યાભદેવે પોતાની સઘળી વિકુર્વણા સંકેલી લીધી. ભગવાનને વંદન નમસ્કાર કરી વિમાનમાં આરૂઢ થઈ દેવલોકમાં ચાલ્યા ગયા.

## નિબંધ-૩૭

# પ્રદેશી રાજાનું જીવન પરિવર્તન

સાડા પચ્ચીસ આર્ય દેશોમાં કેકયાર્ધ દેશમાં શ્વેતાંબિકા નગરી હતી. ત્યાં પરદેશી રાજા રાજ્ય કરતા હતા. તે અધર્મી, અધર્મ આચરણ કરનારો તેમજ અધર્મથી જ પોતાનું જીવન વ્યતીત કરતો હતો.

આ રાજા આત્મા, ધર્મ વગેરેમાં કાંઈ માનતો જ નહીં, હિંસામાં આસક્ત રહીને, ક્રૂર પાપકારી, ચંડ, રુદ્ર અને ક્ષુદ્ર થઈને રહેતો હતો. કૂડ-કપટવાળો, નિર્દય, નિર્ગુણ, મર્યાદાહીન, વ્રતપચ્ચક્ખાણ વગેરેથી રહિત અધર્મનો સરદાર થઈને રહેતો હતો. પોતાની પ્રજાનું સારી રીતે પાલન-રક્ષણ કરતો નહીં. તેમજ ધર્મગુરુ કે મહાત્માઓનો આદર-સત્કાર, વિનય, ભક્તિ કાંઈ પણ કરતો નહીં.

તેને સૂર્યકાંતા નામની રાણી હતી તેમજ સૂર્યકંત નામનો યુવરાજ પુત્ર હતો. જે રાજ્યની દેખરેખ–સંભાળ રાખતો હતો. આ રાજાના ભ્રાતૃકુળમાં એટલે કે કુટુંબમાં ચિત્ત નામક સારથી(પ્રધાન)હતો. જે ચારે પ્રકારની બુદ્ધિનો સ્વામી, કાર્યદક્ષ, ચતુર સલાહકાર, પ્રમાણભૂત, અવલંબનભૂત, ચક્ષુભૂત, મેઢીભૂત હતો. રાજ્યકાર્યમાં સક્રિય ભાગ લેતો હતો. આવો સારો સહયોગ હોવા છતાં પ્રદેશી રાજા મહાઅધર્મી અને પાપી હતો, ત્યાં સુધી કે તેના હાથ હમેશાં ખૂનથી રંગાયેલા રહેતા, એવું અહીં કહેવતની ભાષામાં મૂલપાઠમાં કહેવામાં આવેલ છે.

રાજાનું પોતાનું જીવન અધર્મિષ્ઠ તો હતું જ પરંતુ વધારે તો એ હતું કે ધર્મગુરુઓ અને મહાત્માઓનો તે દ્વેષી હતો અને સમયે સમયે મહાત્માઓને માટે દુઃખદાયી અને પીડા આપનાર બનતો હતો. રાજાનું આવું પાપી આચરણ ચિત્તસારથી પ્રધાનને ખટકતું હતું. પરંતુ રાજાના દુરાગ્રહીપણાની સામે તે કાંઈ કરી શકતો નહીં. છતાં રાજાની વૃત્તિ સુધારવાની હિતચિંતા તેના મગજમાં હંમેશાં રહ્યા કરતી. એક સમયે તેની જ સૂઝ–બૂઝ અને સમજદારીથી તે પ્રદેશી રાજા કેશીશ્રમણની ધર્મસભા(પ્રવચનસભા)માં પહોંચી ગયા. કેશીશ્રમણ ચાર જ્ઞાનના ધણી અને ભગવાન પાર્શ્વનાથના શાસનમાં વિચરણ કરનારા હતા. એક જ દિવસમાં અને એક જ બેઠકની સત્સંગમાં, કેશીશ્રમણના જ્ઞાન તેમજ વિવેક અને સમજાવવાની છટાથી પરદેશી રાજાનું મિથ્યાત્વ અજ્ઞાન સમાપ્ત થઈ ગયું. જેનાથી તે ધર્મપ્રેમી, ધર્મિષ્ઠ, બાર વ્રતધારી શ્રમણોપાસક બની ગયા. પૌષધવ્રત પણ યથાસમય કરવા લાગ્યા. રાજ્યમાંથી તેનું વિરક્ત મન હવે ઉદાસીન રહેવા લાગ્યું તેમજ સંસારના સુખોમાં હવે તેને રસ પડતો નહીં. પરિણામે તેનો અધિકતમ સમય ધર્મારાધનામાં વીતવા લાગ્યો. ચિત્તસારથી(પ્રધાન) તેમજ સૂર્યકંતકુમાર રાજ્યના સંચાલનમાં રસ લેતા હતા તેથી રાજ્ય વ્યવસ્થા બરોબર ચાલતી હતી.

રાજાનું આવું ધર્મમય જીવન રાણી સૂર્યકંતાને ગમ્યું નહીં. તેને એવું લાગવા માંડયું કે રાજા હવે ધર્મની પાછળ પાગલ બની ગયા છે. રાણીએ સૂર્યકંત કુમારને બોલાવી રજુઆત કરી કે– રાજા તો હવે ધર્માંધ બની ગયા છે, રાજકાજ કે સુખભોગમાં ક્યાંય તેમનું ધ્યાન રહેતું નથી, તો પછી આવા રાજાને શસ્ત્ર–પ્રયોગ કે બીજી કોઈ પણ રીતે મારીને તારો રાજ્યાભિષેક કરવો યોગ્ય લાગે છે. કુમારને આવું પિતૃહત્યાનું કામ બરાબર લાગ્યું નહીં.

રાણીને હવે ભય લાગ્યો કે કુમારને વાત ગમી નથી. તેથી તે ક્યારેક





રાજાને કહી દેશે. રાણીએ જલ્દીથી કામ પતાવવાનો ઉપાય વિચારી લીધો. એક દિવસે રાજાના ભોજનમાં ઝેર ભેળવી દીધું, ત્યાં સુધી કે આસન વગેરે પણ વિષયુક્ત કરી નાખ્યા. યોગ્ય સમયે રાજા ભોજન લેવા બેઠા. દરેક પ્રકારે ઝેરની અસર રાજાને થવા લાગી. રાજાને સમજમાં આવી ગયું કે આજે રાણીએ બધા વિષમય સંયોગો ઊભા કર્યા છે. ધર્મ ભાવોથી ઓતપ્રોત રાજાએ પોતાના કર્મોદયનો અને ધર્મ કર્તવ્યનો વિચાર કર્યો. રાણી તરફના તેના વિચારોની ઉપેક્ષા કરી દીધી. સાવધાનીપૂર્વક રાજા પૌષધશાળામાં પહોંચી ગયા. વિધિવત્ વ્રત પ્રત્યાખ્યાન કરી સંથારો ગ્રહણ કરી લીધો અર્થાત્ ૧૮ પાપોને ત્રણ કરણ અને ત્રણ યોગથી સર્વથા ત્યાગી દીધા. આહાર પાણીનો ત્યાગ કર્યો, તેમજ શરીર પ્રત્યેનો મમત્વભાવ દૂર કરી તેને પણ વોસિરાવી દીધું. ઝેરના પ્રકોપથી વેદના તીવ્ર-તીવ્રતમ થવા લાગી. રાજા આત્મભાવ, સમભાવમાં લીન બની ગયા. રાણી પ્રત્યે મનમાં પણ અશુભ વિચારને આવવા દીધો નહીં. આયુષ્યદોરી તૂટવાનો સમય આવી ગયો હતો. શ્રાવકધર્મની ઉત્કૃષ્ટ તેમજ સમભાવોની અનુપમ આરાધના કરીને પ્રથમ દેવલોકમાં રાજાનો જીવ સૂર્યાભ વિમાનમાં સૂર્યાભદેવના રૂપમાં ઉત્પન્ન થયો. અહીં તે શકેન્દ્રની સમાન દેવ બન્યા અર્થાત્ ઇન્દ્ર જેવી જ લગભગ ઋદ્ધિ તેમજ આયુષ્ય પ્રાપ્ત કર્યા. ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈ સંયમ તપની આરાધના કરી, સંપૂર્ણ કર્મનો ક્ષય કરી સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થશે.

આ રીતે એક જ વખતના કેશીસ્વામીના સત્સંગથી અધર્મી જીવન જીવતા રાજાએ પોતાના જીવનનું એવું તો પરિવર્તન કરી દીધું કે નરક, તિર્યંચ ગતિના ભ્રમણને તાળા મારી એક ભવ કરી મોક્ષગામી બની ગયા.

## નિબંધ–૩૮

# ચિત્તસારથી દ્વારા કર્તવ્ય પાલન

કૃણાલદેશની રાજનગરી શ્રાવસ્તિ નગરીમાં જિતશત્રુ રાજા રહેતા હતા. તેઓ પ્રદેશી રાજાને આધીન રાજા હતા. એક સમયે કોઈ આવશ્યક કાર્ય માટે ચિત્તસારથીને રાજાની આજ્ઞાથી શ્રાવસ્તી નગરીમાં જવાનું થયું. ત્યાં સંયોગવશ કેશીશ્રમણનો સત્સંગ થયો. ચિત્તસારથીએ કેશીશ્રમણ પાસે ૧૨ વ્રત અંગીકાર કર્યા. ક્રમશઃ વિકાસ કરતા તે શ્રમણોપાસકને યોગ્ય ગુણોથી સંપન્ન થયા. રાજ્યનું

કાર્ય પતાવીને શ્વેતાંબિકા નગરીમાં આવવાનું હતું. ચિત્તસારથી શ્રમણોપાસકે કેશીશ્રમણને આગ્રહભરી વિનંતી કરી કે આપ શ્વેતાંબિકા નગરીમાં પધારો. કેશીસ્વામીએ પ્રદેશી રાજાના પાપિષ્ટ વ્યવહારોને લીધે ના કહીને શ્વેતાંબિકા નગરીમાં આવવા માટે પ્રશ્નચિન્હ મૂકી દીધું અર્થાત્ ત્યાં ન આવવાના ભાવ વ્યક્ત કર્યા.

ચિત્તસારથીએ બધી પરિસ્થિતિનો વિચાર કરી, ફરી નિવેદન કર્યું કે– ભંતે ! બીજા પણ ઘણા ધર્મપ્રેમી લોકો ત્યાં રહે છે એક રાજાને કારણે આ લોકોને ધર્મથી વંચિત રાખી શકાય નહીં. તે લોકો આપનો આદર સત્કાર કરી દર્શનલાભ, પ્રવચનલાભ અવશ્ય લેશે અને આહારપાણી આદિથી આપની પૂર્ણ ભક્તિ કરશે. આ રીતનું તીવ્ર હાર્દિક ભાવનાવાળું નિવેદન કેશીશ્રમણના ભાવોને પરિ– વર્તિત કરી ગયું. તેમણે આશ્વાસન વચન કહ્યા કે– જેવો અવસર, આપના નિવેદનને ધ્યાનમાં રાખશું.

યથાસમયે શ્વેતાંબિકા નગરીમાં કેશીશ્રમણની પધરામણી થઈ. ચિત્ત સારથી તેમજ અનેક નગરજનોએ દર્શન, પ્રવચન આદિનો લાભ લીધો. ચિત્તે રાજાને પ્રતિબોધ આપવાનું પણ કહ્યું. મુનિએ કહ્યું કે જે સત્સંગમાં આવે જ નહીં, દૂર દૂર રહે તેને કેવી રીતે પ્રતિબોધ આપવો ? ત્યારે ચિત્તસારથીએ રાજાને કોઈ ઉપાયથી સત્સંગમાં લાવવાનો નિર્ણય કર્યો. કંબોજ દેશના ઘોડા આવ્યા હતા અને તેને પલોટવામાં–શિક્ષિત કરવામાં આવ્યા હતા. રાજાને તેની પરીક્ષા લેવાનું નિવેદન કરવામાં આવ્યું. શીઘ્રગતિવાળા ઘોડા થોડા સમયમાં ઘણે દૂર નીકળી ગયા. રાજા ગરમી અને તરસથી અકળાવા લાગ્યો, સારથીને નિવેદન કર્યું, તેણે મોકો જોઈને રથ ઘુમાવ્યો અને શીઘ્રગતિથી બગીચામાં કે જ્યાં કેશી શ્રમણનું પ્રવચન ચાલી રહ્યું હતું ત્યાં નજીકમાં એક ઝાડની છાયામાં રથને રોકી દીધો. રાજાના વિશ્રામની અને પાણીની બરાબર વ્યવસ્થા કરી દીધી.

રાજા શાંતિથી વિશ્રામ લઈ રહ્યા હતા કે કેશીશ્રમણના પ્રવચનનો અવાજ સાંભળ્યો. ધ્યાનથી અવાજ તરફ જોયું તો વિશાળ પરિષદ પણ રાજાની નજરમાં આવી. ધર્મદ્વેષી રાજાની વિશ્રાંતિનો ભંગ થયો. તેને થયું કે મારા પોતાના બગીચામાં હું શાંતિથી વિશ્રામ લઈ શકતો નથી. અહીં તો જડમૂંડ લોકો એકઠા થઈને જડમૂંડની ઉપાસના કરી રહ્યા છે અને તે આટલા મોટા અવાજથી બોલી રહ્યા છે. રાજાએ પોતાના આવા ભાવ ચિત્તસારથી પાસે રજુ કર્યા. ચિત્ત તો રાજાનું





ધ્યાન તે તરફ જ ખેંચવા ઈચ્છતો હતો. ચિત્તે ધીરેથી કહ્યું– આ ૪ જ્ઞાનના ધારક અને ભગવાન પાર્શ્વનાથના શાસનના શ્રમણ છે. તેમને આધોવધિ જ્ઞાન(લઘુ અવધિજ્ઞાન) છે તેમજ મનઃ પર્યવજ્ઞાની છે અર્થાત્ તેઓ આપના અને મારા મનની વાત જાણવા સમર્થ સંત છે.

રાજા પ્રભાવિત થયો. ચિત્તનો દાવ બરાબર લાગી ગયો. રાજાએ મુનિ પાસે જવાનો પ્રસ્તાવ મૂક્યો. આ રીતે બંને ધર્મસભામાં મુનિની નજીક પહોંચી ગયા. ચિત્તસારથીએ પોતાની સૂઝ–બુઝથી રાજાને કેશીશ્રમણ પાસે પહોંચાડી દીધો. આ કારણથી ચિત્તસારથીને, અધર્મીરાજાને ધર્મિષ્ઠ બનાવવાનો પૂરો યશ જાય છે. મુનિની સેવામાં જતાં જ રાજાનો જીવન વ્યવહાર અમાસની રાતમાંથી પૂર્ણિમાની ચાંદની રાત જેવો બની ગયો અને થોડા જ સમયમાં આત્મકલ્યાણ સાધી ગયા.

## નિબંધ–૩૯

# કેશીશ્રમણની સાથે પ્રદેશી રાજાનો સંવાદ

કેશીશ્રમણ તો મહાજ્ઞાની સંત હતા. તેમણે જ્ઞાનના બળે બુદ્ધિમતા, વિચક્ષણતા અને નિર્ભીકતાથી કામ લીધું. રાજા પણ બુદ્ધિમાન અને પોતાના વિચારોનો પાકો હતો. તેણે સભામાં જઈને વંદન કર્યા વિના ઉભા ઉભા જ કેશીશ્રમણને પ્રશ્નો પુછવાનું શરૂ કરી દીધું. આપ અધોવધિજ્ઞાની છો ? શું આપ પ્રાસુક અન્નનું ભોજન કરનારા છો ?

**કેશીશ્રમણ**– હે રાજન્ ! જેવી રીતે વણિક લોકો કર(દાણ)ચોરી કરવાના વિચારથી સીધો માર્ગ નથી પૂછતા, બસ એવી રીતે તું પણ વિનય વ્યવહાર ન કરવાની ભાવનાથી અયોગ્ય રીતે પ્રશ્ન કરી રહ્યો છે. હે રાજન્ ! મને જોઈને તારા મનમાં સંકલ્પ ઉત્પન્ન થયો કે જડમૂંડ મૂર્ખ માણસો જડમૂંડ મૂર્ખની ઉપાસના કરે છે વગેરે.

**પ્રદેશી રાજા**– હા, આવા વિચારો આવ્યા, પરંતુ આ આપે કેવી રીતે જાણ્યું ?

**કેશીશ્રમણ**– શાસ્ત્રમાં પાંચ જ્ઞાન કહ્યા છે તેમાંથી ચાર જ્ઞાન મને છે. જેમાના ચોથા મનઃપર્યવજ્ઞાન દ્વારા મેં જાણ્યું કે તેં આવો સંકલ્પ–વિચાર કર્યો.

**રાજા**– હું અહીં બેસી શકું ?

**કેશી**– આ તારો બગીચો છે, તું જાણે. ત્યારે તે બંન્ને બેસી ગયા.

**રાજા–** ભંતે ! આત્મા શરીરથી અલગ છે કે શરીર એ જ આત્મા છે ?

**કેશી–** રાજન્ ! શરીર એ આત્મા નથી પરંતુ આત્મદ્રવ્ય શરીરથી અલગ છે. આત્માના અસ્તિત્વનું જ્ઞાન અને શ્રદ્ધા તે બંને સ્વસંવેદનથી જ થઈ શકે. સંસારમાં જેટલાયે પ્રાણી છે તેને સુખ–દુઃખ, ધનવાન–નિર્ધન, માન–અપમાનનું જે સંવેદન થાય છે, અનુભૂતિ થાય છે તે આત્માને થાય છે, શરીરને નહીં, શરીર તો જડ છે.

***ચેતનની શંકા કરે, ચેતન પોતે આપ,***
***શંકાનો કરણહાર, જડ નહીં છે એ સાફ.***

***આત્મા છે કે નથી આ શંકા પણ જડ શરીરને નથી થતી. આવો સંશય ચેતન તત્ત્વને થાય છે. આ શરીર મારું છે, આવું કહેવામાં મારું શબ્દ સિદ્ધ કરે છે કે હું કોઈ શરીરથી અલગ વસ્તું છું અને એ જ આત્મતત્ત્વ છે, જીવ છે, ચૈતન્ય છે.*** આત્મા શરીરના નાશ થયા પછી પણ રહે છે. પરલોકમાં જાય છે, જન્મ-મરણ કરતો રહે છે. તેથી શંકા કરનારો, સુખ-દુઃખનો અનુભવ કરનારો, આત્માના અસ્તિત્વનો નિષેધ કરનારો અને **હું** અને **મારું** શરીર એવા બધા અનુભવ કરનારો આત્મા જ છે અને તે આ શરીરથી જુદો જ છે.

આંખ જોવાનું કામ કરે છે, કાન સાંભળે છે પણ તેનો અનુભવ કરીને ભવિષ્યમાં યાદ કોણ રાખે છે ? આ યાદ રાખનારું તત્ત્વ ઈન્દ્રિયો અને શરીરથી અલગ છે અને એ જ આત્મતત્ત્વ છે. તેને કોઈપણ નામથી કહો પરંતુ તે છે શરીરથી ભિન્ન બીજું તત્ત્વ.

આ રીતે પ્રથમ ઉત્તરમાં જ રાજા પ્રભાવિત થયા કેમ કે મુનિનો ઉત્તર યુક્તિપૂર્ણ હતો. પરંતુ રાજાના મગજમાં અનેક તર્ક ઘર કરી બેઠા હતા. તેથી તે રસપૂર્વક ચર્ચા કરવા બેસી ગયો.

**રાજા–** ભંતે ! મારા દાદા મારા ઉપર અત્યંત સ્નેહ રાખતા હતા. હું તેમને ખૂબ જ પ્રિય હતો. તેઓ પણ મારી જેમજ અધર્મિષ્ઠ હતા તેમજ **આત્માને શરીરથી જુદો ન માનતા હતા.** તેથી તેઓ નિઃસંકોચ પાપકર્મ કરતા થકા જીવન વ્યતીત કરતા હતા. આપની માન્યતા અનુસાર તેઓ નરકમાં ગયા હશે, ત્યાં તેમને દારુણ દુઃખ અને દુઃખ જ મળતું હશે તો મારા ઉપર સ્નેહના કારણે મને સાવધાન કરવા આવવા જોઈએ કે "હે પ્રિય પૌત્ર ! હું મારા પાપકર્મોથી નરકમાં ગયો છું અને મહાન દુઃખમાં પડી ગયો છું. તેથી તું આવા પાપકર્મ કર નહીં, ધર્માચરણ કર, પ્રજાનું સારી રીતે પાલન– સંરક્ષણ કર" પરંતુ તેમનું આજ સુધીમાં આવવાનો





પ્રશ્ન જ થયો નથી. તેથી હે ભંતે ! આત્મા કોઈ અલગ ચીજ નથી, શરીર એ જ આત્મા છે અને શરીરના નષ્ટ થયા બાદ કોઈપણ અલગ ચીજ રૂપ આત્માની કલ્પના કરવી ખોટી છે.

**કેશી–** રાજન્ ! તારા દાદા નરકમાં ગયા હશે તો પણ આવી શકે નહીં. આનું કારણ એ છે કે જો કોઈ પુરુષ તારી રાણી સૂર્યકંતા સાથે કામભોગોનું સેવન કરે અને તું એને જોઈ જાય તો શું દંડ આપે ?

**રાજા–** એ દુષ્ટને હું તુર્ત જ દંડ આપું અર્થાત્ તલવારથી તેના ટુકડે ટુકડા કરી પરલોકમાં પહોંચાડી દઉં.

**કેશી–** જો તે એમ કહે કે રાજન્ ! મને એક બે કલાકનો સમય આપો જેથી હું ઘરવાળાને મળીને આવું અને તેને શિખામણ આપતો આવું તો શું તું તેને છોડી દઈશ ?

**રાજા–** નહીં. તેને આટલું બોલવાનો સમય પણ ન આપું અથવા તે આટલું બોલવાની હિંમત પણ ન કરી શકે અને છતાં કહે તોપણ એ દુષ્ટને હું એક ક્ષણની પણ છૂટ ન આપું.

**કેશી–** રાજન્ ! આવી જ સ્થિતિ નરકના જીવોની અર્થાત્ તારા દાદાની હશે. પોતાના દુઃખની સામે તે અહીં આવવાનો વિચાર પણ કરી શકે નહીં અને છતાં આવવાનું ચાહે તોપણ આવી શકે નહીં.આથી તારા દાદા તને કહેવા માટે આવી શકે નહીં. માટે તારે તેની આશા રાખવી અને જીવ-શરીરને જુદા માનવા એ ઠીક નથી.

**રાજા–** ભંતે ! મારા દાદીમા તો ખૂબ જ ધર્મિષ્ઠ હતા તે આપના હિસાબે અવશ્ય સ્વર્ગમાં ગયા હશે. તેને તો પાપફળનું કોઈ પ્રતિબંધ નથી, તે તો મને આવીને કહી શકે ને કે હે, પૌત્ર ! જો હું ધર્મ કરીને સ્વર્ગમાં ગઈ છું, તું પાપકાર્ય ન કર, આત્મા અને શરીર જુદા છે તેમ માનીને ધર્મ કાર્ય કર, પ્રજાનું સારી રીતે પાલન કર વગેરે પરંતુ તેના દ્વારા પણ ક્યારે ય સાવધાન કરવાનો પ્રસંગ આવ્યો નથી. જ્યારે મારા ઉપર તો તેનો અત્યંત સ્નેહ હતો. માટે પરલોક, દેવલોક અને આત્મા એવું કાંઈ છે જ નહીં આવી મારી માન્યતા છે.

**કેશી–** રાજન્ ! જ્યારે તું સ્નાનવિધિ કરી, પૂજાની સામગ્રી વગેરે લઈને મંદિરમાં જઈ રહ્યો હોય અને રસ્તામાં કોઈ પુરુષ અશુચિ(મળ)ભરેલા શૌચાલય પાસે બેસીને તને બોલાવે કે અહીં આવો, થોડીવાર અહીં બેસો તો તું ત્યાં ક્ષણ માત્ર

માટે પણ જઈશ નહીં. આ જ રીતે હે રાજન્ ! મનુષ્ય લોકના ૫૦૦ જોજન ઉપર સુધી અશુચિ વગેરેની દુર્ગંધ આવે છે. આ કારણથી દેવ–દેવીઓ અહીં આવી શકતા નથી. એટલે તારી દાદી પણ તને કહેવા માટે આવી શકતી નથી.

દેવલોકથી નહીં આવવામાં અશુચિ ઉપરાંત બીજા પણ કેટલાક કારણ છે. જેમ કે ત્યાં ગયા પછી અહીંનો પ્રેમ સમાપ્ત થઈ જાય છે, ત્યાં દેવલોકના પ્રેમમાં પડી જાય છે. હમણા જાઉં, હમણા જાઉં એવા વિચારમાં કોઈ નાટક કે એશોઆરામમાં લાગી જાય, તેટલા સમયમાં તો અહીં કંઈ કેટલીયે પેઢી વીતી જાય છે. તેથી તારી દાદી આવવાના ભરોસે તારી આ માન્યતા ખોટી છે.

**રાજા–** ભંતે ! આ ઉપરાંત પણ મારો અનુભવ છે કે શરીરથી અલગ કોઈ જીવ તત્ત્વ નથી. એક સમયે મેં એક અપરાધીને લોખંડની પેટીમાં બંધ કરી માથે ઢાંકણ બંધ કરી દીધું. તેના ઉપર ગરમ લોખંડ અને તાંબાથી લેપ(શીલ) કરી એક વિશ્વાસુ પહેરદારને નિયુક્ત કરી દીધો. થોડા દિવસ પછી પેટી ખોલી તો તે વ્યક્તિ મૃત્યુ પામેલ હતો છતાં એ પેટીમાં ક્યાંય સોયના નાકા જેટલું પણ છિદ્ર નહોતું પડયું હવે જો આત્મા કોઈ અલગ વસ્તુ હોય અને ત્યાંથી જાય, તો પછી પેટીમાં ક્યાંક તો છિદ્ર હોવું જોઈએ પરંતુ ઘણું બારીકાઈથી જોવા છતાં તેમાં કોઈ પ્રકારનું છિદ્ર જોવા મળ્યું નહીં. તેથી મારી માન્યતા દઢ થઈ કે શરીરથી અલગ કોઈ જીવ તત્ત્વ નથી.

**કેશી–** રાજન્ ! ચારે તરફથી બંધ એક દરવાજાવાળો ખંડ(રૂમ) છે. દિવાલો તેની મજબૂત બનેલી હોય. તેમાં કોઈ વ્યક્તિઓ બેંડવાજા, ઢોલ વગેરે લઈને ઘુસી જાય, પછી દરવાજો બંધ કરી માથે લેપ(શીલ) કરી દેવામાં આવે અને પછી એ અંદર રહેલા પુરુષ જોરથી ઢોલ, ભેરી વગેરે બજાવે તો બહાર અવાજ આવશે ? તેની દિવાલોમાં કોઈ છિદ્ર પડશે ?

**રાજા–** તેમાં કોઈ છિદ્ર નહીં પડે છતાં બહાર અવાજ તો આવશે.

**કેશી–** રાજન્ ! જેમ છિદ્ર કર્યા વગર પણ અવાજ બહાર આવી શકે તો આત્મ-તત્ત્વ તો અવાજથી પણ અતિ સૂક્ષ્મ છે. તેની ગતિ અપ્રતિહત છે અર્થાત્ તેની ગતિ દિવાલ, લોખંડ કે પથ્થરોથી રોકી શકાતી નથી. તેથી તું શ્રદ્ધા કર કે જીવ એ શરીરથી ભિન્ન તત્ત્વ છે.(અહીં શીશીને બંધ કરી કાંકરાનો અવાજ બહાર આવે તે દષ્ટાંતથી પણ સમજી શકાય)

**રાજા–** ભંતે ! એક વખત મેં એક અપરાધીને મારી લોખંડની પેટીમાં બંધ કરી





ઢાંકણાને લેપ લગાવી છિદ્ર વિનાની કરી દીધી. થોડા દિવસ પછી જોયું તો એમાં હજારો જીવ–કીડા ઉત્પન્ન થઈ ગયા હતા. અંદર બંધ પેટીમાં આ જીવો ક્યાંથી થયા ? અંદર તો એક પણ જીવ નહોતો.

**કેશી–** રાજન્ ! કોઈ સઘન લોખંડનો ગોળો છે તેને અગ્નિમાં રાખવામાં આવે તો થોડા સમયમાં તે પૂર્ણ રીતે તપીને લાલ થઈ જાશે, તો એમ સમજવું કે તેમાં અગ્નિએ પ્રવેશ કર્યો છે. પછી તે લોઢાને જોઈએ તો તેમાં કોઈ છિદ્ર પડેલ નથી આમ છતાં તેમાં અગ્નિએ પ્રવેશ તો કર્યો જ છે. એ જ રીતે જીવ પણ બંધ પેટીમાં પ્રવેશ કરી શકે છે. તેનું અસ્તિત્વ અગ્નિથી પણ અતિ સૂક્ષ્મ છે. તેને લોખંડ આદિમાં અંદર પ્રવેશવા કે બહાર નીકળવામાં કોઈ અડચણ થતી નથી. તેથી હે રાજન્ ! તું શ્રદ્ધા કર કે શરીરથી અલગ આત્મ તત્ત્વ છે. જન્મ મરણ અને પરલોક પણ છે.

**રાજા–** એક સશક્ત વ્યક્તિ પાંચ મણ વજન ઉપાડીને રાખી શકે છે અને બીજી અશક્ત વ્યક્તિ આ વજન ઉપાડી શકતી નથી. એટલે હું માનું છું કે શરીર એ જ આત્મા છે. જો આત્મા અલગ હોય તો એક આત્મા આ વજન ઉપાડી શકે છે તો બીજો પણ ઉપાડી શકત કેમ કે શરીરથી સશક્ત કે અશક્ત ગમે તે હોય બંનેમાં આત્મા તો એક સરખો અને અલગ અલગ છે. આમ બધા આત્મા એક સરખા હોવા છતાં સરખું વજન ઉઠાવી શકતા નથી. આથી મારી માન્યતા સાચી છે કે શરીર એ જ આત્મા છે. જેવું શરીર હોય તેવું કાર્ય કરે છે. તેથી અલગ-અલગ આત્મા હોવાની માન્યતા રાખવાની જરૂર નથી.

**કેશી–** સમાન શક્તિવાળા પુરુષોના સાધનમાં તફાવતને કારણે કાર્યમાં પણ તફાવત પડે તે સ્વાભાવિક છે. જો એક સરખી શક્તિવાળા બે પુરુષોને લાકડી કાપવાનું કાર્ય સોંપવામાં આવ્યું પરંતુ એકને તીક્ષ્ણ ધારવાળી કુહાડી આપવામાં આવી અને બીજાને બુઠ્ઠી(ધાર વગરની)કુહાડી આપવામાં આવી. ધારવાળી કુહાડીવાળો પુરુષ તુરત જ લાકડીને કાપીને રાખી દેશે જ્યારે બુઠ્ઠી કુહાડી જેની પાસે છે તે નહીં કાપી શકે. આથી એ તો અર્થ ન થયો કે જેવું શસ્ત્ર તેવું કાર્ય થાય છે તો વ્યક્તિ કાંઈ નથી. પરંતુ વ્યક્તિનું અસ્તિત્વ હોવા છતાં જેવા પ્રકારનું સાધન છે એને કારણે કાર્યમાં તફાવત થાય છે. એ જ રીતે આત્મતત્ત્વ બધાનું સરખું હોવા છતાં સાધનરૂપ શરીરની અપેક્ષા કાર્યમાં ફરક રહે જ છે. ભાર ઉપાડવા માટે નવી-જુની કાવડ કે દોરી જેવી મજબૂત હશે તે મુજબ વ્યક્તિ ભાર ઉઠાવી

શકશે. સાધનની મુખ્યતાને કારણે આવું બને છે. માટે રાજન્ ! આ તર્કથી પણ તારું, 'આત્મા ભિન્ન છે' તેમ ન માનવું અસંગત છે.

**રાજા–** એક સમયે મેં એક વ્યક્તિનું જીવતા વજન કરીને તેને તત્કાલ પ્રાણ વગરનો કરી વજન કર્યું તો તેના વજનમાં કોઈ ફરક ન પડયો. આપની માન્યતા અનુસાર શરીરથી જુદો આત્મા ત્યાંથી નીકળ્યો જ હોય તો પછીના વજનમાં કાંઈક તો તફાવત પડવો જોઈએ.

**કેશી–** રાજન્ ! કોઈ મશકમાં હવા ભરીને તેનું વજન કરવામાં આવે પછી તેમાંથી હવા કાઢીને વજન કરવામાં આવે તો તેમાં કોઈ ફેર પડતો નથી. આત્મતત્ત્વ આ હવાથી પણ સૂક્ષ્મ છે(અરૂપી છે). તેથી તેના નિમિત્તથી વજનમાં કોઈ ફેર પડતો નથી. તેથી હે રાજન્ ! તારે આ શ્રદ્ધા કરવી જોઈએ કે શરીરથી આત્મા ભિન્ન તત્ત્વ છે.

**રાજા–** એક સમયે મેં એક અપરાધીને લઈને તેના બધા જ શરીરના બારીક-બારીક ટુકડા કર્યા અને તેમાં જોયું તો ક્યાંય જીવ દેખાયો નહીં તેથી મેં માન્યું કે શરીર ઉપરાંત જીવ નામની કોઈ ચીજ છે નહીં.

**કેશી–** રાજન્ ! તું પેલા મૂર્ખ કઠિયારા કરતાં પણ વધારે મૂર્ખ અને વિવેકહીન છો. એક વાર કેટલાક માણસો સાથે મળીને લાકડા કાપવા જંગલમાં ગયા. તે દિવસે એક નવો માણસ પણ સાથે ગયો. જંગલ ઘણું દૂર હતું. રસોઈ કરવી અને ભોજન કરવું, તે બધું તેઓ ત્યાં જંગલમાં જ કરતા હતા. તેના માટે તેઓ સાથે અગ્નિ(અંગારા) લઈ જતા હતા. આજે તેઓએ નવા માણસ કઠિયારાને કહ્યું કે તું અહીં જંગલમાં જ રહે અમે લાકડા કાપીને આવીએ છીએ. ત્યાં સુધીમાં તું રસોઈ બનાવી તૈયાર રાખજે, કદાચ આપણે સાથે લીધેલ અગ્નિ ઠરી ગયો હોય તો આ અરણીના લાકડા છે તેનાથી અગ્નિ પેટાવીને રસોઈ તૈયાર કરજે. અમે લાકડા કાપીને આવશું ત્યારે જમીને આપણે પછી ઘર તરફ જઈશું.

તેમના ગયા પછી એ કઠિયારાએ રસોઈ બનાવવાની તૈયારી કરી પરંતુ જોયું તો અંગારા તો ઠરી ગયા હતા. તેણે અરણીના લાકડાને જોયું તો અગ્નિ દેખાયો નહીં. પછી તેણે તેના નાના-નાના ટુકડા કરી જોયું તોપણ તેમાં ક્યાંય અગ્નિ દેખાયો નહીં. અગ્નિ વગર તે રસોઈ બનાવી શક્યો નહીં અને હતાશ થઈને એક બાજુ બેસી ગયો.

જ્યારે જંગલમાંથી કઠિયારા લાકડા લઈને આવ્યા અને બધું જોયું; પછી





એક જણાએ અરણીના લાકડા લઈ ઘસીને અગ્નિ ઉત્પન્ન કર્યો, રસોઈ બનાવી અને જમ્યા. તેઓએ આ નવા કઠિયારાને કહ્યું– મૂર્ખ ! તું લાકડાના ટુકડા કરીને તેમાંથી અગ્નિ શોધવાનો પ્રયત્ન કરે તો તેમાંથી તને અગ્નિ મળવાનો ? આ રીતે હે રાજન્ ! તારી પ્રવૃત્તિ પણ એ મૂર્ખ કઠિયારા જેવી થઈ.

**રાજા–** ભંતે ! આપ જેવા જ્ઞાની, બુદ્ધિમાન અને વિવેકશીલ વ્યક્તિ આ વિશાળ સભામાં મને આવા તુચ્છ અને નિષ્ઠુર હલ્કા શબ્દો વડે અનાદરયુક્ત વર્તન કરો તે શું ઉચિત છે ?

**કેશી–** રાજન્ ! તું જાણે છે કે પરિષદ કેટલા પ્રકારની હોય. તેમાં કોની સાથે કેવો વ્યવહાર કરવો જોઈએ, કોને દંડ આપવો જોઈએ. છતાં પણ તે મારી સાથે (શ્રમણની સાથે) શ્રમણોચિત વ્યવહાર ન કરતાં, તેનાથી વિપરીત વ્યવહાર કર્યો, તો પછી તારી સાથે મારે આવા જ શબ્દોથી જવાબ આપવા યોગ્ય છે, આ તું નથી સમજી શકતો ?

**રાજા–** પોતાનો આશય સ્પષ્ટ કરતા રાજાએ કહ્યું કે હું શરૂઆતના વાર્તાલાપથી જ સમજી ગયો હતો કે આ વ્યક્તિ(કેશીશ્રમણ) ની સાથે જેટલી વિપરીત રીતે વ્યવહાર–વાતો કરશું તેટલું વધારે તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થશે. અને તેમાં લાભ થશે, નુકશાન નહીં થાય. હું તત્ત્વજ્ઞાન, સમ્યક્ શ્રદ્ધા, સમ્યક ચારિત્ર પ્રાપ્ત કરીશ, જીવ અને જીવના સ્વરૂપને સમજીશ. આ કારણથી મેં આવો વ્યવહાર કર્યો.

**રાજા–** હે ભંતે ! આપ તો સમર્થ છો, મને હથેળીમાં રાખેલ આંબળાની જેમ એકવાર આત્માને બહાર કાઢી બતાવી આપો.

**કેશી–** રાજન્ ! જુઓ, આ વૃક્ષના પાંદડા વગેરે હલી રહ્યા છે તે હવાથી હલે છે. તો હે રાજન્ ! તું એ હવાને આંખોથી જોઈ શકતો નથી, હાથમાં રાખીને કોઈને બતાવી શકતો નથી છતાં હવા છે એમ સ્વીકાર તો તું કરે છે. આવી જ રીતે હે રાજન્ ! આત્મા હવાથી પણ સૂક્ષ્મ છે. કારણ કે હવા તો બાદર રૂપી પદાર્થ છે પરંતુ આત્મા તો અતિ સૂક્ષ્મ એટલે અરૂપી પદાર્થ છે. તેને હાથમાં રાખીને કેવી રીતે બતાવી શકાય ! હવે તું શ્રદ્ધા કર કે હવાની જેમ આત્મા પણ સ્વતંત્ર, અચક્ષુ ગ્રાહ્ય તત્ત્વ છે.

(કોઈ વ્યક્તિએ વકીલાતની પરીક્ષા પાસ કરેલ છે તેને પ્રત્યક્ષ જાણવા માટે કોઈ ડોક્ટર તેના શરીરને કે મગજના ટુકડા કરી તેમાં જ્ઞાન જોવા ઈચ્છે તો તેને નહીં દેખાય. જો જ્ઞાનને આ રીતે નથી જોઈ શકાતું તો પછી જ્ઞાની(આત્મા)

ને આમ પ્રત્યક્ષ જોવાનો સંકલ્પ તર્ક કરવો જ અયોગ્ય છે.) જમીનમાં કેરી, દ્રાક્ષ, શેરડી વગેરે બધા તત્ત્વ રહેલ છે તેવી શ્રદ્ધાથી કોઈ વ્યક્તિ બી વાવે તો તેને ફળ મળે છે પરંતુ જો કોઈ વ્યક્તિ જમીનને ખોદીને તેના કણ કણમાં કેરી, દ્રાક્ષ, શેરડી વગેરેના પરમાણુને પ્રત્યક્ષ જોવાનો પ્રયત્ન કરે તો તેમાં તે સફળ થશે નહીં.

આ રૂપી પદાર્થ પણ સૂક્ષ્મ તથા વિરલ હોવાને કારણે સામાન્ય જ્ઞાન વાળા માણસને પ્રત્યક્ષ દષ્ટિથી જોવામાં આવતો નથી તો પછી આત્મા અરૂપી અતિસૂક્ષ્મ પદાર્થને જોવાની કલ્પના કરવી તે નાદાનપણું કે બાલિશતા છે.

તેથી આત્મા, પરલોક, પુદ્ગલ, પરમાણુ, સૂક્ષ્મ સમય, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, તૈજસ, કાર્મણ શરીર, કર્મ વગેરે કેટલાયે તત્ત્વો જીવની જેમ સામાન્ય જ્ઞાનીઓ માટે શ્રદ્ધાનો વિષય છે પરંતુ પ્રત્યક્ષ જાણી શકાતા નથી.

**રાજા–** ભંતે ! જીવને અલગ તત્ત્વ માનીએ તો તેનું એક પરિમાણ(માપ)પણ માનવું જોઇએ. તોપછી આ આત્મા ક્યારેક હાથીની વિશાળ કાયામાં, તો ક્યારેક કીડી જેવા નાના શરીરમાં કેવી રીતે રહી શકતો હશે ? જો તેને નાનો માનવામાં આવે તો હાથીના શરીરમાં કેવી રીતે રહે છે અને જો તેને હાથી જેવડો મોટો માનવામાં આવે તો કીડીના જેવા નાના શરીરમાં કઈ રીતે રહી શકે છે ? ન જ રહી શકે. તો પછી શરીરથી અલગ આત્મા છે એવું માનવું જોઇએ નહીં, નહીંતર આવી દ્વિધા ઉત્પન્ન થાય છે.

**કેશી–** રાજન્ ! જેવી રીતે એક દીવો મોટા હોલ(રૂમ)માં હોય તો તેનો પ્રકાશ સમાઈ જાય છે અને જો તેનાથી નાના નાના કમરામાં રાખવામાં આવે તો તેનો પ્રકાશ તે કમરામાં પણ સમાઈ જાય છે. એ જ દિવાને એક કોઠીમાં રાખવામાં આવે તો કોઠીમાં પ્રકાશ સમાવિષ્ટ થઈ જાય છે. આનું કારણ એ છે કે રૂપી પ્રકાશમાં સંકોચ અને વિસ્તારનો ગુણ છે. એ જ રીતે આત્માના પ્રદેશો નિશ્ચિત પરિમાણવાળા હોવા છતાં સંકોચ-વિસ્તારવાળા બની શકે છે. કર્મના ઉદયથી જેવું અને જેટલું શરીર મળે છે તેમાં તે વ્યાપ્ત થઈને રહી શકે છે. આમાં કોઈ મુશ્કેલી પડતી નથી. તેથી હે રાજન્ ! તું શ્રદ્ધા કર કે જીવ અને શરીર અલગ અલગ છે. જીવ એ શરીર નથી અને શરીર એ જીવ નથી.

**રાજા–** ભંતે ! આપે જે કંઈ સમજાવ્યું તે ઠીક છે પરંતુ મારા બાપદાદાએ સમજાવ્યું છે તે મારા પૂર્વજોનો ધર્મ મારે કેમ છોડી દેવો. બાપદાદાથી ચાલતો આવતો મારો





ધર્મ કહે છે કે જીવ અને શરીર એક જ છે. જીવ કોઈ અલગ વસ્તુ નથી. હવે પેઢીઓથી મળેલો આ ધર્મ હું કેવી રીતે છોડી શકું ?

**કેશી–** હે રાજન્ ! તું લોહવણિકની જેમ મૂર્ખ અને જિદ્દી ન બન. નહીંતર તારે પણ એની જેમ પસ્તાવાનો વારો આવશે.

કેટલાક વણિકો ધન કમાવા માટે યાત્રા અર્થે નીકળ્યા. રસ્તામાં એક ઘનઘોર જંગલમાં પહોંચ્યા. ત્યાં તેમણે લોખંડની એક વિશાળ ખાણ જોઈ. જેમાં ઘણું બધું લોખંડ વેરવિખેર પડેલ હતું. આ લોકોએ વિચારણા કરી લોખંડનો ભારો બાંધી લીધો. આગળ ચાલ્યા તો સીસાની(ધાતુની) ખાણ આવી. બધાએ વિચાર કરીને દરેકે લોખંડનો ભારો છોડીને સીસાના ભારા બાંધ્યા. એક વણિકને ઘણી રીતે બધાએ સમજાવ્યું પણ તેણે કહ્યું કે આટલા બધા દૂરથી મહેનત કરીને જે લાવ્યો છું તે હું છોડીશ નહીં.

આગળ ચાલ્યા તો તાંબાની ખાણ આવી, પછી ચાંદીની અને પછી સોનાની ખાણ આવી. બધા વણિકોએ પહેલાની વસ્તુ છોડી દીધી. હાનિ કે લાભનો વિચાર કરીને આગળ મળતી વસ્તુ લેતા ગયા. પરંતુ પેલો લોહવણિક એક જ વાત ઉપર ચીટકી રહ્યો કે હું લોખંડ છોડીશ નહીં. કારણ કે પહેલેથી લેતો આવ્યો છું. વારંવાર છોડવું–લેવું અસ્થિર મગજનું કામ હું કરતો નથી. છેવટે રત્નો અને હીરાની ખાણ આવી. બધા વણિકોએ એક સલાહ કરી હીરા ભરી લીધા. ખુશીમાં આવી ગયા અને હવે પોતાના દેશ તરફ પાછા ફરવાનો સંકલ્પ કર્યો. પેલા લોહવણિકને ફરી એક વખત સમજાવવાનો પ્રયત્ન કર્યો કે ભાઈ પેલાનું પોટલું છોડ અને હીરા લઈ લે પરંતુ અભિમાનને કારણે જડની જેમ પોતાની માન્યતાને વળગી રહ્યો અને હીરા પણ લીધા નહીં.

નગરીમાં આવીને બધા વણિકોએ હીરા, રત્નની કિંમત મેળવી અખૂટ ધન સામગ્રી પ્રાપ્ત કરી અને વિશાળ સંપત્તિ મેળવીને સુખચેનમાં પોતાનું જીવન વ્યતીત કરવા લાગ્યા. હવે પેલો લોહવણિક લોખંડની કિંમતનું જ ધન મેળવી, મકાન, રહેણીકરણીમાં જેવો હતો તેવો જ રહ્યો. પછી તો પોતાના સાથીઓની વિશાળ સંપત્તિ, બંગલા વગેરે જોઈ જોઈને પશ્ચાત્તાપ કરવા લાગ્યો. વણિક હોવા છતાં સત્ય-અસત્ય, હાનિ-લાભનો કોઈ વિચાર ન કર્યો. પોતાના પૂર્વગ્રહમાં રહીને પશ્ચાત્તાપ અને દુઃખ જ મેળવ્યું. તેવી જ રીતે હે રાજન્ ! તું પોતે બુદ્ધિમાન છો છતાં બધુ સમજી લીધા પછી પણ સત્યાસત્યનો નિર્ણય કરીને સાચી વાત સ્વીકારવા તૈયાર નથી થતો તો પછી તું પેલા લોહવણિક જેવો જ થશે.

**[ કેટલાયે લોકો સામાન્ય બુદ્ધિવાળા અને ગાડરિયા પ્રવાહમાં ચાલનારા હોય છે. તેઓ જૂની રૂઢિઓને પૂર્વજોના નામથી ચલાવ્યા જ કરે છે. તેમાં તે પોતાનો અહંભાવ અને દેખાદેખીવૃત્તિને પોષતા હોય છે.પરંતુ હકીકતમાં તેઓ અત્યંત હલકી કક્ષાની બુદ્ધિવાળા અને પ્રતિષ્ઠાહીન વ્યક્તિ હોય છે.આશ્ચર્ય તો ત્યાં થાય છે કે કેટલાક સાધુ-સાધ્વી પૂર્વજોના નામથી આગમ આજ્ઞાની ઉપેક્ષા કરે છે અને ખોટી પ્રરૂપણાઓ કરી ભક્તોને છેતરીને ખોટો યશ મેળવી મનમાં ફૂલ્યા રહે છે. તે ખરી રીતે લોહવણિકના આ દ્રષ્ટાંતથી પોતાને મૂર્ખ હોવાનું માની શકતા નથી, એ જ વિડંબના છે. ]**

**રાજાનું પરિવર્તન–** કેશીકુમાર શ્રમણના નિર્ભય અને સચોટ વાક્યોએ તથા તર્કબદ્ધ દષ્ટાંતોથી રાજાના આગ્રહપૂર્ણ વિચારોમાં પરિવર્તન લાવી દીધું. ચિત્ત સારથીનો પ્રયત્ન અને કોઠાસૂઝ સફળ થઈ. રાજાએ મુનિને વંદના નમસ્કાર કરી કહ્યું કે ભંતે ! હું એવું નહીં કરું કે મારે લોહવણિકની જેમ પસ્તાવું પડે. હવે હું આપની પાસેથી ધર્મ સાંભળવા ઇચ્છું છું.

કેશીશ્રમણે સમયોચિત ધર્મઉપદેશ આપ્યો. જેનાથી પરદેશી રાજા વ્રતધારી શ્રમણોપાસક બની ગયા. બીજા દિવસે પોતાના પરિવાર અને સંપૂર્ણ ઠાઠમાઠથી કેશીશ્રમણના દર્શન માટે આવ્યા. પાંચ પ્રકારના અભિગમ સાથે તેણે મુનિના અવગ્રહમાં(ચાર હાથની જગ્યામાં) પ્રવેશ કર્યો, વંદન, નમસ્કાર કર્યા અને પહેલા દિવસે પોતાનાથી થયેલ અવિનય, અશાતનાની પૂર્ણ ભક્તિભાવ પૂર્વક હાર્દિક ક્ષમાયાચના કરી તેમજ ઉપદેશ સાંભળવા માટે વિશાળ પરિષદની સાથે કેશીશ્રમણની સમક્ષ બેસી ગયા. કેશીશ્રમણે પ્રદેશી રાજા, તેની રાણી સૂર્યકંતા તેમજ વિશાળ પરિષદને લક્ષમાં રાખી ઉપદેશ આપ્યો. ઉપદેશ સાંભળીને પરિષદ વિસર્જિત થઈ. કેશીશ્રમણે રાજાને થોડાક ભલામણ વચનો કહ્યા.

**શિક્ષા સંકેત–** હે પ્રદેશી ! જેમ બાગ, શેરડીનું ખેતર, ખેતરમાં આવેલ ખળું અને નૃત્યશાળા કયારેક રમણીય અને સુંદર હોય છે તો કયારેક સુમસામ, અસુંદર થઈ જાય છે તેવી રીતે તું ધર્મની અપેક્ષાએ રમણીય બનીને પાછો અરમણીય બની જાતો નહીં.

કેશીશ્રમણની આવી શિખામણના સંકેત શબ્દો સાંભળીને રાજાએ કહ્યું– ભંતે ! શ્વેતાંબિકા પ્રમુખ નગરી સહિત સાત હજાર ગામ–નગરોની આવકને હું ચાર વિભાગોમાં વહેંચી દઈશ– **૧.** રાજ્યની વ્યવસ્થા માટે **૨.** ભંડારમાં **૩.** અંતઃપુર માટે **૪.** દાનશાળા માટે. દાનશાળા માટે સુંદર મકાન બનાવીશ અને તેમાં નોકરોની વ્યવસ્થા કરી દઈશ. જ્યાં ગરીબોને, ભિક્ષુઓને અને અન્ય





યાચકોને ભોજન વગેરેની સુંદર વ્યવસ્થા કરવામાં આવશે. આ ઉપરાંત હું પોતે વ્રત, પચ્ચક્ખાણ, ધર્મજાગરણ વગેરે પૌષધ કરતા ઉત્તરોત્તર ધર્મ આરાધનામાં વૃદ્ધિ કરતો રહીશ. આ રીતે પ્રદેશી રાજાએ દ્રવ્ય અને ભાવથી પૂર્ણ રૂપે જીવનનું પરિવર્તન કર્યું. તેમણે અમાસમાંથી પૂનમ જેવું જીવન બનાવીને,મહાન અધર્મીમાંથી આદર્શધર્મી જીવન બનાવીને દિવ્ય દેવાનુભાવ અને ઐશ્વર્યને પ્રાપ્ત કર્યું.

તે દેવભવનું ચાર પલ્યોપમનું આયુષ્ય પૂર્ણ કરી મહાવિદેહક્ષેત્રમાં જન્મ લઈને, રાજ્ય ઋદ્ધિનો ત્યાગ કરી બાળબ્રહ્મચારી દઢપ્રતિજ્ઞ નામના શ્રમણ થશે. કેટલાયે વર્ષ કેવળપર્યાયમાં વિચરણ કરશે અને અંતિમ સમયે અનેક દિવસોના સંથારા સાથે નિર્વાણને પ્રાપ્ત કરશે. હંમેશ હંમેશને માટે જન્મ મરણના ભવ-ચક્રમાંથી મુક્તિ મેળવશે.

## નિબંધ–૪૦

# પ્રદેશી રાજાના જીવનથી શિક્ષા-જ્ઞાતવ્ય

**(૧)** ચિત્તસારથી અને કેશીશ્રમણના અનુપમ આદર્શથી એક દુરાચારી અને પાપી મનુષ્ય કે જેના હાથ ખૂનથી રંગાયેલાં રહેતા એવી ઉપમા આ શાસ્ત્રમાં આપવામાં આવી છે, તેને એક વખતના જ સત્સંગમાં અને સંવાદરૂપ વિશદ ચર્ચામાં મહાન દ્રઢધર્મી અને પ્રિયધર્મી બનાવી દેવામાં આવ્યો.

**(૨)** કેશીસ્વામીનો ઉપદેશ મહારાણી સૂર્યકાંતાએ પણ સાંભળ્યો હતો અને તેણી રાજા જેટલી પાપી પણ નહોતી, રાજાને પણ પ્રિય અને ઈષ્ટ હતી. આ કારણથી પુત્રનું નામ રાણીના નામ ઉપરથી સૂર્યકાંતકુમાર રાખેલ હતું. છતાં પણ રાજાના કોઈ ભવના ઘોર નિકાચિત કર્મના ઉદયથી રાણીને પ્રદેશી રાજાને મારવાની કુબુદ્ધિ થઈ. જીવ અજ્ઞાનદશામાં ઉતાવળથી કોઈ એવું કામ કરી નાખે છે કે તેનાથી તેને કંઈ લાભ થતો નથી. છતાં પોતાના મનમાં ઊભા થયેલા સંકલ્પોને પૂરા કરવામાં લાગી પડે છે. આ પણ જીવની અજ્ઞાનદશાનું એક જાતનું પાગલપણું છે. આવા કામ કરનારા અહીં અપયશ પામે છે, નુકશાન પામે છે અને આવતો ભવ બગાડીને દુઃખની પરંપરા ઊભી કરે છે.

**(૩)** ધર્મની સાચી સમજણ પ્રાપ્ત થયા પછી રાજા હોય કે પ્રધાન, શ્રાવકના ૧૨ વ્રત ધારણ કરવામાં કોઈ વાત આડે આવતી નથી. તેથી ધર્મપ્રેમી કોઈ પણ આત્મા

હોય, જે સંયમ સ્વીકાર કરી શકતા નથી, તેમણે શ્રાવક વ્રત ધારણ કરવામાં જરાપણ આળસ, પ્રમાદ કે લાપરવાહી કરવી જોઈએ નહીં. આપણી સામે ચિત્તસારથી અને પ્રદેશી રાજાનો મહાન આદર્શ આ અધ્યયનમાં છે. ચિત્તસારથી તો બીજા રાજ્યમાં રાજકાર્ય માટે ગયા હતા. ત્યાં જ ૧૨ વ્રત ધારણ કરી લીધા અને પ્રદેશી રાજા અશ્વ પરીક્ષા કરવા નીકળ્યા હતા તેમાં જ મુનિનો સત્સંગ થયો અને તે જ દિવસે ૧૨ વ્રતધારી શ્રાવક બની ગયા. આજના આપણા સમયના માણસો જે ધર્મિષ્ઠ છે, જે ૧૨ વ્રતધારી નથી બનતા, તેમણે આ સૂત્રથી પ્રેરણા મેળવીને અવશ્ય ૧૨ વ્રત અંગીકાર કરી લેવા જોઈએ. બાર વ્રત ધારણ કરવામાં અડચણો ઉભી કરતી માનસિક જિજ્ઞાસાઓનું સારી રીતે સમાધાન કરી લેવું જોઈએ.

**(૪)** આધ્યાત્મ ધર્મની સાથે સાથે ગૃહસ્થ જીવનમાં અનુકંપાદાન અને માનવ સેવાનું સ્થાન પણ છે. આ વાત, આ સૂત્રના છેલ્લા શિક્ષાવચન પ્રકરણમાં જોવા મળે છે. પ્રદેશી શ્રમણોપાસકે પોતાના ધર્મગુરુ, ધર્માચાર્ય શ્રી કેશીશ્રમણ પાસેથી સદા ધર્મમાં ઉન્નત રહેવાની જે પ્રેરણા મેળવેલ તેના ફલ સ્વરૂપ જે સંકલ્પ પ્રગટ કરેલ હતો તેનું પાલન કરી, કથની અને કરણીમાં એક સાકાર રૂપ આપેલ હતું. તે હતી આધ્યાત્મ જીવનની સાથે શ્રમણોપાસકની અનુકંપા, માનવસેવા કે જનસેવાની ભાવના.

અનેકાંતવાદમય આ નિર્ગ્રંથ પ્રવચન એક આંખથી ચાલતુ નથી **પરંતુ એ બંને ચક્ષુ પ્રવર્તક છે. કોઈ માણસો માનવ સેવાનેજ ધર્મ ગણે છે. વ્રત-નિયમ, બાર વ્રત, પૌષધ વગેરેની ઉપેક્ષા કરે છે. તે પણ એક આંખે ચાલવાની કક્ષામાં આવીને નિર્ગ્રંથ ધર્મથી દૂર થઈ જાય છે.** તેમજ કેટલાયે શ્રાવક અધ્યાત્મ ધર્મમાં અગ્રેસર થઈને સુખીસંપન્ન હોવા છતાં સાંકડા દિલના અને ટૂંકા વર્તુળમાં જ રહી જાય છે. શ્રમણ કે શ્રમણભૂત ન હોવા છતાં તેમજ ગૃહસ્થ ધર્મ કે સંસારમાં રહેવા છતાં દયા, દાન, માનવસેવા, જનસેવા, ઉદારતાના ભાવોથી ઉપેક્ષિત રહે છે. તેમની ગૃહસ્થ જીવનની સાધના એક ચક્ષુભૂત રહી જાય છે. આનું કારણ એ છે કે છતી સંપત્તિએ ધર્મની પ્રભાવના કરવામાં કે બીજાને સહાયભૂત થવામાં તેઓ કોઈને મદદરૂપ બની શકતા નથી.

આ રીતે આ સૂત્રના અંતિમ પ્રકરણથી શ્રાવકોએ ઉભયચક્ષુ બનવાની પ્રેરણા લેવી જોઈએ અર્થાત્ આધ્યાત્મ ધર્મની આરાધના સાથે, શક્તિ હોવા છતાં અનુકંપાદાન આદિની ઉપેક્ષા કરવી જોઈએ નહીં પરંતુ પોતાની શક્તિ અનુસાર દાન ધર્મમાં પ્રવૃત્ત રહેવું જોઈએ. જેવી રીતે પરદેશી રાજાએ રાજ્યની





આવકનો ચોથો ભાગ દાન, દયા, ધર્મમાં વાપરવાની સુંદર યોજના ઘડી હતી.

**(૫)** શ્રમણ-શ્રમણીઓએ કેશી શ્રમણની આ ચર્ચા વ્યવહાર અને કુશળતામાંથી અનુપમ પ્રેરણા લેવી જોઈએ કે કેવી રીતે દુરાગ્રહ યુક્ત પ્રશ્નકર્તાઓને પણ સંતુષ્ટ કરી શકાય છે. હૃદયની તેમજ ભાવોની પવિત્રતા રાખવી, એ જ તેમાં અમોઘ શક્તિરૂપ બને છે. આવા પ્રકરણોના વારંવાર સ્વાધ્યાય-મનન કરવાથી બુદ્ધિ કૌશલ અને તર્કશક્તિનો વિકાસ પણ થાય છે.

**(૬)** કેવળજ્ઞાની ભગવંતો પણ અંતિમ સમયે કેટલાયે દિવસના પચ્ચક્ખાણ સહિત સંથારો કરે છે. આ પણ પ્રદેશી રાજાના ભાવી ભવ દૃઢપ્રતિજ્ઞના વર્ણનથી સ્પષ્ટ થાય છે.

**(૭)** કથાગ્રંથો તેમજ વ્યાખ્યાગ્રંથોમાં પરદેશી શ્રમણોપાસકના છઠને પારણે છઠ એમ ૪૦ દિવસની આરાધનાનો ઉલ્લેખ મળે છે જે પ્રદેશી રાજાના છઠથી ઓળખાય છે, પણ આવી સ્પષ્ટતા સૂત્રમાં મળતી નથી.

**(૮)** પાપકર્મનો ઉદય આવે ત્યારે જેને પોતાની ગણતા હોઈએ તે વ્યક્તિ જ વેરી–દુશ્મન બની જાય છે. તેથી સંસારમાં કોઈની સાથે મોહના બંધનથી બંધાવું જોઈએ નહીં. કોઈપણ અપરાધ વગર પ્રાણ લેનાર તરફ પણ દ્વેષભાવ લાવવો એ પોતાને જ કર્મબંધનું કારણ બને છે અને સમભાવ રાખવાથી પોતાને કંઈ જ નુકશાન થતું નથી. આવા પ્રેરણા વાક્યોથી જ પ્રદેશી રાજાએ પોતાના આત્મ-ધર્મનું આરાધન કરી દેવભવ પ્રાપ્ત કર્યો અને સાથે સદાને માટે ભવ ભ્રમણના ફેરા ટાળવાનું સર્ટિફિકેટ પણ મેળવી લીધું. એક કવિના શબ્દોમાં–

***ઝેર દીધું મહારાણીએ, રાજાપ્રદેશી પી ગયા,***
***પાપનું વમન કરી, રોષને નિવાર્યો છે.***
***વિપદાઓના માધ્યમથી, કર્મોના કિનારા છે,***
***ડરવું શું કષ્ટોથી, મહાપુરુષોના નારા છે.***

**(૯)** આત્મા જેવા અરૂપી તત્ત્વોને શ્રદ્ધાથી સમજવા જોઈએ અને સ્વીકાર કરવો જોઈએ. આ જ રીતે તર્કથી અગોચર એવા કેટલાયે તત્ત્વોને શ્રદ્ધાથી સ્વીકારવાની જ આવશ્યકતા રહે છે.સાથે સાથે પરંપરાથી મળેલ કોઈ સિદ્ધાંત કે રૂઢિઓને તેના વિષયમાં વાસ્તવિક જ્ઞાન-સમજણ મળી ગયા પછી, માત્ર પૂર્વજો કહી ગયા છે એમ ગણીને પોતાની હલકી મનોવૃત્તિને પોષવી જોઈએ નહીં. પછી તે કોઈપણ પરંપરા હોય, સિદ્ધાંતરૂપ બની ગઈ હોય, આચારનો વિષય હોય કે પછી કોઈપણ

પ્રકારનો ઈતિહાસનો વિષય હોય, તોપણ જો તે અસત્ય, કલ્પિત કે આગમ વિરુદ્ધ હોય, અસંગત હોય, કોઈ ભ્રમથી ચાલી આવતી વાતો, આચારો કે પરંપરાઓ હોય, તો તેને પૂર્વજોની દુહાઈ આપીને જડતાથી પકડી રાખવાને બદલે તેના વિષે સત્ય જાણ્યા પછી પરિવર્તન કરવામાં અચકાવું જોઈએ નહીં. આ પ્રેરણા કેશીસ્વામીએ પરદેશી રાજાને લોહવણિકના દૃષ્ટાંતથી સમજાવી અને પ્રદેશી રાજાએ સ્વીકાર કર્યો કે હવે હું એવું કરીશ કે જેથી મારે લોહવણિકની જેમ પસ્તાવું પડે નહીં.

**(૧૦)** પ્રદેશી રાજા અને ચિત્તસારથીના ધાર્મિક શ્રમણોપાસક જીવનના વર્ણનમાં મુનિદર્શન, સેવાભક્તિ, વ્યાખ્યાન શ્રવણ, પાંચ અભિગમ, તિક્ખુત્તોના પાઠથી વંદનવિધિ, ક્ષેત્ર સ્પર્શના કરવાની(પધારવાની) આગ્રહ પૂર્વકની વિનંતી, સાધુ ભાષામાં સ્વીકૃતિ, શ્રાવકના ૧૨ વ્રત ધારણ કરવા, પૌષધ કરવો, શ્રમણનિર્ગ્રંથો સાથેનો વ્યવહાર, દૂર રહેલા ક્ષેત્રોમાં શ્રમણોને વંદનવિધિ, બગીચામાં પધારવા પર ચિત્ત સારથીની વંદન વિધિ, પરદેશી રાજાએ સંથારો ગ્રહણ કર્યો તે સમયે પણ સિદ્ધો અને ગુરુને વંદન, સ્વયં પોતે જ સંથારો લીધો આદિ ધાર્મિક કાર્યોનું વર્ણન કરવામાં આવેલ છે. આ શ્રાવકજીવનના શ્રેષ્ઠ આચારોનું સંકલન છે. સાથે જ રાજ્યની ચોથા ભાગની આવકને દાનમાં ઉપયોગ કરવાની ભાવના અને આ તેનો અમલ એક ધર્મજીવનના અંગરૂપ આચાર વિધિમાં ગણેલ છે.

**(૧૧)** વિશેષમાં ધ્યાન દેવા જેવી વાત એ છે કે અહીં શ્રાવકના જીવનના ત્યાગ-તપોમય વર્ણનમાં ક્યાંય પણ મંદિર, મૂર્તિ બનાવવી, પૂજાવિધિ કરવી અથવા અનેક પ્રકારના મંગલ મનાવવા સંબંધી જરા પણ વર્ણન કરવામાં આવેલ નથી. આવા વિષયને શ્રાવક જીવન સાથે ન જોડતા સૂત્રના પૂર્વ વિભાગમાં દેવભવ સાથે જોડવામાં આવેલ છે. મનુષ્ય લોકમાં, રાજધાની કે નગરીના વર્ણનમાં, શ્રાવકોના પરિગ્રહ, ઉપકરણ તેમજ આધિપત્યની સામગ્રીમાં કે તેની જીવનચર્યામાં મંદિર વગેરેના વિસ્તૃત વિષયોને ન જોડતા દેવલોકના વિમાનો સાથે જોડવામાં આવેલ છે. આથી સ્પષ્ટ થાય છે કે મૂર્તિપૂજા, શ્રાવકાચાર કે શ્રમણાચારમાં આવતી નથી.

દેવલોકના બધા સ્થળો શાશ્વતા છે. તેને કોઈએ ક્યારેય બનાવેલ નથી. તેથી ત્યાં કોઈની વ્યક્તિગત મૂર્તિ હોવી સંભવ નથી. કારણ કે અનાદિની વસ્તુમાં વર્તમાન વ્યક્તિના નામની કલ્પના કરવી અસંગત છે. કારણ કે વ્યક્તિ કોઈ અનાદિથી હોતી નથી. તેથી આવા અનાદિ સ્થાનોમાં દેવ, પોતાના જન્મ સમયે





લોકવ્યવહાર, આચારના પાલન માટે પૂજા વગેરે કાર્યો કરતા હોય છે. કેમકે એક જ સૂત્રના બે પ્રકરણોમાં શ્રાવકાચાર યુક્ત વર્ણનમાં ક્યાંય પણ મંદિર મૂર્તિ કે મૂર્તિપૂજાને સ્થાન આપવામાં આવેલ નથી. સૂર્યાભદેવે પોતાના જીતાચાર માટે દેવલોકના બધા નાના મોટા સ્થાનોમાં, યક્ષ, ભૂત વગેરે પોતાનાથી નિમ્નસ્તરના દેવોના બિમ્બની પાણી આદિથી પૂજા કરી છે, છાપા લગાવ્યા છે. સૂર્યાભદેવ દ્વારા મૂર્તિઓ ઉપરાંત જુદા જુદા સ્થાનોની કરેલ કે કરાવેલ પૂજાનું વર્ણન અને સ્થાનોના નામ પ્રશ્ન–૮માં સંકલિત કરેલ છે. આવી પૂજા, અર્ચના કરવાથી એ વાત સ્પષ્ટ થઈ જાય છે કે દેવ પોતાના જન્મ સમયે જીતાચાર જાળવવા માટે આવી ક્રિયાઓ કરતા હોય છે. દેવો મનુષ્યલોકમાં ધર્મદૃષ્ટિથી તીર્થંકરોના કે શ્રમણોના દર્શન કરવા માટે આવે છે પરંતુ કોઈ તીર્થસ્થાન કે મંદિરની પૂજા કે સેવાભક્તિ કરવા આવતા હોય એવો કોઈ પણ શાસ્ત્રમાં વર્ણન મળતું નથી અને અહીં દર્શન કરવા આવે ત્યારે દેવલોકમાં રહેલ મંદિરમાં દર્શન કરીને ત્યાંથી નીકળે એવું પણ વર્ણન ક્યાંય આગમમાં આવતું નથી. માત્ર જન્મ સમયે જ મંગલ ક્રિયાઓ કરવી એ તેમનો જીતાચાર છે અને તેથી આ સૂત્રમાં વર્ણવેલ દરેક કાર્ય તેઓ કરે, તેમ બતાવ્યું છે. દેવોના આવા જીતાચાર કે જે જન્મ સમયે કરવામાં આવે છે તેને શ્રાવકાચાર કે સાધ્વાચાર સાથે જોડવું જરાય ઉચિત ગણાય નહીં.

**(૧૨)** યુગપ્રધાન, ચાર જ્ઞાનના ધણી કેશીશ્રમણે તીર્થંકર ભગવાન પાર્શ્વનાથની પરંપરાના હોવા છતાં પ્રદેશી રાજાને કોઈ તીર્થસ્થળ કે કરોડોના ખર્ચે મંદિર નિર્માણ કરવા માટે કોઈ સૂચન કર્યું નથી. કોઈપણ તીર્થસ્થાને જવાનું પણ કહ્યું નથી કે પ્રદેશીએ પોતે પણ એવો કોઈ સંકલ્પ કર્યો નથી. આથી સ્પષ્ટ થાય છે કે તે સમયે સ્થાવરતીર્થ, મંદિર કે મૂર્તિપૂજાનું ચલણ તથા જૈન સાધુ કે શ્રાવકોમાં તે માટે કોઈ પ્રકારની પ્રેરણા અથવા પ્રચલન હતું નહીં. છતાં પણ આ જ કથાનકોના રાજાઓ અને શ્રાવકોની સાથે અર્વાચીન ગ્રંથોમાં મૂર્તિ, મંદિરના થોકડાબંધ વર્ણનો જોડી દેવામાં આવ્યા છે. જે સૂત્ર ઉપરાંતની પ્રરૂપણાના દોષથી દૂષિત છે અને મનની કલ્પનાના ઘોડા છે.

**(૧૩)** સૂર્યાભવિમાનના સુધર્માસભાના વર્ણનમાં સિદ્ધાયતનનું વર્ણન આવે છે તેમાં ૧૦૮ જિનપ્રતિમાઓનું વર્ણન છે. આ પ્રતિમાઓની સૂર્યાભદેવે તેના જન્મ સમયે જીતાચાર પ્રમાણે વિધિવત પૂજા ભક્તિ કરી છે પરંતુ સુધર્મા સભાની

બહાર સ્તૂપનું જે વર્ણન છે તેની સાથે જિનપ્રતિમાઓનું જે કથન મૂળપાઠમાં મળે છે તે અસ્થાને છે. અંદરના વિભાગમાં જે ૧૦૮ પ્રતિમાઓની સન્માનપૂર્વક પૂજા–ભક્તિ થાય છે તે અહીં સંભવ નથી. અહીં જે પાઠ છે તેમાં કલ્પના અને પ્રક્ષેપ દોષના લક્ષણો સ્પષ્ટ જોઈ શકાય છે. કેમ કે શાશ્વત દેવલોકના સ્થાનોમાં નામ વગરની ૧૦૮ પ્રતિમાઓ અંદરના ભાગમાં બિરાજમાન છે. ત્યાં દરવાજાની બહારના વિભાગમાં સ્તૂપની ચારે તરફ પ્રતિમાઓનું મુખ હોવાનું કથન છે અને વર્તમાન ચોવીસીના ઋષભ અને વર્ધમાન નામ રાખવામાં આવ્યા છે. તેમજ એરવતક્ષેત્રના પ્રથમ અને અંતિમ તીર્થંકરના નામ પણ જોડવામાં આવ્યા છે.

શાશ્વત પ્રતિમાઓના વર્ણનમાં વર્તમાન અવસર્પિણીના ચોથા આરાના ચાર તીર્થંકરોના નામ હોવા એ આ પાઠની કાલ્પનિકતા તેમજ પ્રક્ષેપણ(ઉમેરવા પણા) ને પ્રગટ કરે છે. આ ચારે પ્રતિમાઓનું માપ પણ જે શબ્દોમાં કહેવામાં આવ્યું છે તે પણ વર્ધમાન અને ઋષભ નામના વર્તમાન ચોવીસીના તીર્થંકરોથી અઘટિત થાય છે કેમ કે શાશ્વત સ્થાનોની પ્રતિમાઓની અવગાહના અલગ અલગ હોઈ શકે નહીં અને એક સરખી હોય તો વર્ધમાન અને ઋષભદેવની અવગાહનાનો સુમેળ કઈ રીતે બેસી શકે ? કારણ કે ઋષભદેવની અવગાહના ૫૦૦ ધનુષ્યની અને વર્ધમાનસ્વામીની સાત હાથની અવગાહના હતી. આથી સ્પષ્ટ થાય છે કે સ્તૂપ પાસેની ચાર પ્રતિમાઓનું વર્ણન અસ્થાનીય કાલ્પનિક અને પ્રક્ષેપિત છે.

**(૧૪)** તીર્થંકર ભગવંતોને કે શ્રમણોને પરોક્ષ વંદન નમોત્થુણંના પાઠથી કરવામાં આવે છે. પછી તે શ્રાવક કરે કે દેવ કરે, દેવસભામાં કરે કે રાજસભામાં કરે, પૌષધશાળામાં કરે કે ઘેર બેઠા કરે તેમજ આ સર્વેયને પ્રત્યક્ષ વંદન તિક્ખુત્તોના પાઠની વિધિથી કરવામાં આવે છે, પછી તે શ્રાવક કરે કે દેવ કરે. સિદ્ધોને હંમેશાં નમોત્થુણંના પાઠથી વંદન કરવામાં આવે છે. આ નિર્ણય પ્રસ્તુત સૂત્રના પ્રસંગો તેમજ અન્ય સૂત્રોના પાઠોથી થાય છે. મોક્ષ પ્રાપ્ત કરેલા તીર્થંકરોને સિદ્ધપદમાં વંદન કરવામાં આવે છે. આ વિષયમાં જે કંઈ રૂઢિગત પરંપરાઓ હોય તેનો સૂત્રાધાર લઈને, ચિંતન કરી, જરૂરથી સુધારો કરી લેવો જોઈએ.

**ઈચ્છામિ ખમાસમણોના** પાઠથી ઉત્કૃષ્ટ વંદન માત્ર પ્રતિક્રમણના સમયે જ કરવામાં આવે છે. બીજા કોઈ સમયે કે બીજી કોઈ જગ્યાએ ઉત્કૃષ્ટ વિધિથી વંદન કરવામાં આવતા નથી પરંતુ **તિક્ખુત્તોના** પાઠથી કે નમોત્થુણં ના





પાઠથી વંદન કરવામાં આવે છે. તેથી બધી જગ્યાએ હમેશા તિક્ખુત્તોના પાઠથી વંદન કરવું કે હંમેશાં બધી જગ્યાએ ઈચ્છામિ ખમાસમણોના અધૂરા કે પૂરા પાઠથી વંદન કરવું એ એકાંતિક આગ્રહવાળી રૂઢ પરંપરા છે.

શ્રમણોને જે નમોત્થુણં આપવામાં આવે છે તેમાં તીર્થંકરોના સંપૂર્ણ ગુણોનું ઉચ્ચારણ ન કરતાં સંક્ષિપ્તમાં બોલવામાં આવે છે. જેમ કે– **નમોત્થુણં કેસિસ્સ કુમાર સમણસ્સ, મમ ધમ્માયરિયસ્સ, ધમ્મોવદેસગસ્સ .** તેમજ જો વિશિષ્ટ જ્ઞાની ગુરુ હોય તો **વંદામિ ણં ભંતે તત્થગએ ઈહગયં, પાસઉ મે ભગવં તત્થગએ ઈહગયં તિ કટ્ટુ વંદઈ, ણમંસઈ .** આટલું વધારે બોલવામાં આવે છે.

ઉપકારી શ્રમણોપાસકોને પણ પરોક્ષ ણમોત્થુણંથી વંદન કરી શકાય છે. જેમ કે ઔપપાતિક સૂત્રમાં– **નમોત્થુણં અંબડસ્સ પરિવ્વાયગસ્સ(સમણો–વાસગસ્સ) અમ્હ ધમ્માયરિયસ્સ, ધમ્મોવએસગસ્સ .**

ઔપપાતિક સૂત્રમાં પણ ત્રણ વખત નમોત્થુણં દેવાના પ્રસંગોનું કથન છે. રાયપ્પસેણિય સૂત્રમાં અને જ્ઞાતાસૂત્રમાં બે વખત નમોત્થુણં દેવાના પ્રસંગોનું કથન છે. બે વાર દેવામાં સૂર્યાભદેવે સિદ્ધ અને અરિહંત ભગવાન મહાવીર સ્વામીને, ચિત્ત તેમજ પરદેશી રાજાએ તથા ધર્મરૂચિ અણગારે સિદ્ધ તેમજ પોતાના ગુરુને પરોક્ષ વંદન કરેલ છે. ત્રણ વખત દેનારા અંબડના શિષ્યોએ સિદ્ધોને, ભગવાન મહાવીરને અને ગુરુ અંબડ પરિવ્રાજક શ્રમણોપાસકને નમોત્થુણંથી વંદન કરેલ છે. તાત્પર્ય એ છે કે શાસનપતિ તીર્થંકર હાજર હોય તો ગુરુને વંદન કરવામાં ત્રણ વખત નમોત્થુણં થાય છે. શાસનપતિ તીર્થંકર નિર્વાણ પામેલા હોય તો સિદ્ધ અને ગુરુ એમ બે નમોત્થુણં દેવામાં આવે છે. તે વખતે અરિહંતોને કે મહાવિદેહ સ્થિત વિહરમાન તીર્થંકરોને નમોત્થુણં દેવામાં આવતું નથી. જ્યારે કોઈ ઉપકારી ગુરુને નમોત્થુણં દેવાનું ન હોય તો સિદ્ધ તેમજ શાસનપતિ તીર્થંકરને એમ બે દેવામાં આવે છે. તેવી જ રીતે ગુરુને જો ન આપવાનું હોય અને શાસનપતિ તીર્થંકર નિર્વાણ પામેલ હોય તો કેવળ એક નમોત્થુણં સિદ્ધોને દેવામાં આવે છે અર્થાત્ ઉપકારી ગુરુ પ્રત્યક્ષ હાજર છે અને શાસનપતિ તીર્થંકર નિર્વાણ પામી ચુક્યા છે તો એક માત્ર સિદ્ધ ભગવાનને નમોત્થુણં આપવામાં આવે છે. આ પ્રમાણે વર્તમાનમાં કોઈ એક જ નમોત્થુણં આપે છે જે આગમ પ્રમાણે છે તેવી પ્રતીતિ થાય છે.

(૧૫) કથારૂપ અધ્યયનોનો સ્વાધ્યાય કરતી વેળાએ, એ ધ્યાનમાં રાખવું જોઈએ

કે તેમાંથી, જાણવાજોગ, છોડવાજોગ અને આદરવાજોગ તેમજ સમભાવ, માધ્યસ્થભાવ રાખવા જેવા વગેરે કંઈ કેટલાયે વિષયો હોય છે. તેથી અત્યંત સચેત રહીને, સતર્કતા અને સાવધાની રાખીને વિવેકબુદ્ધિથી કામ લેવું જોઈએ. રાજાઓની ઋદ્ધિના અને દિવ્ય ઋદ્ધિના વર્ણન પણ હોય છે. રાણીઓ, સ્ત્રીઓના અને ભોગસામગ્રીઓના વર્ણન પણ હોય છે, ધર્માચરણો, શ્રાવકાચારો, શ્રમણ ચર્યાઓનું પણ વર્ણન હોય છે, તો કોઈ જીતાચારો, લોકાચારો કે લોકવ્યવહારનું વર્ણન પણ હોય છે. તેમજ કુસિદ્ધાંતો, કુતર્કોના તેમજ મહાઅધર્મી આત્માઓની ક્રૂર પ્રવૃત્તિઓના વર્ણન પણ હોય છે. નિરર્થક ખોટા કર્તવ્યો અને વિષ દેવા રૂપ બીજાનું અહિત કરનારી પ્રવૃત્તિઓનું વર્ણન પણ હોય છે. આવા વર્ણનોથી ચિંતનપૂર્વક અને આચાર શાસ્ત્રોને, ભગવદાજ્ઞાઓને સામે રાખી, સમીક્ષા પૂર્વક આચરણીય તત્ત્વોનો નિર્ણય લેવો જોઈએ. પરંતુ છોડવા જેવા કે જાણવા જેવા (હેય–જ્ઞેય)થી ખોટા નિર્ણયો લેવા જોઈએ નહીં.

***આ ઉપરાંત કથામાં વર્ણવેલ વ્યક્તિઓમાંથી કોઈ ઉપર રાગભાવ કે દ્વેષભાવ, અથવા પક્ષ-વિપક્ષના વિચારોના ભાવ, નિંદા વગેરે કર્મબંધના પરિણામો ન આવવા જોઈએ. તટસ્થ જ્ઞેય દૃષ્ટિથી જ આ કથાનકોનો વિચાર- પરિશીલન કરવો જોઈએ. આ કથાનકોના પ્રવાહમાં ભાવાવેષથી તણાવું જોઈએ નહીં. કારણ કે કથાનકોના વર્ણનમાં કેટલાયે પ્રકારના ઉતાર-ચઢાવના વર્ણનો ગુંથાયેલા હોય છે. તેમાં આપણા સમભાવ, માધ્યસ્થભાવ, તટસ્થભાવને બરાબર સાચવી રાખવા જોઈએ. નહીંતર કારણ વગરના કર્મબંધથી જીવ ભારે થઈ જાય છે. કથાનકો તો બની ગયેલ હોય છે. પછી તે પ્રસ્તુત સૂત્રના પરદેશી રાજા કે સૂર્યકાંતા રાણી હોય અથવા અન્ય મહાભારત કે રામાયણના કોઈ ચરિત્રનાયક રામ-રાવણ, કૌરવ-પાંડવ વગેરે હોય; તેમના માટે આપણા મનમાં સંકલ્પ-વિકલ્પ કરવા હવે નિરર્થક છે. આ માટે જ કહેવામાં આવ્યું છે કે આવા કથા વર્ણનોના અધ્યયનમાં અત્યંત સાવધાન તેમજ વિવેકબુદ્ધિ રાખવી જોઈએ.***

(૧૬) જીતાચાર, લોકવ્યવહાર અને ધાર્મિક આચાર આ દરેકનું પોતાનું અલગ અલગ સ્થાન-ક્ષેત્ર છે.ગૃહસ્થ શ્રમણોપાસકના જીવનમાં કે દૈવિક જીવનમાં એવા કેટલાયે જીતાચાર કે લોકવ્યવહાર આવે છે કે જે પોતાની જગ્યાએ પોતાની મર્યાદામાં રહે તે યોગ્ય હોય છે પરંતુ જે ધાર્મિક આચાર હોય છે તે બિલકુલ સ્વતંત્ર, સંવર-નિર્જરા તેમજ વ્રતપ્રત્યાખ્યાન, દયા-દાન, શીલ, સંતોષ અનુકંપાના ભાવ રૂપ હોય છે. આ ધર્માચારોમાં અનુકંપાદાન અને જનસેવા રૂપ દાન પુણ્યધર્મ





રૂપ હોય છે. અભયદાન તેમજ સુપાત્રદાન સંવર-નિર્જરા રૂપ ધર્મ હોય છે. બાકીના બધા વ્રત–પ્રત્યાખ્યાન, શીલ, સંતોષ રૂપ ધર્માચરણ, સંવર, નિર્જરા ધર્મ રૂપ હોય છે. કોઈપણ ધર્માચરણમાં, જીતાચાર કે લોકાચારને દાખલ કરી દેવો, તેની પરંપરા બનાવી દેવી એ અનુચિત છે. એટલે કે આગળ વધીને જીતાચારને જ ધર્માચરણ માની લેવું ઉચિત હોતું નથી. તેમજ ગૃહસ્થાવાસમાં કે વ્યવહારિક જીવનમાં, પ્રવૃત્તિશીલ જીવનમાં અથવા માતા, પિતા, રાજા, સમાજ કે કોઈના આધીન જીવનમાં રહીને પણ જીતાચાર કે લોકાચારની વિવેકહીનપણે, લાભહાનિનો વિચાર કર્યા વગર એકાંત રૂપે અભ્યર્થના કે ઉપેક્ષા કરવી, એ પણ યોગ્ય નથી પરંતુ જે સાધક ગૃહસ્થ જીવનથી ઉપર ઉઠીને, સ્વતંત્રપણે, નિવૃત્ત થઈને સાધનામય જીવન જીવે છે તે જીતાચાર વગેરેનો પૂર્ણ ત્યાગ કરે તો તે અયોગ્ય ગણાતુ નથી, યોગ્ય જ ગણાય છે.

આ કારણથી જ પ્રવૃતિશીલ ગૃહસ્થના જીવનમાં છ પ્રમુખ આગાર કહેવાયા છે અને નિવૃત્ત સાધનામય જીવનમાં તે છ આગારનો પણ ત્યાગ હોય છે. છતાં પણ કોઈ **વિશિષ્ટ અનિવૃત સાધક** વિવેકબુદ્ધિ રાખીને, હાનિ લાભનો પરિપૂર્ણ વિચાર કરીને કોઈ પણ જીતાચાર કે વ્યવહારાચારથી અલગ રહી શકે છે પરંતુ સંસારમાં પ્રવૃત્તિશીલ અને સામુહિક જીવન જીવનારા શ્રાવક દ્વારા જીવનમાં જીતાચારોની એકાંત રૂપથી ઉપેક્ષા અવહેલના કરી શકાતી નથી.

જ્ઞાતાસૂત્રમાં વર્ણવેલ અરણક શ્રાવકને ધર્મ શ્રદ્ધામાંથી પિશાચ રૂપ લઈને આવેલ દેવ પણ વિચલિત કરી શક્યો નથી, તેમણે પણ સાંસારિક અનિવૃત જીવન હોવાને કારણે યાત્રા શરૂ કર્યા પહેલાં કેટલા ય મંગલ મુહૂર્તો અને નાવની પૂજા અર્ચના નમસ્કારની પ્રવૃત્તિ કરી હતી.

સમ્યગ્દષ્ટિ એક ભવાવતારી દેવેન્દ્રો પણ તીર્થંકરોના શરીરને અગ્નિ-સંસ્કાર, ભસ્મ, અસ્થિ વગેરે સંબંધી કેટલીયે ક્રિયાઓ કરે છે, ઉત્કૃષ્ટ ધર્મ આરાધનાથી દેવ બનેલ સૂર્યાભદેવ જેવા પણ સમ્યગ્દષ્ટિ હોવા છતાં કેટલાયે સ્થાનોની પૂજા અર્ચના કરે છે, તે આ સૂત્રમાં સ્પષ્ટ રીતે વર્ણવેલ છે.

તાત્પર્ય એ છે કે જીતાચારને જીતાચાર રૂપમાં સ્વીકારવા જોઈએ અને તેને ધર્માચરણ ન માનતાં યોગ્ય પ્રસંગે જરૂરિયાત અનુસાર સ્વીકાર કરવો, એ ગૃહસ્થ જીવનમાં અયોગ્ય ગણાય નહીં. પરંતુ તેની અવિવેકપૂર્ણ એકાંત ઉપેક્ષા કરવી અનાવશ્યક અને અયોગ્ય છે. ગૃહસ્થ જીવનની સાધનામાં આગળ વધતાં

નિવૃત્તિમય સાધનાના તબક્કામાં જીતાચાર વગેરેનો ત્યાગ કરવો એ પણ આવશ્યક અને યોગ્ય છે. તેથી દરેક ગૃહસ્થ શ્રાવકે જીતાચાર, લોક- વ્યવહારાચાર તેમજ ધર્માચારનો વિવેકપૂર્વકનો નિર્ણય કરી આચરણ કરવું જોઇએ. ગૃહસ્થ જીવનને કોઈ પણ અવિવેકપૂર્ણ એકાંતમાં નાખવું જોઇએ નહીં. ત્યાં સંસાર વ્યવહાર અને ધર્મકર્તવ્યોનો વિવેકપૂર્વક સમન્વય કરવો ઉપયુક્ત અને સમાધિકારક હોય છે. આ માટે જ પહેલા વ્રતધારી શ્રાવક પ્રસંગ આવ્યેથી સંગ્રામમાં પંચેન્દ્રિય જીવોની ઘાત કરતા હોવા છતાં પોતાના સમકિત અને શ્રમણોપાસક પર્યાયમાં સુરક્ષિત રહી શકે છે, જીવી શકે છે.

(૧૭) શ્રમણોનો એવો આચાર છે કે કોઈપણ નૃત્ય, નાટક કે વાજીંત્રો કે પછી અન્ય જોવાલાયક સ્થળોને જોવા કે જોવા જવાનો સંકલ્પ પણ કરવો નહીં. આવો નિષેધ આચારાંગ સૂત્રમાં અને તેનું પ્રાયશ્ચિત્ત વિધાન નિશીથ સૂત્રમાં છે.

સાધુની પોતાની ભાવના તેમજ સાવધાની અને વિવેકથી પોતે પોતાના આચારનું પાલન કરવું એ એટલું જ કર્તવ્ય છે પરંતુ બીજા કોઈ પોતાની આગ્રહપૂર્ણ ઇચ્છા કે સંકલ્પ યા રુચિ પ્રમાણે કરવા ઇચ્છે અને તે સાધુની ઇચ્છા કે નિર્દેશને સ્વીકારવા તૈયાર ન થાય તો આવા આગ્રહી ભાવવાળી વ્યક્તિ સાથે તિરસ્કાર વૃત્તિ કે હઠાગ્રહ કે દંડનીતિ સાધુએ રાખવી જોઇએ નહીં. પરંતુ ઉપેક્ષાભાવ, તટસ્થભાવ રાખવો જ પર્યાપ્ત થઈ જાય છે.

સૂર્યાભદેવે ગણધર ગૌતમ આદિ અણગારોને પોતાની ઋદ્ધિ અને નાટક દેખાડવાનું નિવેદન કર્યું. સૂર્યાભદેવે ત્રણ વખત કહ્યું તોપણ પ્રભુએ સ્વીકૃતિ આપી નહીં. તેની મનોવૃત્તિ જાણીને તેનો નિષેધ કે તિરસ્કાર પણ કર્યો નહીં. અન્ય શ્રમણોએ પણ કોઈએ વચમાં બોલીને અસભ્ય વ્યવહાર કર્યો નહીં; ત્યારે સ્વીકૃતિ વગર જ સૂર્યાભદેવે પોતાનું કામ કર્યું.

તેથી આવા કોઈ પ્રસંગો ઉપસ્થિત થાય ત્યારે ઉચિત લાગે તો ઉપદેશ રૂપ સંકેત આપવો અથવા પોતાના આચાર કે શ્રાવકના કર્તવ્યની યાદી આપવી જોઇએ અને છતાં કહેવું નિરર્થક લાગે તો ઉપેક્ષા કરવી જોઇએ પરંતુ અધિકાર, તિરસ્કાર, બહિસ્કાર, દુર્વ્યવહાર વગેરે કોઈ કાર્યો કદાપિ કરવા જોઇએ નહીં કે કરાવવા પણ જોઇએ નહીં અને આવા કાર્યોની અનુમોદના પણ કરવી જોઇએ નહીં પરંતુ શાલીનતા અને શિષ્ટવ્યવહારોથી મર્યાદામાં રહેવું જોઇએ. ***કારણ કે ધર્મ આત્માના પરિણામોની મુખ્યતા ઉપર નિર્ભર રહે છે. બીજા ઉપર બળજબરી***





***કરીને પોતાને ધર્મી કે ધર્માચારી કહેવડાવવું યોગ્ય નથી. ટૂંકમાં ધોકો મારીને ધરમ કરાવાય નહીં.***

**ઉપસંહાર–** આ રીતે અનેક પ્રકારની શિક્ષાઓ, પ્રેરણાઓ અને જાણવા યોગ્ય તત્ત્વોથી પરિપૂર્ણ રાયપ્પસેણીય સૂત્ર સાધકોના અનુભવજ્ઞાન અને શ્રદ્ધાને પુષ્ટ કરે છે. તેથી તેનું અધ્યયન, મનન કરી સંપૂર્ણ આત્મવિકાસને પ્રાપ્ત કરવો જોઇએ.

## નિબંધ–૪૧

# જ્યોતિષી દેવેન્દ્રોના પૂર્વભવ

**ચંદ્ર વિમાનવાસી ચંદ્રદેવ :–** શ્રાવસ્તી નામની નગરીમાં અંગજીત નામના સુખી સંપન્ન વણિક રહેતા હતા. અનેક માણસોને તે આધાર રૂપ હતા. અર્થાત્ અનેક લોકોના તે માર્ગદર્શક અને નેતા સમાન હતા.

એક વખત ભગવાન પાર્શ્વનાથ વિચરણ કરતાં ત્યાં પધાર્યા. અંગજીત શેઠ ભગવાનના દર્શન કરવા ગયા અને ભગવાનની દેશના સાંભળી. સંસારથી વિરક્ત થયા. પુત્રોને કુટુંબનો કાર્યભાર સોંપી પોતે ભગવાનની પાસે દીક્ષિત થયા.

તેમણે ૧૧ અંગોનું કંઠસ્થ જ્ઞાન પ્રાપ્ત કર્યું. અનેક પ્રકારની તપસ્યા કરી. ૧૫ દિવસનો સંથારો કરી, કાળ કરી ચંદ્ર વિમાનમાં ઇન્દ્રરૂપે ઉત્પન્ન થયા. સંયમની આરાધનમાં ક્યાંક ઉણપ રહી જવાને કરાણે તે સંયમ વિરાધક બન્યા.

ચંદ્ર દેવે દૈવી સુખ ભોગવતાં ક્યારેક અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકી જોયું તો આ જમ્બૂદ્વીપના ભરત ક્ષેત્રમાં ભગવાન મહાવીરને વિચરણ કરતાં જોયા. પછી પોતાના પરિવાર સાથે દર્શન વંદન કરવા આવ્યા. તેમજ જતી વખતે ૩૨ પ્રકારની નાટ્ય વિધિ અને પોતાની ઋદ્ધિનું પ્રદર્શન કર્યું. તેના ગયા પછી ગૌતમ સ્વામીએ ભગવાનને પ્રશ્ન પૂછ્યો, તેના જવાબમાં ભગવાને તેના પૂર્વ જન્મની આ વાત કરી.

વર્તમાનમાં આપણને જે ભારતીય ચંદ્ર વિમાન દેખાય છે. તેમાં અંગજીત શ્રેષ્ઠીનો જીવ ઇન્દ્રરૂપે છે. ત્યાં તેની ચાર અગ્રમહિષીઓ છે. સોળ હજાર આત્મ રક્ષક દેવ આદિ વિશાળ પરિવાર છે.

આજના વૈજ્ઞાનિકો આ ચંદ્ર વિમાનમાં પહોંચી ન શકવાથી પોતાની કલ્પના અનુસાર કોઈ બીજા જ પર્વતોના સ્થાન ઉપર ભ્રમણ કરી રહ્યા છે. કેમ કે

જ્યોતિષરાજ ચંદ્રનું વિમાન રત્નોથી નિર્મિત થયેલ છે. તેમજ અનેક દેવોથી રક્ષિત છે. જ્યારે વૈજ્ઞાનિકોને પોતાના કલ્પનાના સ્થળોમાં માટી અને પથ્થર સિવાય કાંઈ મળતું નથી.

મુનિ અંગજીતે સંયમ જીવનમાં કેવી વિરાધના કરી તેનો ઉલ્લેખ સૂત્રમાં નથી. પરંતુ વિરાધના કરવાનો સંકેત માત્ર છે.

**સૂર્ય વિમાનવાસી સૂર્યદેવ :–** શ્રાવસ્તિ નગરીમાં સુપ્રતિષ્ઠિત નામના વણિક રહેતા હતા. તેનું સંપૂર્ણ વર્ણન અંગજીતની સમાન છે. અર્થાત્ સાંસારિક ઋદ્ધિ, સંયમ ગ્રહણ કરવું, જ્ઞાન, તપ, સંલેખના, સંયંમની વિરાધના વગેરે પ્રથમ અધ્યયન જેવું છે. પાર્શ્વનાથ ભગવાન પાસે દીક્ષા અંગીકાર કરી અને જ્યોતિષેન્દ્ર સૂર્ય દેવ થયા. ચંદ્રની જેમ જ તેઓ પણ ભગવાન મહાવીર સ્વામીની સેવામાં ઉપસ્થિત થયા અને પોતાના ઋદ્ધિ તેમજ નાટ્ય વિધિનું પ્રદર્શન કર્યું.

આ બંને ચંદ્ર-સૂર્ય જ્યોતિષેન્દ્ર, મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લેશે અને ત્યાં યથાસમયે સંયમનું પાલન કરી, સંપૂર્ણ કર્મોનો ક્ષય કરી શિવ ગતિને પ્રાપ્ત કરશે.

વૈજ્ઞાનિકો સૂર્યના રત્નોના વિમાનને આગનો ગોળો માને છે. તે માત્ર તેમની કલ્પનાનો ભ્રમ છે. જૈન સિદ્ધાંતોમાં તેને રત્નોનું વિમાન બતાવેલ છે કે જે જ્યોતિષેન્દ્ર સૂર્ય દેવને તેના પરિવાર સહિત રહેવા માટેનું નિવાસ સ્થાન છે. તે જમ્બૂદ્વીપમાં ભ્રમણ કરનાર સૂર્યનું વિમાન છે. આવા બે વિમાન સૂર્યના અને બે વિમાન ચંદ્રના જમ્બૂદ્વીપમાં ભ્રમણ કરી રહ્યા છે. સંપૂર્ણ મનુષ્ય ક્ષેત્રમાં ૧૩૨ ચંદ્ર વિમાન અને ૧૩૨ સૂર્ય વિમાન ભ્રમણ કરે છે. મનુષ્ય ક્ષેત્રની બહાર અસંખ્ય ચંદ્ર અને અસંખ્ય સૂર્ય પોતાના સ્થાન ઉપર સ્થિર છે.

**શુક્ર મહાગ્રહ :–** વારાણસી નામની પ્રસિદ્ધ નગરીમાં સોમિલ નામનો બ્રાહ્મણ રહેતો હતો. તે ચારે વેદ તેમજ અનેક શાસ્ત્રોનો જાણકાર હતો. એટલું જ નહીં તેમાં તે પૂર્ણ નિષ્ણાંત હતો.

એક વખત તે નગરીમાં પાર્શ્વનાથ ભગવાનનું પધારવું થયું. સોમિલ બ્રાહ્મણને ખબર પડી એટલે અનેક પ્રશ્નો લઈને ભગવાનની સેવામાં પહોંચી ગયો. પ્રશ્નોના સંતોષકારક સમાધાન મેળવી તેણે શ્રાવક ધર્મ અંગીકાર કર્યો.

સાધ-સંતોના સમાગમના અભાવે તે સોમિલ ધર્મની ભાવનામાં શિથિલ થઈ ગયો અને તેને અનેક પ્રકારના બગીચા ઉગાડવાની ભાવના થઈ. તે પ્રમાણે તેણે અનેક આંબા આદિ ફળો અને વિવિધ પુષ્પોના બગીચા બનાવ્યા.





કાળાંતરે તેણે દિશા પ્રોક્ષિક તાપસની દીક્ષા અંગીકાર કરી. તેમા તે છઠને પારણે છઠ કરતો હતો. પારાણામાં સ્નાન, હવન આદિ ક્રિયાઓ કરતો અને પછી આહાર કરતો.

પ્રથમ પારણામાં તે પૂર્વ દિશામાં જાય છે અને તે દિશાના સ્વામી દેવની પૂજા કરી આજ્ઞા લઈ કંદ આદિ ગ્રહણ કરે છે. બીજા પારણામાં દક્ષિણ દિશામાં, ત્રીજા પારણામાં પશ્ચિમ દિશામાં અને ચોથા પારણામાં ઉત્તર દિશામાં જતો. આ રીતે તાપસ દીક્ષાનું અને તપસ્યાનું આરાધન કરતો હતો.

તાપસી દીક્ષાનું પાલન કરતા તેણે સંલેખના કરવાનો સંકલ્પ કર્યો. તેણે પ્રતિજ્ઞા કરી કે ઉત્તર દિશામાં ચાલતા ચાલતા પડી જાઉં તો પછી ત્યાંથી ઉઠીશ નહીં. પહેલે દિવસે ઉત્તર દિશામાં ચાલે છે અને સાંજના સમયે કોઈ યોગ્ય સ્થાનમાં પોતાના વિધિ વિધાન કરી કાષ્ટ મુદ્રા મુખે બાંધીને મૌન ધારણ કરી ધ્યાનમાં બેસી જાય છે.

રાત્રિમાં એક દેવ ત્યાં પ્રગટ થાય છે અને કહે છે કે હે સોમિલ ! આ તારી પ્રવજ્યા એ દુષ્પ્રવજ્યા છે. અર્થાત્ તારૂં આ આચરણ યોગ્ય નથી ખોટું છે. સોમિલે તેના ઉપર કોઈ ધ્યાન આપ્યું નહીં. દેવ ચાલ્યો ગયો. બીજા દિવસે ફરી તે જ કાષ્ટ મુદ્રા બાંધી ઉત્તર દિશામાં ચાલવા લાગ્યો. રાત્રે યોગ્ય સ્થાનમાં રોકાયો. રાત્રિમાં ફરીથી દેવ આવ્યો અને પહેલાની જેમ જ સૂચન કર્યું. સોમિલે કાંઈ ધ્યાન આપ્યું નહીં અને દેવ ચાલ્યો ગયો.

ત્રીજા દિવસે પણ આ વાતનું પુનરાવર્તન થયું. ઉત્તર દિશામાં કાષ્ટ મુદ્રા બાંધી આગળ ચાલ્યો. સાંજે રોકાયો, રાત્રે દેવ આવ્યો, એ જ સૂચના કરી, સોમિલે ધ્યાન ન આપ્યું અને દેવ ચાલ્યો ગયો. આ રીતે ચોથો દિવસ પણ પસાર થયો.

પાંચમા દિવસે પણ દેવનું આવવું અને સુચન કરવું. ત્યારે સોમિલે દેવને પૂછ્યું કે દેવાનુપ્રિય મારી દીક્ષા ખોટી કેમ છે ? જવાબમાં દેવે કહ્યું કે તેં પાર્શ્વનાથ ભગવાન પાસે શ્રાવકના બાર વ્રત અંગીકાર કર્યા છે. તેને છોડીને આ તાપસી દીક્ષા પાલન કરી રહ્યો છો. એ ઠીક નથી કર્યું. સોમિલે ફરીથી પ્રશ્ન કર્યો કે હવે મારૂં આચરણ સુંદર કેવી રીતે થાય ? દેવે, ફરીથી બાર વ્રત સ્વીકાર કરવાની સોમિલને પ્રેરણા કરી અને ચાલ્યો ગયો.

ત્યારે સોમિલ બ્રાહ્મણે સ્વયં પોતાની રીતે ૧૨ વ્રત અંગીકાર કર્યા. તેમજ, ઉપવાસથી લઈને માસખમણ તપ સુધીની તપસ્યા કરતાં અનેક વર્ષ શ્રાવક વ્રતનું

પાલન કરી પંદર દિવસના સંથારામાં કાળ કરી શુક્રાવતંસક વિમાનમાં શુક્ર મહાગ્રહના રૂપમાં દેવ થયા.

કોઈક સમયે આ શુક્ર મહાગ્રહ દેવ પણ ભગવાન મહાવીરની સેવામાં ઉપસ્થિત થયેલ. ત્યારે તે પણ દર્શન વંદન કરી, પોતાની ઋદ્ધિનું પ્રદર્શન કરી ચાલ્યો ગયો.

વ્રત ભંગ તથા તાપસી દીક્ષા સ્વીકાર કરવાની આલોચના, પ્રતિક્રમણ ન કરવાથી તે વિરાધક થયો. દેવ ભવનું આયુષ્ય પૂર્ણ કરી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈ આત્મ કલ્યાણ કરશે.

## નિબંધ-૪૨

# શ્રી હ્રી લક્ષ્મી બુધ્ધિ વગેરે દશ દેવીઓ

ઉપાંગનામકસૂત્રના ચૌથા વર્ગમાં દશ સ્ત્રીઓનું વર્ણન છે. જેણે પાર્શ્વનાથ ભગવાનના શાસનમાં 'પુષ્પચૂલા'નામના મુખ્ય સાધ્વી પાસે અધ્યયન કરી તપસંયમનું પાલન કર્યું. આથી આ વર્ગનું નામ પુષ્પચૂલા રાખવામાં આવ્યું. આ દશેય સ્ત્રીઓ સંયમનું પાલન કરી નિમ્ન પ્રકારની દેવીઓ બની– (૧) શ્રી દેવી (૨) હ્રી દેવી (૩) ધૃતિ દેવી (૪) કીર્તિ દેવી (૫) બુદ્ધિ દેવી (૬) લક્ષ્મી દેવી (૭) ઈલા દેવી (૮) સુરા દેવી (૯) રસ દેવી (૧૦) ગંધ દેવી.

રાજગૃહી નગરીમાં સુદર્શન નામના સુખી સંપન્ન સદ્‌ગૃહસ્થ રહેતા હતા. તેને પ્રિયા નામની પત્ની હતી અને ભૂતા નામની એક દિકરી હતી. આ દિકરી દેખાવમાં વૃદ્ધ અને જીર્ણ શરીરવાળી લાગતી હતી. તેના દરેક અંગોપાંગ શિથિલ હતા. તેથી તેની સાથે કોઈ લગ્ન કરતું ન હતું.

એક સમયે પાર્શ્વનાથ ભગવાન એ નગરીમાં પધાર્યા. માતા-પિતાની આજ્ઞા લઈને આ ભૂતા દિકરી પણ ધર્મરથમાં બેસીને ભગવાનના દર્શન-વંદન કરવા ગઈ. ભગવાનનો ઉપદેશ સાંભળીને ખૂબ ખુશ થઈ. તેને નિર્ગ્રંથ પ્રવચન ઉપર અત્યંત શ્રદ્ધા અને રુચિ થઈ. માતા-પિતાની આજ્ઞા લઈ દીક્ષા લેવા માટે તત્પર થઈ.

માતા-પિતાએ તેનો દીક્ષા મહોત્સવ કર્યો તેમજ એક હજાર પુરુષો ઉપાડે તેવી શિબિકામાં બેસાડી ભગવાનની સેવામાં લઈ ગયા અને નિવેદન કર્યું કે શિષ્યાણી રૂપમાં ગ્રહણ કરો. ભગવાને તેને દીક્ષા આપી પુષ્પચૂલા આર્યાને સોંપી.





પુષ્પચૂલા આર્યા પાસે શિક્ષા ગ્રહણ કરી તપ સંયમમાં આત્માને ભાવિત કરવા લાગી. કાલાંતરે ભૂતા આર્યા શરીરની સેવા સુશ્રૂષામાં લાગી ગઈ અને સુચિ ધર્મની પ્રવૃત્તિઓનું આચરણ કરવા લાગી અર્થાત્ વારંવાર હાથ, પગ, માથુ વગેરે ધોતી હતી તેમજ સુવા, બેસવાની, ઉભા રહેવાની જગ્યામાં પહેલા પાણી છાંટતી અને પછી બેસવા આદિની ક્રિયા કરતી. ગુરુણી દ્વારા આવી બધી પ્રવૃત્તિઓનો નિષેધ કરવાથી એક દિવસ તે અલગ થઈને કોઈ જુદી જગ્યાએ એકલી રહેવા લાગી અને પોતાની ઈચ્છા અનુસાર કાર્ય કરવા લાગી. ત્યાં તેણી અનેક પ્રકારની તપસ્યાઓ કરવા છતાં પણ આલોચના પ્રતિક્રમણ નહીં કરવાથી વિરાધક બનીને પહેલા દેવલોકમાં શ્રી અવતંસક વિમાનમાં શ્રી દેવી તરીકે ઉત્પન્ન થઈ. કોઈ સમયે ભગવાન મહાવીર પાસે આવી અનેક વિધ નાટ્યવિધિની સાથે પોતાની ઋદ્ધિનું પ્રદર્શન કર્યું. દેવાયુમાં એક પલ્યોપમની સ્થિતિ પૂર્ણ કરીને તે મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈ મુક્તિ પ્રાપ્ત કરશે.

ભૂતાની જેમ જ નવ સ્ત્રિઓનું વર્ણન છે. માત્ર નામમાં ફેર છે. બધી શરીરથી બકુશા થઈને પ્રથમ દેવલોકમાં ગઈ અને એક પલ્યોપમનું આયુષ્ય પૂર્ણ થયે મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈ મોક્ષે જશે.

આ વર્ગના વર્ણનથી જાણી શકાય છે કે લોકમાં જે કોઈ લક્ષ્મી, સરસ્વતી આદિ દેવીઓની પૂજા પ્રતિષ્ઠા કરવામાં આવે છે તે પ્રથમ દેવલોકની દેવીઓ પ્રતિ એક પ્રકારની ભક્તિનું પ્રદર્શન છે એ સાથે તેમને પ્રસન્ન કરી તેમની પાસેથી કંઈક મેળવવાની આશા રાખવામાં આવે છે.

ત્રીજા વર્ગમાં મણિભદ્ર, પૂર્ણભદ્રનું વર્ણન છે. તેમની પણ જિન મંદિરોમાં પૂજા-પ્રતિષ્ઠા કરવામાં આવે છે. આ બધી પ્રવૃત્તિઓ લૌકિક દેવોની ભક્તિ રૂપ અને લૌકિક આશા અને ઈચ્છાઓની પૂર્તિ માટે થાય છે.

વીતરાગ ધર્મ લૌકિક ઈચ્છાઓ અપેક્ષાઓથી ઉપર ઉઠીને આત્મ સાધના કરવાનો છે. તેવી(આત્મ સાધના)સાધના કરનાર સાધક પાંચ પદોમાં રહેલા આત્માઓને જ આધ્યાત્મની અપેક્ષાએ નમસ્કાર કરવા યોગ્ય માને છે અને તેમને જ વંદન નમસ્કાર કરે છે. બાકીના કોઈને વંદન-નમસ્કાર કરવા એ પોતાના લૌકિક, વ્યવહારિક તેમજ પરંપરાગત સાંસારિક આચાર માત્ર માને છે. એ વંદનમાં ધર્મની કલ્પનાને જોડતો નથી.

આજકાલ કેટલાક ભદ્રિક સાધુ-સાધ્વી કે શ્રાવક શ્રાવિકાઓ આવા લૌકિક

આશાથી ભરેલ ભક્તિના આચારોને ધર્મનું બાનુ બનાવી દે તો તે તેમની વ્યક્તિગત અજ્ઞાન દશાની ભૂલ માત્ર છે. તેને કોઈ આદર્શ માની શકાય નહીં. તેઓની તે પ્રવૃત્તિ અને પ્રરૂપણ-નિરૂપણને હેય-ત્યાજ્ય સમજી સાવધાન રહેવા લાયક છે.

## નિબંધ–૪૩

# નરક-તિર્યંચ ગતિના દુઃખ

પ્રશ્નવ્યાકરણ સૂત્રના પ્રથમ હિંસા અધ્યયનમાં હિંસક પાપી જીવોના ભાવી દુઃખોનું વર્ણન આ પ્રમાણે છે– વિવિધ હિંસા કૃત્યોમાં ડૂબેલો જીવ તે કૃત્યોનો જીવન ભર ત્યાગ કરતો નથી તેમજ તે હિંસક અવસ્થામાં જ મરી જાય છે. તેથી તેની દુર્ગતિ થાય છે. જેનાથી તે નરકગતિમાં અથવા તિર્યંચગતિ(પશુયોનિ)માં ઉત્પન્ન થાય છે ત્યાં પૂરેપૂરું જીવન દુઃખમાં જ પસાર કરે છે.

**નરકના દુઃખ :–** (૧) ત્યાં હંમેશા ઘોર અંધકાર રહે છે. (ર) ઉંમર ઓછામાં ઓછી દશ હજાર વર્ષની હોય છે ઉત્કૃષ્ટ અસંખ્યાત વર્ષની અર્થાત્ ૩૩ સાગરોપમની હોય છે. (૩) ભૂમિનો સ્પર્શ જાણે એક સાથે હજાર વીંછી ડંખ આપે તેવો હોય છે. (૪) સર્વ ભૂમિ ઉપર માંસ, લોહી, પરૂ, ચરબી આદિ ઘૃણાસ્પદ વસ્તુઓ જેવા પુદ્ગલોના કીચડ જેવું બની રહે છે. (૫) ભવનપતિ જાતિના પરમાધામી દેવ જઈને ત્યાંના નૈરયિકોને ઉપદ્રવ આપી દુઃખ આપતા રહે છે અને તે દેવ તેમાં જ આનંદ માને છે. (૬) ગલીમાં રહેલા કૂતરાની જેમ તે નૈરયિક પરસ્પર પણ એકબીજાને જોતા જ ઝઘડે છે અને વૈક્રિય શક્તિથી દારૂણ દુઃખ આપે છે. (૭) નરકાવાસ હંમેશા ઉષ્ણ અને તપેલો રહે છે અને કેટલાક નરકાવાસ મહાશીતલ બરફની શિલાઓથી પણ ઘણા જ શીત હોય છે. (૮) નૈરયિક હંમેશા મહાન અસાધ્ય રાજરોગોથી ઘેરાયેલ રહે છે. વૃદ્ધાવસ્થાથી પણ હંમેશા ઘેરાયેલા રહે છે. (૯) તલવારની ધારની જેમ ત્યાં ભૂમિનો સ્પર્શ તીક્ષ્ણ હોય છે. (૧૦) ત્યાં લગાતાર દુઃખ રૂપ વેદના ચાલુ જ રહે છે. પળભર પણ નૈરયિકોને શાંતિ મળતી નથી. (૧૧) ત્યાં હંમેશાં અસહ્ય દુર્ગંધ વ્યાપ્ત રહે છે. (૧ર) શરીરના ટુકડે ટુકડા કરી દેવા છતાં પણ તે મરતા નથી, ફરી શરીર જોડાઈ જાય છે પરંતુ વેદના ભયંકર થતી રહે છે. (૧૩) ત્યાં તેને કોઈપણ ત્રાણને શરણભૂત થતા નથી પોતે જ પોતાના કરેલા કર્મોને પરવશ થઈને અને રોઈ રોઈને ભોગવે છે. શારીરિક અને માનસિક મહાન વ્યથાથી પીડિત થતા રહે છે.





**પરમાધામી દેવો દ્વારા અપાતા દુઃખ :–** (૧) ઉપર લઈ જઈને પછાડે છે. (ર) શરીરના ટુકડે ટુકડા કરીને ભાંડમાં પકાવે છે. (૩) દોરડાથી, ગડદાપાટુથી મારે છે. (૪) આંતરડા, નસો આદિ બહાર કાઢી નાખે છે. (૫) ભાલા આદિમાં પરોવે છે. (૬) અંગોપાંગોને ફાડી નાખે છે, ટુકડા કરી નાખે છે. (૭) કડાઈમાં પકાવે છે. (૮) નારકી જીવના શરીરના ટુકડે ટુકડા કરીને તેના માંસને ગરમાગરમ કરીને તેને જ ખવડાવે છે. (૯) તલવારની ધાર જેવા તીક્ષ્ણ પત્રો ઉપર પછાડીને તલ જેવડા શરીરના ટુકડે ટુકડા કરી નાખે છે. (૧૦) તીક્ષ્ણ બાણોથી હાથ, કાન, નાક મસ્તક આદિ વિભિન્ન શરીર અવયવોને ભેદી નાખે છે. (૧૧) અનેક પ્રકારની કુંભીઓમાં પકાવે છે. (૧ર) રેતીમાં ચણાની જેમ શેકી નાખે છે. (૧૩) માંસ, લોહી, પરુ, ઉકળતું તાંબુ, સીસું આદિ અતિ ગરમ પદાર્થોની ઉકળતી, ઊફણતી વૈતરણી નદીમાં નૈરયિકોને ફેંકી દે છે. (૧૪) વજ્રમય તીક્ષ્ણ કાંટાઓથી વ્યાપ્ત શાલ્મલી વૃક્ષ ઉપર અહીંથી તહીં ખેંચે છે ત્યારે તે કરુણ આક્રંદન કરે છે. (૧૫) દુઃખથી ગભરાઈને ભાગતા નૈરયિકોને વાડામાં બંધ કરી દે છે. ત્યાં તે ભયાનક અવાજ કરતા થકા રાડો પાડે છે.

**(૧૬)** રોટલીની જેમ શેકાય જાય છે, ટુકડે ટુકડા કરીને બળિની જેમ ફેંકી દે છે. ફંદો નાંખીને લટકાવવામાં આવે છે. સૂળીમાં ભેદવામાં આવે છે. તિરસ્કાર કરાય છે, અપમાનિત કરાય છે. પૂર્વ ભવના પાપોની ઘોષણા કરીને વધકને દેવામાં આવતા સેંકડો પ્રકારના દુઃખ દેવાય છે. **(૧૭)** દુઃખથી સંતપ્ત નારક જીવ આ પ્રકારે પુકાર કરે છે– હે બંધુ ! હે સ્વામિન! હે ભાઈ ! અરે બાપ ! હે પિતા ! હે વિજેતા, મને છોડી દો. હું મરી રહ્યો છું, હું દુર્બલ છું, હું વ્યાધિથી પીડિત છું, આપ કેમ નિર્દય થઈ ગયા છો ? મારા ઉપર પ્રહાર ન કરો મને થોડોક ✓ાસ તો લેવા દો, દયા કરો, રોષ ના કરો, હું જરા આરામ કરી લઉં, મારુ ગળું છોડી દો, હું મરી જાઉં છું આ રીતે દીનતાપૂર્વક પ્રાર્થના કરે છે. **(૧૮)** પરમાધામી તેને નિરંતર પીડા આપે છે. તરસથી દુઃખી થઈને પાણી માગવા પર તપેલા લોઢા, સીસાને પિગાળીને આપે છે અને કહે છે– લ્યો ઠંડુ પાણી પીઓ અને ફરી જબરદસ્તીથી મોઢું ફાડીને તેના મુખમાં સીસું રેડી દે છે. આ રીતે પરમાધામી દેવો તેને ઘોરાતિઘોર માનસિક, શારીરિક દુઃખ અને વચન દ્વારા પણ વિશેષ પ્રકારે પીડિત કરે છે. **(૧૯)** જાજ્વલ્યમાન અગ્નિથી તપેલા લોખંડમય રથમાં બળદની જગ્યાએ જોડીને ચલાવે છે, ભારે વજનદાર ભાર વહન કરાવે છે. કાંટાથી વ્યાપ્ત માર્ગમાં

અને તપ્ત રેતીમાં ચલાવે છે. **(૨૦)** તે નારકી જીવ સ્વયં વિવિધ શસ્ત્રોની વિકુર્વણા કરીને એકબીજા નૈરયિકોના મહાદુઃખોની ઉદીરણા કરતા રહે છે. **(૨૧)** ઘેટાં, ચિત્તા, બિલાડી, સિંહ, વાઘ, શિકારી કૂતરા, કાગડા આદિ રૂપ બનાવીને પણ નૈરયિકો ઉપર પરમાધામી દેવ આક્રમણ કરતા રહે છે. શરીરને ફાડી નાખે છે. નખથી ચીરી નાખે છે. પછી ઢંક ને કંક તથા ગીધ બનેલા નરકપાલ તેના પર ચડી બેસે છે. ક્યારેક જીભ ખેંચે છે તો ક્યારેક આંખ બહાર કાઢી નાખે છે.

આ પ્રકારની યાતનાઓથી દુઃખિત નારક જીવ ક્યારેક ઉપર ઉછળે છે ક્યારેક ચક્કર મારે છે તેમજ કિંકર્તવ્ય વિમૂઢ(વિવેકહીન) બની જાય છે. આ પ્રકારે તે નારક જીવ પોતાની પૂર્વકૃત હિંસક પ્રવૃત્તિઓનું દારુણ ફળ ભોગવે છે. આ ભયાનક કરુણાજનક યાતનાઓને જાણીને વિવેકી પુરુષોએ માનવભવમાં બેભાન બનીને હિંસાજન્ય પ્રવૃત્તિઓમાં તલ્લીન બનવું ન જોઈએ પરંતુ સાવધાન થઈને અહિંસામય જીવન જીવવાનો દઢસંકલ્પ કરવો જોઈએ.

**તિર્યંચ(પશુ) યોનિના દુઃખો :–** પાપોથી ભારે બનેલ જીવ તિર્યંચ યોનિમાં દુઃખોથી ઘેરાયેલ રહે છે. પ્રાણીઓમાં પરસ્પર જન્મજાત વૈરભાવ હોય છે. કૂતરા, બિલાડી, ઉંદર, તેતર, બાજપક્ષી, કબૂતર આદિ જીવ જીવના ભક્ષક બનતા રહે છે. રાત–દિવસ એક બીજાને તાકીને રહે છે. હિંસક માંસાહારી પ્રાણી તો બીજા જીવોના ભક્ષણથી જ પોતાનાં પેટનું પોષણ કરે છે. કેટલાય જીવ ભૂખ-તરસ કે વ્યાધિની વેદનાનો કોઈપણ રીતે પ્રતિકાર કરી શકતા નથી. કેટલાય પશુઓને ગરમ સળીયાઓથી ડામ દેવાય છે, મારપીટ કરાય છે, નપુંસક બનાવાય છે, ભાર વહન કરાવાય છે, તેમજ ચાબુકોથી માર મારીને અધમૂઆ કરી દેવાય છે આ સર્વ યાતનાઓને ચુપચાપ(મૂંગે મોઢે) સહન કરવી પડે છે. ઉદ્દંડતા કરવા પર વધારે આપત્તિઓનો સામનો કરવો પડે છે. કેટલાય માંસાહારી લોકો પશુપક્ષીઓનો અત્યંત નિર્દયતાપૂર્વક વધ કરે છે. બકરા, મરઘી, ઘેટાં આદિના માંસને વેચવાનો ધંધો કરનારા કસાઈ પણ તેને પ્રાણથી રહિત રોજ રોજ કરતા રહે છે. આ પ્રકારે મૂક પશુ ભયપૂર્વક યાતનાઓને ભોગવે છે. પશુજીવન કષ્ટોથી પરિપૂર્ણ છે.

કેટલાંય જીવ માખી, મચ્છર, ભ્રમરા, પતંગિયા આદિ ચૌરેન્દ્રિય યોનિમાં દુઃખ પામે છે. કેટલાય કીડા, મકોડા આદિ તેઈન્દ્રિય જીવ બનીને અજ્ઞાનદશામાં દુઃખ પામતા જ રહે છે. આ જ રીતે કરમિયા આદિ બેઈન્દ્રિય





યોનિમાં જીવ દુઃખ પામે છે. પાંચ સ્થાવર, પૃથ્વી, પાણી, અગ્નિ, હવા તેમજ વનસ્પતિની વિવિધ યોનિઓમાં જીવ બેભાન અવસ્થામાં દુઃખ ભોગવતા રહે છે. પાપકર્મથી ભારે બનેલ જીવ મનુષ્ય ભવને પ્રાપ્ત કરીને પણ આંધળા, લંગડા, કુબડા, મૂંગા, બહેરા અથવા કોઢ આદિ રોગોથી વ્યાપ્ત, હીનાંગ, વિકલાંગ, કુરૂપ, કમજોર, શક્તિહીન, મૂર્ખ, બુદ્ધિહીન, દીન-હીન, ગરીબ થઈને પોતાના પાપ કર્મોના ફળને ભોગવે છે. આ પ્રકારે હિંસક જીવ કુગતિઓમાં ભ્રમણ કરી દુઃખ ભોગવતા રહે છે.

## નિબંધ–૪૪

# ચોરી કરનારના આ ભવના દુઃખો

ચૌર્ય કર્મ કરતાં ચોર જ્યારે પકડાય જાય છે ત્યારે તેને બંધનોથી બાંધી દેવામાં આવે છે, મારપીટ કરવામાં આવે છે, અધિકારીઓને સોંપવામાં આવે છે, જેલમાં પૂરી દેવામાં આવે છે, ત્યાં લાકડી મારે છે, ગરદન અથવા ડોક પકડીને, ધક્કા દઈને અથવા મારીને પછાડે છે. તાડના-તર્જના આદિ કરવામાં આવે છે, વસ્ત્ર છીનવી લે છે, હાથકડી નાખવામાં આવે છે, બેડી, ખોડા, સાંકળથી બાંધવામાં આવે છે, પાંજરામાં, ભોંયરામાં જકડીને નાખી દેવામાં આવે છે, અંગોમાં ખીલા ઠોકી દેવામાં આવે છે, બળદોની જગ્યાએ જોડે છે અથવા ગાડીના પૈડા સાથે બાંધી દે છે, થાંભલા સાથે બાંધે છે, ઊંધા લટકાવે છે વગેરે અનેક બંધનોથી પીડા આપવામાં આવે છે.

સોયો ખૂંચાડવામાં આવે છે. વસુલોથી(છરીઓથી) શરીરને છોલવામાં આવે છે. ક્ષાર પદાર્થ, લાલ મરચા આદિ તેના પર છાંટે છે, લોખંડના અણીદાર દંડા તેના છાતી, પેટ, ગુદા અને વાંસામાં ભોંકે છે. આ રીતે ચોરી કરનારાઓના અંગ-પ્રત્યંગના ચૂરેચૂરા કરી નાખે છે. યમદૂતોની સમાન જેલના કર્મચારી માર-પીટ કરે છે. આ રીતે તે મંદ પુણ્યવાળા, અભાગી, ચોર જેલમાં લપાટો, મુક્કાઓ, ચર્મપટ્ટાઓ, તીક્ષ્ણ શસ્ત્રો, ચાબુકો, લાતો, જાડા દોરડાઓ, નેતરની સોટી વગેરે સેંકડો પ્રહારથી પીડિત થઈને મનમાં ઉદાસ, ખિન્ન થઈ જાય છે, મૂઢ બની જાય છે, તેના ટટ્ટી(ઝાડો) પેશાબ, બોલવું, ચાલવું, ફરવું બંધ કરી દેવામાં આવે છે. અદત્ત ચૌર્યકર્મ કરનારા પાપી આ પ્રકારની યાતનાઓને પ્રાપ્ત કરે છે.

તે ચોર **૧.** ઈન્દ્રિયોનું દમન નહીં કરી શકવાથી, ઈન્દ્રિયોના દાસ

બનવાથી, **૨.** ધન લોલુપ હોવાથી **૩.** શબ્દાદિ સ્ત્રી વિષયોમાં આશક્ત હોવાથી, તૃષ્ણામાં વ્યાકુળ થઈને ધન પ્રાપ્તિમાં જ આનંદ માનીને ચોરી કર્મ કરે છે, પરંતુ જ્યારે રાજસેવકો દ્વારા પકડાય જાય છે ત્યારે મૃત્યુદંડની પણ સજા દેવામાં આવે છે, નગરમાં પ્રસિદ્ધ સ્થળે એટલે ચોરા પર લાવીને **મારપીટ** કરાય છે. તે ચોરને ઘસડવામાં આવે છે, ફાંસી પર લઈ જવામાં આવે છે, બે કાળા વસ્ત્ર પહેરાવવામાં આવે છે, વિવિધ રીતે અપમાન કરાય છે, કોલસાના ભૂકાથી આખા શરીરમાં લેપ કરવામાં આવે છે, તલ જેવા પોતાના શરીરના ટુકડા કરીને જબરદસ્તીથી ખવડાવે છે. આ રીતે નગરમાં ફેરવીને નગરજનોને દેખાડવામાં આવે છે, પત્થર આદિથી માર મરાય છે. પછી તે અભાગીને **શૂળીમાં પરોવવા**માં આવે છે જેનાથી તેનું શરીર ચિરાય જાય છે. વધસ્થાનમાં કેટલાક ટુકડે ટુકડા કરી દેવામાં આવે છે, વૃક્ષોની ડાળીઓ પર લટકાવવામાં આવે છે, હાથપગને ખચકાવીને બાંધી દેવામાં આવે છે, પર્વત ઉપરથી ફેંકી દેવામાં આવે છે, હાથીના પગની નીચે કચડીને કચુંબર કરી નાખે છે, કેટલાયના નાક, દાંત, અંડકોશ ઉખાડી દેવામાં આવે છે, જીભ ખેંચીને બહાર કાઢી નાખે છે, કોઈકના **અંગોપાંગ કાપીને** દેશનિકાલ કરે છે, કેટલાય ચોરોને યાવજ્જીવન જેલમાં રાખીને પીડા દેવામાં આવે છે. અંતમાં તે ત્યાં જ **મરી જાય** છે. આવી દુર્દશા અહીં મનુષ્ય લોકમાં ચોર ભોગવે છે. જો તે ચોર પહેલેથી જ આવી યાતનાઓની કલ્પના કરી લે અને ચોરીનું કાર્ય ન કરે તો દુઃખ આવતું નથી. ચૌર્યકર્મનું ફળ ભોગવતા તેને કોઈ પણ શરણ આપતું નથી.

એટલાથી શું ! હજુ તો તેને નરકાદિ દુર્ગતિઓની વેદના ભોગવાની બાકી રહે છે. અર્થાત્ ત્યાંથી તે બુરી રીતે મૃત્યુ પામીને ક્લિષ્ટ–આર્ત પરિણામોથી નરક ગતિમાં ઉત્પન્ન થાય છે. પૂર્વોક્ત ભયંકર વેદનાઓને ત્યાં નરકમાં ભોગવે છે. પછી ક્રમશઃ તે ભવોભવ નરક, તિર્યંચ ગતિમાં દુઃખ ભોગવતો જ રહે છે. બાકી રહેલા કર્મવાળા તે ચોર ક્યારેક મનુષ્ય પણ બને છે તો ત્યાં સુખ, ભોગ સામગ્રી તેમજ ધન આદિ તેને લાખ પ્રયત્ન કરવા છતાં પણ મળતા નથી; કઠિન પરિશ્રમ કરવા છતાં પણ અસફળતા જ મળે છે; તેને ન મળે સુખ કે ન મળે શાંતિ, ફક્ત દુઃખ અને દીનતામાં જ તે જીવન પસાર કરે છે.

આ પ્રકારે અદત્તાદાનના પાપથી ભારે કર્મ બનેલ તે બિચારો વિપુલ દુઃખોની અગ્નિમાં બળતો રહે છે. એવા અદત્ત પાપ અને તેના પરિણામને જાણીને





વિવેકી પુરુષોએ સુખી થવા માટે પારકા ધનને ધૂળ બરાબર સમજીને પ્રમાણિકતાથી પ્રાપ્ત પોતાની સંપત્તિમાં જ સંતોષી અને સુખી રહેવું જોઇએ. મરવું પડે તો મરી જવા તૈયાર થવું પણ ચોરીનું કામ કરવું જોઇએ નહિ.

## નિબંધ-૪૫

# અસત્ય ત્યાગ કથા

*વસંતપુર નામનું નગર હતું. ત્યાં અરિમર્દન રાજા રાજ્ય કરતા હતા. મતિસાગર તેના પ્રધાન હતા. તે નગરમાં ધનદત્ત શેઠ રહેતા હતા. પોતાના ગુણોથી તેણે નગરભરમાં ઘણી ખ્યાતિ મેળવી હતી. તેને મણિસાગર નામનો પુત્ર હતો. તે પણ બધા લક્ષણો તેમજ ગુણોથી યુક્ત હતો.*

*એક જ પુત્ર હોવાથી તેને આઝાદી મળી ગઈ હતી. ખરાબ મિત્રોની સાથે હરતો-ફરતો રહેવાથી ખરાબ સંસ્કાર તેનામાં આવી ગયા હતા. ખરાબ સંગતથી તે આવારાની જેમ ઘૂમવા લાગ્યો. તેની સંગતિમાં ચોરી કરવાનું વ્યસન પડી ગયું. બીજા દુર્ગુણોથી બચી ગયો. ચોરીના અવગુણમાં અત્યંત હસ્તગત કળાવાળો થઈ ગયો અને ચોરી કરવાની તેની આદત પણ બની ગઈ.*

*પિતાને આ વાતની ખબર પડી ગઈ કે મણિસાગર ચોરીઓ કરીને ઘરમાં સામાન, ધન, સંપત્તિ ભરી રહ્યો છે. પિતાએ પુત્રને પોતાની પાસે બોલાવ્યો તેમજ ઘણા પ્રેમથી પુત્રને હૃદયની વાત કહેવા લાગ્યા.*

*બેટા ! આજકાલ તું શું કરી રહ્યો છે ? કઈ કમાણીથી ઘર ભરી રહ્યો છે ? બોલ, આપણા ઘરમાં શું કમી છે ? ધનદત્તના સમજાવવા પર પુત્રે જવાબ દીધો, પિતાજી ! હું આપનો પુત્ર નથી પણ કપૂત છું, નાલાયક છું, મારે હંમેશા ચોરી કરવી અને લોકોનો ખજાનો ખાલી કરવો એ જ મારું મુખ્ય કાર્ય બની ગયું છે. અત્યારે હું તે છોડી શકતો નથી, તેના સિવાય જે આપ કહો તે બધાનો સ્વીકાર કરવા તૈયાર છું.*

*પિતાએ ફરી ભાર દઈને સમજાવવાનો તેમજ ચોરી છોડાવવાનો પ્રયત્ન કર્યો પરંતુ સફળતા ન મળી. શેઠે વિચાર કર્યો આ રોગનું મૂળકારણ છે કુસંગત, તેથી સુસંગત જ તેનો ઉપાય છે. આમ વિચારીને પિતાએ કહ્યું કે હિતકારી વચન ન માનવા તે બરાબર નથી. બીજીવાર કહું છું મારી વાત માની જા. મણિસાગરે કહ્યું ચોરી સિવાય આપ જે આજ્ઞા કરશો તે હું સ્વીકારવા તૈયાર છું. કોઈપણ પ્રકારની આનાકાની નહિ કરું.*

શેઠે તેની દઢ પ્રતિજ્ઞા જાણીને કહી દીધું કે મારા મિત્ર શ્રી મતિસાગર જે રાજાના પ્રધાન છે. રોજ તેની પાસે જા અને થોડો સમય તેની સેવા-સત્સંગ કર. તેમાં જરાપણ ભૂલ નહીં કરું એવો પાકો નિયમ લે. બસ આ જ મારી છેલ્લી શિખામણ માની જા. મણિસાગરે પિતાની આજ્ઞા શિરોધાર્ય કરી. હવે રોજ સુસંગતમાં રહેવા લાગ્યો. થોડા સમય પછી ધનદત્ત મૃત્યુ પામ્યા. મણિસાગર ઘણા આનંદથી રહેવા લાગ્યો. ચોરીઓ કરવાનો ક્રમ તેણે ચાલુ રાખ્યો. તે ચોરી કરવામાં એટલો પાવરફુલ બની ગયો કે કોઈપણ તેનો પત્તો લગાવી શકતા નહિ. તેને કોઈ પકડી શકતા નહીં. રોજરોજ નગરમાં ચોરીઓ થવાથી લોકોએ મળીને પ્રધાનની પાસે નિવેદન કર્યું. પ્રધાને વિચાર કર્યો કે નગરમાં નકામો મર્યાદા વગરનો ખર્ચ કરનાર વ્યક્તિ કોણ છે ? વિચારતા તેને મણિસાગર ધ્યાનમાં આવ્યો કે તેની કમાણી ઓછી છે અને નકામો ખર્ચ વધારે છે, તેથી તે ચોરોનો સરદાર છે.

મંત્રી✓રે પ્રેમથી મણિસાગરને પોતાની પાસે બેસાડીને કહ્યું કે મારા મનમાં મોટું આશ્ચર્ય એ છે કે શા માટે તું લોકોનું ધન હરણ કરે છે ? શા માટે અધર્મનું કાર્ય કરે છે ? તમારી પાસે ઘણી સંપતિ છે છતાં આ વ્યસન કેમ છે ?

મણિસાગરને આશ્ચર્ય થયું. વિચારતા તેનું માથુ ફરવા લાગ્યુ કે મંત્રી✓રને આ વાતની ખબર કેવી રીતે પડી ? હવે શું કરવું ? ખોટું બોલું તો પણ આ બુદ્ધિ નિધાન છે, અનુભવી છે, તેથી ખોટું ચાલશે નહિ. આમ વિચારીને પોતાની ચોરી કરવાની આદતને સ્વીકારી લીધી અને કહ્યું આપનું કથન બિલકુલ સાચું છે પરંતુ દુર્વ્યસની એવો હું આપનો બાળક છું. હું ચોરી કરવામાં પૂરેપૂરો ટેવાઈ ગયો છું તેથી આપે મને તે બાબતમાં ક્યારેય પણ ન કહેવું.

મંત્રી હેરાન થઈ ગયો કે પોતાના દુર્ગુણ પર પણ અડગ છે અને સ્પષ્ટ વક્તા પણ છે, તેથી મંત્રીએ તેને કહ્યું તમે જાઓ. યથા અવસરે ઉચિત ઉપાય કરવામાં આવશે. મણિસાગરના ગયા બાદ મંત્રીને ખબર પડી કે નગરીમાં ધર્મઘોષ આચાર્ય પધાર્યા છે. મંત્રી ઘણા પ્રસન્ન થયા. તેને મણિસાગરને કહેવડાવી દીધું કે કાલે સવારે મારી સાથે ગુરુદર્શને જવાનું છે. તેણે કોઈપણ આનાકાની કર્યા વગર વાતને સ્વીકારી લીધી.

સવાર થતાં જ બંને ગુરુદર્શન કરીને તેઓની સમક્ષ યથાસ્થાને બેસી ગયા. બીજા પણ નગરના લોકોથી સભા સ્થળ ભરાઈ ગયું. મુનિરાજે જનતાની ભાવના જોઈને વ્યાખ્યાન શરૂ કર્યું. ધર્મની દુર્લભતા, ત્યાગવ્રતનું મહત્ત્વ બતાવતાં





પાંચ આશ્રવોનો વિષય લીધો અને ક્રમથી ચોરી પર ઉપદેશ દેવા લાગ્યા.

ચોર પોતાની ચતુરાઈથી પર દ્રવ્ય હરણ કરી આનંદ પ્રાપ્ત કરે છે પરંતુ જ્યારે ચોરી કરતો પકડાય જાય ત્યારે તેની બહુ જ દુર્દશા થાય છે. તે સુખપૂર્વક નિંદર કરી શકતો નથી. છુપાઈને રહે છે અપયશ કમાવે છે. લોકોને દુઃખ આપે છે. બધાની હાય, ખરાબ આશિષ લઈને મરે છે. વેરને બાંધીને દુર્ગતિમાં અનેક પ્રકારના દુઃખ પામે છે. સાંભળતાં-સાંભળતાં મણિસાગરનો ચહેરો ફિક્કો પડી ગયો. આ બાજુ મંત્રી✓રે પણ ઈશારો કર્યો કે ગુરુદેવનું ફરમાન સ્વીકારી લેવું. આવો અવસર ચૂકવો નહિ. હાથ જોડીને ચોરી ન કરવાના પચ્ચક્ખાણ કરી લો. તેને સ્પષ્ટ જવાબ દીધો કે એકવાર કહો કે લાખવાર કહો હું તેને છોડી શકતો નથી. બીજુ જે કાંઈ કહો તે બધું જ માનું. પ્રાણ દેવાનો અવસર આવે તો પ્રાણ પણ દઈ દઉં.

મંત્રી✓રે તેને વચનથી બાંધીને ખોટું ન બોલવાના નિયમ ગુરુદેવની પાસે કરાવ્યા. મણિસાગરે પણ દઢ નિયમ લઈ લીધો. ચોરીનો ધંધો તેનો બરાબર ચાલતો રહ્યો. જનતાએ જોયું મંત્રી✓રે સાંભળીને કંઈપણ ઉપાય કર્યો નથી. હવે તો આ ફરીયાદ રાજાને કરવી જોઈએ. બધા ભેગા મળીને રાજાની પાસે ગયા. પોતાની વ્યથા સંભળાવી. રાજાએ આ✓ાસન દીધું કે સમજી લો આજથી જ ચોર ગયો, નિડર થઈને રહો.

રાત્રે રાજા વેશ પરિવર્તન કરીને ચોકી કરવા નીકળ્યા. ચોર પણ બે નોકરને સાથે રાજકોષમાં ચોરી કરવા ચાલ્યો. સંયોગવશ રસ્તામાં રાજા તેને મળી ગયા. પૂછ્યું– અત્યારે રાતમાં ક્યાં જાવ છો ! તમે કોણ છો ! મણિસાગરને ખોટું બોલવાના પચ્ચક્ખાણ હતા. તેણે જવાબ આપ્યો અમે ત્રણ ચોર છીએ. આપે જે કહેવું હોય તે કહી દો અને જે કરવું હોય તે કરી લો. રાજાએ ફરીથી પૂછી લીધું કે ક્યાં ચોરી કરશો ! તે પણ બતાવી દો. ચોરે નિડરતાથી સત્ય બતાવી દીધું કે આજે રાજાના દરબારમાં ચોરી કરશું. રાજાએ મનમાં જ કહી દીધું કે આજે રાજ ભંડારમાં ચોરી કરવી, તો તે શું નાનીના ઘર છે કે શીઘ્ર ઘુસી જાશો ? રાજાએ સમજી લીધું કે કોઈ પાગલ દિમાગવાળા છે. તેને મજાકથી કહી દીધું, જાઓ જાઓ આ ખાસ રસ્તો પડયો છે, સમય ન ગુમાવો; તમને રોકવાવાળા કોઈ નથી; રત્નોથી ભંડાર ભરેલા છે, આજે અમૂલ્ય અવસર છે, લાભ લઈ લો.

આવી મંગળવાણી રાજાની સાંભળીને, તેને શુકન માનીને, ચોર ખુશ

ખુશ થઈ ગયા. રાજ ભંડારની પાસે પહોંચ્યા. પહેરેગીરોને નિંદર આવી રહી હતી. તેને કોઈપણ રોકવાવાળા ન મળ્યા. મંત્રેલુ પાણી છાંટીને તાળા તોડી અંદર પ્રવેશ કર્યો. ઘૂમી ઘૂમીને બધું ધન જોયું. ત્રણ પેટી ઝવેરાતની ભરેલી જોઈ, બે પેટી લઈને બંને નોકરોના માથા પર રખાવી દીધી. બાકી બધું ધન અને ખુલ્લા દરવાજા છોડીને નીકળી ગયા. રસ્તામાં ફરી ચક્કર લગાવતા તે જ રાજા મળ્યા. પૂછપરછ કરી, રાજાએ જોયું કે આટલા જલ્દી રાજભંડારથી અથવા બીજી જગ્યાએથી પણ ચોરી કરીને આવી ન શકે. સાચો જવાબ દેવા પર રાજા સમજી ગયા કે આ તે જ ત્રણે ખોપડી છે.(ચોર છે) આવા દિમાગ વગરના સાથે વાતો કરવી તે સમય વ્યર્થ બગાડવા જેવું છે. એવું મનમાં વિચારીને રાજાએ કહ્યું કે જાઓ ભાઈઓ ! ખૂબ માલ ઉડાવો ચોરીનો અને આનંદ કરો. ચોરે સાચું બોલવાનું ફળ જોઈ લીધું. રાજા આખી રાત ફરતા રહ્યા ક્યાંય પણ ચોર મળ્યો નહીં. સવાર થતાં જ ખબર મળી કે રાજભંડારના તાળા તૂટી ગયા છે. ચોકીદારોએ તેમજ ખજાનચીઓએ પોતાની બધી વાત રાજાને સંભળાવી દીધી. બે પેટીની જગ્યાએ ત્રણ પેટીની ચોરી થયાની વાત જાહેર કરી દીધી. રાજા મનમાં જ પસ્તાવા લાગ્યા કે સત્ય બોલીને ચોર મને પણ ઠગી ગયો. સમય થવા પર મંત્રીશ્વર આવ્યા. રાજાને ચિંતાતુર જોઈને કારણ પૂછ્યું. રાજાએ પોતાની આખી વાત રાતમાં બનેલી સંભળાવી દીધી અને કહ્યું કે હવે કોઈ એવી બુદ્ધિ લગાવો કે જેથી ચોર સામે જ આવી જાય.

મંત્રીએ ઉપાય વિચારીને કહ્યું કે નગરના બધા લોકોને બગીચામાં બોલાવો, પછી એક દરવાજેથી બધા નીકળે અને તેને પૂછવામાં આવે કે શું વ્યાપાર કરો છો ? નગરમાં ઘોષણા કરવામાં આવી બધા લોકો ગયા. મણિસાગર પણ બની ઠનીને આવ્યો. એક એક કરતા મણિસાગરનો નંબર લાગ્યો.

રાજા તેને જોઈને પ્રેમથી પૂછવા લાગ્યા કે શ્રેષ્ઠિપુત્ર ! આજકાલ તમે શું વેપાર કરો છો ! ઝવેરાતનો વ્યાપાર કરો છો કે બીજો કોઈ, ભાડા અથવા વ્યાજ વટાવની કમાણી કરો છો ! મણિસાગર પોતાના પચ્ચક્ખાણ ઉપર દઢ હતો તે બોલ્યો આપે જેટલા કાર્ય કહ્યા છે તેમાંથી એક પણ કાર્ય હું કરતો નથી. ચોરીના કાર્યથી જ મારો ભંડાર ભરું છું બીજા વ્યાપારી બધા મારા માટે જ ધંધા કરે છે મારે વ્યાપાર કરવાની કોઈ જરૂરત નથી.

રાજાએ પૂછ્યું– મહીનામાં કેટલીવાર ચોરી કરો છો ? તેને સ્પષ્ટ ઉત્તર





દીધો કે ૩૦ વખત કે હંમેશાં ચોરી કરવી મારું મુખ્ય કાર્ય છે. તેના સ્પષ્ટ કથન પર રાજા હેરાન થઈ રહ્યો હતો. રાજાએ પૂછ્યું, ચાલો બતાવો કાલ રાત્રે ક્યાં ચોરી કરી હતી ? કોણ મળ્યું અને શું ચોરી કરી હતી ? જવાબમાં બધી સાચી હકીકત કહી દીધી. રાજાએ પૂછ્યું–ચોરી કરીને સત્ય બોલવાનું કોણે શીખવ્યું ? કહી દીધું કે ગુરુકૃપા થઈ ગઈ. અસત્ય બોલવાનું છોડી દીધું, ત્યારથી સત્ય બોલું છું. પ્રાણ નીકળી જાય તો પણ સત્ય ન છોડું.

રાજાએ તેને છોડી દીધોને કહ્યું કાલે બોલાવીશ. પુણ્ય અને પાપ બંનેને જેટલા વધારે છુપાવો એટલા જ કંઈ ગુણા વધીને સામે આવે છે રાજાએ ખજાનચીઓને બોલાવી પૂછ્યું કે બતાવો કેટલી પેટીની ચોરી થઈ છે ? ડરતાં-ડરતાં જીભથી બધા બોલ્યા ત્રણ. રાજાએ તલવાર કાઢીને કહ્યું સાચું બોલો નહીં તો હમણા જ તમને નવો જન્મ આપું છું.

ભયને લીધે સાચી વાત કહી દીધી. રાજાએ બધા ખજાનચીઓનો અત્યંત તિરસ્કાર કરીને દેશ નિકાલ કરી દીધો.

બીજા દિવસે મણિસાગરને બોલાવ્યો. આદરપૂર્વક રાજાએ પોતાની પાસે સિંહાસન પર બેસાડ્યો અને કહ્યું કે હવે ચોરી કરવાનું પણ છોડી દો. મણિ-સાગરનો તે જ ઉત્તર હતો જે પોતાના પિતા અને મંત્રીને દીધો હતો. ત્યારે રાજાએ તેને પ્રધાનમંત્રીનું પદ આપ્યું. જેનો, વચનથી બંધાવાને કારણે તેને સ્વીકાર કરવો જ પડ્યો.

થોડા દિવસ વિત્યા પછી કોઈ સમયે રાજાએ પૂછ્યું કે કહો મંત્રીશ્વર ! હવે ચોરીનો ધંધો કેવો ચાલે છે ? તેણે કહ્યું હવે કેમ ચોરી કરવી ટાઈમ એક મિનીટનો મળતો નથી. રાજસિપાહી હંમેશા સાથે જ રહે છે. મને એકલા ક્યારેય પણ ક્યાંય જવા દેતા નથી.

ઘણા સમય પછી તે જ ધર્મઘોષ આચાર્ય પધાર્યા. ઉપદેશ સાંભળીને મણિસાગરે ૧૨ વ્રતનો સ્વીકાર કર્યો. શ્રાવક ધર્મની શુદ્ધ આરાધના કરી દેવગતિને પામી ગયો.

આ રીતે સુસંગત પામીને સત્ય પર અટલ રહીને મણિસાગરે પોતાના જીવનના અવગુણને પણ ગુણમાં ફેરવી નાખ્યો તેમજ સુખનો ભાગીદાર બન્યો. આપણે પણ તેના જીવનથી દઢ સત્ય પ્રતિજ્ઞ બનીને આત્મ કલ્યાણની સાધના કરવી જોઈએ. અસત્યનો હંમેશા ત્યાગ કરવો જોઈએ.

***સાંચ બરાબર તપ નહીં, જૂઠ બરાબર પાપ ।***
***જાં કે હૃદય સાંચ હૈ, તા કે હૃદય આપ ॥***

## નિબંધ-૪૫

# નિન્દા પ્રશ્નોત્તર

**પ્રશ્ન–૧.** નિન્દા કોને કહે છે ?

**ઉત્તર–** (૧) અન્ય લોકોમાં રહેલા દોષોનું પ્રકટીકરણ કરવું એ નિન્દા છે. (૨) જે વસ્તુ જેવી નથી તેવી બતાવવી અથવા જે વસ્તુ જેવી છે તેવી ન કહેવી નિન્દા છે. (૩) દોષની સચ્ચાઈનો વિચાર કર્યા વગર કોઈના દોષ પ્રગટ કરવા એ નિન્દા છે. (૪) બીજાના ગુણોને છુપાવવા અને એમના દોષોને બહાર પાડવા એ નિન્દા છે.

**પ્રશ્ન–૨.** નિન્દા કરવાથી શું–શું નુકશાન થાય છે ?

**ઉત્તર–** (૧) પાપ કર્મો બંધાય છે. (૨) ગુણવાન વ્યક્તિ પણ ગુણ વગરનો બની જાય છે. (૩) મિત્ર પણ દુશ્મન બની જાય છે. (૪) અહંકાર, અભિમાન ઈર્ષા વગેરે દોષો પુષ્ટ થાય છે. (૫) નિન્દા કરવાથી અઢાર પાપસ્થાનકની પુષ્ટી થાય છે. (૬) પર નિન્દા થી કારણ વગરના ઝઘડા ઊભા થાય છે. (૭) નિન્દા કરવાથી પંદરમા પાપનું સેવન થાય છે.

**પ્રશ્ન–૩.** નિન્દા ને મીઠું ઝેર શા માટે કહ્યું છે ?

**ઉત્તર–** મીઠું ઝેર એને કહે છે કે જે ધીરે-ધીરે આપણા સ્વાસ્થને બગાડે છે. તેમજ તેનો આપણે અહેસાસ પણ હોતો નથી. એવી જ રીતે નિન્દા પણ આપણા આત્માના ગુણોને ધીરે-ધીરે નષ્ટ કરે છે.

**પ્રશ્ન–૪.** નિન્દા કરનાર વ્યક્તિની દૃષ્ટિ કેવી હોય છે ?

**ઉત્તર–** નિન્દા કરવાવાળી વ્યક્તિને બીજાના અવગુણ જ નજર માં આવે છે. બીજાના દોષમાં તે વ્યક્તિ વધારે વ્યસ્ત થઈ જાય છે કે એને પોતાના દોષના દર્શન કરવા સમય મળી શકતો નથી.

**પ્રશ્ન–૫. पिटिठमसं न खाएज्जा** દશવૈકાલિક સૂત્ર, અ. ૮ ગાથા ૪૭ આનો અર્થ કહો.

**ઉત્તર–** પીઠનો માંસ ક્યારેય ન ખાઓ અર્થાત્ નિન્દા ક્યારેય ન કરો. કોઈની પીઠ પાછળ નિન્દા ક્યારેય ન કરો.

**પ્રશ્ન–૬. अप्पणो थवणा, परेसु निन्दा**– આ શાસ્ત્રના શબ્દોનો અર્થ કહો.





**ઉત્તર–** પોતાની પ્રશંસા અને બીજાની નિન્દા કરવી એ અસત્યની સમકક્ષ છે તે ભલે સાચું પણ હોય.

**પ્રશ્ન–૭.** નિન્દા કરવાનું પ્રમુખ કારણ શું હોય છે ?

**ઉત્તર–** (૧) સ્વાર્થ (૨) ઈર્ષા (૩) બીજાની પ્રશંસા સહન ન કરવું (૪) અહંકાર કરવો (૫) બદલો લેવાની ભાવના (૬) તિરસ્કાર ભાવ.

**પ્રશ્ન–૮.** સંતોની નિન્દા ન કરવી. કોઈ નર ભૂલવુ નહિ. આ કથનમાં કવિએ શું કહ્યું છે ?

**ઉત્તર–** કવિ કહે છે જે સંત મહાત્મા છે તે ત્યાગી-ધ્યાની મહાપુરુષ છે. એની નિન્દા ભૂલ કરીને પણ ન કરતા, તમે એવું કરશો તો જન્મ-જન્માંતર સુધી દુઃખ સહન કરવા પડે અને નારકીના કષ્ટ ભોગવવા પડે.

**પ્રશ્ન–૯.** આત્માની નિન્દા ક્યારે સંભવ છે ?

**ઉત્તર–** હૃદયમાં જ્યારે સરળતા હોય, વિવેક દૃષ્ટિ જાગૃત હોય ત્યારે મનુષ્ય પોતાના દોષને જોઈ શકે. આપણા દોષ જોવા પર જ્યારે પ્રશ્ચાત્તાપના ભાવ જાગૃત થાય ત્યારે આત્મ નિન્દા થઈ જાય છે.

**પ્રશ્ન–૧૦.** આત્મ નિન્દા થી શું લાભ થાય છે ?

**ઉત્તર–** આત્મ નિન્દા એક પ્રકારનો અરીસો છે. આમા આપણા જીવનની ખામીઓ દુર્બળતા અને બુરાઈઓ સામે ખુલીને આવી જાય છે અને સંકલ્પ કરીને એને દૂર હટાવવાનો પ્રયત્ન કરી શકે છે. જીવન ને સફળ અને પવિત્ર બનાવવાનો પ્રયત્ન કરી શકે છે.

**પ્રશ્ન–૧૧.** હું જેની પ્રશંસા નથી કરી શકતો તેની નિન્દા કરવામાં મને શરમ આવે છે. ઉપર્યુક્ત ઉત્તમ વિચાર કોણે પ્રગટ કર્યા ?

**ઉત્તર–** શ્રી રવીન્દ્રનાથ ટાગોરે(ઠાકુરે).

**પ્રશ્ન–૧૨.** ધર્મના આઠ અંગોમાં આત્મ-નિન્દાને કયું અંગ બતાવવામાં આવ્યું છે ?

**ઉત્તર–** ધર્મના આઠ અંગ આ પ્રકારે કાવ્યમાં કહ્યા છે.

**કરુણા, વચ્છલતા, સુજનતા, આત્મ-નિન્દા પાઠ.**
**સમતા, ભક્તિ, વિરાગતા, ધર્મ રાગ ગુણ આઠ.**

આમા આત્મનિન્દાને ચોથા અંગમાં બતાવ્યું છે.

**પ્રશ્ન–૧૩.** અવર્ણવાદિ ન ક્વાપિ, રાજાદિષુ વિશેષતઃ

**ઉત્તર–** અર્થ: સદ્ગૃહસ્થે ક્યારે પણ કોઈની નિન્દા ન કરવી જાઈએ અને ખાસ કરીને રાજા, મંત્રી વગેરે અધિકારી તથા ધર્મગુરુઓ વગેરેની તો ક્યારે પણ નિન્દા ન કરવી જોઈએ.

**પ્રશ્ન–૧૪.** ઉપર્યુક્ત વિચાર કયા મહાન આચાર્ય એ વ્યક્ત કર્યા ?

**ઉત્તર–** આચાર્ય હેમચંદ્રાચાર્યે.

**પ્રશ્ન–૧૫. નિંદક એકજ મતિ મિલે, પાપી મિલે હજાર.**

**એક નિંદકના શીશ પર, કોટી પાપીનો ભાર.**

ઉપર્યુક્ત દોહાના રચયિતા કોણ છે ?

**ઉત્તર–** સંત કબીર.

**પ્રશ્ન–૧૬.** હોવે ધર્મ પ્રચાર.......પ્યારે ભારત મે( ટેર )

ઈર્ષા કરેના કોઈ ભાઈ, દિલમાં સબકે હો નરમાઈ.
સરલ બને નર–નાર .......... પ્યારે ભારત મે (૧)
તજકર નિંદા જૂઠ લડાઈ, ગલે મિલે સબ ભાઈ ભાઈ
વહે પ્રેમ કી ધાર............ પ્યારે ભારત મે (૨)
મુખ સે કોઈ ન દેવે ગાલી, બોલી બોલે ઈજ્જત વાલી
મીઠી ઔર રસદાર.......... પ્યારે ભારત મે (૩)

ઉપર્યુક્ત ગીતિકા ના રચયિતા કોણ છે ?

**ઉત્તર–** શ્રી ચન્દન મુનિજી મ.સા. '' પંજાબી ''

**પ્રશ્ન–૧૭.** નીચ ગોત્રના કર્મબંધનું મુખ્ય કારણ કયું છે ?

**ઉત્તર–** પર નિન્દા અને સ્વ પ્રશંસા.

**પ્રશ્ન–૧૮.** નિન્દા થી બચવાનો ઉપાય શું છે ?

**ઉત્તર–** (૧) વાણી પર સંયમ (૨) નિંદકોની સોબતનો ત્યાગ (૩) ગુણગ્રાહી બનવું (૪) જીવનને સતત પ્રવૃત્તિમય બનાવવું (૫) આપણા સ્વયંના દોષોને જોતા રહેવું.

**પ્રશ્ન–૧૯.** નિન્દા સાંભળીને જે વ્યક્તિ પોતાનું ધૈર્ય ખોઈ બેસે છે, શાસ્ત્રોની ભાષામાં તેને શું કહેવામાં આવ્યું છે ?

**ઉત્તર–** અજ્ઞાની(બાલ).

**પ્રશ્ન–૨૦.** પરાપવાદે મૂકો ભવ, આ શબ્દનો અર્થ શું છે ?

**ઉત્તર–** પર નિન્દા કરવા માટે મૂક બની જાઓ.





**પ્રશ્ન–૨૧.** જે વ્યક્તિ અન્યની નિન્દા તમારી પાસે કરી રહ્યા છે, તે કાલે તમારી નિન્દા બીજા પાસે કરશે.

**ઉત્તર–** વાસ્તવમાં નિન્દા કરનાર પોતાની આદતના કારણે આવું કરે છે. નિન્દા કર્યા વગર તેને ખાવાનું હજમ થતું નથી. એટલે તે હંમેશાં બીજાના અવગુણને જ જુએ છે. વ્યક્તિમાં કોઈને કોઈ દોષ તો હોય છે માટે કોઈની નિંદા સાંભળવામાં રસ લેવો જોઈએ નહીં.

**પ્રશ્ન–૨૨.** પોતાની નિંદાને સહન કરવા ની ક્ષમતા કઈ રીતે વધારવી જોઈએ ?

**ઉત્તર–** નિમ્ન બે પદ્યોનું મનન કરવું જોઈએ.

૧– *निंदा मेरी कोय करो रे, दोष बिन सोच न कोई रे । टेर ॥*
*बिन साबुन रुजगार लिए बिन, कर्म मैल दे धोय । निंदा ॥*
*निंदक सम उपकार करे कुण, अंतर घट में जोय । निंदा ॥*
*तन जतन कर मन थिर राखो, सोने काट न होय । निंदा ॥*

२– *निंदक मती मरजे रे, म्हारी निंदा करेला कोण । टेर ॥*
*निंदक नेड़ो आवजे रे, आड़ी कोट चुणाय ।*
*बिन साबुन पाणी बिना, म्हारा कर्म मैल कट जाय ॥निंदक ॥*
*धोबी धोवे धोतिया रे, निंदक धोवे मैल ।*
*भार हमारा ले चलियो रे, जिम विणजारे को बैल ॥ निंदक ॥*
*भरी सभा में निंदक बैठो, चित निंदा के माँय ।*
*ज्ञान ध्यान तो कुछ नहीं जाणे, कुबुद्धि हिया रे माँय ॥ निंदक ॥*
*मस्तक मैल उतारिये रे, दे दे हाथों जोर ।*
*निंदक उतारे जीभ से प्यारे, यह क्या अचरण होय ॥ निंदक ॥*
*निंदक तो मर जावसी रे, जिम पाणी लूँण ।*
*चम्पक की प्रभू विनती म्हारी, निंदा करसी कूँण ॥ निंदक ॥*

**પ્રશ્ન–૨૩.** નિન્દા માટે ''इंखिणी''શબ્દનો પ્રયોગ કયા સૂત્રમાં કર્યો છે ?

**ઉત્તર–** સૂયગડાંગ સૂત્ર પ્રથમ શ્રુતસ્કંધના બીજા અધ્યયનના બીજા ઉદ્દેશકની બીજી ગાથામાં છે. તે ગાથા અને તેના ભાવાર્થ આ પ્રકારે છે–

**जे परिभवइ परं जणं, संसारे परियत्तइ महं ।**
**अदु इंखिणिया उ पाविया, इति संखाय मुणी न मज्जइ ॥**

અર્થઃ– જે બીજાનો પરાભવ–તિરસ્કાર કરે છે. હિલના નિંદા કરે છે તે ચિરકાળ સુધી મહાન સંસારમાં ભ્રમણ કરે છે. બીજાની નિંદા કરવી એક પાપ આચરણ છે એવું જાણીને મુનિ અભિમાન ન કરે અર્થાત્ સ્વયંની પ્રશંસા અને બીજાની નિંદા ન કરે.

**પ્રશ્ન–૨૪.** ૧૮ પાપનું આજીવન ત્યાગી સાધુ કોઈની નિંદા કરે તો ?

**ઉત્તર–** તે પોતાના સાધુત્વના ભાવથી ભ્રષ્ટ થાય છે. પંદરમા પાપ રૂપ નિંદાના સેવનથી તે પોતાના પાપની પ્રતિજ્ઞાનો ભંગ કરે છે. પોતાની ભૂલ ને તે સમજતો નથી. માટે તે સાધુ હોવા છતાં તે અજ્ઞાની બાલજીવ છે. પાપ દોષોની શુદ્ધિ વિના તેની આરાધના પણ સંભવ નથી.

**સારઃ** કર્મ બંધન થી ડરતા મુમુક્ષ આત્માઓએ હંમેશાં પર નિંદાના પાપથી બચીને રહેવું જાઈએ. કોઈની અવહેલના કે તિરસ્કાર માં રસ ન લેવો જોઈએ. પરંતુ સાવધાની સતર્કતાની સાથે પર નિંદા કરવા અને સાંભળવાથી બચીને રહેવું જોઈએ. આવું કરવાથી કેટલા વ્યર્થ કર્મબંધથી આત્મા સુરક્ષિત રહી શકે છે.

**અવગુણ ઉર ધરીયે નહીં, જો હો વૃક્ષ બબૂલ ।**
**ગુણ લીજે કાલૂ કહે, નહી છાયામાં સૂલ ॥**

## નિબંધ–૪૭

# પાપ-પુણ્ય વિચારણા

કાર્મણ વર્ગણા ના પુદગલ જીવની સાથે બદ્ધ થવા પહેલાં બધા સમાન સ્વભાવવાળા હોય છે. પરંતુ જ્યારે તેનું જીવની સાથે બન્ધ હોય ત્યારે તેમાં જીવના યોગ નિમિત્ત ભિન્ન-ભિન્ન પ્રકાર ના સ્વભાવ ઉત્પન્ન થઈ જાય છે. તે સ્વભાવ જૈનાગમ માં કર્મપ્રકૃતિના નામ થી પ્રસિદ્ધ છે. એવી પ્રકૃતિઓ મૂળમાં આઠ છે. અને પછી તેના અનેક ભેદ-પ્રભેદ છે.

વિપાકની દ્રષ્ટિથી કર્મ પ્રકૃતિઓ બે ભાગ માં વિભક્ત થઈ છે– અશુભ અને શુભ. જ્ઞાનાવરણીય વગેરે ચાર ઘાતિકર્મો ની બધી અવાન્તર પ્રકૃતિઓ અશુભ છે, અઘાતિકર્મોની પ્રકૃતિઓ બે ભાગોમાં વિભક્ત છે– કોઈ અશુભ અને કોઈ શુભ. અશુભ પ્રકૃતિઓ પાપ પ્રકૃતિઓ કહેવાય છે, જેનું ફળ–વિપાક જીવ માટે અનિષ્ટ, એકાંત અપ્રિય અને દુઃખરૂપ હોય છે. શુભકર્મ પ્રકૃતિઓનું ફળ આનાથી વિપરીત ઈષ્ટ, કાન્ત, પ્રિય અને સંસારના સુખને ઉત્પન્ન કરનાર હોય છે. બંને





પ્રકારના ફળ વિપાકને સરળ, સરસ અને સુગમ રૂપ માં સમજવા માટે વિપાક સૂત્રના દ્રષ્ટાંતો–કથાનકો ઉપયુક્ત છે.

આ સાચું છે કે પાપ અને પુણ્ય બે પ્રકારની કર્મપ્રકૃતિઓનો સર્વથા ક્ષય થવા પર જીવને મુક્તિની પ્રાપ્તિ થાય છે અથવા બે પ્રકારની પ્રકૃતિઓમાં કેટલું અને કેવું અંતર છે, આ તથ્ય નું વર્ણન વિપાક સૂત્રમાં કથાઓના માધ્યમથી સમજાવ્યું છે.

**પાપની પ્રબળતાના જીવન :–** દુઃખવિપાક સૂત્રના કથાનાયક મૃગાપુત્ર વગેર અંતમાં મુક્તિ પ્રાપ્ત કરશે અને સુખવિપાક સૂત્રમાં ઉલ્લેખ થયેલ સુબાહુકુમાર વગેરે ને પણ મુક્તિ પ્રાપ્ત થશે. બંન્ને પ્રકારના કથાનાયકોની ચરમ સ્થિતિ એક જેવી થવાની છે. તેમ છતાં એમના પૂર્વ સંસાર પરિભ્રમણનું જે ચિત્ર રજુ કર્યું છે તે વિશેષરૂપ થી ધ્યાન દેવા જેવું છે. પાપાચારી મૃગાપુત્ર વગેરે ને દુઃખમય ભયંકર દુર્ગતિઓમાં દીર્ઘકાળ સુધી પસાર થવું પડશે, ઘણી વખત નરકમાં, એકેન્દ્રિયોમાં તથા બીજી વિષમ અને ત્રાસજનક યોનિઓમાં દુસ્સહ(અસહ્ય) વેદના ભોગવવી પડશે. ત્યારે જઈને તેને માનવ ભવથી સિદ્ધિ પ્રાપ્ત થશે.

**પુણ્યની પ્રબળતામાં સુખમય જીવન :–** સુખવિપાકના કથાનાયક સુબાહુ-કુમાર વગેરે ને પણ દીર્ઘકાળ સુધી સંસાર માં રહેવું પડશે. પરંતુ તેમને દીર્ઘ–કાળનો અધિકાંશભાગ સ્વર્ગીય સુખોના ઉપભોગ માં અથવા સુખમય માનવ ભવમાં વ્યતીત કરવાના છે. તેઓ ઘોર અનિષ્ટકારી દુઃખદાયી કર્મોના ઉપાર્જન કરતા નથી, માટે દુઃખો થી દૂર રહે છે.

પુણ્યકર્મના ફળથી થનારા સુખરૂપ વિપાક અને પાપાચાર ના ફળથી થનાર દુઃખમય વિપાકની સરખામણી કરતાં જ્ઞાત થશે કે પાપ અને પુણ્ય બન્ને બંધનાત્મક હોવા છતાં તેના પરિણામમાં અંધકાર અને પ્રકાશ જેવું અંતર છે. માટે સંસાર ભ્રમણકાળના સમય વ્યતીત કરવામાં પુણ્ય ઉપાદેય છે અને પાપ હેય છે.

આ સત્ય છે કે મુમુક્ષુ સાધકે એકાંત સંવર અને નિર્જરા ના કારણભૂત વીતરાગ ભાવમાં રમણ કરવું એ જ ઉપાદેય માનવું જોઈએ. છતાં પણ સ્વભાવિક રીતે તેની સાથે પુણ્યપ્રકૃતિઓનો સંગ્રહ સ્વતઃ થઈ જાય છે.

માટે સંયમી જીવનમાં પુણ્ય સંચયના લક્ષ્યની કોઈ પણ આવશ્યકતા હોતી નથી. તે તો સંવર નિર્જરાની સાથે પોતેજ થઈ જાય છે. પરંતુ ગૃહસ્થ જીવન

આરંભ અને પરિગ્રહમાં, વિષય અને કષાય માં સંલગ્ન હોય છે, માટે તેમાં સંવર નિર્જરા ની સાથે પુણ્યકૃત્ય પણ ઉપાદેય થાય છે. એમ પણ સંસાર માં પુણ્ય સાથે હોય તો બધુ જ એમની સાથે રહે છે. પુણ્યની પ્રબળતા હોય તો અપરાધ પણ દબાય જાય છે. પુણ્યવાન વ્યક્તિ સર્વત્ર સફળતા પ્રાપ્ત કરે છે. જો પુણ્યની પ્રબળતા ન હોય તો અનેક ગુણ અને પ્રયત્ન પણ નિસ્તેજ અને નિરર્થક બની જાય છે. એક કવિ એ સાચું કહ્યું છે–

**जब लग जिसके पुण्य का, पहुँचे नहीं करार ।**
**तब लग उसको माफ है, अवगुण करे हजार ॥**

**पुण्य क्षीण जब होत है, उदय होत है पाप ।**
**दाजे वन की लाकड़ी, प्रजले आपो आप ।**

માનવભવ ને પ્રાપ્ત કરીને અધ્યાત્મ ધર્મનો સંયોગ મળી જાય તો **સોના માં સુગંધ** છે. પરંતુ ત્યાં સુધી પહોંચવા માટે કોઈ પણ અંતરાય હોય તો જીવનમાં શુભકર્મ અને પુણ્યકર્મથી વંચિત તો ન જ રહેવું જોઇએ. આ અપેક્ષાથી ચિત– મુનિએ સંભૂતિરાજાને ધર્માચરણની આશા છુટી જવા પર તેને શુભકર્મ, આર્યકર્મ કરવાની પ્રેરણા આ શબ્દોમાં કરી હતી–

**जइ तंसि भोगे चइउं असत्तो, अज्जाइं कम्माइं करेहि राय ।**

**સાર :** મુક્તિ પ્રાપ્તિની સર્વોત્કૃષ્ટ સાધનાના અવસર પહેલાં પુણ્ય અને શુભકર્મ પણ ઉપાદેય છે અને તે આત્માને અપેક્ષાએ સુખ શાંતિ આપનાર હોય છે પરંતુ આસક્તિ નું ઝેર ત્યાં પણ હેય(છોડવા લાયક) છે, એમ સમજવું જોઇએ.

## નિબંધ–૪૮

# કર્મ અને પુનર્જન્મની વિચારણા

પુનર્જન્મનો અર્થ છે કે– વર્તમાન જીવન પછીના પરલોકનું જીવન. પરલોક જીવન કયા જીવનું કેવું હશે એનો મુખ્ય આધાર તેણે કરેલા પૂર્વકર્મ પર છે. જીવ તેણે કરેલા પ્રમાદથી જ જુદા-જુદા જન્માંતર કરે છે. પુનર્જન્મ કર્મસંગી જીવોને હોય છે. ભૂતકાળના કર્મોનું ફળ આપણું વર્તમાન જીવન છે અને આપણા વર્તમાન કર્મોનું ફળ આપણું ભાવી જીવન છે. કર્મ અને પુનર્જન્મ નો અવિચ્છેદ સંબંધ છે.

આયુષ્ય કર્મના પુદ્ગલ પરમાણુ જીવને દેવ,નારક વગેરે અવસ્થામાં





જવા માટેની શક્તિ ઉત્પન્ન કરે છે. તેથી જીવ નવા જન્મસ્થાનમાં જઈને ઉત્પન્ન થાય છે.

**વિભિન્ન મત–સમ્મત : –**

**(૧) ભગવાન મહાવીર સ્વામીએ** કહ્યું– ક્રોધ, માન, માયા અને લોભ એ પુનર્જન્મના મૂળને પોષણ કરનારા છે.

**(૨) ગીતામાં** કહ્યું છે કે જેવી રીતે ફાટેલા કપડાં છોડીને મનુષ્ય નવા કપડા પહેરે છે, તેવી રીતે જૂના શરીર ને છોડીને પ્રાણી મૃત્યુ પછી નવા શરીરને ધારણ કરે છે. આ આવર્તન પ્રવત્તિથી થાય છે.

**(૩) તથાગત બુદ્ધે** પોતાના પગમાં ખૂંચેલા તીક્ષ્ણ કાંટાની ક્રિયાને પૂર્વજન્મમાં કરેલા પ્રાણીવધના વિપાક કહ્યા છે.

**(૪) નવજાત શિશુ**ને જે હર્ષ, ભય, દુઃખ વગેરે થાય છે તેનું મૂળ કારણ પૂર્વજન્મની સ્મૃતિ છે. જન્મ લેતાં જ બાળક માતાનું સ્તનપાન કરવા લાગે છે, આ પૂર્વજન્મમાં કરેલા આહારના અભ્યાસથી જ હોય છે. જેવી રીતે એક યુવાનનું શરીર બાળક ના શરીરની ઉત્તરવર્તી અવસ્થા છે તેવી જ રીતે બાળકનું શરીર પૂર્વજન્મ પછી થવા વાળી અવસ્થા છે.

**(૫) નવજાત શિશુ** માં જે સુખ દુઃખ નો અનુભવ થાય છે તે પણ પૂર્વ અનુભવયુક્ત હોય છે.

**(૬) જીવન માટે** મોહ અને મૃત્યુ પ્રત્યે ભય હોય છે એ પણ પૂર્વબદ્ધ સંસ્કારોનું પરિણામ છે. જો પહેલાં જન્મ માં તેનો અનુભવ ન હોય તો સદ્યોજાત પ્રાણીમાં આવી વૃત્તિઓ પ્રાપ્ત થઈ શકતી નથી. આ પ્રકારના અનેક ઉદાહરણો આપીને ભારતીય ચિંતકોએ પુનર્જન્મને સિદ્ધ કર્યું છે.

**પરલોકના મત–સમ્મત :** કર્મની સત્તાનો સ્વીકાર કર્યા પછી તેના ફળ સ્વરૂપ પરલોક અથવા પુનર્જન્મની સત્તાનો પણ સ્વીકાર કરવો પડે છે. જે કર્મોના ફળ વર્તમાન ભવમાં પ્રાપ્ત થતા નથી તે કર્મોને ભોગવવા માટે પુનર્જન્મ માનવો આવશ્યક છે. પુનર્જન્મ અને પૂર્વભવ ન માનીએ તો કૃતકર્મનો વિનાશ અને અકૃતકર્મનો ભોગ માનવો પડે. આવી સ્થિતિમાં કર્મ વ્યવસ્થા દૂષિત થઈ જાય છે. તે દોષોના પરિહાર હેતુ કર્મવાદીઓએ પુનર્જન્મ ની સત્તા સ્વીકારી છે.

ભારતના દાર્શનિકોએ જ નહીં પરંતુ પાશ્ચાત્ય વિચારકોએ પણ પુનર્જન્મ સંબંધી વિચાર અભિવ્યક્ત કર્યા છે, જેનો સંક્ષિપ્ત સારાંશ આ પ્રમાણે છે–

**વિદેશી અભિમત :–**

**(૧)** યુનાન ના મહાન તત્ત્વવેત્તા **પ્લેટો**એ દર્શનની વ્યાખ્યા કરી છે અને તેના કેન્દ્ર બિન્દુ રૂપે પુનર્જન્મ ને માન્યો છે.

**(૨)** પ્લેટોના જાણીતા શિષ્ય **અરસ્તુ** પુનર્જન્મ ના સિદ્ધાંત ને માનવા માટે એટલા આગ્રહવશ હતા કે તેમણે તેના સમકાલીન દાર્શનિકોને આહ્‌વાન આપતાં કહ્યું કે " આપણે એ મતનો ક્યારે ય આદર ન કરવો જોઈએ કે આપણે માનવ જ છીએ અને આપણા વિચાર મૃત્યુલોક સુધી જ સીમિત ન રાખીયે પરંતુ આપણા દેવી અંશને જાગૃત કરીને અમરત્વને પ્રાપ્ત કરીએ. "

**(૩) લૂથર** ના અભિમતાનુસાર ભાવી જીવનનો નિષેધ કરવો એટલે પોતાના ઈશ્વરીય તત્ત્વ અને ઉચ્ચતર નૈતિક જીવનનો નિષેધ કરવો.

**(૪) ફ્રાંસીસી** ધર્મ પ્રચારક **મોસિલા** અને **ઈસાઈ** સંત **પાલ** ના મતે– " દેહની સાથે જ આત્માનો નાશ માનવો એટલે કે વિવેકપૂર્ણ જીવનનો અંત કરવો અને વિકારમય જીવન માટે દ્વાર મુક્ત કરવો.

**(૫) ફ્રેંચ** વિચારક રેનનનો અભિમત છે કે ભાવિ જીવનમાં વિશ્વાસ ન કરવો, એ નૈતિક અને આધ્યાત્મિક પતન નું કારણ છે.

**(૬) મૈકટેગાર્ટ** ની દષ્ટિએ આત્મા ના અમરત્વની સાધક યુક્તિયોથી આપણા ભાવી જીવન સાથે જ પૂર્વજન્મ ની સિદ્ધિ હોય છે.

(૭) **સર હેનરી જોન્સ** લખે છે કે " અમરત્વના નિષેધનો અર્થ એટલે પૂર્ણ નાસ્તિકતા."

(૮) **શ્રી પ્રિંગલ પેટીસને** એમના "અમરત્વ–વિચાર" નામના ગ્રંથમાં લખ્યું છે કે "એમ કહેવું અતિશયોક્તિ પૂર્ણ નહીં લાગે કે મૃત્યુ વિષયક ચિંતને જ મનુષ્યને સાચા અર્થમાં મનુષ્ય બનાવ્યો છે."

ઉપરોક્ત વિધાનોથી એ સ્પષ્ટ છે કે વિ✓ના બધા મૂર્ધન્ય મનીષીઓ એ આત્માની અમરતા અને પુનર્જન્મના સિદ્ધાંત ને સ્વીકાર્યો છે.

**નિબંધ–૪૯**

# કર્મ ની અવસ્થાઓ

કર્મની વિભિન્ન અવસ્થાઓ છે. મુખ્યરૂપથી તેને અગિયાર ભેદોમાં વિભક્ત કરી શકાય છે– ૧. બન્ધ ૨. સત્તા ૩. ઉદ્વર્તન–ઉત્કર્ષ ૪. અપવર્તન–





અપકર્ષ ૫. સંક્રમણ ૬. ઉદય ૭. ઉદીરણા ૮. ઉપશમન ૯. નિદ્ધત ૧૦. નિકાચિત અને ૧૧. અબાધાકાળ.

**(૧) બન્ધ** : આત્માની સાથે કર્મ પરમાણુઓનો સંબંધ હોવો, ક્ષીર–નીરવત્ એકમેક થઈ જવો બન્ધ છે.

**(૨) સત્તા** : બદ્ધકર્મ જ્યાં સુધી તેનું ફળ પ્રદાન કરી આત્માથી પ્રથક ન થઈ જાય ત્યાં સુધી તે આત્માથી સંબદ્ધ જ રહે છે, તેને જૈન દાર્શનિકો સત્તા કહે છે.

**(૩) ઉદ્વર્તન–ઉત્કર્ષ** : આત્માના પરિણામોમાં કષાયના તીવ્ર અને મંદ પ્રવાહ પ્રમાણે કર્મની સ્થિતિ અને અનુભાગનો બન્ધ થાય છે. ત્યાર બાદ સમય-સમય પર થતા ભાવ વિશેષને કારણે તે સ્થિતિ અને રસ માં જે વૃદ્ધિ થાય છે તે ઉદ્વર્તન–ઉત્કર્ષ છે.

**(૪) અપવર્તન–અપકર્ષ** : પૂર્વબદ્ધ કર્મની સ્થિતિ અને અનુભાગને ઉદ્વર્તનથી વિપરીત એટલે કે ન્યૂન કરી દેવો અપવર્તન–અપકર્ષ છે.

આ બન્ને અવસ્થાઓ નો સારાંશ એ છે કે સંસારને વધારવા કે ઘટાડવાનો આધાર પૂર્વકૃત કર્મોની સાથે-સાથે વર્તમાન અધ્યવસાયો પર પણ આધારિત છે.

**(૫) સંક્રમણ** : એક પ્રકારના કર્મ પરમાણુઓ ની સ્થિતિ વગેરે નું બીજા પ્રકારના કર્મ પરમાણુઓ ની સ્થિતિ વગેરેના રૂપમાં પરિવર્તિત થવાની પ્રક્રિયાને સંક્રમણ કહે છે. આ પ્રકારના પરિવર્તન માટે કોઈ નિશ્ચિત મર્યાદાઓ છે એટલે અમુક -અમુક પ્રકૃતિ માં જ પરસ્પર પરિવર્તન થાય છે. આ સંક્રમણ ચાર પ્રકારના છે– **૧.** પ્રકૃતિ-સંક્રમણ **૨.** સ્થિતિ-સંક્રમણ **૩.** અનુભાવ-સંક્રમણ **૪.** પ્રદેશ-સંક્રમણ.

**(૬) ઉદય** : કર્મનું ફળદાન ઉદય છે. જો કર્મ પોતાનું ફળ આપીને નિર્જીર્ણ થાય તો તે ફળોદય વિપાકોદય છે અને ફળ આપ્યા વિના જ ઉદયમાં આવી ને નષ્ટ થઈ જાય તો તે પ્રદેશોદય છે.

**(૭) ઉદીરણા** : નિયત સમય પહેલાં કર્મ ઉદય થાય તે ઉદીરણા છે. જેવી રીતે સમય પહેલાં પ્રયત્નથી કેરી વિગેરે ફળો પકાવવામાં આવે છે આ પ્રમાણે જ સાધના દ્વારા બદ્ધકર્મોને નિયત સમય પહેલાં ભોગવીને તેનો ક્ષય કરી શકાય છે. સામાન્યતઃ નિયમ એ છે કે જે કર્મનો ઉદય હોય છે તેના જ સજાતીય કર્મની ઉદીરણા થાય છે.

**(૮) ઉપશમન** : કર્મનું વિદ્યમાન હોવા છતાં, ઉદયમાં આવવા માટે તેને અક્ષમ બનાવી દેવું એ ઉપશમન છે અર્થાત્ કર્મની એ અવસ્થા કે જેમાં ઉદય અથવા

ઉદીરણા સંભવ ન હોય પરંતુ ઉદ્વર્તન, અપવર્તન અને સંક્રમણની સંભાવના હોય તે ઉપશમન છે. જેમ કે બળતા કોલસાને રાખથી એ પ્રકારે આચ્છાદિત કરી દેવો કે તે પોતાનું કાર્ય ન કરી શકે. પરંતુ જેમ આવરણ દૂર થતાં તે કોલસા બળવા લાગે છે, તેવી જ રીતે ઉપશમ ભાવ દૂર થતાં ઉપશાન્ત કર્મ ઉદયમાં આવીને તેના ફળ આપવાનો પ્રારંભ કરે છે.

**(૯) નિદ્ધત્ત** : જેમાં ઉદ્વર્તન અપવર્તન થવું સંભવ છે પરંતુ ઉદીરણા કે સંક્રમણ ન થઈ શકે તે નિદ્ધત છે.

**(૧૦) નિકાચિત** : જેમાં ઉદ્વર્તન, અપવર્તન,સંક્રમણ અને ઉદીરણા આ ચારેય અવસ્થાઓનો અભાવ હોય તે નિકાચિત છે અર્થાત્ આત્માએ જે રૂપમાં કર્મ બાંધ્યા હોય, પ્રાયઃ તે જ રૂપમાં ભોગવવા પડે છે. ભોગવ્યા વિના તેની નિર્જરા કે પરિવર્તન થતું નથી.

**(૧૧) અબાધાકાળ** : કર્મ બાંધ્યા પછી અમુક સમય સુધી ફળ ન આપવાની અવસ્થાને અબાધાકાળ કહે છે. આ કાળમાં પ્રદેશોદય પણ થતો નથી. અબાધાકાળ ને આ પ્રકારે જાણી શકાય છે– જે કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ જેટલા સાગરોપમની છે તેટલા સો વર્ષનો તેનો અબાધાકાળ હોય છે. જેમ કે જ્ઞાનાવરણીયની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રીસ ક્રોડાકોડી સાગરોપમની છે તો તેનો ઉત્કૃષ્ટ અબાધાકાળ ત્રણ હજાર વર્ષનો છે. ભગવતી સૂત્રમાં અષ્ટ કર્મ પ્રકૃતિઓનો અબાધાકાળ સ્પષ્ટ કરવામાં આવ્યો છે. વિશેષ જિજ્ઞાસુઓએ ઉક્ત આગમ જોવું જોઇએ.

**અબાધાકાળમાં નિષેક રચના** : સાત કર્મોના અબાધાકાળ જેટલી સ્થિતિ બન્ધની સાથે પ્રદેશ બન્ધ થતો નથી. આયુષ્ય કર્મમાં અબાધાકાળના સ્થિતિ બન્ધ સાથે પ્રદેશ બન્ધ અર્થાત્ કર્મ પુદ્‌ગલો નો પણ બન્ધ હોય છે.

માટે સાતેય કર્મોના અબાધાકાળની નિષેક રચનામાં અને આયુષ્ય કર્મના અબાધાકાળની નિષેક રચનામાં કંઈક અંતર હોય છે. એટલે કે સાત કર્મોના અબાધાકાળમાં પ્રદેશોદય થતો નથી પરંતુ આયુષ્ય કર્મના અબાધાકાળમાં પ્રદેશોદય થાય છે. તેથી પ્રદેશોદય બે આયુષ્યનું એક સાથે થઈ શકે છે, વિપાકોદય એક જ આયુષ્યનું હોય છે. જીવ પોતાનું જેટલું આયુષ્ય શેષ રહેતાં આગલા ભવનું આયુષ્ય બાંધે, તેટલા સમયનો આયુકર્મનો અબાધાકાળ હોય છે. આ અબાધાકાળ ઉત્કૃષ્ટ એક તૃતીયાંશ ઉંમરનો હોય શકે. આયુષ્યના આ આબાધાકાળ માં પ્રદેશ બંધ થાય છે શેષ કર્મોના આબાધાકાળમાં પ્રદેશ બંધ હોતો નથી.





## નિબંધ–૫૦

# તીર્થંકરોના ચોત્રીશ અતિશય આદિ

## [ પુરુષોની ૭૨ કલાઓ ]

સામાન્ય માનવીઓની અપેક્ષાએ કોઈના ગુણોની તેમજ સંપદાની પોતાની અલગ વિશિષ્ટતા હોય તેને અતિશય કહેવાય છે. તીર્થંકર સમસ્ત મનુષ્યોમાં અલૌકિક, અદ્વિતીય પુરુષ હોય છે. જેના પુણ્ય પ્રભાવથી આકર્ષાઇને દેવોના ૬૪ ઈન્દ્રો તેમનો જન્મ મહોત્સવ ઉજવવા બોલાવ્યા વગર આવે છે અને પ્રસૂતિકર્મ તેમજ સેવા–સન્માનને માટે ૫૬ દિશાકુમારી દેવીઓ આવે છે. આવા મહાપુરુષોના વિશિષ્ટ ગુણ–પ્રભાવ રૂપ અતિશય હોય તે સ્વાભાવિક જ છે. તેમાં કોઈ અસ્વાભાવિકતા કે અતિશયોક્તિ હોતી નથી. અહીં તીર્થંકરોના ૩૪ અતિશયો સામાન્ય તેમજ ૩૫ વચનાતિશય વિશેષ કહેલ છે, તે આ પ્રમાણે છે–

**૩૪ અતિશય–** (૧) કેશ, મૂછ, નખ, મર્યાદિત જ વધે, પછી ન વધે. (૨) શરીર નિરોગી રહે. (૩) લોહી, માંસ ગોક્ષીર જેવા હોય. (૪) શ્વાસોશ્વાસ સુગંધી. (૫) આહાર–નિહાર અદશ્ય પ્રચ્છન્ન. (૬) ચક્ર (૭) છત્ર (૮) ચામર (૯) સિંહાસન (૧૦) ઈન્દ્રધ્વજ (૧૧) અશોકવૃક્ષ (૧૨) ભામંડળ (૧૩) વિહારમાં સમભૂમિ (૧૪) કાંટા ઊંધા થઈ જાય (૧૫) ઋતુ શરીરને અનુકૂળ થાય (૧૬) દેવો દ્વારા– એક યોજન ભૂમિ પ્રમાર્જન (૧૭) જલસિંચન (૧૮) પુષ્પોપચાર (૧૯) અમનોજ્ઞ શબ્દાદિનો અપહાર (૨૦) મનોજ્ઞનો પ્રાદુર્ભાવ (૨૧) યોજનગામી સ્વર. (૨૨) અર્ધમાગધી ભાષામાં દેશના (૨૩) સૌ પોતાની ભાષામાં સમજી જાય. (૨૪) જન્મવેર, જાતિવેર શાંત થાય (૨૫) અન્યતીર્થિકો દ્વારા વંદન (૨૬) પ્રતિવાદી નિરુત્તર બને (૨૭) ૨૫ યોજન સુધી ઉપદ્રવ શાંતિ (૨૮) મહામારી ન થાય (૨૯) સ્વચક્રનો ભય ન હોય (૩૦) પરચક્રનો ભય ન હોય (૩૧) અતિ વૃષ્ટિ ન થાય (૩૨) અનાવૃષ્ટિ ન થાય (૩૩) દુકાળ ન પડે (૩૪) પહેલાં થયેલ ઉપદ્રવ શાંત થાય.

**૩૫ વચનાતિશય–** (૧) વ્યાકરણ નિયમ યુક્ત (૨) ઉચ્ચ સ્વર (૩) ગ્રામીણતા–ગામઠીપણા રહિત (૪) ગંભીર ઘોષ (૫) પ્રતિધ્વનિત વચન (૬) ચતુરાઈ યુક્ત (૭) રાગ–રાગિણી કે લય–પ્રવાહ યુક્ત (૮) મહાન અર્થવાળા વચન (૯) પૂર્વાપર અવિરોધી (૧૦) શિષ્ટ વચન (૧૧) અસંદિગ્ધ (૧૨) દૂષણ નિવારક

(૧૩) હૃદયગ્રાહી (૧૪) અવસરોચિત (૧૫) વિવક્ષિત તત્ત્વને અનુરૂપ (૧૬) નિરર્થક વિસ્તાર રહિત (૧૭) પરસ્પર ઉપેક્ષિત વાક્ય (૧૮) શાલીનતા સૂચક (૧૯) મિષ્ટ વચન (૨૦) મર્મ રહિત (૨૧) અર્થ, ધર્મને અનુકૂળ (૨૨) ઉદારતા યુક્ત (૨૩) પરનિંદા–સ્વપ્રશંસા રહિત (૨૪) પ્રશંસનીય વચન (૨૫) વ્યાકરણ દોષોથી રહિત (૨૬) કુતૂહલ યુક્ત આકર્ષણવાળા (૨૭) અદ્‌ભુત વચન (૨૮) ધારાપ્રવાહી વચન (૨૯) મનના વિક્ષેપ, રોષ, ભય આદિ રહિત (૩૦) અનેક પ્રકારના કથન કરનાર (૩૧) વિશેષ વચન (૩૨) સાકાર (૩૩) સાહસપૂર્ણ (૩૪) ખેદ રહિત (૩૫) વિવક્ષિત અર્થની સિદ્ધિ કરનારા.

**પુરુષોની ૭૨ કલાઓ :–** પ્રાચીન કાળમાં રાજકુમાર આદિ વિશિષ્ટ પુણ્યશાળી બાળક ગુરુકુળમાં રહીને જે વિષયોમાં પારંગત બનતા હતા તેને આગમોમાં ૭૨ કલાના રૂપમાં સૂચિત કરેલ છે. આ કલાઓનું વર્ણન આગમોમાં અનેક જગ્યાએ પુણ્યશાળી પુરુષોના સાંસારિક ગુણ ૠદ્ધિ યોગ્યતાના રૂપમાં કરેલ છે અર્થાત્ તે લૌકિક અધ્યયન રૂપ છે. લૌકિક અધ્યયનની પૂર્ણતામાં સામાજિકતા, નૈતિકતા, ધર્મપ્રિયતા, શૂરવીરતા આદિ ગુણોનો સ્વતઃ સમાવેશ થઈ જાય છે. જેથી તે ૭૨ કલાઓમાં પ્રવીણ બનેલ વ્યક્તિ કોઈપણ ક્ષેત્રમાં કર્તવ્ય કરીને સફળતા પ્રાપ્ત કરી શકે છે. **૭૨ કલાઓ–** ૧. લેખનકળા ૨. ગણિત ૩. ચિત્રકળા ૪. નૃત્ય ૫. ગીત ૬. વાદ્ય ૭. સ્વર–રાગ ૮. મૃદંગ જ્ઞાન ૯. સમતાલ વગાડવું ૧૦. દ્યૂત કલા ૧૧. કિંવદંતિઓ જાણવી ૧૨. શીઘ્ર કવિત્વ ૧૩. શતરંજ ૧૪. જલશોધન ૧૫. અન્ન સંસ્કાર ૧૬. જલસંસ્કાર ૧૭–૧૮. ગૃહ, શય્યા નિર્માણ ૧૯. આર્યા છંદ બનાવવા ૨૦. પહેલી જ્ઞાન ૨૧. માગધિકા છંદ ૨૨. ગાથા ૨૩. શ્લોક ૨૪. સુગંધિત કરવાની કલા ૨૫. મીણપ્રયોગ કલા ૨૬. અલંકાર બનાવવા, પહેરવાની કળા ૨૭. તરુણી પ્રસાધન કલા ૨૮. સ્ત્રી લક્ષણ, ૨૯થી૪૧. પુરુષ, ઘોડા, હાથી, બળદ, કૂકડા, ઘેટાના લક્ષણ તથા ચક્ર, છત્ર, દંડ, તલવાર, મણિ, કાકણિ, ચર્મ(રત્નો)ના લક્ષણ, ૪૨થી૪૫. ચંદ્ર, સૂર્ય, રાહુ, ગ્રહનું વિજ્ઞાન ૪૬–૪૭ સૌભાગ્ય, દુર્ભાગ્ય જાણવાનું જ્ઞાન ૪૮. રોહિણી, પ્રજ્ઞપ્તિ આદિ વિદ્યા ૪૯. મંત્રવિજ્ઞાન ૫૦. ગુપ્ત વસ્તુઓને જાણવાની કલા ૫૧. વસ્તુઓને પ્રત્યક્ષ જાણવાની કળા, ૫૨.જ્યોતિષ ચક્ર ગતિ ૫૩. ચિકિત્સા વિજ્ઞાન ૫૪. વ્યૂહ રચનાની કલા ૫૫. પ્રતિવ્યૂહ ૫૬. સૈન્ય માપ ૫૭. નગરમાપ ૫૮. મકાન માપ, ૫૯થી૬૧. સેના, નગર, મકાન બનાવવાની કલા ૬૨. દિવ્યાસ્ત્ર જ્ઞાન ૬૩. ખડ્‌ગશાસ્ત્ર ૬૪. અશ્વશિક્ષા ૬૫. હસ્તિશિક્ષા ૬૬. ધનુર્વેદ ૬૭. ચાંદી, સોનું,





મણિ, ધાતુની સિદ્ધિની કલા ૬૮. બાહુ, દંડ, મુષ્ટિ, અસ્થિ આદિ યુદ્ધ કલા ૬૯. ક્રીડા, પાસા, નાલિકા ખેલ ૭૦. પત્ર–છેદ કલા ૭૧. ધાતુને સજીવ-નિર્જીવ કરવાની કલા અને પુનઃ મૌલિક રૂપે કરવા ૭૨. શકુનિરુત(પક્ષીઓની બોલી જાણવાની કલા).

## નિબંધ–૫૧

# રાણીઓની સંખ્યા અને સ્ત્રીની ૬૪ કળાઓ

**રાણિઓ :–** અર્ધભરત ક્ષેત્રમાં ૧૬ હજાર દેશ હોય છે. અને સંપૂર્ણ ભરતક્ષેત્રમાં ૩૨ હજાર દેશ હોય છે. વાસુદેવના વર્ણનમાં સ્પષ્ટ ૧૬ હજાર રાણીઓ કહી છે. અંતગડ સૂત્રમાં પણ ૧૬૦૦૦ રાણીઓ મૂળપાઠમાં કહી છે. ચક્રવર્તીનાં ૩૨૦૦૦ દેશ ની અપેક્ષા ૩૨૦૦૦ રાણીઓ હોય છે પરંતુ તેના વર્ણનમાં ૬૪ હજાર રાણીઓ કહી છે. તેમાં ૩૨ હજાર ૠતુકલ્યાણિકા અને ૩૨ હજાર જનપદકલ્યાણિકા રાણીઓ કહેવાય છે. જેમા કુલ ૬૪ હજારની સંખ્યા સર્વત્ર એક સમાન મળે છે. અન્ય વિશેષ સ્પષ્ટીકરણ ક્યાંય જોવામાં આવતું નથી. આ ૠદ્ધિસંપન્ન પુરુષ ચક્રવર્તી આદિ વૈક્રિય લબ્ધિસંપન્ન હોય છે અને મહા પુણ્યશાળી હોય છે. તે પુણ્યોદયના કારણે અને ભોગાવલી કર્મોદયને કારણે લબ્ધિસંપન્ન આ પુરુષોની આટલી રાણીઓ હોવી કોઈ અસંગત જેવું લાગતું નથી. ચોથા આરાના અન્ય અનેક પુણ્યશાળી મનુષ્ય વૈક્રિયલબ્ધિ યુક્ત હોય શકે છે. તે કારણે ૩૨, ૫૦, ૫૦૦ કન્યાઓ સાથે પાણિગ્રહણ કર્યા હોવાના પ્રસંગનું વર્ણન યોગ્ય લાગે છે. કથા વર્ણનોમાં કૃષ્ણ વાસુદેવના પિતા વસુદેવજીને સ્ત્રીવલ્લભનું નિયાણું અને અખૂટ પુણ્ય સંચયે ચક્રવર્તીથી પણ વધારે રાણીઓ(૭૨૦૦૦)હતી એમ કહેવાય છે. જ્ઞાતાસૂત્રમાં કૃષ્ણ વાસુદેવને રુકમણી પ્રમુખ ૩૨૦૦૦ રાણીઓ સ્પષ્ટ બતાવી છે. જે ચક્રવર્તીની રાણીઓથી અડધી સંખ્યા રૂપે સમજવી જોઈએ.

**કળાઓ :–** આગમોમાં પુરુષની ૭૨ કળા અને સ્ત્રીની ૬૪ કળાઓનું કથન અનેક જગ્યા આવે છે. પુરુષોની ૭૨ કળાઓ સમવાયાંગ સૂત્રના ૭૨મા સમવાય આવી છે. સ્ત્રીની ૬૪કળાઓ આ પ્રકારે છે–(૧) નૃત્યકલા (૨) ઔચિત્યકલા (૩) ચિત્રકલા (૪) વાજીંત્ર (૫) મંત્ર (૬) તંત્ર (૭) જ્ઞાન (૮) વિજ્ઞાન (૯) દંડ (૧૦) જળસ્તંભન (૧૧) ગીતગાન (૧૨) તાલમાન (૧૩) મેઘવૃષ્ટિ (૧૪) ફલવૃષ્ટિ (૧૫) આરામારોપણ (૧૬) આકારગોપન (૧૭) ધર્મવિચાર (૧૮)

શુકુનવિચાર (૧૯) ક્રિયાકલ્પન (૨૦) સંસ્કૃતભાષણ (૨૧) પ્રસાદનીતિ (૨૨) ધર્મનીતિ (૨૩) વાણીવૃદ્ધિ (૨૪) સુવર્ણસિદ્ધિ (૨૫) સુરભિતૈલ (૨૬) લીલાસંચરણ (૨૭) હાથી–ઘોડા પરીક્ષણ (૨૮) સ્ત્રી–પુરુષ લક્ષણ (૨૯) સુવર્ણ–રત્નભેદ (૩૦) અષ્ટાદશ લિપિ (૩૧) તત્કાલ બુદ્ધિ (૩૨) વસ્તુસિદ્ધિ (૩૩) વૈદ્યકક્રિયા (૩૪) કામક્રિયા (૩૫) ઘટભ્રમ (૩૬) સારપરિશ્રમ (૩૭) અંજનયોગ (૩૮) ચૂર્ણયોગ (૩૯) હસ્તલાઘવ (૪૦) વચનપટુતા (૪૧) ભોજન વિધિ (૪૨) વાણિજ્યવિધિ (૪૩) મુખમંડન (૪૪) શાલિખંડન (૪૫) કથા કથન (૪૬) પુષ્પગ્રથન (૪૭) વક્રોક્તિ જલ્પન (૪૮) કાવ્યશક્તિ (૪૯) સ્ફારવેશ (૫૦) સકળ ભાષાવિશેષ (૫૧) અભિધાનજ્ઞાન (૫૨) આભરણ પરિધાન (૫૩) નૃત્ય ઉપચાર (૫૪) ગૃહઆચાર (૫૫) શાઠ્યકરણ (૫૬) પર–નિરાકરણ (૫૭) ધાન્ય રંધન (૫૮) કેશબંધન (૫૯) વીણાદિનાદ (૬૦) વિતંડાવાદ (૬૧) અંકવિચાર (૬૨) લોકવ્યવહાર (૬૩) અંત્યાક્ષરી (૬૪) પ્રશ્ન પ્રહેલિકા .

**નોટ–** સ્ત્રી ની ૬૪ કળાઓ બત્રીસ શાસ્ત્રોમા ન મળવાથી'સમુત્થાનસૂત્ર' માંથી લેવામાં આવી છે. સમુત્થાન સૂત્રનું નામ નંદીસૂત્રની આગમ સૂચીમાં કાલિક શ્રુતમાં આવે છે. આ શાસ્ત્ર પ્રકાશિત થયેલું છે અને ઉપલબ્ધ છે. આ સ્થાનકવાસી મુહપત્તિ પરંપરાનું મૂળપાઠમાં પુષ્ટી કરવાવાળું શાસ્ત્ર છે. તેનું પ્રકાશન લગભગ ૫૦ વર્ષ પૂર્વ પંજાબ અને ગુજરાતથી થયેલ છે.

### નિબંધ–૫૨

## શરીર વર્ણન : શરીરના લક્ષણ ૩૨ વગેરે

**શરીર વર્ણન પદ્ધતિ :–** તીર્થંકર ભગવાન મહાવીરસ્વામીના શરીરનું વર્ણન ઔપપાતિક સૂત્રમાં છે. ત્યાં તે વર્ણન મસ્તકથી પ્રારંભ કરીને ક્રમશઃ પગ સુધી પૂર્ણ કર્યું છે. પ્રશ્નવ્યાકરણ સૂત્રના અધ્યયન–૪માં યુગલિક મનુષ્ય–મનુષ્યાણીના શરીરનું વર્ણન છે, તે પગથી પ્રારંભ કરીને મસ્તક સુધી પૂર્ણ કરેલ છે. તેનાથી આ પરિજ્ઞાત થાય છે કે સમસ્ત સંસારી જીવોના શરીર વર્ણનની પદ્ધતિથી તીર્થંકરના શરીર વર્ણનની પદ્ધતિ ભિન્ન હોય છે. મૂર્તિઓનું વર્ણન પણ પગથી પ્રારંભ થઈને મસ્તક સુધી પૂર્ણ હોય છે. જીવાભિગમ સૂત્રમાં વિજયદેવની રાજધાનીના વર્ણનમાં જિનપડિમાનું વર્ણન છે. ત્યાં પગથી પ્રારંભ કરીને મસ્તક સુધી વર્ણન પૂર્ણ કર્યું છે. તેનાથી એ સ્પષ્ટ થાય છે કે જિનપડિમા તીર્થંકરની નહીં પરંતુ જિન શબ્દના અનેક અર્થ હોવાથી અન્ય કોઈની થઈ શકે





છે. કેમકે તીર્થંકરનું વર્ણન મસ્તકથી પ્રારંભ કરવાની પદ્ધતિ શાસ્ત્રમાં સ્વીકારવામાં આવી છે.

**વિવિધ પ્રકારના શરીર લક્ષણ :–** સામાન્ય રીતે મનુષ્ય ૩૨ લક્ષણવાળો યોગ્ય કહેવાય છે. પ્રસ્તુત શાસ્ત્ર માં યુગલિક સ્ત્રી, પુરુષ બન્નેને ૩૨–૩૨ લક્ષણયુક્ત શરીર કહ્યું છે. શ્રી ઔપપાતિક સૂત્રમાં તીર્થંકરોના શરીરને ૧૦૦૮ લક્ષણોથી યુક્ત કહ્યું છે. ચક્રવર્તી ને ૧૦૮ લક્ષણયુક્ત શરીર કહ્યું છે. પ્રસ્તુત શાસ્ત્રમાં ચક્રવર્તીના લક્ષણો ખુલાસાપૂર્વક કહ્યા છે પરંતુ ગણવાથી ૧૦૮ ન થતાં ૮૫ થાય છે. સંભવતઃ લિપિ દોષથી ઓછા થયા હોય તેવી સંભાવના કરી શકાય છે. યુગલિક સ્ત્રીના વર્ણનમાં ૩૨ લક્ષણોનાં નામ સ્પષ્ટ બતાવ્યા છે. તીર્થંકરના ૧૦૦૮ લક્ષણ મૂળપાઠમાં કહેવામા આવે છે. પરંતુ તેનો ખુલાસો ક્યાંય જોવામાં આવતો નથી. થોડાક લક્ષણો જ મૂળપાઠમાં હોય છે.

**શરીરના ૩૨ લક્ષણ :–** (૧)છત્ર(૨)ધ્વજા(૩)યજ્ઞસ્તંભ(૪)સ્તૂપ(૫) દામિની માલા(૬)કમંડલુ(૭)કલશ(૮)વાપી(૯)સ્વસ્તિક(૧૦)પતાકા(૧૧)યવ (૧૨)મત્સ્ય(૧૩)કચ્છપ(૧૪)પ્રધાનરથ(૧૫)મકરધ્વજ(કામદેવ)(૧૬)વજ્ર (૧૭)થાળ(૧૮)અંકુશ(૧૯)અષ્ટાપદ–જુગાર રમવાનો પટ્ટ અથવા વસ્ત્ર (૨૦)સ્થાપનિકા(૨૧)દેવ(૨૨)લક્ષ્મીનો અભિષેક(૨૩)તોરણ(૨૪)પૃથ્વી (૨૫)સમુદ્ર (૨૬)શ્રેષ્ઠ ભવન(૨૭)શ્રેષ્ઠ પર્વત(૨૮)ઉત્તમ દર્પણ(૨૯) ક્રીડાકરતો હાથી(૩૦)વૃષભ(૩૧)સિંહ(૩૨)ચામર. આ બધા લક્ષણ હાથમાં, પગમાં અથવા શરીરના અન્ય કોઈપણ અંગ પર રેખા વગેરે રૂપમાં હોય શકે છે.

### નિબંધ–૫૩

## નવ નિધિઓનો પરિચય

**નવ નિધિઓ–** આ નવ નિધિઓ શ્રીઘર–લક્ષ્મીભંડારમાં ઉત્પન્ન થાય છે. ચક્રવર્તીએ છ ખંડ સાધી લીધા બાદ આ નિધિઓના મુખ લક્ષ્મીભંડાર તરફ થઈ જાય છે. તેનું આ મુખ સુરંગ–ભોંયરાના આકારનું હોય છે. આ ભોંયરું નિધિ અને લક્ષ્મીભંડારને જોડે છે. આ નિધિઓ શાશ્વત છે. પેટીના આકારની હોય છે. તેની લંબાઈ ૧૨ યોજન, પહોળાઈ ૯ યોજન તેમજ ઉંચાઈ ૮ યોજન હોય છે. આ માપ દરેક નિધિનું છે. ચક્રવર્તી અઠ્ઠમ તપની આરાધના કરી આ નિધિઓ મેળવે છે. અઠ્ઠમતપના પ્રભાવથી દરેક નિધિ તેના અધિષ્ઠાયક દેવ સાથે ચક્રવર્તીની

સેવામાં હાજર થઈ જાય છે. આ શાશ્વત નિધિઓના મૂળસ્થાન ગંગામુખ સમુદ્ર કિનારા ઉપર આવેલ છે. નિધિઓના નામ અનુસાર તેના અધિષ્ઠાયક દેવોના નામ હોય છે અને તેમની સ્થિતિ એક પલ્યોપમની હોય છે. આ નિધિઓની બહારની ભીંતો પણ વિવિધ રંગના રંગબેરંગી રત્નોથી જડિત હોય છે.

**(૧) નૈસર્પ નિધિ–** ગામ, નગર આદિ વસાવવા માટેની વિધિ–જાણકારી તેમજ તેને લગતી સાધન સામગ્રી આ નિધિમાં હોય છે.

**(૨) પાંડુક નિધિ–** નાળિયેર આદિ ધાન્ય, સાકર, ગોળ, ઉત્તમ શાલિ આદિના ઉત્પાદનની વિધિ, તેમજ તેને લગતી સામગ્રી, બીજ વગેરે સહિત હોય છે. આ પદાર્થોનો તેમાં સંગ્રહ અને સંરક્ષણ થઈ શકે છે.

**(૩) પિંગલક નિધિ–** પુરુષો, સ્ત્રીઓ, હાથી, ઘોડા આદિને શણગારવાના આભૂષણોનો ભંડાર તેમજ તે બધુ બનાવી ઉપયોગમાં લઈ શકાય તે માટેની વિધિથી યુક્ત હોય છે.

**(૪) સર્વરત્ન નિધિ–** દરેક પ્રકારના રત્નોનો ભંડાર આ નિધિ હોય છે.

**(૫) મહાપદ્મનિધિ–** આ નિધિમાં દરેક પ્રકારના વસ્ત્રોનો ભંડાર ભરેલો હોય છે. તેના ઉત્પાદનને લગતી, રંગવાની, ધોવાની, ઉપયોગમાં લેવાની વિધિ સાથે તેને લગતી સામગ્રીથી યુક્ત હોય છે.

**(૬) કાલનિધિ–** જ્યોતિષશાસ્ત્રને લગતું જ્ઞાન, બધા પ્રકારના શિલ્પનું જ્ઞાન તેમજ વિવિધ કર્મોનું જ્ઞાન દેનાર તેમજ તેને લગતી સામગ્રી, ચિત્રો આદિથી યુક્ત હોય છે.

**(૭) મહાકાલનિધિ–** લોખંડ, સોનું, ચાંદી, મણિ, મુક્તા વગેરેની ખાણોની જાણકારી તેમજ તે પદાર્થોના ભંડાર રૂપ આ નિધિ છે.

**(૮) માણવકનિધિ–** યુદ્ધની નીતિ તેમજ રાજનીતિને લગતું જ્ઞાન દેનાર તેમજ વિવિધ શસ્ત્રાશસ્ત્ર, કવચ આદિના ભંડાર રૂપ આ નિધિ છે.

**(૯) સંખનિધિ–** નાટક, નૃત્ય, અન્ય કલાઓનો ભંડાર તેમજ અનેક ઉપયોગી સામગ્રી આ નિધિમાં હોય છે.ધર્મ,અર્થ,કામ,મોક્ષ પ્રતિપાદક કાવ્યો, સંગીત તેના વાદ્યો દેનાર હોય છે. વિવિધ ભાષાઓ,શ્રૃંગારોનું જ્ઞાન કરાવનાર આ નિધિ છે.

આ બધી નિધિઓ રત્નજડિત ભીંતોવાળી હોય છે તેમજ અનેક ચિત્રો, આકારોથી આલેખાયેલી તેની ભીંતો હોય છે. આ નિધિઓ આઠ પૈડા ઉપર સ્થિત રહેલી હોય છે. બધા ચક્રવર્તીઓના ઉપયોગમાં આવવાવાળી હોવાથી





શાશ્વત હોવા છતાં પણ આ નિધિઓ દેવ યાન વિમાનોના સંકોચ, વિસ્તૃતની સમાન સ્વભાવવાળી હોય છે. જેમ દેવ વિમાન દેવલોક થી ચાલે ત્યારે લાખ યોજન હોય છે. અને તેના ઉત્પાત પર્વત પર તેનો સંકોચ કરી દે છે. તેવી જ રીતે નગરીમાં અને લક્ષ્મીગૃહમાં અંદર મુખ જોડવાના સમયે સંકોચ કરીને નાનું બનાવી દે છે. નિધિઓ દેવાધિષ્ઠિત હોય છે. અતઃ આવું થવાનું દેવકૃત સમજવું.

## નિબંધ–૫૪

# ચક્રવર્તીના ૧૪ રત્નોની વિશેષ જાણકારી

**(૧) ચક્રરત્ન–** ચક્રવર્તીનું આ મુખ્ય રત્ન છે. તેનું નામ સુદર્શનચક્ર રત્ન છે. તે ૧૨ પ્રકારના વાજીંત્રોના અવાજથી યુક્ત હોય છે. મણિ તેમજ નાની ઘંટડીઓના સમૂહથી ઘેરાયેલ હોય છે. તેના આરા લાલરત્નોથી યુક્ત હોય છે. આરાના સાંધા વજ્રમય હોય છે. તેની ધરી પીળી સ્વર્ણમય હોય છે. મધ્યાન્હ કાળના સૂર્ય સમાન તેજસ્વી હોય છે. એકહજાર યક્ષો(વ્યંતર દેવો)થી પરિવૃત હોય છે. આ ચક્ર આકાશમાં ચાલે છે અને રોકાઈ જાય છે. ચક્રવર્તીના શસ્ત્રાગારમાં ઉત્પન્ન થાય છે અને તેમાં જ રહે છે. જ્યારે ખંડ સાધવા જવાનું હોય ત્યાં અને ત્યારે ખાસ ઉભી કરેલી શિબિર–છાવણી(તંબુ)માં રહે છે. આ ચક્રની પ્રમુખતાએ રાજા ચક્રવર્તી કહેવાય છે. આ ચક્ર વિજય યાત્રામાં મહાન ઘોષ–નાદની સાથે આકાશમાં ચાલીને છ ખંડ સાધવાનો માર્ગ પ્રદર્શિત કરે છે. દરેક ઋતુના ફૂલોની માળાઓથી આ ચક્રરત્ન પરિવેષ્ટિત રહે છે.

**(૨) દંડરત્ન–** ગુફાનો દરવાજો ખોલવા માટે આ દંડરત્નનો ઉપયોગ થાય છે. તેનું માપ એક ધનુષ પ્રમાણ હોય છે. વિષમ પથરાળ જમીનને સમથળ કરવાના કામમાં પણ આવે છે. આ દંડરત્ન વજ્રસારનું બનેલું હોય છે. શત્રુની સેનાનો વિનાશ કરનાર, મનોરથપૂરક, શાંતિદાયક અને શુભંકર હોય છે.

**(૩) અસિરત્ન–** ૫૦ આંગળ લાંબી, ૧૬ આંગળ પહોળી, અર્ધા આંગળની જાડી તેમજ ચમકતી તીક્ષ્ણ ધારવાળી તલવાર હોય છે. આ તલવાર સુવર્ણમય મૂઠવાળી, રત્નોથી જડેલ હોય. વિવિધ પ્રકારના ચિત્રિત કરેલા લતાઓ આદિથી યુક્ત હોય છે. શત્રુઓનો વિનાશ કરનાર, દુર્ભેદ્ય વસ્તુઓને પણ ભેદી નાખનાર હોય છે. તેને અસિરત્ન કહે છે.

**(૪) છત્રરત્ન–** આ છત્રરત્ન ચક્રવર્તીના ધનુષ પ્રમાણ જેટલું સ્વભાવિક લાંબુ

અને પહોળું હોય છે. ૯૯ હજાર સોનાની તાડીઓથી યુક્ત હોય છે. આ શલાકાઓ દંડ સાથે જોડાયેલ હોય છે. જેને કારણે ફેલાયેલા છત્ર પીંજરા જેવું દેખાય છે. છિદ્ર વિનાનું હોય છે. સુવર્ણનો મજબૂત દંડ મધ્યમાં હોય છે. તે વિવિધ ચિત્રોથી મણિરત્નોથી અંકિત હોય છે. ચક્રવર્તીની સંપૂર્ણ સેનાનું આંધી–તોફાન, તડકો, વર્ષા આદિથી રક્ષા કરી શકે છે. તેનો પીઠભાગ અર્જુન નામના સફેદ સોનાથી આચ્છાદિત હોય છે. દરેક ઋતુઓમાં સુખદાયક હોય છે.

**(૫) ચર્મરત્ન–** ચામડાની બનેલી વસ્તુઓમાં આ સર્વોત્કૃષ્ટ હોય છે. ચક્રવર્તીના એક ધનુષ પ્રમાણ સ્વભાવિક હોય છે. તેને ફેલાવવાથી આ ચર્મરત્ન અને છત્રરત્ન ૧૨ યોજન લાંબા, ૯ યોજન પહોળા વિસ્તારમાં ફેલાઈ જાય છે. આ પાણી ઉપર પણ તરે છે. ચક્રવર્તીની સંપૂર્ણ સેના આ ચર્મરત્ન ઉપર બેસી શકે છે અને નદી આદિ પાર કરી શકે છે. આ બંને ચર્મરત્ન અને છત્રરત્ન, ચક્રવર્તીના હાથનો સ્પર્શ થતા જ ફેલાઈ જાય છે. કવચની જેમ અભેદ હોય છે. ૧૭ પ્રકારના ધાન્યની ખેતી તેમાં તાત્કાલીક થઈ શકે છે. હિલસ્ટેશનો(આબુ પર્વત)આદિ ઉપર આજે પણ સાધારણ વરસાદથી ચુનાની ભીંતો ઉપર તેમજ કવેલુ(નળીયા)ની ત્રાંસી છતો ઉપર કેટલાયે પ્રકારની લાંબી વનસ્પતિઓ આપોઆપ ઉગી નીકળે છે. આ રીતે આ ચર્મરત્ન ઉપર કુશળ ગાથાપતિરત્ન એક દિવસમાં ધાન્ય ઉગાવી શકે છે. અચલ-અકંપ હોય છે. સાથિયા જેવો તેનો સ્વાભાવિક આકાર હોય છે. કેટલાય પ્રકારના મનોહર ચિત્રોથી અંકિત થયેલ હોય છે. છત્રરત્ન સાથે જોડીને ડબ્બી રૂપ બનાવી શકાય તેવા તેના કિનારા ઉપર જોડવાના સાંધા હોય છે.

**(૬) મણિરત્ન–** આ મણિરત્ન અમૂલ્ય(જેનું મૂલ્ય ન થઈ શકે એવું) હોય છે. ચાર આંગળ પ્રમાણ ત્રિકોણ, ષટ્કોણ(૬ કિનારવાળા)તેમજ પાંચ તલ હોય છે. મણિરત્નોમાં શ્રેષ્ઠતમ તેમજ વૈડૂર્યમણિની જાતિનું મણિ હોય છે. સર્વ કષ્ટ નિવારક, આરોગ્યપ્રદ, ઉપસર્ગ તેમજ વિઘ્નોને હરનાર હોય છે. આ મણિરત્નને ધારણ કરનારને શસ્ત્રથી મારી શકાતો નથી અને તેનું યૌવન સદા સ્થિર રહે છે. તેના નખ, વાળ વધતા નથી. તે રત્ન ચમકદાર તેમજ પ્રકાશ કરનાર, મનને લોભાવનાર, અનુપમ અને મનોહર હોય છે. આ મણિરત્નને હસ્તીરત્નના મસ્તકની જમણી બાજુ બાંધીને ચક્રવર્તી ગુફામાં પ્રવેશ કરે છે. તેથી આગળનો રસ્તો અને આસપાસનો માર્ગ પ્રકાશિત થાય છે.

**(૭) કાંકણીરત્ન–** આ રત્નનું સંઠાણ, અધિકરણી અને સમચતુરસ્ર એમ બંને





વિશેષણવાળું હોય છે અર્થાત્ એ એક તરફ ઓછું પહોળું અને બીજી બાજુ વધારે પહોળું હોય છે. ૬ તલ, ૮ ખુણા અને ૧૨ કિનારાવાળું હોય છે. ચાર આંગળ પ્રમાણ આઠ તોલાના વજનવાળું વિષનાશક હોય છે. માનોન્માનની પ્રમાણિકતાનું જ્ઞાન કરાવનાર, ગુફાના અંધકારને સૂર્યથી પણ અધકિ તેજથી નાશ કરનાર હોય છે. આ કાંકણીરત્ન દ્વારા જ ગુફાની અંદર તેની ભીંતો ઉપર ૫૦૦ ધનુષના ૪૯ મંડલો(વર્તુળો) દોરવામાં આવે છે અને તે વર્તુળોથી જ સંપૂર્ણ ગુફા સૂર્યના પ્રકાશ સમાન દિવસની જેમ પ્રકાશમય બની જાય છે. ચક્રવર્તીની છાવણીમાં રાખેલ આ રત્ન રાત્રિમાં દિવસ જેવો પ્રકાશ આપે છે. આ સાતે ય રત્નો એકેન્દ્રિય રત્નો છે, જે ચક્રવર્તીને આધીન રહે છે.

**(૮) સેનાપતિ રત્ન–** ચક્રવર્તી જેવું જ શરીર હોય છે. અત્યંત બલવીર, પરાક્રમી, ગંભીર, ઓજસ્વી, તેજસ્વી, યશસ્વી, મ્લેચ્છ ભાષાનો નિષ્ણાત, મધુરભાષી, જ્યાં પ્રવેશ કરવો મુશ્કેલ હોય, દુર્ગમ હોય એવા સ્થાનોનો જાણકાર, ચક્રવર્તીની વિશાળ સેનાનો એ અધિપતિ હોય છે. સદા અજેય હોય છે. અર્થશાસ્ત્ર, નીતિ-શાસ્ત્ર આદિમાં કુશળ હોય છે. ચક્રવર્તીની આજ્ઞાનું યથેષ્ટ પાલન કરનાર હોય છે. ભરતક્ષેત્રના છ ખંડમાંથી ચાર ખંડનો સાધનાર–જીતનાર હોય છે. ચક્રવર્તીના અનેક રત્નો(અશ્વ, અસિ, ચર્મ, છત્ર, દંડ આદિ)નો ઉપયોગ કરનાર હોય છે.

**(૯) ગાથાપતિ રત્ન–** આ પણ ચક્રવર્તી જેટલી જ અવગાહનાવાળો હોય છે. તે ચક્રવર્તીનો શેઠ, ભંડારી, કોઠારી વગેરેના કાર્યો કરનાર હોય છે. ગ્રંથોમાં તેને ખેતી કરવામાં કુશળ દર્શાવવામાં આવેલ છે. જો કે એક દિવસમાં ચર્મરત્ન ઉપર ખેતી કરી ધાન્ય ઉપજાવી શકે છે. મૂળપાઠમાં ગાથાપતિ રત્નનો પરિચય ઉપલબ્ધ થતો નથી.

**(૧૦) બઢઈ રત્ન–** દ્રોણમુખ, સૈન્યશિબિર(છાવણી), ગૃહ આદિનું નિર્માણ કરનાર એક કુશળ સ્થપતિ છે. ૮૧ પ્રકારની વાસ્તુકળાનો સારી રીતે જાણકાર હોય છે. કાષ્ટ કારીગરી કાર્યમાં કુશળ હોય છે. ભવન નિર્માણના બધા કાર્યોમાં પૂર્ણ અનુભવી હોય છે. શિલ્પશાસ્ત્ર નિરૂપિત ૪૫ દેવતાઓના સ્થાન આદિનો વિશેષ જાણકાર હોય છે. જળમાં, સ્થળમાં, સુરંગો, ખાઈઓ, ઘટિકાયંત્ર, હજારો થાંભલાઓ વાળા પુલો વગેરેના નિર્માણ કળાનો જાણકાર અને કુશળ હોય છે. વ્યાકરણ જ્ઞાનમાં, શુદ્ધ નામાદિ ચયન, લેખન, અંકનમાં, દેવ પૂજાગૃહ, ભોજન ગૃહ, વિશ્રામગૃહ આદિના સંયોજન-આયોજનમાં કુશળ હોય છે. યાન, વાહન

આદિના નિર્માણમાં સમર્થ હોય છે. ચક્રવર્તીના છ ખંડ સાધવાની વિજય યાત્રામાં પ્રત્યેક યોજન ઉપર આ બઢઈરત્ન સૈન્ય માટે તંબુ, શિબિર તેમજ પૌષધશાળા આદિનું નિર્માણ કરે છે. તેનું શરીરમાન ચક્રવર્તી સમાન હોય છે.

**(૧૧) પુરોહિત રત્ન–** જ્યોતિષ વિષયનો જાણકાર, તિથિ, મુહૂર્ત, હવનવિધિ, શાંતિકર્મ આદિનો જાણકાર હોય છે. અનેક ધર્મશાસ્ત્રોનો જ્ઞાતા હોય છે. સંસ્કૃત આદિ ભાષાઓનો જાણકાર હોય છે. શરીરમાન ચક્રવર્તીની સમાન હોય છે.

**(૧૨) ગજરત્ન–** આ ચક્રવર્તીનો મુખ્ય હાથી હોય છે. ચક્રવર્તી, વધારે તો આ હાથી ઉપર બેસીને જ વિજય યાત્રા–વિહાર યાત્રા તેમજ ભ્રમણ આદિ કરે છે.

**(૧૩) અશ્વરત્ન–** ૮૦ આંગળ ઊંચો, ૯૯ આંગળ મધ્ય પરિધિવાળો, ૧૦૮ આંગળ લાંબો, ૩૨ આંગળના મસ્તકવાળો, ચાર આંગળના કાનવાળો આ અશ્વરત્ન હોય છે. દેવેન્દ્રના વાહન યોગ્ય, વિશુદ્ધ જાતિ, કુળવાળા અનેક ઉચ્ચ લક્ષણોથી યુક્ત, મેધાવી, ભદ્ર, વિનીત હોય છે. અગ્નિ, પાષાણ, ખાઈ, વિષમ સ્થાન, નદી, ગુફાઓ વગેરેને સ્વાભાવિક રીતે ઓળંગનાર તેમજ ઈશારામાત્રથી ચાલનારો હોય છે. કોઈ મુશ્કેલ પરિસ્થિતિમાં ગભરાતો નથી. યોગ્ય સ્થાને જ મળ-મૂત્રનો ત્યાગ કરનારો અને સહનશીલ હોય છે. પોપટની પાંખ સમાન રંગવાળો હોય છે. યુદ્ધભૂમિમાં નિડરતાથી અને કુશળતાપૂર્વક ચાલનારો હોય છે.

**(૧૪) સ્ત્રી રત્ન–** આ ચક્રવર્તીની મુખ્ય પટ્ટરાણી છે. વૈતાઢ્ય પર્વતના ઉત્તરી વિદ્યાધર શ્રેણીના મુખ્ય રાજા વિનમિને ત્યાં ઉત્પન્ન થયેલ હોય છે. સ્ત્રી ગુણોથી અને સુલક્ષણોથી યુક્ત હોય છે. ચક્રવર્તી જેવા જ રૂપ, લાવણ્યવાળી, ઉંચાઈમાં થોડીક ઓછી હંમેશા સુખકારી સ્પર્શવાળી, સર્વ રોગોનો નાશ કરનારી હોય છે. તેને શ્રી દેવી પણ કહેવામાં આવે છે. ભરત ચક્રવર્તીની આ સ્ત્રીરત્નનું નામ સુભદ્રા હતુ. આ સાતેય(૮ થી ૧૪) પંચેન્દ્રિય રત્નો છે. આ ૧૪ રત્નોના એક એક હજાર દેવ સેવા કરતા હોય છે. અર્થાત્ આ ૧૪ રત્ન દેવ અધિષ્ઠિત હોય છે.

## નિબંધ–૫૫

# ચક્રવર્તીના ખંડ સાધવાના કેન્દ્ર [ ૧૩ અઠ્ઠમ ]

સેનાપતિ બે અટ્ઠમતપ બે ગુફાઓના દરવાજા ખોલવાના સમયે કરે છે. ચક્રવર્તીના તેર અટ્ઠમતપ આ રીતે થાય છે– (૧) માગધ તીર્થ (૨) વરદામ તીર્થ (૩) પ્રભાસ તીર્થ (૪) સિન્ધુદેવી (૫) વૈતાઢ્ય ગિરિકુમાર દેવ (૬) ગુફાના





દેવ (૭) ચુલ્લહિમવંત કુમાર દેવ (૮) વિદ્યાધરો (૯) ગંગાદેવી (૧૦) બીજી ગુફાના દેવ (૧૧) નવ નિધિ (૧૨) વિનિતા નગરીમાં પ્રવેશ (૧૩) રાજ્યાભિષેક. ઉપરોક્ત ૧૩ પ્રસંગોએ ચક્રવર્તી ૧૩ અટ્ઠમ તપની આરાધના કરે છે. ઋષભકૂટ પર્વત ઉપર નામ લખતી વેળાએ અટ્ઠમતપ કરતા નથી. ચુલ્લહિમવંત પર્વતના અટ્ઠમ તપનું પારણું કર્યા વિના જ અહીં નામ લખવામાં આવે છે.

અટ્ઠમ તપ કરવાથી દેવ દેવીઓના આસન કંપાયમાન થાય છે એટલે (અંગસ્ફૂરણા) થાય છે. જેનાથી તેઓ અવધિજ્ઞાનનો ઉપયોગ લગાડીને જાણી જાય છે કે ચક્રવર્તી રાજા ભરત ક્ષેત્રમાં ઉત્પન્ન થયા છે અને આપણો જીતાચાર છે કે તેમની આજ્ઞા સ્વીકારવી અને તેમનો સત્કાર-સન્માન કરવું તેમજ ઉત્તમ વસ્તુ અર્પણ કરવી. ચાર જગ્યાએ અટ્ઠમતપથી તેઓ સમજતા નથી પરંતુ તીર ફેંકી, તીર ઉપરનું લખાણ વાંચીને વિનમ્ર બની જાય છે. આ તેમનો જીતાચાર છે. બાણ ઉપર શું લખ્યું હોય છે તેનું કોઈ સ્પષ્ટીકરણ નથી મળતુ પરંતુ એવા ભાવ હોય છે કે તેમાં ચક્રવર્તીનો સંક્ષિપ્ત પરિચય તેમજ નામ લખેલ હોય છે. જેને વાંચવાથી દેવને તેનો જીતાચાર ધ્યાનમાં આવી જાય છે.

ત્રણે ય તીર્થોમાં તીર ૧૨ યોજન(શાશ્વતા) સુધી જાય છે અને દેવના ભવનમાં જઈને પડે છે. ૧૨ યોજન = ૧,૪૪,૦૦૦ કિ.મી. લગભગ સમજવું. ચક્રવર્તીના પુણ્ય પ્રભાવથી જે શસ્ત્રો દેવનામી હોય છે તે ચક્રવર્તીની ઈચ્છાનુસાર સ્થાને જઈને પડે છે. ચુલ્લહિમવંત પર્વત ઉપર ૭૨ યોજન(૮,૬૪,૦૦૦ કિ.મી. લગભગ)બાણ જઈને દેવના ભવનમાં પડે છે. (એક શાશ્વત યોજન = ૧૨,૦૦૦ કિ.મી. માનવામાં આવે છે. અપેક્ષાથી આની ગણિત પણ ૨–૩ રીતે માનવામાં આવે છે. જેમાં લગભગ ૮૦૦૦ થી ૧૨,૦૦૦ સુધીની સંખ્યા હોય છે.)

તાત્પર્ય એ છે કે વર્તમાનમાં સમુદ્રમાં શોધવા છતાં પણ આ તીર્થો મળતા નથી. કેમ કે આટલા કિ.મી.ની ગણત્રી અત્યારના વૈજ્ઞાનિકોની કલ્પના બહારની વાત થઈ જાય છે.

## નિબંધ–૫૬

# ભરત ચક્રવર્તીને કેવળજ્ઞાન

આ સંબંધી આગમમાં વર્ણન આ પ્રમાણે છે– એક સમયે ભરતચક્રવર્તી સ્નાનવિધિ પતાવી, વિવિધ શ્રૃંગાર, આકર્ષક આભૂષણોથી વિભૂષિત થઈ પોતાના

અરીસા ભવનમાં પહોંચે છે અને ત્યાં આસન ઉપર બેસી અરીસામાં પોતાના શરીરને જુએ છે. જોતા જોતા વિચારોમાં લીન બની જાય છે. અરીસા ભવન હોય કે કળામંદિર હોય વ્યક્તિના વિચારોનો પ્રવાહ સ્વતંત્ર હોય છે. આ વિચારો કોઈપણ જગ્યાએ વળાંક લઈ લે છે. ભરત ચક્રવર્તી પોતાના સુંદર શણગારેલ શરીરને જોઈ ચિંતન કરતાં કરતાં વૈરાગ્યભાવોમાં પહોંચી ગયા. શુભ અને પ્રશસ્ત અધ્યાવસાયોની વૃદ્ધિ થતાં તેમણે મોહનીય કર્મ તેમજ ઘાતીકર્મોનો ક્ષય કરી નાખ્યો અને ત્યાં જ તેમને કેવળજ્ઞાન, કેવળદર્શન ઉત્પન્ન થયું.

ભરત ચક્રવર્તી અરીસા ભવનમાં જ ભરત કેવળી બની ગયા. જુઓ, એક તરફ વિચારોનો વેગ ધ્યાનમાં ઊભેલા મુનિને સાતમી નરકે લઈ જાય તેવો બનાવી દે છે તો બીજી તરફ આ જ વિચાર પ્રવાહ વ્યક્તિને રાજભવન કે અરીસા ભવનમાં પણ ભાવોની વિશુદ્ધિ કરાવી સર્વજ્ઞ બનાવી શકે છે. ભરત ચક્રવર્તીના દાદી મરુદેવી માતાને તો હાથીની અંબાડી ઉપર બેઠાં-બેઠાં કેવળજ્ઞાન કેવળદર્શન પ્રાપ્ત થયું હતું એવું વર્ણન પણ મળે છે.

ભરત કેવળીએ પોતાના આભૂષણો ઉતારી પંચમુષ્ટિ લોચ કર્યો અને અરીસા મહેલમાંથી બહાર નીકળ્યા. અંતઃપુરમાં થઈ વિનીતા નગરીની બહાર નીકળ્યા અને ૧૦ હજાર રાજાઓને પોતાની સાથે દીક્ષિત કરી મધ્યખંડમાં વિચરણ કરવા લાગ્યા. અંતમાં અષ્ટપદ પર્વત ઉપર સંલેખના સાથે પાદપોપ–ગમન સંથારો કરી પંડિત મરણનો સ્વીકાર કર્યો.

આ પ્રકારે ભરત ચક્રવર્તી ૭૭ લાખ પૂર્વ કુમારાવસ્થામાં રહ્યા, એક હજાર વર્ષ માંડલિક રાજાના રૂપમાં, ૬ લાખ પૂર્વમાં એકહજાર વર્ષ ઓછા ચક્રવર્તી-પણામાં રહ્યા. કુલ ૮૩ લાખ પૂર્વ ગૃહસ્થ જીવનમાં રહ્યા. એક લાખ પૂર્વ દેશોન કેવળીપર્યાયમાં રહ્યા. એક મહિનાના સંથારા સાથે કુલ ૮૪ લાખ પૂર્વનું આયુષ્ય પૂર્ણ કરી, સંપૂર્ણ કર્મોનો ક્ષય કરી સિદ્ધ, બુદ્ધ, મુક્ત થયા.

### નિબંધ–૫૭

## ઉત્સર્પિણી-અવસર્પિણી કાળના ૬-૬ આરા

દશ ક્રોડાક્રોડી સાગરોપમ જેટલા કાળને ઉત્સર્પિણી અને તેટલા જ કાળ ને અવસર્પિણી કહે છે. બંને મળીને એક કાળચક્ર કહેવાય છે. આ કાળચક્ર ભરત-ઐરવત ક્ષેત્રમાં જ હોય છે, મહાવિદેહ ક્ષેત્રમાં હોતું નથી. ઉત્સર્પિણી અને





અવસર્પિણી બંને કાળના ૬–૬ વિભાગ હોય છે. તેને ૬ આરા કહેવામાં આવે છે. ઉત્સર્પિણીના પહેલાથી છઠ્ઠા આરા સુધી ક્રમશઃ મનુષ્યની અવગાહના, આયુષ્ય આદિ વધતા હોય છે. પુદ્ગલોના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ શુભ રૂપમાં વધતા હોય છે. અવસર્પિણી કાળમાં આ બધા ક્રમશઃ ઘટતા રહે છે. મહાવિદેહ ક્ષેત્રમાં આવો ઉતાર-ચઢાવ હોતો નથી, થતો નથી. હંમેશાં એક સરખો જ સમય રહે છે. આથી ત્યાં ૬ આરા હોવાને બદલે સદા એક સરખો સમય વર્તતો હોય છે અને તે અવ–સર્પિણીકાળના ચોથા આરા જેવો કાળ હંમેશાં વર્તે છે. અત્યારે વર્તમાનના આપણા ભરત– ક્ષેત્રમાં અવસર્પિણી કાળનો પાંચમો આરો ચાલી રહ્યો છે. અવસર્પિણી કાળના ૬ આરાના નામ આ પ્રમાણે છે– (૧) સુખમસુખમ(૨) સુખમ(૩) સુખમ દુઃખમ (૪) દુઃખમસુખમ (૫) દુઃખમ (૬) દુઃખમદુઃખમ. ઉત્સર્પિણી કાળમાં આરાના નામ ઉલટા ક્રમમાં કહેવા દા.ત. ઉત્સર્પિણી કાળનો પહેલો આરો દુઃખમદુઃખમ, બીજો દુઃખમ અને છઠ્ઠો સુખમસુખમ.

**અવસર્પિણી કાળના ૬ આરા :– (૧) સુષમ–સુષમા આરો–** આ આરામાં મનુષ્ય અત્યંત સુખી હોય છે. એટલે આ આરાનું નામ સુખમસુખમ છે. આ પહેલો આરો ચાર ક્રોડાક્રોડી સાગરોપમનો હોય છે. આ કાળમાં ભરતક્ષેત્રના પૃથ્વી, પાણી, વાયુમંડળ તથા પ્રત્યેક કુદરતી પદાર્થોનો સ્વભાવ (ગુણ)સુખકારી તેમજ સ્વાસ્થ્યપ્રદ હોય છે. મનુષ્ય તથા પશુ પક્ષીની સંખ્યા અલ્પ હોય છે. જળ સ્થાનો તેમજ દશ પ્રકારના વિશિષ્ટ વૃક્ષો(કલ્પવૃક્ષો) વધારે હોય છે. આ કલ્પવૃક્ષ દશ પ્રકારના હોય છે. તેનાથી મનુષ્ય આદિના જીવનની આવશ્યકતાઓ પૂરી થાય છે. આ કાળમાં ખેતી, વ્યાપાર આદિ કર્મો હોતા નથી. નગર, મકાન, વાસણો વગેરે હોતા નથી. રસોઈ બનાવવી કે સંગ્રહ કરવો એવું કંઈ હોતું નથી. આ કાળમાં અગ્નિ પણ ઉત્પન્ન થતી નથી. ઈચ્છિત ખાદ્યપદાર્થો આ કલ્પવૃક્ષોમાંથી મળી રહે છે. રહેવા તથા વસ્ત્ર વગેરેની જરૂરિયાત પણ વૃક્ષની છાલ આદિથી થઈ જાય છે. પાણી માટે અનેક સુંદર સ્થાનો, સરોવર આદિ હોય છે. દશ કલ્પવૃક્ષોનું વર્ણન યથાસ્થાને જુઓ.

**યુગલ મનુષ્ય–** આ સમયમાં સ્ત્રી-પુરુષ સુંદર અને સ્વસ્થ હોય છે. તેમને જીવનભર દવા–ઔષધ કે સારવાર, વૈદ્ય વગેરેની જરૂર પડતી નથી. માનવીય સુખ ભોગવતા થકા પણ જીવનમાં એક જ યુગલને જન્મ આપે છે અર્થાત્ જીવનમાં તેમને એક પુત્ર અને એક પુત્રી અવતરે છે. અત્યારનો **અમે બે આમારા બે** નો

સરકારી સિદ્ધાંત આ સમયમાં આપોઆપ ચાલતો હોય છે. જન્મેલા યુગલ દિકરા-દિકરીનું પાલનપોષણ ૪૯ દિવસ સુધી માતા પિતા કરે છે અને ત્યાર બાદ તે સ્વનિર્ભર અને સ્વાવલંબી થઈ જાય છે. છ મહિનાના થાય ત્યારે તેના માતા-પિતાને એક છીંક કે એક બગાસું આવે એટલે લગભગ બંને એક સાથે જ મૃત્યુ પામે છે. ત્યાર પછી તે યુગલ ભાઈ-બહેનના રૂપમાં સાથે સાથે વિચરણ કરે છે અને યૌવનવય પ્રાપ્ત થતા સ્વતઃ પતિ-પત્નિના રૂપમાં રહેવા લાગે છે.

**યુગલ શરીર–** એ કાળના મનુષ્યનું આયુષ્ય ૩ પલ્યોપમનું હોય છે અને કાળ ક્રમે ઘટતા ઘટતા પહેલા આરાની સમાપ્તિ સુધીમાં બે પલ્યોપમનું થઈ જાય છે. તે મનુષ્યના શરીરની અવગાહના ત્રણ કોસની હોય છે. સ્ત્રીઓ પુરુષ કરતા ૨–૪ આંગળ નાની હોય છે. આ અવગાહના પણ ઘટતા ઘટતા પહેલા આરાના અંત સુધીમાં બે કોસની થઈ જાય છે. આ યુગલિયા મનુષ્યના શરીરનું વજ્રઋષભ–નારાચ સંઘયણ હોય છે, સુંદર, સુડોલ, સમચોરસ સંસ્થાન હોય છે. તેના શરીરમાં ૨૫૬ પાંસળીઓ હોય છે. આ યુગલિક મનુષ્યને ત્રણ દિવસે આહારની ઈચ્છા થાય છે. તેનો આહાર પૃથ્વી, પુષ્પ અને ફળ સ્વરૂપનો હોય છે. આ પદાર્થોનો સ્વાદ તો ચક્રવર્તીના ભોજન કરતા પણ સ્વાદિષ્ટ હોય છે. આ મનુષ્યો જીવનમાં ક્યારે ય પણ કષ્ટ કે દુઃખ જોતા નથી. સ્વાભાવિક શુભ પરિણામોમાં મરીને દેવગતિમાં જ જાય છે. દેવગતિમાં પણ ભવનપતિથી લઈને પહેલા, બીજા દેવલોક સુધીમાં જ જન્મે છે. તેનાથી આગળ જતા નથી. પોતાની સ્થિતિ(આયુષ્ય)થી ઓછા આયુષ્યવાળા દેવ બની શકે છે. વધારે સ્થિતિવાળા બની શકતા નથી. ૧૦,૦૦૦ વર્ષથી લઈને ૩ પલ્યોપમ સુધીમાં કોઈપણ સ્થિતિનું આયુષ્ય પ્રાપ્ત કરી શકે છે. અન્ય બીજી કોઈ ગતિમાં તેઓ જન્મતા નથી. તિર્યંચ યુગલ પણ આવી જ રીતે જીવન જીવે છે અને દેવલોકમાં જાય છે. તેમની ઉત્કૃષ્ટ અવગાહના મનુષ્યની અવગાહના કરતાં બમણી હોય છે અને જઘન્ય અનેક ધનુષની હોય છે. સામાન્ય તિર્યંચ પણ અનેક જાતિના હોય છે. અહીં પહેલા આરાનું વર્ણન પૂરું થાય છે. આ પહેલા આરાનો કાળ ચાર ક્રોડાક્રોડ સાગરોપમ સુધી ચાલે છે.

**બીજો આરો–** પહેલો આરો પૂર્ણ થવા પર બીજો સુખમ આરો શરૂ થાય છે. બધા રૂપી પદાર્થોના ગુણોમાં અનંતગણી હાનિ થાય છે. આ આરાની શરૂઆતમાં મનુષ્યનું આયુષ્ય બે પલ્યોપમ અને આરાના છેડે એક પલ્યોપમનું હોય છે. અવગાહના શરૂમાં બે કોસ અને અંતમાં એક કોસની હોય છે. તેમના શરીરમાં





૧૨૮ પાંસળીઓ હોય છે. બે દિવસે આહારની ઈચ્છા થાય છે. માતાપિતા તેમના પુત્રપુત્રીની પાલના ૬૪ દિવસ સુધી કરે છે. આ બધું પરિવર્તન ક્રમિક હોય છે એમ સમજવું જોઈએ. બાકીનું વર્ણન પહેલા આરાની સમાન ગણવું. તિર્યંચનું વર્ણન પણ પ્રથમ આરાની સમાન સમજવું. આ બીજો આરો ત્રણ ક્રોડાક્રોડ સાગરોપમ સુધી ચાલે છે.

**ત્રીજો આરો–** આ આરાના ૨/૩ ભાગ સુધી મનુષ્ય પૂર્ણ સુખી હોય છે. પાછલા ૧/૩ ભાગમાં કલ્પવૃક્ષ ઓછા થવા લાગે છે અને માનવના સ્વભાવમાં ફેર પડતો જાય છે. ત્યારે કંઈક દુઃખ હોવાથી, આ આરાને સુખમદુખમ કહેલ છે. બીજો આરો પૂર્ણ થવા પર ત્રીજો આરો શરૂ થાય છે. દરેક પદાર્થોના ગુણોમાં અનંતગણી હાનિ થતી જાય છે. શરૂઆતના મનુષ્યોનું આયુષ્ય એક પલ્યોપમનું હોય છે અંતમાં એક કરોડ પૂર્વનું હોય છે. શરૂમાં અવગાહના એક કોસની હોય છે અંતમાં ૫૦૦ ધનુષની હોય છે. શરીરમાં ૬૪ પાંસળીઓ હોય છે. એક દિવસે આહારની ઈચ્છા થાય છે અને પુત્ર પુત્રીનું પાલન ૭૯ દિવસ સુધી કરે છે. બાકીનું વર્ણન પ્રથમ આરાની સમાન ગણવું.

આ આરાના ૨/૩ ભાગ સુધી ઉપર મુજબની વ્યવસ્થામાં ક્રમિક હાનિ થાય છે તેમ વર્ણન સમજવું. પરંતુ પાછળના ૧/૩ ભાગમાં પલ્યોપમનો આઠમો ભાગ બાકી રહે ત્યારે અક્રમિક હાનિ-વૃદ્ધિનો મિશ્રણકાળ ચાલ્યા કરે છે. દશ કલ્પવૃક્ષોની સંખ્યા ઓછી થવા લાગે છે. યુગલ અવસ્થામાં પણ ફેર પડવા લાગે છે. આ રીતે મિશ્રણકાળ ચાલતાં ચાલતાં ૮૪ લાખ પૂર્વ જેટલો સમય બાકી રહે ત્યારે લગભગ પૂર્ણ પરિવર્તન થઈ જાય છે અર્થાત્ યુગલિક કાળમાંથી કર્મભૂમિનો કાળ આવી જાય છે. ત્યારે ખાન-પાન, રહેણી-કરણી, કામ-કાજ, સંતાનોત્પત્તિ, શાંતિ, સ્વભાવ, પરલોકની ગતિ આદિમાં ફેર પડવા લાગે છે. ચારે ગતિ અને મોક્ષગતિમાં જવાનું ચાલુ થઈ જાય છે. શરીરની અવગાહના અને આયુષ્યનો કોઈ નિશ્ચિત કાયદો રહેતો નથી. સંઘયણ, સંસ્થાન બધા ૬ એ પ્રકારના હોય છે.

પાછળના ૧/૩ ભાગના અંતમાં અને પૂર્ણ કર્મભૂમિ કાળના થોડાક સમય પૂર્વે, વૃક્ષોના ઘટવાને લીધે તેમજ કાળપ્રભાવના કારણે ક્યારેક ક્યાંક પરસ્પર વિવાદ, ક્લેશ થવા લાગે છે ત્યારે આ યુગલ પુરુષોમાંથી જ કોઈ ન્યાય કરનાર પંચની સ્થાપના કરવામાં આવે છે. તેને કુલકર કહેલ છે. આ કુલકરો ૫–૭–૧૦–૧૫ પેઢી સુધી લગભગ ચાલે છે. ત્યાં સુધીમાં તો પ્રથમ તીર્થંકરનો જન્મ

થઈ જાય છે. કુલકરોને કઠોર દંડનીતિ ચલાવવી પડતી નથી. સામાન્ય ઠપકા માત્રથી જ અથવા થોડા સમજાવવાથી તેમના પ્રશ્નોનો હલ થઈ જાય છે. આ કુલકરોની ત્રણ નીતિઓ કહેલ છે– હકાર, મકાર, ધિક્કાર. આવા શબ્દોના પ્રયોગથી જ આ યુગલો શરમાઈને ભયભીત થઈને વિનયવંત થઈ શાંત થઈ જાય છે. આ વર્તમાન અવસર્પિણી કાળના ત્રીજા આરામાં થયેલા ૧૪ કુલકરોના નામ આ પ્રમાણે છે– (૧) સુમતિ (૨) પ્રતિશ્રુતિ (૩) સીમંકર (૪) સીમંધર (૫) ક્ષેમંકર (૬) ક્ષેમંધર (૭) વિમલવાહન (૮) ચક્ષુષ્માન (૯) યશોવાન (૧૦) અભિચંદ્ર (૧૧) ચન્દ્રાભ (૧૨) પ્રસેનજીત (૧૩) મરૂદેવ (૧૪) નાભિ. ત્યાર પછી પ્રથમ તીર્થંકર ભગવાન ઋષભદેવ પણ શરૂમાં થોડો સમય કુલકર અવસ્થામાં રહ્યા. ૮૩ લાખ પૂર્વ સંસાર અવસ્થામાં રહ્યા. આ રીતે પ્રત્યેક અવસર્પિણીના ત્રીજા આરાની મિશ્રણકાળની વ્યવસ્થા સમજવી જોઈએ.

નાભિ અને મરૂદેવી પણ એક યુગલિક પુરુષ સ્ત્રી હતા પરંતુ મિશ્રણકાળ હોવાથી તેમનું અનેક વર્ષોનું આયુષ્ય બાકી રહેવા છતાં ભગવાન ઋષભદેવનો જન્મ ઈક્ષ્વાકુ ભૂમિમાં થયો હતો. તે સમય સુધીમાં નગર વગેરેનું નિર્માણ થયું નહોતું. ૬૪ ઈન્દ્રો વગેરેએ આવીને યથાવિધિ ભગવાનનો જન્માભિષેક કર્યો. બાલ્યકાળ વિતાવી ભગવાને યૌવનકાળમાં પ્રવેશ કર્યો. કુલકર બન્યા પછી રાજા બન્યા. ૨૦ લાખ પૂર્વની ઉંમરમાં રાજા બન્યા. ૬૩ લાખ પૂર્વ સુધી રાજાના રૂપમાં રહ્યા. કુલ ૮૩ લાખ પૂર્વ સંસાર અવસ્થામાં રહ્યા. લોકોને કર્મભૂમિને યોગ્ય અનેક કર્તવ્યો, કળા–કારીગીરીનો બોધ આપ્યો. પુરુષોની ૭૨ કળા અને સ્ત્રીઓની ૬૪ કળા, શિલ્પ, વ્યાપાર, રાજનીતિ, વિવિધ નૈતિક તેમજ સામાજિક વ્યવસ્થાઓ, સંસાર વ્યવહારો આદિનું જ્ઞાન આપ્યું. શક્રેન્દ્રએ વૈશ્રમણદેવ મારફત દક્ષિણ ભરતના મધ્યસ્થાનમાં વિનિતા નગરીનું નિર્માણ કરાવ્યું અને ભગવાનનો રાજ્યાભિષેક કર્યો. અન્ય પણ ગ્રામ, નગરોનું નિર્માણ થયું. રાજ્યોનું વિભાજન થયું. ભગવાન ઋષભદેવને ૧૦૦ પુત્રો થયા હતા. આ બધાને અલગ અલગ ૧૦૦ રાજ્યોની વહેંચણી કરવામાં આવી અને તેમને ત્યાંના રાજા બનાવ્યા. ભગવાનને બે પુત્રીઓ થઈ બ્રાહ્મી અને સુંદરી. જેનો ભરત અને બાહુબલિની સાથે યુગલના રૂપમાં જન્મ થયો હતો.

ઋષભદેવની વિવાહ વિધિનું વર્ણન સૂત્રમાં આવતું નથી. વ્યાખ્યાગ્રંથોમાં બતાવેલ છે કે મિશ્રણકાળને કારણે સુનંદા અને સુમંગલા નામની બે કુંવારી





કન્યાઓ સાથે, યુગલ રૂપમાં જન્મેલા બાળકોના મૃત્યુ થવાથી એ કન્યાઓને કુલકર નાભિને સોંપી દેવામાં આવેલ હતી. તે બંને ભગવાન ઋષભદેવ સાથે જ હરતી-ફરતી હતી. યોગ્ય વય થવા પર શક્રેન્દ્રએ પોતાનો જીતાચાર જાણીને **આ અવસર્પિણીના પ્રથમ તીર્થંકરના વિવાહ કરવા એ મારું કર્તવ્ય છે.** એમ સમજીને ભરત ક્ષેત્રમાં આવી, દેવ, દેવીઓના સહયોગથી સુમંગલા અને સુનંદા કુંવારી કન્યાઓ સાથે ભગવાનની વિવાહ વિધિ પૂર્ણ કરી.

**ભગવાન ઋષભદેવની દીક્ષા–** ૮૩ લાખ પૂર્વ જેમાં ૨૦ લાખ પૂર્વ કુમારાવસ્થા અને ૬૩ લાખપૂર્વ રાજ્યકાળ વિતી ગયા પછી ચૈત્રવદી ૯ (ગ્રીષ્મ ઋતુના પહેલા મહિનાનો પહેલો પક્ષ ચૈત્રવદી ૯)ના દિવસે ભગવાન ઋષભદેવે વિનીતા નગરીની બહાર સિદ્ધાર્થવન નામના ઉદ્યાનમાં દીક્ષા અંગીકાર કરી. ૬૪ ઈન્દ્રો આદિ દેવોએ મળીને ભગવાનનો દીક્ષામહોત્સવ કર્યો. ભગવાનની સાથે અન્ય ૪૦૦૦ માણસોએ પણ દીક્ષા અંગીકાર કરી. ભગવાને એક વર્ષ સુધી દેવદૂષ્ય(દેવોએ આપેલ વસ્ત્ર) ધારણ કર્યું.(ખંભે રાખ્યું હતું–ખેસની જેમ). એક વર્ષ સુધી મૌન અને તપનો અભિગ્રહ ધારણ કર્યો. તપનો એક વર્ષનો કાળ વિત્યા પછી પ્રથમ પારણું રાજા શ્રેયાંસકુમારના હાથથી થયું. ૧૦૦૦ વર્ષ સુધી તપ સંયમથી આત્માને ભાવિત કરતાં ભગવાને વિચરણ કર્યું. એક હજાર વર્ષ પૂરા થયા પછી પુરિમતાલ નગરની બહાર શકટમુખ ઉદ્યાનમાં, ધ્યાનાવસ્થામાં, અટ્ઠમ તપની તપસ્યામાં ફાગણવદી ૧૧ ના દિવસે ભગવાન ઋષભદેવને કેવળજ્ઞાન, કેવળદર્શન ઉત્પન્ન થયું.

ભગવાને ઉપદેશ દેવાની શરૂઆત કરી, ચાર તીર્થની સ્થાપના કરી. ૮૪ ગણ, ૮૪ ગણધર, ઋષભસેન પ્રમુખ ૮૪૦૦૦ શ્રમણ, બ્રાહ્મી-સુન્દરી પ્રમુખ ૩ લાખ શ્રમણીઓ, શ્રેયાંસ પ્રમુખ ત્રણ લાખ પાંચ હજાર શ્રાવક તેમજ સુભદ્રા પ્રમુખ પાંચ લાખ ચોપન હજાર શ્રાવિકાઓ થઈ. ભગવાનની અસંખ્ય પાટે કેવળજ્ઞાન પ્રાપ્ત થતું રહ્યું, તેને યુગાન્તર કૃત ભૂમિ કહેલ છે. તેમજ ભગવાનના કેવળજ્ઞાન પ્રાપ્ત થયાના અંતર્મુહૂર્ત પછી મોક્ષે જવાનું શરૂ થયું તેને પર્યાયાન્તર કૃત ભૂમિ કહેલ છે.

આ રીતે ભગવાન ઋષભદેવ આ અવસર્પિણી કાળના પહેલા રાજા, પહેલા શ્રમણ, પહેલા તીર્થંકર કેવલી થયા. તેમનું શરીર ૫૦૦ ધનુષનું હતું. એક લાખ પૂર્વ સંયમ પર્યાય, ૮૩ લાખ પૂર્વ ગૃહસ્થ જીવન એમ ૮૪ લાખ પૂર્વનું

આયુષ્ય પૂર્ણ કરી, મહાવદી ૧૩ ના દિવસે ૧૦,૦૦૦ સાધુઓની સાથે ૬ દિવસની તપસ્યામાં અષ્ટાપદ પર્વત ઉપર ભગવાન ઋષભદેવે પરમનિર્વાણને પ્રાપ્ત કર્યું. દેવોએ ભગવાન તેમજ શ્રમણોના શરીરનો અગ્નિસંસ્કાર કર્યો. નિર્વાણમહોત્સવ તથા અગ્નિદાહ સંસ્કારનું શાસ્ત્રમાં વિસ્તૃત વર્ણન કરવામાં આવેલ છે. તે દિવસથી ત્રીજા આરાના ૮૯ પક્ષ(૩ વર્ષ ૮–૧/૨ મહિના)બાકી રહ્યા હતા. આ રીતે ઋષભ દેવ ભગવાનનું વર્ણન કહેલ છે. બધા, ત્રીજા આરાના અંતિમ ભાગનું વર્ણન તેમજ પ્રથમ તીર્થંકરનું વર્ણન યથાયોગ્ય નામમાં ફેરફાર સાથે આ પ્રકારે સમજી લેવું જોઈએ. આ ત્રીજો આરો બે ક્રોડાક્રોડી સાગરોપમનો હોય છે.

આ ત્રીજા આરામાં શારીરિક, માનસિક અને અરસ-પરસના અનેક દુઃખો ચાલતા રહે છે છતાં પણ ક્ષેત્રસ્વભાવ, કાલસ્વભાવ, ઘણા અનુકૂળ હોય છે. સુખસામગ્રીની વિપુલતા હોય છે તેથી આ આરાનું નામ સુખમદુઃખમ છે.

**ચોથો આરો**–પ્રથમ તીર્થંકરના મોક્ષ ગયા પછી ત્રણ વર્ષ સાડા આઠ મહિના પછી ચોથા આરાની શરૂઆત થાય છે. અગાઉની અપેક્ષા પ્રમાણે પદાર્થના ગુણધર્મોમાં અનેકગણી હાનિ થાય છે. આ આરાના મનુષ્યની અવગાહના અનેક ધનુષની એટલે કે ૨ થી ૫૦૦ ધનુષની હોય છે. આયુષ્ય આરાની શરૂઆતમાં જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ કરોડ પૂર્વનું હોય છે અને આરાના અંતમાં જઘન્ય અંતર્મુહૂર્તની ઉત્કૃષ્ટ સાધિક સો વર્ષ અર્થાત્ ૨૦૦ વર્ષથી કંઈક ઓછું હોય છે. ૬ સંઘયણ, ૬ સંસ્થાન તેમજ શરૂમાં ૩૨ અને અંતમાં ૧૬ પાંસળીઓ હોય છે. ૭૨ કળા, ખેતી, વ્યાપાર, શિલ્પ, કર્મ, મોહભાવ, વેર, વિરોધ, યુદ્ધ–સંગ્રામ, રોગ, ઉપદ્રવ વગેરે અનેક કર્મ ભૂમિજન્ય અવસ્થાઓ હોય છે. આ કાળમાં ૨૩ તીર્થંકર, ૧૧ ચક્રવર્તી થાય છે. એક તીર્થંકર અને એક ચક્રવર્તી ત્રીજા આરામાં થઈ ગયા હોય છે. ૯ બળદેવ, ૯ વાસુદેવ, ૯ પ્રતિવાસુદેવ આદિ વિશિષ્ટ પુરુષો થાય છે. આ કાળમાં જન્મેલા મનુષ્યો ચારે ય ગતિમાં અને મોક્ષે જાય છે. આ સમય યુગલકાળનો હોતો નથી તેથી હિંસક જાનવર, ડાંસ, મચ્છર આદિ ક્ષુદ્ર જીવજંતુઓ મનુષ્યને માટે કષ્ટ દાયક હોય છે. રાજા-પ્રજા, શેઠ-માલિક, નોકર-દાસ આદિ ઉચ્ચ અને હલકી અવસ્થાઓના હોય છે. કાકા, મામા, દાદા, દાદી, પૌત્ર-પૌત્રી આદિ કંઈ કેટલાયે સંબંધો હોય છે. ઉપરાંત જે જે ભાવોનો પહેલા આરામાં નિષેધ કરવામાં આવેલ છે તે બધા ભાવો આ આરામાં હોય છે.

આ આરાના ૭૫ વર્ષ અને સાડા આઠ મહિના બાકી રહે ત્યારે ૨૪ મા





તીર્થંકરનો જન્મ થાય છે અને ત્રણ વર્ષ સાડા આઠ મહિના બાકી રહે ત્યારે ૨૪ મા તીર્થંકર નિર્વાણ પામે છે. આ આરો એક ક્રોડાક્રોડ સાગરોપમમા ૪૨૦૦૦ વર્ષ ઓછો હોય છે.

**પાંચમો આરો**– ૨૪મા તીર્થંકરના મોક્ષે ગયા બાદ ત્રણ વર્ષ અને સાડા આઠ મહિના પછી પાંચમા દુઃખમ આરાની શરૂઆત થાય છે. આ આરાના નામથી જ સુખ-દુઃખનો સ્વભાવ પ્રગટ થઈ જાય છે. પહેલો અને બીજો આરો સુખમય હોય છે. દુઃખનું કોઈ નામનિશાન ત્યારે હોતું નથી. ત્રીજા આરામાં દુઃખ ઓછું છે અર્થાત્ અંતમાં મિશ્રણકાળ અને કર્મભૂમિજન્ય કાળમાં દુઃખ, ક્લેશ, કષાય, રોગ, ચિંતા વગેરે હોય છે અર્થાત્ કોઈ કોઈ મનુષ્ય સંપૂર્ણ જીવનભર માનવીય સુખ ભોગવે છે, પુણ્યથી મળેલ ધન સંપત્તિમાં સંતોષ માને છે અને પછી દીક્ષા લઈ આત્મકલ્યાણ કરે છે. જ્યારે વધુ માણસો સંસારના પ્રપંચોમાં, કષાય, ક્લેશ વગેરેમાં પડયા રહે છે. ત્યાર પછીનો પાંચમો આરો દુઃખમય છે. તેમાં સુખની કોઈ ગણત્રી જ નથી. માત્ર દુઃખ ચારે તરફ ઘેરાયેલું હોય છે. સુખી દેખાતા માણસો પણ માત્ર દેખાવ પુરતા જ સુખી લાગે છે. વાસ્તવમાં તેઓ પણ તન,મન,ધનથી, આધિ-વ્યાધિ-ઉપાધિથી દુઃખી હોય છે.

પૂર્વની અપેક્ષાએ આ આરામાં પુદ્ગલના સ્વભાવ–ગુણધર્મમાં અનંત-ગણી હાનિ હોય છે. મનુષ્યોની સંખ્યા અધિક હોય છે. ઉપભોગ-પરિભોગના સાધનો વધતા-ઓછા થતા રહે છે. દુષ્કાળ થયા કરે છે. રોગ, શોક, ઘડપણ, મરકી રોગચાળો, માનવસંહાર વગેરે થતા રહે છે. જનસ્વભાવ પણ ક્રમશઃ અનૈતિક, હિંસક, ક્રૂર બનતા જાય છે. રાજાનેતા પણ પ્રાયઃ અનૈતિક, કર્તવ્યભ્રષ્ટ વધારે હોય છે, પ્રજાપાલન કે પ્રજાહિતને બદલે શોષણ વધારે કરે છે. ચોર, ડાકુ, લુંટારા, દુર્વ્યસની માણસો વધારે હોય છે. ધાર્મિક સ્વભાવના માણસો ઓછા જોવા મળે છે. ધર્મના નામે ઠગાઈ કરનારા ધુતારા કેટલાય હોય છે.

આ આરામાં જન્મેલા ચારે ય ગતિમાં જાય છે. મોક્ષગતિમાં જતા નથી. છ સંઘયણ, છ સંસ્થાનવાળા હોય છે. શરૂમાં ૧૬ અને અંતે ૮ પાંસળીઓ માનવ શરીરમાં હોય છે. અવગાહના અંતમાં બે હાથ અને શરૂમાં અને મધ્યમા અનેક હાથની હોય છે. અનેક હાથ એટલે ૭ કે ૧૦ હાથ પણ હોઈ શકે છે. અહીં એક હાથ લગભગ એક ફૂટનો માનવામાં આવેલ છે. આયુષ્ય શરૂમાં અને મધ્યમાં ૨૦૦ વર્ષથી કંઈક ઓછું હોઈ શકે છે, અંતમાં ઉત્કૃષ્ટ ૨૦ વર્ષનું હોય છે. આ

કાળમાં મનુષ્યોમાં વિનય, શીલ, ક્ષમા, લજ્જા, દયા, દાન, ન્યાય, નૈતિકતા, સત્યતા આદિ ગુણોમાં અધિકતમ હ્રાસ–હાનિ થઈ હોય છે અને તેનાથી વિપરીત અવગુણોનો વધારો થયો હોય છે. ગુરુ અને શિષ્ય અવિનીત, અયોગ્ય, અલ્પજ્ઞ હોય છે. ચારિત્રનિષ્ઠ ક્રમશઃ ઓછા હોય છે. ચારિત્રહીન વધારે થતા જાય છે. ધાર્મિક, સામાજિક અને રાજકીય મર્યાદાનો લોપ કરનારા વધતા જાય છે. તેમજ આ આરામાં દશ બોલોનો વિચ્છેદ થઈ જાય છે. ભગવાન મહાવીર સ્વામી અંતિમ તીર્થંકરના મોક્ષે ગયા બાદ ગૌતમસ્વામી, સુધર્માસ્વામી, જંબૂસ્વામી સુધી ૧૨+ ૮+૪૪=૬૪ વર્ષ સુધી કેવળજ્ઞાન રહ્યું. ત્યાર પછી આ આરાના છેલ્લા દિવસ સુધી સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા ધર્મની આરાધના કરનારા અને દેવલોકમાં જનારા હોય છે.

**વિચ્છેદ ના દશ બોલ–** (૧) પરમ અવધિજ્ઞાન (૨) મનઃપર્યવજ્ઞાન(૩) કેવળ જ્ઞાન (૪–૬) છેલ્લા ત્રણ ચારિત્ર(પરિહાર વિશુદ્ધ, સૂક્ષ્મ સંપરાય અને યથાખ્યાત ચારિત્ર)(૭) પુલાકલબ્ધિ(૮) જિનકલ્પી(૯–૧૦) બે શ્રેણી ઉપશમ અને ક્ષપક.

કેટલાક લોકો ભિક્ષુપડિમા, એકલવિહાર, સંઘયણ આદિનો પણ વિચ્છેદ કહે છે, એ કથન આગમ સમ્મત નથી પરંતુ વિપરીત પણ હોય છે. ભગવાન મહાવીરના શાસનમાં ૧૦૦૦ વર્ષ પછી સંપૂર્ણ પૂર્વનું જ્ઞાન મૌલિક રૂપમાં વિચ્છેદ ગયું. આંશિક રીતે રૂપાંતરિત અવસ્થામાં આજે પણ ઉપાંગ, છેદ આદિમાં હયાત રહ્યું છે. ૨૧૦૦૦ વર્ષ ભગવાન મહાવીરનું શાસન ઉતાર-ચઢાવનો અનુભવ કરતું પણ ચાલશે. ભગવાનના શાસનનો સર્વથા(આત્યંતિક)વિચ્છેદ આ મધ્યભાગમાં નહીં થાય. પરંતુ છટ્ઠો આરો શરૂ થવા પર, પાંચમા આરાના અંતિમ દિવસે જ થશે. પહેલા પહોરે જૈનધર્મ, બીજા પહોરે અન્યધર્મ, ત્રીજા પહોરે રાજધર્મ અને ચોથા પહોરે બાદર અગ્નિ વિચ્છેદ જાશે. આ પ્રકારનું વર્ણન બધા અવસર્પિણીના પાંચમા આરાનું સમજવું. આ આરો ૨૧૦૦૦ વર્ષનો હોય છે.

**છટ્ઠો આરો–** આ આરો પણ ૨૧૦૦૦ વર્ષનો હોય છે. મહાદુઃખપૂર્ણ આ કાળ હોય છે. આ કાળમાં દેખાવ માત્રનું સુખ પણ હોતું નથી. આ ઘોર દુઃખનું વર્ણન નરકના દુઃખોની યાદ દેવડાવે છે. આ આરાનું વર્ણન ભગવતી સૂત્રમાં છે.

**ઉત્સર્પિણી કાળ :– (૧) દુઃખમદુઃખમ આરો–** ઉત્સર્પિણી કાળના પહેલા આરાનું વર્ણન અવસર્પિણી કાળના છટ્ઠા આરાના અંતિમ સ્વભાવ જેવું છે એટલે છટ્ઠા આરાની શરૂઆતમાં જે પ્રલયનું વર્ણન છે તે અહીં ન ગણવું. તે સિવાય એ





આરાના મધ્ય અને અંતમાં જે ક્ષેત્ર અને જીવોની દશા છે તે અહીં સમજવી. આ આરો ૨૧૦૦૦ વર્ષનો હોય છે.

ઉત્સર્પિણીના કાળનો પ્રારંભ શ્રાવણવદી એકમથી થાય છે. બાકીના આરા કોઈપણ દિવસે કે કોઈપણ મહિનાથી શરૂ થઈ શકે છે. તે માટે કોઈ નિયમ નથી. કારણ કે આગમમાં એવું કંઈ કથન નથી. છતાં આવો નિયમ માનવાથી આગમ વિરુદ્ધ માન્યતા થઈ જાય છે. જેમ કે ભગવાન ઋષભદેવ મોક્ષે પધાર્યા ત્યાર પછી ત્રણ વર્ષ સાડા આઠ મહિના પછી શ્રાવણ વદી એકમ કોઈપણ ગણિત પ્રમાણે આવતી નથી. તેથી ચોથો આરો કોઈપણ દિવસે શરૂ થઈ શકે છે. એ જ રીતે બીજા આરા પણ સમજવા. મૂળપાઠમાં માત્ર ઉત્સર્પિણીકાળનો પ્રારંભ શ્રાવણવદી એકમથી કહેવામાં આવેલ છે, અન્ય આરા માટે મનના ઘોડા દોડાવવા નહીં એ જ શ્રેયસ્કર છે.

**બીજો આરો–** ૨૧ + ૨૧ = ૪૨ હજાર વર્ષનો મહાન દુઃખમય સમય પસાર કર્યા પછી ઉત્સર્પિણીકાળના બીજા આરાની શરૂઆત થાય છે. તેની શરૂઆત થતાં જ (૧) સાત દિવસનો પુષ્કર સંવર્તક મહામેઘ મૂશળધાર જલવૃષ્ટિ કરશે. જેનાથી ભરતક્ષેત્રની દાહકતા, ગરમી વગેરે સમાપ્ત થઈ જશે અને જમીન શીતલ થઈ જશે. (૨) પછી સાત દિવસ સુધી ક્ષીરવર્ષા થશે જેનાથી અશુભ જમીનમાં શુભ વર્ણ, ગંધ, રસ આદિ ઉત્પન્ન થશે. (૩) પછી સાત દિવસનો સતત ઘૃત(ઘી)ની મેઘવર્ષા થશે. જેનાથી જમીનમાં સ્નિગ્ધતા ઉત્પન્ન થશે. માટી ચિકાશવાળી થશે. (૪) ત્યાર પછી અમૃતમેઘ પ્રગટ થશે. તે પણ સાત દિવસ સુધી સતત વરસતો રહેશે. જેનાથી જમીનમાં વનસ્પતિ ઉગવા માટે બીજશક્તિ ઉત્પન્ન થશે. (૫) તેના પછી રસમેઘનો વરસાદ થશે તે પણ સાત દિવસ સુધી મૂશળધારે પડશે. જેનાથી જમીનમાં વનસ્પતિ માટેના તીખા, કડવા, મધુર આદિ રસ ઉત્પન્ન કરવાની શક્તિનો સંચાર થશે.

આ પાંચ સપ્તાહના સતત વરસાદ પછી આકાશ વાદળોથી સાફ થઈ જશે. ત્યારે ભરતક્ષેત્રમાં વૃક્ષ, લતા, ગુચ્છ, ઘાસ, ઔષધિ, હરિયાળી વગેરે ઉગવા માંડશે તેમજ આ વનસ્પતિનો જલ્દી વિકાસ થશે. પરિણામે આ ભૂમિ મનુષ્યોને માટે સુખપૂર્વક વિચરણ કરવા યોગ્ય થઈ જશે અર્થાત્ થોડા જ મહિના કે વર્ષોમાં ભરતક્ષેત્રનો ભૂમિભાગ વૃક્ષ, લતા, ફળ-ફૂલ આદિથી ભરપૂર થઈ જશે અને બીલ(ગુફામાં)રહેલ માનવો ધીરે ધીરે ગુફામાંથી બહાર નીકળશે.

વર્ષા થયા પછી બિલવાસી માનવો ખુશ થઈ જશે અને ધીરે ધીરે બિલમાંથી બહાર નીકળવા લાગશે. કાળ પસાર થયે જ્યારે પૃથ્વી વૃક્ષ, લતા, વેલા, ફળ-ફૂલ આદિથી પરિપૂર્ણ દેખાવા લાગશે અને હવે અમારે માટે ક્ષેત્ર સૂખપૂર્વક રહેવા યોગ્ય, વિચરણ કરવા યોગ્ય થઈ ગયેલ છે; આ ક્ષેત્રમાં જીવન નિર્વાહ કરવા માટે અનેક વૃક્ષ, લતા, છોડ, વેલા અને ઘણા ફળ-ફૂલ આદિ વિપુલ માત્રામાં મળવા લાગે છે, એમ સમજશે ત્યારે તેમાંથી કોઈ સભ્ય, સંસ્કારી માનવી ભેગા થઈને મંત્રણા-ચર્ચા કરશે કે 'હવે વિવિધ પ્રકારના ખાદ્યપદાર્થો મળવા લાગ્યા છે. હવે આપણામાંથી કોઈ માનવ, માંસાહાર કરશે નહીં અને જે કોઈ આ નિયમનો ભંગ કરશે તેને આપણા સમાજમાંથી સમાજબહાર મૂકવામાં આવશે અને બીજી કોઈ વ્યક્તિ તે માંસાહારીની સંગતિ નહીં કરે, તેની નજીક પણ જશે નહીં, તેને ઘૃણા, નફરત કરશે અને તેના પડછાયા માત્રથી દૂર રહેશે.' આ પ્રકારની એક વ્યવસ્થા સ્થાપિત કરશે અને તે પ્રમાણે જીવન વ્યતીત કરશે. બાકીનું વર્ણન અવસર્પિણી કાળના પાંચમા આરા સમાન ગણવું. આ આરામાં ધર્મનો પ્રચાર થતો નથી. છતાં પણ મનુષ્યો ચારે ય ગતિમાં જનારા હશે. જ્યારે આ પહેલાંના ૪૨૦૦૦ વર્ષના માનવો પ્રાયઃ નરક, તિર્યંચમાં જનારા હોય છે. આ બીજા આરામાં ધર્મનું પ્રવર્તન નથી થતું તોપણ મનુષ્યોમાં નૈતિક ગુણોનો ક્રમિક વિકાસ થાય છે. અવગુણોનો હ્રાસ–હાનિ થાય છે. આ રીતે ૨૧૦૦૦ વર્ષનો કાળ બીજા આરાનો પસાર થાય છે.

**ત્રીજો આરો–** અવસર્પિણીકાળના ચોથા આરા જેવો આ ત્રીજો આરો હોય છે. તેના ત્રણ વર્ષ અને સાડા આઠ મહિના વિત્યા બાદ પ્રથમ તીર્થંકર તેના માતાની કુક્ષિમાં આવે છે. નવ મહિના અને સાડા સાત દિવસ બાદ તેમનો જન્મ થાય છે. પછી યથાસમય દીક્ષાગ્રહણ કરે છે તેમજ કેવળજ્ઞાન થાય છે. ચાર તીર્થની સ્થાપના કરે છે. ધર્મ પ્રવર્તન કરે છે. ત્યારે ૬૩ હજાર વર્ષથી વિચ્છેદ ગયેલા જૈનધર્મનો ફરીથી પ્રારંભ થાય છે. ભગવાનનો ઉપદેશ સાંભળીને કંઈક જીવ શ્રમણ બને છે. કોઈ ગૃહસ્થધર્મ અંગીકાર કરે છે. બાકીનું સંપૂર્ણ વર્ણન અગાઉના ચોથા આરા જેવું સમજવું. આ આરો એક ક્રોડાક્રોડ સાગરોપમમાં ૪૨૦૦૦ વર્ષ ઓછો હોય છે. તેમાં પુદ્ગલ તથા ક્ષેત્ર સ્વભાવમાં ક્રમિક ગુણવૃદ્ધિ થાય છે.

**ચોથો સુખમદુઃખમ આરો–** આ આરાના ત્રણ વર્ષ સાડા આઠ મહિના ગયા પછી ૨૪મા તીર્થંકરનો જન્મ થાય છે. તેમનું આયુષ્ય ૮૪ લાખ પૂર્વનું હોય છે.





જેમાંથી ૮૩ લાખ પૂર્વ ગૃહસ્થપણે રહે છે અને ૧ લાખ પૂર્વ સંયમનું પાલન કરે છે. બાકીનું વર્ણન ઋષભદેવ ભગવાનના સમયનું જાણવું. પરંતુ વ્યાવહારિક જ્ઞાન શીખવવું, ૭૨ કળા શીખવવી આદિ વર્ણન અહીં આવે નહીં. કારણ કે અહીં તો કર્મભૂમિ કાળ પહેલેથી જ છે. હવે તેના પછી યુગલિક કાળ આવશે. અંતિમ તીર્થંકરના નિર્વાણ પછી ક્રમશઃ થોડા સમયમાં જ સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા તેમજ ધર્મ અને અગ્નિ વિચ્છેદ થઈ જાય છે અને ૧૦ પ્રકારના વિશિષ્ટ વૃક્ષો ઉત્પન્ન થઈ જાય છે. માનવો પોતાના કર્મ–કાર્યો, શિલ્પ, વ્યાપાર આદિથી મુક્ત થઈ જાય છે. પલ્યોપમના આઠમા ભાગ સુધી કુલકર વ્યવસ્થા અને મિશ્રણકાળ રહે છે. પછી તો કુલકરોની જરૂરિયાત પણ રહેતી નથી. ધીરે ધીરે મિશ્રણકાળનું પરિવર્તન શુદ્ધ યુગલિક કાળમાં થઈ જાય છે. પૂર્ણ સુખમય શાંતિમય જીવન થઈ જાય છે. બાકીનું વર્ણન અવસર્પિણીના ત્રીજા, બીજા અને પહેલા આરા જેવું ઉત્સર્પિણીના ચોથા, પાંચમા અને છટ્ઠા આરાનું છે તેમજ કાળમાન પણ એ જ પ્રકારે છે અર્થાત્ ચોથો આરો બે ક્રોડાક્રોડી સાગરોપમનો પાંચમો આરો ત્રણ ક્રોડાક્રોડી સાગરોપમનો અને છટ્ઠો આરો ચાર ક્રોડાક્રોડી સાગરોપમનો હોય છે. પાંચમા આરાનું નામ **સુખમ** અને છટ્ઠા આરાનું નામ **સુખમસુખમ** છે.

અઢીદ્વીપના ૧૫ કર્મભૂમિના ક્ષેત્રો છે, તેમાં પાંચ ભરત અને પાંચ ઐરવત ક્ષેત્રમાં એમ ૧૦ ક્ષેત્રોમાં આરાનું પરિવર્તન થતું રહે છે, બાકીની કર્મભૂમિ પાંચ મહાવિદેહ ક્ષેત્રમાં તથા ૩૦ અકર્મભૂમિ અને ૫૬ અંતરદ્વીપમાં આ કાળ પરિવર્તન થતુ નથી. આ ૯૧ ક્ષેત્રોમાં એક સરખો કાળ સદા પ્રવર્તમાન હોયછે, જેમ કે–

૫ મહાવિદેહક્ષેત્રમાં અવસર્પિણીના ચોથા આરાનો પ્રારંભકાળ

૧૦ દેવકુરુ–ઉત્તરકુરુમાં અવસર્પિણીના પહેલા આરાનો પ્રારંભકાળ

૧૦ હરિવર્ષ–રમ્યકવર્ષમાં અવસર્પિણીના બીજા આરાનો પ્રારંભકાળ

૧૦ હેમવત–હેરણ્યવતમાં અવસર્પિણીના ત્રીજા આરાનો પ્રારંભકાળ

૫૬ અંતરદ્વીપમાં ત્રીજા આરાનો છેલ્લો,ત્રીજો ભાગ અને તેમાં શુદ્ધ યુગલિક કાળ અર્થાત્ મિશ્રકાળનો પૂર્વવર્તીકાળ.

ઉત્સર્પિણી અને અવસર્પિણી એમ બંને કાળ મળીને એક 'કાળચક્ર' ૨૦ ક્રોડાક્રોડી સાગરોપમનું બને છે. અહીં ચક્ર શબ્દને ધ્યાનમાં રાખવામાં આવેલ છે, ચક્રમાં ગાડીના પૈડાની જેમ આરા હોય છે અર્થાત્ આ કાળચક્રને ચક્રાકાર

કલ્પીને તેમાં ૧૨ આરા પૂરી ગોળાઈમાં વચ્ચેની ધરીથી લઈને કિનારાની પટ્ટી સુધી જોડેલા હોય છે. ગાડીના પૈડામાં આરાની સંખ્યા નિશ્ચિત હોતી નથી. બળદગાડાના પૈડામાં લગભગ છ આરા હોય છે. ઘોડાગાડીના પૈડા મોટા હોવાથી તેમાં લગભગ ૧૨ આરા હોય છે. આ રીતે મૂળ શબ્દ 'કાળચક્ર' હોવાથી, ચક્રમાં આરા હોય છે. તેથી અહીં એ ઉપમાને લક્ષમાં રાખીને **આરા** શબ્દ કહેવામાં આવેલ છે.

ચક્રના કિનારે પટ્ટીઓ હોય તેની જગ્યાએ સર્પની કલ્પના કરવામાં આવી છે. જેનું મુખ ઉપર અને પૂંછ નીચેની તરફ હોય છે. અવસર્પિણીના સર્પ મુખના સ્થાનેથી પહેલો આરો શરૂ થાય છે. તે ચાર ક્રોડાક્રોડી સાગરોપમનો હોય છે. પછી નીચે ઉતરતા સર્પ જેમ પાતળો થતો જાય તેમ તેમ આરાનો કાળ પણ ઓછો થતો જાય છે. જેમ કે ત્રીજો, ચોથો આરો આદિ. જે ક્રમશઃ નાના થતા જાય છે. પાંચમો અને છટ્ઠો આરો પૂંછની જગ્યાએ આવે છે. આ બંને આરા ઘણા નાના છે. ત્યાર પછી બીજા સર્પની પૂછથી ઉત્સર્પિણી કાળના ૧લો, બીજો એમ આરા શરૂ થાય છે અને એ સર્પના મુખની જગ્યાએ ઉત્સર્પિણી કાળનો છટ્ઠો આરો આવે જે ચાર ક્રોડાક્રોડી સાગરોપમનો હોય છે. સર્પની ઉપમા, ઉતાર-ચઢાવ, નાના-મોટા આરા વગેરેથી આ આરામાં સમજાઈ જાય છે. આ રીતે પહેલા ઉતરતા સર્પથી અવસર્પિણીકાળ અને પૂંછથી ઊંચે ચઢતા સર્પથી ઉત્સર્પિણી કાળ થાય છે. આથી આ નામ–ઉપમા સાર્થક થાય છે.

**નબંધ–૫૮**

## બીજા આરાથી સંવત્સરીની કલ્પના

અહીં કેટલાયે લોકો ભ્રમિત અર્થની કલ્પના કરી બેસે છે કે સમજો વરસાદ આવવાથી જ ભૂમિ વૃક્ષાદિથી યુક્ત થઈ જાય છે, આવું કથન ઉપયુક્ત નથી. કેમ કે વૃક્ષોથી યુક્ત થવામાં વર્ષો લાગે છે અને અન્ય વનસ્પતિ, છોડ, વેલા, લતાના ફળ ફૂલ લાગવામાં પણ મહિનાઓ લાગે છે, કારણ કે આ કુદરતી છે, કાંઈ જાદુ-મંતરની કરામત તો નથી કે એક દિવસમાં ૪૨ હજાર વરસોની ઉજ્જડ ભૂમિમાં વર્ષા બંધ થતાની સાથે જ ફળ-ફૂલ વૃક્ષ તૈયાર થઈ જાય.

આ બીજા આરાના આગમિક સ્પષ્ટ વર્ણનવાળી સતત પાંચ સપ્તાહની વૃષ્ટિને બદલે સાત સપ્તાહની વૃષ્ટિ જબરજસ્તીથી માની-મનાવીને તેમજ





કાલાંતરે માનવોએ કરેલ માંસાહાર નિષેધની પ્રતિજ્ઞાને લઈને કેટલાક એકતરફી દ્રષ્ટિવાળા, અર્ધચિંતક લોકો તેને જ સંવત્સરીનું ઉદ્‌ગમ સ્થાન કહી દીધેલ છે. ક્યાં એ શ્રમણવર્ગ દ્વારા નિરાહાર મનાવવામાં આવતી ધાર્મિક પર્વ રૂપ સંવત્સરી અને ક્યાં સચેત વનસ્પતિ, કંદમૂળ આદિ ખાનારા અસંયત, ધર્મરહિત કાળના માનવોનું જીવન ! અહીં સંવત્સરીનો સુમેળ જરાપણ બેસતો નથી છતાં પણ પોતાની જાતને વિદ્વાન માનીને જબરજસ્તી શાસ્ત્રના નામે એ અવ્રતી, સચેતભક્ષી માનવો દ્વારા ચલાવવામાં આવેલ સામાન્ય સામાજિક વ્યવસ્થાને સંવત્સરી માનીને તેનું અનુસરણ પોતે તો કરે પરંતુ સાથે જ તીર્થંકરો, ગણધરો અને વ્રતી શ્રમણોને તેનું અનુસરણ કરનારા બતાવીને આવા વિદ્વાનો બુદ્ધિને હાંસીપાત્ર બનાવવાનું કાર્ય કરે છે. ઋષિપંચમીનું ઉદ્‌ગમ તો ઋષિ, મહર્ષિઓ દ્વારા ધર્મ પ્રવર્તનની સાથે જોડાયેલું છે. એ ભૂલીને પાંચ સપ્તાહને સાત સપ્તાહ કરીને અને વર્ષા બંધ થતાની સાથે જ વૃક્ષો, ફળ-ફૂલો, અનાજ વગેરેની ઉત્પત્તિને અસંગત કલ્પના કરીને તે સચેતભક્ષી, અવ્રતી લોકોની નકલ કરીને પોતાના આત્મસંતોષ ખાતર ખેંચીતાણીને ૪૯ દિવસના આધારે, સાત સપ્તાહની વર્ષાને જોડીને સંવત્સરીની વાત કરવી એવા બુદ્ધિમાનોની બુદ્ધિ ઉપર આશ્ચર્ય થાય છે અને અનુકંપા પણ આવે છે, પરંતુ આ પંચમકાળના પ્રભાવથી આવી કેટલીય કલ્પનાઓ વહેતી થયા કરે છે અને થયા કરશે. સાચું ચિંતન અને જ્ઞાન-સમજણનો સંયોગ તો મહાન ભાગ્યશાળીને જ પ્રાપ્ત થાય છે.

**સાર :–** ધર્મનું પ્રવર્તન ત્રીજા આરામાં, પ્રથમ તીર્થંકર દ્વારા થાય છે. બીજા આરા સાથે સંવત્સરીને કોઈ સંબંધ નથી.

**નિબંધ–૫૯**

## મનઃ પર્યવ આદિ જ્ઞાન વિષયક સમીક્ષા

**(૧)** જેમ વચન અથવા ભાષાના દ્રવ્ય અને ભાવ એવા કોઈ વિકલ્પ નથી હોતા તેમ મનના પણ દ્રવ્ય અને ભાવનો આગમમાં કોઈ વિકલ્પ કહ્યો નથી. આની પ્રક્રિયા પૂર્ણ ભાષા પરિણમનની જેમ છે. જેવી રીતે ભાષાનો રૂપી, અરૂપી વિકલ્પ નથી હોતો તેવી રીતે મનના રૂપી અરૂપી વિકલ્પ નથી હોતા. એ બન્ને રૂપી હોય છે. ગ્રંથોમાં મનના દ્રવ્ય અને ભાવ વિકલ્પ બતાવ્યા છે. પરંતુ એની કોઈ આવશ્યકતા કે ઉપયોગિતા નથી.

**(૨)** આ મનઃપર્યવજ્ઞાન બે પ્રકારના હોય છે– **૧.** ઋજુમતિ મનઃપર્યવજ્ઞાન **૨.** વિપુલમતિ મનઃપર્યવજ્ઞાન. ઋજુમતિની અપેક્ષાએ વિપુલમતિ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને વિશુદ્ધ વિપુલ અને નિર્મલરૂપથી વધુ જાણે છે, દેખે છે અને ક્ષેત્રમાં અઢી અંગુલ ક્ષેત્ર એનું વધુ હોય છે. સામાન્ય બુદ્ધિવાળાનું મનઃપર્યવજ્ઞાન ઋજુમતિ મનઃપર્યવજ્ઞાન કહેવાય અને વિશિષ્ટ બુદ્ધિવાળાનું મનઃપર્યવજ્ઞાન વિપુલમતિ મનઃપર્યવજ્ઞાન કહેવાય છે.

**મનઃપર્યવ જ્ઞાનનો વિષય :– (૧) દ્રવ્યથી–** મનઃપર્યવજ્ઞાની સંજ્ઞી જીવો (દેવ મનુષ્ય તિર્યંચ)ના મનના(મનરૂપમાં પરિણત પુદ્ગલોના) અનંત અનંત પ્રદેશી સ્કંધોને જાણે દેખે છે.

**(૨) ક્ષેત્રથી–** મનઃપર્યવજ્ઞાની જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ જાણે દેખે છે, ઉત્કૃષ્ટ નીચે ૧૦૦૦ યોજન, ઉપર ૯૦૦ યોજન તથા ચારે દિશામાં ૪૫ લાખ યોજન ક્ષેત્રમાં રહેલા સંજ્ઞી દેવ, મનુષ્ય, તિર્યંચોના વ્યકત મનના ભાવને જાણે દેખે છે.(જે પ્રકારે અસ્પષ્ટ શબ્દ સાંભળી શકાતા નથી તે પ્રકારે અસ્પષ્ટ મનને જાણી-દેખી શકાતા નથી.)

**(૩) કાલથી–** જઘન્ય પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલા સમયના ભૂત અને ભવિષ્યના મનને જાણી જોઈ શકે છે. ઉત્કૃષ્ટ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલા સમયના ભૂત અને ભવિષ્યના મનને જાણી દેખી શકે છે.જઘન્ય અને ઉત્કૃષ્ટ બન્ને કથનની અપેક્ષાએ તો એક જ છે, પરંતુ જઘન્યથી ઉત્કૃષ્ટ વધારે છે એમ સમજી લેવું જોઈએ**(જો જઘન્ય ઉત્કૃષ્ટ વાસ્તવમાં સમાન જ હોય તો તેને આગમમાં જઘન્ય ઉત્કૃષ્ટ નહીં કહેતાં અજઘન્ય અનુત્કૃષ્ટ કહેવાય છે.) (૪) ભાવથી–** મનઃપર્યવજ્ઞાની અનંત ભાવોને જાણી શકે છે, જોઈ શકે છે.

**પ્રશ્ન : ઋજુમતિ અને વિપુલમતિ જ્ઞાનતો સરખા જેવા જ છે, તો બે ભેદ કેમ સમજવા ?**

**ઉત્તર :** જેમ બે વિદ્યાર્થીઓએ એક જ વિષયની પરીક્ષા આપી. એક પ્રથમ શ્રેણીમાં આવે છે બીજો દ્વિતીય શ્રેણીમાં આવે છે. તેથી સ્પષ્ટ છે કે પ્રથમશ્રેણી પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીનું જ્ઞાન વિશેષ છે. એની શ્રેણી આગળ છે. ભવિષ્યમાં પણ એનો પ્રવેશ પ્રથમ આવશે. એવી રીતે ઋજુમતિ અને વિપુલમતિમાં ફેર સમજવો.

ઋજુમતિનું જ્ઞાન એ જ ભવમાં નષ્ટ થઈ શકે છે. જ્યારે વિપુલમતિનું





જ્ઞાન આખા ભવ સુધી રહે છે. આ તેની વિશેષતા છે. કોઈ ધારણા થકી વિપુલમતિ એજ ભવમાં મોક્ષ પામે છે. જ્યારે ઋજુમતિ મનઃપર્યવજ્ઞાનીને ભવિષ્યમાં અનેક ભવ પણ કરવા પડે છે. સામાન્ય અંતરપણ કયારેક મહત્ત્વનું થઈ જાય છે. જેમ કે ચુંટણીમાં એક મત ઓછો પડયો તો બીજા પાંચ વર્ષ રાહ જોવી પડે. એવી જ વિશેષતા બન્ને પ્રકારના મનઃપર્યવ જ્ઞાનમાં છે, તેથી બે પ્રકાર કહ્યા છે.

**અવધિજ્ઞાન–મનઃ પર્યવ જ્ઞાન માં પરસ્પર તુલના :–**

અવધિજ્ઞાની પણ કોઈ મનની વાત જાણી શકે છે તેને દષ્ટાંત દ્વારા સમજીએ– એક ટપાલઘરમાં ઘણી વ્યક્તિ કામ કરતી હોય છે. તેમાં કોઈ વ્યક્તિ તારની અનુભવી હોય છે અને કોઈને તાર વિષે અનુભવ નથી પણ તેને શ્રોતેન્દ્રિય તો છે જ. તેથી તે તાર સંદેશાના ટિક ટિક અવાજને સાંભળી શકે છે પરંતુ સમજી શકતી નથી. તેવી રીતે તેટલું અંતર અવધિજ્ઞાની અને મનઃપર્યવજ્ઞાની વચ્ચે રહેલું છે. અથવા એક ડોકટર ચક્ષુરોગનો નિષ્ણાત છે અને બીજો સંપૂર્ણ શરીરનો ચિકિત્સક છે, તેથી આંખની ચિકિત્સા પણ કરે છે, પરંતુ આંખના વિષયમાં ચક્ષુ વિશેષજ્ઞની ચિકિત્સામાં તથા શરીર નિષ્ણાતની ચિકિત્સામાં અંતર હોવું સ્વાભાવિક છે. તેવીજ રીતે અવધિજ્ઞાની દ્વારા મનના પુદ્ગલને જાણવામાં ને મનઃપર્યવજ્ઞાની દ્વારા મનના પુદ્ગલને જોવા અને જાણવામાં ઘણું અંતર હોય છે, એમ સમજવું જોઈએ.

**(૧)** અવધિજ્ઞાનની અપેક્ષાએ મનઃપર્યવજ્ઞાન અધિક વિશુદ્ધ હોય છે. **(૨)** અવધિજ્ઞાન બધા પ્રકારના રૂપી દ્રવ્યોને વિષય કરે છે. જ્યારે મનઃપર્યવ જ્ઞાન ફક્ત મનોદ્રવ્યોને જ વિષય કરે છે. **(૩)** અવધિજ્ઞાન ચારેય ગતિમાં હોય છે, મનઃ પર્યવ જ્ઞાન ફક્ત મનુષ્ય ગતિમાં જ હોય છે. **(૪)** અવધિજ્ઞાન મિથ્યાત્વ આવ્યા પછી નષ્ટ થતું નથી પરંતુ વિભંગજ્ઞાનમાં પરિવર્તિત થાય છે જ્યારે મનઃપર્યવજ્ઞાન મિથ્યાત્વ આવ્યા પછી સમાપ્ત થઈ જાય છે. **(૫)** અવધિજ્ઞાનની સાથે અવધિ દર્શન હોય છે, મનઃપર્યવજ્ઞાનની સાથે કોઈ દર્શન હોતું નથી. **(૬)** અવધિજ્ઞાન આગામી ભવમાં સાથે જાય છે. મનઃપર્યવજ્ઞાન પરભવમાં સાથે જતું નથી. **(૭)** મનઃપર્યવજ્ઞાનનો વિષય દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવથી અલ્પ છે, અવધિજ્ઞાનનો વિષય અત્યંત વિશાળ છે. અવધિજ્ઞાની સંપૂર્ણ શરીરના ચિકિત્સક સમાન છે, તો મનઃપર્યવજ્ઞાની કોઈ એક અંગના વિશેષજ્ઞની સમાન છે.

**કેવલજ્ઞાન અને ચાર જ્ઞાન :–** મતિ આદિ ચાર જ્ઞાન એક સાથે એક વ્યક્તિમાં

હોઈ શકે છે. કેવળ જ્ઞાન એકલું જ હોય છે. શેષ ચારે જ્ઞાન કેવળજ્ઞાનમાં વિલીન થઈ જાય છે. જેમ કોઈ મકાનની એક દિશામાં ચાર દરવાજા છે, તેને હટાવીને આખી દિશા ખુલ્લી કરીને જ્યારે એક જ પહોળો માર્ગ બનાવી દેવામાં આવે છે, ત્યારે તેમાં પ્રવેશ દ્વાર ૪ અથવા ૫ નહીં પરંતુ એક જ માર્ગ કહેવામાં આવે છે. ચાર દરવાજાઓના ચાર માર્ગ પણ તેમાં સમાવિષ્ટ થઈ જાય છે. એ જ રીતે એક કેવળજ્ઞાનમાં જ ચારે ય જ્ઞાન સમાવિષ્ટ થઈ જાય છે. કેવળજ્ઞાનથી વિશેષ કોઈ જ્ઞાન હોતું નથી. આ સર્વોપરી જ્ઞાન છે અને આત્માની સર્વશ્રેષ્ઠ નિજ સ્વભાવ અવસ્થા છે. કેવળ જ્ઞાનને પ્રાપ્ત કરવા સંપૂર્ણ તપ, સંયમની સાધનાનો સ્વીકાર કરવો જરૂરી છે.

**ભગવતી સૂત્ર અને નંદી સૂત્રમાં મતિજ્ઞાનનો વિષય :–**

મતિ જ્ઞાનને બાદ કરતાં ચાર જ્ઞાનનો વિષય બન્ને સૂત્રોમાં સરખો છે. મતિજ્ઞાન માટે નંદી સૂત્રમાં 'અપેક્ષાએ મતિજ્ઞાની સર્વ દ્રવ્ય ક્ષેત્ર કાલ ભાવને જાણે કિંતુ દેખે નહીં,' આવું વિધાન કરવામાં આવેલ છે. જ્યારે ભગવતીસૂત્રમાં 'અપેક્ષાથી જાણે અને દેખે' એમ કહેવામાં આવ્યું છે. જ્યાં અપેક્ષા શબ્દનો પ્રયોગ કરવામાં આવે ત્યાં જાણવાનું અને જોવાનું બન્નેનો સ્વીકાર કરવો ઉચિત જ હોય. તેથી ભગવતીસૂત્રનો પાઠ શુદ્ધ જણાય છે. કારણ કે અપેક્ષા શબ્દ લગાડીને પણ મૂળમાં જોવાનો નિષેધ કરવો અને પછી ટીકામાં સ્પષ્ટીકરણ કરવું કે અમુક અપેક્ષાથી જુએ અને અમુક અપેક્ષાથી ન પણ જુએ, એ બરાબર નથી. તેથી એમ માની લેવું જોઈએ કે ભગવતી સૂત્રનું કથન બરાબર છે અને નંદીના પાઠમાં કયારેય પણ જોવાના શબ્દ સાથે 'નો' ઉમેરવામાં આવી ગયો છે. કદાચ તે લિપિ દોષથી આવ્યો કે ક્યારેક સમજના ભ્રમથી આવી ગયો હોય. અપેક્ષા શબ્દ લાગવાથી બહુજ શક્યતા તેમાં સમાઈ જાય છે. તેથી જ અપેક્ષાથી સર્વ દ્રવ્ય, ક્ષેત્રને બન્ને સૂત્રોમાં **મતિજ્ઞાન** માટે જાણવાનો તો પાઠ છે જ અને **શ્રુતજ્ઞાન** માટે પણ બન્ને સૂત્રોમાં સર્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળભાવને અપેક્ષાથી **જાણવું-જોવું** એમ સરખું જ કહેવામાં આવ્યું છે,(ઉપયોગ હોય ત્યારે) પરિણામ એ થયું કે નંદીમાં મતિજ્ઞાનનો પાઠ ભગવતી સૂત્રની જેમ જ હોવો જોઈએ.

આ લિપિ દોષ ટીકાકારોના જમાનાથી પૂર્વે જ આવી ગયેલ છે, છતાં પણ ભગવતી સૂત્રના પાઠને જોઈ જાણી એને સુધારી લેવો જોઈએ.

**સાર :–** મતિજ્ઞાની અપેક્ષાથી સર્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવને જાણે–જુવે છે.





## નિબંધ–૬૦

# દ્વાદશાંગી પરિચયની ત્રણ સૂત્રોમાં તુલના

સમવાયાંગ સૂત્રમાં વિષય-વર્ણન કંઈક વધારે અને વિસ્તારથી કહેવામાં આવ્યું છે અને નંદીમાં કંઈક સંક્ષિપ્ત કથન છે. આ સિવાય ઘણી ખરી સમાનતા છે. થોડીક જ ભિન્નતા છે. જેમ કે– **(૧)** નંદીમાં ભગવતીની પદ સંખ્યા બે લાખ અઠ્યાસી હજાર છે, જ્યારે સમવાયાંગમાં ચોર્યાસી હજાર છે. **(૨)** નંદીસૂત્રમાં અંતગડ સૂત્રના આઠ વર્ગ અને આઠ ઉદ્દેશન કાલ કહેવાયા છે, અધ્યયન કહ્યા નથી; જ્યારે સમવાયાંગમાં સાત વર્ગ, ૧૦ અધ્યયન અને દસ ઉદ્દેશન કાલ કહ્યા છે. **(૩)** નંદીમાં અનુત્તરોપપાતિક સૂત્રના ત્રણ વર્ગ અને ત્રણ ઉદ્દેશન કાલ કહ્યા છે. સમવાયાંગમાં દસ અધ્યયન, દસ ઉદ્દેશનકાલ અને ત્રણ વર્ગ કહ્યા છે. શેષ વિષય વર્ણન એક સરખું છે.

**૧.** ઉપાસકદશા **૨.** અંતગડદશા **૩.** અનુત્તરોપપાતિકદશા **૪.** પ્રશ્નવ્યાકરણ **૫.** વિપાકસૂત્ર આ પાંચ સૂત્રોના અધ્યયનોની સંખ્યા અને નામ દસમા ઠાણામાં આવેલ છે. નંદી અને સમવાયાંગમાં સૂત્રોના પરિચયમાં અધ્યયનોની સંખ્યા તો છે પરંતુ અધ્યયનોના નામ ક્યાંય પણ નથી. વર્તમાનમાં ઉપલબ્ધ આ આગમો કે અધ્યયનોમાં અને ઠાણાંગ સૂચિત અધ્યયનોના નામોમાં વિભિન્નતા છે.

**(૧)** ઉપરના પાંચ સૂત્રોની અધ્યયન સંખ્યા ઠાણાંગમાં ૧૦–૧૦ જ કહેલ છે. જ્યારે સમવાયાંગમાં ચાર સૂત્રોની દસ-દસ કહેલ છે અને પ્રશ્નવ્યાકરણની ૪૫ કહેલ છે અને નંદીમાં ફક્ત વિપાક અને ઉપાસકદશા એ બે સૂત્રોની જ અધ્યયન સંખ્યા દસ-દસ કહેલ છે. બે સૂત્ર અંતગડ અને અનુત્તરોપપાતિકની અધ્યયન સંખ્યા જ કહેલ નથી અને પ્રશ્નવ્યાકરણ સૂત્રની ૪૫ અધ્યયન સંખ્યા કહેલ છે. **(૨)** છતાં પણ વર્તમાનમાં ઉપલબ્ધ અંતગડસૂત્રના નેવું અધ્યયનો છે અને અનુત્તરોપપાતિકના તેત્રીસ અધ્યયનો છે. બાકીના ત્રણ સૂત્રોના દસ-દસ અધ્યયન મળે છે. **(૩)** ઠાણાંગમાં કહેલ ઉપાસકદશાના દસ અધ્યયનોના નામો વર્તમાનમાં પણ એજ મળે છે. જ્યારે વિપાકના નામો અને અનુત્તરોપપાતિકના નામોમાં ભિન્નતા છે અને પ્રશ્નવ્યાકરણના દશ અધ્યયનો બધા ય જુદા મળે છે. આ તફાવતોનાં કારણોની ઘણી રીતથી કલ્પનાઓ કરવામાં આવે છે. પરંતુ શાસ્ત્રોમાં કોઈ કારણનો સંકેત પણ મળતો નથી.

**સાર :–** ઉપાસકદશા સૂત્રના સંબંધમાં બધી સરખામણી છે. વિપાકસૂત્રના અધ્યયનના નામોમાં જુદાપણુ છે અને ત્રણ સૂત્રોનું વર્ણન જોતાં જે મળે છે તે ઘણું જુદૂં જ છે. આથી ફલિત થાય છે કે ત્રણ અંગ આગમોનું પૂરેપૂરું બદલાયેલું રૂપ મળે છે અને વિપાક સૂત્રના કેટલાક અધ્યયનોમાં પરિવર્તન દેખાય છે. બાકી સાત સૂત્રોની કોઈપણ પ્રકારની વિભિન્નતાની ચર્ચા આ પરિચય સૂત્રોમાં નથી.

આચારાંગ સૂત્રના પાછલા બે અધ્યયન, ભાવના અને વિમુક્તિ ''બંધ દશા સૂત્ર''ના સાતમા, આઠમા અધ્યયન છે, એમ ઠાણાંગ સૂત્રમાં કહેલ છે. તેનું કારણ એ છે કે નિશીથ અધ્યયનને આચારાંગથી જુદું પાડવામાં આવ્યું છે. જેથી આ અધ્યયનોનું કંઈક પરિવર્તન થયેલ છે અને આચારાંગની અધ્યયન સંખ્યાની પૂર્તિ કરવામાં આવેલ છે. મતલબ એ કે બંધદશા સૂત્રના જ ભાવના અને વિમુક્તિ નામક સાતમા, આઠમા અધ્યયન આચારાંગમાં રાખવામાં આવેલ છે. આગમોમાં આવા પરિવર્તનો માટે કોઈ સંકેત પણ ન હોવાથી નિશ્ચિત કાંઈ પણ કહી શકાતુ નથી. અનુમાન અને શક્યતાઓ જ દર્શાવી શકાય, તે જ ઉપર કહેવાયું છે. વિશેષ માટે જુઓ જૈનઆગમ પરિચય પુસ્તક ગુજરાતીમાં.

## નિબંધ–૬૧

# ભગવાન મહાવીર સ્વામીનું શરીર સૌષ્ઠવ

ઉવવાઈ સૂત્રમાં ગ્રામાનુગ્રામ વિચરણ કરતાં ભગવાન ચંપાનગરીમાં પધાર્યા તેનું વર્ણન છે. આ પ્રસંગથી ભગવાનના **નમોત્થુણં** માં દર્શાવેલ ગુણોનું તથા અન્ય પણ અનેક ગુણોનું તેમજ ભગવાનના શરીર સોષ્ઠવનું વર્ણન, માથાના વાળથી શરૂ કરીને પગના નખ સુધીનું ક્રમશઃ સમસ્ત અંગોનું સ્પષ્ટ વર્ણન કરવામાં આવેલ છે. આ વર્ણન આ પ્રમાણે છે–

શ્રમણ ભગવાન મહાવીર સ્વામી ધર્મની આદિ કરનારા સ્વયં સંબુદ્ધ તીર્થંકર હતા. પુરુષોતમ વગેરે **નમોત્થુણં** માં દર્શાવેલ ગુણોથી યુક્ત હતા. અરહા–પૂજનીય, રાગાદિ વિજેતા, કેવલજ્ઞાન યુક્ત, ઉત્સેધાંગુલથી સાત હાથની ઊંચાઈવાળા, સમચોરસ સંસ્થાન અને વજ્રઋષભનારાચ સંઘયણથી યુક્ત, શરીરના અંતવર્તી પવનના ઉચિત વેગ યુક્ત, નિર્દોષ ગુદાશય યુક્ત, કબુતર સમાન પાચનશક્તિવાળા હતા. પેટ અને પીઠની નીચેના બંને પડખા તથા જાંઘ સુંદર અને સુગઠિત હતી. તેમનું મુખકમળ સુરભિમય નિશ્વાસથી યુક્ત હતું.





ઉત્તમ ચામડીવાળા, નિરોગી, ઉત્તમ પ્રશસ્ત અત્યંત શ્વેત માંસવાળા, જલ્લ, મલ અને દાગ આદિ વગરનું તેમનું શરીર હતું. એટલે કે નિરુપલેપ, સ્વચ્છ, તેજથી ઝગમગતા તેમના દરેક અંગોપાંગ હતા.

**ક્રમિક વર્ણન :–** ઉત્તમ લક્ષણવાળું ઉન્નત **મસ્તક** હતું. સુંવાળા, કાળા, ચમકતા, વાંકળિયા વાળ તેમના મસ્તક ઉપર હતા. તેમના છત્રાકાર મસ્તકનો ઉપરનો ભાગ ફોલ્લા, ફોલ્લી, ખીલ કે કોઈ ઘાના ચિન્હ વગરનો હતો. અર્ધ ચંદ્ર સમાન લલાટ, પૂર્ણ ચંદ્ર સમાન મુખ, સોહામણા કાન, ભરાવદાર ગાલ(કપોલ), કંઈક ખેંચાયેલા ધનુષ્યની પણછ સમાન સુંદર વાંકી ભમ્મરો, પુંડરીક કમળ સમાન સફેદ નયન, પદ્મકમળ સમાન વિકસિત આંખો, ગરૂડની ચાંચ સમાન લાંબી, સીધી અને ઉન્નત નાસિકા(નાક), સુંદર હોઠ, દાંતોની શ્રેણી ગાયના દૂધ સમાન સફેદ હતી. દાંત અખંડ, પરિપૂર્ણ અને સુંદર આકારવાળા હતા. જીભ અને તાળવું તપેલા સોના સમાન લાલ હતા. દાઢી, મુંછના વાળ મર્યાદિત રહેતા હતા. હડપચી, માંસલ સુગઠિત હતી. ગર્દન ચાર આંગળ પહોળી ઉત્તમ શંખ સમાન ત્રણ શળવાળી હતી. ઉત્તમ હાથી સમાન કાંધ, ગોળ, લાંબી ભુજાઓ, સુદઢ સ્નાયુ, નાગરાજ સમાન ફેલાયેલ દીર્ઘ(લાંબા) હાથ, લાલાશ પડતી હથેળી, ઉન્નત કોમળ સુગઠિત હાથ, છિદ્ર રહિત આંગળીઓ હતી. તેમની હથેળીમાં સૂર્ય, ચંદ્ર,ચક્ર, દક્ષિણાવર્ત, સ્વસ્તિક(સાથિયા) વગેરે શુભ સૂચક રેખાઓ હતી. તેમનું વક્ષઃસ્થળ–છાતી સુવર્ણશિલા સમાન સ્વચ્છ, પ્રશસ્ત, સમતલ, વિશાળ હતું. તેમજ સ્વસ્તિક ચિન્હ સહિત છાતી હતી. માંસલ શરીર હોવાને કારણે કરોડરજ્જુ દેખાતી નહોતી, શરીર સુવર્ણ સમાન દીપતું, સુંદર, રોગ વગરનું, સુનિષ્પન્ન તેમજ ઉત્તમ પુરુષના ૧૦૦૮ લક્ષણ સહિતનું હતું. પડખાના ભાગ નીચે તરફ જતા સાંકડા થતા હતા. છાતી અને પેટ ઉપર રોમરાય હતી. પેટની નીચેના બન્ને પડખા સુનિષ્પન્ન હતા. માછલી જેવું પેટ હતું. તેમની દુંટી(નાભિ) ગોળ, સુંદર, વિકસિત હતી. ઉત્તમ સિંહની કમર સમાન ગોળ ઘેરાવવાળી તેમની કમર હતી.

ઉત્તમ પાણીદાર ઘોડાના સુનિષ્પન્ન ગુપ્તાંગ જેવો તેમનો ગુહ્ય ભાગ હતો. તેમનું શરીર મળ-મૂત્રના વિસર્જનની અપેક્ષાએ નિર્લેપ(સ્વચ્છ) હતું. હાથીની સૂંઢની જેવી સુગઠિત તેમની જાંઘો હતી. અતિ સુંદર ડબાના ઢાંકણા જેવા તેમના ઘુંટણ હતા. હરિણીની પીંડી જેવી ઉતાર સહિત ગોળ તેમની પિંડીઓ

હતી. તેમના પગના ટેરવા સુંદર અને સુગઠિત હતા. તેના પગ મનને ગમી જાય તેવા સુંદર હતા અને પગની આંગળીઓ ક્રમશઃ અનુપાતિક રૂપમાં સુંદર હતી, નખ, તાંબાની સમાન લાલ હતા, પગના તળિયા લાલ કમળના પાંદડા સમાન સુકોમળ હતા, પગના તળિયાની રેખાઓથી પર્વત, નગર, મગર, સાગર, ચંદ્ર જેવા ઉત્તમ ચિન્હો તેમજ સ્વસ્તિક જેવા મંગલ ચિન્હો દેખાતા હતા.

તેમનું રૂપ અસાધારણ હતું, તેમનું તેજ નિર્ધૂમ અગ્નિ સમાન હતું. તેઓ હિંસા–પ્રાણાતિપાત રહિત, મમતા રહિત અકિંચન હતા, નિરુપલેપ– કર્મબંધથી રહિત હતા. તેઓ નિર્ગ્રંથ પ્રવચનનો ઉપદેશ આપનારા, ધર્મશાસનના નાયક, ચોત્રીસ અતિશય અને પાંત્રીસ સત્ય વચનના અતિશય સહિત હતા. આકાશમાં રહેલા ચક્ર, છત્ર, ચામર, સ્ફટિકરત્નથી બનેલું પાદપીઠ સહિતનું સિંહાસન અને ધર્મધ્વજ આ બધા તેમની આગળ ચાલતા રહેતા હતા. આ પ્રકારે શ્રમણ ભગવાન મહાવીર ૧૪૦૦૦ સાધુ, ૩૬૦૦૦ સાધ્વીઓના પરિવાર સંયુકત એક ગામથી બીજે ગામ વિહાર કરતા ચંપા નગરી બહાર ઉપનગરમાં આવી પહોંચ્યા.

## નિબંધ–૬૨

## સંખ્યાત આદિની ભેદયુક્ત વ્યાખ્યા

શ્રી અનુયોગદ્વાર સૂત્રમાં આનું સ્વરૂપ આ પ્રમાણે બતાવ્યું છે.

**ગણણા સંખ્યા** એના ત્રણ ભેદ છે– (૧) સંખ્યાત (૨) અસંખ્યાત (૩) અનંત. સંખ્યાતના ત્રણ ભેદ છે– (૧) જઘન્ય (૨) મધ્યમ (૩) ઉત્કૃષ્ટ.

**અસંખ્યાતના ૯ ભેદ છે–** (૧-૩) જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ–પરિત્ત અસંખ્યાત (૪-૬) જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ–યુક્ત અસંખ્યાત (૭-૯) જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ–અસંખ્યાતા અસંખ્યાત.

**અનંતના આઠ ભેદ છે–** (૧-૩) જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ–પરિત્તાનંત (૪-૬) જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ–યુક્તાનંત (૭-૮) જઘન્ય અને મધ્યમ– અનંતાનંત.

(૧) સંખ્યાત– જઘન્ય સંખ્યાતા બેનો અંક છે. મધ્યમમાં બધી સંખ્યાઓ છે અર્થાત્ શીર્ષ પ્રહેલિકા સુધી તો છે જ. આગળ પણ અસત્કલ્પનાથી ઉપમા દ્વારા બતાવવામાં આવનારી સમસ્ત સંખ્યા પણ મધ્યમ સંખ્યાત છે. જ્યાં સુધી ઉત્કૃષ્ટ સંખ્યાતની સંખ્યા ન આવે ત્યાં સુધી તે સર્વે મધ્યમ સંખ્યાત છે. ઉત્કૃષ્ટ સંખ્યાતની ઉપમા આ પ્રમાણે છે–





**ઉત્કૃષ્ટ સંખ્યાતા :–** ઉત્કૃષ્ટ સંખ્યાતાને ચાર પલ્યની કલ્પના દ્વારા સમજી શકાય છે. યથા– (૧) અનવસ્થિત પલ્ય (૨) શલાકા પલ્ય (૩) પ્રતિશલાકા પલ્ય (૪) મહાશલાકા પલ્ય. ચારે ય પલ્યની લંબાઈ પહોળાઈ જંબૂદ્વીપ પ્રમાણ હોય છે. ઊંચાઈ ૧૦૦૮ $\frac{1}{2}$ યોજન હોય છે. ત્રણ પલ્ય સ્થિત રહે છે. પ્રથમ અનવસ્થિત પલ્યની લંબાઈ પહોળાઈ બદલાય છે. ઊંચાઈ તે જ રહે છે.

**શલાકા પલ્ય ભરવો :–** અનવસ્થિત પલ્યમાં સરસવના દાણા શિખા સુધી ભરવા. પછી એક-એક દાણો એક-એક દ્વીપ સમુદ્રમાં નાખવો. જ્યાં અનવસ્થિત પલ્ય ખાલી થઈ જાય તે દ્વીપ કે સમુદ્ર જેટલો લાંબો અને પહોળો અનવસ્થિત પલ્ય બનાવવામાં આવે અને તેને ભરીને એનાથી આગળના દ્વીપ સમુદ્રમાં એક-એક સરસવનો દાણો નાખતા જાય. તે પણ જ્યાં ખાલી થઈ જાય, ત્યાંના દ્વીપ સમુદ્ર જેટલો લાંબો તથા પહોળો અનવસ્થિત પલ્ય બનાવી લેવો. પહેલો અનવસ્થિત પલ્ય ખાલી થવાની સાક્ષીરૂપ એક દાણો 'શલાકા પલ્ય'માં નાખવો. આ ક્રમથી અનવસ્થિત પલ્ય બનાવતા જવું અને આગળ-આગળના દ્વીપ સમુદ્રમાં એક-એક દાણો નાખતા રહેવું. અનવસ્થિત પલ્ય ખાલી થાય કે તરત જ એક દાણો 'શલાકા પલ્ય'માં નાખતા રહેવું.

**પ્રતિશલાકા પલ્ય ભરવો :–** જ્યાં શલાકા પલ્ય પૂર્ણ ભરાઈ જાય ત્યાં અનવસ્થિત પલ્ય તે દ્વીપ જેટલો લાંબો તથા પહોળો બનાવી ભરીને રાખવો. પછી શલાકા પલ્ય ઉપાડીને તેમાંથી આગળના દ્વીપ સમુદ્રોમાં એક એક દાણો નાખવો અને અંતમાં સાક્ષીરૂપ એક દાણો 'પ્રતિશલાકા પલ્ય'માં નાખવો. 'શલાકા પલ્ય'ને ખાલી કરીને રાખવો. હવે ફરી એ ભરેલા અનવસ્થિત પલ્યને ઉપાડવો અને આગળના નવા દ્વીપ સમુદ્રથી દાણા નાખવાની શરૂઆત કરવી. ખાલી થયા પછી એક દાણો 'શલાકા પલ્ય'માં નાખવો. ફરી એ દ્વીપ સમુદ્ર જેટલો મોટો અનવસ્થિત પલ્ય બનાવવો, ભરવો અને ખાલી કરવો તથા એક દાણો શલાકા પલ્યમાં નાખવો. આમ કરતાં-કરતાં જ્યારે 'શલાકા પલ્ય' ભરાઈ જાય ત્યારે એને પણ આગળના દ્વીપ સમુદ્રોમાં દાણા નાખી ને ખાલી કરવો અને એક-એક દાણો 'પ્રતિશલાકા પલ્ય'માં નાખવો. આ વિધિથી કરતાં એક સમય 'પ્રતિ શલાકા પલ્ય' પણ ભરાઈ જશે.

**મહાશલાકા પલ્ય ભરવો :–** સંપૂર્ણ ભરેલા એ 'પ્રતિશલાકા પલ્ય'ને ઉપાડીને આગળના દ્વીપ સમુદ્રોમાં એક–એક દાણો નાખવો અને ખાલી થયા પછી તેને ખાલી રાખવો. એક દાણો સાક્ષીરૂપે 'મહાશલાકા પલ્ય'માં નાખવો. આ વિધિથી

અનવસ્થિત પલ્યથી શલાકા પલ્ય ભરવો. શલાકા પલ્યથી પ્રતિશલાકા પલ્ય ભરવો. પછી એક દાણો 'મહાશલાકા પલ્ય'માં નાખવો. આમ કરતાં-કરતાં એક સમય 'મહાશલાકા પલ્ય' પણ ભરાઈ જશે. ફરી એ જ ક્રમથી પ્રતિશલાકા અને શલાકા પલ્ય પણ ભરવો અર્થાત્ ત્રણે અવસ્થિત પલ્ય પૂર્ણ ભરાઈ જાય ત્યાં તે દ્વીપ સમુદ્ર જેટલો અનવસ્થિત પલ્ય બનાવીને સરસવના દાણાથી ભરી લેવો.

ચારેય પલ્યમાં ભરેલા દાણા અને અત્યાર સુધી દ્વીપ સમુદ્રમાં નાખેલા બધા દાણા મળીને જે સંખ્યા બને એમાંથી એક ઓછો કરતાં જે સંખ્યા આવે તેને જ **ઉત્કૃષ્ટ સંખ્યાતા** સમજવું જોઈએ. ઉત્કૃષ્ટ સંખ્યાતાનું પરિમાણ સંપૂર્ણ થયું. પ્રચલિત ભાષાથી આ **'ડાલા–પાલા'** નો અધિકાર પૂર્ણ થયો.

**અસંખ્યાતાનું પ્રમાણ :–** **(૧)** જઘન્ય પરિત્તા અસંખ્યાતા– ઉત્કૃષ્ટ સંખ્યાતાથી એક અધિક. **(૨)** મધ્યમ પરિત્તા અસંખ્યાતા– જઘન્ય પરિત્તા અસંખ્યાતા અને ઉત્કૃષ્ટ પરિત્તા અસંખ્યાતાની વચલી બધી સંખ્યા.**(૩)** ઉત્કૃષ્ટ પરિત્તા અસંખ્યાતા– જઘન્ય પરિત્તા અસંખ્યાતાની સંખ્યાને એજ સંખ્યા વડે અને એટલી વાર ગુણાકાર કરતાં જે સંખ્યા આવે, તેમાં એક ઓછું કરતાં ઉત્કૃષ્ટ પરિત્તા અસંખ્યાત થાય છે. યથા– પાંચને પાંચથી પાંચવાર ગુણાકાર કરીને એક ઓછું કરવાથી ૩૧૨૪ સંખ્યા આવે છે. (૫×૫×૫×૫×૫= ૩૧૨૫–૧ =૩૧૨૪). **(૪)** જઘન્ય યુક્તા અસંખ્યાતા– ઉત્કૃષ્ટ પરિત્તા અસંખ્યાતાથી એક અધિક. **(૫)** મધ્યમ યુક્તા અસંખ્યાતા– જઘન્ય અને ઉત્કૃષ્ટ યુક્તા અસંખ્યાતાની વચલી બધી સંખ્યા. **(૬)** ઉત્કૃષ્ટ યુક્તા અસંખ્યાતા– જઘન્ય યુક્તા અસંખ્યાતાની સંખ્યાને એજ સંખ્યા વડે એટલી વાર ગુણાકાર કરીને તેમાંથી એક ઓછું કરતાં જે સંખ્યા આવે તે ઉત્કૃષ્ટ યુક્તા અસંખ્યાત છે. **(૭)** જઘન્ય અસંખ્યાતા અસંખ્યાત– ઉત્કૃષ્ટ યુક્તા અસંખ્યાતથી એક અધિક. **(૮)** મધ્યમ અસંખ્યાતા અસંખ્યાત–જઘન્ય અને ઉત્કૃષ્ટ અસંખ્યાતા-અસંખ્યાતની વચલી બધી સંખ્યા. **(૯)** ઉત્કૃષ્ટ અસંખ્યાતા અસંખ્યાત– જઘન્ય અસંખ્યાતા અસંખ્યાતની સંખ્યાને એ જ સંખ્યા વડે એટલી જ વાર ગુણાકાર કરીને એક ઓછું કરતાં જે રાશિ આવે તે ઉત્કૃષ્ટ અસંખ્યાતા અસંખ્યાત છે.

**અનંતનું પ્રમાણ :–** (૧) જઘન્ય પરિત્તા અનંત– ઉત્કૃષ્ટ અસંખ્યાતા અસંખ્યાતથી એક અધિક. આ રીતે અસંખ્યાતના ૯ ભેદ જે ઉપર બતાવ્યા છે તે જ પ્રમાણે અનંતના આઠ ભેદ સમજવા જોઈએ. એના નામ– (૨) મધ્યમ પરિત્તા અનંત





(૩) ઉત્કૃષ્ટ પરિત્તા અનંત (૪) જઘન્ય યુક્તા અનંત (૫) મધ્યમ યુક્તા અનંત (૬) ઉત્કૃષ્ટ યુક્તા અનંત (૭) જઘન્ય અનંતા અનંત (૮) મધ્યમ અનંતા અનંત. અનંતનો નવમો ભેદ નથી. અર્થાત્ લોકની અધિકતમ દ્રવ્ય, ગુણ યા પર્યાયની સમસ્ત સંખ્યા આઠમા અનંતમાં જ સમાવિષ્ટ થઈ જાય છે. અતઃ નવમા ભેદની આવશ્યકતા નથી.

## નિબંધ–૬૩

# પલ્યોપમનું ભેદ-પ્રભેદ યુક્ત વિશ્લેષણ

કાળનો જઘન્ય એકમ 'સમય' છે. એ અતિ સૂક્ષ્મ અને અવિભાજ્ય છે. આંખના પલકારા જેટલા સમયમાં અસંખ્ય સમય પસાર થઈ જાય છે. આવા અસંખ્ય સમયની એક આવલિકા થાય છે. સંખ્યાત આવલિકાનો એક ✓ાસો✓ાસ થાય છે. વૃદ્ધાવસ્થા અને વ્યાધિ રહિત પુરુષના ✓ાસો✓ાસને અહીં પ્રમાણ માન્યું છે. આ ✓ાસો✓ાસને 'પ્રાણ' કહેવાય છે.

| | | |
|---|---|---|
| ૭ પ્રાણ | = | એક સ્તોક, |
| ૭ સ્તોક | = | એક લવ, |
| ૭૭ લવ | = | એક મુહૂર્ત |
| ૧ મુહૂર્ત | = | ૩૭૭૩ ✓ાસો✓ાસ(પ્રાણ) હોય છે. |
| ૧ મુહૂર્ત | = | ૧,૬૭,૭૭,૨૧૬ આવલિકા. |
| ૧ પ્રાણ | = | ૪૪૪૬ સાધિક આવલિકા.(.૬૫૧૫) |
| ૧ સેકન્ડ | = | ૫૮૨૫ આવલિકા. |
| ૧ પ્રાણ | = | ૨૮૮૦/૩૭૭૩ ૧૯/૪૫ સેકન્ડ હોય છે. |
| ૧ મુહૂર્ત | = | ૨૮૮૦ સેકન્ડ |
| ૧ મુહૂર્ત | = | ૪૮ મિનિટ, એક મિનિટ = ૬૦ સેકન્ડ |
| ૩૦ મુહૂર્ત | = | ૧ દિવસ |
| ૮૪ લાખ વર્ષ | = | એક પૂર્વાંગ |
| ૮૪ લાખ પૂર્વાંગ | = | એક પૂર્વ. |

ત્યાર પછી પ્રત્યેક કાળ સંજ્ઞા એક બીજાથી ૮૪ લાખ ગણી હોય છે. અંતમાં શીર્ષ પ્રહેલિકાંગથી શીર્ષ પ્રહેલિકા ૮૪ લાખ ગણી હોય છે. આટલી સંખ્યા સુધી ગણિતનો વિષય મનાય છે. તે પછીની સંખ્યા ઉપમા દ્વારા કહેવાય

છે. ઉત્કૃષ્ટ સંખ્યાતાની સંખ્યા ઉપમા દ્વારા પૂર્ણ થાય છે. એ ઉત્કૃષ્ટ સંખ્યામાં એક અધિક થતાં જઘન્ય અસંખ્યાતા થાય છે.

**ઉપમા દ્વારા કાળ ગણના પ્રમાણ :–** પલ્યોપમ અને સાગરોપમ રૂપ બે પ્રકારની ઉપમા દ્વારા કાળની ગણના કરાય છે. પલ્યોપમની ગણના ઉપમાથી સમજતાં સાગરોપમની ગણના સહજમાં સમજાય જાય છે. કારણ કે કોઈપણ પ્રકારના પલ્યોપમથી એનું સાગરોપમ દસ ક્રોડાક્રોડ ગણું હોય છે. માટે અહીં પલ્યોપમનું વર્ણન કરાય છે.

ઉપમા ગણનાનો પલ્યોપમ **ત્રણ પ્રકારનો** હોય છે– **૧.** ઉદ્ધાર પલ્યોપમ **૨.** અદ્ધા પલ્યોપમ **૩.** ક્ષેત્ર પલ્યોપમ. આ ત્રણેમાં સૂક્ષ્મ અને વ્યવહાર(બાદર)ના બે–બે ભેદ હોય છે. **૧.** ઉદ્ધાર પલ્યોપમની ઉપમામાં વાલાગ્ર એક–એક સમયમાં કઢાય છે. **૨.** અદ્ધા પલ્યોપમની ઉપમામાં વાલાગ્ર ૧૦૦ વર્ષે કાઢવામાં આવે છે અને **૩.** 'ક્ષેત્ર પલ્યોપમ'માં વાલાગ્રોના આકાશ પ્રદેશોની ગણના હોય છે. એક આકાશ પ્રદેશ એક સમયમાં કાઢવો.

'ઉદ્ધાર **બાદર** પલ્યોપમ'માં એક દિવસથી સાત દિવસ સુધીના જુગલિયાના વાળ અખંડ ભરાય છે તથા કઢાય છે. જ્યારે **'સૂક્ષ્મ'**માં એ એક-એક વાળના અસંખ્ય ખંડ કરીને ભરાય છે અને કઢાય છે. સૂક્ષ્મ પણક જીવોની અવગાહનાથી અસંખ્યગણી અને નિર્મલ આંખોથી જે નાનામાં નાની વસ્તુ જોઈ શકાય તેનો અસંખ્યાતમો ભાગ હોય, એવા અસંખ્ય ખંડ એક વાલાગ્રના સમજવા. એવું જ અંતર બાદર અદ્ધા પલ્યોપમ અને સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમમાં સમજવું.

બાદર 'ક્ષેત્રપલ્યોપમ'માં અખંડ વાલાગ્રોના અવગાહન કરેલ આકાશ પ્રદેશોનો હિસાબ હોય છે અને સૂક્ષ્મમાં અસંખ્ય ખંડ કરેલા વાળાગ્રના અવગાઢ અને અનવગાઢ બન્ને પ્રકારના અર્થાત્ પલ્ય ક્ષેત્રના સમસ્ત આકાશ પ્રદેશ ગણાય છે. ત્રણ પ્રકારના બાદર(વ્યવહાર) પલ્યોપમ કેવળ સૂક્ષ્મને સમજવા માટે છે અને લોકમાં એનો બીજો કોઈ ઉપયોગ નથી.

સૂક્ષ્મ **ઉદ્ધાર** પલ્યોપમથી દ્વીપ–સમુદ્રોનું માપ થાય છે. અર્થાત્ અઢી ઉદ્ધાર સાગરોપમના જેટલા સમય છે, તેટલા લોકમાં દ્વીપ–સમુદ્ર છે. સૂક્ષ્મ **અદ્ધા** પલ્યોપમ સાગરોપમથી ચાર ગતિના જીવોની ઉંમરનું કથન કરાય છે. સૂક્ષ્મ **ક્ષેત્ર** પલ્યોપમથી દૃષ્ટિવાદ અંગસૂત્રમાં વર્ણવેલા દ્રવ્યોનું માપ કરાય છે.

**પલ્યની ઉપમા :–** લંબાઈ, પહોળાઈ, ઊંચાઈ આ ત્રણેમાં સમાન, ધાન્ય વગેરે





માપવાના પાત્ર ને પલ્ય કહે છે. અહીંયા સ્વીકાર કરેલા પાત્રને(ખાડાને) પણ ત્રણેની સમાનતાને કારણે **પલ્ય** કહેવાય છે.

ઉત્સેધાંગુલથી એક યોજન લાંબો, પહોળો, ઊંડો ગોળાકાર તે પલ્ય હોય છે. જેની સાધિક ત્રણ યોજનની પરિધિ હોય છે. તેમાં સાત દિવસના નવજાત બાળકોના વાળ ઠાંસી-ઠાંસીને ખીચોખીચ સઘન એવી રીતે ભરી દેવામાં આવે કે જરાક પણ ખાલી જગ્યા(સ્થૂળ દૃષ્ટિની અપેક્ષાએ) ન રહે. તેવા ભરેલા તે વાળોને સમયે સમયે અથવા સો-સો વર્ષે એક-એક કાઢવામાં આવે છે.

એ રીતે વાળો કાઢતાં આખો પલ્ય ખાલી થઈ જવામાં જેટલો સમય લાગે તેને પલ્યોપમ કહેવામાં આવે છે. આગળ ૯ પ્રકારના પલ્યોપમના વર્ણનમાં સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમના વર્ણનથી એ સ્પષ્ટ થાય છે કે આવા ખીચોખીચ ભરેલા સ્થાનમાં પણ સૂક્ષ્મ દૃષ્ટિથી અનેક આકાશ પ્રદેશ ખાલી રહી જાય છે. એને એક દૃષ્ટાંત દ્વારા સમજવું જોઈએ, જેમ કે–

એક મોટી કોઠીમાં કોળા ફળ ભર્યા, પછી હલાવી હલાવીને બિજોરાના ફળ ભર્યા, પછી હલાવીને બીલીના ફળ, એમ ક્રમશઃ નાના-નાના ફળ,આંબળા, બોર, ચણા, મગ, સરસવ ભર્યા તે પણ તેમાં સમાઈ ગયા. તો પણ ક્યાંક થોડી ખાલી જગ્યા રહી જાય છે. પછી હલાવી હલાવીને રેતી નાખશો તો તે પણ સમાઈ જશે. ત્યાર પછી તેમાં પાણી નાંખશો તો તે પણ સમાઈ જશે.

જે પ્રમાણે સાગનું લાકડું સઘન નક્કર હોય છે, તેમાં આપણને કયાંય પોલાણ દેખાતી નથી. છતાં જો તેમાં ઝીણી ખીલી લગાડવામાં આવે તો તેને સ્થાન મળી જાય છે. તેમાં સઘન દેખાવા છતાં પણ આકાશ પ્રદેશ અનવગાઢ રહે છે. એવી જ રીતે એક યોજનના એ પલ્યમાં વાળોથી અનવગાઢ આકાશ પ્રદેશ રહી જાય છે. આ વાત સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમના વર્ણન થી ફલિત થાય છે.

## નિબંધ–૬૪

# સાત સ્વરોનું જ્ઞાન

અનુયોગદ્વાર સૂત્રમાં સાત સ્વરોનું વર્ણન આ પ્રમાણે છે–

**(૧) ષડ્જ સ્વર :–** કંઠ, વક્ષસ્થળ, તાલુ, જિવ્હા, દાંત, નાસિકા; આ છ સ્થાનોના સંયોગથી આ સ્વર ઉત્પન્ન થાય છે અને જિવ્હાગ્રથી ઉચ્ચારિત થાય છે, યથા– મયૂરનો શબ્દ, મૃદંગનો શબ્દ. આ સ્વરવાળો મનુષ્ય આજીવિકા, પુત્ર, મિત્ર આદિથી સંપન્ન સુખી હોય છે.

**(ર) વૃષભ સ્વર :–** બળદની ગર્જના જેવો. આ સ્વર વક્ષસ્થલમાંથી ઉચ્ચારિત થાય છે. યથા– કુકડાનો સ્વર, ગૌમુખી વાજિંત્રનો સ્વર. આ સ્વરવાળો મનુષ્ય ઐશ્વર્યશાળી હોય છે. તે સેનાપતિત્વ અને ધનધાન્ય આદિ ભોગસામગ્રી ને પ્રાપ્ત કરે છે.

**(૩) ગાંધાર સ્વર :–** આ સ્વર કંઠમાંથી ઉચ્ચારિત થાય છે. યથા– હંસનો સ્વર, શંખનો અવાજ. આ સ્વરવાળો મનુષ્ય શ્રેષ્ઠ આજીવિકા પ્રાપ્ત કરે છે, કલાકોવિદ હોય છે; કવિ, બુદ્ધિમાન અને અનેક શાસ્ત્રોમાં પારંગત હોય છે.

**(૪) મધ્યમ સ્વર :–** આ સ્વર જિવ્હાના મધ્યભાગથી ઉચ્ચારિત થાય છે. તે ઉચ્ચનાદ રૂપ હોય છે. યથા– ઘંટાનો સ્વર, ઝાલરનો સ્વર. આ સ્વરવાળા સુખૈષી(સુખી) જીવ હોય છે, મનોજ્ઞ ખાતા પીતા હોય છે તેમજ અન્યને ખવડાવે, પીવડાવે છે તથા દાન કરે છે.

**(પ) પંચમ સ્વર :–** નાભિ, વક્ષસ્થળ, હૃદય, કંઠ અને મસ્તક ;આ પાંચ સ્થાનના સંયોગ વડે અને નાસિકામાંથી ઉચ્ચારિત થાય છે. યથા– વસંતઋતુમાં કોયલનો શબ્દ, ગોધિકા વાજિંત્રનો સ્વર. આ સ્વરવાળા રાજા, શૂરવીર, સંગ્રાહક અને અનેક મનુષ્યના નાયક હોય છે.

**(૬) ધૈવત સ્વર :–** પૂર્વોક્ત બધા સ્વરોનું અનુસંધાન કરનારો આ સ્વર દાંત અને હોઠના સંયોગ વડે ઉચ્ચારિત થાય છે. યથા– ક્રૌંચ પક્ષીનો સ્વર, નગારાનો અવાજ. આ સ્વરવાળો મનુષ્ય કલહ પ્રિય, હિંસક તથા નિર્દયી હોય છે.

**(૭) નિષાદ સ્વર :–** આ સ્વર બધા સ્વરોનો પરાભવ કરનારો છે. ભૃકુટી ખેંચીને મસ્તકમાંથી એનું ઉચ્ચારણ થાય છે. યથા– હાથીનો અવાજ, મહાભેરીનો અવાજ. આ સ્વરવાળા મનુષ્ય ચાંડાલ, ગોઘાતક, મુક્કેબાજ, ચોર અને આવા જ મોટા પાપ કરનારા હોય છે. **આ સાત સ્વરો પૂર્ણ થયા.**

## નિબંધ–૬પ

# ત્રણ પ્રકારના અંગુલ અને ઉત્સેધાંગુલ

અનુયોગદ્વાર સૂત્રમાં ઉપક્રમ દ્વારના ત્રીજા પ્રમાણ ઉપક્રમમાં દ્રવ્ય,ક્ષેત્ર આદિ ચાર ભેદ છે. તેના બીજા ક્ષેત્ર પ્રમાણમાં અંગુલ આદિના માપનું કથન છે.

**ક્ષેત્ર પ્રમાણ :–** એનો જઘન્ય એકમ 'અંગુલ' છે. અંગુલ ત્રણ પ્રકારના હોય છે. યથા– **(૧) આત્માંગુલ–** જે કાળમાં જે મનુષ્ય હોય છે, તેમાં પણ જે પ્રમાણ





યુક્ત પુરુષ હોય છે, તેના અંગુલને આત્માંગુલ કહેવાય છે. પ્રમાણયુક્ત પુરુષ તે હોય છે જે સ્વયંના અંગુલથી એકસો આઠ અંગુલ પ્રમાણ હોય છે અથવા ૯ મુખ પ્રમાણ હોય છે. એક દ્રોણ જેટલું તેના શરીરનું આયતન હોય છે અને અર્ધભાર પ્રમાણ જેનું વજન હોય છે. દ્રોણ અને અર્ધભારમાં પ્રાયઃ ૬૪ શેરનું પરિમાણ હોય છે.

**(ર) ઉત્સેધાંગુલ–** ૮ વાળાગ્ર=એક લીખ, આઠ લીખ=એક જૂ , આઠ જૂ= એક જવમધ્ય, આઠ જવમધ્ય=એક ઉત્સેધાંગુલ અર્થાત્ ૮×૮×૮×૮=૪૦૯૬ વાળ ના ગોળ ભારા જેટલો વિસ્તાર(વ્યાસ) હોય છે, એને એક ઉત્સેધાંગુલ કહેવાય છે. આ અંગુલ લગભગ અડધા ઈંચ બરાબર હોય છે, એવું અનુમાન છે. જેથી ૧ર ઈંચ=ર૪ અંગુલ=૧ હાથ=૧ ફૂટ હોય છે. આ રીતે ઉત્સેધાંગુલનો હાથ એક ફુટનો હોય છે અને ધનુષ=૪ફુટનો હોય છે. જ્યારે વર્તમાનમાં હાથ=દોઢ ફુટનો હોય અને ધનુષ=૬ ફુટનો હોય છે. તેને વર્તમાનના આત્માંગુલનું માપ સમજવું.

**(૩) પ્રમાણાંગુલ–** ચક્રવર્તીના કાંકણી રત્નના ૬ તલિયા અને ૧ર હાંસ હોય છે. પ્રત્યેક હાંસ એક ઉત્સેધાંગુલ પ્રમાણ હોય છે. તેના ઉત્સેધાંગુલથી હજાર ગણો(ગોળાઈમાં)પ્રમાણાંગુલ હોય છે. શ્રમણ ભગવાન મહાવીરના અંગુલ ઉત્સેધાંગુલથી બમણા હોય છે. અર્થાત્ ૮૧૯ર(વાળના) કેશનો ગોળ ભારો બનાવવાથી જેટલો વિસ્તાર થાય, તેટલો ભગવાન મહાવીર સ્વામીનો અંગુલ હોય છે. એમ **૪૦૯૬૦૦૦ વાળના ગોળાના બનાવેલ ભારાનો** જેટલો વિસ્તાર થાય છે, તેટલો એક પ્રમાણાંગુલ અર્થાત્ અવસર્પિણીના પ્રથમ ચક્રવર્તીનો અંગુલ હોય છે.

**યોજન નું માપ :–** ૧ર અંગુલ = એક વેંત, બે વેંત=એકહાથ, ચારહાથ=એક ધનુષ, બે હજાર ધનુષ=એક ગાઉ, ચાર ગાઉ=એક યોજન. આ માપ ત્રણે પ્રકારના અંગુલમાં સમજવા. આ પ્રકારે યોજન પર્યંત બધા માપ ત્રણ પ્રકારના હોય છે. તેમાં આત્માંગુલથી તે કાળના ક્ષેત્ર, ગ્રામ, નગર, ઘર વગેરેના માપ કરાય છે. ઉત્સેધાંગુલથી ચાર ગતિના જીવોની અવગાહનાનું માપ કહેવાય છે. પ્રમાણાં-ગુલથી શાશ્વત પદાર્થો અર્થાત્ દ્વીપ, સમુદ્ર, પૃથ્વીપિંડ, વિમાન, પર્વત, કૂટ વગેરેની લંબાઈ, પહોળાઈ, ઊંચાઈ કહેવાય છે. અપેક્ષાએ લોકમાં ત્રણ પ્રકારના રૂપી પદાર્થ છે– (૧) મનુષ્ય કૃત ગ્રામ, નગર, મકાન ઈત્યાદિ. (ર) કર્મ કૃત શરીર ઈત્યાદિ. (૩) શાશ્વત સ્થાન. આ ત્રણેયના માપ કરવા માટે ઉપરોક્ત ત્રણ પ્રકારના અંગુલથી લઈને યોજન પર્યંતના માપનો ઉપયોગ કરાય છે.

**પરમાણુથી અંગુલનું માપ :–** સૂક્ષ્મ પરમાણુ અને વ્યવહારિક પરમાણુના ભેદથી પરમાણુ બે પ્રકારના છે. સૂક્ષ્મ પરમાણુ અવર્ણ્ય છે. તે અતિ સૂક્ષ્મ, અવિભાજ્ય, પુદ્‌ગલનો અંતિમ એક પ્રદેશ હોય છે. તેનો આદિ, મધ્ય, અંત તે સ્વયં છે. એવા અનંતાનંત પરમાણુનો એક વ્યવહારિક પરમાણુ થાય છે. તે પણ સૂક્ષ્મ હોય છે. તલવાર વગેરેથી અવિચ્છેદ્ય છે. અગ્નિ એને બાળી શકતી નથી. હવા એને ઉડાડી શકતી નથી. એવા અનંત વ્યવહારિક પરમાણુના માપની ગણના આ પ્રકારે કરાય છે.

| | | |
|---|---|---|
| **અનંત વ્યવહાર પરમાણુ** | = | **૧ ઉત્શ્લક્ષ્ણ શ્લક્ષ્ણિકા.** |
| **૮ ઉત્શ્લક્ષ્ણ શ્લક્ષ્ણિકા** | = | **૧ શ્લક્ષ્ણ શ્લક્ષ્ણિકા** |
| **૮ શ્લક્ષ્ણ શ્લક્ષ્ણિકા** | = | **૧ ઊર્ધ્વ રેણુ** |
| **૮ ઊર્ધ્વ રેણુ** | = | **૧ ત્રસ રેણુ** |
| **૮ ત્રસ રેણુ** | = | **૧ રથ રેણુ** |
| **૮ રથ રેણુ** | = | **૧ વાળ (દેવકુરુ મનુષ્યનો)** |
| **૮ વાળ (દેવકુરુ)** | = | **૧ વાળ (હરિવર્ષ મનુષ્યનો)** |
| **૮ વાળ (હરિવર્ષ)** | = | **૧ વાળ (હેમવત મનુષ્યનો)** |
| **૮ વાળ (હેમવત)** | = | **૧ વાળ (મહાવિદેહના મનુષ્યનો)** |
| **૮ વાળ (મહાવિદેહ)** | = | **૧ વાળ (ભરતક્ષેત્રના મનુષ્યનો)** |
| **૮ વાળ(ભરતક્ષેત્ર)** | = | **૧ લીખ** |
| **૮ લીખ** | = | **૧ જૂ** |
| **૮ જૂ** | = | **૧ જવમધ્ય** |
| **૮ જવ મધ્ય** | = | **૧ ઉત્સેધાંગુલ** |

**(૧૨ અંગુલ= ૧ વેંત, ૨ વેંત = હાથ, ૨ હાથ = ૧ કુક્ષી, ૨ કુક્ષી = ૧ ધનુષ.)**

**પરંપરા–** પાંચમો આરો અડધો પસાર થતાં જે પ્રમાણોપેત મનુષ્ય હોય તેના અંગુલ માપને **ઉત્સેધાંગુલ** કહેવાય છે. **આત્માંગુલ–** દરેક જમાનામાં જુદા-જુદા માપવાળા હોય છે. **પ્રમાણાંગુલ–** ભરત ચક્રવર્તીના અંગુલ પ્રમાણ હોય છે.

### નિબંધ–૬૬

## ચાર નિક્ષેપોનું રહસ્ય અને વ્યવહાર

ચાર નિક્ષેપોનું વર્ણન અનુયોગદ્વારસૂત્રમાં છ તેનુ પરિશીલન આ પ્રમાણે છે– નિક્ષેપ દ્વારમાં નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એ ચાર દ્વારોથી વસ્તુનું કથન કરી શકાય. તો પણ નામ સ્થાપના માત્ર જ્ઞેય છે, એનાથી વસ્તુની પૂર્તિ





થતી નથી. ત્રીજા દ્રવ્ય નિક્ષેપમાં એ વસ્તુનું કંઈક અંશે અસ્તિત્વ હોય છે. પરંતુ એમાં પણ એ વસ્તુની પૂર્ણ પ્રયોજન સિદ્ધિ થતી નથી. ભાવ નિક્ષેપમાં કહેવાયેલ પદાર્થ વાસ્તવમાં પરિપૂર્ણ અસ્તિત્વમાં હોય છે, એનાથી તે પદાર્થ સંબંધી પ્રયોજનની સિદ્ધિ થાય છે. યથા– (૧) કોઈનું નામ ઘેવર અથવા રોટી રખાય છે તો એનાથી ક્ષુધા પૂર્તિ થતી નથી. (૨) કોઈ વસ્તુમાં રોટી અથવા ઘેવર જેવો આકાર કલ્પિત કરીને એને 'ઘેવર છે' અથવા તે 'રોટલી છે' એવી કલ્પના, સ્થાપના કરવામાં આવે તો એનાથી ક્ષુધાશાંતિ સંભવ નથી. (૩) જે રોટલી અથવા ઘેવરનો લોટ કે મેંદો પડ્યો હોય અથવા રોટલી અને ઘેવરને પાણીમાં ઘોળી દઈ વિનષ્ટ કરી દેવાથી, રોટી કે ઘેવર જેવી તૃપ્તિ થઈ શકતી નથી. (૪) શુદ્ધ પરિપૂર્ણતાવાળી રોટલી અને ઘેવર જ વાસ્તવિક રોટલી અથવા ઘેવર છે. એનાથી ક્ષુધા શાંતિ અને તૃપ્તિ સંભવ છે. તેથી ચારે નિક્ષેપમાં કહેવાઈ ગયેલા પદાર્થને એક સરખો સમજવાની ભૂલ ન કરવી જોઈએ. ભાવ નિક્ષેપનું મહત્ત્વ અલગ સમજવું. દ્રવ્ય નિક્ષેપનું કિંચિત્ માત્રામાં મહત્ત્વ હોય છે. નામ સ્થાપના નિક્ષેપ પ્રાયઃ આરોપિત, કલ્પિત જ હોય છે. તેને ભાવ નિક્ષેપની બરોબર ન ગણી શકાય.

આનાથી સ્પષ્ટ છે કે કોઈ પણ વ્યક્તિ યા મહાન આત્માનો ફોટો, તસ્વીર, મૂર્તિ વગેરેમાં એ ગુણવાન વ્યક્તિને યોગ્ય વસ્ત્રાભૂષણ, સ્નાન, શૃંગાર, આહાર અને સત્કાર, સન્માન વગેરેનો વ્યવહાર કરવો એ નિક્ષેપની અવહેલના અને દુરુપયોગ કરવા બરાબર સમજવું જોઈએ તથા એવું કરવું કે એની પ્રેરણા અથવા પ્રરૂપણા કરવી તે પણ સૂત્ર વિરુદ્ધ પ્રરૂપણા છે, એમ સમજવું.

### નિબંધ–૬૭

## સાત નયોનું સ્વરૂપ અને દ્રષ્ટાંત

વસ્તુને વિભિન્ન દષ્ટિઓથી સમજવા માટે અથવા એના મૂળસુધી પ્રવેશ કરવા માટે એ વસ્તુની 'નય' દ્વારા વિચારણા કરાય છે. અપેક્ષાએ 'નય'ના વિવિધ પ્રકાર હોય છે, અથવા તો જેટલા વચન માર્ગ છે, જેટલા આશયથી વસ્તુનું કથન કરી શકાય છે, તેટલા નય હોય છે. અર્થાત્ પ્રત્યેક વસ્તુમાં અનંત ધર્મ(ગુણ) રહેલા હોય છે; એમાંથી એક સમયમાં અપેક્ષિત કોઈ એક ધર્મનું કથન કરી શકાય છે. એ એક ધર્મના કહેવાની અપેક્ષાવાળા વચનને નય કહેવાય છે. અતઃ અનંત ધર્માત્મક વસ્તુઓની અપેક્ષા નયોની સંખ્યા પણ અનંત છે. તેમ છતાં

કોઈપણ વસ્તુને સરળતાથી સમજવા માટે એ અનેક ભેદોનો સંગ્રહ કરી સીમિત ભેદોમાં સમાવિષ્ટ કરીને કથન કરવું આવશ્યક છે. આ જ કારણે ઉક્ત અનેક ભેદોનો સમાવેશ સાત નયોમાં કરવામાં આવેલ છે. તે ઉપરાંત સંક્ષિપ્ત અપેક્ષાથી બબ્બે ભેદ પણ કરવામાં આવે છે. યથા– દ્રવ્યાર્થિક નય અને પર્યાયાર્થિક નય; નિશ્ચય નય અને વ્યવહાર નય. જ્ઞાન નય એવં ક્રિયા નય. અતિ સંક્ષેપ વિધિથી તે સાત ભેદોને આ બે–બેમાં સમાવિષ્ટ કરીને પણ કથન કરી દેવામાં આવે છે. સૂત્રોક્ત સાત નય આ પ્રમાણે છે– (૧) નૈગમ નય (૨) સંગ્રહ નય (૩) વ્યવહાર નય (૪) ઋજુસૂત્ર નય (૫) શબ્દ નય (૬) સમભિરૂઢ નય (૭) એવંભૂત નય.

**(૧) નૈગમ નય–** આ નયમાં વસ્તુના સામાન્ય અને વિશેષ ઉભય ધર્મોના અલગ-અલગ અસ્તિત્વનો સ્વીકાર કરવામાં આવે છે. અર્થાત્ કોઈ વસ્તુમાં અંશ માત્ર પણ પોતાનો વાચ્ય ગુણ હોય તો પણ એને સત્યરૂપમાં સ્વીકાર કરાય છે. ભૂત, ભવિષ્ય અને વર્તમાન કાલનો પણ અલગ-અલગ સ્વીકાર કરાય છે. અર્થાત્ જે થઈ ગયું છે, જે થઈ રહ્યું છે, જે થવાનું છે, એને સત્યરૂપમાં આ નય સ્વીકાર કરે છે. ન + એક + ગમ = નૈગમ– જેમાં વિચાર ફકત એક નહિ પણ અનેક પ્રકારોથી કરાય છે. વસ્તુઓના ધર્મોનું અલગ-અલગ અસ્તિત્વ સ્વીકાર કરનાર આ નય છે. તીર્થંકર આદિ મહાપુરુષોના જન્મ દિનનો સ્વીકાર કરીને ઉજવાય છે તે પણ નૈગમ નયથી સ્વીકાર કરાય છે. આ નય ચારે ય નિક્ષેપોનો સ્વીકાર કરે છે. અર્થાત્ પોત-પોતાના જુદા-જુદા રૂપમાં, ન કે બધા નિક્ષેપોને સમાન રૂપે. તાત્પર્ય એ છે કે ચારેય નિક્ષેપોને પોતાની અપેક્ષામાં સત્ય સ્વીકાર કરી કોઈને પણ નકારતા નથી.

**(૨) સંગ્રહનય–** આ નયમાં વસ્તુના સામાન્ય ધર્મનો સ્વીકાર કરાય છે. અલગ -અલગ ભેદોથી વસ્તુને ભિન્ન ભિન્નરૂપે સ્વીકાર નહીં કરતા, સામાન્ય ધર્મથી જાતિવાચકરૂપથી વસ્તુનો સંગ્રહ કરીને એને એક વસ્તુરૂપ સ્વીકાર કરીને કથન કરવામાં આવે છે. એની વિભિન્નતાઓ અને વિશેષતાઓને એક રૂપ સ્વીકાર કરીને આ નય કથન કરે છે. અર્થાત્ આ નય યુક્ત કથનમાં સામાન્ય ધર્મની વિવિક્ષાની પ્રમુખતા રહે છે અને વિશેષ ધર્મ ગૌણ હોય છે. આ નય ભેદ-પ્રભેદોને ગૌણ કરે છે અને સામાન્ય-સામાન્યને ગ્રહણ કરે છે. આવું કરતાં એ વિશેષને પણ ગ્રહણ કરે છે પરંતુ વિશેષ ધર્મને સામાન્ય ધર્મરૂપમાં સ્વીકાર કરીને એમાં અનેક વસ્તુઓને સંગ્રહિત કરે છે. યથા– 'ઘડા' દ્રવ્યનું કથન કરીને બધાજ ઘડાનો





સ્વીકાર કરાયો છે. ભલે તે નાનો હોય કે મોટો હોય અથવા એક કે અનેક રંગનો હોય અથવા તેમાં અનેક ગુણ ભેદ કે મૂલ્યભેદ કેમ ન હોય, પરંતુ ઘડો એ ઘડો છે અને ભેદ, પ્રભેદ કે અલગ અલગ વસ્તુનો સ્વીકાર એમાં નથી હોતો. જ્યારે 'વાસણ' દ્રવ્યનો બોધ કરવો હોય ત્યારે બધી જાતના વાસણોને એકમાં સમાવિષ્ટ કરીને કરાય છે. અલગ-અલગ જાતિ કે અલગ-અલગ પદાર્થોની ભિન્નતાની અપેક્ષા આ નયમાં રખાતી નથી. આ નય વિશેષનો ગ્રાહક નથી, તોપણ ત્રણે ય કાળની અવસ્થા અને ચારે ય નિક્ષેપનો સ્વીકાર કરે છે.

**(૩) વ્યવહાર નય–** વ્યવહારમાં ઉપયુક્ત જે પણ વસ્તુનો વિશેષ વિશેષતર ગુણ ધર્મ છે તેને સ્વીકાર કરનારો આ વ્યવહાર નય છે. એ નયવસ્તુની સામાન્ય સામાન્યતર ધર્મની અપેક્ષા રાખતો નથી. પોતાના લક્ષિત વ્યવહારોપયુક્ત વિશેષધર્મને સ્વીકાર કરવાની અપેક્ષા રાખે છે. એ ત્રણે ય કાળની વાતનો અને ચારે નિક્ષેપોનો સ્વીકાર કરે છે. સંગ્રહ નય જીવોને જીવ શબ્દથી કહેશે તો આ નય એને નારકી દેવતા આદિ વિશેષ ભેદથી કહેશે.

**(૪) ઋજુસૂત્ર નય–** આ નય ભૂત-ભવિષ્યનો સ્વીકાર કરતો નથી. ફક્ત વર્તમાન ગુણધર્મનો સ્વીકાર કરે છે અર્થાત્ વર્તમાનમાં જે પદાર્થનું સ્વરૂપ કે અવસ્થા કે ગુણ છે તેને એ નય માનશે અને કહેશે પરંતુ શેષ અવસ્થાની અપેક્ષા કરતો નથી. આ નય ફક્ત ભાવ નિક્ષેપનો સ્વીકાર કરે છે.

**(૫) શબ્દનય–** કાલ, કારક, લિંગ, વચન, સંખ્યા, પુરુષ, ઉપસર્ગ આદિ શબ્દોના જે અર્થ પ્રસિદ્ધ થાય, તેનો સ્વીકાર કરવાવાળો નય એ શબ્દ નય છે. એક પદાર્થને કહેવાવાળા પર્યાયવાચી શબ્દોને એકાર્થક એક રૂપમાં આ નય સ્વીકાર કરી લે છે અર્થાત્ શબ્દોને વ્યુત્પત્તિ અર્થથી, રૂઢ પ્રચલનથી અને પર્યાયવાચી રૂપમાં પણ સ્વીકાર કરે છે.

**(૬) સમભિરૂઢ નય–** પર્યાયવાચી શબ્દોમાં નિરૂક્તિ ભેદથી જે ભિન્ન અર્થ હોય છે એને અલગ-અલગ સ્વીકાર કરનારો એવંભૂત નય છે. શબ્દ નય શબ્દોની અપેક્ષા રાખે છે. અર્થાત્ સર્વે શબ્દોને અને એના પ્રચલનને માને છે, પરન્તુ આ નય એ શબ્દોના અર્થની અપેક્ષા રાખે છે. પર્યાય શબ્દોના વાચ્યાર્થવાળા પદાર્થોને ભિન્ન ભિન્ન માને છે. આ નય વિશેષનો સ્વીકાર કરે છે. સામાન્યને નથી માનતો; વર્તમાન કાળને માને છે અને એક ભાવ નિક્ષેપનો જ સ્વીકાર કરે છે.

**(૭) એવંભૂત નય–** અન્ય કોઈપણ અપેક્ષા કે શબ્દ અથવા શબ્દાર્થ આદિનો

સ્વીકાર નહીં કરતાં એ જ અર્થમાં ઉપયુક્ત(ઉપયોગ સહિત) અવસ્થામાં એ નય વસ્તુનો સ્વીકાર કરે છે; અન્ય અવસ્થામાં વસ્તુનો સ્વીકાર કરતો નથી, સમભિરૂઢ નય તો અર્થ ઘટિત હોવાથી એ વસ્તુનો અલગ સ્વીકાર કરી લે છે. પરંતુ આ નય તો અર્થની જે ક્રિયા છે તેમાં વર્તમાન વસ્તુનો જ સ્વીકાર કરે છે અર્થાત્ ક્રિયાન્વિત રૂપમાં જ શબ્દ અને વાચ્યાર્થવાળી વસ્તુનો સ્વીકાર કરે છે. આ પ્રકારે આ નય શબ્દ, અર્થ અને ક્રિયા ત્રણેને જુએ છે. વસ્તુના જે નામ અને અર્થ છે, તેવી જ તેની ક્રિયા અને પરિણામની ધારા હોય, વસ્તુ સ્વયંના ગુણધર્મમાં પૂર્ણ હોય અને પ્રત્યક્ષ દેખાય, સમજાય તેને જ તે એવંભૂત નય વસ્તુરૂપમાં સ્વીકાર કરે છે. એક અંશ પણ ઓછો હોય તો તે આ નયને સ્વીકાર્ય નથી.

આ પ્રકારે આ નય સામાન્યને સ્વીકારતો નથી, વિશેષને સ્વીકારે છે. વર્તમાનકાળ એવં ભાવનિક્ષેપનો સ્વીકાર કરે છે.

## દષ્ટાંતો વડે સાત નયોના સ્વરૂપનું સ્પષ્ટીકરણ :–

**નૈગમનય–** આ નયમાં સામાન્ય ધર્મ અને વિશેષ ધર્મ બન્નેની પ્રધાનતાનો સ્વીકાર હોય છે. ભૂત, ભવિષ્ય, વર્તમાન સર્વે અવસ્થાને પ્રધાનતા આપીને તેનો સ્વીકાર કરે છે. વસ્તુના વિશાળરૂપથી પણ તે વસ્તુનો સ્વીકાર કરે છે અને વસ્તુના એક અંશથી પણ તે વસ્તુનો સ્વીકાર કરવામાં આવે છે. આ નયના અપેક્ષા-સ્વરૂપને સમજવા માટે ત્રણ દષ્ટાંત આપવામાં આવે છે. યથા– ૧. નિવાસનું ૨. પ્રસ્થક નામના કાષ્ઠ પાત્રનું ૩. ગામનું.

**(૧)** એક વ્યક્તિએ બીજી વ્યક્તિને પૂછ્યું કે આપ ક્યાં રહો છો ? તો એના પ્રશ્નના ઉત્તરમાં તે કહે કે હું લોકમાં રહું છું અથવા તિરછા લોકમાં રહું છું અથવા જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રમાં હિન્દુસ્તાનમાં, આ રીતે ગુજરાત, રાજકોટ, કાલાવડ રોડ, ઓમાનવાળા ઉપાશ્રય, બીજા માળે વગેરે કોઈપણ ઉત્તર આપે. નૈગમ નય તે બધી અપેક્ષાઓને સત્ય યા પ્રમુખતાથી સ્વીકાર કરે છે.

**(૨)** કાષ્ઠપાત્ર બનાવવા માટે લાકડા કાપવા જંગલમાં જતી વખતે કોઈના પૂછવા પર તે વ્યક્તિ કહે કે પ્રસ્થક(કાષ્ઠ પાત્ર) લેવા જઈ રહ્યો છું. વૃક્ષ કાપતી વખતે, પાછા આવતી વખતે, છોલતી વખતે, સુધારતી વખતે અને પાત્ર બનાવતી વખતે, આ પ્રકારે સર્વે અવસ્થાઓમાં એનું પ્રસ્થક બનાવવાનું કહેવું નૈગમ નય સત્ય સ્વીકાર કરે છે.

**(૩)** જયપુર જનારો વ્યક્તિ જયપુરની સીમામાં પ્રવેશ કરતાં કહે કે જયપુર





આવી ગયું, નગર કે બગીચામાં પ્રવેશતાં કહે જયપુર આવી ગયું, શહેરમાં પહોંચતાં, પ્રવેશતાં, મોટા રસ્તા પર પહોંચતાં અને તેમાં પણ લાલ ભવનમાં બેસતાં, પોતાના સાથીઓને કહે કે આપણે જયપુરમાં બેઠા છીએ. આ સર્વે અવસ્થાઓના વાક્ય પ્રયોગોને નૈગમ નય વગર સંકોચે સત્ય સ્વીકાર કરી લે છે. આ નૈગમ નયની અપેક્ષા છે. આ પ્રકારે દ્રવ્ય, પર્યાય, સામાન્ય અને વિશેષ તથા ત્રણે કાળને સત્ય સ્વીકાર કરનારો નૈગમ નય છે.

**સંગ્રહ નય–** નૈગમ નય સામાન્ય અને વિશેષ બન્નેની ઉપયોગિતાનો સ્વીકાર કરે છે. સંગ્રહ નય ફક્ત સામાન્યનો સ્વીકાર કરે છે, વિશેષને ગૌણ કરે છે. સામાન્ય ધર્મથી અનેક વસ્તુઓને એકમાં જ સ્વીકાર કરવાવાળો સંગ્રહ નય છે. યથા– ભોજન લાવો. આ કથનમાં રોટલી, શાક, મિઠાઈ, દહીં, નમકીન ઈત્યાદિ સર્વે પદાર્થોને ગ્રહણ કરી એને આદેશ અપાય તેને સંગ્રહ નય કહે છે. એવી જ રીતે અહીં વનસ્પતિઓ છે. તેમ કહેવાથી લીલું ઘાસ, છોડ, વેલ, આંબાનું વૃક્ષ આદિ અનેકોના સમાવેશ યુક્ત કથન સંગ્રહ નયની અપેક્ષાએ છે. આ જ રીતે દ્રવ્યથી ૬ દ્રવ્યોનું, જીવથી ચાર ગતિના જીવોનું કથન સંગ્રહ નયની અપેક્ષાએ છે. આ પ્રકારે આ નય એક શબ્દમાં અનેક પદાર્થોનો સંગ્રહ કરે છે. વિશેષ, વિશેષતર ભેદ-પ્રભેદોની અપેક્ષા રાખતો નથી.

**વ્યવહાર નય–** સામાન્ય ધર્મોને છોડીને વિશેષ ધર્મોને ગ્રહણ કરી વસ્તુનું કથન કરવાવાળો અને ભેદ-પ્રભેદ કરી વસ્તુનું કથન કરનારો વ્યવહાર નય છે. જેમ કે દ્રવ્યને છ ભેદથી, એમાં પણ જીવ દ્રવ્યને ચાર ગતિથી, પછી જાતિથી, કાયાથી, પછી દેશ વિશેષથી કથન કરે છે. જેમકે સંગ્રહ નય મનુષ્ય જાનવર આદિ અથવા તેના સમૂહને આ જીવ છે, એવા સામાન્ય ધર્મની પ્રમુખતાથી કથન કરે. જ્યારે વ્યવહાર નય આ મનુષ્ય ભારતવર્ષના રાજસ્થાન પ્રાંતના જયપુર નગરનો બ્રાહ્મણ જાતિનો ત્રીસ વર્ષનો જુવાન છે, એવું કહેશે. એ રીતે વિશેષ ધર્મ કથન તથા આશયને વ્યવહાર નય પ્રમુખ કરે છે.

(૧) નૈગમ નય સામાન્ય અને વિશેષ બંન્નેને ઉપયોગી સ્વીકારે છે. (૨) સંગ્રહ નય સામાન્યને ઉપયોગી સ્વીકાર કરે છે. (૩) વ્યવહાર નય વિશેષ (વ્યવહારિક) અવસ્થા સ્વીકાર કરીને કથન કરે છે. આ ત્રણ નયને દ્રવ્યાર્થિક નય કહે છે. આ નય ત્રણે કાળને સ્વીકારે છે.

**ઋજુસૂત્ર નય–** ફક્ત વર્તમાનકાળને પ્રમુખતા આપવાવાળો કે સ્વીકાર કરનારો

આ નય ઋજુસૂત્ર નય છે. આ વર્તમાનની ઉપયોગિતા સ્વીકાર કરે છે. ભૂત અને ભાવીના ધર્મોની, અવસ્થાઓની અપેક્ષા રાખતો નથી. કોઈ વ્યક્તિ પહેલાં દુઃખી હતો, પછી એનું ભવિષ્ય પણ દુઃખી હશે, પરંતુ અત્યારે વર્તમાનમાં સુખી છે, સુખનો અનુભવ કરી રહ્યો છે. તેને ભૂત અને ભવિષ્યના દુઃખનો અત્યારે શું સંબંધ ? આથી તે વ્યક્તિને સુખી કહેવામાં આવશે. કોઈ પહેલાં રાજા હતો, હમણાં ભિખારી બની ગયો છે. પછી ફરી ક્યારેક રાજા બનશે. પરંતુ અત્યારે તે ભીખારીપણાનો અનુભવ કરી રહ્યો છે. અતઃ એને ભૂતકાળ અને રાજાપણાનો અત્યારે કંઈ જ સંબંધ નથી. અત્યારે તો એ ભિખારી જ કહેવાશે. કોઈ વ્યક્તિ મુનિ બન્યો હતો, અત્યારે તે ગૃહસ્થ છે, ફરી મુનિ બની જશે. વર્તમાનમાં તે ગૃહસ્થરૂપમાં છે. પૂર્વ અને ભાવી મુનિપણાનો એને કોઈ આત્માનંદ નથી. અતઃ આ નય વર્તમાન અવસ્થામાં વસ્તુ સ્વરૂપને દેખે છે, જાણે છે અને કથન કરે છે.

**શબ્દ નય–** શબ્દથી પદાર્થોનું જ્ઞાન થાય છે. એટલા માટે આ નય પદાર્થોને કોઈપણ પ્રકારે બોધ કરાવનાર શબ્દોનો સ્વીકાર કરે છે. તે શબ્દ જે પદાર્થનો બોધ કરાવે છે તેને આ નય પ્રધાનતા આપીને સ્વીકાર કરે છે. આ નય વર્તમાનને સ્વીકાર કરે છે. યથા– 'જિન' શબ્દ જે વર્તમાનમાં રાગદ્વેષ વિજેતા છે એને એ ગ્રહણ કરે છે. પરંતુ ભવિષ્યમાં કોઈ જિન થશે એ દ્રવ્ય 'જિન'નો સ્વીકાર કરતો નથી. તેવી રીતે કોઈનું નામ 'જિન' છે, એ નામ જિનનો પણ સ્વીકાર કરતો નથી. પ્રતિમા, યા ચિત્ર પર કોઈ 'જિન'ની સ્થાપના કરી હોય તો તે 'સ્થાપના જિન'ને પણ આ નય સ્વીકાર કરતો નથી . આ પ્રકારે આ નય કેવલ ભાવ નિક્ષેપનો સ્વીકાર કરે છે. નામ, સ્થાપના એવં દ્રવ્યનિક્ષેપને આ નય સ્વીકાર કરતો નથી.

જે શબ્દ જે વસ્તુનું કથન કરવાની અર્થ યોગ્યતા અથવા બોધકતા ધરાવે છે એના માટે એ શબ્દનો પ્રયોગ કરવો શબ્દ નય છે. શબ્દ– યૌગિક, રૂઢ અને યૌગિકરૂઢ પણ હોય છે. તે જે–જે શબ્દના બોધક હોય છે, તેને આ નય ઉપયોગી સ્વીકાર કરે છે.

યથા– (૧)'પાચક' આ યૌગિક નિરુક્ત શબ્દ છે. એનો અર્થ રસોઈયો, રસોઈ કરનારો હોય છે. (૨)'ગૌ' આ રૂઢ શબ્દ છે. એનો અર્થ છે– જવાની ક્રિયા કરનારો. પરંતુ બળદ અથવા ગાય જાતિ માટે એનો અર્થ રૂઢ થયો છે. અતઃ શબ્દનય એનો પણ સ્વીકાર કરે છે.(૩)'પંકજ' યૌગિક પણ છે અને રૂઢ પણ છે.





એનો અર્થ છે કીચડમાં ઉત્પન્ન થનારું 'કમળ'. પરંતુ કીચડમાં તો દેડકો, શેવાળ આદિ ઘણી વસ્તુઓ ઉત્પન્ન થાય છે. એને નહીં સમજતા ફક્ત 'કમળ'ને જ સમજવામાં આવે છે. આ રીતે 'પંકજ' એ યૌગિકરૂઢ શબ્દ છે. એનાથી કમળનો જ બોધ થાય છે. શબ્દ નય એનો પણ સ્વીકાર કરે છે. એ પ્રકારે વિભિન્ન રીતે અર્થનો બોધક અને સર્વે શબ્દોની ઉપયોગિતા કરનારો એ 'શબ્દનય' છે.

**સમભિરૂઢ નય :–** આ નય પણ એક પ્રકારનો શબ્દનય છે. એનું સ્વરૂપ પણ શબ્દનયની સમાન સમજવું જોઈએ. વિશેષતાએ છે કે આ રૂઢ શબ્દ આદિને પદાર્થનો અર્થ બોધક તરીકે સ્વીકાર કરતો નથી, ફક્ત યૌગિક, નિરુકત શબ્દ જે અર્થને કહે છે તે પદાર્થનો જ આ નય સ્વીકાર કરે છે. અર્થાત્ રૂઢ શબ્દનો સ્વીકાર નથી કરતો, સાથે પર્યાયવાચી શબ્દ છે એને પણ એકરૂપમાં સ્વીકાર નથી કરતો પરન્તુ ભિન્ન-ભિન્ન રૂપમાં એનો સ્વીકાર કરે છે. અર્થાત્ એ પર્યાયવાચી શબ્દોનો જે નિરુક્ત અર્થ હોય છે એ શબ્દથી એ પદાર્થનો સ્વીકાર કરે છે અને બીજા પર્યાયવાચી શબ્દને વાચ્ય પદાર્થથી એનો અલગ સ્વીકાર કરે છે. યથા– જિન, કેવળી, તીર્થંકર આ જિને✓રના જ બોધક શબ્દ છે એવં એકાર્થક રૂપમાં પણ છે. તો પણ આ નય એનો અલગ-અલગ અર્થમાં અલગ-અલગ સ્વીકાર કરશે. આ પ્રકારે આ નય નિરૂક્ત અર્થની પ્રધાનતાએ શબ્દનો પ્રયોગ તે પદાર્થ માટે કરે છે તથા આવો પ્રયોગ કરવો ઉપયોગી માને છે. એ પર્યાય શબ્દને અલગ-અલગ પદાર્થનો બોધક માને છે. જિન, અર્હત, તીર્થંકર, કેવળી એ ભિન્ન-ભિન્ન ગુણવાળા પદાર્થના બોધક છે.

**એવંભૂત નય–** જે શબ્દનો જે અર્થ છે અને તે અર્થ જે પદાર્થનો બોધક છે તે પદાર્થ જ્યારે એ અર્થનો અનુભવ કરાવે, એ અર્થની ક્રિયાશીલ અવસ્થામાં હોય ત્યારે એ માટે એ શબ્દનો પ્રયોગ કરવો, એ આ એવંભૂત નયનો આશય છે. અર્થાત્ જે દિવસે જે સમયે તીર્થની સ્થાપના કરી તે સમયે તીર્થંકર શબ્દનો પ્રયોગ કરવો. જે સમયે સુરાસુર દ્વારા પૂજા કરાય છે તે સમયે અર્હત્ કહેવું, કલમથી જ્યારે લખવાનું કાર્ય કરાય છે ત્યારે એને માટે 'લેખની' શબ્દનો પ્રયોગ કરવો. સમભિરૂઢ નય નિરુક્ત અર્થવાળા શબ્દનો સ્વીકાર કરે છે અને એવંભૂત નય પણ એનો સ્વીકાર કરે છે. પરંતુ એ ભાવ યા ક્રિયામાં પરિણત વસ્તુ માટે એ શબ્દનો પ્રયોગ કરવાનો સ્વીકાર કરે છે; એ એની વિશેષતા છે. આ પ્રકારે આ નય કેવળ શુદ્ધ ભાવ નિક્ષેપનો જ સ્વીકાર કરવાનું કથન કરે છે.

## નય, દુર્નય અને સ્યાદ્વાદ આ ત્રણેનું સ્વરૂપ :–

આ સાતે નય પોતપોતાની અપેક્ષાએ વચન પ્રયોગ અને વ્યવહાર કરે છે, અન્ય અપેક્ષાનો સ્પર્શ કરતા નથી, ઉપેક્ષા રાખે છે, માટે તે નય કહેવાય છે. જો એ નયો બીજી અપેક્ષાનું ખંડન, વિરોધ કરે તો એ નય વચન નયની સીમાનું ઉલ્લંઘન કરીને દુર્નય બની જાય છે અર્થાત્ એની નયરૂપતા કુનયતામાં બદલાઈ જાય છે. આવા કુનયને કારણે અનેક વિવાદ તથા મત મતાંતર કે નિન્હવ આદિ ઉત્પન્ન થાય છે. નયમાં ક્લેશ ઉત્પાદકતા નથી. દુર્નયમાં કલેશોત્પાદકતા છે. યથા– બે વ્યક્તિઓએ એક ઢાલ જોઈ. બન્ને અલગ અલગ દિશામાં દૂર ઉભા હતા. ઢાલ એક બાજુ સુવર્ણ યુક્ત હતી તો બીજી બાજુ ચાંદીના રસયુક્ત બનાવેલી હતી. જો આ બન્ને વ્યક્તિ નયથી બોલે તો એક કહેશે 'ઢાલ સુર્વણમય છે' તો બીજો કહેશે 'ઢાલ ચાંદીમય છે'. આમ કહી બન્ને પોતાના કથનના અનુભવમાં શાંત રહે તો એ નય છે. એક બીજાની નિંદા કરે કે અરે તું ગાંડો થઈ ગયો છે, જોતો નથી આ ઢાલ પીળી સોનાની દેખાય છે. બીજો કહેશે તારી આંખોમાં કમળો છે, ઢાલ તો ચાંદી જેવી સ્વચ્છ સફેદ દેખાય છે, તો આ દુર્નય છે. દુર્નયમાં ઝઘડા છે, લડાઈ છે.

અહીં જો સ્યાદ્વાદ, અનેકાંતવાદ આવીને ઊભો રહી જાય તો તે કહેશે કે ઢાલ સફેદ પણ છે, પીળી પણ છે. સોનારૂપ પણ છે, ચાંદીરૂપ પણ છે; તો શાંતિ થઈ જશે. આ પ્રકારે નય અને દુર્નયને ઓળખીને નય સુધી સીમિત રહેવું જોઈએ અથવા એના પર સર્વ રીતે ચિંતન કરીને અનેકાંતવાદમાં જવું જોઈએ. પરંતુ એકાંતવાદ અથવા દુર્નયનો આશરો કયારે ય ન લેવો જોઈએ. દુર્નયરૂપ એકાંતવાદના મિથ્યાત્વથી ક્લેશ તથા દુ:ખની પ્રાપ્તિ થાય છે અને નયવાદ, અનેકાંતવાદથી શાંતિ અને આનંદની પ્રાપ્તિ થાય છે.

એક વ્યક્તિ કોઈનો પિતા છે તો પુત્રની અપેક્ષાએ તેને પિતા કહેવું નય છે. પરંતુ એ પિતા જ છે, કોઈનો ભાઈ, પુત્ર, મામા, આદિ નથી એવું કથન કરવું એ દુર્નય છે. મોક્ષમાર્ગમાં શ્રદ્ધાનું સ્થાન અતિ મહત્ત્વશીલ બતાવ્યું છે, એ નય છે. પરંતુ જ્ઞાન યા ક્રિયાનું ખંડન, નિષેધ કરવો, એ દુર્નય છે. એ પ્રકારે જ્ઞાનનું મહત્ત્વ બતાવતાં તે કથનનો વિસ્તાર કરવો નય છે, પરંતુ તેની સાથે ક્રિયાનો નિષેધ નહીં હોવો જોઈએ. ક્રિયાનો નિષેધ જો જ્ઞાનના મહત્ત્વ કથનની સાથે આવી જાય તો તે દુર્નય છે. અથવા કયારેક ક્રિયાનું મહત્ત્વ બતાવી વિસ્તારથી તેનું કથન





કરી શકાય. પણ તેની સાથે જ્ઞાનનો નિષેધ કરે કે તેને નિરર્થક કહે તો તે પણ દુર્નય થઈ જાય છે.

માટે પોતાની અપેક્ષિત કોઈપણ અપેક્ષાનું કથન કરવું નય છે. બીજાની અપેક્ષાઓને વિષયભૂત ન બનાવવો એ પણ નય છે. પરંતુ અન્યની અપેક્ષાને લઈને વિવાદ કરવો, અન્ય સર્વે અપેક્ષાઓને અથવા કોઈ પણ અપેક્ષાને ખોટી યા નિરર્થક કહેવી દુર્નય છે. સ્યાદ્વાદ–અનેકાંતવાદ જૈનધર્મની સમન્વય મૂલકતાનો બોધક છે, તે નયોનો સમન્વય કરે છે. પ્રત્યેક વિષય કે વસ્તુને અનેક ધર્મોથી, અનેક અપેક્ષાથી જોઈ-જાણીને એનું ચિંતન કરવું અને નિર્ણય લેવો એ સમ્યગ્ અનેકાંત સિદ્ધાંત છે અને એનાથી સમભાવ સામાયિકની પ્રાપ્તિ થાય છે.

અનેકાંતવાદ, નયથી સ્વયંની ભિન્ન વિશેષતા રાખે છે. તે બન્નેને એક નહીં સમજવા જોઈએ. કારણ કે નય સ્વયંની અપેક્ષા દૃષ્ટિને મુખ્ય બતાવી, અન્ય દૃષ્ટિને ગૌણ કરી વસ્તુનું પ્રતિપાદન કરે છે; અન્ય દૃષ્ટિની ઉપેક્ષા કરે છે. જ્યારે સ્યાદ્વાદ, અનેકાંતવાદ સર્વ દૃષ્ટિઓને સન્મુખ રાખીને, સર્વ સત્ય આશયોને અને વિભિન્ન ધર્મોને અપેક્ષાએ જુએ છે; કોઈને ગૌણ કે કોઈને મુખ્ય પોતાની દૃષ્ટિએ કરતો નથી.

ટૂંકમાં, નય પોતાનામાં મસ્ત છે, બીજાની અપેક્ષા રાખતો નથી તેમજ તિરસ્કાર પણ કરતો નથી અને અનેકાંતવાદ બધાની અપેક્ષા રાખીને એની સાથે ઉદારતાથી વર્તે છે; જ્યારે દુર્નય સ્વને સર્વસ્વ સમજીને અન્યનો તિરસ્કાર કરે છે.આ પ્રકારે નય, દુર્નય એવં અનેકાંતવાદને સમજીને સમન્વય દૃષ્ટિ પ્રાપ્ત કરી સમભાવ રૂપ સામાયિકને પ્રાપ્ત કરવી જોઈએ. **આ ચોથો નય દ્વાર સંપૂર્ણ થયો .**

## નિબંધ–૬૮

# શ્રાવકની ૧૧ પડિમાઓનું વિશ્લેષણ

સામાન્ય રૂપે કોઈપણ સમ્યગ્ દૃષ્ટિ આત્મા વ્રત ધારણ કરવાથી વ્રતધારી શ્રાવક કહેવાય છે. તે એક વ્રતધારી પણ થઈ શકે છે કે બાર વ્રતધારી પણ થઈ શકે છે. ***પડિમાઓમાં પણ અનેક પ્રકારના વ્રત પ્રત્યાખ્યાન જ ધારણ કરવાના હોય છે પરંતુ વિશેષતા એ છે કે તેમાં જે પણ પ્રતિજ્ઞા કરાય છે, તેમાં કોઈ આગાર રહેતો નથી અને રખાતો પણ નથી.*** તેમાં તો નિયત સમયમાં અતિચાર રહિત નિયમોનું દૃઢતાની સાથે પાલન કરવું હોય છે.

જેવી રીતે ભિક્ષુપડિમા ધારણ કરનારાને વિશુદ્ધ સંયમ પર્યાય અને વિશિષ્ટ શ્રુતનું જ્ઞાન હોવું જરૂરી છે, એવી રીતે ઉપાસક પડિમા ધારણ કરનારાને પણ બાર વ્રતના પાલનનો અભ્યાસ અને કંઈક જ્ઞાન હોવું જરૂરી છે, એવું સમજવું જોઈએ. પડિમા ધારણ કરનારા શ્રાવકે સાંસારિક જવાબદારીઓથી નિવૃત્ત થવું જરૂરી છે, તો પણ સાતમી પડિમા સુધી અનેક નાના મોટા ગૃહકાર્યોનો ત્યાગ આવશ્યક હોતો નથી, પરંતુ પડિમાના નિયમોનું શુદ્ધ પાલન કરવું અતિ આવશ્યક હોય છે. આઠમી પડિમાથી અનેક ગૃહકાર્યના ત્યાગનો પ્રારંભ થઈ જાય છે અને અગિયારમી પડિમામાં સંપૂર્ણ ગૃહકાર્યોનો ત્યાગ કરીને તે શ્રમણ જેવા આચારનું પાલન કરે છે.

અગિયાર પડિમાઓમાંથી કોઈપણ પડિમા ધારણ કરનારાને તેના પછીની પડિમાના નિયમોનું પાલન કરવું આવશ્યક હોતું નથી. સ્વેચ્છાથી તે પાલન કરી શકે છે. અર્થાત્ પહેલી પડિમામાં સચિત્તનો ત્યાગ કે શ્રમણભૂત જીવન ધારણ કરવું તે ઈચ્છે તો કરી શકે છે.

પછીની પડિમા ધારણ કરનારાને તેના પૂર્વેની બધી પડિમાઓના બધા નિયમોનું પાલન કરવું નિયમથી જરૂરી હોય છે અર્થાત્ સાતમી પડિમા ધારણ કરનારાને સચિતનો ત્યાગ કરવાની સાથે સંપૂર્ણ બ્રહ્મચર્ય, કાયોત્સર્ગ, પૌષધ આદિ પડિમાઓનું પણ યથાર્થ રૂપથી પાલન કરવું આવશ્યક હોય છે.

**(૧)** પહેલી 'દર્શન પડિમા' ધારણ કરનારા શ્રાવક ૧૨ વ્રતોનું પાલન કરે છે, પરંતુ તે દઢપ્રતિજ્ઞ સમ્યક્ત્વી હોય છે. મન, વચન, કાયાથી તે સમ્યક્ત્વમાં કોઈપણ પ્રકારનો અતિચાર લગાડતા નથી તથા દેવતા કે રાજા આદિ કોઈ પણ શક્તિથી કિંચિત્ પણ સમ્યક્ત્વથી વિચલિત થતા નથી અર્થાત્ કોઈપણ આગાર વિના ત્રણ કરણ ત્રણ યોગથી એક મહિના સુધી શુદ્ધ સમ્યક્ત્વની આરાધના કરે છે. આ પ્રકારે તે પ્રથમ દર્શન પડિમાવાળા વ્રતધારી શ્રાવક કહેવાય છે.

કેટલીક પ્રતિઓમાં **से दंसण सावए भवइ** એવો પાઠ પણ મળે છે તેનું તાત્પર્ય પણ એ જ છે કે તે દર્શન પડિમાધારી વ્રતી શ્રાવક છે. શબ્દની દૃષ્ટિએ જે એક પણ વ્રતધારી નથી હોતા તેને **દર્શન શ્રાવક** કહેવાય છે, પરંતુ પડિમા ધારણ કરનારા શ્રાવક પહેલાં બાર વ્રતોના અભ્યાસી અને આરાધક તો હોય જ છે. તેથી તેને માત્ર ''દર્શન શ્રાવક'' તેમ કહી શકાય નહીં પરંતુ દર્શન પડિમાધારી વ્રતી શ્રાવક સમજવું, તે જ બરોબર છે.





**(૨)** બીજી, વ્રત પડિમા ધારણ કરનારા ઈચ્છા પ્રમાણે એક કે અનેક, મોટા કે નાના કોઈ પણ નિયમો પડિમાના રૂપમાં ધારણ કરે છે. જેનું તેઓને અતિચાર રહિત પાલન કરવું જરૂરી હોય છે.

**(૩)** ત્રીજી, સામાયિક પડિમાધારી શ્રાવક સવાર, બપોર, સાંજના નિયત સમયે સદા નિરતિચાર સામાયિક કરે છે અને દેશાવગાસિક(૧૪ નિયમ) વ્રતનું આરાધન કરે છે તથા પહેલી બીજી પડિમાના નિયમોનું પણ પૂર્ણ રીતે પાલન કરે છે.

**(૪)** ચોથી, પૌષધ પડિમાધારી શ્રાવક પહેલાંની ત્રણે પડિમાઓના નિયમોનું પાલન કરતાં મહિનામાં પર્વ તિથિઓના છ પરિપૂર્ણ પૌષધની સમ્યક્ પ્રકારે આરાધના કરે છે, આ પડિમા ધારણ કરતાં પહેલાં પણ શ્રાવક પૌષધ વ્રતનું પાલન તો કરે જ છે પરંતુ પડિમા રૂપમાં નહિ.

**(૫)** પાંચમી કાયોત્સર્ગ પડિમાધારી શ્રાવક પહેલાની ચારે પડિમાઓનું સમ્યક્ પાલન કરતાં પૌષધના દિવસે સંપૂર્ણ રાત્રિ કે નિયત સમય કાયોત્સર્ગ કરે છે.

**(૬)** છઠ્ઠી બ્રહ્મચર્ય પડિમાના ધારક શ્રાવક પહેલાની પડિમાઓનું પાલન કરતાં સંપૂર્ણ બ્રહ્મચર્યનું પાલન કરે છે, સ્નાન અને રાત્રિ ભોજનનો ત્યાગ કરે છે.

**વિશેષ–** પાંચમી-છઠ્ઠી પ્રતિમાના મૂળ પાઠમાં લિપિ દોષથી કંઈક પાઠ વિકૃત થયો છે જે ધ્યાન દેવાથી સ્પષ્ટ સમજી શકાય છે. પ્રત્યેક પ્રતિમાના વર્ણનમાં પછીની પ્રતિમાના નિયમોના પાલનનો નિષેધ કર્યો છે. પાંચમી પ્રતિમામાં છઠ્ઠી પ્રતિમાના વિષયનો નિષેધપાઠ વિધિરૂપમાં જોડાઈ જવાથી અને ચૂર્ણિકાર દ્વારા સમ્યક્ નિર્ણય ન કરવાના કારણે મતિભ્રમથી પાઠ વધુ વિકૃત થઈ ગયો છે. બ્યાવરથી પ્રકાશિત **त्रीणि छेद सूत्राणि** આગમ પુસ્તકમાં તે પાઠ શુદ્ધ છે.

**સમીક્ષા–** પૂર્ણ બ્રહ્મચર્યનું પાલન કરનારાને જ સ્નાન ત્યાગ યોગ્ય છે. કારણ કે પાંચમી પડિમામાં એક-એક માસમાં માત્ર ૬ દિવસ જ સ્નાનનો ત્યાગ અને દિવસે કુશીલ સેવનનો ત્યાગ કરે તો સંપૂર્ણ સ્નાનનો ત્યાગ કયારે થાય ? તથા માત્ર છ દિવસ જ સ્નાનનો ત્યાગ અને દિવસમાં બ્રહ્મચર્ય પાલનનું કથન પડિમાધારીને માટે મહત્વનું નથી. જો પાંચમી પડિમાના પૂરા પાંચ માસ જ સ્નાનનો ત્યાગ કરવાનો અર્થ કરવામાં આવે તો તે પણ અસંગત છે. કારણ કે પાંચ મહિના સુધી રાત્રિમાં બ્રહ્મચર્યનું પાલન ન કરે અને સ્નાન કરવાનો સંપૂર્ણ ત્યાગ રાખે, આ બંને નિયમોનો સંબંધ અવ્યવહારિક લાગે છે. તેથી આગમ પ્રકાશન સમિતિ બ્યાવરનો સ્વીકૃત પાઠ જ ઉચિત લાગે છે.

લિપિ પ્રમાદાદિના કારણોથી જ આ બંને પડિમાઓના નામ સમવાયાંગ આદિ સૂત્રમાં ભિન્ન છે તથા ગ્રંથોમાં પણ આ સંબંધમાં અનેક ભિન્નતા મળે છે.

**(૭)** સાતમી સચિત્ત ત્યાગ પડિમાનો આરાધક શ્રાવક પાણી, નિમક, ફળ, મેવા આદિ બધા સચિત્ત પદાર્થોના ઉપભોગનો ત્યાગ કરે છે. પરંતુ તે પદાર્થોને અચિત્ત બનાવવાનો ત્યાગ કરતો નથી.

**(૮)** આઠમી આરંભત્યાગ પડિમાધારી શ્રાવક સ્વયં આરંભ કરવાનો સંપૂર્ણ ત્યાગ કરે છે. પરંતુ બીજાને આદેશ આપીને સાવદ્ય કાર્ય કરાવવાનો તેને ત્યાગ હોતો નથી.

**(૯)** નવમી પ્રેષ્યત્યાગ પડિમામાં શ્રાવક આરંભ કરવા અને કરાવવાનો ત્યાગી હોય છે પરંતુ સ્વતઃ કોઈ તેના માટે આહારાદિ બનાવી આપે કે તેના માટે આરંભ કરે તો તે પદાર્થનો ઉપયોગ કરી શકે છે.

**(૧૦)** દસમી ઉદ્દિષ્ટ ભક્ત ત્યાગ પડિમાધારી શ્રાવક બીજાના માટે બનાવેલા આહારાદિનો ઉપયોગ કરી શકે છે, પોતાના નિમિત્તે બનાવેલ આહારાદિનો ઉપયોગ કરી શકતા નથી. તેનું વ્યાવહારિક જીવન સાધુ જેવું હોતું નથી. તેથી તેને કોઈપણ સાંસારિક વાતો પૂછી શકે છે. તેથી કોઈના પૂછવા પર 'હું જાણુ છું કે હું નથી જાણતો' એટલો જ ઉત્તર દેવો કલ્પે છે. તેનાથી વધુ જવાબ આપવો કલ્પતો નથી. કોઈપણ વસ્તુ યથાસ્થાન પર ન મળવાથી એટલો ઉત્તર દેવાથી પણ પારિવારિક લોકોને સંતોષ થઈ શકે છે. આ પડિમામાં શ્રાવક શિરમુંડન કરાવે છે અથવા વાળ પણ રાખે છે.

**(૧૧)** અગિયારમી શ્રમણભૂત પડિમાધારી શ્રાવક શક્ય તેટલી સંયમી જીવનની મર્યાદાઓનો સ્વીકાર કરે છે પરંતુ જો લોચ ન કરી શકે તો મુંડન કરાવી શકે છે. તે ભિક્ષુની સમાન ગવેષણાના બધા નિયમોનું પાલન કરે છે.

આ ૧૧ પડિમાની અવધિ સમાપ્ત થયા પછી તે પડિમાધારી ફરીથી સામાન્ય શ્રાવક જીવનમાં આવી શકે છે. આ કારણે પડિમાઓના આરાધના કાલમાં તે સ્વયંને ભિક્ષુ ન કહેતા, 'હું પડિમાધારી શ્રાવક છું' એ પ્રકારે કહે છે.

પારિવારિક લોકોની સાથે પ્રેમ સંબંધનો આજીવન ત્યાગ ન હોવાના કારણે તે જ્ઞાત કુલોમાં જ ગોચરી માટે જાય છે. અહીં જ્ઞાત કુલથી પારિવારિક અને અપારિવારિક જ્ઞાતિજનને સૂચિત કર્યા છે. ભિક્ષાને માટે ઘરમાં પ્રવેશ કરતા તે આ પ્રકારે કહે છે કે 'પડિમાધારી શ્રાવકને ભિક્ષા આપો.'





**શ્રાવક પડિમા સંબંધી ભ્રમનું નિવારણ :–**

શ્રાવક પડિમાના સંબંધમાં આ એક પ્રચલિત કલ્પના છે કે 'પ્રથમ પડિમામાં એકાન્તર ઉપવાસ, બીજી પડિમામાં નિરંતર છઠ્ઠ, ત્રીજીમાં અઠ્ઠમ એમ અગિયારમી પડિમામાં અગિયાર-અગિયારની તપશ્ચર્યા નિરંતર કરાય છે.' પરંતુ આ વિષયમાં કોઈ આગમ પ્રમાણ ઉપલબ્ધ નથી તથા એવું માનવું સંગત પણ નથી, કારણ કે આટલી તપસ્યા તો ભિક્ષુ પડિમામાં પણ કરાતી નથી. શ્રાવકની ચોથી પડિમામાં મહિનામાં છ પૌષધ કરવાનું વિધાન છે. જો ઉપરોક્ત કથન અનુસાર તપસ્યા કરાય તો ચાર માસમાં ચોવિશ ચોલાની તપસ્યા કરવી આવશ્યક ગણાય. પડિમાધારી દ્વારા તપસ્યા તિવિહાર કે પૌષધ વગર કરવી ઉચિત નથી. તેથી ચોવીસ ચોલા પૌષધ યુક્ત કરવા આવશ્યક નિયમ હોવાથી મહિનાના છ પૌષધનું વિધાન નિરર્થક થઈ જાય છે. જ્યારે ત્રીજી પડિમાથી ચોથી પડિમાની વિશેષતા એ છે કે મહિનામાં છ પૌષધ કરે. તેથી કલ્પિત તપસ્યાનો ક્રમ સૂત્રસમ્મત નથી. આનંદ આદિ શ્રાવકોના અંતિમ સાધના કાલમાં તથા પડિમા આરાધના પછી શરીરની કૃશતાનું જે વર્ણન છે, તે વ્યક્તિગત જીવનનું વર્ણન છે. તેમાં પણ આ પ્રકારના તપનું વર્ણન નથી. પોતાની ઈચ્છાથી સાધક ગમે ત્યારે કોઈ વિશિષ્ટ તપ પણ કરી શકે છે. આનંદાદિએ પણ કોઈ વિશિષ્ટ તપશ્ચર્યા સાધના કાળમાં કરેલ હશે, પરંતુ એવું સ્પષ્ટ વર્ણન આગમમાં નથી. જો તેઓએ કોઈપણ તપ આગળની પડિમાઓમાં કર્યું હોય તો પણ બધાને માટે વિધાન માનવું સૂત્રોક્ત પડિમા વર્ણનથી અસંગત થાય છે, એવું સમજવું જોઈએ.

## નિબંધ–૬૯

# ચૈત્ય શબ્દના અર્થોનું જ્ઞાન

**વ્યવહાર સૂત્ર ઉદ્દેશક–૧ : સૂત્ર–૩૩** માં **सम्मं भावियाइं** શબ્દનો પ્રયોગ કરવામાં આવેલ છે. ટીકાકારે તેનો 'જિન વચનોથી ભાવિત અંતઃકરણવાળા' એવો અર્થ કર્યો છે. **चेइय** શબ્દના અનેક અર્થ શબ્દકોષમાં બતાવેલ છે. તેમાં જ્ઞાનવાન અને ભિક્ષુ વગેરે અર્થ પણ **चेइय** શબ્દના કરેલ છે. અનેક સૂત્રોમાં તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીને માટે **चेइय** શબ્દનો પ્રયોગ કરવામાં આવેલ છે. તે શબ્દથી ભગવાનને **જ્ઞાનવાન** કહ્યા છે.

ઉપાસક દશાંગ અ. ૧માં શ્રમણોપાસકની સમકિત સંબંધી પ્રતિજ્ઞાનો

પાઠ છે. તેમાં અન્ય તીર્થિકથી ગ્રહણ કરેલ ચૈત્યને અર્થાત્ સાધુને વંદન નમસ્કાર તેમજ આલાપ-સંલાપ કરવાનો તથા આહાર-પાણી દેવાનો નિષેધ છે. ત્યાં સ્પષ્ટ રૂપથી **चेइय** શબ્દનો ભિક્ષુ અર્થમાં પ્રયોગ કરવામાં આવેલ છે. ત્યાં ચૈત્યથી આલાપ સંલાપ કરવાનું આગમ કથન વિશેષ મનનીય છે, કારણ કે મૂર્તિની સાથે આલાપ સંલાપ થાય નહીં.

પ્રસ્તુત સૂત્રમાં પ્રયુક્ત **चेइय** શબ્દનો અર્થ મૂર્તિપૂજક સમુદાયવાળા 'અરિહંત ભગવાનની મૂર્તિ' પણ કહે છે. પરંતુ તે ટીકાકારના અર્થથી વિપરીત છે, તથા પૂર્વાપર સૂત્રોથી પણ વિરુદ્ધ છે. કારણ કે ટીકાકારે અહીં અંતઃકરણ શબ્દનો પ્રયોગ કર્યો છે, તે મૂર્તિમાં થઈ શકતો નથી.

સૂત્રમાં સમ્યક્ ભાવિત ચૈત્યનો અભાવ થવા પર અરિહંત-સિદ્ધની સાક્ષી માટે ગામ વગેરેની બહાર જવાનું કહ્યું છે. જો અરિહંત ચૈત્યનો અર્થ મંદિર હોય તો મંદિરમાં જ અરિહંત સિદ્ધની સાક્ષીથી આલોચના કરવાનું કથન હોત, તો ગામની બહાર જવાનો અલગ વિકલ્પ દેવાની આવશ્યકતા રહેતી નથી. માટે **चेइय** શબ્દનો પ્રસ્તુત પ્રકરણમાં 'જ્ઞાની' સમ્યગ્ દષ્ટિ અથવા સમજદાર પુરુષ, એવો અર્થ કરવો ઉપયુક્ત છે.

સમવાયાંગ સૂત્રમાં તીર્થંકરોને જે વૃક્ષની નીચે કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે, તેને 'ચૈત્ય વૃક્ષ' અર્થાત્ જ્ઞાનોત્પત્તિ સ્થળનું વૃક્ષ કહ્યું છે. તાત્પર્ય એ છે કે મૌલિક ગણધર રચિત આગમોમાં તેમજ વિશાળ શબ્દકોષોમાં પણ 'ચૈત્ય' શબ્દનો અર્થ 'જ્ઞાન' સૂચિત કરવામાં આવેલ છે. પ્રસ્તુત પ્રકરણમાં પણ 'જ્ઞાની' સમ્યગ્ દષ્ટિ અર્થ જ અપેક્ષિત છે, તેમજ પ્રસંગોચિત પણ છે. તેને મંદિર મૂર્તિ અર્થ કરી પોતાના દુરાગ્રહનું પોષણ કરીને સંતોષ માનવો અનુપયુક્ત છે.

### નિબંધ–૭૦

## શ્રાવકોને જાણવા યોગ્ય ૨૫ ક્રિયાઓ

**કાયિકી આદિ પાંચ ક્રિયા :–**

**૧. કાયિકી–** શરીરના આભ્યંતર સૂક્ષ્મ સંચારથી.

**૨. અધિકરણિકી–** શરીરના બાહ્ય સૂક્ષ્મ સંચારથી.

**૩. પ્રાદોષિકી–** સૂક્ષ્મ કષાયોના અસ્તિત્વથી.

**૪. પરિતાપનિકી–** શરીરથી કષ્ટ પહોંચવા પર





**૫. પ્રાણાતિપાતિકી–** જીવ હિંસા થઈ જવા પર.– ***ભગવતી સૂત્ર, ઠાણાંગ સૂત્ર.***

**આરંભિકી આદિ પાંચ ક્રિયા :–**

**૧. આરંભિકી–** હિંસાની પ્રવૃત્તિ અને સંકલ્પથી.

**૨. પરિગ્રહિકી–** કોઈમાં પણ મોહ મમત્વ રાખવાથી.

**૩. માયાપ્રત્યયા–** ક્રોધ, માન, માયા, લોભ, કરવાથી અથવા તેના ઉદયથી.

**૪. અપ્રત્યાખ્યાનિકી–** પદાર્થોનો અથવા પાપોનો ત્યાગ ન કરવાથી.

**૫. મિથ્યાત્વ–** ખોટી માન્યતા તેમજ ખોટી શ્રદ્ધા, પ્રરૂપણાથી.– ***ભગવતી સૂત્ર, ઠાણાંગ સૂત્ર***

**દષ્ટિજા આદિ આઠ ક્રિયા :–**

**૧. દષ્ટિજા–** કોઈપણ પદાર્થને જોવાથી.

**૨. સ્પર્શજા–** કોઈપણ ચીજનો સ્પર્શ કરવાથી.

**૩. નિમિત્તિકી–** કોઈ વસ્તુ અથવા વ્યક્તિના સંબંધમાં વિચારવા, બોલવાથી અથવા સહયોગ કરવાથી.

**૪. સામાન્તોપનિપાતિકી–** પ્રશંસાની ઈચ્છાથી અથવા પ્રશંસા કરવાથી.

**૫. સ્વહસ્તિકી–** પોતાના હાથ વડે કાર્ય કરવાથી.

**૬. નેસૃષ્ટિકી–** કોઈ પણ વસ્તુ ફેંકવાથી.

**૭. આજ્ઞાપનિકી–** કોઈ પણ કાર્યની આજ્ઞા દેવાથી.

**૮. વિદારણી–** કોઈ વસ્તુને ફાડવા-તોડવાથી. –**ઠાણાંગ સૂત્ર.**

**અનાભોગ આદિ સાત ક્રિયા :–**

**૧. અણાભોગ–** અજાણપણે પાપ પ્રવૃત્તિ થવાથી.

**૨. અનવકાંક્ષા–** ઉપેક્ષાથી, બેપરવાહ વૃત્તિથી.

**૩. પ્રેમ પ્રત્યયા–** કોઈ પર રાગ ભાવ કરવાથી.

**૪. દ્વેષ પ્રત્યયા–** કોઈપર દ્વેષ ભાવ કરવાથી.

**૫. પ્રયોગ–પ્રત્યયા–** મન, વચન, કાયાની પ્રવૃત્તિઓથી.

**૬. સામુદાનિકી–** સામુહિક પ્રવૃત્તિઓથી તેમજ ચિંતનથી.

**૭. ઈર્યાપથિકી–** વીતરાગી ભગવાનને યોગ પ્રવૃત્તિથી.– ***ઠાણાંગ સૂત્ર***

આ ૫+૫+૮+૭=૨૫ ક્રિયાઓમાં સૂક્ષ્મ, અતિસૂક્ષ્મ તેમજ વિભિન્ન પ્રકારની સ્થૂલ બધી ક્રિયાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

વીતરાગી મનુષ્યોને પોતાની સમસ્ત પ્રવૃત્તિઓમાં ફક્ત રપમી ક્રિયાજ લાગે છે બાકી સંસારી જીવોને ઉપર કહેલ ર૪ ક્રિયાઓમાંથી કોઈપણ ક્રિયા લાગતી રહે છે.

આ ક્રિયાઓથી હીનાધિક વિભિન્ન માત્રામાં જીવ કર્મબંધ કરે છે એવું જાણીને બનતી કોશિશે આનાથી બચવાનો મોક્ષાર્થીએ પૂરો પ્રયત્ન કરવો જોઈએ.

## નિબંધ–૭૧

# ભગવાનની ધર્મદેશના ઔપપાતિક સૂત્રમાં

ભગવાન મહાવીરે રાજા કોણિક, સુભદ્રા વગેરે રાણીઓ તથા દેવ મનુષ્યોની વિશાળ પરિષદને ધર્મોપદેશ આપ્યો. ધર્મદેશના સાંભળવા માટે સાધુ સાધ્વી અને દેવગણ તથા સેંકડો શ્રોતાઓ નો સમૂહ ઉપસ્થિત હતો. મધુર, ગંભીર સ્વરયુક્ત, સ્પષ્ટ ઉચ્ચારણ યુક્ત, શ્રોતાઓની ભાષામાં પરિણત થનારી એક યોજન સંભળાય તેવી ઉચ્ચ સ્વરવાળી અર્ધમાગધી ભાષામાં ભગવાને ધર્મકથન કર્યું. ઉપસ્થિત બધા જ આર્ય-અનાર્ય જનોએ અગ્લાન ભાવે, ભેદભાવ વિનાના ધર્મનું શ્રવણ કર્યું. ભગવાન દ્વારા ફરમાવાયેલી અર્ધમાગધી ભાષા તે બધા આર્ય-અનાર્ય શ્રોતાઓની ભાષામાં બદલાઈ ગઈ. ધર્મદેશના આ પ્રકારે છે–

આ સમસ્ત સંસાર એક લોક છે. તેની બહાર અલોકનું અસ્તિત્વ છે. આ પ્રમાણે જીવ, અજીવ, બંધ, મોક્ષ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, વેદના, નિર્જરા આદિ તત્ત્વ છે. તીર્થંકર, ચક્રવર્તી, બલદેવ, વાસુદેવ, નૈરયિક(નરક), તિર્યંચયોનિક જીવ, માતા, પિતા, ઋષિ, દેવ, દેવલોક, સિદ્ધિ, સિદ્ધ, પરિનિર્વાણ, પરમશાંતિ, પરિનિવૃત્ત આ બધાનું લોકમાં અસ્તિત્વ છે. પ્રાણાતિપાત, મૃષાવાદ, ચોરી, મૈથુન, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, કલહ, અભ્યાખ્યાન, પૈશુન્ય, પરપરિવાદ, રતિ-અરતિ, માયામૃષા, મિથ્યા દર્શન શલ્ય આ અઢાર પાપ છે.

પ્રાણાતિપાત વિરમણ, મૃષાવાદ વિરમણ, અદત્તાદાન વિરમણ, મૈથુન વિરમણ, પરિગ્રહ વિરમણ; ક્રોધથી વિરત, માનથી વિરત, માયાથી વિરત, લોભથી વિરત, રાગથી વિરત, દ્વેષથી વિરત, કલહથી વિરત, અભ્યાખ્યાનથી વિરત, પૈશુન્યથી વિરત, પરપરિવાદથી વિરત, રતિ-અરતિથી વિરત, માયામૃષાથી વિરત અને મિથ્યા દર્શન શલ્ય વિવેક; આ અઢાર પાપથી નિવૃત્તિ પણ લોકમાં જ છે. બધા પદાર્થોમાં અસ્તિભાવ પોતપોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ,





ભાવની અપેક્ષાથી છે અને નાસ્તિ ભાવ પર દ્રવ્ય, ક્ષેત્ર, કાળ,ભાવની અપેક્ષાએ છે. છતાં એ બધા પોતપોતાના સ્વરૂપમાં છે. દાન, શીલ, તપ આદિ ઉત્તમ કર્મ ઉત્તમ ફળ દેનારા છે. પાપમય કર્મ દુઃખમય ફળ દેનારા છે. જીવ પુણ્ય પાપનો સ્પર્શ કરે છે, બંધ કરે છે. જીવ ઉત્પન્ન થાય છે. સંસારી જીવોને જન્મ-મરણ છે. શુભકર્મ અને અશુભકર્મ બન્ને ફળયુક્ત છે, નિષ્ફળ જતા નથી.

**નિર્ગ્રંથ પ્રવચનનું મહાત્મ્ય :–** આ નિર્ગ્રંથ પ્રવચનમય ઉપદેશ સત્ય છે, અનુત્તર છે, કેવલી દ્વારા ભાષિત અદ્વિતીય છે, સર્વથા નિર્દોષ છે, પ્રતિપૂર્ણ છે, ન્યાયયુક્ત છે, પ્રમાણથી અબાધિત છે, માયાદિ શલ્યોનો નિવારક છે, સિદ્ધિનો માર્ગ-ઉપાય છે, મુક્તિ–કર્મ ક્ષયનો હેતુ છે, નિર્યાણ–પારમાર્થિક સુખ પ્રાપ્ત કરવાનો માર્ગ છે, નિર્વાણપદને માટે જન્મ-મરણના ચક્રરૂપ સંસારથી પ્રસ્થાન કરવાનો આ જ માર્ગ છે, વાસ્તવિક, પૂર્વાપર વિરોધથી રહિત અર્થાત્ કુતર્કોથી અબાધિત છે, વિચ્છેદ રહિત છે અને બધા દુઃખોને ક્ષીણ કરવાનો સાચો શ્રેષ્ઠ માર્ગ છે. તેમાં સ્થિર જીવ સિદ્ધિ–સિદ્ધાવસ્થાને પ્રાપ્ત કરે છે, કેવળ જ્ઞાની થાય છે, જન્મ મરણથી મુક્ત થાય છે, પરમ શાંતિમય થઈ જાય છે, બધા દુઃખોનો અંત કરે છે. જેને એક જ મનુષ્ય ભવ ધારણ કરવાનો બાકી રહ્યો છે તેવા નિર્ગ્રંથ પ્રવચનના આરાધક દેવલોકમાં ઉત્પન્ન થાય છે. ત્યાં તેઓ અત્યંત વિપુલ ઋદ્ધિથી પરિપૂર્ણ લાંબા આયુષ્યવાળા દેવ થાય છે, જે અસાધારણ રૂપવાળા હોય છે.

જીવ ચાર કારણે **નરકનો** બંધ કરે છે – (૧) મહાઆરંભ (ર) મહા પરિગ્રહ (૩) પંચેન્દ્રિય વધ (૪) માંસભક્ષણ. જીવ ચાર કારણે **તિર્યંચ યોનિમાં** ઉત્પન્ન થાય છે– (૧) માયાપૂર્ણ આચરણ (ર) અસત્ય ભાષણ યુક્ત માયાચરણ (૩) ઉત્કંચનતા(ધૂર્તતા) (૪) વંચકતા (ઠગાઈ). જીવ ચાર કારણે **મનુષ્ય યોનિમાં** ઉત્પન્ન થાય છે– (૧) પ્રકૃતિની ભદ્રતા (ર) પ્રકૃતિની વિનીતતા (૩) કરુણાશીલતા (૪) ઈર્ષાનો અભાવ. જીવ ચાર કારણે **દેવયોનિમાં** ઉત્પન્ન થાય છે. (૧) સરાગ સંયમ (ર) સંયમાસંયમ (૩) અકામ નિર્જરા (૪) બાલ તપ.

નરકમાં જનારા નારકી વિવિધ દુઃખમય વેદના પામે છે. તિર્યંચમાં જીવો શારીરિક, માનસિક સંતાપ પ્રાપ્ત કરે છે. મનુષ્ય જીવન અનિત્ય છે; વ્યાધિ, વૃદ્ધાવસ્થા, મૃત્યુ અને વેદનાદિ કષ્ટોથી વ્યાપ્ત છે. દેવલોકમાં દેવ ઋદ્ધિ અને અનેક દૈવિક સુખો પ્રાપ્ત કરે છે. આ પ્રકારે ચારગતિ, સિદ્ધ તથા છ જીવનિકાયના જીવો અલગ-અલગ છે. કેટલાક જીવ કર્મબંધ કરે છે. કોઈ તેનાથી મુક્ત થાય છે.

કોઈ કલેશ પામે છે. પણ અનાસક્ત રહેનારી કેટલીક વ્યક્તિ દુઃખોનો અંત કરે છે. આર્તધ્યાનથી પીડિત ચિત્તવાળા જીવ દુઃખ પ્રાપ્ત કરે છે. વૈરાગ્યને પ્રાપ્ત કરનારા જીવ કર્મ દલનો નાશ કરે છે. રાગ સહિત કરવામાં આવેલા કર્મોનો વિપાક પાપપૂર્ણ હોય છે. ધર્માચરણ દ્વારા સંપૂર્ણ કર્મોથી રહિત થતાં જ જીવ સિદ્ધાવસ્થાને પ્રાપ્ત કરે છે.

**ધર્માચરણ–** આના બે પ્રકાર છે– **(૧)**આગાર ધર્મ **(૨)**અણગારધર્મ.

**અણગાર ધર્મમાં** માનવ સંપૂર્ણ રૂપે, સર્વાત્મભાવથી સાવદ્યકર્મોનો પરિત્યાગ કરી, મુંડિત થઈ મુનિ અવસ્થામાં પ્રવ્રજિત થાય છે. સંપૂર્ણ પણે પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ તથા રાત્રિભોજનથી વિરત થાય છે. આ અણગારનો સામાયિક સંયમ ધર્મ છે. આ ધર્મની શિક્ષામાં ઉપસ્થિત થઈ આગમ પ્રમાણની પ્રમુખતાથી પ્રવૃત્તિ કરનારા સાધુ-સાધ્વી આરાધક થાય છે.

**આગાર ધર્મના** ૧૨ પ્રકાર છે– ૫ અણુવ્રત ૩ ગુણવ્રત અને ૪ શિક્ષાવ્રત.**પાંચ અણુવ્રત–** સ્થૂલ પ્રાણાતિપાતનો ત્યાગ, સ્થૂલ મૃષાવાદનો ત્યાગ, સ્થૂલ અદત્તાદાનનો ત્યાગ, સ્વદાર સંતોષ અને ઈચ્છા પરિમાણ.**ત્રણ ગુણવ્રત–** દિશાઓમાં જવાની મર્યાદા, ઉપભોગ પરિભોગનું પરિમાણ તથા અનર્થદંડ વિરમણ.**ચાર શિક્ષાવ્રત–** સામાયિક, દેશાવગાસિક(દૈનિક પ્રવૃત્તિઓમાં નિવૃત્તિ ભાવની વૃદ્ધિનો અભ્યાસ), પૌષધ, અતિથિ સંવિભાગ.

**સંલેખના–** અંતિમ સમયે આમરણ અનશન કરી આરાધના પૂર્વક દેહ ત્યાગ કરવો, શ્રાવક જીવનની સાધનાનું પર્યવસાન છે. આ આગાર સામાયિક ધર્મ છે. આ ધર્મના અનુસરણમાં પ્રયત્નશીલ આગમ આજ્ઞાનુસાર પ્રવૃત્તિ કરનારા શ્રાવક-શ્રાવિકા આજ્ઞાના આરાધક થાય છે.

આ પ્રમાણે સિદ્ધાંતોનું કથન, ચારગતિનો બંધ, અઢાર પાપનો ત્યાગ, આચારધર્મ– શ્રાવકવ્રત, સાધુવ્રત તથા મુક્તિગમન સુધીનું પૂર્ણ અને વિસ્તૃત વિશ્લેષણ યુક્ત ભગવાનનું આ પ્રવચન સદાય મનનીય છે.

## નિબંધ–૭૨

# તપના ૧૨ ભેદોનો વિસ્તાર

નવ તત્ત્વોમાં સાતમા નિર્જરા તત્ત્વમાં બાર પ્રકારના તપનો સ્વીકાર કરેલ છે. તે બાર પ્રકારના તપને કર્મનિર્જરાનું અર્થાત્ કર્મ ક્ષય કરવાનું મુખ્ય





સાધન કહ્યું છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં તપમાર્ગ નામનું ૩૦મું અધ્યયન છે. જેમાં ૧૨ પ્રકારના તપનું કાવ્ય રૂપે વિશ્લેષણ કરવામાં આવ્યું છે. ઔપપાતિક સૂત્રમાં અણગારોના ગુણવર્ણન પ્રસંગથી ૧૨ ભેદે તપસ્યા કરનાર તે અણગાર હતા, આ રીતે નિરૂપણ કરતાં દ્વાદશવિધ તપનું સવિસ્તાર વર્ણન ગદ્યમય શૈલીમાં કર્યું છે. સ્થાનાંગ સૂત્રમાં સંખ્યાથી યથાસ્થાન તપના અનેક ભેદ-પ્રભેદ આપેલ છે.

શતક–૨૫ના સાતમા ઉદ્દેશકના સંજયા-નિયંઠા પ્રકરણ પછી યથાસ્થાન વિસ્તાર સહિત ૧૨ પ્રકારના તપના ભેદ-પ્રભેદ દર્શાવ્યા છે. જેમાં અનશનથી લઈને ધ્યાન અને વ્યુત્સર્ગ સુધીના સર્વ તપનું વિશ્લેષણ કર્યું છે.

### તપના ૧૨ પ્રકાર :–

આગમોમાં તપના મૌલિક બે ભેદ કહ્યા છે– **(૧) બાહ્ય તપ** અને **(૨) આભ્યંતર તપ.** પુનઃ બંનેના ૬–૬ ભેદ કહ્યા છે. **બાહ્યતપ–** (૧) અનશન (૨) ઊણોદરી (૩) ભિક્ષાચરી (૪) રસપરિત્યાગ (૫) કાયક્લેશ (૬) પ્રતિસંલીનતા. **આભ્યંતર તપ–** (૭) પ્રાયશ્ચિત્ત (૮) વિનય (૯) વૈયાવૃત્ય (૧૦) સ્વાધ્યાય (૧૧) ધ્યાન (૧૨) વ્યુત્સર્ગ.

બંન્ને પ્રકારના તપમાં શરીર અને આધ્યાત્મભાવ બંનેનો પૂર્ણ સહયોગ રહેલ છે. છતાં પણ અપેક્ષા વિશેષથી બાહ્યતપમાં બાહ્ય વ્યવહારની પ્રમુખતા સ્વીકારવામાં આવી છે અને આભ્યંતર તપમાં આધ્યાત્મભાવોની પ્રમુખતા સ્વીકારી છે.

તાત્પર્ય એ છે કે એ આભ્યંતર અને બાહ્યતપ સાપેક્ષ છે, એકાંતિક નથી અર્થાત્ કાયાના સહયોગ વિના વૈયાવૃત્ય આદિ આભ્યંતર તપ થઈ શકતા નથી અને ભાવોની ઉચ્ચતા વિના બાહ્યતપમાં કરવામાં આવેલ પરાક્રમ પણ આગળ વધી શકતું નથી. તેથી તપની આભ્યંતરતા અને બાહ્યતા સાપેક્ષ છે. એકાંતિકતાનો આગ્રહ રાખવો જોઈએ નહિ તથા બંને પ્રકારના તપનું મહત્વ, મોક્ષ સાધનામાં સુમેલયુક્ત સ્વીકાર કરવું જોઈએ.

**(૧) અનશન–** નવકારશીથી લઈને ઉપવાસ આદિ છમાસી તપ સુધીની વિવિધ તપ સાધનાઓ, ઈત્વરિક(અલ્પકાલિક)તપસ્યા છે અને આજીવન સંથારો ગ્રહણ કરવો, જીવનપર્યંતનું તપ છે. આજીવન અનશનના ભક્ત પ્રત્યાખ્યાન અને પાદપોપગમન એમ બે ભેદ કહ્યા છે.

**ભક્ત પ્રત્યાખ્યાનમાં** ત્રણ આહાર અથવા ચાર આહારનો ત્યાગ

કરવામાં આવે છે. એમાં શરીરનું પરિકર્મ સેવા આદિ સ્વયં કરી શકાય છે, કરાવી શકાય છે. **નિહારિમ–** મૃત્યુ પછી શરીરના દાહસંસ્કાર થાય અને ન પણ થાય. એ સાગારી પણ હોય છે, ઉપદ્રવ આવે ત્યારે અથવા રાત્રિમાં સૂવા સમયે **સાગારી** કરવામાં આવે છે.

આચારાંગ આદિ સૂત્રમાં આજીવન અનશનનો ત્રીજો પ્રકાર **ઈંગિની મરણ** કહેલ છે. તે મધ્યમ પ્રકારનું છે અર્થાત્ પાદપોપગમન અનશનની અપેક્ષા એમાં કેટલીક સીમિત છૂટ છે. યથા– મર્યાદિત ક્ષેત્રમાં હાથપગનો સંકોચ વિસ્તાર કરવો, કેટલોક સમય ઉભા રહેવું અથવા બેસવું, ચંક્રમણ કરવું, ટહેલવું આદિ.

પાદપોપગમનમાં નિશ્ચેષ્ટ થઈને ધ્યાનમાં લીન બની રહેવાનું હોય છે. એમાં હલન-ચલન પણ કરવામાં આવતું નથી. પરંતુ લઘુનીત, વડીનીતનો પ્રસંગ આવે તો ઉઠીને યથાસ્થાન જવું આવવું કરી શકાય છે. કારણ કે સંથારાના સ્થાન પર મળમૂત્ર કરવામાં આવતા નથી. આ નિહારિમ-અનિહારિમ બંને પ્રકારનો હોય છે. ઉપસર્ગ આવવાથી પણ પાદપોપગમન સંથારો કરી શકાય છે.

**સંલેખનાનો કાલક્રમ–** અંતિમ સમય અતિ નિકટ ન હોય તો આ ક્રમિક સંલેખના કરવામાં આવે છે. મુનિ અનેક વર્ષો સુધી અથવા યથાસમય પર્યંત સંયમનું પાલન કરી, આ ક્રમિક તપથી પોતાના આત્માની સંલેખના કરે. આ સંલેખના, સંથારો કરવાથી પહેલા કરવામાં આવે છે. સંલેખના ઉત્કૃષ્ટ બાર વર્ષ, મધ્યમ એક વર્ષ તથા જઘન્ય છ માસની હોય છે.

બાર વર્ષની સંલેખના કરનાર મુનિ પહેલાં ચાર વર્ષમાં વિગયોનો ત્યાગ કરે, બીજા ચાર વર્ષોમાં છૂટક-છૂટક વિચિત્ર-વિવિધ તપનું આચરણ કરે.

પછી બે વર્ષ સુધી એકાંતર તપ કરે તેમજ પારણાના દિવસે આયંબિલ કરે. અગિયારમાં વર્ષના પહેલા છ મહિનામાં કઠિન તપ ન કરે. એ પૂરા વર્ષમાં પારણાના દિવસે **આયંબિલ** કરે. બારમા વર્ષમાં મુનિ કોટિ સહિત(નિરંતર) આયંબિલ કરે પછી પક્ષ અથવા માસનું અનશન તપ કરે.– **ઉત્તરા.અધ્ય. ૩૬.**

જ્યારે આયુષ્યનો અંતિમ સમય કે અલ્પ સમય અચાનક આવી જાય ત્યારે સંક્ષેપમાં સંલેખના કરી શકાય છે અથવા સંલેખના ક્રમ વિના તત્કાલ સંથારો પણ કરી શકાય છે.

**(૨) ઊણોદરી–** ઈચ્છા તેમજ ભૂખથી ઓછું ખાવું, ઓછા ઉપકરણ રાખવા, ઓછી વસ્તુઓનો ઉપયોગ કરવો **ઊણોદરી** તપ છે.





આહાર ઊણોદરીમાં થોડીક ઊણોદરી, અર્ધી, પા, પોણી ઊણોદરી પણ કરી શકાય છે અને ખાદ્યપદાર્થ સીમિત કરી શકાય છે. એક પાત્ર, એક વસ્ત્ર(એક ચાદર) રાખવું ઉપકરણ ઊણોદરી છે અથવા ગૃહસ્થે ઉપયોગ કરેલ ઉપકરણ ગ્રહણ કરવા, એ પણ ઉપકરણ ઊણોદરી છે. **ભાવઊણોદરી**ના કથનમા– કલહ, કષાય, બોલાચાલી(વાગ્યુદ્ધ)આદિના પ્રસંગમાં ગમ ખાવી, શાંત રહેવું, મૌન રાખવું વગેરેને ભાવઊણોદરી કહેલ છે.ગુસ્સા, ઘમંડ, કપટ, લોભ, લાલચથી આત્માને સુરક્ષિત રાખવો એ પણ ભાવઊણોદરી તપ કહેવામાં આવ્યું છે.

**(૩) ભિક્ષાચરી–** ગોચરીમાં વિવિધ અભિગ્રહ કરવા. ૭ પિંડેષણા, ૭ પાણે-ષણાના સંકલ્પથી ગોચરી જવું. આઠ પ્રકારની પેટી, અર્ધપેટી આકારવાળી ભ્રમણ વિધિમાંથી કોઈ વિધિનો સંકલ્પ કરવો. દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ સંબંધી અભિગ્રહ કરવો. **દ્રવ્યથી–** ખાદ્યપદાર્થોની સંખ્યા, દત્તિસંખ્યા આદિ નિર્ધારિત કરવી. **ક્ષેત્રથી–** ભિક્ષાના ઘરોની સંખ્યા, ક્ષેત્ર, દિશા આદિની સીમા કરવી. **કાલથી–** સમયની મર્યાદા કરવી, તેટલા સમયમાં જ ભિક્ષા લાવવી અને વાપરી લેવી. **ભાવથી–** દાતા સંબંધી દેય વસ્તુસંબંધી, રંગવ્યવહાર આદિનો અભિગ્રહ કરવો.

શુદ્ધ એષણા સમિતિથી પ્રાપ્ત કરવાનો દૃઢ સંકલ્પ કરીને ગોચરી કરવી એ પણ ભિક્ષાચરી તપ કહેલ છે. આ સંકલ્પમાં નવો અભિગ્રહ તો હોતો નથી પરંતુ એષણા નિયમોમાં અપવાદનું સેવન કરી શકાતું નથી. તે સિવાય મૌનપૂર્વક ગોચરી કરવી એ પણ ભિક્ષાચરી તપ કહ્યું છે. ભિક્ષાચરી તપને અભિગ્રહ તપ અથવા વૃત્તિસંક્ષેપ તપ પણ કહી શકાય છે. સર્વ મળીને સંખ્યાની દૃષ્ટિએ ૩૦ પ્રકારના અભિગ્રહ કહ્યા છે–

**ભિક્ષાચર્યા(અભિગ્રહ)ના ૩૦ પ્રકાર– (૧) દ્રવ્ય–** દ્રવ્યો સંબંધી નિયમ કે અભિગ્રહ કરીને આહાર લેવો. **(૨) ક્ષેત્ર–** ગ્રામાદિ ક્ષેત્રોમાંથી કોઈ એક ક્ષેત્ર સંબંધી વાસ, પરા, શેરી, ઘર આદિનો અભિગ્રહ કરીને આહાર લેવો. **(૩) કાલ–** દિવસના અમુક ભાગમાં આહાર લેવાનો અભિગ્રહ કરવો. **(૪) ભાવ–** અમુક વય, વસ્ત્ર કે વર્ણવાળાથી આહાર લેવાનો અભિગ્રહ કરવો. **(૫) उक्खित्तचरए** – કોઈ વાસણમાંથી ભોજન કાઢનારાથી આહાર લેવાનો અભિગ્રહ કરવો. **(૬) णिक्खित्तचरए–** કોઈ વાસણમાં ભોજન નાખવા–ઠાલવવાવાળાથી આહાર લેવાનો અભિગ્રહ કરવો. **(૭) उ.णि.चरए–** કોઈ એક વાસણમાં ભોજન લઈને

બીજા વાસણમાં મૂકવાવાળાથી આહાર લેવાનો અભિગ્રહ કરવો. **(૮) णि.उ.चरए**– કોઈ એક વાસણમાં કાઢેલ ભોજનને બીજા વાસણમાં મૂકવાવાળથી આહાર લેવાનો અભિગ્રહ કરવો. **(૯) वटिज्जमाण चरए**– કોઈને માટે થાળીમાં પીરસેલ આહાર લેવાનો અભિગ્રહ કરવો. **(૧૦) साहरिज्जमाण चरए**– અન્યત્ર ક્યાંય પણ લઈ જનારથી અથવા ભોજન પીરસવા માટે જનાર પાસેથી આહાર લેવાનો અભિગ્રહ કરવો. **(૧૧) उवणीय चरए**– આહારની પ્રશંસા કરીને દેનારથી આહાર લેવાનો અભિગ્રહ કરવો. **(૧૨) अवणीय चरए** – આહારની નિંદા કરીને દેનારથી આહાર લેવાનો અભિગ્રહ કરવો. **(૧૩) ઉવ.અવ.ચરએ**– જે પહેલા આહારની પ્રશંસા કરીને પછી નિંદા કરે તેનાથી આહાર લેવાનો અભિગ્રહ કરવો. **(૧૪) अव.उव.चरए**– જે આહારની પહેલા નિંદા કરે પછી પ્રશંસા કરે તેનાથી આહાર લેવાનો અભિગ્રહ કરવો. **(૧૫) स सट्ठ चरए**– લિપ્ત ખરડાયેલા હાથ, પાત્ર કે ચમચાથી આહાર લેવાનો અભિગ્રહ કરવો. **(૧૬) अस सट्ठ चरए**– અલિપ્ત હાથ, પાત્ર કે ચમચાથી આહાર લેવાનો અભિગ્રહ કરવો. એમાં દાતા અને વસ્તુનો વિવેક રાખવામાં આવે છે જેથી પશ્ચાત્કર્મ દોષ ન લાગે. **(૧૭) तज्जाय स सट्ठ चरए**– આપવાના પદાર્થથી લિપ્તહાથ, પાત્ર કે ચમચા દ્વારા આપનાર પાસેથી આહાર લેવાનો અભિગ્રહ કરવો. **(૧૮) अण्णाय चरए**– અજ્ઞાતસ્થાન(જ્યાં ભિક્ષુની પ્રતીક્ષા ન કરતા હોય ત્યાં) થી આહાર લેવાનો અભિગ્રહ કરવો. પોતાની જાતિ, કુળ બતાવ્યા વિના આહાર લેવો. અજ્ઞાત, અપરિચિત વ્યક્તિઓના ઘરોથી આહાર લેવો. **(૧૯) मोण चरए**– મૌન રાખીને આહાર લેવાનો અભિગ્રહ કરવો. **(૨૦) दिट्ठ चरए**– દેખાતો હોય અર્થાત્ સામે રાખેલ આહાર લેવાનો અભિગ્રહ કરવો. **(૨૧) अदिट्ठ चरए**– નહિ દેખાતો, અન્યત્ર રાખેલ, કબાટ આદિમાં રાખેલ આહાર લેવાનો અભિગ્રહ કરવો. **(૨૨) पुट्ठ चरए**– તમારે શું જોઈએ છે ? એમ પૂછીને દેનારથી આહાર લેવાનો અભિગ્રહ કરવો. **(૨૩) अपुट्ठ चरए**– પૂછ્યા વિના દેનારથી આહાર લેવાનો અભિગ્રહ કરવો. **(૨૪) भिक्ख–लाभिए– મને ભિક્ષા આપો** એવું કહેવાથી એટલે યાચના કરવા પર દે, તેના પાસેથી આહાર લેવાનો અભિગ્રહ કરવો. **(૨૫) अभिक्खलाभिए– ભિક્ષા આપો** આદિ કંઈપણ કહ્યા વિના સ્વતઃ દેનારથી આહાર લેવાનો અભિગ્રહ કરવો. **(૨૬) अण्णगिलायए**– આજનો બનાવેલ કે મનોજ્ઞ અહારાદિ નહિ લેવાનો





અભિગ્રહ કરવો. એટલે કે અમનોજ્ઞ, તુચ્છ,સામાન્ય આહાર લેવાનો અભિગ્રહ કરવો. **(૨૭) ओवणिहिए**– દાતાની સમીપમાં પડેલ અહાર લેવાનો અભિગ્રહ કરવો. એટલે કે ઊઠવું–બેસવું આદિ ક્રિયા કર્યા વગર ભિક્ષા આપનારથી આહાર ગ્રહણ કરવો. **(૨૮) परिमिय पिंडवाइए**– પરિમિત દ્રવ્યો લેવાનો અભિગ્રહ કરવો. **(૨૯) सुद्धेसणिए**– એષણામાં કોઈ પણ અપવાદ સેવન ન કરવાનો અભિગ્રહ કરવો. **(૩૦) स खादत्तिए**– દત્તિનું પરિમાણ નિશ્ચિત કરીને આહાર લેવાનો અભિગ્રહ કરવો. આ ૩૦ સંખ્યાની ગણતરી ભગવતી સૂત્ર અને ઔપપાતિક સૂત્રમાં દર્શાવવામાં આવી છે.

**ઠાણાંગસૂત્ર**–ભિન્નપિંડપાતિક– ટુકડા-ટુકડા કરેલ પદાર્થોની ભિક્ષા લેનાર, અખંડ પદાર્થ મગ, ચણા આદિ નહિ લેનાર***–ઠાણાંગ સૂત્ર, સ્થાન–૫માં આ એક વિશેષ નિયમ દર્શાવેલ છે.***

**(૪) રસ પરિત્યાગ–** વિગયોનો, મહાવિગયોનો ત્યાગ કરવો, સ્વાદિષ્ટ મનોજ્ઞ પદાર્થોનો ત્યાગ કરવો. વિવિધ ખાદ્યપદાર્થોનો ત્યાગ કરવો, ખાદિમ-સ્વાદિમનો ત્યાગ કરવો, અન્ય પણ મનોજ્ઞ ઈચ્છિત વસ્તુઓ ખાવાનો ત્યાગ કરવો, **રસ પરિત્યાગ તપ** છે. આમ પણ સંયમ સાધક રસાસ્વાદને માટે કોઈપણ આહાર કરતા નથી પરંતુ સંયમ મર્યાદા અને જીવન નિર્વાહ માટે જ મર્યાદિત આહાર કરે છે છતાં પણ વિશિષ્ટ ત્યાગની અપેક્ષા આ તપ હોય છે. સંખ્યા દષ્ટિથી તેના ૯ પ્રકાર દર્શાવ્યા છે.

**રસપરિત્યાગ તપના નવ વિશિષ્ટ પ્રકાર– (૧)** નિર્વિકૃતિક– વિગય રહિત આહાર કરવો **(૨)** પ્રણીત રસપરિત્યાગ– અતિસ્નિગ્ધ અને સરસ આહારનો ત્યાગ કરવો, સાદું ભોજન કરવું. **(૩)** આયંબિલ– નિમક આદિ છ રસ તથા વિગય રહિત એક દ્રવ્યને અચિત્ત પાણીમાં ભિંજાવીને દિવસમાં એક જ વાર ખાવું **(૪)** આયામ સિક્થભોજી– અત્યલ્પ(કણ માત્ર) પદાર્થ લઈને આયંબિલ કરવી **(૫)** અરસાહાર– મરચાં, મસાલા વિનાનો આહાર કરવો **(૬)** વિરસા-હાર– ઘણા પુરાણા અન્નથી બનેલો આહાર કરવો **(૭)** અન્તાહાર– ભોજન પછી બચેલો આહાર કરવો **(૮)** પ્રાન્તાહાર– તુચ્છ ધાન્યોથી બનેલો આહાર કરવો **(૯)** રૂક્ષાહાર– રૂખો-સૂકો આહાર કરવો.

**(૫) કાયક્લેશ–** આસન કરવા, લાંબા સમય સુધી સ્થિર આસનથી રહેવું, ઊભા રહેવું, શયનાસનનો ત્યાગ કરવો, વીરાસન આદિ કષ્ટપ્રદ આસન કરવા,

આતાપના લેવી, શિયાળામાં ઠંડી સહન કરવી, નિર્વસ્ત્ર રહેવું, અચેલધર્મ સ્વીકાર કરવો, એ કાયક્લેશ તપ છે. સંયમવિધિના આવશ્યક નિયમ– પાદવિહાર (પગપાળા), લોચ કરવો, સ્નાન નહિ કરવું, ઔષધ ઉપચાર નહિ કરવો, ભૂમિ શયન કરવું આદિ પણ કાયક્લેશ તપ રૂપ જ છે. આમ આ તપના ચાર વિભાગ થાય છે– (૧) આસન (૨) આતાપના (૩) વિભૂષા ત્યાગ (૪) પરિકર્મ– શરીર સુશ્રૂષા ત્યાગ. વિસ્તારની અપેક્ષા અહીં આસન આદિ અનેક પ્રકારે દર્શાવેલ છે.

**કાયક્લેશ તપના નવ વિશેષ પ્રકાર–** (૧) સ્થાનસ્થિતિક– એક આસને સ્થિર ઊભા રહેવું, બેસવું નહિ. (૨) ઉત્કુટુકાસનિક– પુટ્ઠોને ભૂમિ પર નહિ ટેકાવી કેવલ ઉભડક બેસીને મસ્તક પર અંજલી કરવી. (૩) પ્રતિમાસ્થાયી– એક રાત્રિ આદિનો સમય નિશ્ચિત કરી કાયોત્સર્ગ કરવો. (૪) વીરાસનિક– ખુરશી પર બેઠેલ વ્યક્તિની નીચેથી ખુરશી ખેંચી લેવાથી જે સ્થિતિ થાય, તે આસનથી સ્થિર રહેવું. (૫) નૈષધિક– પુટ્ઠે ટેકવી પલાંઠી વાળીને બેસવું અને સમયની મર્યાદા કરવી. (૬) આતાપક– તડકા આદિની આતાપના લેવી. (૭) અપ્રાવૃત્તક–શરીરને કપડા આદિથી ઢાંકવું નહિ, ખુલ્લા શરીરે રહેવું (ચોલપટક પહેરી શેષ શરીરથી ઉઘાડા રહેવું. (૮) અકંડૂયક– ખંજવાળ આવવા છતાં પણ શરીરને ખંજવાળવું નહિ. (૯) અનિષ્ઠીવક– થૂંક, કફ વગેરે આવે તો પણ થૂંકવું નહિ. દસમો ભેદ **સર્વ-ગાત્ર-પરિકર્મ અને વિભૂષા વિપ્રમુક્ત–** શરીરના સર્વ સંસ્કાર તથા વિભૂષા–શૃંગાર આદિ કરવાથી મુક્ત રહેવું.

**સ્થાનાંગ સૂત્રમાં** આના પાંચ પ્રકાર દર્શાવેલ છે જેમ કે–**(૧) દંડાયતિક–** દંડની સમાન સીધા લાંબા પગ કરીને સૂવું. **(૨) લગંડસાઈ–** પડખાભર સૂઈને હથેળી પર મસ્તક ટેકવીને એક ઉભા પગના ગોઠણ પર બીજા પગની એડી રાખવી. એ આસનમાં મસ્તક ટેકવેલ હાથની કોણી જમીન પર રહે છે અને એક પગનો પંજો ભૂમિ પર રહે છે, એક કરવટ વાળેલો હાથ ભૂમિ પર રહે છે. **(૩) સમપાદપુતા–** બંને પગને અને નિતંબને ભૂમિ પર ટેકવીને બેસવું. **(૪) ગોદોહિકા–** ગાય દોહવાની જેમ બેસવું. **(૫) અપ્રતિશાયી–** શયન કરવું નહિ, ઊભા રહેવું અથવા કોઈ પણ આસનથી બેસી રહેવું.

**(૬) પ્રતિસંલીનતા તપ–** આના ચાર પ્રકાર છે– **(૧)ઇન્દ્રિય પ્રતિસંલીનતા–** ઇન્દ્રિયોને પોતાના વિષયમાં જવા દેવી નહિ અને સહજ ઇન્દ્રિય પ્રાપ્ત વિષયોમાં રાગદ્વેષ કરવા નહિ, એ તપ છે. **(૨)કષાય પ્રતિસંલીનતા–** ગુસ્સા, ઘમંડ,





કપટ, લોભ, લાલચને ઉત્પન્ન જ થવા દેવા નહિ, સાવધાન રહેવું અને ઉદયની પ્રબળતાથી ઉત્પન્ન થઈ જાય તો તેને તત્કાલ વિફલ કરી દેવા અર્થાત્ જ્ઞાનથી, વૈરાગ્યથી પોતાના કર્તવ્યનું ચિંતન કરી, આત્મ સુરક્ષાના લક્ષ્યને પ્રાધાન્ય આપી, પરદોષ દર્શન દૃષ્ટિને નષ્ટ કરી, સ્વદોષ દર્શનને મુખ્ય ગણી, ઐહિક સ્વાર્થોને ગૌણ બનાવી, આધ્યાત્મ વિકાસને પ્રધાનતા આપી, તે કષાયોને ટકવા જ નહિ દેવા, એ તપ છે. **(૩)યોગ પ્રતિસંલીનતા–** નકામા સંકલ્પ-વિકલ્પ ઉત્પન્ન જ થવા દેવા નહિ, સારા, ઊંચા સંકલ્પોને વધારતા રહી અને મનને એકાગ્ર કરવાની ટેવ પાડવી અર્થાત્ ધીરે-ધીરે સંકલ્પ-વિકલ્પોથી મુક્ત થવું, એ સર્વ **મનયોગ પ્રતિસંલીનતા** છે. આવી રીતે ખરાબ વચનનો ત્યાગ અથવા અપ્રયોગ, સારા વચનોનો પ્રયોગ, ઉચ્ચારણ અને મૌનનો અધિકતમ અભ્યાસ, એ **વચનયોગ પ્રતિસંલીનતા** છે. હાથપગ આદિ શરીરના અંગ-ઉપાંગોને પૂર્ણ સંયમિત, સંકુચિત રાખવા, સ્થિરકાય રહેવું, ચાલવું, ઉઠવું, બેસવું, અંગસંચાલન આદિ પ્રવૃત્તિઓ પર, વિવેક અને યતનાની વિધિનો અભ્યાસ રાખીને અયતના પર પૂર્ણ અંકુશ કેળવવો, **એ કાય પ્રતિસંલીનતા** છે. હાથ, પગ, મસ્તક, અસ્ત-વ્યસ્ત અને ચંચળતાથી ચલાવ્યે રાખવા, અનાવશ્યક પ્રવર્તન કરવું **કાય અપ્રતિ-સંલીનતા** છે. **(૪)વિવિક્ત શયનાસન પ્રતિસંલીનતા–** એકાંત સ્થાનોમાં રહેવું, બેસવું, સૂવું આદિ ચોથું પ્રતિસંલીનતા તપ છે.

**(૭) પ્રાયશ્ચિત્ત તપ–** પ્રમાદથી, પરિસ્થિતિથી અથવા ઉદયાધીન થવાથી લાગેલા દોષોની આલોચના આદિ કરવી; સરલતા, નમ્રતા, લઘુતાથી યુક્ત થઈને પૂર્ણ શુદ્ધિ કરવી; યથાયોગ્ય પ્રાયશ્ચિત્ત સ્વીકાર કરવું, મિથ્યા દુષ્કૃત દેવું આદિ પ્રાયશ્ચિત્ત તપ છે.

**(૮) વિનય તપ–** વિનયનો સામાન્ય અર્થ–નમ્રતા, વંદના, નમસ્કાર, આજ્ઞા પાલન, આદર કરવો, સન્માન કરવું, ભક્તિભાવયુક્ત વ્યવહાર કરવો, એ સર્વે ય પ્રવર્તન **સામાન્ય વિનય તપ** છે.

**વિશેષ વિનય–** આત્માના કર્મોને દૂર કરવા માટે જ્ઞાન, દર્શન, ચારિત્રનું આરાધન કરી શ્રુતભક્તિ અને અનાશતનાનો વ્યવહાર કરવો; મન, વચન, કાયાને પ્રશસ્ત રાખી કર્મબંધથી આત્માને વિશેષ રૂપે દૂર રાખી; અપ્રશસ્ત મન, વચન, વ્યવહાર નહિ કરવો, એ પણ વિનય છે. વિનયના ક્ષેત્ર કાલ સંબંધી નિયમ અનુષ્ઠાનોનું, વ્યવહારનું પાલન કરવું એ પણ **વિનય તપ** છે. કાયિક પ્રવૃત્તિઓ યતનાપૂર્વક

કરવી, પ્રત્યેક વ્યક્તિ અથવા પ્રાણીની સાથે સદ્‌વ્યવહાર કરવો ઈત્યાદિ વિશેષ વિનય છે. તેના સાત પ્રકાર છે, યથા– (૧) જ્ઞાનવિનય (૨) દર્શનવિનય (૩) ચારિત્ર વિનય (૪) મનવિનય (૫) વચનવિનય (૬) કાયવિનય (૭) લોકોપચાર વિનય. તે સિવાય કાયાથી ઉપયોગપૂર્વક ગમનાગમન ઉલ્લંઘન-પ્રલંઘન, બેસવું, ઊઠવું પણ વિનયમાં ગણાવ્યું છે. અવિવેકી પ્રવૃત્તિઓ નહિ કરવી પણ વિનય છે અર્થાત્ સર્વ પ્રકારની વિવેકયુક્ત અનાશ્રવી વૃત્તિથી વ્યવહાર કરનાર ગુણસંપન્ન વ્યક્તિ વિનીત કહેવાય છે. આ રીતે અપેક્ષાએ સર્વ ઉન્નત ગુણોને પણ વિનય કહી શકાય છે. જેનો ઉક્ત સાત ભેદોમાં સમાવેશ થઈ જાય છે.

આવી જ અપેક્ષાઓથી ઉત્તરાધ્યયન સૂત્રના પહેલા અને અગિયારમા અધ્યયનમાં અનેક ગુણોવાળાને **વિનીત** કહેલ છે.

**સંક્ષેપમાં–** મોક્ષ સાધકને માટે આત્મશુદ્ધિ, વિનય વિના સંભવ નથી. વિનય વ્યક્તિને અહંકારથી મુક્ત કરે છે અને એ સ્પષ્ટ છે કે આત્મગત દોષોમાં અહંકાર જ સર્વાધિક મહત્વપૂર્ણ દોષ છે. **જૈનાગમોમાં** વિનય શબ્દનું તાત્પર્ય આચારના નિયમોથી પણ છે. તેના અનુસાર આચારના નિયમોનું સમ્યકરૂપે પાલન કરવું એ પણ વિનય છે. બીજા અર્થમાં વિનય વિનમ્રતાનો સૂચક છે. આ બીજા અર્થનું તાત્પર્ય એ છે કે વરિષ્ઠ અને ગુરુજનોનું સન્માન કરતાં તેઓની આજ્ઞાઓનું પાલન કરવું તેમજ તેઓનો આદર આપવો.

**(૯) વૈયાવૃત્ય તપ–** આચાર્ય આદિ ૧૦ સંયમવાન મહાપુરુષોની યથાયોગ્ય સેવા કરવી વૈયાવૃત્ય છે. (૧) આચાર્ય (૨) ઉપાધ્યાય (૩) સ્થવિર (૪) તપસ્વી (૫) રોગી (૬) નવદીક્ષિત (૭) કુલ (૮) ગણ (૯) સંઘ (૧૦) સાધર્મિક શ્રમણ. આ સર્વેયને આહાર-પાણી, ઔષધ, વસ્ત્ર-પાત્ર પ્રદાન કરીને શાતા પહોંચાડવી તેમજ વચન-વ્યવહારથી માનસિક સમાધિ પહોંચાડવી, વૈયાવૃત્ય તપ છે.

**(૧૦) સ્વાધ્યાય તપ–** એના પાંચ પ્રકાર છે– (૧) વાચના (૨) પૃચ્છા (૩) પરિવર્તના–કંઠસ્થ જ્ઞાનનું પુનરાવર્તન (૪) અનુપ્રેક્ષા (૫) ધર્મકથા. રુચિપૂર્વક આગમોને કંઠસ્થ કરવા, તેનું વાંચન, મનન, ચિંતન, અનુપ્રેક્ષણ કરવું; પ્રશ્ન-પ્રતિપ્રશ્નોથી અર્થ-પરમાર્થને સમજવા અને ઉક્ત સ્વાધ્યાય આદિથી પ્રાપ્ત અનુભવને ભવ્યજીવોના પથ-પ્રદર્શન માટે પ્રસારિત-પ્રચારિત કરવા અર્થાત્ પ્રવચન આપવું; ઉપસ્થિત પરિષદને યોગ્ય હિતાવહ ઉદ્‌બોધન આપવું; તેઓને ધર્મમાર્ગમાં ઉત્સાહિત કરવા; એ સર્વ સ્વાધ્યાય તપ છે.





**(૧૧) ધ્યાન તપ–** સ્વાધ્યાય આદિથી પ્રાપ્ત અનુભવ જ્ઞાન દ્વારા આત્માનુલક્ષી, વૈરાગ્યવર્ધક અનિત્ય ભાવના, અશરણ ભાવના, સંસાર ભાવના એકત્વભાવના, અશુચિ ભાવના આદિ દ્વારા આત્મધ્યાનમાં, આધ્યાત્મભાવમાં લીન બની જવું અને જ્ઞાન, વૈરાગ્ય અને આત્મભાવમાં એક-મેક બની જવું; ચિત્ત-ચિંતન સર્વ એક જ આધ્યાત્મ વિષયમાં એકાગ્ર, સ્થિર, સ્થિરતમ થઈ જવા; આત્મવિકાસના આત્મગુણોના પૂર્ણ રૂપથી ક્ષીર નીરવત્ મળી જવું; આ રીતે સમભાવપૂર્વક આત્મવિષયમાં એકાગ્રચિત થઈ જવું. બાહ્ય સંકલ્પોથી પૂર્ણરૂપે હટીને આધ્યાત્મ વિષયોમાં આત્મસાત્ થઈ જવું, તલ્લીન બની જવું **ધ્યાન તપ** છે.

સ્વાધ્યાયના ચોથા ભેદરૂપ અનુપ્રેક્ષા અને ધ્યાનની અનુપ્રેક્ષા બંને ય અનુપ્રેક્ષા છે પરંતુ છે બંને અલગ-અલગ. એક તત્ત્વાનુપ્રેક્ષા છે તો બીજી આત્માનુપ્રેક્ષા છે. પ્રસ્તુતમાં ધ્યાનના ચાર ભેદ કહ્યા છે, યથા–(૧) આર્તધ્યાન (૨) રૌદ્રધ્યાન (૩) ધર્મધ્યાન (૪) શુક્લધ્યાન.

***નોંધ– ધ્યાન સ્વરૂપ અને તેના ભેદ-પ્રભેદ તથા તત્સંબંધી વિસ્તૃત વિચારણા નિબંધ માળા ભાગ–૪, નિબંધ–૮૬, પૃષ્ટ–૧૨૬ થી ૧૪૮ સુધીમાં જુઓ.***

**(૧૨) વ્યુત્સર્ગ તપ–** સ્વાધ્યાય અને ધ્યાનમાં વચન કે મનનો પ્રયોગ હોય છે પરંતુ વ્યુત્સર્જન તપ તો ત્યાગ પ્રધાન છે. આ અંતિમ અને પરાકાષ્ટા કક્ષાનું તપ છે. તેમાં ત્યાગ જ ત્યાગ કરવાનો હોય છે. ત્યાં સુધી કે સ્વાધ્યાય અને ધ્યાનનો પણ ત્યાગ કરવામાં આવે છે, કારણ કે સ્વાધ્યાય, ધ્યાનમાં યોગપ્રવર્તન છે, અનુપ્રેક્ષા કરવી એ પણ યોગ પ્રવૃત્તિ છે. આ વ્યુત્સર્ગ તપમાં તો મન, વચન, કાયાના યોગોનો દેશ કે સર્વ, શક્ય ત્યાગનું જ મુખ્ય લક્ષ હોય છે.

**દ્રવ્ય વ્યુત્સર્ગ–** આના ચાર પ્રકાર છે, યથા– (૧) સામુહિકતાનો અર્થાત્ ગચ્છનો ત્યાગ કરી એકલ વિહાર ધારણ કરવો **ગણ વ્યુત્સર્ગ તપ** છે. (૨) શરીરનો ત્યાગ કરી કાયોત્સર્ગ કરવો અર્થાત્ ત્રણે યોગનું શક્ય વ્યુત્સર્જન કરવું, **કાયોત્સર્ગ તપ** છે. (૩) ઉપધિનો ક્રમિક અથવા પૂર્ણતઃ ત્યાગ કરવારૂપ દેશ અચેલત્વ કે પૂર્ણ અચેલત્વ સ્વીકાર કરવું **ઉપધિ વ્યુત્સર્ગ તપ** છે. (૪) અહાર-પાણીનો પૂર્ણપણે ક્રમિક ત્યાગ કરવો **ભક્ત-પાન વ્યુત્સર્જન તપ** છે.

**ભાવ વ્યુત્સર્ગ–** કષાય ત્યાગ, કર્મબંધ નિવારણ અને સંસાર ભ્રમણનો નિરોધ, એ ભાવ વ્યુત્સર્ગના ત્રણ પ્રકાર છે.

**વિશેષ વિચારણા–** કાયોત્સર્ગમાં જે લોગસ્સ આદિના જાપ વગેરેની પ્રવૃત્તિ

ચાલી રહી છે તે પૂર્ણ વ્યુત્સર્જન નથી. સાચા અર્થમાં વ્યુત્સર્જન તે છે જેમાં વચન અને કાય યોગના ત્યાગની સાથે નિર્વિકલ્પતાની સાધના થાય છે અર્થાત્ તેમાં મનોયોગના વ્યાપારનો પણ નિરોધ કરવાનું પૂર્ણ લક્ષ હોય છે, અનુપ્રેક્ષાનો પણ ત્યાગ હોય છે, તે જ પૂર્ણ કાયોત્સર્ગરૂપ વ્યુત્સર્ગ તપની સાધના છે. આ ધ્યાનની પછીનું તપ છે. ધ્યાનથી પણ તેની શ્રેણી વિશિષ્ટ દરજ્જાની સાધનાવાળી છે.

આજકાલ આ સાધનાને પણ ધ્યાનના નામથી પ્રચારિત કરવામાં આવે છે. યથા– નિર્વિકલ્પ ધ્યાન, ગોયંકાધ્યાન, પ્રેક્ષાધ્યાન આદિ. આ વ્યવહાર સત્ય ધ્યાન બની ગયું છે પરંતુ વાસ્તવિક કે આગમિક સત્ય નથી.

કેટલાક લોકોનું એમ વિચારવાનું છે કે નિર્વિકલ્પતા છદ્મસ્થને થઈ શકતી નથી પરંતુ તેઓનો એવો એકાંતિક વિચાર અયોગ્ય છે. મનોયોગનું અંતર પણ શાસ્ત્રમાં બતાવવામાં આવ્યું છે. પ્રગાઢ નિદ્રામાં પણ મનોયોગ અવરુદ્ધ થાય જ છે અને વ્યુત્સર્ગ તપમાં યોગોનું વ્યુત્સર્જન કરવું એ પણ આગમમાં તપ રૂપ કહ્યું છે. તેથી તેનો એકાંત નિષેધ કરવો અનુપયુક્ત છે, ધ્યાનની સાધનાથી આ વ્યુત્સર્જનની સાધના કંઈક વિશેષ કઠિન અવશ્ય છે પરંતુ તેને અસાધ્ય માની લેવી જોઈએ નહિ.

એ સર્વ પ્રકારના તપ, જ્ઞાનદર્શનચારિત્રની ભૂમિકાની સાથે જ મહત્ત્વ પૂર્ણ હોય છે અર્થાત્ જ્ઞાન, દર્શન, ચારિત્ર અથવા ચારિત્રાચારિત્ર નથી તો તે ભૂમિકા વિનાનું તપ આત્મ ઉત્થાનમાં, મોક્ષ આરાધનામાં મહત્ત્વપૂર્ણ થઈ શકતું નથી. તેથી કોઈપણ નાના કે મોટા તપમાં જ્ઞાન,શ્રદ્ધાન અને વિરતિભાવની ઉપેક્ષા થવી જોઈએ નહિ. ચાહે ભલે તે ઉચ્ચ ધ્યાન હોય અથવા પરમ તપ વ્યુત્સર્ગ હોય. ***તે સંબંધી વિશેષ સ્પષ્ટીકરણ નિબંધમાલા ભાગ–૪માં જુઓ .***

ચતુર્વિધ મોક્ષ માર્ગની સાપેક્ષ સાધના જ મોક્ષ ફળ આપનાર બની શકે છે. તે સાધનાના ચાર અંગ છે– (૧) સમ્યગ્જ્ઞાન (૨) સમ્યકશ્રદ્ધાન (૩) સમ્યક ચારિત્ર (૪) સમ્યકતપ. યથા–

**ણાણં ચ દંસણં ચેવ, ચરિત્તં ચ તવો તહા ।**
**એયં મગ્ગં અણુપત્તા, જીવા ગચ્છંતિ સોગ્ગઈ ॥ ૩ ॥**

**ભાવાર્થ–** જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપરૂપ આ ચતુર્વિધ મોક્ષ માર્ગને પ્રાપ્ત કરીને, તેની આરાધના કરનાર જીવ, મોક્ષ રૂપી સદ્ગતિને પ્રાપ્ત કરે છે.–**ઉત્તરાધ્યયન સૂત્ર, અધ્યયન– ૨૮.**





**નિબંધ–૭૩**

# જૈન શ્રમણોની ગોચરી અને શ્રાવકાચાર

**પ્રસ્તાવના :–**

સંયમ જીવનમાં શુદ્ધ આહાર વગેરેની ગવેષણાનું(તપાસવાનું) અતિ મહત્ત્વ છે. તેમજ શ્રમણોપાસક(શ્રાવક) જીવનમાં પણ મોક્ષસાધક નિર્ગ્રંથ મુનિઓને વહોરાવવાનું(સુપાત્રદાનનું) વિશિષ્ટ મહત્ત્વ છે.

શ્રી સ્થાનાંગ સૂત્ર સ્થાન–૪ અનુસાર નિર્દોષ આહારની તપાસમાં દત્તચિત્ત શ્રમણ(સાધુ) અલભ્ય, અતિશય જ્ઞાન પ્રાપ્ત કરે છે. શ્રી ભગવતી સૂત્ર અનુસાર નિર્દોષ આહારની તપાસ(ગવેષણા) કરનાર શ્રમણોને હિંસા, જૂઠ રહિત નિર્દોષ સુપાત્રદાન આપનાર શ્રમણોપાસક, શ્રમણની સંયમ સમાધિની પ્રાપ્તિ કરે છે. તાત્પર્ય એ છે કે સુપાત્રદાન આપનાર દાતા(શ્રાવક) સંયમની અનુમોદના અને સંયમના લાભને પ્રાપ્ત કરનાર થાય છે.

**વિશેષ :–** ભગવતી સૂત્ર શતક–૩, ઉદ્દેશક–૬ અનુસાર નિર્દોષ આહારની તપાસ કરનાર(ગવેષક) સાધુ માટે સાવદ્ય હિંસાયુક્ત આચરણ કરી, જૂઠનો પ્રયોગ કરી, સદોષ આહાર આપનાર અલ્પ શુભાયુ પ્રાપ્ત કરે છે. (૨) ત્યાં જ હિંસા જૂઠ રહિત નિર્દોષ સુપાત્રદાન આપનાર શુભ દીર્ઘાયુ બંધ કરે છે. (૩) નિર્ગ્રંથ શ્રમણોને અનાદર, અસન્માન ભાવથી અવહેલના, નિંદા કે ટીકા કરી અમનોજ્ઞ ભિક્ષા આપનાર અશુભ દીર્ઘાયુ બંધ કરે છે.

**સાર :–** (૧) નિર્દોષ આહાર-પાણીની તપાસ કરનાર શ્રમણોને આદરભાવથી આગમોક્ત દોષોથી રહિત તેના શરીર અને સંયમોચિત ભિક્ષા પ્રદાન કરવાથી શ્રમણોપાસકને બારમા વ્રતની આરાધના થાય છે. તેમજ તેનું શ્રાવક જીવન યશસ્વી બને છે. (૨) તે ઉપરાંત વિશેષ પ્રસંગને કારણે પરિસ્થિતિવશ શ્રમણ નિર્ગ્રંથનો ઔષધ ઉપચાર કરવામાં આવે કે સેવા ભાવથી, જૂઠ-કપટ રહિતપણે, સંયમ-નિયમથી અતિરિક્ત વ્યવહાર કરવામાં આવે તો તેનું પ્રાયશ્ચિત્ત કરી શુદ્ધિ કરવી આવશ્યક હોય છે. તે પણ શ્રાવક ધર્મને યોગ્ય આચાર કહેવાય છે. શ્રમણાચાર અને શ્રાવકાચારની આરાધના યથા યોગ્ય થાય તે હેતુથી આ

પ્રકરણનું સંકલન **આગમ અને ગ્રંથોથી** કરવામાં આવ્યું છે. તેથી દરેક સાધક પોતાની પ્રવૃત્તિને જિનાજ્ઞા અનુસાર બનાવી નિર્જરા લાભ પ્રાપ્ત કરે, તેવી શુભ ભાવના.

**ગોચરી સંબંધી દોષ-નિયમ :–** એષણા સમિતિના ૪ર દોષ પ્રસિદ્ધ છે તે માટે પિંડ નિર્યુક્તિની ગાથાઓ આ પ્રમાણે છે–

**[૧]આહાકમ્મ [૨]ઉદ્દેસિય, [૩]પૂઈકમ્મ [૪]મીસજાએ ય .**
**[૫]ઠવણા [૬]પાહુડિયાએ, [૭]પાઓઅર [૮]કીય [૯]પામિચ્ચે ।૧।**
**[૧૦]પરિયટ્ટિય [૧૧]અભિહડે, [૧૨]ઉબ્ભિણ્ણે [૧૩]માલોહડે .**
**[૧૪]આચ્છિજ્જે [૧૫]અણિસિટ્ઠે, [૧૬]અજ્ઝોયરએ સોલસમે ।ર।**
**[૧]ધાઈ [૨]દૂઈ [૩]ણિમિત્તે, [૪]આજીવે [૫]વણીમગે [૬]તિગિચ્છાએ .**
**[૭]કોહે [૮]માળે [૯]માયા [૧૦]લોભે, હવંતિ દસ એએ ।૩।**
**[૧૧]પુવ્વિપચ્છાસંથવ, [૧૨]વિજ્જા [૧૩]મંત [૧૪]ચુણ્ણ [૧૫]જોગે ય .**
**ઉપ્પાયણાઈ દોસા, સોલસમે [૧૬]મૂલકમે ।૪।**
**[૧]સંકિય [૨]મક્ખિય [૩]ણિક્ખિત્ત, [૪]પિહિય [૫]સાહરિય [૬]દાયગ [૭]ઉમિસ્સે**
**[૮]અપરિણિય [૯]લિત્ત [૧૦]છડ્ડિય, એસણ દોસા દસ હવંતિ ।૫।**

અહીં પહેલી બે ગાથામાં ઉદ્‌ગમના સોળ દોષ; ત્રીજી, ચોથી ગાથામાં ઉત્પાદનના સોળ દોષ અને પાંચમી ગાથામાં એષણાના દસ દોષ છે. તે દોષોનો નિર્દેશ ભગવતી સૂત્ર, પ્રશ્નવ્યાકરણ સૂત્ર આદિ અનેક આગમોમાં થાય છે. તેનું સ્પષ્ટીકરણ પિંડનિર્યુક્તિ આદિ ગ્રંથ અને વ્યાખ્યાઓમાં છે. તે આ પ્રમાણે છે–

***ઉદ્‌ગમના ૧૬ દોષ–*** *આહાર વગેરેની ઉત્પત્તિ સંબંધી દોષને ઉદ્‌ગમ દોષ કહે છે. આ સોળ દોષો ગૃહસ્થ દ્વારા લાગે છે. તે આ પ્રમાણે છે–*

**(૧)** એક કે અનેક સાધુ-સાધ્વીજીના નામ નિર્દેશ સાથે તેના માટે જ આહાર આદિ બનાવવામાં આવે તે આધાકર્મી દોષ છે. **(ર)** કોઈના સ્પષ્ટ નિર્દેશ વિના સામાન્ય રીતે જૈન મુનિ માટે, સર્વ ભિક્ષુ માટે, શ્રમણો માટે, શ્રમણીઓ માટે આ પ્રકારના ઉદ્દેશ્યથી જે આહારાદિ બનાવવામાં આવે તે ઔદેશિક દોષ છે. **(૩)** હાથ, ચમચા કે વાસણ વગેરેના માધ્યમે આધાકર્મી આહારનો અંશ જો





શુદ્ધ આહારમાં ભળી જાય તો તે આહાર પૂતિકર્મ દોષ યુક્ત કહેવાય છે. **(૪)** ગૃહસ્થ પોતાના માટે અને જૈન મુનિ માટે, એમ મિશ્ર ભાવોથી જે આહારાદિ બનાવે તે મિશ્રજાત દોષ કહેવાય છે. **(પ)** ગૃહસ્થ માટે બનેલા નિર્દોષ આહાર આદિને દાતા સાધુ માટે જુદો રાખી મૂકે અને ઘર માટે બીજો બનાવે, જ્યારે-જ્યારે પણ સાધુ-સાધ્વી પધારે ત્યારે તે રાખેલો પદાર્થ તેને જ વહોરાવે. આ રીતે સાધુઓ માટે સ્થાપિત કરે, તે સ્થાપના દોષ છે. **(૬)** સાધુના નિમિત્તે ભોજન આદિના આયોજનને વહેલું કે મોડું કર્યું હોય અર્થાત્ મહેમાન માટેના ભોજન સમારંભની તારીખ અથવા સમય પરિવર્તન કરીને આહારાદિ તૈયાર કરે, તે પાહુડિયા દોષ છે. સાધુના નિમિત્તે આહારાદિ એકાદ બે કલાક વહેલો કે મોડો કરે તોપણ આ દોષ લાગે છે. **(૭)** સાધુ માટે દાતા દીપક, લાઈટ વગેરેનો પ્રકાશ કરી, અગ્નિનો આરંભ કરીને આહારાદિ વહોરાવે; તે પાઓઅર દોષ છે. **(૮)** સાધુ-સાધ્વી માટે દાતા બજારમાંથી કોઈ પણ વસ્તુ કે આહારાદિ ખરીદીને વહોરાવે, તે ક્રીત દોષ છે. કોઈ કારણે દવા વગેરે વહોરાવવી જરૂરી થાય તો પણ તેને દોષ રૂપ તો સ્વીકારવું જ જોઈએ. **(૯)** સાધુ માટે કોઈ વસ્તુ ઉધાર લાવીને દાતા વહોરાવે, તે પામૃત્ય દોષ છે. **(૧૦)** સાધુ માટે વસ્તુની અદલા બદલી કરે અર્થાત્ પોતાની કોઈ વસ્તુ બીજાને આપી, તેના બદલે સાધુને જરૂરી હોય તેવી વસ્તુ તેની પાસેથી લઈને આપે, તે પરિવર્તિત દોષ છે. **(૧૧)** સાધુ જે સ્થાનમાં રહ્યા હોય ત્યાં લાવીને દાતા આહારાદિ વહોરાવે, તે અભિહત દોષ છે. **(૧ર)** પેક બંધ પદાર્થ યા મુખ બાંધી રાખેલા ઘડા વગેરે વાસણોના બંધનને કે ઢાંકણાને ખોલીને કે જેને ખોલવામાં ત્રસ કે સ્થાવર જીવોની વિરાધના થતી હોય, તેવા આહારાદિ વહોરાવે તો તે ઉદ્‌ભિન્ન દોષ કહેવાય છે, પરંતુ જો તે ઢાંકણ વગેરે સહજ રીતે ખોલી શકાય તેમ હોય તો તે દોષરૂપ નથી. **(૧૩)** જેનાથી પડી જવાય તેવી નીસરણી વગેરે સાધનનો ઉપયોગ કરીને દાતા ઊંચે-નીચેથી લાવીને કોઈ પદાર્થ વહોરાવે તે માલોહડ દોષ છે. એકદમ નીચા નમીને કે સુઈને વસ્તુ કાઢવી પડે, તેવા સ્થાનમાંથી વસ્તુ કાઢીને વહોરાવે, તે પણ માલોહડ દોષ છે. **(૧૪)** દાતા કોઈ પાસેથી છીનવીને કે બળજબરીથી લઈને તેમજ કોઈની ઈચ્છા વિના તેની વસ્તુ કે આહારાદિ વહોરાવે, તે આછિન્ન દોષ છે. **(૧પ)** ઘરમાં બીજા સદસ્યની માલિકીની કોઈ વસ્તુ હોય તે તેને

પૂછ્યા વિના વહોરાવે, તે અનિસૃષ્ટ દોષ છે. આ એક પ્રકારે અદત્ત દોષ છે. **(૧૬)** ગૃહસ્થો માટે થઈ રહેલા આહારાદિમાં સાધુના નિમિત્તે આહારની માત્રા વધારે તે અધ્યવપૂર્વક(અધ્યવસાય યુક્ત) દોષ કહેવાય છે.

***ઉત્પાદનના ૧૬ દોષ છે, તે સાધુ દ્વારા વિવિધ પ્રવૃત્તિ કરવા પર લાગે છે. જેમ કે–***

**(૧૭)** મુનિ ગૃહસ્થના બાળકોને રમાડી, તેને ખુશ કરી, ધાવ માતાનું કાર્ય કરી, આહારાદિ પ્રાપ્ત કરે, તો તે ધાય દોષ છે. **(૧૮)** મુનિ દૂતપણું કરીને, ગૃહસ્થના સમાચારોની લેવડ-દેવડ કરીને ભિક્ષા પ્રાપ્ત કરે, તે દૂતી દોષ છે. **(૧૯)** મુનિ હસ્તરેખા, કુંડલી વગેરે દ્વારા ભૂત અને ભાવી જીવનના નિમિત્ત બતાવી આહારાદિ પ્રાપ્ત કરે, તે નિમિત્ત દોષ છે. **(૨૦)** મુનિ પોતાનો પરિચય કે ગુણો બતાવીને અથવા મહેનત-મજૂરી કરીને આહારાદિ પ્રાપ્ત કરે, તે આજીવિકા દોષ છે. **(૨૧)** મુનિ ભિખારીની જેમ દીનતાપૂર્વક માંગી-માંગીને આહાર પ્રાપ્ત કરે, દાતાને દાનના ફળરૂપ આશીર્વચન કહીને ભિક્ષા પ્રાપ્ત કરે, તે વનીપક દોષ છે. **(૨૨)** મુનિ ગૃહસ્થને ઔષધ, ભેષજ બતાવીને ચિકિત્સા વૃત્તિ દ્વારા ભિક્ષા પ્રાપ્ત કરે, તે ચિકિત્સા દોષ છે. **(૨૩)** મુનિ ક્રોધિત થઈને કે કોપ કરવાનો ભય દેખાડીને ભિક્ષા પ્રાપ્ત કરે, તે ક્રોધ દોષ છે. **(૨૪)** કોઈ ગૃહસ્થ ભિક્ષા ન આપે ત્યારે મુનિ ઘમંડપૂર્વક કહે કે– 'હું ભિક્ષા લઈને જ રહીશ' એમ કહીને પછી ઘરના બીજા સદસ્યો દ્વારા બુદ્ધિમાનીપૂર્વક ભિક્ષા પ્રાપ્ત કરે, તે માન દોષ છે. **(૨૫)** રૂપ અથવા વેશ પરિવર્તન કરીને અથવા અન્ય કોઈ પણ પ્રકારે માયા-કપટના માધ્યમે ભિક્ષા પ્રાપ્ત કરવી તે માયા દોષ છે. **(૨૬)** મુનિ ઈચ્છિત વસ્તુ મળે ત્યારે લેવામાં માત્રાનો વિવેક ન જાળવે, અતિમાત્રમાં આહારાદિ લઈ લે અથવા ઈચ્છિત પદાર્થ ન મળે ત્યાં સુધી સમય મર્યાદાનો વિવેક રાખ્યા વિના ફર્યા જ કરે, તે લોભ દોષ છે. **(૨૭)** આહાર પ્રાપ્તિ અર્થે, આહાર ગ્રહણ પૂર્વે કે પછી દાતાની પ્રશંસા કરે, તે પૂર્વ પશ્ચાત્ સંસ્તવ દોષ છે.**(૨૮)** સિદ્ધ થયેલી વિદ્યાના પ્રયોગ દ્વારા ભિક્ષા પ્રાપ્ત કરે તેમજ ગૃહસ્થને વિદ્યા શીખવાડીને ભિક્ષા પ્રાપ્ત કરે, તે વિદ્યા દોષ છે. **(૨૯)** મંત્ર, તંત્ર, યંત્રના પ્રયોગે ભિક્ષા પ્રાપ્ત કરવી તેમજ ગૃહસ્થોને તે પ્રયોગ





બતાવીને ભિક્ષા પ્રાપ્ત કરવી, તે મંત્ર દોષ છે. **(૩૦)** વશીકરણ ચૂર્ણ વગેરેના પ્રયોગ દ્વારા ભિક્ષા પ્રાપ્ત કરવી તેમજ ગૃહસ્થને તે પ્રયોગ શીખવાડીને ભિક્ષા પ્રાપ્ત કરવી, તે ચૂર્ણ દોષ છે. **(૩૧)** પાદ લેપ, અંજન પ્રયોગ, અંતર્ધાન ક્રિયા વગેરેના પ્રયોગથી ભિક્ષા પ્રાપ્ત કરવી તેમજ તે પ્રયોગ ગૃહસ્થને બતાવીને અથવા આપીને ભિક્ષા પ્રાપ્ત કરવી, તે યોગ દોષ છે. **(૩૨)** ગર્ભપાત વગેરે પાપકૃત્યની વિધિ દર્શાવીને તેમજ તેમાં સહકાર આપીને ભિક્ષા પ્રાપ્ત કરવી, તે મૂળકર્મ દોષ છે.

***એષણાના(ગ્રહણૈષણાના)૧૦ દોષ છે તે ગોચરી લેતા સમયે દાતા કે સાધુના અવિવેક અસાવધાનીથી લાગે છે, તે આ પ્રમાણે છે–***

**(૩૩)** ગ્રાહ્ય વસ્તુ અચિત્ત થઈ કે નહીં ? ગ્રાહ્ય અચેત પદાર્થ સચિત્તના સંઘટ્ટામાં છે કે દૂર છે ? દાતા દ્વારા પાણી વગેરે સચિત્ત પદાર્થનો સ્પર્શ(સંઘટ્ટો) થયો કે નહીં ? વગેરે શંકાશીલ સ્થિતિમાં પદાર્થ લેવા તે શંકિત દોષ છે. **(૩૪)** પાણીથી ભીના કે ખરડાયેલા હાથ કે ચમચા, વાસણ વગેરેથી ભિક્ષા લેવી, તે મૃક્ષિત દોષ છે. **(૩૫)** અચિત્ત કલ્પનીય વસ્તુ, સચિત્ત વસ્તુ પર રાખેલી હોય કે તેને સ્પર્શેલી હોય, તેને લેવી તે નિક્ષિપ્ત દોષ છે. **(૩૬)** સચિત્ત વસ્તુથી ઢાંકેલી અચિત્ત કલ્પનીય વસ્તુ લેવી, તે પિહિત દોષ છે. **(૩૭)** સચિત્ત વસ્તુના પાત્રને ખાલી કરી, દાતા તે પાત્ર દ્વારા ભિક્ષા દે, તે સાહરિય દોષ છે. **(૩૮)** બાળક, અન્ધ વ્યક્તિ, પૂરા મહીનાવાળી ગર્ભવતી સ્ત્રી અને વિરાધના કરતાં-કરતાં વહોરાવનાર વ્યક્તિ પાસેથી ભિક્ષા લેવી, તે દાયક દોષ છે. **(૩૯)** અચિત્ત પદાર્થમાં સચિત્ત પદાર્થ, જેમ કે– નિમક, આખું જીરુ, ચારોળી, ખસખસના દાણા વગેરે નાંખ્યા હોય અને તે અચિત્ત ન થયા હોય તેવા પદાર્થ લેવા, તે મિશ્ર દોષ છે. **(૪૦)** અથાણા, કચૂમર, ઓળા અને અર્ધપક્વ ખાદ્ય પદાર્થ તેમજ ધોવણ પાણી અથવા ગરમ પાણી કે જે પૂર્ણ રૂપે શસ્ત્ર પરિણત ન થયા હોય, તેવા પદાર્થો ગ્રહણ કરવા, તે અપરિણત દોષ કહેવાય છે. **(૪૧)** સચિત્ત નિમક,પૃથ્વીખાર,માટી વગેરે પૃથ્વીકાયના ચૂર્ણથી તેમજ વનસ્પતિના પિષ્ટ–ચૂર્ણ અને છોતરા આદિથી હાથ વગેરે ખરડાયેલા હોય તેના દ્વારા ભિક્ષા લેવી, તે લિપ્ત દોષ છે. **(૪૨)** દાતા પાણી કે આહાર કોઈ પણ વસ્તુને વેરાતાં કે ઢોળતાં વહોરાવે, તે છર્દિત દોષ કહેવાય છે.

## *આવશ્યક સૂત્રના શ્રમણ સૂત્રમાં આવતા ગોચરી સંબંધી દોષો આ પ્રમાણે છે–*

**(૪૩)** આજ્ઞા લીધા વગર અર્ધા ખુલ્લા કે અંદરથી બંધ ન કરેલા દરવાજા ખોલીને ગોચરી માટે જવું, તે દોષ છે. **(૪૪)** ગોચરી માટે ભ્રમણ કરતા મુનિને કૂતરી કે બાલિકા અથવા સ્ત્રી વગેરેનો સ્પર્શ–સંઘટ્ટો થાય અને સાધ્વીને કૂતરા, બાળક કે પુરુષ વગેરેનો સંઘટ્ટો થાય, તે દોષ છે. **(૪૫)** નિર્દોષ ખાદ્ય સામગ્રી સાધુને વહોરાવવા માટે એક જગ્યાએ એકઠી કરીને રાખી હોય, અથવા જે આહાર કોઈને દેવા માટે નિશ્ચિત્ત કરેલો હોય, તેમાંથી ભિક્ષા લેતાં દોષ લાગે છે તેને મંડીપાહુડિયા દોષ કહેવાય છે. **(૪૬)** શ્રાદ્ધ વગેરે પ્રસંગે સાધુને વહોરાવતાં પહેલાં પક્ષીઓ માટે ખાદ્ય પદાર્થને દિશાઓમાં ફેંકીને પછી વહોરાવે, તે બલિ પાહુડિયા દોષ છે. **(૪૭)** આહારાદિ વહોરાવતા દાતા વચ્ચે કોઈ ચીજ ફેંકે, તેમજ આહાર વાપરતા સમયે કે આહાર કર્યા પછી મુનિ કોઈ પદાર્થને અમનોજ્ઞ કે વધારે માત્રામાં હોવાથી પરઠે તો તે પરિસ્થાપનિકા દોષ છે. **(૫૦)** માંગી-માંગીને ભિક્ષા પ્રાપ્ત કરવી, તે અવભાસણ દોષ છે.(આ ૪૨ દોષ માંહેનો વનીમગ દોષ છે.)

## *ઉત્તરાધ્યયન સૂત્ર અધ્ય. ૧૭ અને ર૬માં એષણા શુદ્ધિ માટે નીચેના સૂચનો છે–*

**(૫૧)** અન્ય ઘરોમાં ગોચરી ન જતાં સ્વજનોને ત્યાંથી જ ગોચરી કરે, તે દોષ છે. **(૫૨)** મુનિ છ કારણે આહાર કરે અને આહારની ગવેષણા કરે, જેમ કે– ૧. ક્ષુધાવેદનીયના ઉપશમ માટે, ૨. આચાર્યાદિની સેવા માટે, ૩. ઈર્યા સમિતિના શોધન માટે અર્થાત્ ગમનાગમનના વિવેક માટે, ૪. સંયમ નિર્વાહ માટે, ૫. દસ પ્રાણોને ધારણ કરવા માટે, ૬. ધર્મ ધ્યાનની વૃદ્ધિ માટે. **(૫૩)** મુનિ છ કારણે આહાર છોડી દે, જેમ કે– ૧. વિશિષ્ટ રોગાંતક થાય ત્યારે ધૈર્ય રાખી આહારના ત્યાગ કરવો. ૨. ઉપસર્ગ આવે ત્યારે આહારના પ્રત્યાખ્યાન કરવા. ૩. બ્રહ્મચર્યની પાલના–સુરક્ષા માટે આહાર છોડી તપસ્યા કરવી. ૪. જીવ દયા માટે અર્થાત્ વરસાદ વરસતો હોય કે ત્રસ જીવોની વધારે ઉત્પત્તિ થઈ જાય તો ગોચરી ન જવું. ૫. તપશ્ચર્યા કરવા માટે ૬. અનશન(સંથારો) કરવા માટે આહારનો ત્યાગ કરે.





## *આચારાંગ સૂત્ર શ્રુ.–૨, અ–૧માં એષણા શુદ્ધિ સંબંધી અનેકાનેક સૂચનો છે તે માંહેના વિશેષ વિધાનો આ પ્રમાણે છે–*

**(૫૪)** યાત્રા, મેળો, મહોત્સવ વગેરેમાં ભિક્ષાચરો માટેની દાનશાળામાંથી સામાન્ય રીતે જૈન શ્રમણો આહાર લેતા નથી પરંતુ અન્યત્ર આહાર ન મળે તેવી પરિસ્થિતિમાં, દાન દેવાય જાય અને ઘરના લોકો કે કર્મચારી જમવા બેસે ત્યારે ત્યાંથી ગોચરી લઈ શકાય છે. **(૫૫)** નિત્યદાન પિંડ, નિત્ય નિમંત્રણ પિંડ, બનેલા ભોજનનો અર્ધો ભાગ, ચોથો ભાગ વગેરે જ્યાં દરરોજ દાન દેવાતું હોય તેવા પ્રસિદ્ધ દાન કુળો(ઘરો)માંથી ભિક્ષા ગ્રહણ ન કરવી. **(૫૬)** લગ્ન નિમિત્તના ભોજન પ્રસંગે જ્યાં જનાકીર્ણતા હોય ત્યાં ગોચરી ન જવું. **(૫૭)** મૃત્યુ પ્રસંગે કે જન્માદિ મહોત્સવ પ્રસંગે તેમજ અનેક ગામડાઓનો ઘણો મોટો જમણવાર હોય અથવા નાનો જમણવાર હોય તેમાં પણ લોકોનું આવાગમન બહુ હોય, ત્યારે ત્યાં ગોચરી જવું નહીં. **(૫૮)** ગરમ પદાર્થને ફૂંક મારીને વહોરાવે તે **फूमेज्ज** દોષ. **(૫૯)** સાધુ માટે પવન નાખીને ઠંડા કરેલા આહારાદિ વહોરાવે તે **वीएज्ज** દોષ.

## *ભગવતી સૂત્ર શતક–૭, ઉદ્દેશા–૧માં દર્શાવેલા શ્રમણના પરિભોગૈષણા સંબંધી દોષો આ પ્રમાણે છે–*

**(૬૦)** મનોજ્ઞ, સ્વાદિષ્ટ આહાર કરતા મુનિ મનમાં ખુશ થાય. આહારની અને દાતાની પ્રશંસા કરે તો ઈંગાલ દોષ(અંગાર દોષ) છે. તે પ્રમાણે પ્રશંસા કરવાથી સંયમ ગુણો અંગારા સમાન થઈ જાય છે. **(૬૧)** મુનિ અમનોજ્ઞ, પ્રતિકૂલ આહાર કરતાં મસ્તક હલાવતાં, આંખ, મુખ વગેરે બગાડતાં, મનમાં ખિન્ન બનીને આહાર કરે અને તે આહારની કે દાતાની નિંદા કરે તે, ધૂમ દોષ છે. તેમ કરતાં સાધકના સંયમગુણો ધૂમાડા સમાન થઈ જાય છે. **(૬૨)** મુનિ ખાદ્ય પદાર્થને સ્વાદિષ્ટ બનાવવા માટે તેમાં સંયોજ્ય પદાર્થ, જેવા કે– નિમક, મરચું, ખાંડ, ગોળ વગેરેનો સંયોગ કરીને ખાય તે સંયોજના દોષ છે. **(૬૩)** મુનિ,શરીરની આવશ્યકતા કરતાં વધારે આહાર કરે, ઠાંસી–ઠાંસીને આહાર કરે, તે પ્રમાણાતિક્રાંત દોષ છે. **(૬૪)** સૂર્યોદય પૂર્વ કે સૂર્યાસ્ત પછી આહાર કરે, તે ક્ષેત્રાતિક્રાંત દોષ કહ્યું છે.(ખરેખર એ રાત્રિ ભોજન દોષ છે.) **(૬૫)**

પ્રથમ પ્રહરમાં ગ્રહણ કરેલા આહાર, પાણી ચોથા પ્રહરમાં રાખે અને તેનું સેવન કરે, તે કાલાતિક્રાંત દોષ છે. **(૬૬)** વિહાર વગેરેના પ્રસંગે બે ગાઉથી વધારે દૂર આહાર-પાણી લઈ જાય અને વાપરે, તે માર્ગાતિક્રાંત દોષ છે. **(૬૭)** દુષ્કાળ માટે લોકોને આપવા બનાવેલો આહાર(દુષ્કાળ ભક્ત) ન લેવો. **(૬૮)** દીન દુઃખીઓ માટે બનાવેલો(કિવિણ ભક્ત) આહાર ન લેવો. **(૬૯)** બીમારો માટે બનાવેલો કે અપાતો(ગિલાણ ભક્ત) આહાર ન લેવો. **(૭૦)** અનાથ લોકો માટે તૈયાર કરેલો(અનાથ પિંડ) આહાર ન લેવો. **(૭૧)** અતિવૃષ્ટિથી પીડિત લોકો માટે બનાવેલો(બદ્દલિયા ભક્ત) આહાર ન લેવો. **(૭૨)** સાધુ માટે સુધારેલા ફળના ટુકડા કે રસ, અથવા ટુકડા કરીને મેવા વગેરે તેમજ વાટીને, વલોવીને તૈયાર કરેલો આહાર વહોરાવે; તો તે રચિત દોષવાળા કહેવાય છે. દાતા ખાદ્ય પદાર્થોનું પરિવર્તન કે રૂપાંતર કરીને આપે તે પણ રચિત દોષ છે. **(૭૩)** ગૃહસ્થનું આમંત્રણ કે નિમંત્રણ સ્વીકારી, તેને ઘરે ગોચરી વહોરવી તે નિમંત્રણ પિંડ દોષ છે. અનાગ્રહ ભાવે સાધુને નિવેદન કરવું કે ભાવના ભાવવી તે સુપાત્રદાનની લાગણી કહેવાય છે. તેમાં પણ અનાગ્રહ ભાવોનો અને નિર્દોષતાનો વિવેક હોવો જરૂરી છે.

### *પ્રશ્નવ્યાકરણ સૂત્રના પ્રથમ અહિંસા સંવર દ્વારમાં આહાર સંબંધી ઘણાં વિધિ નિષેધ છે, તેમાં વિશેષ સૂચન આ પ્રમાણે છે–*

**(૭૪)** મુનિ ગૃહસ્થના ઘરેથી પોતાના હાથે આહાર ગ્રહણ ન કરે.(ગૃહસ્થની આજ્ઞાથી પાણી લેવામાં દોષ નથી, જિનાજ્ઞા છે.– **આચારાંગ સૂત્ર**) **(૭૫)** મુનિ ગૃહસ્થની ખુશામત કરીને આહાર પ્રાપ્ત ન કરે. **(૭૬)** આહાર કરતાં પહેલાં મુનિ આખા શરીરને પૂંજીને પછી આહાર કરવા બેસે. **(૭૭)** મુનિ મૌનપૂર્વક આહાર કરે. **(૭૮)** અતિ ધીરે કે અતિ ઉતાવળે આહાર ન કરે. **(૭૯)** આહાર કરતાં મુખથી ચપ-ચપ કે સુડ-સુડનો અવાજ કરતાં અર્થાત્ સબડકા લઈને આહાર કરે તો તે દોષ રૂપ છે.

### *નિશીથ સૂત્રમાં પ્રાયશ્ચિત્ત વિધાન કરતાં એષણા સમિતિ સંબંધી સૂચનો છે. તેમાં વિશેષ સૂચન આ પ્રમાણે છે–*

**(૮૦)** આ વાસણમાં શું છે ? પેલા વાસણમાં શું છે ? તેમ પૂછી-પૂછીને મુનિ





આહાર પ્રાપ્ત કરે તો પ્રાયશ્ચિત્ત **(૮૧)** મુનિ મોટે અવાજે માંગે કે કુતૂહલ ભાવે યાચના કરે તો પ્રાયશ્ચિત્ત **(૮૨)** મુનિ પહેલાં કંઈપણ દોષ દેખાડી ગોચરી ગ્રહણ કરવાનો નિષેધ કરે અને પછી ચિત્તની ચંચલતા થતાં ગૃહસ્થની પાછળ જઈ ખુશામત કરે તો પ્રાયશ્ચિત્ત **(૮૩)** મુનિ ગૃહસ્થો વગેરેને આહારાદિ આપે તો પ્રાયશ્ચિત્ત **(૮૪)** મુનિ પાસત્થા–શિથિલાચારી સાધુને આહાર દે અને તેના પાસેથી લે તો પ્રાયશ્ચિત્ત **(૮૫)** મુનિ લોક વ્યવહારમાં જુગુપ્સિત અને નિંદિત ગર્હિત તેમજ આગમમાં નિષિદ્ધ કુલોમાં ગોચરી જાય તો પ્રાયશ્ચિત્ત **(૮૬)** મુનિ શય્યાદાતા(રહેવા માટે સ્થાન આપનાર)નો આહાર કે તેની દલાલીનો આહાર ગ્રહણ કરે તો પ્રાયશ્ચિત્ત **(૮૭)** મુનિ ગુરુ આચાર્યાદિની આજ્ઞા વિના દૂધ, દહીં વગેરે વિગયોનું સેવન કરે તો પ્રાયશ્ચિત્ત.(નિશીથ સૂત્રમાં પ્રાયશ્ચિત્તોના જ વિધાન છે માટે અહીં દરેકમાં પ્રાયશ્ચિત્ત શબ્દનો પ્રયોગ કર્યો છે.)

### *દશવૈકાલિક સૂત્રના પાંચમા પિંડેષણા અધ્યયનના પ્રથમ ઉદ્દેશકમાં વર્ણિત કેટલાક વિધિ, નિયમ કે દોષ આ પ્રમાણે છે–*

**(૮૮)** વરસાદ વરસતો હોય, ધુમ્મસ પડતી હોય ત્યારે મુનિ ગોચરીએ ન જાય. વાવાઝોડાના સમયે અને ઉડનારા કે ચાલનારા ત્રસ જીવોની બહુ ઉત્પત્તિ થઈ હોય ત્યારે પણ ગોચરી ન જાય **(૮૯)** જે ગૃહસ્થે પોતાના ઘરે આવવાના ના પાડી હોય ત્યાં ગોચરી જવું નહીં. **(૯૦)** ગૃહસ્થની આજ્ઞા લીધા વિના વસ્ત્ર કે શણ વગેરેના પડદાને હટાવી ગોચરી જવું નહીં. **(૯૧)** નીચા(નાના) દ્વારવાળા કે અંધકાર યુક્ત ઓરડામાં ગોચરીએ જવું નહીં. **(૯૨)** ફૂલ, બીજ વગેરે સચિત્ત પદાર્થ ઘણા વિખરાયેલા હોય ત્યાં ગોચરી જવું નહીં. **(૯૩)** તત્કાલનું લીપેલું કે ધોયેલું આંગણું હોય તેમાં ચાલીને ગોચરી જવું નહીં. **(૯૪)** ઘરના દરવાજામાં બકરા, બાળક, કૂતરા, વાછરડા વગેરે બેઠાં, ઊભા કે સૂતાં હોય તો તેને ઓળંગીને ગોચરીએ જવું નહીં. **(૯૫)** શુચિધર્મી (ચોક્ખાઈની પરંપરાવાળા) કુળમાં રસોઈ ઘર વગેરે જ્યાં સુધી આવવાની ગૃહસ્થની મર્યાદા હોય ત્યાં સુધી જ જવું, તેનાથી આગળ જવું નહીં. **(૯૬)** વહોરાવવા સમયે દાતાના પગ નીચે ત્રસ જીવ, બીજ, લીલોતરી વગેરે દબાઈ જાય તેમજ સચિત્ત પાણીનો સ્પર્શ(સંઘટ્ટો) કે કોઈ પ્રકારે પાણીની વિરાધના

થઈ જાય તો તે ઘરથી ગોચરી ન લેવી. **(૯૭)** ગોચરી વહોરાવવાના પહેલાં કે પછી દાતા પાણીથી હાથ, ચમચા વગેરે ધોવે તો તે પૂર્વકર્મ અને પશ્ચાત્કર્મ દોષ થાય, માટે ભિક્ષુએ તે વિષયમાં વિવેકપૂર્વક ભિક્ષા ગ્રહણ કરવી. **(૯૮)** ગર્ભવતી સ્ત્રી માટે બનાવેલા આહારમાંથી તેના વાપર્યા પહેલાં લેવું નહીં. **(૯૯)** ગર્ભવતી સ્ત્રીને પ્રસૂતિ કાળનો માસ ચાલતો હોય ત્યારે તેને સાધુ માટે ઊઠવું કે બેસવું પડે તે રીતે મુનિએ ગોચરી ન લેવી; તે સ્ત્રી બેઠેલી કે ઊભી રહેલી જેમ હોય તેમ વહોરાવે તો ભિક્ષા લઈ શકાય. **(૧૦૦)** બાળકને દુગ્ધપાન કરાવતી સ્ત્રી તેને રડતો મૂકીને ગોચરી વહોરાવે તો તેના હાથે મુનિએ ગોચરી ન લેવી. **(૧૦૧)** ભારે વાસણ કે પદાર્થ મુશ્કેલીથી ઉપાડીને દાતા વહોરાવે તો ગોચરી ન લેવી. **(૧૦૨)** મુનિએ દાન, પુણ્ય માટે કે ગરીબ ભિખારી માટે તેમજ સાધુ સન્યાસીઓ માટે બનાવેલો આહાર ન લેવો, તે દાનપિંડ દોષ છે. **(૧૦૩)** મુનિએ કંદ, મૂલ, આદું તેમજ ફૂલ, ફળ અને બીજ વગેરે સચિત્ત પદાર્થો વહોરવા નહીં.– ***દશવૈ. –૫/૧/૭૦.*** **(૧૦૪)** મુનિએ દુકાન વગેરેમાં ખુલ્લા પડેલા અને રજથી ભરેલા પદાર્થ વહોરવા નહીં. **(૧૦૫)** જેમાં ગોઠલી, ઠળિયા વગેરે ફેંકવાનું બહુ હોય તેવા અચિત પદાર્થ પણ વહોરવા નહીં, તે બહુઉજ્ઝિત દોષ છે. **(૧૦૬)** મુનિએ ધોવણ પાણી કે છાશ વગેરે તૈયાર થતાં તત્કાલ વહોરવા નહીં; એક બે ઘડીનો સમય વ્યતીત થઈ જાય પછી લઈ શકાય છે.

### *દશવૈકાલિક સૂત્રના પાંચમા અધ્યયનના બીજા ઉદ્દેશકમાં અને તે પછીના અધ્યયનોમાં વર્ણિત કેટલાક નિયમો આ પ્રમાણે છે–*

**(૧૦૭)** અન્ય કોઈ ભિક્ષાચર ઘરના દ્વાર પર ઊભા હોય તો મુનિએ ત્યાં તેને ઓલંઘીને ગોચરી જવું નહીં અને તેની સામે ઊભા પણ રહેવું નહીં.–**અધ્ય.–૫/૨** **(૧૦૮)** મુનિ સામુદાનિક ગોચરી કરે અર્થાત્ ધનિક કે ગરીબના ભેદ ભાવ વિના ગોચરી કરે.–**અધ્ય.–૫/૨** **(૧૦૯)** મુનિ અજ્ઞાત ઘરોમાં એટલે કે પૂર્વ સૂચના વિનાના ઘરોમાં ગોચરી કરે અને એક જ ઘરમાં ગોચરી ન કરતાં, ગાયના અનેક જગ્યાથી ઘાસ ચરવાની જેમ અનેક ઘરોથી થોડી થોડી નિર્દોષ ભિક્ષા ગ્રહણ કરે.–**અધ્ય.–૯/૩** **(૧૧૦)** મુનિ પ્રાપ્ત આહારને બીજા દિવસ





માટે રાખે નહીં.–**અધ્ય.–૧૦** **(૧૧૧)** ભિક્ષુ મદ્ય, માંસ કે મત્સ્યનો આહાર કદાપિ કરે નહીં. અર્થાત્ મુનિ તેવી આહાર વૃત્તિથી દૂર રહે.–**ચૂલિકા–૨/૭**

### શ્રાવકના ઘરનો વિવેક :–

સુપાત્રદાનનો લાભ ઈચ્છનારા શ્રમણોપાસકે પોતાના ઘરે આ પ્રમાણે વિવેક રાખવો જોઈએ, યથા– **(૧)** શ્રાવકના ઘરે રસોઈ કરવાનો સમય અને ભોજન કરવાનો સમય સ્વાભાવિક રીતે એવો હોવો જોઈએ કે તેને સહજ ગોચરી વહોરાવવાનો લાભ મળે. **(૨)** ઘરમાં દરરોજ બનતા અચિત્ત પદાર્થો અને સંગ્રહિત રાખેલા અચિત્ત પદાર્થોને યોગ્ય રીતે અને યોગ્ય સ્થાને રાખવાનો એવો વિવેક હોવો જોઈએ કે અચાનક પધારેલા મુનિરાજને તે પદાર્થ સહજ વહેરાવી શકાય. **(૩)** ઘરમાં સચિત્ત અને અચિત્ત પદાર્થોને રાખવાની વ્યવસ્થા જુદી-જુદી હોવી જોઈએ. **(૪)** રસોડામાં કે જમવાના સ્થાને જ્યાં વહોરાવવાની ખાદ્ય સામગ્રી રાખવામાં આવે ત્યાં સચિત્ત વસ્તુઓ જ્યાં ત્યાં વેરાયેલી રાખવી નહીં. **(૫)** ઘરના પ્રવેશદ્વાર કે આવાગમનના માર્ગમાં ગોઠલી, બીજ વગેરે સચિત્ત પદાર્થ વેરાયેલા ન રાખવાની સૂચના કે સંસ્કાર ઘરના દરેક નાના-મોટા દરેક સભ્યને મળતા રહે તેમ ધ્યાન રાખવું જોઈએ. **(૬)** રસોડામાં કામમાં આવતાં સચિત્ત પાણીનું માટલું કે ડોલ વગેરે રાખવાનું સ્થાન વિવેકપૂર્ણ હોવું જોઈએ. **(૭)** લીલા શાકભાજી સુધારવા માટે બેસવાની જગ્યા વિવેકપૂર્ણ હોવી જોઈએ અર્થાત્ માર્ગમાં ન બેસતાં એક બાજુએ બેસવું જોઈએ.**(૮)** ઘરનો મુખ્ય દરવાજો ગોચરી સમયે ખુલ્લો રાખવો અથવા અંદરથી બંધ ન રાખવો. **(૯)** ઘરમાં કયારેક કોઈ સચિત્ત પદાર્થ ઘઉં, બાજરો વગેરે અનાજ કે શાકભાજીનો સુધારેલ કચરો વગેરે વેરાય જાય તો તેને તુરત ઝાડુ મારી સાફ કરવાની ટેવ હોવી જોઈએ. તેમાં આળસ કે બેદરકારી ન હોવી જાઈએ. **(૧૦)** ઘરના દરેક સભ્યોને સમયે-સમયે ભિક્ષાના સુસંસ્કારોથી ભાવિત અને અભ્યસ્ત કરતા રહેવું જોઈએ. **(૧૧)** માંગનાર ભિખારી વગેરે ઘરના દરવાજા પર વધારે વાર ઊભા ન રહે, તેના દાન વિવેકનું ધ્યાન રાખવું જોઈએ. **(૧૨)** વહોરાવવા યોગ્ય પદાર્થોને સચિત્ત પદાર્થ પર કે સચિત્ત સ્થાનને સ્પર્શતાં તેમજ ગેસ ચૂલા આદિ પર રાખી મૂકવા નહીં. **(૧૩)** દિવસભર બીડીઓ પીવી,

પાન ખાવા, સચિત્ત પદાર્થો ખાતા રહેવા, જમતી વખતે સચિત્ત પદાર્થ ખાવા કે તે પદાર્થો પોતાના સંઘટ્ટામાં(સ્પર્શાયેલા) રાખવા વગેરે અવિવેકવાળી પ્રવૃત્તિઓ છે. આ પ્રકારની આદતો અને પ્રવૃત્તિઓને સુધારવી આવશ્યક છે. અન્યથા સુપાત્રદાનનો(મુનિનો) સંયોગ મળવા છતાં તે લાભથી વંચિત રહેવું પડે છે અને બારમા વ્રતમાં અતિચાર-દોષ પણ લાગે છે.**(૧૪)** શ્રાવકે નિઃસ્વાર્થપણે ભક્તિયુક્ત ભાવોથી તેમજ નિર્જરા માટે મુનિને વહોરાવવું. વહોરાવવામાં અભિમાન કે માયા, કપટના આચરણો અથવા રાગ-દ્વેષના ભાવો ન કરતાં વિવેકપૂર્વક શુદ્ધ સરલ ભાવે દાન આપવું જોઈએ. દાન દેતા સમયે વચન વ્યવહારનો પણ પૂર્ણ વિવેક રાખવો જોઈએ. આક્ષેપ, ઉપાલંભ કે તિરસ્કાર પૂર્ણ વચન અથવા કઠોર ભાષાનો પ્રયોગ કરવો નહીં. આ પ્રકારે ભાવ અને ભાષાના વિવેકથી **मच्छरियाए** નામક બારમા વ્રતના પાંચમા અતિચારની શુદ્ધિ રહે છે. **(૧૫)** આ સર્વ વિવેકમાં પોતાનું બારમું વ્રત નિરતિચાર રહે, તે જ લક્ષ્ય માનસમાં રાખવું જોઈએ. સાધુનું નામ તે પ્રવૃત્તિઓમાં ન આવવું જોઈએ. સંક્ષેપમાં આ સર્વ શ્રાવકાચાર છે; વ્રતધારીનો વિવેક છે; સુપાત્ર દાનનો લાભ ઈચ્છનારનું કર્તવ્ય છે, તેમ માનવું અને સમજવું જોઈએ.

**નોંધ :–** ગોચરીના દોષો અને નિયમોને દર્શાવતા કેલેન્ડર કે પોકેટ બુક ઘરમાં યથાસ્થાને રાખવા જોઈએ. તેથી અવારનવાર ઘરના સદસ્યોને તે જોવા વાંચવાનો સહજ સંયોગ થતો રહે અને જ્ઞાન વૃદ્ધિ થતી રહે.

## સચિત્ત અને અચિત્ત પરિજ્ઞાન :–

જૈન શ્રમણ સચિત્ત(જીવયુક્ત પદાર્થ)ના ત્યાગી હોય છે.માટે શ્રમણોને સુપાત્રદાન આપનાર શ્રમણોપાસકને સચિત્ત-અચિત્ત પદાર્થોનું જ્ઞાન હોવું જરૂરી છે. તે જ્ઞાન માટે નિમ્ન મુદ્દાઓ સમજવા જેવા છે–

**(૧)** શેકયા વગરનું મીઠું સચિત્ત છે. તેને કોઈ પણ પદાર્થ દહીં, છાશ, શાક વગેરેમાં જમતી વખતે તત્કાલ નાખ્યું હોય તો તે સચિત્ત કહેવાય. અડધા મુહૂર્ત પછી તે અચિત્ત ગણાય. સંચળ અચિત્ત હોય છે, તેમ ધારણા પરંપરા છે. **(૨)** વરસાદનું, નદીનું વગેરે કોઈપણ પાણી સચિત્ત હોય છે. તેમાં કોઈ





પણ પદાર્થનું મિશ્રણ થઈ જાય કે તેને ગરમ કર્યું હોય તો તે અચિત્ત થાય છે. દાતાના હાથ, પગ કે શરીર પર પાણીના છાંટા લાગેલા હોય તે પણ સચિત્ત કહેવાય. સ્નાન કર્યા પછી કેશ વગેરે ભીના હોય તો તે પણ પાણીનો અંશ સચિત્ત કહેવાય. **(૩)** પાકા ફળોમાંથી બી કે ઠળિયા નીકળી જાય તો તે અચિત્ત કહેવાય અને તે પહેલાં સચિત્ત કહેવાય. મીઠું, મરચું, મસાલા નાંખેલા ટમેટામાં બી સચેત રહે છે માટે તે અચિત્ત ન કહેવાય. **(૪)** મેવામાં બદામ, પિસ્તા, ચારોળી વગેરે બીજરૂપ છે, તે ખંડિત ન થાય કે અગ્નિ પર ન ચઢે ત્યાં સુધી સચિત્ત કહેવાય. અંજીર વગેરે બી યુક્ત મેવા સચિત્ત છે અને અગ્નિથી શસ્ત્ર પરિણત થાય ત્યારે તે અચિત્ત થાય છે. **(૫)** લીલા શાકભાજી સચિત્ત હોય છે. તે શસ્ત્રથી છેદન ભેદન કે ટુકડા થયા હોય તો પણ સચિત્ત હોય છે. તે અગ્નિ પર પૂર્ણ ગરમ ન થઈ જાય ત્યાં સુધી સચિત્ત કહેવાય છે. લીંબુનો રસ અને મીઠું નાખેલા આવા શાકભાજીના પદાર્થો પણ અસંખ્ય કે અનંતજીવી હોવાના કારણે સંદેહ પૂર્ણ હોવાથી એક દિવસ પછી જ અચિત્ત સમજવા જોઈએ. **(૬)** મીઠું, મરચું, મસાલો નાંખેલી કાકડી વગેરે પદાર્થ પણ અસંખ્ય જીવી હોવાથી શસ્ત્ર પરિણત થતા નથી માટે તે પણ સચિત્ત ગણાય છે. **(૭)** દાળ, શાક તૈયાર થઈ અગ્નિ પરથી નીચે ઉતાર્યા પછી તેમાં કોથમીર વગેરે નાંખવામાં આવ્યા હોય અને તે ઉપરથી તાજા જ દેખાતા હોય તો તે પૂર્ણ અચિત્ત થતા નથી. જો કોથમરી તે પદાર્થમાં એકમેક થઈ જાય કે કરમાઈ જાય તો તેને અચેત કહેવાય. **(૮)** કોથમીર વગેરેની ચટણી તત્કાલ સચિત્ત કહેવાય. અર્ધો મુહૂર્ત કે મુહૂર્ત પછી અચિત્ત થાય છે, કારણ કે તે પણ અસંખ્ય જીવી વનસ્પતિ છે. **(૯)** સૂકા ધાણા, જીરું, રાઈ, વરીયાળી, સુવા, અજમા, મેથી, એલચીના દાણા(બી) વગેરે બીજ રૂપ સર્વે પદાર્થો સચિત્ત હોય છે. અગ્નિ વગેરેથી શસ્ત્ર પરિણત થયા પછી અચિત્ત થાય છે કે પૂર્ણ પીસાઈ જાય તો અચિત્ત થાય છે. **(૧૦)** ઘઉં, બાજરા, ચણા, મઠ વગેરે ધાન્ય બી રૂપ હોય છે, તે સચિત્ત હોય છે. ભાત(ધાણી રહિત) અચિત્ત હોય છે. કોઈ પણ અનાજ કે કઠોળ પાણીમાં પલાળવાથી અચિત્ત થતા નથી, પીસવાથી કે અગ્નિ પર ચઢવાથી અચિત્ત થાય છે.

## સચિત્ત પદાર્થનો કે તેને સ્પર્શિત વ્યક્તિનો વિવેક :–

**(૧)** જે દાતાના હાથ-પગ વગેરે સચિત્ત પાણીથી ભીના હોય તો તેણે ગોચરી પધારેલા મુનિરાજ માટે બોલવું, ચાલવું કે ઈશારા કરવા યોગ્ય નથી, તેમ કરતાં પાણીના જીવોની વિરાધના થવાનો સંભવ રહે છે. **(૨)** અગ્નિ, લીલોતરી, બી વગેરે સચેત પદાર્થને સ્પર્શેલી વ્યક્તિ મુનિને ગોચરી વહોરાવી શકતી નથી. જો સહજ રીતે તે પદાર્થોનો સ્પર્શ છૂટી જાય, પછી તેના દ્વારા બોલવા, ચાલવા કે ઈશારા કરવામાં કોઈ વિરાધનાની સંભાવના રહેતી નથી.

## ગોચરી સંબંધી પ્રશ્ન વાર્તા

***પ્રશ્ન–૧. શું રેફ્રીજરેટર કે ડાયનીંગ ટેબલ પર સંગ્રહ કરેલા ખાદ્ય પદાર્થ સાધુને માટે અકલ્પનીય ગણાય ?***

**ઉત્તર–** રેફ્રીજરેટર કે ડાયનીંગ ટેબલ વગેરે સ્થિર અને ભારે પદાર્થો ઉપરનો સંગ્રહ અકલ્પનીય થાય તેવી સૂચના કોઈ પણ આગમમાં નથી. ગોચરીના દરેક નિયમોનું હાર્દ એ છે કે આહાર-પાણી વહોરાવવાના નિમિત્તે ત્રસ કે સ્થાવર કોઈ પણ પ્રાણી, વનસ્પતિની વિરાધના ન થાય, તેનો વિવેક રાખવો જોઈએ.

***પ્રશ્ન–૨. રેફ્રીજરેટરમાં રાખેલા પદાર્થો જૈન મુનિરાજને ગ્રાહ્ય છે ? વ્રતધારી શ્રમણો પાસક(શ્રાવક) વહોરાવી શકે ?***

**ઉત્તર–** શ્રમણોપાસકે પોતાના ઉપયોગ માટે ફ્રીજમાંથી ખાદ્ય પદાર્થો બહાર કાઢ્યા હોય અને તે અચિત્ત હોય તો તે દાન દેવા અને ગ્રહણ કરવા યોગ્ય હોય છે. સાધુ માટે ફ્રીજમાંથી કાઢતાં સચિત્તનો સ્પર્શ થાય, પાણી અને બરફનો સ્પર્શ થાય કે ફ્રીજ ખોલતાં લાઈટ થાય વગેરે વિરાધનાઓ સામાન્ય રીતે થાય છે. જો તેમાંથી કોઈ પણ વિરાધનાની સંભાવના હોય તો તે ફ્રીજના પદાર્થો સાધુને અકલ્પનીય છે અને સાધુ માટે પદાર્થો ફ્રીજમાંથી કાઢીને વહોરાવવા શ્રાવક માટે યોગ્ય નથી. જો પરિસ્થિતિ વશ તેવું આચરણ કરવામાં આવે તો તેનું શ્રાવક અને સાધુ બંન્નેએ પ્રાયશ્ચિત્ત કરવાનું થાય છે. તેનું ખાસ ધ્યાન રાખવું જાઈએ.

***પ્રશ્ન–૩. શું ડાયનિંગ ટેબલ પર સચિત્ત પદાર્થો રાખવા કે અચિત્ત વહોરાવવાના પદાર્થો ફ્રીજમાં રાખવા શ્રાવકને યોગ્ય છે ?***





**ઉત્તર–** ડાયનિંગ ટેબલ પર જ્યારે અચિત્ત ખાદ્ય પદાર્થ રાખ્યા હોય ત્યારે સચેત પદાર્થ રાખવા શ્રાવકના વ્રતનો અતિચાર છે અને વહોરાવવા યોગ્ય પદાર્થોને ફ્રીજમાં રાખવા એ પણ શ્રાવક વ્રતનો અતિચાર જ કહેવાય. જો પદાર્થો ખરાબ થવાના કારણે ફ્રીજમાં રાખવા પડે તો પણ જમતી સમયે કે ભાવના ભાવતી સમયે તે પદાર્થો ફ્રીજમાં રખાય નહીં અન્યથા વ્રતમાં અતિચાર સમજવો.

***પ્રશ્ન–૪. મુનિરાજને ફળ કે મેવા કેમ વહોરવાય ?***

**ઉત્તર–** જે મેવાના પદાર્થો સચિત હોય, ફળ બીજ યુક્ત હોય તો મુનિરાજને માટે અચિત કરીને ન વહોરાવાય. ઘરના સભ્યોને જો સચિતનો ત્યાગ હોય, તો તેના માટે જે પદાર્થો અચિત્ત થાય અથવા જે ફળ કે મેવા ઘરમાં સામાન્ય રીતે અચિત્ત કરીને જ ખાવાનો રિવાજ હોય તો સંયોગ મળતાં મુનિરાજને વહોરાવી શકાય.

***પ્રશ્ન–૫. મુનિરાજને નિર્દોષ પાણી કેમ વહોરાવાય ?***

**ઉત્તર–** જે શ્રાવક-શ્રાવિકા સચિત્તના ત્યાગી હોય, તેના ઘરના કોઈપણ સભ્ય સચિત્ત પાણી પીવાના કે સચિત્ત પાણીથી સ્નાન કરવાના ત્યાગી હોય અથવા તો કોઈ પણ કારણથી ઘરમાં ગરમપાણી વપરાતું હોય તો તે ગૃહસ્થ માટે કરેલા પાણીમાંથી અચાનક પધારતા મુનિરાજને નિર્દોષપાણી વહોરાવી શકાય. તે સિવાય ઘરના કાર્યક્રમના રિવાજ અનુસાર કોઈ પણ અચિત્ત ધોવણ પાણી થતું હોય અને તે પીવા લાયક હોય અને ગૃહસ્થને અનાવશ્યક કે ફેંકવા માટે પડ્યું હોય, તે પાણીને મુનિરાજ લેવા ઈચ્છે તો વહોરાવી શકાય.

***પ્રશ્ન–૬. શું સાધુ માટે ગરમ પાણી કે ધોવણ પાણી બનાવી શકાય ?***

**ઉત્તર–** સાધ-સાધ્વી માટે ગરમ પાણી કે ધોવણ પાણી બનાવવું એ દોષ છે. તેમ કરવાનો રિવાજ થઈ જાય તો પણ તે દોષનું પ્રાયશ્ચિત્ત સાધ-શ્રાવક બંનને કરી લેવું જાઈએ. પ્રાયશ્ચિત્ત ન કરવું એ શિથિલાચારના સેવન અને અનુમોદન રૂપ થાય છે.

***પ્રશ્ન–૭ : શું જૈન શ્રમણ શ્રાવકોને શ્રાવકાચાર શીખવી ન શકે ?***

**ઉત્તર :** ઉપદેશ રૂપ સમજાવવામાં સંયમની મર્યાદા રહે છે. જે શ્રમણ ભાષા

સમિતિનો વિવેક જાળવી શકે તે શ્રમણ શ્રાવકોને શ્રાવકાચાર શીખવી શકે છે. તે ઉપરાંત આદેશ કે પ્રેરણા અથવા આગ્રહના વ્યવહાર પોતાની સગવડ માટે ન જ કરવા જાઈએ. તેમજ પોતાની સગવડનો સ્વીકાર કરનારની પ્રશંસા કે સન્માન વ્યાખ્યાન આદિ કોઈ સભામાં કરવું, તે પૂર્વ-પશ્ચાત્ સંસ્તવ દોષ છે.

### નિબંધ-૭૪

## શ્રમણના પર્યાયવાચી શબ્દ અને તેના અર્થ

(૧) શ્રમણ – સયંમ અને તપમાં શ્રમ કરે. વિષય વાસનાનું શમન કરે અને સમભાવ યુક્ત રહે.
(૨) નિર્ગ્રંથ – કંચન અને કામિનીના ત્યાગી, પરિગ્રહના સવર્થા ત્યાગી.
(૩) ભિક્ષુ – નિર્દોષ ભિક્ષા ગ્રહણ કરનાર.
(૪) અણગાર – જેને પોતાના ઘરનો ત્યાગ કરી દીધો છે.
(૫) યતિ – ઈન્દ્રિયોને વશમાં રાખનાર.
(૬) મુનિ – અધર્મના કાર્યમાં મૌન રહેવાવાળા, જ્ઞાનવાન.
(૭) પંડિત – પાપથી ડરનાર.
(૮) ઋષીશ્વર – સમસ્ત જીવોના રક્ષક.
(૯) યોગીશ્વર – મન, વચન, કાયાના યોગોને વશમાં રાખનાર.
(૧૦) બ્રહ્મચારી – નવવાડ યુક્ત જે બ્રહ્મચર્ય પાળે.
(૧૧) સાધુ – આત્મ હિતની સાધના કરે. સાદુ રહેવું, સાદુ ખાવું.
(૧૨) તપસ્વી – કર્મોની નિર્જરા માટે દીર્ઘ તપ કરે.
(૧૩) ઋજુ – સરલ હૃદયી.
(૧૪) પ્રાજ્ઞ – બુદ્ધિમાન.
(૧૫) અકુતોભય – કોઈ પણ પ્રાણીને જેનાથી ભય નથી. જે સ્વયં નિર્ભય.





### નિબંધ-૭૫

## સંથારા-દીક્ષા તારીખ નું રહસ્ય

आगम निबंधमाला भाग-१ में आगम मनीषी श्री का स्वास्थ्य सुधार और प्रायश्चित्तकरण का स्पष्टीकरण एवं संथारा तारीख कवर पृष्ठ-४ पर पढकर मुंबई (कल्याण)से **आचार्य श्री विजय पूर्णचन्द्र सूरीश्वरजी म.सा. के शिष्य श्री मुक्तिश्रमण विजयजी म.सा.** की पत्र द्वारा जिज्ञासा आने पर उसका समाधान प्रेषित किया गया, उस जिज्ञासा एवं समाधान का विवरण इस प्रकार है–

**जिज्ञासा :–** जैनागम नवनीत, आगम निबंधमाला भाग-१ पुस्तक मली छे । परिचय वृत्तमांथी बे बात वांचतां आश्चर्य थयुं। निवृत्ति संलेखना तारीख अने संथारा तारीख । आ तारीख नक्की करवा पाछलनुं रहस्य शुं ? ते जणाववामां वांधो न होय तो जिज्ञासा पूर्ण करशो जी ।

**समाधान :–**

**पू. मुनिराज श्री मुक्तिश्रमणविजय,** सादर वंदन!

मुझे २८ वर्ष की वय से पता है कि मेरी उम्र ७० वर्ष से उपर उच्चतम ७८ वर्ष है न्यूनतम ७२ वर्ष है । मेरे जीवन में एकल विहार ही फिक्स है । अत: आगम कल्प्य न्यूनतम ४० वर्ष की उम्र एवं १९ वर्ष की दीक्षा पर्याय से अकेला रहना प्रारंभ किया था ।अभी भी अकेला किराये के मकान में रहता हूँ अपना कार्य कपडे धोना, खाने की व्यवस्था, मकान सफाई आदि स्वयं करता हूँ । मेरी कुंडली में, गणित ७२ वर्ष के आगे नहीं चलती है, ऐसा लिखा है ।

आचार्य पद्मसागरजी म.सा. के ज्योतिष में प्रकांड एक संत ने मुझे आज से २८ वर्ष पहले ५ मिनिट के मुलाकात में कहा था

कि ७० वर्ष के आसपास आपकी एक्सीडेन्टली मृत्यु होगी अर्थात् मृत्यु के समय ज्यादा सेवा किसी की नहीं लेनी पडेगी । और अेकलविहार ही आपके लिए जीवनभर प्रशस्त रहेगा ।

आगम कार्य पूर्ण करने के बीच में ही मैं किसी तांत्रिक प्रयोग में फँसकर अशाता कर्म का भुगतान दो वर्ष में कर चुका हूँ ।अब मैं स्वस्थ, पेट की वेदना से रहित, हिम्मतयुक्त, अंतर चेतना से जागृत बना । ६८वाँ वर्ष प्रारंभ हो गया तब से संलेखना संथारा का अनुप्रेक्षण अपने श्रुत ज्ञान से करके इधर-उधर बात रखने लगा। कईयों को अच्छा लगा । एक दो निकट के श्रध्धालु को पसंद नहीं आया । समझाने पर भी उनका प्रतिपक्ष कथन चालू रहा । फिर मैं विचार करके एक दिन यहीं राजकोट में २५-३० वर्ष से ज्योतिष कार्यालय चलाने वाले के पास पहुँच गया। उसे मैने अपना परिचय देकर कहा कि मैं परीक्षार्थी तरीके आया हूँ। मुझे आयुष्य देखने का अच्छा अनुभव है ऐसा कहकर उसका हाथ मांगा और देखकर कहा आपकी उम्र ८४ वर्ष आसपास है, वह खुश हो गया ।अब आप मेरा हाथ देखिए मैं ७० वर्ष की उम्र में समाधि लेने वाला हूँ । उसने हाथ देखकर बता दिया कि आपका जीवन एक अलौकिक महान पुरुष का जीवन है और उम्र आपकी ७४ वर्ष के करीब है, आप क्रमिक सात्विक जीवन से चलें तो । अन्यथा २-४ वर्ष उम्र कम भी हो सकती है । आपका प्रावधान योग्य है किन्तु मेरी अपनी सज्जनता की सलाह यह है कि मानव जीवन से आप सत्कार्य करते हैं, संत-संतियों को इस उम्र में बिना वेतन के पढाने की सेवा देते हैं, तो मानव जीवन को टूंकाना नहीं चाहिये । इस जीवन से समाज सेवा जितनी हो सके उतनी करनी चाहिये।

मैने पूछा- फिर भी मेरी भावना अपने क्षयोपशमिक ज्ञान के अनुसार ऐसी निश्चित की है इसमें कुछ गलत तो नहीं है ? तो





कहा आप तो खुद एक अलौकिक ज्ञानी पुरुष हो आपके निर्णय को गलत कहने जैसा कुछ भी नहीं है । मैं जय जिनेन्द्र, धन्यवाद कह कर उठ गया। उसने कोई फीस भी नहीं मांगी । बाहर अनेक लोग बैठे थे मैं घर आ गया । पुस्तक में इस विचारों को छपाने का निर्णय कर लिया। बोम्बे के राजस्थानी एक श्रध्धालु श्रावक को फोन से फिर समझाया । उसको नहीं जँचने पर आखीर वह प्रत्यक्ष अहमदाबाद आ कर मिला। घंटा भर चर्चा हुई, तब उसके समज में आ गया । श्रध्धा से मेरी हिम्मत की प्रशस्ति करी।

आगम ज्ञान से सोपक्रमी आयुष्य, १/३ भाग उम्र बचने पर टूट सकता है । आगम आयुष्य गणित से ७० वर्ष की हमारी उम्र में १४ महीने बढने के और ९ महिने गर्भ के जोडने पर २३ महिने अर्थात् करीब २ वर्ष होते हे अतः ७०+२=७२ वर्ष मेरी कुंडली में लिखा वाला हो जाता है ।

उपरोक्त सभी अपेक्षा अनुभवों से और अकेले का जीवन होने से समय के पहले सावधानी के साथ स्वस्थ हालत में संथारा प्राप्त करना श्रेष्ठ समझ में आता है । फिर भी निश्चित करी अवधि के पूर्व भी बीच में कभी कोई उपक्रम का आभास लगे तो कभी भी सावधान सतर्क रहने का अभ्यास कायम होने से संथारा किया जा सकता है । निश्चित तिथी तो अंतिम लेटेष्ट आवश्यकीय तिथि समझना चाहिये ।

मुझे मेरे दीक्षागुरु-दादागुरु ने दिवंगत होने के १२ दिन बाद विहार में छोटे से गांव में रात्रि ४ बजे स्वप्न में दर्शन (साधुवेश में) दिये । ५-१० मिनिट वार्ता प्रश्नोतर के साथ मेरे से शारीरिक सेवा भी ली थी और कहा था कि तुम जिन नाम कर्म बांधोगे । उम्र का मेरे द्वारा पूछने पर इसारे से जो दिखाया था उसका मतलब अनुभवियों ने बताया था वह भी ७० वर्ष के उपर ही

जाता था । फिर नींद खुल जाने से मैंने स्वाध्याय आदि में समय पूर्ण किया किन्तु सोया नहीं।

मैंने मेरे जीवन में उत्कृष्ट रसायण से सदा श्रुत ज्ञान की अधिकाधिक आराधना विभिन्न तरह से करी है । अभी मुझे यह भी आभास श्रुतज्ञान से होने लगा कि मैं प्रथम देवलोक का एक भव करके महाविदेह की अन्यतर विजय में गुरु कथित जिन रूप से जन्म धारण कर आत्म कल्याण करुँगा ।

इसीलिए मैंने १-२ महिने के संथारे की हिम्मत से निर्णय किया है । जीवन में भी सदा तपस्या का (अभ्यास संथारे का मनोरथ नित्य रखने से) क्रमिक वार्षिक-मासिक तप करते रहा हूँ। अनेक पर्युषण एक साथ अठाई (८ उपवास)करके सफल किए हैं । और २०१४ के पर्युषण मैं भी अठाई करने का निर्णय रखा है। यह सब पत्र द्वारा प्राप्त आपकी जिज्ञासा को संतुष्ठ करने के लिए मैने आपका पत्र आया उसी दिन रात्रि १० से ११ बजे में उत्तर लिखा है। प्रथम बार ही मैने कई आतंरिक बातें व्यक्त की है। आशा है आपको संतोष एवं समाधान प्राप्त होगा, प्रत्युत्तर की प्रतिक्षा में---

**समाधान की पहुँच :-** तमारो पत्र समयसर मली गयो हतो । जीवन ना प्रत्येक पडाव पर तमे जे सावधानी सावचेतीपूर्वक आगल वधी रह्या छो ते एक आदर्श कही शकाय छे । शरीरनुं भेदज्ञान थया पछी आ सहज शक्य बने छे । तमे पहेलीवार आ रीते विस्तृतमां बधी विगत जणावी तेथी खूब आनंद थयो । मारा मननी उत्कंठा-जिज्ञासा संतोषाई गई । संथारा दीक्षा समये आवी पडनारी मानसिक विडंबनाओथी समाधि क्यांय पण खंडित न बने ते ज खूब महत्वनुं छे। तमारु मनोबल दृढ ज नहि सुदृढ छे, एटले वांधो नहि आवे। आगम विषयक अढलक साहित्य तमारी कलमें लखायुं छे अे आनंदनी वात छे... । तमारी शुभ भावनानी अनुमोदना ।**-द: *मुक्तिश्रमण विजय ।***





**प्रश्न-अपना भावि दीक्षा-संथारे का इस तरह प्रकाशन क्यों ?**

**उत्तर**- संयम और श्रावकव्रत समझदारी से लेने वाले प्राय: सभी साधक धर्म के रंग में रंग जाते हैं, सिद्धात्मा बनने की प्रबल उत्कंठा जिन्हें जागृत हो जाती है धर्म उनकी रग रग में समाविष्ट हो जाता है तभी उन्हें देशविरति-अणुव्रत अथवा सर्वविरति-संयम ग्रहण करने की, जिनशासन में व्रताराधना कर शीघ्रातिशीघ्र संसार से मुक्त होने के परम लक्ष्य की एवं आत्मपरिणाम और आत्मार्थीपना तथा साधक जीवन की प्राप्ति होती है ।

ऐसी आत्माओं के लिये आगम में तीन-तीन मनोरथ जीवन में प्रतिदिन अंतर्मन से, रसायन पूर्वक, जिंदगीभर करने की प्रबल प्रेरणा और उसका प्रकृष्ट फल ठाणांग सूत्र में दर्शाया है तथा रोग, आतंक आदि आ जाने पर साधक आहार त्याग करे ऐसा संदेश है, न कि अस्पतालों के चक्कर खाकर, सूइयाँ शरीर में खुबाकर, खून, ग्लुकोझ नसों में भर भर कर कुमोत से मरे ।

मेरे इस प्रकाशन का अंतर्मन का भाव और उद्देश्य यही है कि प्रत्येक साधक हमेशा तीसरा मनोरथ भी पांच मिनट भावपूर्वक रोज करे और मन में संथारे का निश्चित करता जावे तो उसे एक दिन अपने आयुष्य का अनुभव जरूर हो सकता है । ऐसा श्रुतज्ञानी अनुमान, उसे अपने ज्ञानावरणीय कर्म की महान निर्जरा से, अपनी सांसारिक कुडली देखने से, हस्तरेखा के अनुभव से, निमित्त ज्ञानी ज्योतिषी व्यक्तियों के संयोग से किसी भी तरह हो जाता है । उसका स्वयं का आगम अनुसारी लक्ष्य भी बन जाता है कि दो तिहाई आयु बीतने के बाद फिर कभी भी सोपक्रमी आयु टूट सकता है तो मुझे उस एक तिहाई अवशेष अवधि में, अमुक उम्र में, अमुक समय संथारा कर लेना है । उसके पहले सभी प्रवृत्तिओं की यथासमय निवृति करके संलेखना एक दो वर्ष यावत् १२ वर्ष करने का द्रढ भाव बना लेना है । यदि आयुष्य

अपनी उस सोच से १-२-४-१० वर्ष अधिक हो तो भी संथारे के परम त्याग तप से ५-१० दिन या महीने, दो महीने, तीन महीने में उदीरणा होकर पूर्ण होना ही है । मुझे मृत्युंजय बन कर परम शांति और सुख का रस्ता लेना ही है । वृद्धावस्था और मरण के विचित्र दुखों में नहीं झूलना है । ऐसी स्थितियाँ दिखते ही आगम आज्ञा(तप करने की) स्वीकार कर लेनी है । अस्पतालों के चक्कर कभी काटना नहीं है, यही मेरा जिनशासन का ज्ञान मिलने के परम सौभाग्य का सच्चा फल होगा। इसके लिये मुझे जीवन में तप का अभ्यास और उसका आनंद जरूर लेते रहना है, अनाहारीपन का अभ्यास-अनुभव करते रहना है ।

बस, इसी प्रेरणा को सभी साधक पावें, परम वैराग्य शूरवीरता में झूमे, ऐसा मेरा उक्त प्रगटीकरण का उद्देश्य है ; साथ ही ऐसा करने में मेरी खुद की द्रढता, हिम्मत भी दिन-दुगुनी, रात चौगुनी द्रढ-सुद्रढ बने, फल स्वरूप में आराधक बनूँ ।

मेरे इस प्रगटीकरण से (निबंधमाला के दो भागों में) अनेकों की आत्मा को परम आनंद और निजात्म प्रेरणा मिली भी है । एक श्वे॰मूर्तिपूजक संत ने भी २-४ वर्ष बाद के लिये अर्थात् २०१८ के लिये मुझे भी ऐसा ही करना, द्रढ संकल्पित मन बनाया है । और कई श्रावक भी ऐसी स्टेज हमको भी पाना जरूरी है, जीवन का श्रेय और अनुपम लाभ यही है, हमें भी ऐसा ही करना है, ऐसी सोच बनाने लगे हैं, समझने लगे है । तथा जो साधक लोग बुढापा और मृत्यु के समय (अनेक वर्षों की साधना में भी असावधान दशा के कारण) भक्तों की भक्ति में कुमरण से मरते है और बाहर लोग शांति का दिखावा करते हैं, हमे ऐसा नहीं जीना है, नहीं करना है, ऐसा मनोसंकल्प करने लगे हैं ॥ **इति शुभम् सर्व साधकानाम्** ॥





# વીતેલી વાત

## (સ્વાસ્થ્ય સુધાર અને પ્રાયશ્ચિત્ત)

આગમ મનીષી મુનિરાજશ્રીના વિચિત્ર કર્મોદયથી ૨૦૧૧ના ૫મી જાન્યુઆરીના દિવસે અચાનક ઔપદ્રવિક પેટમાં તીવ્ર વેદના થવાથી અને ૬ મહિનામાં કોઈ ઉપચાર કારગતન થવાથી તથા ૧૫ કિલો વજન ઘટી જવાથી, જેમાં સંયમના આવશ્યક કાર્ય હેતુ ચાલવું વગેરે પણ દુઃશક્ય થવાથી ૧૨ જુલાઈ ૨૦૧૧ના દિવસે શ્રાવક જીવન સ્વીકાર કરવો જરૂરી થયો. પુનઃ પાંચ જાન્યુઆરી ૨૦૧૩માં ૧૬ કલાક સુધી વિચિત્ર ઝાડા-ઉલ્ટીઓ થયા પછી ઔપદ્રવિક રોગ પૂર્ણરૂપે શાંત થઈ ગયો. બે મહિના પછી નબળાઈ પણ ઓછી થઈ ગઈ. ધીરે- ધીરે ૨૦૧૪ જાન્યુઆરીમાં સ્વાસ્થ્ય અને વજન પૂર્વવત્ થઈ જવાથી અને પૂરી હિંમત આવવાથી આગમ સંબંધી પ્રકાશનનું કાર્ય જે બાકી હતું તે પૂર્ણ કરતાં આગળ ૨૦૧૬ના જાન્યુઆરીએ પ્રાયશ્ચિત્ત રૂપે(પ્રાયશ્ચિત્ત પૂર્ણ સ્વસ્થ થઈ ગયા પછી જ થઈ શકે છે. એટલે) એક વર્ષની નિવૃત્તિ યુક્ત સંલેખના તથા ડિસેમ્બર ૨૦૧૬ પછી ફેબ્રુઆરીમાં દીક્ષા તથા સંથારો ગ્રહણ કરી આત્મશુદ્ધિ અને સાધના આરાધનાના પ્રાવધાન રાખ્યું છે. સંલેખનાના એક વર્ષના સમયમાં ચાર સ્કંધ(મોટા પચ્ચક્ખાણ એટલે સચિત્ત ત્યાગ, કાચા પાણીનો ત્યાગ, રાત્રી ભોજન ચૌવિહાર ત્યાગ, બ્રહ્મચર્ય )પાલન; રાજકોટની બહાર જવાનો ત્યાગ, ચાર વિગય ત્યાગ તથા આયંબિલ, ઉપવાસ વગેરે તપ, મોબાઈલ ત્યાગ, મૌન વગેરે નિયમ સ્વીકાર. અંતમા જે સંતોની પાસે જે ક્ષેત્રમાં(ઉમરગાંવ-મુંબઈ) દીક્ષા લેવી હશે ત્યાં વાહન દ્વારા પહોંચીને પાંચ ઉપવાસની સાથે દીક્ષા-સંથારો ગ્રહણ કરશે.

**વ્યાધિ વિગત :–** પેટમાં કાળજાની જગ્યાએ હાઈપર એ.સી.ડી.ટી, શ્વાસ અને હૃદયના ધબકારા આ ત્રણે રોગનો એક સાથે ઉપદ્રવ અને અસહ્ય વેદના સપ્ટેમ્બર ૨૦૧૧ સુધી એટલે નવ મહિના રહી હતી .

**:: નિવેદક ::**

ડી. એલ. રામાનુજ, મો. ૯૮૯૮૦ ૩૭૯૯૬